ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/178/છ, તા. 24-11-2016–થી મંજૂર

# નામાનાં મૂળતત્ત્વો

## (ભાગ 1)

## ધોરણ 12

**પ્રતિજ્ઞાપત્ર**

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે.
આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

શ્રી આર. એચ. વ્યાસ

**લેખન**

ડૉ. એચ. સી. સરદાર (કન્વીનર)
શ્રી પંકજભાઈ સી. રાવલ
ડૉ. દીપક આર. રાસ્તે
ડૉ. આર. કે. પટેલ
ડૉ. જયેશ એ. ઠક્કર
શ્રી સુરેશચંદ્ર જે. સાહુ
શ્રી રઘુભાઈ ટી. સોચા

**સમીક્ષા**

શ્રી નીતાબહેન વી. શાહ
શ્રી હર્ષદભાઈ પી. પરીખ
ડૉ. જ્યોત્સના આઇ. પટેલ
શ્રી નયનાબહેન કે. માટીએડા
શ્રી દુર્ગાશંકર આર. બાજપાઈ
ડૉ. શિલ્પા જે. પટેલ
શ્રી વિમલકુમાર આર. ભટ્ટ
ડૉ. એસ. એમ. પાડલિયા
શ્રી દિલીપકુમાર સી. શાહ
શ્રી અલ્કેશભાઈ એન. શાહ
શ્રી કિરીટકુમાર આર. મિસ્ત્રી
શ્રી પ્રતાપરાય જે. મકવાણા
શ્રી જાનીબહેન પી. ભાદરકા
શ્રી લક્ષ્મણભાઈ એમ. શિવોરા
શ્રી અશ્વિનકુમાર એન. ઠુંમર

**ભાષાશુદ્ધિ**

ડૉ. અજય એમ. રાવલ

**સંયોજન**

ડૉ. ચિરાગ એન. શાહ
(વિષય-સંયોજક : કૉમર્સ)

**નિર્માણ-આયોજન**

શ્રી હરેન પી. શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, નામાનાં મૂળતત્ત્વો (ભાગ 1)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો હંમેશાં આવકાર્ય છે.

**અવંતિકા સિંઘ (IAS)**
નિયામક
તા. : 29-03-2019

**કાર્યવાહક પ્રમુખ**
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃમુદ્રણ : 2018, 2019

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી અવંતિકા સિંઘ (IAS), નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજો નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓનાં ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


1. ભાગીદારી : વિષય-પ્રવેશ 1

2. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો (નાણાકીય પત્રકો) 34

3. પાઘડીનું મૂલ્યાંકન 89

4. ભાગીદારીનું પુનર્ગઠન 107

5. ભાગીદારનો પ્રવેશ 143

6. ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ 216

7. ભાગીદારી પેઢીનું વિસર્જન 275

- જવાબો 314

# 1

# ભાગીદારી : વિષય-પ્રવેશ
# (Introduction to Partnership)


1. પ્રસ્તાવના
2. ભાગીદારીનો અર્થ અને વ્યાખ્યા
3. ભાગીદારીનાં લક્ષણો
4. ભાગીદારી કરારનામું (ખતપત્ર)
5. ભાગીદારી કરારનામા(ખતપત્ર)ની ગેરહાજરીમાં હિસાબોને અસર કરતી ભારતીય ભાગીદારી કાયદા 1932ની જોગવાઈઓ
6. ભાગીદારોનાં મૂડી ખાતાં
7. સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ અને અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ વચ્ચેનો તફાવત
8. ભાગીદારોનાં ઉપાડ ખાતાં
9. નફા-નુકસાન ફાળવણી ખાતું
10. નફા-નુકસાન ખાતાં અને નફા-નુકસાન ફાળવણી ખાતાં વચ્ચેનો તફાવત
11. વિશિષ્ટ ઉદાહરણો

– સ્વાધ્યાય


## 1. પ્રસ્તાવના (Introduction)

વૈયક્તિક માલિકોની પેઢીની મૂડી અને સંચાલનશક્તિની મર્યાદાઓએ ભાગીદારી સ્વરૂપને જન્મ આપ્યો. ભાગીદારીનાં જન્મનાં કારણોમાં નીચે દર્શાવેલ કારણોનો સમાવેશ થઈ શકે :

(i) એક વ્યક્તિ પાસે ધંધા માટે પૂરતાં પ્રમાણમાં નાણાં હોય, પરંતુ વેપાર માટે જરૂરી કુશળતા ન હોય. (ii) વ્યક્તિ પાસે જરૂરી કુશળતા હોય પરંતુ પૂરતાં પ્રમાણમાં નાણાં ન હોય. (iii) ધંધાનું જોખમ વહેંચવાનું હોય વગેરે. ધંધો મોટા પાયા પર ચલાવવા અને તેનો વિકાસ કરવા એક કરતાં વધુ વ્યક્તિઓ, વધુ મૂડી, કુશળતા તથા સંચાલનશક્તિની જરૂરિયાત ઊભી થાય છે. આવા સંજોગોમાં એક કરતાં વધારે વ્યક્તિઓ ભેગી મળી ઉપરોક્ત બધી બાબતોનો સમન્વય કરી અને એક બીજાની પૂરક બની ધંધો શરૂ કરે તેવી ધંધાકીય વ્યવસ્થાનું સ્વરૂપ એટલે 'ભાગીદારી'.

## 2. ભાગીદારીનો અર્થ અને વ્યાખ્યા (Meaning and Definition of Partnership)

ભારતીય ભાગીદારી કાયદા 1932ની કલમ-4 મુજબ ''ભાગીદારી એ એવી વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ છે કે જેઓ બધા દ્વારા અથવા બધા વતી તેમનામાંની કોઈ એક વ્યક્તિ દ્વારા ચલાવાતા ધંધાનો નફો વહેંચવા સંમત થયા હોય.''

જે વ્યક્તિઓ ભાગીદારીમાં જોડાય તેઓ વ્યક્તિગત રીતે 'ભાગીદાર' (Partner) કહેવાય અને સામૂહિક રીતે પેઢી કહેવાય.

ઉપરોક્ત વ્યાખ્યા પરથી કહી શકાય કે, કરાર કરવાને લાયક હોય તેવી બે કે તેથી વધારે વ્યક્તિઓ નફો કમાવવાના હેતુથી કાયદેસરનો ધંધો કરે તેને ભાગીદારી કહેવાય.

ભાગીદારીમાં જોડાયેલી વ્યક્તિઓ દ્વારા સંયુક્ત રીતે ચલાવાતા ધંધાને 'ભાગીદારી પેઢી' (Partnership firm) કહેવાય.

## 3. ભાગીદારીનાં લક્ષણો (Characteristics of Partnership)

**(1) કરારથી અસ્તિત્વ :** ભાગીદારી કરારથી અસ્તિત્વમાં આવે છે. ભાગીદારી કરાર લેખિત અથવા મૌખિક હોઈ શકે, પરંતુ લેખિત કરાર વધુ ઇચ્છનીય અને હિતાવહ છે.

**(2) નફાનો હેતુ :** ભાગીદારી નફો કરવાના અને વહેંચવાના હેતુથી શરૂ કરવામાં આવે છે. ભાગીદારો વચ્ચે નફા કે નુકસાનની વહેંચણી નક્કી કરેલા પ્રમાણમાં કરવામાં આવે છે. જો કરારમાં જોગવાઈ ન હોય તો ભાગીદારી કાયદા પ્રમાણે સરખા પ્રમાણમાં નફો કે નુકસાન વહેંચવામાં આવે છે.

**(3) કાયદેસરનો ધંધો :** ભાગીદારી પેઢી કાયદેસરનો ધંધો ચલાવવા માટે અસ્તિત્વમાં આવે છે.

**(4) એકબીજાનો એજન્ટ :** ભાગીદારી પેઢીનો ધંધો બધા ભાગીદારો સાથે મળીને અથવા બધા વતી કોઈ એક અથવા વધુ ભાગીદારો ચલાવે છે. આમ, દરેક ભાગીદાર એકબીજા ભાગીદારનો પ્રતિનિધિ (Agent) ગણાય છે.

**(5) સભ્ય સંખ્યા :** કંપની ધારા 2013ની કલમ 464 પ્રમાણે ભાગીદારી પેઢીમાં ભાગીદારોની સંખ્યા 100થી વધુ નહીં તેવી રીતે સરકાર નક્કી કરે તે મુજબની રહેશે. હાલમાં કંપની (Miscellaneous) નિયમ 2014 મુજબ નિયમ 10 પ્રમાણે સરકારે ભાગીદારોની મહત્તમ સંખ્યા 50 નક્કી કરેલ છે.

**(6) અમર્યાદિત જવાબદારી :** ભાગીદારીના કાયદા મુજબ પેઢીનું દેવું જો પેઢીની મિલકતોમાંથી ચૂકવી શકાય તેમ ન હોય તો ભાગીદારોની અંગત મિલકતો વેચીને પણ પેઢીની જવાબદારી ચૂકવવામાં આવે છે. દરેક ભાગીદાર સંયુક્ત અને વ્યક્તિગત રીતે ભાગીદારી પેઢી માટે જવાબદાર ગણાય છે. આમ, દરેક ભાગીદારની જવાબદારી અમર્યાદિત ગણાય છે.

**(7) પેઢીની માલિકી અને સંચાલન :** ભાગીદારો ધંધાના માલિકો હોય છે અને તેઓ જ ધંધાનું સંચાલન કરે છે. ભાગીદારી પેઢીનું સંચાલન બધા જ ભાગીદારો અથવા બધા વતી કોઈ એક અથવા વધુ ભાગીદારો કરે છે.

## 4. ભાગીદારી કરારનામું (ખતપત્ર) (Partnership Deed)

ભાગીદારી કરારથી અસ્તિત્વમાં આવે છે. ભાગીદારીના કાયદાની જોગવાઈઓની મર્યાદામાં રહીને ભાગીદારો કરાર કરે છે. ભાગીદારી પેઢી શરૂ કરતી વખતે ભાગીદારોને સર્વસંમત હોય તે પ્રકારનું ''ભાગીદારી કરારનામું' તૈયાર કરવામાં આવે છે. ભાગીદારીનો કરાર લેખિત કે મૌખિક હોઈ શકે. ભાગીદારી અંગેનો લેખિત કરાર એ ભાગીદારી કરારનામું કહેવાય છે. લેખિત કરારનામું વધુ ઇચ્છનીય અને હિતાવહ હોય છે, કારણ કે ભાગીદારો વચ્ચે ભવિષ્યમાં કોઈ ગેરસમજ કે વિવાદ ઊભો થાય તો ભાગીદારી કરારનામામાં કરેલ જોગવાઈઓ મુજબ તેનો ઉકેલ લાવી શકાય.

ભાગીદારી કરારનામું એ ભાગીદારી પેઢીનું વહીવટી બંધારણ છે, જેમાં પેઢીના વહીવટ અંગેની જોગવાઈઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. ભાગીદારી કરારનામામાં સામાન્ય રીતે નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય :

**(1) ભાગીદારોની વિગતો :** ભાગીદારોનાં નામ, સરનામાં અને અન્ય વિગતો અંગે માહિતી આપવામાં આવે છે.

**(2) પેઢીની વિગતો :** પેઢીનું નામ અને સ્થળ અંગેની વિગતોનો સમાવેશ કરવામાં આવે છે.

**(3) ધંધાનો પ્રકાર :** પેઢીના ધંધાના પ્રકાર અંગેની માહિતી અહીં આપવામાં આવે છે.

**(4) ભાગીદારીનો આરંભ :** ભાગીદારી પેઢી કઈ તારીખથી અસ્તિત્વમાં આવશે તે અંગેની વિગતોનો કરારનામામાં સમાવેશ કરવામાં આવે છે.

**(5) મૂડી :** દરેક ભાગીદારે પેઢીમાં કેટલી મૂડી લાવવી તેનો ઉલ્લેખ ભાગીદારી કરારનામામાં કરવામાં આવે છે. દરેક ભાગીદારે મૂડી લાવવી ફરજિયાત નથી.

**(6) મૂડી પર વ્યાજ :** ભાગીદારે પેઢીમાં રોકેલ મૂડી પર વ્યાજ આપવું કે નહિ, આપવું હોય તો કેટલા ટકા આપવું તેનો ઉલ્લેખ ભાગીદારી કરારનામામાં કરવામાં આવે છે. જો ભાગીદારી કરારમાં જોગવાઈ ન હોય તો ભાગીદારોને મૂડી પર વ્યાજ આપવામાં આવતું નથી.

**(7) ઉપાડ :** દરેક ભાગીદાર પેઢીમાંથી વધુમાં વધુ કેટલી રકમ ઉપાડી શકે તેનો ઉલ્લેખ ભાગીદારી કરારનામામાં કરવામાં આવે છે.

**(8) ઉપાડ પર વ્યાજ :** ભાગીદારોએ વર્ષ દરમિયાન પેઢીમાંથી કરેલા ઉપાડ પર કેટલા ટકા લેખે વ્યાજ વસૂલ કરવાનું છે, તેનો ઉલ્લેખ ભાગીદારી કરારનામામાં કરવામાં આવે છે. ભાગીદાર પાસેથી ઉપાડ પર વ્યાજ વસૂલ કરવા અંગે ભાગીદારી કાયદામાં કોઈ જોગવાઈ નથી. ઉપાડ પર વ્યાજ વસુલ કરવાનું હોય, તો ભાગીદાર કરારમાં આ અંગે જોગવાઈ કરવી પડે.

**(9) નફા-નુકસાનની વહેંચણી :** ધંધાનો નફો કે નુકસાન ભાગીદારો વચ્ચે કયા પ્રમાણમાં વહેંચવો તેની જોગવાઈ કરારનામામાં કરવામાં આવે છે. જો કરારનામામાં જોગવાઈ ન હોય તો ભાગીદારી કાયદા મુજબ સરખા હિસ્સે નફો કે નુકસાન વહેંચવામાં આવે છે.

**(10) ભાગીદારને પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણાં :** ભાગીદારીના કાયદામાં ભાગીદારોને પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણાં આપવા અંગે કોઈ જોગવાઈ નથી. પરંતુ કોઈ ભાગીદાર પેઢીમાં સક્રિય રીતે સંચાલનમાં ભાગ લેતો હોય, તો તેને પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણું ચૂકવવાનું હોય, તો તે અંગેનો ઉલ્લેખ કરારનામામાં કરવામાં આવે છે.

**(11) ભાગીદારે પેઢીને આપેલ લોન પર વ્યાજ :** ભાગીદારે પેઢીને લોન આપી હોય, તો તેના પર કેટલા ટકા વ્યાજ આપવું તેનો ઉલ્લેખ કરારનામામાં કરવામાં આવે છે. જો ભાગીદારી કરારનામામાં ઉલ્લેખ ન હોય તો ભાગીદારીના કાયદાની જોગવાઈ મુજબ ભાગીદારે પેઢીને આપેલ લોન પર વાર્ષિક 6 % વ્યાજ ચૂકવવામાં આવે છે. ભાગીદારે આપેલ લોનનું વ્યાજ ધંધાનો ખર્ચ ગણવામાં આવે છે. તેથી તેને નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવે છે.

**(12) પાઘડી :** નવા ભાગીદારના પ્રવેશ સમયે કે જૂના ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ સમયે પેઢીની પાઘડીની ગણતરી કઈ રીતે કરવી તેનો ઉલ્લેખ ભાગીદારી કરારનામામાં કરવામાં આવે છે.

**(13) પ્રવેશ-નિવૃત્તિ :** જ્યારે કોઈ નવા ભાગીદારને પેઢીમાં પ્રવેશ આપવામાં આવે અથવા કોઈ જૂનો ભાગીદાર પેઢીમાંથી નિવૃત્ત થાય કે મૃત્યુ પામે ત્યારે તે અંગે કઈ શરતો રાખવી તેનો ઉલ્લેખ ભાગીદારી કરારનામામાં કરવામાં આવે છે.

**(14) પેઢીનું વિસર્જન :** ભાગીદારી પેઢીનું વિસર્જન કયા સંજોગોમાં કરવું અને તે માટે કઈ કાર્યવાહી કરવી તેનો ઉલ્લેખ ભાગીદારી કરારનામામાં કરવામાં આવે છે.

આવકવેરા ધારા 1961ની કલમ 40(b) પ્રમાણે ભાગીદારી પેઢીના ફક્ત સક્રિય ભાગીદારને પગાર, મહેનતાણું, કમિશન, બૉનસ અથવા અન્ય કોઈ પણ ચૂકવેલ રકમ કપાત તરીકે બાદ મળે છે.

આવકવેરા ધારાની કલમ 40(b)માં જણાવ્યા પ્રમાણે કોઈ પણ ભાગીદારને ચૂકવવાપાત્ર કોઈ પણ વ્યાજની રકમ અંગે કરારનામામાં જોગવાઈ ન હોય તો આ કપાતો અમાન્ય થઈ શકે છે. તેથી કરારનામામાં આ અંગેની જોગવાઈ હોવી હિતાવહ છે. આવકવેરા ધારાની કલમ 40(b)(iv) પ્રમાણે ભાગીદારોને 12 % કરતાં વધુ ચૂકવેલ વ્યાજ કપાત તરીકે બાદ મળશે નહિ. કરારનામા પ્રમાણે 12 % કરતાં વધુ વ્યાજ ચૂકવી શકાય પણ કપાત તરીકે 12 % કરતાં વધુ ચૂકવેલ વ્યાજની રકમ કપાત તરીકે બાદ મળશે નહિ.

**નોંધ :** આવકવેરા ધારાની કલમો વિદ્યાર્થીઓની સમજ માટે આપેલ છે. પરીક્ષામાં અપેક્ષિત નથી.

## 5. ભાગીદારી કરારનામા(ખતપત્ર)ની ગેરહાજરીમાં હિસાબોને અસર કરતી ભારતીય ભાગીદારી કાયદા 1932ની જોગવાઈઓ (Provisions of Indian Partnership Act 1932, Pertaining to Accounting Treatments in Absence of Partnership Deed)

જો ભાગીદારી પેઢીના ભાગીદારોએ કરારનામું કરેલ ન હોય અથવા કરારનામામાં સ્પષ્ટતા ન હોય તો ભારતીય ભાગીદારી કાયદા 1932માં પેઢીના હિસાબોને અસર કરતી જોગવાઈઓ નીચે મુજબ છે :

(1) પેઢીના દરેક ભાગીદારે પેઢીમાં લાવવાની મૂડી પરસ્પર સમજૂતીથી નક્કી થાય છે. કાયદામાં આ અંગે કોઈ બંધન નથી. દરેક ભાગીદારે મૂડી લાવવી ફરજિયાત નથી.

(2) ભાગીદારને મૂડી પર વ્યાજ આપી શકાય નહિ.

(3) ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની વહેંચણી સરખા હિસ્સે થાય છે.

(4) ભાગીદારે પેઢીમાંથી કરેલ ઉપાડ પર વ્યાજ વસૂલ કરાય નહિ.

(5) ભાગીદારને પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણું આપી શકાય નહિ.

(6) ભાગીદારે પેઢીને આપેલ લોન પર વાર્ષિક 6 % લેખે વ્યાજ આપવું પડે.

(7) જો કોઈ ભાગીદારે પેઢી માટે વાજબી ખર્ચ કરેલ હોય, તો તે મજરે મેળવવાનો તેને અધિકાર છે.

## 6. ભાગીદારોનાં મૂડી ખાતાં (Capital Accounts of Partners)

ભાગીદારે પેઢી સાથે કરેલા વ્યક્તિગત વ્યવહારો નોંધવા માટે ભાગીદારી પેઢીના ચોપડે દરેક ભાગીદારનું મૂડી ખાતું તૈયાર કરવામાં આવે છે. ભાગીદાર શરૂઆતમાં જે રકમ મૂડી તરીકે લાવે તે અને કોઈ પણ કારણથી ભાગીદારની મૂડીમાં વધારો કરતાં વ્યવહારો મૂડી ખાતાંમાં જમા બાજુ પર અને મૂડીમાં ઘટાડો કરતાં વ્યવહારો મૂડી ખાતાંમાં ઉધાર બાજુ પર નોંધવામાં આવે છે.

ભાગીદારી પેઢીમાં ભાગીદારોનાં મૂડી ખાતાં રાખવાની બે પદ્ધતિઓ છે :

(1) અસ્થિર (હંગામી) મૂડી ખાતાંની પદ્ધતિ (Fluctuating Capital Account Method)

(2) સ્થિર (કાયમી) મૂડી ખાતાંની પદ્ધતિ (Fixed Capital Account Method)

**(1) અસ્થિર (હંગામી) મૂડી ખાતાંની પદ્ધતિ (Fluctuating Capital Account Method) :** ભાગીદારનાં મૂડી ખાતાં રાખવાની જે પદ્ધતિમાં ભાગીદારના મૂડી ખાતાંની વર્ષની શરૂઆતની બાકી અને આખરની બાકીમાં ફેરફાર જોવા મળતો હોય તેને અસ્થિર અથવા હંગામી મૂડી ખાતાંની પદ્ધતિ કહેવાય છે. આ પદ્ધતિમાં ભાગીદારના પેઢી સાથેના બધા જ વ્યવહારો નોંધવા માટે પેઢીના ચોપડે ફક્ત મૂડી ખાતું જ રાખવામાં આવે છે.

મૂડી ખાતાંમાં જમા બાજુ પર શરૂઆતની મૂડી, વર્ષ દરમિયાન લાવવામાં આવેલ વધારાની મૂડી, મૂડી પર વ્યાજ, પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણું, વહેંચણીપાત્ર નફામાં તેનો ભાગ જમા કરવામાં આવે છે. જ્યારે ઉપાડ, ઉપાડ પર વ્યાજ, વહેંચણીપાત્ર ખોટમાં તેનો ભાગ ઉધારવામાં આવે છે. આ રીતે ભાગીદારના મૂડી ખાતાંમાં રકમ જમા-ઉધાર થાય છે. પરિણામે ભાગીદારના મૂડી ખાતાંની વર્ષની શરૂઆતની બાકીમાં વર્ષ દરમિયાન અને અંતે વધારો કે ઘટાડો થાય છે. આ રીતે મૂડી ખાતાંની બાકીમાં દર વર્ષે ફેરફાર થાય છે. તેથી આ રીતે મૂડી ખાતું રાખવાની પદ્ધતિને અસ્થિર અથવા હંગામી મૂડી ખાતાંની પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે.

ભાગીદારો અને ભાગીદારી પેઢી વચ્ચેના તમામ વ્યવહારો ભાગીદારોનાં મૂડી ખાતે નોંધવામાં આવે છે. આ પદ્ધતિમાં ભાગીદારોનાં મૂડી ખાતાંની બાકી જમા અથવા ઉધાર હોય છે. જો મૂડી ખાતાંની જમા બાકી હોય તો પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ અને ઉધાર બાકી હોય તો મિલકત-લેણાં બાજુ દર્શાવવામાં આવે છે. અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ અનુસાર ભાગીદારોનાં મૂડી ખાતાંનો નમૂનો નીચે મુજબ છે :

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) | તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| * | બાકી આગળ લાવ્યા (મૂડી ખાતાંની શરૂની ઉધાર બાકી) | ........ | ........ | * | બાકી આગળ લાવ્યા (મૂડી ખાતાંની શરૂની જમા બાકી) | ........ | ........ |
| | ઉપાડ ખાતે (રોકડ/બૅન્ક/અન્ય મિલકત ખાતે) | ........ | ........ | | રોકડ/બૅન્ક/અન્ય મિલકત ખાતે (વધારાની મૂડી) | ........ | ........ |
| | ઉપાડ પર વ્યાજ ખાતે | ........ | ........ | | મૂડી પર વ્યાજ ખાતે | ........ | ........ |
| ** | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર ખોટ) | ........ | ........ | | પગાર ખાતે | ........ | ........ |
| *** | બાકી આગળ લઈ ગયા (મૂડી ખાતાંની આખરની જમા બાકી) | ........ | ........ | | બૉનસ ખાતે | ........ | ........ |
| | | | | | કમિશન ખાતે | ........ | ........ |
| | | | | | મહેનતાણાં ખાતે | ........ | ........ |
| | | | | ** | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર નફો) | ........ | ........ |
| | | | | *** | બાકી આગળ લઈ ગયા (મૂડી ખાતાંની આખરની ઉધાર બાકી) | ........ | ........ |
| | | ........ | ........ | | | ........ | ........ |

* બાકી આગળ લાવ્યાની ઉધાર બાકી અથવા જમા બાકી હોય.

** વહેંચણીપાત્ર ખોટ અથવા વહેંચણીપાત્ર નફો બેમાંથી એક જ હોય.

*** બાકી આગળ લઈ ગયાની ઉધાર બાકી અથવા જમા બાકી હોય.

**(2) સ્થિર (કાયમી) મૂડી ખાતાંની પદ્ધતિ (Fixed Capital Account Method) :** ભાગીદારનાં મૂડી ખાતાં રાખવાની જે પદ્ધતિમાં સામાન્ય રીતે ભાગીદારના મૂડી ખાતાંની વર્ષની શરૂઆતની બાકી અને આખરની બાકીમાં ફેરફાર જોવા મળતો ન હોય તેને સ્થિર અથવા કાયમી મૂડી ખાતાંની પદ્ધતિ કહેવાય છે. આ પદ્ધતિમાં ભાગીદારના પેઢી સાથેના બધા જ વ્યવહારો નોંધવા માટે પેઢીના ચોપડે બે ખાતાં રાખવામાં આવે છે :

(A) ભાગીદારનું મૂડી ખાતું (Partner's Capital Account)

(B) ભાગીદારનું ચાલુ ખાતું (Partner's Current Account)

**(A) ભાગીદારનું મૂડી ખાતું (Partner's Capital Account) :** આ પદ્ધતિમાં સામાન્ય રીતે ભાગીદારના મૂડી ખાતાંની વર્ષની શરૂઆતની જે બાકી હોય તે જ બાકી વર્ષના અંતે પણ હોય છે. સિવાય કે ભાગીદાર કાયમી રીતે વધારાની રકમ મૂડી તરીકે લાવે અથવા ધંધામાંથી મૂડીનો ઉપાડ કરે તો જ ભાગીદારના મૂડી ખાતાંની વર્ષની શરૂઆતની અને આખરની બાકીમાં ફેરફાર જોવા મળે. આ પદ્ધતિમાં ભાગીદારોનાં મૂડી ખાતાંની જમા બાકી હોય છે. સ્થિર મૂડી ખાતાંની જમા બાકી પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ દર્શાવવામાં આવે છે. કાયમી મૂડી સિવાયના અન્ય વ્યવહારો ચાલુ ખાતાંમાં નોંધવામાં આવે છે. સ્થિર (કાયમી) મૂડી પદ્ધતિએ ભાગીદારોના મૂડી ખાતાંનો નમૂનો નીચે મુજબ છે :

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર                                                                                                    જમા

| તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) | તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| ........ | રોકડ/બૅન્ક/અન્ય મિલકત ખાતે (વધારાની મૂડી લઈ ગયા) | ........ | ........ | ........ | બાકી આગળ લાવ્યા (શરૂની જમા બાકી) | ........ | ........ |
| ........ | બાકી આગળ લઈ ગયા (આખરની જમા બાકી) | ........ | ........ | ........ | રોકડ/બૅન્ક/અન્ય મિલકત ખાતે (વધારાની મૂડી લાવ્યા) | ........ | ........ |
| | | ........ | ........ | | | ........ | ........ |

**(B) ભાગીદારનું ચાલુ ખાતું (Partner's Current Account) :** ભાગીદારી પેઢીમાં સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિમાં ભાગીદારના પેઢી સાથેના કાયમી મૂડી સિવાયના અન્ય વ્યવહારો નોંધવા માટે તૈયાર કરવામાં આવતા ખાતાંને ભાગીદારનું ચાલુ ખાતું કહેવામાં આવે છે. ચાલુ ખાતાંની જમા બાજુ પર ચાલુ ખાતાંની શરૂઆતની જમા બાકી, મૂડી પર વ્યાજ, ચાલુ ખાતાંની જમા બાકી પર વ્યાજ, પગાર, બૉનસ, કમિશન, મહેનતાણું અને વહેંચણીપાત્ર નફાનો ભાગ નોંધવામાં આવે છે. ચાલુ ખાતાંની ઉધાર બાજુ પર ચાલુ ખાતાંની શરૂઆતની ઉધાર બાકી, ઉપાડ, ઉપાડ પર વ્યાજ, ચાલુ ખાતાંની ઉધાર બાકી પર વ્યાજ અને વહેંચણીપાત્ર ખોટમાં ભાગ નોંધવામાં આવે છે. ચાલુ ખાતાંની આખરની બાકી જમા કે ઉધાર હોય છે. ચાલુ ખાતાંની આખરની બાકી જો જમા બાકી હોય તો પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ અને ઉધાર બાકી હોય તો મિલકત-લેણાં બાજુ દર્શાવવામાં આવે છે. ભાગીદારોના ચાલુ ખાતાંનો નમૂનો પાના નંબર 6 પર દર્શાવેલ છે :

**ભાગીદારોનાં ચાલુ ખાતાં**

ઉધાર                                                                                      જમા

| તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) | તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| …….. | બાકી આગળ લાવ્યા (ચાલુ ખાતાંની શરૂની ઉધાર બાકી) | …….. | …….. | …….. | બાકી આગળ લાવ્યા (ચાલુ ખાતાંની શરૂની જમા બાકી) | …….. | …….. |
| | ઉપાડ ખાતે (રોકડ/બૅન્ક/અન્ય મિલકત ખાતે) | …….. | …….. | | મૂડી પર વ્યાજ ખાતે | …….. | …….. |
| | ઉપાડ પર વ્યાજ ખાતે | …….. | …….. | | ચાલુ ખાતાંની જમા બાકીના વ્યાજ ખાતે | …….. | …….. |
| | ચાલુ ખાતાંની ઉધાર બાકીના વ્યાજ ખાતે | …….. | …….. | | પગાર ખાતે | …….. | …….. |
| | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર ખોટમાં ભાગ) | …….. | …….. | | બૉનસ ખાતે | …….. | …….. |
| | બાકી આગળ લઈ ગયા (ચાલુ ખાતાંની આખરની જમા બાકી) | …….. | …….. | | કમિશન ખાતે | …….. | …….. |
| | | | | | મહેનતાણાં ખાતે | …….. | …….. |
| | | | | | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર નફામાં ભાગ) | …….. | …….. |
| | | | | | બાકી આગળ લઈ ગયા (ચાલુ ખાતાંની આખરની ઉધાર બાકી) | …….. | …….. |
| | | …….. | …….. | | | …….. | …….. |

**નોંધ :** જો દાખલામાં ભાગીદારોનાં ચાલુ ખાતાં આપવામાં આવ્યા ન હોય અને મૂડી ખાતાં અંગે કોઈ પણ સ્પષ્ટતા ન હોય તો મૂડી ખાતાં અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિએ રાખવાનાં હોય છે.

## 7. સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ અને અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ વચ્ચેનો તફાવત (Difference Between Fixed Capital Account Method and Fluctuating Capital Account Method)

| તફાવતના મુદ્દા | સ્થિર (કાયમી) મૂડી ખાતાંની પદ્ધતિ | અસ્થિર (હંગામી) મૂડી ખાતાંની પદ્ધતિ |
|---|---|---|
| (1) અર્થ | ભાગીદારનાં મૂડી ખાતાં રાખવાની જે પદ્ધતિમાં સામાન્ય રીતે ભાગીદારના મૂડી ખાતાંની વર્ષની શરૂઆતની બાકી અને આખરની બાકીમાં ફેરફાર જોવા મળતો ન હોય તેને સ્થિર અથવા કાયમી મૂડી ખાતાંની પદ્ધતિ કહેવાય છે. | ભાગીદારનાં મૂડી ખાતાં રાખવાની જે પદ્ધતિમાં ભાગીદારના મૂડી ખાતાંની વર્ષની શરૂઆતની બાકી અને આખરની બાકીમાં ફેરફાર જોવા મળતો હોય તેને અસ્થિર અથવા હંગામી મૂડી ખાતાંની પદ્ધતિ કહેવાય છે. |
| (2) ખાતાં | આ પદ્ધતિમાં ભાગીદારના પેઢી સાથેના બધા જ વ્યવહારો નોંધવા માટે પેઢીના ચોપડે બે ખાતાં - (1) મૂડી ખાતું અને (2) ચાલુ ખાતું તૈયાર કરવામાં આવે છે. | આ પદ્ધતિમાં ભાગીદારના પેઢી સાથેના બધા જ વ્યવહારો નોંધવા માટે પેઢીના ચોપડે ફક્ત 'મૂડી ખાતું' જ તૈયાર કરવામાં આવે છે. |

| તફાવતના મુદ્દા | સ્થિર (કાયમી) મૂડી ખાતાંની પદ્ધતિ | અસ્થિર (હંગામી) મૂડી ખાતાંની પદ્ધતિ |
|---|---|---|
| (3) વ્યવહારોની નોંધ | આ પદ્ધતિમાં મૂડી અને મૂડીમાં થતા કાયમી ફેરફારો 'મૂડી ખાતાં'માં અને કાયમી મૂડી સિવાયના અન્ય વ્યવહારો 'ચાલુ ખાતાં'માં નોંધવામાં આવે છે. | આ પદ્ધતિમાં મૂડી અને અન્ય વ્યવહારો 'મૂડી ખાતાં'માં નોંધવામાં આવે છે. |
| (4) મૂડીનું વ્યાજ | સામાન્ય રીતે આ પદ્ધતિમાં મૂડીની રકમ દર વર્ષે એકસરખી રહેતી હોવાથી (જો કાયમી ફેરફાર ન હોય તો) મૂડીનું વ્યાજ દર વર્ષે એકસરખું રહે છે. | આ પદ્ધતિમાં મૂડીની રકમ દર વર્ષે બદલાતી હોવાથી મૂડીનું વ્યાજ દર વર્ષે બદલાતું રહે છે. |
| (5) ખાતાંની બાકી | સ્થિર મૂડી ખાતાંની હંમેશાં જમા બાકી હોય છે, જ્યારે ચાલુ ખાતાંની ઉધાર બાકી કે જમા બાકી હોઈ શકે. | મૂડી ખાતાંની સામાન્ય રીતે જમા બાકી હોય છે, પરંતુ આ પદ્ધતિમાં મૂડી ખાતાંની ઉધાર બાકી પણ હોઈ શકે. |
| (6) પાકા-સરવૈયામાં નોંધ | સ્થિર મૂડી ખાતાંની જમા બાકી હોવાથી પાકા-સરવૈયામાં મૂડી-દેવાં બાજુ દર્શાવવામાં આવે છે. જો ચાલુ ખાતાંની જમા બાકી હોય તો પાકા-સરવૈયામાં મૂડી-દેવાં બાજુ અને ઉધાર બાકી હોય તો મિલકત-લેણાં બાજુ દર્શાવવામાં આવે છે. | જો મૂડી ખાતાંની જમા બાકી હોય તો પાકા-સરવૈયામાં મૂડી-દેવાં બાજુ અને ઉધાર બાકી હોય તો મિલકત-લેણાં બાજુ દર્શાવવામાં આવે છે. |

## 8. ભાગીદારોનાં ઉપાડ ખાતાં (Drawing Accounts of Partners)

ભાગીદારી પેઢીમાં ભાગીદાર પોતાના અંગત ઉપયોગ માટે રોકડ, માલ કે મિલકત લઈ જાય તો આ રકમને ભાગીદારનો ઉપાડ કહેવામાં આવે છે. ભાગીદારે પેઢીમાંથી કરેલા ઉપાડને ઉપાડ ખાતે ઉધારવામાં આવે છે. જો કરારનામામાં જોગવાઈ હોય તો ઉપાડ પર વ્યાજની રકમ પણ ઉપાડ ખાતે ઉધારવામાં આવે છે. વર્ષના અંતે ઉપાડ ખાતું બંધ કરી તેની બાકી, જો અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ હોય તો ભાગીદારના મૂડી ખાતે અને જો સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ હોય તો ભાગીદારના ચાલુ ખાતે ઉધારવામાં આવે છે. તે અંગે નીચે મુજબ આમનોંધ લખવામાં આવે છે.

| | | | | |
|---|---|---|---|---|
| | ભાગીદારના મૂડી/ચાલુ ખાતે ઉ<br>તે ભાગીદારના ઉપાડ ખાતે<br>[બા.જે. : વર્ષના અંતે ઉપાડ ખાતું બંધ કરી મૂડી/ચાલુ ખાતે લઈ ગયા તેના.] | ...... | ................ | ................ |

ઉપાડ ખાતાંનો નમૂનો નીચે મુજબ છે :

### ભાગીદારનું ઉપાડ ખાતું

ઉધાર | જમા

| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| | રોકડ ખાતે | .......... | | મૂડી/ચાલુ ખાતે (આખરની બાકી મૂડી/ચાલુ ખાતે લઈ ગયા.) | .......... |
| | બૅન્ક ખાતે | .......... | | | |
| | માલ કે મિલકત ખાતે (વર્ષ દરમિયાન કરેલ ઉપાડ) | .......... | | | |
| * | ઉપાડ પર વ્યાજ ખાતે | .......... | | | |
| | | .......... | | | .......... |

**નોંધ :** *ઉપાડ પરનું વ્યાજ, ઉપાડ ખાતે ઉધાર કરેલ હોય તો મૂડી ખાતે/ચાલુ ખાતે ઉધાર થશે નહિ.

**9. નફા-નુકસાન ફાળવણી ખાતું (Profit-Loss Appropriation Account)**

ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબોમાં નફા-નુકસાન ખાતું તૈયાર કર્યા પછી, ભાગીદારો વચ્ચે નફા કે નુકસાનની વહેંચણી દર્શાવવા નફા-નુકસાન ફાળવણી ખાતું તૈયાર કરવામાં આવે છે. નફા-નુકસાન ફાળવણી ખાતું એ નફા-નુકસાન ખાતાંનો જ એક ભાગ છે. આ ખાતું જુદું બનાવવું ફરજિયાત નથી.

**નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુ :** નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુ પર નફા-નુકસાન ખાતેથી લાવવામાં આવેલ ચોખ્ખો નફો, ભાગીદારોએ પેઢીમાંથી કરેલા ઉપાડ પર વ્યાજ, ભાગીદારોના ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ જમા કરવામાં આવે છે.

**નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુ :** નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુ પર નફા-નુકસાન ખાતેથી લાવવામાં આવેલ ચોખ્ખી ખોટ, ભાગીદારોની મૂડી પર વ્યાજ, ભાગીદારોના ચાલુ ખાતાંની જમા બાકીનું વ્યાજ, ભાગીદારોનો પગાર, બૉનસ, કમિશન, મહેનતાણું, સામાન્ય અનામત કે ફંડ ખાતે લઈ જવાની રકમ વગેરે ઉધારવામાં આવે છે.

**નફા-નુકસાનની ફાળવણી :** ઉપર જણાવેલ નફા-નુકસાન ફાળવણી ખાતાંના જમા બાજુના સરવાળામાંથી ઉધાર બાજુનો સરવાળો બાદ કરતાં તફાવતની રકમ (નફો) ભાગીદારો વચ્ચે તેમના નુફા-નુકસાનના પ્રમાણમાં તેમના મૂડી/ચાલુ ખાતે જમા કરવામાં આવે છે. નફા-નુકસાન ફાળવણી ખાતાંના ઉધાર બાજુના સરવાળામાંથી જમા બાજુનો સરવાળો બાદ કરતાં તફાવતની રકમ (નુકસાન) ભાગીદારો વચ્ચે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં તેમના મૂડી/ચાલુ ખાતે ઉધાર કરવામાં આવે છે.

**A, B અને Cની ભાગીદારી પેઢીનું તા. ..........ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| નફા-નુકસાન ખાતે (ચોખ્ખી ખોટ) | ……… | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | ……… |
| ભાગીદારોની મૂડી પર વ્યાજ ખાતે | | ભાગીદારોના ઉપાડ પર વ્યાજ ખાતે | |
| A ……… | | A ……… | |
| B ……… | | B ……… | |
| C ……… | ……… | C ……… | ……… |
| ભાગીદારોના ચાલુ ખાતાંની જમા બાકીનાં વ્યાજ ખાતે | ……… | ભાગીદારોના ચાલુ ખાતાંની ઉધાર બાકીનાં | |
| ભાગીદારોના પગાર ખાતે | ……… | વ્યાજ ખાતે | ……… |
| ભાગીદારોને બૉનસ, કમિશન કે મહેનતાણાં ખાતે | ……… | ભાગીદારોના મૂડી ખાતે/ચાલુ ખાતે | |
| સામાન્ય અનામત કે ફંડ ખાતે | ……… | (વહેંચણીપાત્ર ખોટ) | |
| ભાગીદારોના મૂડી ખાતે/ચાલુ ખાતે | | A ……… | |
| (વહેંચણીપાત્ર નફો) | | B ……… | |
| A ……… | | C ……… | ……… |
| B ……… | | | |
| C ……… | ……… | | |
| | ……… | | ……… |

**નોંધ :** મૅનેજરનું કમિશન અને ભાગીદારે આપેલ લોનનું વ્યાજ ધંધાનો ખર્ચ ગણવામાં આવે છે, તેથી તે બંનેને નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુ લખવામાં આવે છે. આ બંને બાબતો ઉપજ સામે ખર્ચની નોંધના સિદ્ધાંત પ્રમાણે હિસાબી અસરો આપવાની હોવાથી નફા-નુકસાન ખાતે ઉધારવામાં આવે છે. ભાગીદારની લોનનું વ્યાજ ભાગીદારના મૂડી ખાતે કે ચાલુ ખાતે દર્શાવવામાં આવેલ નથી. તેની અસર અલગ દર્શાવવામાં આવશે. ભાગીદારની લોન એ ધંધાનું દેવું છે. લોનનું બાકી વ્યાજ પણ દેવા તરીકે પાકા સરવૈયામાં દર્શાવાશે. ઉપાડ પર વ્યાજ, મૂડી પર વ્યાજ અને ભાગીદારની લોનના વ્યાજ અંગે વિગતવાર સમજૂતી હવે પછી આપવામાં આવેલ છે.

**10. નફા-નુકસાન ખાતાં અને નફા-નુકસાન ફાળવણી ખાતાં વચ્ચેનો તફાવત (Difference Between Profit-Loss Account and Profit-Loss Appropriation Account)**

| તફાવતના મુદ્દા | નફા-નુકસાન ખાતું | નફા-નુકસાન ફાળવણી ખાતું |
|---|---|---|
| **(1) અર્થ** | વેપાર ખાતું તૈયાર કર્યા બાદ ધંધાનો ચોખ્ખો નફો કે નુકસાન જાણવા તૈયાર કરવામાં આવતું ખાતું નફા-નુકસાન ખાતું કહેવાય. | નફા-નુકસાન ખાતું તૈયાર કર્યા બાદ ભાગીદારો વચ્ચે નફા કે નુકસાનની વહેંચણી કરવા તૈયાર કરવામાં આવતું ખાતું નફા-નુકસાન ફાળવણી ખાતું કહેવાય. |
| **(2) કોણ તૈયાર કરે ?** | બધા ધંધાકીય એકમો નફા-નુકસાન ખાતું તૈયાર કરે છે. | સામાન્ય રીતે ભાગીદારી પેઢી નફા-નુકસાન ફાળવણી ખાતું તૈયાર કરે છે. |
| **(3) ખાતાંની શરૂઆતમાં નોંધ** | નફા-નુકસાન ખાતાંની શરૂઆતમાં વેપાર ખાતેથી શોધેલ કાચો નફો કે કાચી ખોટ દર્શાવાય છે. | નફા-નુકસાન ફાળવણી ખાતાંની શરૂઆતમાં નફા-નુકસાન ખાતાંથી શોધેલ ચોખ્ખો નફો કે ચોખ્ખી ખોટ દર્શાવાય છે. |
| **(4) ઉધાર બાજુ** | આ ખાતાંની ઉધાર બાજુ ખરીદીને લગતા ખર્ચા સિવાયના બધા પ્રકારના ખર્ચા જેવા કે વહીવટી ખર્ચા, નાણાંકીય ખર્ચા, વેચાણ-વિતરણના ખર્ચા, ઘસારો, ભાગીદારની લોનનું વ્યાજ, મૅનેજરનું કમિશન અને જોગવાઈઓ તથા અન્ય ખર્ચાઓ અને નુકસાન નોંધાય છે. | આ ખાતાંની ઉધાર બાજુ મૂડી પર વ્યાજ, ચાલુ ખાતાંની જમા બાકીનું વ્યાજ, ભાગીદારોને પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણું વગેરે નોંધાય છે. |
| **(5) જમા બાજુ** | આ ખાતાંની જમા બાજુ ધંધાની વિવિધ ઉપજો નોંધાય છે. | આ ખાતાંની જમા બાજુ ઉપાડ પર વ્યાજ, ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ નોંધાય છે. |
| **(6) ખાતાંનું પરિણામ** | આ ખાતું તૈયાર કરવાથી પેઢીનો ચોખ્ખો નફો કે ચોખ્ખી ખોટ શોધી શકાય છે. | આ ખાતું તૈયાર કરવાથી પેઢીનો વહેંચણીપાત્ર નફો કે વહેંચણીપાત્ર ખોટ શોધી શકાય છે. |
| **(7) ખાતાંની બાકી** | આ ખાતાંની બાકી નફા-નુકસાન ફાળવણી ખાતે લઈ જવામાં આવે છે. | આ ખાતાં દ્વારા શોધેલ વહેંચણીપાત્ર નફો/ખોટ ભાગીદારો વચ્ચે વહેંચી દેવામાં આવે છે. |

**વિશિષ્ટ મુદ્દાઓની સમજૂતી અને આમનોંધો :**

| વિગત | આમનોંધ |
|---|---|
| **(1) મૂડી પર વ્યાજ** | (i) જ્યારે મૂડી પર વ્યાજ આપવામાં આવે ત્યારે,<br>મૂડી પર વ્યાજ ખાતે....ઉ<br>તે ભાગીદારોના મૂડી/ચાલુ ખાતે<br>(ii) જ્યારે વર્ષને અંતે મૂડી પર વ્યાજ નફા-નુકસાન ફાળવણી ખાતે લઈ જવામાં આવે ત્યારે,<br>નફા-નુકસાન ફાળવણી ખાતે....ઉ<br>તે મૂડી પર વ્યાજ ખાતે |

| વિગત | આમનોંધ |
|---|---|
| **(2) ભાગીદારને પગાર, બોનસ, કમિશન કે મહેનતાણું** | (i) જ્યારે પગાર, બોનસ, કમિશન કે મહેનતાણું આપવામાં આવે ત્યારે,<br>પગાર, બોનસ, કમિશન કે મહેનતાણાં ખાતે....ઉ<br>તે ભાગીદારના મૂડી/ચાલુ ખાતે<br>(ii) જ્યારે પગાર, બોનસ, કમિશન કે મહેનતાણું વર્ષને અંતે નફા-નુકસાન ફાળવણી ખાતે લઈ જવામાં આવે ત્યારે,<br>નફા-નુકસાન ફાળવણી ખાતે....ઉ<br>તે પગાર, બોનસ, કમિશન કે મહેનતાણાં ખાતે |
| **(3) ઉપાડ પર વ્યાજ** | (i) જ્યારે ઉપાડ પર વ્યાજ વસૂલ કરવામાં આવે ત્યારે,<br>ભાગીદારના મૂડી/ચાલુ ખાતે....ઉ<br>તે ઉપાડ પર વ્યાજ ખાતે<br>(ii) જ્યારે ઉપાડ પર વ્યાજ વર્ષને અંતે નફા-નુકસાન ફાળવણી ખાતે લઈ જવામાં આવે ત્યારે,<br>ઉપાડ પર વ્યાજ ખાતે....ઉ<br>તે નફા-નુકસાન ફાળવણી ખાતે |
| **(4) સામાન્ય અનામત ખાતે લઈ ગયેલ નફો** | (i) વર્ષને અંતે નફો સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવે ત્યારે,<br>નફા-નુકસાન ફાળવણી ખાતે....ઉ<br>તે સામાન્ય અનામત ખાતે |
| **(5) નફા-નુકસાન ફાળવણી ખાતાંનો નફો કે ખોટ** | નફા-નુકસાન ફાળવણી ખાતાંનો નફો કે ખોટ ભાગીદારો વચ્ચે નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે,<br>(i) જો નફો હોય ત્યારે :<br>નફા-નુકસાન ફાળવણી ખાતે....ઉ<br>તે ભાગીદારોના મૂડી/ચાલુ ખાતે<br>(ii) જો ખોટ હોય ત્યારે :<br>ભાગીદારોના મૂડી/ચાલુ ખાતે....ઉ<br>તે નફા-નુકસાન ફાળવણી ખાતે |
| **(6) ભાગીદારની લોન પર વ્યાજ** | (i) જ્યારે લોન પર વ્યાજ ચૂકવવામાં આવે ત્યારે,<br>લોન પર વ્યાજ ખાતે....ઉ<br>તે રોકડ ખાતે<br>(ii) જ્યારે લોન પર વ્યાજ ચૂકવવાનું બાકી હોય ત્યારે,<br>લોન પર વ્યાજ ખાતે....ઉ<br>તે લોન પર ચૂકવવાના બાકી વ્યાજ ખાતે<br>(iii) વર્ષને અંતે લોન પર વ્યાજ નફા-નુકસાન ખાતે લઈ જવામાં આવે ત્યારે,<br>નફા-નુકસાન ખાતે....ઉ<br>તે લોન પર વ્યાજ ખાતે |

**નોંધ :** ઉપર દર્શાવેલ વ્યવહાર નં. 1થી 3ની સંયુક્ત આમનોંધ પણ થઈ શકે.

**ભાગીદારોની મૂડી પર વ્યાજ (Interest on Partners Capital Account) :**

ભાગીદારીના કરારનામામાં મૂડી પર વ્યાજ અંગે જુદી જુદી જોગવાઈઓ હોઈ શકે. ભાગીદારી કરારનામામાં કરેલ જોગવાઈના આધારે ભાગીદારોને નીચે મુજબ મૂડી પર વ્યાજ આપી શકાય :

| ભાગીદારી કરારનામામાં જોગવાઈ | મૂડી પર વ્યાજ |
|---|---|
| (1) જ્યારે ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજ અંગે કોઈ જોગવાઈ ન હોય. | મૂડી પર વ્યાજ આપી શકાય નહિ. |
| (2) જ્યારે ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજ આપવાની જોગવાઈ હોય પરંતુ વ્યાજને ખર્ચ ગણવું કે નફાની ફાળવણી ગણવી તે અંગે સ્પષ્ટતા ન હોય. | (i) નુકસાનના સંજોગોમાં મૂડી પર વ્યાજ આપી શકાય નહિ.<br>(ii) મૂડી પર ચૂકવવાપાત્ર વ્યાજ જેટલો અથવા વધારે નફો હોય તો નક્કી કરેલ દરે મૂડી પર વ્યાજ આપી શકાય.<br>(iii) મૂડી પર ચૂકવવાપાત્ર વ્યાજ કરતાં નફો ઓછો હોય તો નફા જેટલી જ રકમ મૂડી પર વ્યાજ તરીકે ભાગીદારોની મૂડીના પ્રમાણમાં વહેંચી શકાય. |
| (3) જ્યારે ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજ આપવાની જોગવાઈની સાથે તેને ખર્ચ તરીકે ગણવાની પણ સ્પષ્ટતા હોય (નફા કે નુકસાનના દરેક કિસ્સામાં વ્યાજ આપવું). | નફો પૂરતો હોય કે ન હોય અથવા નુકસાન હોય તોપણ નક્કી કરેલ દરે મૂડી પર વ્યાજ આપી શકાય (આ કિસ્સામાં નફા-નુકસાન ફાળવણી ખાતું વહેંચણીપાત્ર નુકસાન દર્શાવશે). |

A અને B 4:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેમની મૂડી અનુક્રમે ₹ 4,00,000 અને ₹ 2,00,000 છે. ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજ અંગે નીચે મુજબની જોગવાઈ હોય તો તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષ માટે નફા-નુકસાન ફાળવણી ખાતું કે નફા-નુકસાન ખાતું જે જરૂરી હોય તે તૈયાર કરો :

(1) જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજ અંગે કોઈ જોગવાઈ ન હોય અને પેઢીનો વર્ષનો નફો ₹ 40,000 હોય.

(2) જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વાર્ષિક 10 %ના દરે વ્યાજ આપવાની જોગવાઈ હોય અને પેઢીનો વર્ષનો નફો ₹ 80,000 હોય.

(3) જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વાર્ષિક 10 %ના દરે વ્યાજ આપવાની જોગવાઈ હોય અને પેઢીનો વર્ષનો નફો ₹ 30,000 હોય.

(4) જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વાર્ષિક 10 %ના દરે વ્યાજ આપવાની તેમજ તેને ખર્ચ તરીકે ગણવાની જોગવાઈ હોય અને પેઢીનો વર્ષનો નફો ₹ 30,000 હોય.

(5) જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વાર્ષિક 10 %ના દરે વ્યાજ આપવાની તેમજ તેને ખર્ચ તરીકે ગણવાની જોગવાઈ હોય અને પેઢીની વર્ષની ખોટ ₹ 10,000 હોય.

**જવાબ :**

(1) જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજ અંગે કોઈ જોગવાઈ ન હોય,

**તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| ભાગીદારોના મૂડી ખાતે (નફો) | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | 40,000 |
| A : | 32,000 | | | |
| B : | 8000 | 40,000 | | |
| | | **40,000** | | **40,000** |

(2) મૂડી પર વાર્ષિક 10 % વ્યાજ આપવાની જોગવાઈ હોય તો,

**તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતે | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | 80,000 |
| A : | 40,000 | | | |
| B : | 20,000 | 60,000 | | |
| ભાગીદારોના મૂડી ખાતે - નફો | | | | |
| A : | 16,000 | | | |
| B : | 4000 | 20,000 | | |
| | | **80,000** | | **80,000** |

(3) મૂડી પર વાર્ષિક 10 % વ્યાજ આપવાની જોગવાઈ હોય તો,

**તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતે | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | 30,000 |
| A : | 20,000 | | | |
| B : | 10,000 | 30,000 | | |
| | | **30,000** | | **30,000** |

**નોંધ :** મૂડી પર વ્યાજ 10 %ના દરે Aનું ₹ 40,000 અને Bનું ₹ 20,000 કુલ ₹ 60,000 થાય છે. પરંતુ ચોખ્ખો નફો ₹ 30,000 જ હોવાથી નફા કરતાં વધારે મૂડી પર વ્યાજ ચૂકવી શકાય નહિ, તેથી ₹ 30,000 નફા જેટલું જ મૂડી પર વ્યાજ, મૂડીના પ્રમાણમાં 2:1(₹ 20,000 : ₹ 10,000)ના પ્રમાણમાં આપી શકાય.

(4) મૂડી પર વાર્ષિક 10 % વ્યાજ આપવાની જોગવાઈ અને તેને ખર્ચ તરીકે ગણવાની પણ જોગવાઈ હોય,

ઉધાર **તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતે | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | | 30,000 |
| A : | 40,000 | | ભાગીદારોના મૂડી ખાતે (વહેંચણીપાત્ર ચોખ્ખી ખોટ (4:1)) : | | |
| B : | 20,000 | 60,000 | A : | 24,000 | |
| | | | B : | 6000 | 30,000 |
| | | **60,000** | | | **60,000** |

(5) મૂડી પર વાર્ષિક 10 % વ્યાજ આપવાની જોગવાઈ હોય અને તેને ખર્ચ તરીકે ગણવાની પણ જોગવાઈ હોય અને ચોખ્ખું નુકસાન હોય,

ઉધાર **તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| નફા-નુકસાન (ચોખ્ખી ખોટ) | | 10,000 | ભાગીદારોના મૂડી ખાતે (ચોખ્ખી વહેંચણીપાત્ર ખોટ (4:1)) : | | |
| મૂડી પર વ્યાજ ખાતે : | | | | | |
| A : | 40,000 | | A : | 56,000 | |
| B : | 20,000 | 60,000 | B : | 14,000 | 70,000 |
| | | **70,000** | | | **70,000** |

**નફા સામે ખર્ચ અને નફા-નુકસાન ફાળવણી વચ્ચેનો તફાવત :**

| તફાવતના મુદ્દા | નફા સામે ખર્ચ | નફા-નુકસાનની ફાળવણી |
|---|---|---|
| **(1) ઊપજ સામે ખર્ચના મેળનો સિદ્ધાંત** | ઊપજ સામે ખર્ચના મેળનો સિદ્ધાંત લાગુ પડે છે. | ઊપજ સામે ખર્ચના મેળનો સિદ્ધાંત લાગુ પડતો નથી. |
| **(2) નોંધ** | નફા સામે ખર્ચ નફા-નુકસાન ખાતાંમાં ઉધાર બાજુ નોંધાય છે. | નફાની ફાળવણી નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુ નોંધાય છે. |
| **(3) ક્યારે નોંધાય છે ?** | નફો કે નુકસાન દરેક સંજોગોમાં પૂરેપૂરી રકમ નોંધાય છે. | ફક્ત નફાના સંજોગોમાં જ ફાળવણીની નોંધ થાય છે, ખોટના સંજોગોમાં થતી નથી. |
| **(4) પ્રાથમિકતા** | નફાની ફાળવણીની નોંધ પહેલાં ખર્ચની નોંધ થાય છે. | બધા જ ખર્ચ નોંધાયા બાદ નફાની ફાળવણીની નોંધ કરવામાં આવે છે. |
| **(5) ઉદાહરણ** | ભાગીદારની લોન પર વ્યાજ, ભાગીદારને ચૂકવવાનું ભાડું, મૅનેજરને કમિશન | મૂડી પર વ્યાજ, ભાગીદારને કમિશન, સામાન્ય અનામત ખાતે નફાની ફાળવણી |

**નોંધ :** ઉપરોક્ત ભાગીદારોના મૂડી પર વ્યાજની જુદી જૂદી જોગવાઈઓ અંગેના ઉદાહરણો અને નફા સામે ખર્ચ અને નફા-નુકસાન ફાળવણી વચ્ચેનો તફાવત વિદ્યાર્થીઓની માત્ર સમજ માટે આપેલ છે. તે અંગેના પ્રશ્નો કે દાખલા પરીક્ષામાં અપેક્ષિત નથી.

## 11. વિશિષ્ટ ઉદાહરણો

**ઉદાહરણ 1 :** હિરલ દર મહિનાની શરૂઆતમાં ₹ 500નો ઉપાડ કરે છે. જો ઉપાડ પર વાર્ષિક 10 % લેખે વ્યાજ વસૂલ કરવાનું હોય તો કુલ વાર્ષિક ઉપાડ અને ઉપાડ પર વ્યાજ શોધો.

**જવાબ :** કુલ વાર્ષિક ઉપાડ = 500 × 12 = ₹ 6000

ઉપાડ પર વ્યાજ = $I = \frac{PRN}{100}$

$= 500 \times \frac{10}{100} \times \frac{78}{12}$

= ₹ 325

જ્યાં, I = Interest = વ્યાજ          P = Principal = મુદ્દલ

R = Rate of interest = વ્યાજનો દર          N = No. of years = મુદત

**સમજૂતી :**

**માસિક ઉપાડ પર વ્યાજની ગણતરી દર્શાવતો કોઠો**

| માસ | દર માસની શરૂઆતમાં ઉપાડ | દર માસને અંતે ઉપાડ |
|---|---|---|
| 1 | 12 | 11 |
| 2 | 11 | 10 |
| 3 | 10 | 9 |
| 4 | 9 | 8 |
| 5 | 8 | 7 |
| 6 | 7 | 6 |
| 7 | 6 | 5 |
| 8 | 5 | 4 |
| 9 | 4 | 3 |
| 10 | 3 | 2 |
| 11 | 2 | 1 |
| 12 | 1 | 0 |
| **કુલ માસ પર વ્યાજ** | **78** | **66** |

**ઉપરોક્ત કોઠાની ગણતરી પરથી જાણી શકાય છે કે :**

(i) જો દર માસની શરૂઆતમાં ઉપાડ કરવામાં આવે તો 78 માસ પર વ્યાજ ગણાય.

$\therefore \quad N = \frac{78}{12}$

(ii) જો દર માસને અંતે ઉપાડ કરવામાં આવે તો 66 માસ પર વ્યાજ ગણાય.

$\therefore \quad N = \frac{66}{12}$

**ઉપરોક્ત ઉપાડ પર વ્યાજ સર પદ્ધતિએ નીચે પ્રમાણે ગણી શકાય :**

ઉપરનાં ઉદાહરણની નીચે પ્રમાણે ગણતરી થાય.

| ઉપાડની તારીખ | રકમ × માસ માટે = સર પદ્ધતિએ એક માસ માટે મુદ્દલ |
|---|---|
| 01-04-2016 | 500 × 12 = 6000 |
| 01-05-2016 | 500 × 11 = 5500 |
| 01-06-2016 | 500 × 10 = 5000 |
| 01-07-2016 | 500 × 9 = 4500 |
| 01-08-2016 | 500 × 8 = 4000 |
| 01-09-2016 | 500 × 7 = 3500 |
| 01-10-2016 | 500 × 6 = 3000 |
| 01-11-2016 | 500 × 5 = 2500 |
| 01-12-2016 | 500 × 4 = 2000 |
| 01-01-2017 | 500 × 3 = 1500 |
| 01-02-2017 | 500 × 2 = 1000 |
| 01-03-2017 | 500 × 1 = 500 |
| **કુલ** | **= 39,000** |

ઉપાડ પર વ્યાજ $= 39{,}000 \times \frac{10}{100} \times \frac{1}{12}$

$= ₹\ 325$

**નોંધ : ઉપાડ દર માસની શરૂઆત કે અંતમાં હોય, તેવા જ દાખલા અપેક્ષિત છે, તે સિવાય અન્ય ગણતરી અપેક્ષિત નથી.**

**ઉદાહરણ 2 :** હંસા, હિતેશ અને વિજય એક પેઢીના ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 3:2:1 છે. હિતેશને તેનું કમિશન આપ્યા બાદ વધતા ચોખ્ખા નફાના 10 % કમિશન આપવાનું છે. જો વર્ષના અંતે પેઢીનો નફો ₹ 1,65,000 હોય તો હિતેશને કુલ કેટલી રકમ મળશે ?

**જવાબ :** ધારો કે કમિશન પછીનો નફો ₹ 100 હોય, તો કમિશન ₹ 10 થાય. તેથી કમિશન પહેલાંનો નફો ₹ 110 (100 + 10) થાય, જેમાં ₹ 10 કમિશનના છે.

અહીં કમિશન $=$ નફો $\times \dfrac{\text{કમિશનના ટકા}}{100 + \text{કમિશનના ટકા}}$

$\therefore$ કમિશન $= \frac{1{,}65{,}000 \times 10}{110}$

$= ₹\ 15{,}000$

$\therefore$ કમિશન બાદ નફો (વહેંચણીપાત્ર નફો) = કુલ નફો − કમિશન

= 1,65,000 − 15,000

= 1,50,000

જે ભાગીદારો વચ્ચે સરખા પ્રમાણમાં વહેંચતાં હિતેશને ₹ 50,000 નફો મળશે.

$\therefore$ હિતેશને મળતી કુલ રકમ = ₹ 50,000 નફો + ₹ 15,000 કમિશન

= ₹ 65,000

**સમજૂતી :** (1) દાખલામાં ભાગીદારો વચ્ચે મૂડીનું પ્રમાણ આપેલ છે. નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ આપેલ નથી, તેથી ભાગીદારો વચ્ચે નફા-નુકસાન સરખા ભાગે વહેંચાશે.

(2) કમિશન બે રીતે આપવાનું નક્કી થાય છે :

(i) કમિશન બાદ કર્યા પહેલાંના નફા પર અમુક ટકા કમિશન

(ii) કમિશન બાદ કર્યા પછીના નફા પર અમુક ટકા કમિશન

(i) જો કમિશન બાદ કર્યા પહેલાંના નફા પર કમિશન ગણવાનું હોય તો નીચે મુજબ ગણતરી થાય :

$$\text{કમિશન} = \text{ચોખ્ખો નફો} \times \frac{\text{કમિશનના ટકા}}{100}$$

દા.ત., X અને Y 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. વર્ષના અંતે પેઢીનો નફો ₹ 1,65,000 થયો છે. જો X ને નફા પર 10 % કમિશન આપવાનું હોય તો કમિશનની ગણતરી કરો :

$$\text{કમિશન} = ₹\ 1,65,000 \times \frac{10}{100}$$

$$= ₹\ 16,500$$

અહીં ચોખ્ખા નફા પર કમિશન ગણવાનું છે. કમિશન બાદ કર્યા પહેલાંના કે પછીના નફા પર ગણવા અંગે કોઈ ઉલ્લેખ નથી. તેથી **'કમિશન બાદ કર્યા પહેલાંના નફા'** (ચોખ્ખા નફા) પર કમિશન ગણાશે.

(ii) જો કમિશન બાદ કર્યા પછીના નફા પર કમિશન ગણવાનું હોય તો નીચે મુજબ ગણતરી થાય :

ઉપરોક્ત ઉદાહરણમાં Xને તેનું કમિશન બાદ કર્યા પછીના નફા પર 10 % કમિશન આપવાનું હોય તો કમિશનની ગણતરી નીચે મુજબ થશે :

$$\text{કમિશન} = \text{ચોખ્ખો નફો} \times \frac{\text{કમિશનના ટકા}}{100 + \text{કમિશનના ટકા}}$$

$$= ₹\ 1,65,000 \times \frac{10}{110}$$

$$= ₹\ 15,000$$

**ઉદાહરણ 3 :** જયેશ, સુરેશ અને પંકજનું નફા-નુકસાનનું પ્રમાણ 6:2:3 છે. મૅનેજરને કમિશન બાદ કર્યા પછીના નફા પર 10 % લેખે ₹ 6600 કમિશન મળેલ છે. ત્રણેય ભાગીદારના નફાની વહેંચણી કરો.

**જવાબ :** જયેશ, સુરેશ અને પંકજનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ = 6:2:3

મૅનેજરને કમિશન બાદ કર્યા પછીના નફા પર (વહેંચણીપાત્ર નફા પર) કમિશન મળે છે.

$\because$ કમિશન ₹ 10 હોય, તો વહેંચણીપાત્ર નફો ₹ 100

$\therefore$ કમિશન ₹ 6600 હોય, તો વહેંચણીપાત્ર નફો ₹ ?

$$= \frac{6600 \times 100}{10}$$

= ₹ 66,000 વહેંચણીપાત્ર નફો

ત્રણેય ભાગીદારો વચ્ચે 6:2:3ના પ્રમાણમાં નફાની વહેંચણી નીચે મુજબ થશે :

જયેશ : $₹\ 66,000 \times \frac{6}{11} = ₹\ 36,000$

સુરેશ : $₹\ 66,000 \times \frac{2}{11} = ₹\ 12,000$

પંકજ : $₹\ 66,000 \times \frac{3}{11} = ₹\ 18,000$

**ઉદાહરણ 4 :** શીલા, સુરભિ અને સીમા 5:7:9ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. મૅનેજર સંકેતને તેનું કમિશન બાદ કર્યા પછી વધતા નફા પર 10 % કમિશન આપવાનું છે. સુરભિને ₹ 7000 નફો મળે છે. મૅનેજર સંકેતના કમિશનની ગણતરી કરો. આ ઉપરાંત મૅનેજરના કમિશન પહેલાંના નફાની ગણતરી કરો.

**જવાબ :** (i) મૅનેજરને તેનું કમિશન બાદ કર્યા પછી વધતા નફા પર એટલે કે વહેંચણીપાત્ર નફા પર કમિશનની ગણતરી થશે. સુરભિને તેના $\frac{7}{21}$ ભાગે વહેંચણીપાત્ર નફો ₹ 7000 મળે છે. પેઢીનો કુલ નફો 1 લેતાં.

∵ $\frac{7}{21}$ સુરભિનો ભાગ = કુલ નફો ₹ 1

∴ સુરભિનો નફો 7000 = કુલ નફો (?)

$= \frac{1}{1} \times \frac{7000 \times 21}{7}$

= ₹ 21,000 વહેંચણીપાત્ર નફો

(ii) મૅનેજર સંકેતને વહેંચણીપાત્ર નફાના 10 % કમિશન = ₹ 21,000 × $\frac{10}{100}$

= ₹ 2100

(iii) મૅનેજરના કમિશન પહેલાંનો નફો = વહેંચણીપાત્ર નફો + મૅનેજરનું કમિશન

= ₹ 21,000 + ₹ 2100

= ₹ 23,100

**ઉદાહરણ 5 :** રિયા, દિલીપ અને કીર્તન એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. કીર્તનને દિલીપના હિસ્સાનો પાંચમો ભાગ તથા રિયાને કીર્તનના હિસ્સાથી બમણો ભાગ મળે છે. જો વર્ષના અંતે પેઢીનો કુલ નફો ₹ 1,92,000 થયો હોય, તો દરેક ભાગીદારને મળતી નફાની રકમ શોધો.

**જવાબ :** ધારો કે, દિલીપને ₹ 1 નફો મળે છે.

કીર્તનને દિલીપના હિસ્સાનો પાંચમો ભાગ એટલે કે $1 \times \frac{1}{5}$ = ₹ $\frac{1}{5}$ નફો મળે.

રિયાને કીર્તનના હિસ્સાથી બમણો ભાગ એટલે કે $\frac{1}{5} \times 2$ = ₹ $\frac{2}{5}$ નફો મળે.

∴ રિયા, દિલીપ અને કિર્તનનો ભાગ $\frac{2}{5}$, $\frac{1}{1}$ અને $\frac{1}{5}$ થશે.

આમ, ભાગીદારો વચ્ચે નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ :

રિયા : દિલીપ : કીર્તન

2 : 5 : 1

નફાની વહેંચણી નીચે પ્રમાણે થાય :

| | |
|---|---|
| રિયાને મળતો નફો = 1,92,000 × $\frac{2}{8}$ = | ₹ 48,000 |
| દિલીપને મળતો નફો = 1,92,000 × $\frac{5}{8}$ = | ₹ 1,20,000 |
| કીર્તનને મળતો નફો = 1,92,000 × $\frac{1}{8}$ = | ₹ 24,000 |

**ઉદાહરણ 6 :** મિલીન, હેમંત અને રસિકની ભાગીદારી પેઢીનો ₹ 1,89,000 નફો 1:2:4ના પ્રમાણમાં વહેંચવાને બદલે ભૂલથી સરખા પ્રમાણમાં વહેંચ્યો છે. આ ભૂલ સુધારવા મૂડી ખાતે કઈ અસર આપવી પડે ?

જવાબ :

| વિગત | મિલીન (₹) | હેમંત (₹) | રસિક (₹) |
|---|---|---|---|
| નફાની સાચી વહેંચણી 1:2:4ના પ્રમાણમાં | + 27,000 | + 54,000 | + 1,08,000 |
| નફાની ભૂલથી ખોટી વહેંચણી 1:1:1ના પ્રમાણમાં | – 63,000 | – 63,000 | – 63,000 |
| **તફાવતની રકમ** | **– 36,000**<br>**ઉધાર** | **– 9000**<br>**ઉધાર** | **+ 45,000**<br>**જમા** |

**ભૂલસુધારણા નોંધ :** ₹ 36,000 અને ₹ 9000 અનુક્રમે મિલીન અને હેમંત ખાતે વધુ જમા થયા છે તેથી તેમના ખાતે ઉધાર થશે અને ₹ 45,000 રસિક ખાતે ઓછા જમા થયા છે. તેથી મિલીન અને હેમંત ખાતે ઉધારી રસિક ખાતે જમા થશે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | મિલીનના મૂડી/ચાલુ ખાતે ઉ | | 36,000 | |
| | હેમંતના મૂડી/ચાલુ ખાતે ઉ | | 9000 | |
| | તે રસિકના મૂડી/ચાલુ ખાતે | | | 45,000 |
| | [બા.જે. : નફાની ફાળવણી ખોટા પ્રમાણમાં થયેલ તેની ભૂલસુધારણા નોંધ કરી તેના.] | | | |

**ઉદાહરણ 7 :** રામ, લક્ષ્મણ અને સીતા એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેમની મૂડી અનુક્રમે ₹ 40,000, ₹ 30,000 અને ₹ 80,000 હતી. વર્ષના અંતે નફાની વહેંચણી કર્યા પછી માલૂમ પડ્યું કે મૂડી પર 12 % લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલસુધારણા નોંધ લખો.

જવાબ :

| વિગત | રામ (₹) | લક્ષ્મણ (₹) | સીતા (₹) | કુલ (₹) |
|---|---|---|---|---|
| મૂડી પર 12 % લેખે વ્યાજ | + 4800 | + 3600 | + 9600 | + 18,000 |
| મૂડી પર વ્યાજ જેટલો (₹ 18,000) કુલ નફામાં ઘટાડો સરખે હિસ્સે વહેંચતાં (1:1:1) | – 6000 | – 6000 | – 6000 | – 18,000 |
| **તફાવતની રકમથી મૂડી ખાતે અસર** | **– 1200**<br>**ઉધાર** | **– 2400**<br>**ઉધાર** | **+ 3600**<br>**જમા** | – |

**ભૂલ સુધારણા નોંધ :** રામ અને લક્ષ્મણ ખાતે અનુક્રમે ₹ 1200 અને ₹ 2400 ઉધાર અને સીતા ખાતે ₹ 3600 જમા કરવાના થાય.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | રામના મૂડી/ચાલુ ખાતે ઉ | | 1200 | |
| | લક્ષ્મણના મૂડી/ચાલુ ખાતે ઉ | | 2400 | |
| | તે સીતાના મૂડી/ચાલુ ખાતે | | | 3600 |
| | [બા.જે. : મૂડી પર 12 % લેખે વ્યાજ ગણવાનું રહી ગયેલ તેની ભૂલસુધારણા નોંધ.] | | | |

**સમજૂતી :** મૂડી પર કુલ વ્યાજ ₹ 18,000 ચૂકવવાપાત્ર થાય છે. તેથી ₹ 18,000 જેટલી રકમ ભાગીદારોનાં મૂડી ખાતેથી ઘટાડવી પડે, જે તેમના નફા-નુકસાન પ્રમાણમાં ઉધારાશે. નફા-નુકસાનનું પ્રમાણ આપેલ ન હોવાથી સરખે હિસ્સે રકમ ઉધારાશે.

**ઉદાહરણ 8 :** ભાલચંદ્ર, દર્શના અને અંકિત 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. વર્ષના અંતે હિસાબો તૈયાર કર્યા પછી માલૂમ પડ્યું કે ઉપાડ પર વ્યાજ ગણવાનું રહી ગયું છે. ઉપાડ પર વ્યાજ અનુક્રમે ₹ 1000, ₹ 800 અને ₹ 600 છે. ભૂલસુધારણા નોંધ લખો.

**જવાબ :**

| વિગત | ભાલચંદ્ર (₹) | દર્શના (₹) | અંકિત (₹) | કુલ (₹) |
|---|---|---|---|---|
| ઉપાડ પર વ્યાજ જેટલો કુલ નફામાં વધારો (5:3:2) | + 1200 | + 720 | + 480 | + 2400 |
| ઉપાડ પર વ્યાજ | – 1000 | – 800 | – 600 | – 2400 |
| **તફાવતની રકમથી મૂડી ખાતે અસર** | **+ 200** જમા | **– 80** ઉધાર | **– 120** ઉધાર | **–** |

**ભૂલ સુધારણા નોંધ :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | દર્શનાના મૂડી/ચાલુ ખાતે ઉ | | 80 | |
| | અંકિતના મૂડી/ચાલુ ખાતે ઉ | | 120 | |
| | તે ભાલચંદ્રના મૂડી/ચાલુ ખાતે | | | 200 |
| | [બા.જે. : ઉપાડ પર વ્યાજ ગણવાનું રહી ગયેલ તેની ભૂલસુધારણા નોંધ.] | | | |

**સમજૂતી :** ઉપાડ પરનું કુલ વ્યાજ ₹ 2400 (₹ 1000, ₹ 800 અને ₹ 600)ના કારણે નફો વધે, જે ભાગીદારો ખાતે નફા-નુકસાનના પ્રમાણમાં જમા કરવાનું થાય. તેથી 5:3:2ના પ્રમાણમાં ₹ 1200, ₹ 720 અને ₹ 480 અનુક્રમે ભાલચંદ્ર, દર્શના અને અંકિત ખાતે જમા થાય. જે-તે ભાગીદારના ઉપાડનું વ્યાજ તેમના ખાતે ઉધાર થાય.

**ઉદાહરણ 9 :** યુસુફ, હારૂન અને કોડાવાલા 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતાં ભાગીદારો છે. કોડાવાલાને નફામાંથી ઓછામાં ઓછા ₹ 36,000 મળશે જ એવી ખાતરી યુસુફ અને હારૂને આપી છે. જો તા. 31-3-16ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો ₹ 1,80,000 હોય, તો ભાગીદારો વચ્ચે નફાની વહેંચણી કેવી રીતે થશે ?

**જવાબ : નફાની વહેંચણી :**

યુસુફ : ₹ 1,80,000 × $\frac{3}{6}$ = ₹ 90,000

હારૂન : ₹ 1,80,000 × $\frac{2}{6}$ = ₹ 60,000

કોડાવાલા : ₹ 1,80,000 × $\frac{1}{6}$ = ₹ 30,000

પરંતુ કોડાવાલાને ₹ 36,000 નફો મળશે જ એવી ખાતરી યુસુફ અને હારૂને આપેલ છે, માટે કોડાવાલાની ખૂટતી રકમ ₹ 6000 (₹ 36,000 – ₹ 30,000) યુસુફ અને હારૂન તેમના નફા-નુકસાનના 3:2ના પ્રમાણમાં પોતાના નફામાંથી કોડાવાલાને આપશે.

**નફામાંથી આપવાની રકમ :** યુસુફ : ₹ 6000 × $\frac{3}{5}$ = ₹ 3600

હારૂન : ₹ 6000 × $\frac{2}{5}$ = ₹ 2400

**ભાગીદારો વચ્ચે નફાની વહેંચવાપાત્ર રકમ :**

| વિગત | યુસુફ (₹) | હારૂન (₹) | કોડાવાલા (₹) | કુલ (₹) |
|---|---|---|---|---|
| નફા-નુકસાનના પ્રમાણમાં નફાની વહેંચણી (3:2:1) | 90,000 | 60,000 | 30,000 | 1,80,000 |
| લેવાની અને આપવાની થતી રકમ | – 3600 | – 2400 | + 6000 | – |
| **નફાની ખરેખર વહેંચણી** | **86,400** | **57,600** | **36,000** | **1,80,000** |

**ઉદાહરણ 10 :** એક પેઢીના ભાગીદાર ગિરીશની ઉપાડની ₹ 6000 તથા વહેંચણીપાત્ર નફાની ₹ 9000ની અસર આપ્યા બાદની આખરની મૂડી ₹ 96,000 છે. મૂડી પર વાર્ષિક 8 % લેખે વ્યાજ ગણો.

**જવાબ :** મૂડી પર વ્યાજની ગણતરી શરૂઆતની મૂડી પર થાય છે. અહીં આખરની મૂડી આપેલ છે, જેના પરથી નીચે મુજબ શરૂઆતની મૂડી શોધી શકાય.

**શરૂઆતની મૂડી = આખરની મૂડી + ઉપાડ – નફો**

| | | | |
|---|---|---|---|
| | આખરની મૂડી | ₹ | 96,000 |
| + | ઉપાડ | ₹ | 6000 |
| | | ₹ | 1,02,000 |
| – | નફો | ₹ | 9000 |
| | શરૂની મૂડી | ₹ | 93,000 |

∴ મૂડી પર વ્યાજ $= ₹\ 93,000 \times \frac{8}{100} = ₹\ 7440$

**અથવા**

ઉધાર **ગિરીશનું મૂડી ખાતું** જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| ઉપાડ ખાતે | 6000 | બાકી આગળ લાવ્યા (શરૂની બાકી) | 93,000 |
| બાકી આગળ લઈ ગયા (આખર બાકી) | 96,000 | નફા-નુકસાન ખાતે (નફો) | 9000 |
| | **1,02,000** | | **1,02,000** |

∴ મૂડી પર વ્યાજ = ₹ 7440

**ઉદાહરણ 11 :** જેનેટ, અક્ષરા અને સપના સરખા હિસ્સાના ભાગીદારો છે. તેમની કુલ મૂડી ₹ 3,00,000 છે. તેમની મૂડીનું પ્રમાણ 2:3:5 છે. પેઢી મૂડી પર વાર્ષિક 6 %ના દરે વ્યાજ ચૂકવે છે. ભાગીદાર અક્ષરાને મૂડીના વ્યાજ સહિત ₹ 45,400 મળ્યા છે, તો ભાગીદાર જેનેટ અને સપનાને મૂડીના વ્યાજ સહિત કેટલા રૂપિયા મળે ?

**જવાબ :**

| વિગત | જેનેટ (₹) | અક્ષરા (₹) | સપના (₹) |
|---|---|---|---|
| 2:3:5ના પ્રમાણમાં મૂડી | 60,000 | 90,000 | 1,50,000 |
| 6 % લેખે મૂડી પર વ્યાજ<br>વહેંચણીપાત્ર નફો (1:1:1) | 3600<br>+ 40,000 | 5400<br>+ 40,000 | 9000<br>+ 40,000 |
| **મૂડીના વ્યાજ સહિત મળતો નફો** | **43,600** | **45,400** | **49,000** |

∴ મૂડીના વ્યાજ સહિત જેનેટને કુલ ₹ 43,600 અને સપનાને કુલ ₹ 49,000 મળશે.

**સમજૂતી :** અક્ષરાને મૂડીના વ્યાજ સહિત ₹ 45,400 મળ્યા છે.

∴ અક્ષરાને નફા પેટે ₹ 40,000 (₹ 45,400 – ₹ 5400) મળ્યા છે.

ત્રણેય સરખા હિસ્સાના ભાગીદારો છે, તેથી જેનેટ અને સપના દરેકને પણ નફામાંથી ₹ 40,000 મળ્યા છે.

**ઉદાહરણ 12 :** શારદા અને જમના એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેઓની મૂડી અનુક્રમે ₹ 30,000 અને ₹ 40,000 છે. વર્ષ દરમિયાન શારદાએ તા. 1-4-2016ના રોજ ₹ 6000નો તથા જમનાએ તા. 1-1-2017ના રોજ ₹ 8000નો ઉપાડ કર્યો છે. ભાગીદારી કરારપત્રની જોગવાઈઓ નીચે પ્રમાણે છે :

(1) મૂડી પર વાર્ષિક 10 % વ્યાજ ગણવું.

(2) ઉપાડ પર વાર્ષિક 12 % વ્યાજ વસૂલ કરવાનું છે.

(3) શારદાને પેઢીમાં સક્રિય કામગીરી કરવા બદલ માસિક ₹ 500 પગાર આપવાનો છે તથા જમનાને વાર્ષિક ₹ 3000 કમિશન આપવાનું છે.

શારદાએ તા. 1-10-2016ના રોજ પેઢીને ₹ 6000ની લોન આપી છે. ભાગીદારી કરારપત્રમાં લોનના વ્યાજ અંગે કોઈ ઉલ્લેખ નથી, તે લોન પર વાર્ષિક 10 % લેખે વ્યાજની માગણી કરે છે.

તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનો ઉપરની જોગવાઈઓ પહેલાંનો અને શારદાની લોનનું વ્યાજ ગણ્યા પછીનો પેઢીનો નફો ₹ 39,820 છે.

ઉપરની વિગતો પરથી પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**જવાબ :**

**શારદા અને જમનાની પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું**

**નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતે : | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | | 39,820 |
| શારદા : | 3000 | | ઉપાડ પર વ્યાજ ખાતે : | | |
| જમના : | 4000 | 7000 | શારદા : | 720 | |
| પગાર ખાતે (શારદા) | | 6000 | જમના : | 240 | 960 |
| કમિશન ખાતે (જમના) | | 3000 | | | |
| ભાગીદારોનાં મૂડી ખાતે (વહેંચણીપાત્ર નફો) : | | | | | |
| શારદા : | 12,390 | | | | |
| જમના : | 12,390 | 24,780 | | | |
| | | **40,780** | | | **40,780** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| તારીખ | વિગત | શારદા (₹) | જમના (₹) | તારીખ | વિગત | શારદા (₹) | જમના (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1-4-16 | ઉપાડ ખાતે | 6000 | – | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 30,000 | 40,000 |
| 1-1-17 | ઉપાડ ખાતે | – | 8000 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 3000 | 4000 |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ ખાતે | 720 | 240 | 31-3-17 | પગાર ખાતે | 6000 | – |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 44,670 | 51,150 | 31-3-17 | કમિશન ખાતે | – | 3000 |
| | | | | 31-3-17 | નફા-નુકસાન ફાળવણી ખાતે(વહેંચણીપાત્ર નફો) | 12,390 | 12,390 |
| | | **51,390** | **59,390** | | | **51,390** | **59,390** |

**સમજૂતી :** (1) દાખલામાં મૂડી ખાતાંની પદ્ધતિનો ઉલ્લેખ ન હોવાથી અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિએ મૂડી ખાતાં તૈયાર કર્યાં છે. (2) શારદાની લોન પર વ્યાજ અંગે કરારનામામાં ઉલ્લેખ ન હોવાથી ભાગીદારી કાયદા અનુસાર વાર્ષિક 6 % લેખે (તા. 1-10-2016થી તા. 31-3-2017) 6 માસનું વ્યાજ ગણાય અને નફા-નુકસાન ખાતે ઉધાર તેમજ પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ દર્શાવાશે. (3) ઉપાડ પર વ્યાજની ગણતરી વખતે ઉપાડની તારીખ ધ્યાનમાં રાખેલ છે. (4) ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની વહેંચણી અંગે સ્પષ્ટતા ન હોવાથી નફો ભાગીદારો વચ્ચે સરખે ભાગે વહેંચાયેલ છે.

**ઉદાહરણ 13 :** સુધાંશુ અને સર્વેશ એક પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 3:2 છે. તા. 1-4-2016ના રોજ ભાગીદારોની કુલ મૂડી ₹ 90,000 છે જે સ્થિર મૂડી છે. ભાગીદારોની મૂડી 5:4ના પ્રમાણમાં છે. ભાગીદારોએ વર્ષ દરમિયાન નીચે મુજબ ઉપાડ કરેલ છે :

સુધાંશુ : તા. 1-7-2016ના રોજ ₹ 6000

સર્વેશ : તા. 1-10-2016ના રોજ ₹ 4000

ભાગીદારીના કરારપત્રમાં મૂડી પર વાર્ષિક 8 % વ્યાજ આપવાનું અને ઉપાડ પર વાર્ષિક 12 % વ્યાજ લેવાની જોગવાઈ છે. તા. 1-4-2016ના રોજ ભાગીદારોનાં ચાલુ ખાતાં અનુક્રમે સુધાંશુ ₹ 3000 જમા બાકી અને સર્વેશ ₹ 2000 ઉધાર બાકી દર્શાવે છે. ચાલુ ખાતાંના વર્ષની શરૂઆતની બાકી પર વાર્ષિક 6 % વ્યાજ ગણવાનું છે. સુધાંશુને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 5 % કમિશન આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરના હવાલાઓ નાખ્યા પહેલાં તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો ₹ 37,770 છે. આ વિગતો પરથી નફા-નુકસાન ફાળવણી ખાતું તથા ભાગીદારોનાં મૂડી ખાતાં અને ચાલુ ખાતાં તૈયાર કરો.

**જવાબ :**

## સુધાંશુ અને સર્વેશની પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું
## નફા-નુકસાન ફાળવણી ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતે : | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | | 37,770 |
| સુધાંશુ : | 4000 | | ઉપાડ પર વ્યાજ ખાતે : | | |
| સર્વેશ : | 3200 | 7200 | સુધાંશુ : | 540 | |
| ચાલુ ખાતાં પર વ્યાજ ખાતે : સુધાંશુ | | 180 | સર્વેશ : | 240 | 780 |
| કમિશન ખાતે (સુધાંશુ) | | 1490 | ચાલુ ખાતાં પર વ્યાજ ખાતે : સર્વેશ | | 120 |
| ભાગીદારોનાં ચાલુ ખાતે (વહેંચણીપાત્ર નફો) : | | | | | |
| સુધાંશુ | 17,880 | | | | |
| સર્વેશ | 11,920 | 29,800 | | | |
| | | **38,670** | | | **38,670** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| તારીખ | વિગત | સુધાંશુ (₹) | સર્વેશ (₹) | તારીખ | વિગત | સુધાંશુ (₹) | સર્વેશ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 50,000 | 40,000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 50,000 | 40,000 |
| | | **50,000** | **40,000** | | | **50,000** | **40,000** |

## ભાગીદારોનાં ચાલુ ખાતાં

ઉધાર                                                                                     જમા

| તારીખ | વિગત | સુધાંશુ (₹) | સર્વેશ (₹) | તારીખ | વિગત | સુધાંશુ (₹) | સર્વેશ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1-4-16 | બાકી આગળ લાવ્યા | – | 2000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 3000 | – |
| 1-7-16 | ઉપાડ ખાતે | 6000 | – | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 4000 | 3200 |
| 1-10-16 | ઉપાડ ખાતે | – | 4000 | 31-3-17 | ચાલુ ખાતાં પર વ્યાજ ખાતે | 180 | – |
| 31-3-17 | ચાલુ ખાતાં પર વ્યાજ ખાતે | – | 120 | 31-3-17 | કમિશન ખાતે | 1490 | – |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ ખાતે | 540 | 240 | 31-3-17 | નફા-નુકસાન ફાળવણી ખાતે(વહેંચણીપાત્ર નફો) | 17,880 | 11,920 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 20,010 | 8760 | | | | |
| | | **26,550** | **15,120** | | | **26,550** | **15,120** |

**સમજૂતી :** (1) વર્ષની શરૂઆતમાં ભાગીદારોની કુલ મૂડી ₹ 90,000 છે, જે 5:4ના પ્રમાણમાં વહેંચતા સુધાંશુની મૂડી ₹ 50,000 અને સર્વેશની મૂડી ₹ 40,000 છે. ભાગીદારોની સ્થિર મૂડી પર વ્યાજ આ મૂડી પર ગણેલ છે. (2) ઉપાડ પર વ્યાજ : સુધાંશુ તા. 1-7-2016થી તા. 31-3-2017 સુધી 9 માસ અને સર્વેશ તા. 1-10-2016થી તા. 31-3-2017 સુધી 6 માસનું વ્યાજ ગણેલ છે. (3) સુધાંશુને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 5 % કમિશન આપવાનું છે, જેની ગણતરી નીચે પ્રમાણે થશે.

ધારો કે, કમિશન બાદ નફો ₹ 100 હોય, તો કમિશન ₹ 5 થાય. તેથી કમિશન બાદ કર્યા પહેલાંનો નફો ₹ 105 (100 + 5) થાય, જેમાં કમિશનના ₹ 5 સમાયેલા છે.

$\therefore$ સુધાંશુનું કમિશન = $\frac{31,290 \times 5}{105}$ (નફા-નુકસાન ફાળવણી ખાતાની જમા બાજુનો સરવાળો ₹ 38,670 **બાદ :** (મૂડી પર વ્યાજ ₹ 7200 + ચાલુ ખાતાનું વ્યાજ ₹ 180) = ₹ 31,290)

= ₹ 1490

(4) કમિશન બાદ નફો (વહેંચણીપાત્ર નફો) = ₹ 29,800 (₹ 31,290 – ₹ 1490) જે ભાગીદારો વચ્ચે 3:2ના પ્રમાણમાં વહેંચેલ છે.

સુધાંશુનો વહેંચણીપાત્ર નફો = ₹ 29,800 × $\frac{3}{5}$

= ₹ 17,880

સર્વેશનો વહેંચણીપાત્ર નફો = ₹ 29,800 × $\frac{2}{5}$

= ₹ 11,920

**ઉદાહરણ 14 :** સક્ષમ, સમર્થ અને શ્રેય એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેઓની મૂડી અનુક્રમે ₹ 1,00,000, ₹ 60,000 અને ₹ 40,000 હતી. ભાગીદારી કરારપત્ર અનુસાર (1) ભાગીદારોની શરૂઆતની મૂડી પર વાર્ષિક 8 % વ્યાજ આપવાનું છે. (2) ઉપાડ પર વાર્ષિક 10 % વ્યાજ વસૂલ લેવાનું છે. (3) સમર્થને માસિક ₹ 600 લેખે પગાર આપવાનો છે. (4) નફાનો અડધો ભાગ ભાગીદારોને સરખે હિસ્સે અને બાકીનો અડધો ભાગ તેઓની શરૂઆતની મૂડીના પ્રમાણમાં વહેંચવાનો છે.

સક્ષમ અને શ્રેયે તા. 1-1-2017ના રોજ અનુક્રમે ₹ 5000 અને ₹ 4000નો ઉપાડ કરેલ છે.

ભાગીદારોએ સર્વાનુમતે નિર્ણય કર્યો છે કે ભાગીદારોને વહેંચણીપાત્ર નફાની 10 % રકમ સામાન્ય અનામત ખાતે લઈ જવી. ઉપરના હવાલાઓ નોંધ્યા પહેલાંનો તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો ₹ 34,975 છે.

ઉપરની વિગતો પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**જવાબ :**

**સક્ષમ, સમર્થ અને શ્રેયની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું**
**નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર — જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતે : | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | | 34,975 |
| સક્ષમ : | 8000 | | ઉપાડ પર વ્યાજ ખાતે : | | |
| સમર્થ : | 4800 | | સક્ષમ : | 125 | |
| શ્રેય : | 3200 | 16,000 | શ્રેય : | 100 | 225 |
| પગાર ખાતે (સમર્થ) | | 7200 | | | |
| સામાન્ય અનામત ખાતે (વહેંચણીપાત્ર નફાના 10 %) | | 1200 | | | |
| ભાગીદારોનાં મૂડી ખાતે (વહેંચણીપાત્ર નફો) : | | | | | |
| સક્ષમ : | 4500 | | | | |
| સમર્થ : | 3420 | | | | |
| શ્રેય : | 2880 | 10,800 | | | |
| | | **35,200** | | | **35,200** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર — જમા

| તારીખ | વિગત | સક્ષમ(₹) | સમર્થ(₹) | શ્રેય(₹) | તારીખ | વિગત | સક્ષમ(₹) | સમર્થ(₹) | શ્રેય(₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1-1-17 | ઉપાડ ખાતે | 5000 | – | 4000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 1,00,000 | 60,000 | 40,000 |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ ખાતે | 125 | – | 100 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 8000 | 4800 | 3200 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 1,07,375 | 75,420 | 41,980 | 31-3-17 | પગાર ખાતે | – | 7200 | – |
| | | | | | 31-3-17 | ન.નુ.ફાળવણી ખાતે (વહેંચણી-પાત્ર નફો) | 4500 | 3420 | 2880 |
| | | **1,12,500** | **75,420** | **46,080** | | | **1,12,500** | **75,420** | **46,080** |

**સમજૂતી :**

(1) વહેંચણીપાત્ર નફો વહેંચતા પહેલાં સામાન્ય અનામત ખાતે રકમ લઈ જવાની છે. નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુનો સરવાળો ₹ 35,200 (₹ 34,975 + ₹ 225) અને ઉધાર બાજુનો સરવાળો ₹ 23,200 (₹ 16,000 + ₹ 7200) થાય છે.

$\therefore$ વહેંચણીપાત્ર નફો = ₹ 35,200 − ₹ 23,200 = ₹ 12,000

$\therefore$ સામાન્ય અનામત = વહેંચણીપાત્ર નફાના 10 % = $12{,}000 \times \frac{10}{100}$ = ₹ 1200

(2) સામાન્ય અનામત ખાતે ₹ 1200 લઈ ગયા બાદ ભાગીદારો માટે વધતો વહેંચણીપાત્ર નફો
= ₹ 12,000 − ₹ 1200 = ₹ 10,800

વહેંચણીપાત્ર નફો નીચે પ્રમાણે વહેંચાશે :

| વિગત | સક્ષમ (₹) | સમર્થ (₹) | શ્રેય (₹) | કુલ (₹) |
|---|---|---|---|---|
| ₹ 10,800નો $\frac{1}{2}$ ભાગ ₹ 5400 સરખા ભાગે (1:1:1) | 1800 | 1800 | 1800 | 5400 |
| બાકીના ₹ 5400 શરૂઆતની મૂડીના પ્રમાણમાં (5:3:2) | 2700 | 1620 | 1080 | 5400 |
| **કુલ વહેંચણીપાત્ર નફામાં દરેક ભાગીદારનો હિસ્સો** | **4500** | **3420** | **2880** | **10,800** |

**ઉદાહરણ 15 :** શ્રુતિ, કશ્વી અને મેરી એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેઓના સ્થિર મૂડી ખાતાંની કુલ બાકી ₹ 2,50,000 હતી. જે અનુક્રમે 2:2:1ના પ્રમાણમાં હતી. તેમના ચાલુ ખાતાંની બાકીઓ અનુક્રમે શ્રુતિ ₹ 24,000 (જમા), કશ્વી ₹ 18,000 (ઉધાર) અને મેરી ₹ 12,000 (જમા) હતી.

ભાગીદારી કરારપત્રમાં આ પ્રમાણે જોગવાઈઓ છે :

(1) નફાનો $\frac{3}{5}$ ભાગ 3:2:1ના પ્રમાણમાં અને બાકીનો ભાગ શરૂઆતની મૂડીના પ્રમાણમાં વહેંચવો.

(2) મૂડી પર વાર્ષિક 10 % વ્યાજ આપવાનું છે.

(3) ચાલુ ખાતાંની શરૂઆતની બાકી પર વાર્ષિક 8 % વ્યાજ ગણવાનું છે.

(4) કશ્વીને માસિક ₹ 500 પગાર આપવાનો છે.

(5) ભાગીદારો પાસેથી ઉપાડ પર વાર્ષિક 12 % વ્યાજ વસૂલ કરવાનું છે.

શ્રુતિએ તા. 1-2-2017ના રોજ ₹ 18,000, કશ્વીએ તા. 30-11-2016ના રોજ ₹ 12,000 અને મેરીએ તા. 1-10-2016ના રોજ ₹ 20,000 ઉપાડ્યા હતા.

મેરી તા. 1-1-2017ના રોજ વધારાની મૂડી પેટે ₹ 24,000 લાવી હતી. ચોખ્ખા નફાના 5 % (પરંતુ ₹ 6000થી વધુ નહિ) રકમ વિકાસ ભંડોળ ખાતે લઈ જવાના છે. ત્યાર બાદ મેરીને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 10 % લેખે કમિશન આપવાનું છે. ઉપાડ પર વ્યાજ જમા કર્યા પછી પરંતુ અન્ય હવાલાઓ નાખ્યા પહેલાં તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો ₹ 1,71,040 હતો. ઉપરની માહિતી પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું, સ્થિર પદ્ધતિએ ભાગીદારોનાં મૂડી ખાતાં અને ચાલુ ખાતાં તૈયાર કરો.

**જવાબ :**

**શ્રુતિ, કશ્વી અને મેરીની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતેઃ | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | | 1,69,000 |
| શ્રુતિ : | 10,000 | | ઉપાડ પર વ્યાજ ખાતે : | | |
| કશ્વી : | 10,000 | | શ્રુતિ : | 360 | |
| મેરી : | 5600 | 25,600 | કશ્વી : | 480 | |
| ચાલુ ખાતાંની જમા બાકીનાં વ્યાજ ખાતે : | | | મેરી : | 1200 | 2040 |
| શ્રુતિ : | 1920 | | ચાલુ ખાતાંની ઉધાર બાકીનાં વ્યાજ ખાતે : કશ્વી | | 1440 |
| 1440 | | | | | |
| મેરી | 960 | 2880 | | | |
| પગાર ખાતે (કશ્વી) | | 6000 | | | |
| વિકાસ ભંડોળ ખાતે | | 6000 | | | |
| કમિશન ખાતે (મેરી) | | 12,000 | | | |
| ભાગીદારોનાં ચાલુ ખાતે (વહેંચણીપાત્ર નફો) : | | | | | |
| શ્રુતિ : | 55,200 | | | | |
| કશ્વી : | 43,200 | | | | |
| મેરી : | 21,600 | 1,20,000 | | | |
| | | **1,72,480** | | | **1,72,480** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| તારીખ | વિગત | શ્રુતિ(₹) | કશ્વી(₹) | મેરી(₹) | તારીખ | વિગત | શ્રુતિ(₹) | કશ્વી(₹) | મેરી(₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 1,00,000 | 1,00,000 | 74,000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 1,00,000 | 1,00,000 | 50,000 |
| | | | | | 1-1-17 | રોકડ ખાતે | – | – | 24,000 |
| | | **1,00,000** | **1,00,000** | **74,000** | | | **1,00,000** | **1,00,000** | **74,000** |

## ભાગીદારોનાં ચાલુ ખાતાં

ઉધાર જમા

| તારીખ | વિગત | શ્રુતિ(₹) | કશ્વી(₹) | મેરી(₹) | તારીખ | વિગત | શ્રુતિ(₹) | કશ્વી(₹) | મેરી(₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1-4-16 | બાકી આગળ લાવ્યા | – | 18,000 | – | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 24,000 | – | 12,000 |
| 1-10-16 | ઉપાડ ખાતે | – | – | 20,000 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 10,000 | 10,000 | 5600 |
| 30-11-16 | ઉપાડ ખાતે | – | 12,000 | – | 31-3-17 | ચાલુ ખાતાંની બાકીનાં વ્યાજ ખાતે | 1920 | – | 960 |
| 1-2-17 | ઉપાડ ખાતે | 18,000 | – | – | | | | | |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ ખાતે | 360 | 480 | 1200 | 31-3-17 | પગાર ખાતે | – | 6000 | – |
| 31-3-17 | ચાલુ ખાતાંની બાકી પર વ્યાજ ખાતે | – | 1440 | – | 31-3-17 | કમિશન ખાતે | – | – | 12,000 |
| | | | | | 31-3-17 | નફા-નુકસાન ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર નફો) | 55,200 | 43,200 | 21,600 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 72,760 | 27,280 | 30,960 | | | | | |
| | | **91,120** | **59,200** | **52,160** | | | **91,120** | **59,200** | **52,160** |

**સમજૂતી :**

(1) તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો (ઉપાડ પર વ્યાજ જમા કર્યા પછીનો) ₹ 1,71,040 આપેલ છે.

ત્રણેય ભાગીદારોના ઉપાડનું કુલ વ્યાજ ₹ 2040 (₹ 360 + ₹ 480 + ₹ 1200) બાદ કરતાં ₹ 1,69,000 (₹ 1,71,040 – ₹ 2040) ચોખ્ખો નફો કહેવાય, જે નફા-નુકસાન ફાળવણી ખાતાંમાં જમા બાજુ દર્શાવેલ છે.

(2) મેરીની મૂડીનું વ્યાજ : $I = \frac{PRN}{100}$

શરૂની મૂડી ₹ 50,000 પર સમગ્ર વર્ષનું વ્યાજ = ₹ $\frac{50,000 \times 10 \times 1}{100}$ = ₹ 5000

વધારાની મૂડી ₹ 24,000 પર તા. 1-1-17થી 31-3-17 સુધી 3 માસનું વ્યાજ

$= 24,000 \times \frac{10}{100} \times \frac{3}{12}$ = ₹ 600

મૂડીનું કુલ વ્યાજ = ₹ 5000 + ₹ 600 = ₹ 5600

(3) વિકાસ ભંડોળ : મેરીને કમિશન અને વિકાસ ભંડોળ પહેલાંનો નફો ₹ 1,38,000 છે. નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુનો સરવાળો ₹ 1,72,480 – ઉધાર બાજુનો સરવાળો ₹ 34,480 (₹ 25,600 + ₹ 2880 + ₹ 6000)

∴ વિકાસ ભંડોળ = 1,38,000 × $\frac{5}{100}$

= ₹ 6900

પરંતુ આ રકમ ₹ 6000થી વધુ નહિ હોવી જોઈએ.

∴ વિકાસ ભંડોળ ખાતે ₹ 6000 લઈ ગયા.

(4) મેરીને કમિશન : વિકાસ ભંડોળ ખાતે ₹ 6000 લઈ ગયા બાદ નફો ₹ 1,32,000 વધે છે. (1,38,000 – 6000)

ધારો કે કમિશન પછીનો નફો ₹ 100 છે + કમિશન ₹ 10

∴ કમિશન પહેલાંનો નફો ₹ 110

∴ કમિશન = ₹ 1,32,000 × $\frac{10}{110}$

= ₹ 12,000

(5) વહેંચણીપાત્ર નફો = ₹ 1,32,000 – ₹ 12,000

= ₹ 1,20,000

વહેંચણીપાત્ર નફાની ગણતરી :

| વિગત | શ્રુતિ (₹) | કશ્વી (₹) | મેરી (₹) | કુલ (₹) |
|---|---|---|---|---|
| ₹ 1,20,000નો $\frac{3}{5}$ ભાગ ₹ 72,000 (3:2:1ના પ્રમાણમાં) | 36,000 | 24,000 | 12,000 | 72,000 |
| બાકીના ₹ 48,000 શરૂઆતની મૂડીના પ્રમાણમાં (2:2:1) | 19,200 | 19,200 | 9600 | 48,000 |
| **કુલ વહેંચણીપાત્ર નફામાં દરેક ભાગીદારનો હિસ્સો** | **55,200** | **43,200** | **21,600** | **1,20,000** |

**ઉદાહરણ 16 :** રંજના, સુષ્મા અને જૉસેફ તા. 1-4-2016ના રોજ અનુક્રમે ₹ 1,28,000, ₹ 96,000 અને 80,000 મૂડી લાવી ધંધો શરૂ કરે છે. સુષ્માએ તા. 1-10-2016ના રોજ ₹ 8000નો ઉપાડ કર્યો છે, જ્યારે રંજનાએ દરેક માસની આખરે ₹ 1200નો ઉપાડ કર્યો છે.

ભાગીદારી કરારપત્ર અનુસાર :

(1) મૂડી પર વાર્ષિક 5 % લેખે તથા ઉપાડ પર વાર્ષિક 10 % લેખે વ્યાજ ગણવાનું છે.

(2) ભાગીદારો વચ્ચે નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 5:3:2 છે.

ઉપરોક્ત હવાલાઓ નાખ્યા પછી પેઢીનો જે નફો વધે તેના પર રંજનાને 2 % લેખે બૉનસ આપવાનું છે. તા. 31-3-2017ના રોજ ભાગીદારોએ નક્કી કર્યું કે ઉપરના હવાલાઓ મૂડી ખાતે નાખ્યા બાદ પેઢીની કુલ મૂડી ₹ 3,00,000 ગણી ભાગીદારોનાં મૂડી ખાતાંની જમા બાકી 2:2:1ના પ્રમાણમાં રાખવાની છે. તે માટે જરૂરી રકમ ભાગીદારોએ રોકડમાં લાવવી કે રોકડમાં લઈ જવી.

તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષની પેઢીની ચોખ્ખી ખોટ ₹ 45,860 હતી. ઉપરોક્ત વિગતો પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું તથા ભાગીદારોનાં મૂડી ખાતાં અને ઉપાડ ખાતાં તૈયાર કરો.

**જવાબ : રંજના, સુષ્મા અને જૉસેફની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતે (ચોખ્ખી ખોટ) | | 45,860 | ઉપાડ પર વ્યાજ ખાતે : | | |
| મૂડી પર વ્યાજ ખાતે : | | | રંજના | 660 | |
| રંજના : | 6400 | | સુષ્મા | 400 | 1060 |
| સુષ્મા : | 4800 | | ભાગીદારોનાં મૂડી ખાતે (વહેંચણીપાત્ર ખોટ) : | | |
| જૉસેફ : | 4000 | 15,200 | રંજના : | 30,000 | |
| | | | સુષ્મા : | 18,000 | |
| | | | જૉસેફ : | 12,000 | 60,000 |
| | | **61,060** | | | **61,060** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| તારીખ | વિગત | રંજના(₹) | સુષ્મા(₹) | જૉસેફ(₹) | તારીખ | વિગત | રંજના(₹) | સુષ્મા(₹) | જૉસેફ(₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | ઉપાડ ખાતે | 15,060 | 8400 | – | 1-4-16 | રોકડ ખાતે | 1,28,000 | 96,000 | 80,000 |
| 31-3-17 | ન.નુ.ફાળવણી ખાતે (વહેંચણી પાત્ર ખોટ) | 30,000 | 18,000 | 12,000 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 6400 | 4800 | 4000 |
| | | | | | 31-3-17 | રોકડ ખાતે | 30,660 | 45,600 | – |
| 31-3-17 | રોકડ ખાતે | – | – | 12,000 | | | | | |
| 31-3-17 | બા.આ.લઈ ગયા | 1,20,000 | 1,20,000 | 60,000 | | | | | |
| | | **1,65,060** | **1,46,400** | **84,000** | | | **1,65,060** | **1,46,400** | **84,000** |

**ભાગીદારોનાં ઉપાડ ખાતાં**

ઉધાર જમા

| તારીખ | વિગત | રંજના(₹) | સુષ્મા(₹) | તારીખ | વિગત | રંજના(₹) | સુષ્મા(₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-16 | રોકડ ખાતે | 1200 | – | 31-3-17 | મૂડી ખાતે | 15,060 | 8400 |
| 31-5-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 30-6-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 31-7-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 31-8-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 30-9-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 1-10-16 | રોકડ ખાતે | – | 8000 | | | | |
| 31-10-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 30-11-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 31-12-16 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 31-1-17 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 28-2-17 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 31-3-17 | રોકડ ખાતે | 1200 | – | | | | |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ ખાતે | 660 | 400 | | | | |
| | | **15,060** | **8400** | | | **15,060** | **8400** |

**સમજૂતી :**

(1) રંજનાના ઉપાડ પર વ્યાજ $= 1200 \times \frac{10}{100} \times \frac{66}{12}$

$= ₹ 660$

(2) વર્ષના અંતે વહેંચણીપાત્ર ખોટ હોવાથી રંજનાને બૉનસ નહીં મળે.

(3) વર્ષના અંતે પેઢીની કુલ મૂડી ₹ 3,00,000 ભાગીદારો વચ્ચે 2:2:1ના પ્રમાણમાં અનુક્રમે ₹ 1,20,000, ₹ 1,20,000 અને ₹ 60,000 રાખવાની છે. આ માટે મૂડી ખાતે હવાલાઓની અસર આપ્યા બાદ રંજના અને સુષ્મા ખૂટતી રકમ અનુક્રમે ₹ 30,660 અને 45,600 રોકડા લાવશે. (મૂડી ખાતાંમાં જમા બાજુ નોંધ થશે.) જ્યારે જૉસેફ વધતી રકમ ₹ 12,000 રોકડા લઈ જશે. (મૂડી ખાતાંમાં ઉધાર બાજુ નોંધ થશે.)

**મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢી :**

1932નાં ભાગીદારી ધારા પ્રમાણે ભાગીદારી પેઢીનાં ભાગીદારોની ધંધાનાં દેવા પ્રત્યે અમર્યાદિત જવાબદારી છે. ભારતમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વધુ ગતિશીલ બનાવવા માટે તેમજ ભાગીદારી પેઢીમાં ભાગીદારોની અમર્યાદિત જવાબદારીની મર્યાદા દૂર કરવા ભારતમાં The Limited Liability Partnership Act, 2008 એક નવી યોજના તરીકે દાખલ કરવામાં આવેલ છે. ધંધાના બિનકોર્પોરેટ સ્વરૂપની મર્યાદાઓ દૂર કરવા આ ધંધાનું સ્વરૂપ અસ્તિત્વમાં મૂકવામાં આવ્યું છે. અહીં ભાગીદારોની ધંધા પ્રત્યેની જવાબદારીઓ મર્યાદિત કરવામાં આવેલ છે. ધંધાનું આ સ્વરૂપ ભાગીદારી પેઢી અને કંપનીના લક્ષણો ધરાવે છે. અહીં ભાગીદારની ધંધા પ્રત્યેની જવાબદારી, કંપનીના સ્વરૂપમાં જે રીતે શૅરહોલ્ડરોની હોય છે તેમજ હોય છે. ધંધાનાં આ સ્વરૂપમાં ઓછામાં ઓછા ભાગીદારો હોવા જોઈએ. ધંધાનો દરેક ભાગીદાર LLP (Limited Liability Partnership)નાં એજન્ટ તરીકે કાર્ય કરશે. પણ તેનું કાર્ય અન્ય ભાગીદારના એજન્ટ તરીકેનું ગણાશે નહિ. આ LLPએ પોતાની નોંધણી કરાવવી ફરજિયાત છે.

આ માહિતી વિદ્યાર્થીઓની જાણકારી માટે આપેલ છે. પરીક્ષામાં અપેક્ષિત નથી.

---

**સ્વાધ્યાય**

---

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ભાગીદારોની મૂડી પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?

(અ) ખર્ચ (બ) દેવું

(ક) આવક (ડ) નુકસાન

(2) કઈ પદ્ધતિમાં મૂડીની રકમ બદલાતી હોવાથી મૂડીનું વ્યાજ દર વર્ષે બદલાતું રહે છે ?

(અ) અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ (બ) સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ

(ક) ચાલુ ખાતાંની પદ્ધતિ (ડ) આપેલ પૈકી એક પણ નહિ

(3) હંગામી મૂડી પ્રથામાં ભાગીદારના ભાગનો નફો કયા ખાતે કઈ બાજુ લખાય ?

(અ) મૂડી ખાતે ઉધાર (બ) મૂડી ખાતે જમા

(ક) ચાલુ ખાતે ઉધાર (ડ) ચાલુ ખાતે જમા

(4) જો સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ હોય, તો ઉપાડ ખાતું બંધ કરી વર્ષના અંતે કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(અ) મૂડી ખાતે (બ) ચાલુ ખાતે

(ક) નફા-નુકસાન ખાતે (ડ) નફા-નુકસાન ફાળવણી ખાતે

(5) ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ પેઢી માટે શું ગણાય ?

(અ) ખર્ચ (બ) દેવું

(ક) આવક (ડ) નુકસાન

(6) ભાગીદારોના ઉપાડ પરનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે ?

(અ) ખર્ચ (બ) દેવું

(ક) આવક (ડ) નુકસાન

(7) નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાકી એટલે .......... .

(અ) કાચો નફો (બ) કાચી ખોટ

(ક) વહેંચણીપાત્ર નફો (ડ) વહેંચણીપાત્ર ખોટ

(8) જો ભાગીદારી કરારનામામાં મૂડી પર વ્યાજની જોગવાઈ કરવામાં ન આવી હોય, તો કેટલા ટકા વ્યાજ આપવું ?

(અ) 6 % (બ) 9 %

(ક) 12 % (ડ) કાંઈ નહિ

(9) જો ભાગીદારી કરારપત્રમાં સ્પષ્ટતા ન હોય, તો પેઢીને ભાગીદારે ધીરેલી લોન પર કેટલા ટકા વ્યાજ ગણાય ?

(અ) 6 % (બ) 9 %

(ક) 12 % (ડ) વ્યાજ ગણાશે નહિ

(10) A, B અને Cની મૂડીનું પ્રમાણ 3:2:1 હોય અને વર્ષનો વહેંચણીપાત્ર નફો ₹ 66,000 હોય, તો Cને કેટલો નફો મળે ?

(અ) ₹ 11,000 (બ) ₹ 22,000

(ક) ₹ 33,000 (ડ) ₹ 66,000

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ભાગીદાર એટલે શું ?

(2) ભાગીદારી પેઢીમાં ઓછામાં ઓછા કેટલા અને વધુમાં વધુ કેટલા ભાગીદાર હોય છે ?

(3) ભાગીદારી કરારનામું એ પેઢીનું શું ગણાય ?

(4) ભાગીદારી કરારનામું તૈયાર કરવાનો હેતુ જણાવો.

(5) ભાગીદારો વચ્ચે લેખિત કરાર ન હોય, તો વહીવટી પ્રશ્નોનો નિકાલ કઈ રીતે થાય છે ?

(6) ભાગીદારી પેઢીમાં ભાગીદારોનાં મૂડી ખાતાં રાખવાની પદ્ધતિઓ જણાવો.

(7) સ્થિર મૂડી પ્રથામાં ભાગીદારનો નફો કયા ખાતે જમા કરવામાં આવે છે ?

(8) સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ અમલમાં હોય, ત્યારે ભાગીદાર વધારાની મૂડી કાયમી ધોરણે લાવે તો તે કયા ખાતે જમા થાય છે ?

(9) જો ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકી હોય, તો પાકા સરવૈયામાં કઈ બાજુએ દર્શાવવામાં આવે છે ?

(10) વર્ષના અંતે ભાગીદારનું ઉપાડ ખાતું બંધ કરી મૂડી ખાતે લઈ જવાની આમનોંધ લખો.

(11) નફા-નુકસાન ફાળવણી ખાતું એ કયા ખાતાંનો જ એક ભાગ છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) એક ભાગીદાર પેઢીમાંથી દર મહિનાને અંતે એકસરખી રકમનો ઉપાડ કરે છે. વર્ષના અંતે કુલ વાર્ષિક ઉપાડ ₹ 12,000 કરેલ છે. જો ઉપાડ પર વાર્ષિક 12 % લેખે વ્યાજ વસૂલ કરવાનું હોય, તો વર્ષના અંતમાં ઉપાડ પર વ્યાજ ગણો.

(2) અમૃતા અને દિવ્યા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 3:2 છે. અમૃતાને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 8 % કમિશન આપવાનું છે. જો વર્ષના અંતે પેઢીનો નફો ₹ 96,876 હોય, તો અમૃતાને કુલ કેટલી રકમ મળશે ?

(3) વિસ્મય, અભિજીત અને કુનાલ 3:2:4ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતાં ભાગીદારો છે. મૅનેજરને તેનું કમિશન આપ્યા બાદ વધતા નફાના 10 % કમિશન આપવાનું છે. અભિજીતના ભાગે ₹ 30,000 નફો આવે છે. મૅનેજરના કમિશનની ગણતરી કરો.

(4) રાજકુમાર, કૌશિક અને શર્માનું નફા-નુકસાનનું પ્રમાણ 15:10:9 છે. જો વર્ષના અંતે પેઢીનો કુલ નફો ₹ 68,000 થયો હોય તો દરેક ભાગીદારને મળતો નફો શોધો.

(5) મહેતાને પંડ્યા કરતાં ચાર ગણો અને બાજપાઈને મહેતાના હિસ્સાનો અડધો ભાગ મળે છે. વર્ષના અંતે પેઢીનો નફો ₹ 87,500 થયો હોય, તો દરેક ભાગીદારને મળતી નફાની રકમ શોધો.

(6) શીલા, સુરભિ અને સંકેતની ભાગીદારી પેઢીનો ₹ 1,35,000 નફો 3:2:3ના પ્રમાણમાં વહેંચવાને બદલે ભૂલથી 2:1:3ના પ્રમાણમાં વહેંચ્યો છે. આ ભૂલ સુધારવા મૂડી ખાતે કઈ અસર આપવી પડે?

(7) રામ, રહીમ અને ઈસુ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તા. 1-4-16ના રોજની તેમની મૂડી અનુક્રમે ₹ 60,000, ₹ 40,000 અને ₹ 50,000 હતી. વર્ષના અંતે નફાની વહેંચણી કર્યા પછી માલૂમ પડ્યું કે મૂડી પર 6 % લેખે વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલસુધારણા નોંધ લખો.

(8) લતા, ગીતા અને પ્રવીણા એક ભાગીદારી પેઢીના ભાગીદાર છે. નફાની વહેંચણી કર્યા પછી માલૂમ પડ્યું કે ઉપાડ પર વ્યાજ અનુક્રમે ₹ 2700, ₹ 1200 અને ₹ 1500 ગણવાનું રહી ગયું છે. ભૂલસુધારણા નોંધ લખો.

(9) મુકેશ, ધવલ અને વિનોદ એક પેઢીના ભાગીદારો છે. તેઓની મૂડીનું પ્રમાણ 4:2:3 છે. મુકેશને નફામાંથી ઓછામાં ઓછા ₹ 35,000 મળશે જ એવી ખાતરી ધવલ અને વિનોદે આપી છે. પેઢીનો વર્ષનો નફો ₹ 90,000 થયો હોય, તો ભાગીદારો વચ્ચે નફાની વહેંચણી કેવી રીતે થશે ?

(10) રઘુવીરની આખરની મૂડી ₹ 80,000 છે. જેમાં ચાલુ વર્ષના ઉપાડના ₹ 12,500 તથા નફાના ₹ 17,800ની અસર આપેલ છે. શરૂની મૂડી પર વાર્ષિક 6 %ના દરે કેટલું વ્યાજ થાય ?

(11) A, B અને C સરખા હિસ્સાના ભાગીદારો છે. તેમની કુલ મૂડી ₹ 4,50,000 છે. તેમની મૂડીનું પ્રમાણ 1:3:2 છે. પેઢી મૂડી પર વાર્ષિક 9 %ના દરે વ્યાજ ચૂકવે છે. ભાગીદાર ‘C’ને મૂડીના વ્યાજ સહિત ₹ 73,500 મળ્યા છે, તો ભાગીદાર ‘A’ અને ‘B’ને મૂડીના વ્યાજ સહિત કેટલા રૂપિયા મળે ?

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ભાગીદારીનો અર્થ સમજાવો.

(2) ભાગીદારીનાં લક્ષણો જણાવો.

(3) ભાગીદારી કરારનામાની ગેરહાજરીમાં હિસાબોને અસર કરતી ભારતીય ભાગીદારી કાયદા 1932ની જોગવાઈઓ જણાવો.

(4) નફા-નુકસાન ફાળવણી ખાતું એટલે શું ? તેમાં દર્શાવાતી વિગતો દર્શાવો.

**5. ટૂંકનોંધ લખો :**

(1) ભાગીદારીનું કરારનામું

(2) ભાગીદારોનાં અસ્થિર મૂડી ખાતાં

(3) ભાગીદારોનાં સ્થિર મૂડી ખાતાં

(4) ભાગીદારોનાં ચાલુ ખાતાં

(5) ભાગીદારોનાં ઉપાડ ખાતાં

**6. તફાવત લખો :**

(1) સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ અને અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ

(2) નફા-નુકસાન ખાતું અને નફા-નુકસાન ફાળવણી ખાતું

7. X અને Y એક પેઢીના ભાગીદારો છે. તેઓએ ભાગીદારી કરારનામું તૈયાર કર્યું નથી. ભાગીદારો વચ્ચે નીચેના પ્રશ્નો અંગે મતભેદ છે. તમે ભાગીદારોને કાયદેસરની સલાહ આપો.

(1) X ભાગીદારોએ કરેલ ઉપાડ પર 6 % વ્યાજ લેવાની માંગણી કરે છે.

(2) Y પેઢીમાં સક્રિય ભાગીદાર તરીકે કામ કરે છે તે બદલ મહેનતાણું અને કમિશન માંગે છે.

(3) X ભાગીદારોને મૂડી પર વ્યાજ આપવા માંગણી કરે છે.

(4) X દ્વારા પેઢીને ₹ 20,000 લોન તરીકે ધીરવામાં આવેલા છે. તે લોન પર વ્યાજની માંગણી કરે છે.

(5) Yને પેઢીએ ₹ 25,000ની લોન આપેલ છે. X લોન પર વ્યાજ વસૂલ કરવાનું કહે છે.

(6) X પેઢીના નફાની વહેંચણી ભાગીદારોની મૂડીના પ્રમાણમાં વહેંચવાનું કહે છે.

8. હરપાલ અને ચિરાગ એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેઓની મૂડી અનુક્રમે ₹ 60,000 અને ₹ 1,00,000 છે. વર્ષ દરમિયાન હરપાલે તા. 1-4-2016ના રોજ ₹ 15,000નો તથા ચિરાગે તા. 1-1-2017ના રોજ ₹ 20,000નો ઉપાડ કર્યો છે. ભાગીદારી કરારપત્રની જોગવાઈઓ નીચે પ્રમાણે છે :

(1) મૂડી પર વાર્ષિક 12 % વ્યાજ ગણવું.

(2) ઉપાડ પર વાર્ષિક 9 % વ્યાજ વસૂલ કરવાનું છે.

(3) હરપાલને પેઢીમાં સક્રિય કામગીરી કરવા બદલ માસિક ₹ 1000 પગાર આપવાનો છે તથા ચિરાગને વહેંચણીપાત્ર નફાના 5 % કમિશન આપવાનું છે.

હરપાલે તા. 1-12-2016ના રોજ પેઢીને ₹ 30,000ની લોન આપી છે. ભાગીદારી કરારપત્રમાં લોનના વ્યાજ અંગે કોઈ ઉલ્લેખ નથી, તે લોન પર વાર્ષિક 11 % લેખે વ્યાજની માંગણી કરે છે.

તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનો ઉપરની જોગવાઈઓ પહેલાંનો અને હરપાલની લોન પર વ્યાજ ગણ્યા પછીનો પેઢીનો નફો ₹ 79,400 છે.

ઉપરની વિગતો પરથી પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

9. ભદ્રેશ અને હિરલ એક પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 3:2 છે. તા. 1-4-2016ના રોજ ભાગીદારોની કુલ મૂડી ₹ 4,20,000 છે. તેઓની સ્થિર મૂડીનું પ્રમાણ 4:3 છે. આ જ દિવસે તેમનાં ચાલુ ખાતાંની બાકીઓ આ પ્રમાણે છે : ભદ્રેશ ₹ 36,000 (જમા), હિરલ ₹ 24,000 (ઉધાર).

ભાગીદારી કરાર અનુસાર ભાગીદારોની મૂડી પર વાર્ષિક 12 % વ્યાજ આપવાનું છે તથા ચાલુ ખાતાંની શરૂઆતની બાકી પર વાર્ષિક 10 % વ્યાજ ગણવાનું છે. ભાગીદારોએ પેઢીમાંથી કરેલા ઉપાડ પર વાર્ષિક 12 % લેખે વ્યાજ વસૂલ કરવાનું છે. ભદ્રેશને પેઢીમાં સક્રિય કામ કરવા બદલ માસિક ₹ 2400 પગાર આપવાનો છે.

ભદ્રેશે તા. 1-10-2016ના રોજ ₹ 36,000 અને હિરલે તા. 1-1-2017ના રોજ ₹ 48,000નો ઉપાડ કર્યો છે. હિરલને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 10 % કમિશન આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરના હવાલાઓ ધ્યાનમાં લીધા સિવાય તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો ₹ 4,06,800 છે.

ઉપરની વિગતો પરથી પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું તથા સ્થિર પદ્ધતિએ ભાગીદારોનાં મૂડી ખાતાં અને ચાલુ ખાતાં તૈયાર કરો.

10. શારદા, જમના અને ગણેશ એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેઓની મૂડી અનુક્રમે ₹ 72,000, ₹ 48,000 અને ₹ 24,000 હતી. ભાગીદારી કરારપત્ર અનુસાર :

(1) ભાગીદારોની શરૂઆતની મૂડી પર વાર્ષિક 5 % વ્યાજ આપવાનું છે.

(2) ઉપાડ પર વાર્ષિક 8 % વ્યાજ વસૂલ લેવાનું છે.

(3) શારદાને માસિક ₹ 700 પગાર આપવાનો છે.

(4) નફાનો અડધો ભાગ ભાગીદારો વચ્ચે સરખે હિસ્સે અને બાકીનો અડધો ભાગ તેઓની શરૂઆતની મૂડીના પ્રમાણમાં વહેંચવાનો છે.

તા. 31-12-2016ના રોજ ગણેશે ₹ 6000 પેઢીમાંથી અંગત વપરાશ માટે ઉપાડ્યા હતા.

ઉપાડ પર વ્યાજ ગણ્યા પછી પરંતુ ઉપરોક્ત અન્ય હવાલાઓ નાખ્યા પહેલાંનો તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષનો પેઢીનો નફો ₹ 81,600 છે. ભાગીદારોમાં નફાની વહેંચણી થાય એ પહેલાં અને ઉપરના હવાલાઓ નાખ્યા પછી જે નફો રહે તેના 20 % (પરંતુ ₹ 18,000થી ઓછા નહિ, એટલી રકમ) પેઢીના સામાન્ય અનામત ખાતે લઈ જવાના છે.

ઉપરની વિગતો પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું તેમજ ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**11.** ઈશા, સરસ્વતી અને લક્ષ્મી શરૂઆતની મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેમનાં સ્થિર મૂડી ખાતાંની બાકી અનુક્રમે ₹ 40,000, ₹ 40,000 અને ₹ 20,000 હતી. તે તારીખે તેમનાં ચાલુ ખાતાંની બાકીઓ નીચે પ્રમાણે હતી :

ઈશા ₹ 5000 (જમા), સરસ્વતી ₹ 4000 (જમા), લક્ષ્મી ₹ 3000 (ઉધાર)

ભાગીદારોના વર્ષ દરમિયાનનો કુલ ઉપાડ ₹ 20,000 છે. જે અનુક્રમે 2:1:2ના પ્રમાણમાં છે. ઈશાએ તા. 30-6-2016ના રોજ ₹ 3000 અને તા. 1-10-2016ના રોજ ₹ 2000 પેઢીને લોન પેટે આપ્યા હતા. લક્ષ્મી તા. 30-11-2016ના રોજ વધારાની મૂડી પેટે ₹ 12,000 લાવી હતી.

ભાગીદારી કરારપત્ર અનુસાર :

(1) મૂડી પર 10 % વ્યાજ ગણવું.

(2) ઉપાડ પર અનુક્રમે ₹ 800, ₹ 500 અને ₹ 700 વ્યાજ વસૂલ કરવું.

(3) ચાલુ ખાતાંની શરૂઆતની બાકી પર 8 % વ્યાજ ગણવું.

(4) પેઢીમાં સક્રિય કાર્ય કરવા બદલ ઈશાને તા. 1-11-2016થી દર મહિને ₹ 800 લેખે પગાર આપવો.

(5) વહેંચણીપાત્ર નફાના ₹ 3500 મકાન ભંડોળ ખાતે લઈ જવા.

તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનો ઉપરોક્ત હવાલાઓ નાખ્યાં પહેલાંનો અને ઈશાની લોન પર વ્યાજ ગણ્યા પછીનો નફો ₹ 20,880 છે.

ઉપરની માહિતી પરથી પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં તથા ચાલુ ખાતાં તૈયાર કરો.

**12.** પ્રેરણા, પારસ અને જયશ્રી એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ તેમની મૂડી અનુક્રમે ₹ 1,50,000, ₹ 90,000 અને ₹ 60,000 હતી. તેમનો ઉપાડ નીચે મુજબ હતો :

પ્રેરણા તા. 1-7-2016 ₹ 15,000 અને પારસ તા. 31-10-2016 ₹ 24,000

તેઓ અડધો નફો મૂડીના પ્રમાણમાં અને બાકીનો નફો 2:2:1ના પ્રમાણમાં વહેંચે છે. જયશ્રીએ તા. 1-10-2016ના રોજ પેઢીને ₹ 30,000ની લોન આપી હતી. ભાગીદારી કરાર અનુસાર મૂડી પર 5 % અને ઉપાડ પર 12 % વ્યાજ ગણવાનું છે. પારસને પેઢીમાં સક્રિય કાર્ય કરવા બદલ વાર્ષિક ₹ 18,000 વેતન આપવાનું છે. પ્રેરણાને ઉપરની જોગવાઈ કર્યા પછી તથા તેનું કમિશન બાદ કર્યા પછી વધતા નફાના 10 % કમિશન આપવાનું છે. તા. 31-3-2017ના રોજ ઉપરના હવાલાઓ નાખ્યા સિવાયનો અને જયશ્રીની લોન પર વ્યાજ ગણ્યા પછીનો પેઢીનો નફો ₹ 1,29,450 હતો. ઉપરોક્ત હવાલાઓની અસર આપ્યા પછી અને નફો-નુકસાન મૂડી ખાતે લઈ ગયા પછી પેઢીની કુલ મૂડી વર્ષની શરૂઆતની કુલ મૂડી જેટલી જ રાખવાનું ઠરાવવામાં આવ્યું છે, જે 2:2:1ના પ્રમાણમાં હોવી જોઈએ. આ માટે જરૂરી રકમ ભાગીદાર રોકડમાં લાવે અથવા રોકડમાં લઈ જાય.

તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું તથા ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

●

# 2

# ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો (નાણાકીય પત્રકો)
# (Final Accounts (Financial Statements) of Partnership Firm)

| | | | |
|---|---|---|---|
| 1. | પ્રસ્તાવના | 4. | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબોનાં હવાલા |
| 2. | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબોના હેતુઓ | 5. | ઉદાહરણો |
| 3. | ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો | – | સ્વાધ્યાય |

**1. પ્રસ્તાવના (Introduction)**

વૈયક્તિક/એકાકી માલિકીની પેઢીની જેમ જ ભાગીદારી પેઢી પણ હિસાબી વર્ષના અંતે કાચા સરવૈયા પરથી હવાલાઓ ધ્યાનમાં લઈ ધંધામાં થયેલ નફો કે નુકસાન તથા નાણાકીય પરિસ્થિતિ જાણવા માટે વાર્ષિક હિસાબો તૈયાર કરે છે.

ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબોમાં વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું, નફા-નુકસાન ફાળવણી ખાતું, ભાગીદારોનાં મૂડી / ચાલુ ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે.

**2. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરવાનાના હેતુઓ (Objectives of Final Accounts of Partnership Firm)**

**(1) કાચો નફો કે ખોટ જાણવા :** ભાગીદારી પેઢી વેપાર ખાતું તૈયાર કરી કાચો નફો કે ખોટ જાણી શકે છે.

**(2) ચોખ્ખો નફો કે ખોટ જાણવા :** ભાગીદારી પેઢી નફા-નુકસાન ખાતું તૈયાર કરી ચોખ્ખો નફો કે ખોટ જાણી શકે છે. નફા-નુકસાન ખાતાં દ્વારા ભાગીદારી પેઢીની નફાકારકતાનો ખ્યાલ આવી શકે છે.

**(3) વહેંચણીપાત્ર નફો કે ખોટ જાણવા :** ભાગીદારોના પેઢી સાથેના અંગત હિસાબી વ્યવહારો અને જોગવાઈઓ નફા-નુકસાન ફાળવણી ખાતાં દ્વારા જાણી શકાય છે.

**(4) પેઢીની આર્થિક પરિસ્થિતિ જાણવા :** ભાગીદારી પેઢીની આર્થિક પરિસ્થિતિ જાણવા માટે પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. તેના દ્વારા ભાગીદારી પેઢીની મિલકતો, લેણાં, દેવાં અને મૂડીની પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

**(5) કરવેરાના હેતુ માટે :** ભાગીદારી પેઢીની કરપાત્ર આવક માટે વાર્ષિક હિસાબો તૈયાર કરવા જરૂરી છે.

**3. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો (Final Accounts of Partnership Firm) :**

હિસાબી વર્ષના અંતે કાચા સરવૈયામાં નોંધાયેલી બાકીઓ તથા હવાલાઓને ધ્યાનમાં લઈ નીચે પ્રમાણે વાર્ષિક હિસાબી પત્રકો તૈયાર કરવામાં આવે છે.

**(1) વેપાર ખાતું (Trading Account) :** માલની આવક-જાવકના વ્યવહારો તથા માલની ખરીદીને લગતા તથા ઉત્પાદનને લગતા ખર્ચાઓની નોંધ અહીં નોંધાય છે. તેના આધારે કાચો નફો કે ખોટ શોધવા જે ખાતું તૈયાર કરવામાં આવે છે તેને વેપાર ખાતું કહે છે.

વેપાર ખાતાંમાં ઉધાર બાજુ શરૂઆતનો સ્ટૉક, ખરીદી બાદ ખરીદ પરત તેમજ અન્ય રીતે માલની જાવક, જેવી કે ઉપાડથી ગયેલ માલ, આગથી બળી ગયેલ માલ, નમૂના તરીકે વહેંચેલ માલ, ધર્માદામાં આપેલ માલ વગેરે નોંધવામાં આવે છે. ખરીદીના ખર્ચા જેવા કે મજૂરી, આવકમાલ ગાડાભાડું, રેલવેનૂર તથા ઉત્પાદનના ખર્ચા જેવા કે કારખાનાના ખર્ચા ઉપરાંત, ભાડું, કરવેરા, વીજળી, બળતણ, કોલસો, ગેસ, રોયલ્ટી, પ્લાન્ટ-યંત્રોનો ઘસારો વગેરે દર્શાવવામાં આવે છે.

વેપાર ખાતાંની જમા બાજુ વેચાણ બાદ વેચાણપરત, ભંગાર માલનું વેચાણ તથા માલનો આખરસ્ટૉક દર્શાવવામાં આવે છે.

વેપાર ખાતું બંધ કરતાં જો વેપાર ખાતાંની જમા બાજુનો સરવાળો વધુ હોય, તો તફાવતની રકમ ઉધાર બાજુ પર લખાય, જે કાચો નફો ગણાય છે. આ કાચો નફો નફા-નુકસાન ખાતાંની જમા બાજુએ લઈ જવામાં આવે છે. જો વેપાર ખાતાંની ઉધાર બાજુનો સરવાળો વધુ હોય તો તફાવતની રકમ જમા બાજુ પર લખાય, જે કાચી ખોટ ગણાય છે. કાચી ખોટ, નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુએ લઈ જવામાં આવે છે.

**વેપાર ખાતાંનો નમૂનો**

**.........નું તા. .............ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું**

ઉધાર                                                                 જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો માલસ્ટૉક | | ✓ | વેચાણ | ✓ | |
| ખરીદી | ✓ | | બાદ : વેચાણપરત | ✓ | ✓ |
| બાદ : ખરીદપરત | ✓ | | ભંગારમાલનું વેચાણ | | ✓ |
| બાદ : અન્ય રીતે ગયેલ માલ | ✓ | ✓ | આખરમાલ સ્ટૉક | | ✓ |
| માલની ખરીદીને લગતા ખર્ચા : | | | નફા-નુકસાન ખાતે (કાચી ખોટ) | | ✓ |
| મજૂરી | | ✓ | | | |
| આવકમાલ ગાડાભાડું | | ✓ | | | |
| રેલવેનૂર | | | | | |
| લારીભાડું | | ✓ | | | |
| ગોદી ચાર્જ | | ✓ | | | |
| ડેમરેજ | | ✓ | | | |
| વોરફેજ | | ✓ | | | |
| ઉત્પાદનને લગતા ખર્ચા : | | | | | |
| ઉત્પાદક મજૂરી | | ✓ | | | |
| રોયલ્ટી | | ✓ | | | |
| કારખાનાના ખર્ચા (ભાડું, કરવેરા, વીજળી, બળતણ, કોલસો, ગેસ) | | ✓ | | | |
| વપરાયેલ માલસામગ્રી (ઑઈલ, ગ્રીસ) | | ✓ | | | |
| કારખાનાના મકાનનો ઘસારો | | ✓ | | | |
| પ્લાન્ટ-યંત્રોનો ઘસારો | | ✓ | | | |
| નફા-નુકસાન ખાતે (કાચો નફો) | | ✓ | | | |
| | | ✓ | | | ✓ |

**(2) નફા-નુકસાન ખાતું (Profit and Loss Account) :** ભાગીદારી પેઢીનો ચોખ્ખો નફો કે નુકસાન શોધવા નફા-નુકસાન ખાતું તૈયાર કરવામાં આવે છે. નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુ વેપાર ખાતેથી લાવવામાં આવેલ કાચી ખોટ, પેઢીના વહીવટી ખર્ચા, વેચાણ-વિતરણના ખર્ચા, નાણાકીય ખર્ચા, મિલકતોનો ઘસારો, પરચૂરણ ખર્ચા અને અન્ય નુકસાન દર્શાવવામાં આવે છે. જ્યારે જમા બાજુ પર વેપાર ખાતેથી લાવવામાં આવેલ કાચો નફો, ધંધાની ઉપજો જેવી કે મળેલ વ્યાજ, મળેલ ભાડું, મળેલ કમિશન, ડિવિડન્ડ, દલાલી, ઘાલખાધ પરત, મિલકત વેચાણનો નફો, તેમજ અન્ય પ્રકારની ઉપજો દર્શાવવામાં આવે છે. નફા-નુકસાન ખાતું બંધ કરતા નફા-નુકસાન ખાતાંની જમા બાજુનો સરવાળો વધુ હોય તો તફાવતની રકમ ઉધાર બાજુ પર લખાય છે, જે ચોખ્ખો નફો ગણાય છે.

આ ચોખ્ખો નફો નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુએ લઈ જવામાં આવે છે. નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુનો સરવાળો વધુ હોય, તો તફાવતની રકમ જમા બાજુ પર લખાય છે, જે ચોખ્ખી ખોટ ગણાય છે. આ ચોખ્ખી ખોટ નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુએ લઈ જવામાં આવે છે.

## નફા-નુકસાન ખાતાનો નમૂનો

ઉધાર ……...નું તા. ………….ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| કાચી ખોટ (વેપાર ખાતેથી લાવ્યા) | | ✓ | કાચો નફો (વેપાર ખાતેથી લાવ્યા) | ✓ |
| **વહીવટી ખર્ચા :** | | | **આવકો (ઉપજો) :** | |
| વેપાર ખર્ચા | | ✓ | | |
| પગાર, ભથ્થાં, બૉનસ | | ✓ | મળેલ વટાવ | ✓ |
| ભાડું | | ✓ | મળેલ ભાડું | ✓ |
| વીમા-પ્રીમિયમ | | ✓ | મળેલ કમિશન | ✓ |
| કરવેરા | | ✓ | મળેલ દલાલી | ✓ |
| ટપાલખર્ચ | | ✓ | મળેલ આડત | ✓ |
| સ્ટેશનરી-છપામણી ખર્ચ | | ✓ | રોકાણોનું વ્યાજ | ✓ |
| કાનૂની ખર્ચ | | ✓ | ધીરેલી લોન પર વ્યાજ | ✓ |
| ઑડિટ ફી | | ✓ | ઘાલખાધ પરત | ✓ |
| વીજળી ખર્ચ | | ✓ | મિલકત વેચાણનો નફો | ✓ |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | | ✓ | પસ્તીના વેચાણની ઉપજ | ✓ |
| **વેચાણ-વિતરણ ખર્ચા :** | | | ભંગારની ઉપજ | ✓ |
| જાવકમાલ ગાડાભાડું | | ✓ | પરચૂરણ આવક | ✓ |
| સેલ્સમેનનો પગાર, કમિશન | | ✓ | નફા-નુકસાન ફાળવણી ખાતે (ચોખ્ખી ખોટ) | ✓ |
| જાહેરાત ખર્ચ | | ✓ | | |
| આપેલ વટાવ | | ✓ | | |
| વટાવ અનામત | | ✓ | | |
| શો-રૂમના ખર્ચા | | ✓ | | |
| વખાર ખર્ચ | | ✓ | | |
| પૅકિંગ ખર્ચ | | ✓ | | |
| **નાણાકીય ખર્ચા :** | | | | |
| ભાગીદારની લોનનું વ્યાજ | | ✓ | | |
| બૅન્કઓવરડ્રાફ્ટનું વ્યાજ | | ✓ | | |
| લીધેલી લોનનું વ્યાજ | | ✓ | | |
| બૅન્ક ચાર્જિસ, કમિશન | | ✓ | | |
| મેનેજરને કમિશન | | ✓ | | |
| **અન્ય ખર્ચા - નુકસાન :** | | | | |
| ધર્માદા ખર્ચ | | ✓ | | |
| ઑફિસની મિલકતો પરનો ઘસારો | | ✓ | | |
| ઘાલખાધ (કા.સ.) | ✓ | | | |
| + ઘાલખાધ (હવાલા) | ✓ | | | |
| + ઘાલખાધ અનામત (હવાલા) | ✓ | | | |
| | ✓ | | | |
| બાદ : ઘાલખાધ અનામત (કા.સ.) | ✓ | ✓ | | |
| આગથી નુકસાન | | ✓ | | |
| ચોરીથી નુકસાન | | ✓ | | |
| મિલકત વેચાણ નુકસાન | | ✓ | | |
| ખર્ચ/નુકસાન માટેની જોગવાઈ | | ✓ | | |
| નફા-નુકસાન ફાળવણી ખાતે (ચોખ્ખો નફો) | | ✓ | | |
| | | ✓ | | ✓ |

**(3)નફા-નુકસાન ફાળવણી ખાતું (Profit and Loss Appropriation Account) :** ભાગીદારી પેઢીમાં એક કરતાં વધુ ભાગીદારો વચ્ચે નફા કે નુકસાનની વહેંચણી દર્શાવવા નફા-નુકસાન ફાળવણી ખાતું તૈયાર કરવામાં આવે છે. નફા-નુકસાન ફાળવણી ખાતું એ નફા-નુકસાન ખાતાંનો જ એક ભાગ છે. આ ખાતું અલગથી તૈયાર કરવું ફરજિયાત નથી.

નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુ પર નફા-નુકસાન ખાતેથી લાવવામાં આવેલ ચોખ્ખી ખોટ, ભાગીદારોની મૂડી પર વ્યાજ, ચાલુ ખાતાંની જમા બાકીનું વ્યાજ, ભાગીદારોના પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણું, સામાન્ય અનામત ખાતે લઈ જવાની રકમ દર્શાવવામાં આવે છે

નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુ પર નફા-નુકસાન ખાતેથી લાવવામાં આવેલ ચોખ્ખો નફો, ભાગીદારોના ઉપાડ પર વ્યાજ, ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ વગેરે દર્શાવવામાં આવે છે.

નફા-નુકસાન ફાળવણી ખાતું બંધ કરતાં નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુનો સરવાળો વધુ હોય, તો તફાવતની રકમ ઉધાર બાજુ પર લખાય છે, જે વહેંચણીપાત્ર નફો ગણાય છે. આ વહેંચણીપાત્ર નફો ભાગીદારોના નફા-નુકસાનની વહેંચણીના પ્રમાણમાં વહેંચીને ભાગીદારોનાં મૂડી ખાતે અથવા સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ હોય તો ચાલુ ખાતે જમા કરવામાં આવે છે.

નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુનો સરવાળો વધુ હોય, તો તફાવતની રકમ જમા બાજુ પર લખાય છે. આ વહેંચણીપાત્ર ખોટ છે. આ વહેંચણીપાત્ર ખોટ ભાગીદારોના નફા-નુકસાનની વહેંચણીના પ્રમાણમાં વહેંચીને ભાગીદારોના મૂડી ખાતે કે ચાલુ ખાતે ઉધાર કરવામાં આવે છે.

**નોંધ :** જો નફા-નુકસાન ફાળવણી ખાતું અલગ રીતે તૈયાર કરવામાં ન આવે તો નફા-નુકસાન ફાળવણી ખાતાંની તમામ વિગતો નફા-નુકસાન ખાતાંમાં જ દર્શાવી, વહેંચણીપાત્ર નફો કે નુકસાન નક્કી કરવામાં આવે છે. આ વહેંચણીપાત્ર નફો કે નુકસાન ભાગીદારોનાં મૂડી ખાતે કે ચાલુ ખાતે લઈ જવામાં આવે છે. આ વિકલ્પ તરીકે દર્શાવેલ છે. પરીક્ષામાં પૂછવું નહિ.

**નફા-નુકસાન ફાળવણી ખાતાંનો નમૂનો**

**.........નું તા. .............ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| ચોખ્ખી ખોટ (ન.નુ. ખાતેથી લાવ્યા) | | ✓ | ચોખ્ખો નફો (ન.નુ. ખાતેથી લાવ્યા) | | ✓ |
| ભાગીદારોની મૂડી પર વ્યાજ : | | | ભાગીદારોના ઉપાડ પર વ્યાજ : | | |
| A | ✓ | | A | ✓ | |
| B | ✓ | ✓ | B | ✓ | ✓ |
| ભાગીદારોના ચાલુ ખાતાંની જમા બાકીનું વ્યાજ | | ✓ | ભાગીદારોના ચાલુ ખાતાંની ઉધાર | | |
| ભાગીદારોના પગાર, બૉનસ, કમિશન | | | બાકીનું વ્યાજ | | ✓ |
| કે મહેનતાણું | | ✓ | ભાગીદારોના મૂડી કે ચાલુ ખાતે | | |
| સામાન્ય અનામત ખાતે | | ✓ | (ચોખ્ખી વહેંચણીપાત્ર ખોટ) | | |
| મૂડી કે ચાલુ ખાતે | | | A | ✓ | |
| (ચોખ્ખો વહેંચણીપાત્ર નફો) | | | B | ✓ | ✓ |
| A | ✓ | | | | |
| B | ✓ | ✓ | | | |
| | | ✓ | | | ✓ |

**(4) ભાગીદારોનાં મૂડી ખાતાં (Partners' Capital Accounts) :** ભાગીદારી પેઢીના ભાગીદારો પેઢી સાથે વ્યક્તિગત વ્યવહારો કરે છે. આ વ્યવહારો નોંધવા માટે ભાગીદારી પેઢીના ચોપડે દરેક ભાગીદારનું મૂડી ખાતું તૈયાર કરવામાં આવે છે. ભાગીદારની મૂડીમાં વધારો કરતાં વ્યવહારો મૂડી ખાતાંમાં જમા બાજુ પર અને મૂડીમાં ઘટાડો કરતાં વ્યવહારો મૂડી ખાતાંમાં ઉધાર બાજુ પર નોંધવામાં આવે છે.

સૌપ્રથમ જમા બાજુ પર ભાગીદારની શરૂઆતની જમા બાકી લખ્યા બાદ વર્ષ દરમિયાન ભાગીદાર દ્વારા પેઢીમાં લાવવામાં આવેલી વધારાની મૂડી જમા કરવામાં આવે છે. ભાગીદારના મૂડી ખાતાંની ઉધાર બાજુ પર વર્ષ દરમિયાન ભાગીદારને પરત કરેલી મૂડી ઉધાર કરવામાં આવે છે. ભાગીદારોનાં મૂડી ખાતાં બંધ કરતાં જમા બાજુનો સરવાળો વધુ હોય છે તેથી તફાવતની રકમ ઉધાર બાજુ પર લખાય છે. આ આખરની બાકી ગણાય છે. આ બાકી પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ કાયમી મૂડી તરીકે દર્શાવવામાં આવે છે.

**ભાગીદારોનાં મૂડી ખાતાંનો નમૂનો :**

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| તારીખ | વિગત | A<br>રકમ (₹) | B<br>રકમ (₹) | તારીખ | વિગત | A<br>રકમ (₹) | B<br>રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| – | રોકડ/બૅન્ક/અન્ય મિલકત ખાતે (વધારાની મૂડી ઉપાડી ગયા) | ✓ | ✓ | 1-4 | બાકી આગળ લાવ્યા (શરૂઆતની બાકી) | ✓ | ✓ |
| 31-3 | બાકી આગળ લઈ ગયા (આખરની જમા બાકી) | ✓ | ✓ | – | રોકડ/બૅન્ક/અન્ય મિલકત ખાતે (વધારાની મૂડી લાવ્યા) | ✓ | ✓ |
| | | ✓ | ✓ | | | ✓ | ✓ |

**(5) ભાગીદારોનાં ચાલુ ખાતાં (Partners' Current Accounts) :** ભાગીદારી પેઢીમાં ભાગીદારોના પેઢી સાથેના મૂડી સિવાયના વ્યક્તિગત વ્યવહારો થતાં હોય છે. આ વ્યવહારો નોંધવા માટે તૈયાર કરવામાં આવતા ખાતાંને ભાગીદારના ચાલુ ખાતાં કહેવામાં આવે છે.

ભાગીદારોનાં ચાલુ ખાતાંની જમા બાજુ પર ચાલુ ખાતાંની શરૂઆતની જમા બાકી, મૂડી પર વ્યાજ, ચાલુ ખાતાંની જમા બાકી પર વ્યાજ, ભાગીદારનો પગાર, બૉનસ, કમિશન કે મહેનતાણું, વહેંચણીપાત્ર નફાનો ભાગ વગેરે નોંધવામાં આવે છે. ચાલુ ખાતાંની ઉધાર બાજુ પર ચાલુ ખાતાંની શરૂઆતની ઉધાર બાકી, (જો હોય તો) ઉપાડ, ઉપાડ પર વ્યાજ, ચાલુ ખાતાંની ઉધાર બાકી પર વ્યાજ, વહેંચણીપાત્ર ખોટમાં ભાગીદારનો ભાગ વગેરે નોંધવામાં આવે છે.

ચાલુ ખાતું બંધ કરતાં જો જમા બાજુનો સરવાળો વધુ હોય તો તફાવતની રકમ ઉધાર બાજુ પર લખાય છે. આ આખરની બાકી ગણાય છે. આ બાકી પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ દર્શાવવામાં આવે છે.

જો ચાલુ ખાતાંની ઉધાર બાજુનો સરવાળો વધુ હોય તો તફાવતની રકમ જમા બાજુ પર લખાય છે. આ આખરની બાકી ગણાય છે. આ બાકી પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ દર્શાવવામાં આવે છે.

ભાગીદારોનાં ચાલુ ખાતાંનો નમૂનો :

**ભાગીદારોનાં ચાલુ ખાતાં**

ઉધાર | જમા

| તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) | તારીખ | વિગત | A રકમ (₹) | B રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1-4 | બાકી આગળ લાવ્યા | | | 1-4 | બાકી આગળ લાવ્યા | | |
| | (ચાલુ ખાતાંની શરૂની | | | | (શરૂની જમા બાકી) | ✓ | ✓ |
| | ઉધાર બાકી) | ✓ | ✓ | 31-3 | મૂડી પર વ્યાજ ખાતે | ✓ | ✓ |
| – | ઉપાડ ખાતે | ✓ | ✓ | 31-3 | ચાલુ ખાતાંની જમા | | |
| 31-3 | ઉપાડ પર વ્યાજ ખાતે | ✓ | ✓ | | બાકીનાં વ્યાજ ખાતે | – | ✓ |
| 31-3 | ચાલુ ખાતાંની ઉધાર | | | 31-3 | પગાર, બૉનસ, કમિશન | | |
| | બાકીનાં વ્યાજ ખાતે | ✓ | – | | કે મહેનતાણાં ખાતે | ✓ | ✓ |
| 31-3 | વહેંચણીપાત્ર ખોટ ખાતે | ✓ | ✓ | 31-3 | વહેંચણીપાત્ર નફા ખાતે | ✓ | ✓ |
| 31-3 | બાકી આગળ લઈ ગયા | | | 31-3 | બાકી આગળ લઈ ગયા | | |
| | (આખરની જમા બાકી) | ✓ | ✓ | | (આખરની ઉધાર બાકી) | ✓ | ✓ |
| | | ✓ | ✓ | | | ✓ | ✓ |

**નોંધ :** જો દાખલામાં ભાગીદારોનાં ચાલુ ખાતાં આપવામાં ન આવ્યા હોય, તો ચાલુ ખાતાંની તમામ વિગતો અસ્થિર મૂડી ખાતાંમાં દર્શાવી દાખલો ગણવો.

**(6) પાકું સરવૈયું (Balance Sheet) :** ભાગીદારી પેઢીની આર્થિક સ્થિતિ જાણવા હિસાબી વર્ષના અંતે પાકું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. પાકું સરવૈયું એવું પત્રક છે કે જેમાં એક બાજુ ધંધા કે પેઢીનાં મૂડી-દેવાં કેટલાં છે અને બીજી બાજુ તેનાં મિલકત-લેણાં કેટલાં છે તે દર્શાવવામાં આવે છે.

ભાગીદારી પેઢીનાં પાકા સરવૈયાની મૂડી-દેવાં બાજુ પર કાયમી મૂડી ખાતાંની બાકી, ભાગીદારોનાં ચાલુ ખાતાંની જમા બાકી, પેઢીનાં દેવાં જેવાં કે લેણદારો, દેવીહૂંડી, બૅન્ક ઓવરડ્રાફ્ટ, ચૂકવવાના બાકી ખર્ચા, અગાઉથી મળેલ આવકો, લીધેલી લોન, ભાગીદારની લોન, ભાગીદારની લોનનું બાકી વ્યાજ દર્શાવવામાં આવે છે. ઉપરાંત સામાન્ય અનામત, અન્ય અનામત વગેરે દર્શાવવામાં આવે છે.

ભાગીદારી પેઢીના પાકા સરવૈયાની મિલકત-લેણાં બાજુ પર પેઢીની સ્થિર કે કાયમી મિલકતો, રોકાણો, ચાલુ અને પ્રવાહી મિલકતો જેવી કે આખરસ્ટૉક, દેવાદારો, રોકડ સિલક, બૅન્કસિલક, લેણીહૂંડી, મળવાની બાકી આવકો, અગાઉથી ચૂકવેલા ખર્ચાઓ, ધીરેલી લોન, પ્રસારિત મહેસૂલી ખર્ચા, ચાલુ ખાતાંની ઉધાર બાકી વગેરે દર્શાવવામાં આવે છે.

**પાકા સરવૈયાનો નમૂનો :**

**.................. નું તા. ................. ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|
| **કાયમી મૂડી ખાતાં :** | | **બિન ચાલુ મિલકતો :** | |
| A | ✓ | **કાયમી મિલકતો :** | |
| B | ✓ | **દૃશ્ય મિલકતો :** | |
| **ચાલુ ખાતાં (જમા બાકી) :** | | જમીન | ✓ |
| A | ✓ | મકાન | ✓ |
| B | ✓ | પટે રાખેલી મિલકતો | ✓ |
| **અનામતો :** | | વાહનો | ✓ |
| સામાન્ય અનામત | ✓ | યંત્રો | ✓ |
| મૂડી અનામત | ✓ | ફર્નિચર-ફિટિંગ્સ | ✓ |
| અન્ય અનામત | ✓ | **અદૃશ્ય મિલકતો :** | |
| **બિન ચાલુ જવાબદારીઓ :** | | પેટન્ટ્સ | ✓ |
| બૅન્ક પાસેથી લીધેલ લોન | ✓ | ટ્રેડમાર્ક | ✓ |
| અન્ય નાણાકીય સંસ્થાની લોન | ✓ | કૉપીરાઈટ | ✓ |
| મિત્રો પાસેથી લોન | ✓ | પાઘડી | ✓ |
| ભાગીદારની લોન | ✓ | **રોકાણો :** | |
| **ચાલુ જવાબદારીઓ :** | | સરકારી જામીનગીરીમાં રોકાણો | ✓ |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | ✓ | પ્રોવિડન્ટ ફંડમાં રોકાણ | ✓ |
| પરચૂરણ લેણદારો | ✓ | **અન્ય બિનચાલુ મિલકતો :** | |
| દેવીહૂંડીઓ | ✓ | પ્રસારિત મહેસૂલી ખર્ચા | ✓ |
| ચૂકવવાના બાકી ખર્ચા | ✓ | **ચાલુ મિલકતો :** | |
| અગાઉથી મળેલ આવકો | ✓ | આખર સ્ટૉક | ✓ |
| કરવેરાની જોગવાઈ | ✓ | પરચૂરણ દેવાદારો | ✓ |
| પ્રોવિડન્ટ ફંડ | ✓ | રોકડ સિલક | ✓ |
| ભાગીદારની લોનનું બાકી વ્યાજ | ✓ | બૅન્કસિલક | ✓ |
| | | મળવાની બાકી આવકો | ✓ |
| | | ધીરેલી લોન | ✓ |
| | | લેણીહૂંડી | ✓ |
| | | અગાઉથી ચૂકવેલ ખર્ચા | ✓ |
| | | **ચાલુ ખાતાં :** (જો ઉધાર બાકી હોય તો) | |
| | | A | ✓ |
| | | B | ✓ |
| | ✓ | | ✓ |

## 4. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબોના હવાલા (Adjustments of Final Accounts of Partnership Firm)

હિસાબી વર્ષના અંતે હિસાબોને પૂર્ણ સ્વરૂપ આપવામાં હવાલા અને હવાલાનોંધો નોંધવામાં આવે છે. હવાલાનોંધો અને તેની પેઢીના વાર્ષિક હિસાબોમાં અસર નીચે પ્રમાણે છે :

**હવાલા, હવાલાનોંધો અને વાર્ષિક હિસાબોમાં અસર**

| ક્રમ | હવાલા | હવાલાનોંધ | વાર્ષિક હિસાબોમાં અસર |
|---|---|---|---|
| (1) | આખરસ્ટૉક | આખરસ્ટૉક ખાતે...ઉ<br>તે વેપાર ખાતે | (1) પા.સ.માં મિલકત-લેણાં બાજુ<br>(2) વેપાર ખાતાંમાં જમા બાજુ |
| (2) | ચૂકવવાના બાકી ખર્ચા | જે-તે ખર્ચ ખાતે...ઉ<br>તે ચૂકવવાના બાકી ખર્ચા ખાતે | (1) વેપાર/ન.નુ. ખાતાંની ઉધાર બાજુ જે-તે ખર્ચમાં ઉમેરો<br>(2) પા.સ.માં મૂડી-દેવાં બાજુ |
| (3) | અગાઉથી ચૂકવેલા ખર્ચા | અગાઉથી ચૂકવેલા ખર્ચ ખાતે...ઉ<br>તે જે-તે ખર્ચ ખાતે | (1) પા.સ.માં મિલકત-લેણાં બાજુ<br>(2) વેપાર/ન.નુ. ખાતાંની ઉધાર બાજુ જે-તે ખર્ચમાંથી બાદ કરો |
| (4) | મળવાની બાકી આવક | મળવાની બાકી આવક ખાતે...ઉ<br>તે જે-તે આવક ખાતે | (1) ન.નુ. ખાતાંની જમા બાજુ જે-તે આવકમાં ઉમેરો<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ |
| (5) | અગાઉથી મળેલ આવક | જે-તે આવક ખાતે...ઉ<br>તે અગાઉથી મળેલ આવક ખાતે | (1) પા.સ.માં મૂડી-દેવાં બાજુ<br>(2) ન.નુ. ખાતાંની જમા બાજુ જે-તે આવકમાંથી બાદ કરો |
| (6) | મિલકત પરનો ઘસારો | ઘસારા ખાતે...ઉ<br>તે જે-તે મિલકત ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ જે-તે મિલકતમાંથી બાદ કરો |
| (7) | ઘાલખાધ માંડી વાળવા (નવી/વધારાની) | ઘાલખાધ ખાતે...ઉ<br>તે દેવાદાર ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ જૂની ઘાલખાધની રકમમાં ઉમેરો<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો |
| (8) | ઘાલખાધ-અનામતની જોગવાઈ | નફા-નુકસાન ખાતે...ઉ<br>તે ઘાલખાધ અનામત ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો |
| (9) | દેવાદાર વટાવ અનામતની જોગવાઈ કરવા (ઉધાર વટાવ ફંડ) | નફા-નુકસાન ખાતે...ઉ<br>તે દેવાદાર વટાવ અનામત ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો |

| ક્રમ | હવાલા | હવાલાનોંધ | વાર્ષિક હિસાબોમાં અસર |
|---|---|---|---|
| (10) | ઉધાર ખરીદી નોંધવાની રહી ગઈ હોય ત્યારે | ખરીદ ખાતે...ઉ<br>તે લેણદારો ખાતે | (1) વેપાર ખાતાંમાં ઉધાર બાજુ ખરીદીમાં ઉમેરો<br>(2) પા.સ.માં મૂડી-દેવાં બાજુ લેણદારોમાં ઉમેરો |
| (11) | ઉધાર વેચાણ નોંધવાનું રહી ગયું હોય ત્યારે | દેવાદાર ખાતે...ઉ<br>તે વેચાણ ખાતે | (1) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાં ઉમેરો<br>(2) વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાં ઉમેરો |
| (12) | ખરીદમાલ પરત (માલપરત ઉધાર)ની નોંધ કરવાની રહી ગઈ હોય ત્યારે | લેણદારો ખાતે...ઉ<br>તે ખરીદમાલ પરત ખાતે | (1) પા.સ.માં મૂડી-દેવાં બાજુ લેણદારોમાંથી બાદ<br>(2) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ |
| (13) | વેચાણમાલ પરત (માલપરત જમા)ની નોંધ કરવાની રહી ગઈ હોય ત્યારે | વેચાણમાલ પરત ખાતે...ઉ<br>તે દેવાદારો ખાતે | (1) વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાંથી બાદ<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો |
| (14) | ખરીદમાલ પરતની નોંધ વેચાણનોંધમાં થઈ હોય ત્યારે | (1) વેચાણ ખાતે...ઉ<br>તે દેવાદારો ખાતે<br>(2) લેણદારો ખાતે...ઉ<br>તે ખરીદમાલ પરત ખાતે | (1) વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાંથી બાદ<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો<br>(3) પા.સ.માં મૂડી-દેવાં બાજુ લેણદારોમાંથી બાદ કરો<br>(4) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ |
| (15) | વેચાણમાલપરતની નોંધ ખરીદનોંધમાં થઈ હોય ત્યારે | (1) લેણદાર ખાતે...ઉ<br>તે ખરીદ ખાતે<br>(2) વેચાણમાલ પરત ખાતે...ઉ<br>તે દેવાદાર ખાતે | (1) પા.સ.માં મૂડી-દેવાં બાજુ લેણદારોમાંથી બાદ<br>(2) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ<br>(3) વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાંથી બાદ<br>(4) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો |

| ક્રમ | હવાલા | હવાલાનોંધ | વાર્ષિક હિસાબોમાં અસર |
|---|---|---|---|
| (16) | ઉધાર ખરીદીની નોંધ વેચાણનોંધમાં થઈ હોય ત્યારે | (1) વેચાણ ખાતે...ઉ<br>તે દેવાદાર ખાતે<br><br>(2) ખરીદ ખાતે...ઉ<br>તે લેણદારો ખાતે | (1) વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાંથી બાદ<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો<br>(3) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાં ઉમેરો<br>(4) પા.સ.માં મૂડી-દેવાં બાજુ લેણદારોમાં ઉમેરો |
| (17) | ઉધાર વેચાણની નોંધ ખરીદનોંધમાં થઈ હોય ત્યારે | (1) લેણદારો ખાતે...ઉ<br>તે ખરીદ ખાતે<br><br>(2) દેવાદારો ખાતે...ઉ<br>તે વેચાણ ખાતે | (1) પા.સ.માં મૂડી-દેવાં બાજુ લેણદારોમાંથી બાદ<br>(2) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ<br>(3) પા.સ.માં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાં ઉમેરો<br>(4) વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાં ઉમેરો |
| (18) | મૂડી પર વ્યાજ | મૂડી પર વ્યાજ ખાતે...ઉ<br>તે મૂડી ખાતે | (1) ન.નુ. ફાળવણી ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મૂડી-દેવાં બાજુ મૂડીમાં ઉમેરો |
| (19) | ઉપાડ પર વ્યાજ | ઉપાડ ખાતે...ઉ<br>તે ઉપાડ પરના વ્યાજ ખાતે | (1) પા.સ.માં મૂડી-દેવાં બાજુ ઉપાડમાં ઉમેરો<br>(2) ન.નુ. ફાળવણી ખાતાંની જમા બાજુ |
| (20) | ભાગીદારને ચૂકવવાનો પગાર | ભાગીદારોનાં પગાર ખાતે...ઉ<br>તે મૂડી/ચાલુ ખાતે | (1) ન.નુ. ફાળવણી ખાતાંની ઉધાર બાજુ<br>(2) ભાગીદારના મૂડી/ચાલુ ખાતે જમા કરો |
| (21) | ભાગીદારના ચાલુ ખાતાંની જમા બાકી પર વ્યાજ | ચાલુ ખાતાં પર વ્યાજ ખાતે...ઉ<br>તે ભાગીદારના ચાલુ ખાતે | (1) ન.નુ. ફાળવણી ખાતાંની ઉધાર બાજુ<br>(2) ભાગીદારના ચાલુ ખાતાંની જમા બાજુ |
| (22) | ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકી પર વ્યાજ | ભાગીદારના ચાલુ ખાતે...ઉ<br>તે ચાલુ ખાતાંના વ્યાજ ખાતે | (1) ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાજુ<br>(2) ન.નુ. ફાળવણી ખાતાંની જમા બાજુ |
| (23) | ભાગીદારની લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ | લોન પર વ્યાજ ખાતે...ઉ<br>તે ભાગીદારની લોનના બાકી વ્યાજ ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મૂડી-દેવાં બાજુ |
| (24) | સામાન્ય અનામત ખાતે રકમ લઈ જવી | ન.નુ. ફાળવણી ખાતે...ઉ<br>તે સામાન્ય અનામત ખાતે | (1) ન.નુ. ફાળવણી ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મૂડી-દેવાં બાજુ સામાન્ય અનામતમાં ઉમેરો |

| ક્રમ | હવાલા | હવાલાનોંધ | વાર્ષિક હિસાબોમાં અસર |
|---|---|---|---|
| (25) | ભાગીદારને ચોખ્ખા નફા પર કમિશન ચૂકવવાનું હોય ત્યારે | ભાગીદારના કમિશન ખાતે...ઉ<br>તે ભાગીદારોનાં મૂડી ખાતે | (1) ન.નુ. ફાળવણી ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મૂડી-દેવાં બાજુ ભાગીદારની મૂડી/ચાલુ ખાતાંમાં ઉમેરો |
| (26) | ધીરેલી લોન પર વ્યાજ ગણવાનું હોય ત્યારે | લોનનાં મળવાનાં બાકી વ્યાજ ખાતે...ઉ<br>તે વ્યાજ ખાતે | (1) પા.સ.માં મિલકત-લેણાં બાજુ<br>(2) ન.નુ. ખાતાંની જમા બાજુ |
| (27) | પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક, કૉપીરાઇટ જેવી અદશ્ય મિલકતોમાંથી અમુક રકમ માંડી વાળવાની હોય ત્યારે | નફા-નુકસાન ખાતે...ઉ<br>તે જે-તે અદશ્ય મિલકત ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં મિલકત-લેણાં બાજુ જે-તે મિલકતમાંથી બાદ કરો |
| (28) | ભાગીદારે અંગત વપરાશ માટે લીધેલ માલની નોંધ કરવાની રહી ગઈ હોય ત્યારે | ઉપાડ ખાતે...ઉ<br>તે ખરીદ ખાતે | (1) પા.સ.માં મૂડી-દેવાં બાજુ ભાગીદારના ઉપાડમાં ઉમેરો<br>(2) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ કરો |
| (29) | જાહેરાત માટે નમૂનાથી વહેંચેલ માલ | જાહેરાત ખર્ચ ખાતે...ઉ<br>તે ખરીદ ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ<br>(2) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ કરો |
| (30) | સ્ટેશનરીનો સ્ટૉક | સ્ટેશનરી સ્ટૉક ખાતે...ઉ<br>તે સ્ટેશનરી ખર્ચ ખાતે | (1) પા.સ.માં મિલકત-લેણાં બાજુ મિલકત તરીકે દર્શાવો<br>(2) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ સ્ટેશનરી ખર્ચમાંથી બાદ કરો |
| (31) | પટે રાખેલ મિલકતમાંથી અમુક રકમ માંડી વાળવી | નફા-નુકસાન ખાતે...ઉ<br>તે પટે રાખેલ મિલકત ખાતે | (1) ન.નુ. ખાતાંની ઉધાર બાજુ<br>(2) પા.સ.માં પટે રાખેલ મિલકતમાંથી બાદ કરો |
| (32) | શૅર કે અન્ય રોકાણો પર ડિવિડન્ડ કે વ્યાજ મળવાનું બાકી હોય ત્યારે | મળવાનાં બાકી ડિવિડન્ડ/વ્યાજ ખાતે...ઉ<br>તે ડિવિડન્ડ/વ્યાજ ખાતે | (1) પા.સ.માં મિલકત-લેણાં બાજુ મળવાનાં બાકી ડિવિડન્ડ/વ્યાજ<br>(2) ન.નુ. ખાતાંની જમા બાજુ |
| (33) | ભાગીદાર અંગત મિલકત ધંધામાં લાવે જેની નોંધ કરવાની રહી ગઈ હોય ત્યારે | જે-તે મિલકત ખાતે...ઉ<br>તે ભાગીદારના મૂડી ખાતે | (1) પા.સ.માં મિલકત-લેણાં બાજુ મિલકત તરીકે દર્શાવો<br>(2) પા.સ.માં મૂડી-દેવાં બાજુ ભાગીદારની મૂડીમાં ઉમેરો |

**નોંધ :** દરેક પ્રકરણનો સરખો ગુણભાર જળવાઈ રહે અને વિદ્યાર્થીઓ સરળતાથી દરેક પ્રકરણનો અભ્યાસ કરે તે હેતુથી પરીક્ષામાં વાર્ષિક હિસાબોનાં પ્રશ્નમાં કાચા સરવૈયામાં 24 થી 30 વિગતો આપવી. કુલ હવાલાઓની સંખ્યા 5 સુધી મર્યાદિત રાખવી. એક હવાલામાં બે કે તેથી વધુ હવાલાઓની અસરોનો સમાવેશ કરવો નહિ. અહીં ઉદાહરણો અને સ્વાધ્યાયમાં વિદ્યાર્થી દરેક પ્રકારનાં વ્યવહારો સમજી શકે અને ઓછા ઉદાહરણો આપવા પડે તે માટે વધુ વ્યવહારો દર્શાવેલ છે.

**ઉદાહરણો :**

**ઉદાહરણ 1 :** રામ અને શ્યામ 6:4ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજના નીચે આપેલા કાચા સરવૈયા અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**રામ અને શ્યામની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રકમ (₹) | જમા બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| ઉપાડ : | | મૂડી : | |
| રામ | 18,000 | રામ | 80,000 |
| શ્યામ | 16,000 | શ્યામ | 70,000 |
| દેવાદારો | 45,000 | લેણદારો | 35,000 |
| સ્ટૉક (તા. 1-4-2016) | 25,000 | ખરીદમાલ પરત | 1500 |
| વેચાણમાલ પરત | 1000 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | 8000 |
| રોકડસિલક | 10,000 | વેચાણ | 78,150 |
| ખરીદી | 60,000 | ઘાલખાધ અનામત | 700 |
| આપેલ વટાવ | 500 | મજૂરીનાં બાકી દેવાં | 1000 |
| ઘાલખાધ | 400 | ગીતાની 8 %ની લોન (તા. 1-10-2016) | 15,000 |
| યંત્રો (ઑફિસ) | 18,250 | દેવીહૂંડી | 200 |
| યંત્રો પર ઘસારો | 1750 | | |
| ફર્નિચર | 8000 | | |
| પરચૂરણ ખર્ચા | 1500 | | |
| ભાડાપટાનું મકાન (ચાર વર્ષ માટે) | 7000 | | |
| પાઘડી | 40,000 | | |
| વેપાર ખર્ચ | 1250 | | |
| ભાડું અને વેરા | 5000 | | |
| આવકમાલ ગાડાભાડું | 400 | | |
| બૅન્ક વ્યાજ | 500 | | |
| વીમા પ્રીમિયમ | 800 | | |
| પગાર | 15,000 | | |
| મજૂરી | 14,000 | | |
| અગાઉથી ચૂકવેલ વીમો | 200 | | |
| | **2,89,550** | | **2,89,550** |

**હવાલાઓ :** (1) આખરસ્ટૉક ₹ 45,000 છે, જેની બજારકિંમત 10 % વધુ છે. (2) ભાગીદારોને મૂડી પર વાર્ષિક 5 % વ્યાજ આપવાનું છે તથા ઉપાડ પર 10 % લેખે વ્યાજ વસૂલ કરવાનું છે. (3) યંત્રો પર 10 % અને ફર્નિચર પર 5 % લેખે ઘસારો ગણો. (4) દેવાદારો પર 5 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો. (5) ચૂકવવાના બાકી ખર્ચા : પગાર ₹ 500, પરચૂરણ ખર્ચા ₹ 150 અને ભાડું ₹ 150 છે. (6) ભાગીદારી કરારનામાની જોગવાઈ પ્રમાણે નુકસાન હોય તો પણ મૂડી પર વ્યાજ ચૂકવવાનું છે.

### રામ અને શ્યામની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 25,000 | વેચાણ | 78,150 | |
| ખરીદી | 60,000 | | – વેચાણપરત | 1000 | 77,150 |
| – ખરીદપરત | 1500 | 58,500 | આખરસ્ટૉક | | 45,000 |
| મજૂરી | | 14,000 | | | |
| આવકમાલ ગાડાભાડું | | 400 | | | |
| નફા-નુકસાન ખાતે (કાચો નફો) | | 24,250 | | | |
| | | **1,22,150** | | | **1,22,150** |

### રામ અને શ્યામની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | વેપાર ખાતે (કાચો નફો) | 24,250 |
| પગાર | 15,000 | | ન.નુ. ફાળવણી ખાતે (ચોખ્ખી ખોટ) | 7800 |
| + ચૂકવવાનો બાકી | 500 | 15,500 | | |
| પરચૂરણ ખર્ચા | 1500 | | | |
| + ચૂકવવાના બાકી | 150 | 1650 | | |
| વેપાર ખર્ચ | | 1250 | | |
| ભાડું-વેરા | 5000 | | | |
| + ચૂકવવાનું બાકી | 150 | 5150 | | |
| વીમા પ્રીમિયમ | | 800 | | |
| **વેચાણ-વિતરણ ખર્ચા :** | | | | |
| આપેલ વટાવ | | 500 | | |
| **નાણાકીય ખર્ચા** | | | | |
| બૅન્ક વ્યાજ | | 500 | | |
| ગીતાની લોનનું વ્યાજ | | 600 | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | |
| ઘાલખાધ (કા.સ.) | 400 | | | |
| + ઘા. અનામત (હવાલા) | 2250 | | | |
| | 2650 | | | |
| – ઘા. અનામત (કા.સ.) | 700 | 1950 | | |
| **ઘસારો** | | | | |
| યંત્રો (ઑફિસ) | 2000 | | | |
| + ફર્નિચર | 400 | 2400 | | |
| માંડી વાળેલ ભાડાપટાનું મકાન | | 1750 | | |
| | | **32,050** | | **32,050** |

ઉધાર **રામ અને શ્યામની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતે : (ચોખ્ખી ખોટ) | | 7800 | ઉપાડ પર વ્યાજ ખાતેઃ | | |
| મૂડી પર વ્યાજ ખાતે : | | | રામ | 1800 | |
| રામ | 4000 | | શ્યામ | 1600 | 3400 |
| શ્યામ | 3500 | 7500 | વહેંચણીપાત્ર ખોટ : મૂડી ખાતે | | |
| | | | રામ | 7140 | |
| | | | શ્યામ | 4760 | 11,900 |
| | | **15,300** | | | **15,300** |

ઉધાર **ભાગીદારોનાં મૂડી ખાતાં** જમા

| તારીખ | વિગત | રામ (₹) | શ્યામ (₹) | તારીખ | વિગત | રામ (₹) | શ્યામ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | ઉપાડ ખાતે | 18,000 | 16,000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 80,000 | 70,000 |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ ખાતે | 1800 | 1600 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 4000 | 3500 |
| 31-3-17 | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર ખોટ) | 7140 | 4760 | | | | |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 57,060 | 51,140 | | | | |
| | | **84,000** | **73,500** | | | **84,000** | **73,500** |
| | | | | 1-4-17 | બાકી આગળ લાવ્યા | 57,060 | 51,140 |

**રામ અને શ્યામની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| રામ | 57,060 | | **કાયમી-મિલકતો :** | | |
| શ્યામ | 51,140 | 1,08,200 | **દૃશ્ય મિલકતો :** | | |
| **બિનચાલુ દેવાં :** | | | યંત્રો | 20,000 | |
| ગીતાની 8 %ની લોન | | 15,000 | – ઘસારો | 2000 | 18,000 |
| **ચાલુ દેવાં :** | | | ફર્નિચર | 8000 | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 8000 | – ઘસારો | 400 | 7600 |
| ગીતાની લોનનું વ્યાજ | | 600 | ભાડાપટાનું મકાન | 7000 | |
| લેણદારો | | 35,000 | – માંડી વાળેલ | 1750 | 5250 |
| ચૂકવવાના બાકી ખર્ચા : | | | **અદૃશ્ય મિલકતો :** પાઘડી | | 40,000 |
| પગાર | 500 | | **ચાલુ મિલકતો :** | | |
| પરચૂરણ ખર્ચા | 150 | | આખરસ્ટૉક | | 45,000 |
| ભાડુ-વેરો | 150 | 800 | દેવાદારો | 45,000 | |
| મજૂરીનાં બાકી દેવાં | | 1000 | – ઘાલખાધ અનામત | 2250 | 42,750 |
| દેવીહૂંડી | | 200 | રોકડ સિલક | | 10,000 |
| | | | અગાઉથી ચૂકવેલ વીમો | | 200 |
| | | **1,68,800** | | | **1,68,800** |

**નોંધ :** (1) ગીતાની લોન પર 8 % લેખે 6 માસનું વ્યાજ ગણાશે.

$= 15{,}000 \times \frac{8}{100} \times \frac{6}{12} =$ ₹ 600

(2) ભાડાપટાનું મકાન ₹ 7000 ચાર વર્ષની મુદત માટે છે, તેથી ચાલુ વર્ષે 7000 ÷ 4 = ₹ 1750 માંડી વાળેલ છે.

(3) ઘસારા બાદ કિંમત ₹ 18,250 + ઘસારો ₹ 1750 = ₹ 20,000 ઘસારા પહેલાની રકમ

ગણેલ ઘસારો $= \frac{1750}{20{,}000} \times 100 = 8.75$ % લેખે ગણતરી થયેલ છે.

હવે, ₹ 20,000નાં 10 % લેખે ₹ 2000 ઘસારો ગણાશે.

**ઉદાહરણ 2 :** જય અને વિજયના તા. 31-3-2017ના રોજના કાચા સરવૈયા પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું સુધારેલ વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું, ચાલુ ખાતા તથા પાકું સરવૈયું જરૂરી હવાલાઓ ધ્યાનમાં લઈ બનાવો.

**જય અને વિજયની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| **મૂડી ખાતાં :** | | |
| જય | | 80,000 |
| વિજય | | 60,000 |
| **ચાલુ ખાતાં :** | | |
| જય | | 20,000 |
| વિજય | 5000 | |
| આખરસ્ટૉક | 27,300 | |
| વેપાર ખાતું | | 30,900 |
| હાથ પર રોકડ | 280 | |
| બૅન્કમાં ચાલુ ખાતે | 7000 | |
| બૅન્કમાં બાંધી મુદત ખાતે | 40,000 | |
| દેવાદારો | 18,400 | |
| પગાર | 18,500 | |
| ફ્રીહોલ્ડ જમીન | 60,000 | |
| ઑફિસ યંત્રો | 20,000 | |
| ફર્નિચર અને ફિક્ષ્ચર્સ | 5000 | |
| કારખાનાનો ભાડાપટો (ભાડાપટો તા. 31-3-2021ના રોજ પૂરો થશે.) | 30,000 | |
| તા. 1-10-2016ના રોજ વિજય (ભાગીદાર) પાસેથી લીધેલ લોન | | 30,000 |
| દેવાદારો પર વટાવ અનામત | | 380 |
| ઘાલખાધ અનામત | | 1000 |
| વીમા પ્રીમિયમ | 1000 | |
| પ્રિન્ટિંગ અને સ્ટેશનરી | 600 | |
| લેણદારો/વેપારીઓ | | 12,000 |
| ઘાલખાધ | 200 | |
| જાહેરાત ખર્ચ | 600 | |
| મુસાફરી ખર્ચ | 400 | |
| | **2,34,280** | **2,34,280** |

**હવાલાઓ :** (1) અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ ₹ 200. (2) જય ₹ 2000ની મૂળકિંમતનો માલ તેના અંગત વપરાશ માટે ધંધામાંથી લઈ ગયા. (3) 28-3-2017ના રોજ ₹ 4000ની કિંમતનો માલ શાખ પર ખરીદ્યો, પરંતુ તેનું નામું ચોપડે લખાયું નથી. (4) કુલ દેવાદારોમાંથી ₹ 400નું લેણું ડૂબત છે, જે માંડીવાળો અને 5 % લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો. (5) દેવાદાર પર વટાવ અનામતની હવે જરૂર નથી. (6) પ્લાન્ટ-યંત્રો પર 20 % લેખે તથા ફર્નિચર અને ફિટિંગ્સ પર 5 % લેખે ઘસારો ગણો.

**નોંધ :** અહીં કાચા સરવૈયામાં વેપાર ખાતાંની જમા બાકી આપી છે, પરંતુ હવાલા નોંધવા માટે સુધારેલું વેપાર ખાતું બનાવ્યું છે, જેથી સુધારેલો કાચો નફો મળે.

### જય અને વિજયની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું સુધારેલું વેપાર ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| નહિ નોંધેલ ખરીદી | 4000 | | કાચા સરવૈયા મુજબ વેપાર ખાતે | | |
| – અંગત વપરાશથી ગયેલ માલ | 2000 | 2000 | (કાચો નફો) | | 30,900 |
| માંડી વાળેલ કારખાનાનો ભાડાપટો | | 6000 | | | |
| નફા-નુકસાન ખાતે (સુધારેલ કાચો નફો) | | 22,900 | | | |
| | | **30,900** | | | **30,900** |

### જય અને વિજયની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | વેપાર ખાતે (સુધારેલ કાચો નફો) | | 22,900 |
| પગાર | | 18,500 | દેવાદાર પર વટાવ અનામત | | 380 |
| વીમા પ્રીમિયમ | 1000 | | ભાગીદારોનાં ચાલુ ખાતે (વહેંચણીપાત્ર ખોટ) | | |
| – અગાઉથી ચૂકવેલ | 200 | 800 | જય | 1635 | |
| ઘાલખાધ (કા.સ.) | 200 | | વિજય | 1635 | 3270 |
| + ઘાલખાધ (હવાલા) | 400 | | | | |
| + ઘાલખાધ અના. (હવાલા) | 900 | | | | |
| | 1500 | | | | |
| – ઘાલખાધ અના. (કા.સ.) | 1000 | 500 | | | |
| પ્રિન્ટિંગ-સ્ટેશનરી | | 600 | | | |
| મુસાફરી ખર્ચ | | 400 | | | |
| જાહેરાત ખર્ચ | | 600 | | | |
| **ઘસારો :** | | | | | |
| ઑફિસ યંત્રો | 4000 | | | | |
| + ફર્નિચર | 250 | 4250 | | | |
| વિજયની લોન પર વ્યાજ | | 900 | | | |
| | | **26,550** | | | **26,550** |

ઉધાર **ભાગીદારોનાં ચાલુ ખાતાં** જમા

| તારીખ | વિગત | જય (₹) | વિજય (₹) | તારીખ | વિગત | જય (₹) | વિજય (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1-4-16 | બાકી આગળ લાવ્યા | – | 5000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 20,000 | – |
| 31-3-17 | ઉપાડ ખાતે (માલ) | 2000 | – | 31-3-17 | બાકી આગળ લઈ ગયા | – | 6635 |
| 31-3-17 | નફા-નુકસાન ખાતે (વહેંચણીપાત્ર ખોટ) | 1635 | 1635 | | | | |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 16,365 | – | | | | |
| | | **20,000** | **6635** | | | **20,000** | **6635** |

**જય અને વિજયની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| જય | 80,000 | | **કાયમી-મિલકતો :** | | |
| વિજય | 60,000 | 1,40,000 | **દૃશ્ય મિલકતો :** | | |
| ચાલુ ખાતાં : જય | | 16,365 | ફ્રી હોલ્ડ જમીન | | 60,000 |
| **બિનચાલુ દેવાં :** | | | ઑફિસ યંત્રો | 20,000 | |
| વિજયની લોન | | 30,000 | – ઘસારો | 4000 | 16,000 |
| **ચાલુ દેવાં :** | | | ફર્નિચર | 5000 | |
| લેણદારો | 12,000 | | – ઘસારો | 250 | 4750 |
| + નહિ નોંધેલ ખરીદી | 4000 | 16,000 | કારખાના ભાડાપટો | 30,000 | |
| વિજયની લોન પરનું બાકી વ્યાજ | | 900 | – માંડી વાળેલ | 6000 | 24,000 |
| | | | **અદૃશ્ય મિલકતો :** | | – |
| | | | **રોકાણો :** | | – |
| | | | **ચાલુ મિલકતો :** | | |
| | | | આખરસ્ટૉક | | 27,300 |
| | | | હાથ પર રોકડ | | 280 |
| | | | બૅન્કમાં ચાલુ ખાતે | | 7000 |
| | | | બાંધી મુદતની થાપણ | | 40,000 |
| | | | દેવાદારો | 18,400 | |
| | | | – ઘાલખાધ (હવાલા) | 400 | |
| | | | | 18,000 | |
| | | | – ઘાલખાધ અના. (હવાલા) | 900 | 17,100 |
| | | | અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ | | 200 |
| | | | ચાલુ ખાતે : વિજય | | 6635 |
| | | **2,03,265** | | | **2,03,265** |

**નોંધ :** (1) નફા-નુકસાનની વહેંચણી અંગે કોઈ ઉલ્લેખ નથી એટલે સરખા પ્રમાણમાં ખોટની વહેંચણી કરેલ છે. (2) વિજયની લોન પર વ્યાજનો દર આપેલ નથી તેથી ભાગીદારી પેઢી 1932ના કાયદા મુજબ 6 % લેખે 6 માસનું વ્યાજ ગણેલ છે.

$= 30{,}000 \times \frac{6}{100} \times \frac{6}{12} =$ ₹ 900

વિજયની લોન ₹ 30,000 પાકા સરવૈયામાં બિનચાલુ દેવા તરીકે દર્શાવાશે.

લોનનું વ્યાજ ₹ 900 પાકા સરવૈયામાં ચાલુ દેવા તરીકે દર્શાવાશે.

**ઉદાહરણ 3 :** યશ અને જશની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

**યશ અને જશની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રકમ (₹) | જમા બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| **ઉપાડ :** | | **મૂડી ખાતાં :** | |
| યશ | 8000 | યશ | 50,000 |
| જશ | 4000 | જશ | 40,000 |
| સ્ટૉક (1-4-2016) | 24,000 | વેપારીઓ | 16,400 |
| ગ્રાહકો | 29,000 | વેચાણ | 2,04,000 |
| ખરીદી | 1,30,800 | દેવીહૂંડી | 8000 |
| મજૂરી | 2000 | રોકાણોનું વ્યાજ | 300 |
| લેણીહૂંડી | 6000 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | 24,260 |
| 6 ટકાના રોકાણો (1-4-16) | 10,000 | માલપરત | 2800 |
| પગાર | 12,000 | મળેલ ભાડું | 600 |
| રોકડ સિલક | 3500 | મળેલ વટાવ | 400 |
| આપેલ વટાવ | 1400 | ઘાલખાધ અનામત | 2000 |
| માલપરત | 2400 | ઉપાડથી ગયેલ માલ | 740 |
| ઘાલખાધ | 400 | ચૂકવવાની બાકી મજૂરી | 500 |
| સ્ટેશનરી ખર્ચ | 800 | | |
| ઑફિસ ખર્ચ | 2300 | | |
| મોટરકાર | 52,000 | | |
| મકાન | 60,200 | | |
| અગાઉથી ચૂકવેલ ઑફિસ ખર્ચ | 1200 | | |
| | **3,50,000** | | **3,50,000** |

**હવાલાઓ :** (1) મૂડી પર 5 % અને ઉપાડ પર 10 % લેખે 6 માસનું વ્યાજ ગણો. (2) આખરનો સ્ટૉક ₹ 15,000નો છે, જેની બજારકિંમત ₹ 12,000 છે. (3) ₹ 500 સ્ટેશનરી ખર્ચના ચૂકવવાના બાકી છે. (4) મજૂરીના ₹ 400 અગાઉથી ચૂકવેલા છે. (5) ₹ 200 ભાડું અગાઉથી મળેલ છે, જ્યારે ₹ 40 વટાવ મળવાનો બાકી છે. (6) ગ્રાહકોમાંથી ₹ 1000 ઘાલખાધ માંડી વાળો તથા 5 % ઘાલખાધ અનામત અને 2 % દેવાદાર પર વટાવ અનામત રાખો. (7) મોટરકાર પર 10 % ઘસારો ગણો. (8) ₹ 2000નો માલ બળી ગયો હતો, જેના વીમા કંપનીએ 80 % દાવા પેટે મંજૂર કર્યા છે. (9) જશને તેનું કમિશન બાદ કર્યા પછી વધતા નફા પર 10 % કમિશન આપવાનું છે.

ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**યશ અને જશની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 24,000 | વેચાણ | 2,04,000 | |
| ખરીદી | 1,30,800 | | − વેચાણ પરત | 2400 | 2,01,600 |
| − ખરીદ પરત | 2800 | | આખરસ્ટૉક | | 12,000 |
| | 1,28000 | | | | |
| − ઉપાડથી ગયેલ માલ | 740 | | | | |
| | 1,27,260 | | | | |
| − આગથી બળી ગયેલ માલ | 2000 | 1,25,260 | | | |
| મજૂરી | 2000 | | | | |
| − અગાઉથી ચૂકવેલ | 400 | 1600 | | | |
| ન.નુ. ખાતે (કાચો નફો) | | 62,740 | | | |
| | | **2,13,600** | | | **2,13,600** |

**યશ અને જશની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | વેપાર ખાતે (કાચો નફો) | | 62,740 |
| પગાર | | 12,000 | રોકાણોનું વ્યાજ | 300 | |
| સ્ટેશનરી ખર્ચ | 800 | | + મળવાનું બાકી | 300 | 600 |
| + ચૂકવવાનો બાકી | 500 | 1300 | ભાડું | 600 | |
| ઑફિસ ખર્ચા | | 2300 | − અગાઉથી મળેલ | 200 | 400 |
| **વેચાણ-વિતરણ ખર્ચા :** | | | મળેલ વટાવ | 400 | |
| આપેલ વટાવ | 1400 | | + મળવાનો બાકી | 40 | 440 |
| + દેવાદારો પર વટાવ અનામત (હવાલા) | 532 | 1932 | | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | | |
| ઘાલખાધ (કા.સ.) | 400 | | | | |
| + ઘાલખાધ (હવાલા) | 1000 | | | | |
| + ઘાલખાધ અનામત (હવાલા) | 1400 | | | | |
| | 2800 | | | | |
| − ઘાલખાધ અનામત (કા.સ.) | 2000 | 800 | | | |
| **ઘસારો :** મોટરકાર | | 5200 | | | |
| આગથી બળી ગયેલ માલનું નુકસાન | | 400 | | | |
| ન.નુ. ફાળવણી ખાતે (ચોખ્ખો નફો) | | 40,248 | | | |
| | | **64,180** | | | **64,180** |

ઉધાર **યશ અને જશની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી પર વ્યાજ :** | | | ન.નુ. ખાતે (ચોખ્ખો નફો) | | 40,248 |
| યશ | 2500 | | ઉપાડ પર વ્યાજ : | | |
| જશ | 2000 | 4500 | યશ | 400 | |
| જશનું કમિશન | | 3304 | જશ | 200 | 600 |
| ભાગીદારોનાં મૂડી ખાતે (વહેંચણીપાત્ર નફો) | | | | | |
| યશ | 16,522 | | | | |
| જશ | 16,522 | 33,044 | | | |
| | | **40,848** | | | **40,848** |

**નોંધ :** (1) નફા-નુકસાનની વહેંચણી સરખા પ્રમાણમાં કરેલ છે.

(2) જશના કમિશનની ગણતરી = $36{,}348 \times \frac{10}{110}$ = ₹ 3304.36 = ₹ 3304

ઉધાર **ભાગીદારોનાં મૂડી ખાતાં** જમા

| તારીખ | વિગત | યશ (₹) | જશ (₹) | તારીખ | વિગત | યશ (₹) | જશ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | ઉપાડ ખાતે | 8000 | 4000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 50,000 | 40,000 |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ ખાતે | 400 | 200 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 2500 | 2000 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 60,622 | 57,626 | 31-3-17 | જશનું કમિશન | – | 3304 |
| | | | | 31-3-17 | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર નફો) | 16,522 | 16,522 |
| | | **69,022** | **61,826** | | | **69,022** | **61,826** |

**યશ અને જશની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| યશ | 60,622 | | **કાયમી-મિલકતો :** મકાન | | 60,200 |
| જશ | 57,626 | 1,18,248 | મોટરકાર | 52,000 | |
| **બિનચાલુ દેવાં** | | – | – ઘસારો | 5200 | 46,800 |
| **ચાલુ દેવાં :** | | | **રોકાણો :** 6 %ના રોકાણો | | 10,000 |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 24,260 | **ચાલુ મિલકતો :** આખર સ્ટૉક | | 12,000 |
| દેવીહૂંડીઓ | | 8000 | ગ્રાહકો | 29,000 | |
| વેપારીઓ | | 16,400 | – ઘાલખાધ (હવાલા) | 1000 | |
| ચૂકવવાની બાકી મજૂરી | | 500 | | 28,000 | |
| ચૂકવવાનો બાકી સ્ટેશનરી ખર્ચ | | 500 | – ઘાલખાધ અનામત (હવાલા) | 1400 | |
| અગાઉથી મળેલ ભાડું | | 200 | | 26,600 | |
| | | | – દેવાદારો પર વટાવ અના. | 532 | 26,068 |
| | | | રોકડ સિલક | | 3500 |
| | | | મળવાનો બાકી વટાવ | | 40 |
| | | | લેણીહૂંડી | | 6000 |
| | | | અગાઉથી ચૂકવેલ ઑફિસ ખર્ચ | | 1200 |
| | | | અગાઉથી ચૂકવેલ મજૂરી | | 400 |
| | | | રોકાણો પર મળવાનું બાકી વ્યાજ | | 300 |
| | | | વીમા કંપની ખાતે (દાવાની રકમ) | | 1600 |
| | | **1,68,108** | | | **1,68,108** |

**ઉદાહરણ 4 :** ગંગા અને જમનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

**ગંગા અને જમનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રકમ (₹) | જમા બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| **ઉપાડ :** | | **મૂડી :** | |
| ગંગા | 12,000 | ગંગા | 30,000 |
| જમના | 12,000 | જમના | 36,000 |
| ખરીદી | 1,04,000 | **ચાલુ ખાતાં :** | |
| માલપરત | 1600 | ગંગા | 3000 |
| માલનો સ્ટૉક (તા. 1-4-16) | 16,000 | જમના | 2400 |
| પગાર | 18,000 | વેચાણ | 1,84,000 |
| ઑફિસ ખર્ચ | 9000 | માલપરત | 1200 |
| આવકમાલ ગાડાભાડું | 3000 | ઘાલખાધ અનામત | 6000 |
| જાવકમાલ ગાડાભાડું | 4500 | બૅન્ક લોન | 13,500 |
| ઘાલખાધ | 1400 | લેણદારો | 36,000 |
| દેવાદારો | 67,000 | દેવીહૂંડી | 1800 |
| લેણીહૂંડી | 2000 | લીધેલી લોન | 4000 |
| હાથ પર રોકડ | 3400 | સામાન્ય અનામત | 9600 |
| બૅન્કસિલક | 5600 | | |
| રોકાણો | 14,000 | | |
| ઑફિસના યંત્રો | 30,000 | | |
| મકાન | 24,000 | | |
| | **3,27,500** | | **3,27,500** |

**હવાલાઓ :** (1) આખરસ્ટૉકની કિંમત ₹ 28,600 છે, પરંતુ તેમાંથી 20 % માલની બજારકિંમત 10 % વધુ છે. (2) ભાગીદારોને મૂડી પર 5 % વ્યાજ આપવાનું છે તથા દરેક ભાગીદારને વાર્ષિક ₹ 2000 બૉનસ આપવાનું છે. (3) ઘાલખાધ અનામત ₹ 3000 રાખવાની છે તથા દેવાદારો પર 5 % લેખે વટાવ અનામતની જોગવાઈ કરો. (4) મકાન અને યંત્રો પર 10 % લેખે ઘસારો ગણો. (5) ₹ 4000ની ઉધાર ખરીદી ચોપડે નોંધાયેલ નથી, પરંતુ આખરસ્ટૉકમાં તેનો સમાવેશ થઈ ગયો છે. (6) કમિશનના ₹ 2000 મળવાના બાકી છે તથા ₹ 200 ઑફિસ ખર્ચ ચૂકવવાનો બાકી છે. (7) રોકાણોની કિંમત ₹ 12,000 નક્કી થઈ છે અને તફાવતની રકમનો હવાલો સામાન્ય અનામત ખાતે નાખવાનો છે. (8) એક કર્મચારીને ₹ 600ની લોન આપી હતી, પરંતુ તે રકમ પગાર ખાતે ઉધારવામાં આવી હતી. (9) ભાગીદારોએ વહેંચણીપાત્ર નફાની વહેંચણી 3:7ના પ્રમાણમાં કરવી. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

ઉધાર **ગંગા અને જમનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 16,000 | વેચાણ | 1,84,000 | |
| ખરીદી | 1,04,000 | | − વેચાણપરત | 1600 | 1,82,400 |
| + નહિ નોંધેલ | 4000 | | આખરસ્ટૉક | | 28,600 |
| | 1,08,000 | | | | |
| − ખરીદપરત | 1200 | 1,06,800 | | | |
| આવકમાલ ગાડાભાડું | | 3000 | | | |
| ન.નુ. ખાતે (કાચો નફો) | | 85,200 | | | |
| | | **2,11,000** | | | **2,11,000** |

ઉધાર **ગંગા અને જમનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | વેપાર ખાતે (કાચો નફો) | 85,200 |
| પગાર | 18,000 | | મળવાનું બાકી કમિશન | 2000 |
| − કર્મચારીની લોન | 600 | 17,400 | ઘાલખાધ અનામતનો વધારો સામેથી લાવ્યા | 1600 |
| ઑફિસ ખર્ચા | 9000 | | | |
| + ચૂકવવાના બાકી | 200 | 9200 | | |
| **વેચાણ-વિતરણ ખર્ચા :** | | | | |
| જાવકમાલ ગાડાભાડું | | 4500 | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | |
| ઘાલખાધ (કા.સ.) | 1400 | | | |
| + ઘાલખાધ અના. (હવાલા) | 3000 | | | |
| | 4400 | | | |
| − ઘાલખાધ અના. (કા.સ.) | 6000 | | | |
| સામે લઈ ગયા | −1600 | | | |
| દેવાદાર પર વટાવ અનામત | | 3200 | | |
| **ઘસારો :** | | | | |
| યંત્રો | 3000 | | | |
| મકાન | 2400 | 5400 | | |
| નફા-નુકસાન ફાળવણી ખાતે (ચોખ્ખો નફો) | | 49,100 | | |
| | | **88,800** | | **88,800** |

ઉધાર **ગંગા અને જમનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ ખાતેઃ | | | ન.નુ. ખાતે (ચોખ્ખો નફો) | 49,100 |
| ગંગા | 1500 | | | |
| જમના | 1800 | 3300 | | |
| ભાગીદારોને બૉનસ | | | | |
| ગંગા | 2000 | | | |
| જમના | 2000 | 4000 | | |
| ભાગીદારોના ચાલુ ખાતે :(વહેંચણીપાત્ર નફો) | | | | |
| ગંગા | 12,540 | | | |
| જમના | 29,260 | 41,800 | | |
| | | **49,100** | | **49,100** |

### ભાગીદારોનાં ચાલુ ખાતાં

ઉધાર જમા

| તારીખ | વિગત | ગંગા (₹) | જમના (₹) | તારીખ | વિગત | ગંગા (₹) | જમના (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | ઉપાડ ખાતે | 12,000 | 12,000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 3000 | 2400 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 7040 | 23,460 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 1500 | 1800 |
| | | | | 31-3-17 | બોનસ ખાતે | 2000 | 2000 |
| | | | | 31-3-17 | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર નફો) | 12,540 | 29,260 |
| | | **19,040** | **35,460** | | | **19,040** | **35,460** |

**નોંધ :** (1) રોકાણોની ચોપડે કિંમત ₹ 14,000 છે, પરંતુ તેની કિંમત ₹ 12,000 નક્કી કરવામાં આવી છે. હવાલા મુજબ રોકાણો સામાન્ય અનામત ખાતે માંડી વાળવાનાં છે. તેથી રોકાણોમાંથી તથા સામાન્ય અનામતમાંથી ₹ 2000 બાદ કર્યા છે.

(2) વહેંચણીપાત્ર નફાની ગણતરી : ગંગા : $41{,}800 \times \frac{3}{10}$ = ₹ 12,540

જમના : $41{,}800 \times \frac{7}{10}$ = ₹ 29,260

### ગંગા અને જમનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| ગંગા | | 30,000 | **કાયમી-મિલકતો :** | | |
| જમના | | 36,000 | મકાન | 24,000 | |
| **ચાલુ ખાતાં :** | | | – ઘસારો | 2400 | 21,600 |
| ગંગા | | 7040 | યંત્રો | 30,000 | |
| જંમના | | 23,460 | – ઘસારો | 3000 | 27,000 |
| **અનામતો :** | | | **રોકાણો :** | | |
| સામાન્ય અનામત | 9600 | | રોકાણો | 14,000 | |
| – રોકાણો માંડી વાળ્યા | 2000 | 7600 | – માંડી વાળેલ | 2000 | 12,000 |
| **બિનચાલુ દેવાં :** | | | **ચાલુ મિલકતો :** | | |
| બૅન્ક લોન | | 13,500 | આખરસ્ટૉક | | 28,600 |
| ઉછીની લીધેલી લોન | | 4000 | દેવાદારો | 67,000 | |
| **ચાલુ દેવાં :** | | | – ઘાલખાધ અનામત (હવાલા) | 3000 | |
| દેવીહૂંડીઓ | | 1800 | | 64,000 | |
| લેણદારો | 36,000 | | – દેવાદારો પર વટાવ | | |
| + નહિ નોંધેલ ખરીદી | 4000 | 40,000 | અનામત (હવાલા) | 3200 | 60,800 |
| ચૂકવવાનો બાકી ઑફિસ ખર્ચ | | 200 | હાથ પર રોકડ | | 3400 |
| | | | બૅન્ક સિલક | | 5600 |
| | | | મળવાનું બાકી કમિશન | | 2000 |
| | | | લેણીહૂંડી | | 2000 |
| | | | કર્મચારીને આપેલ લોન | | 600 |
| | | **1,63,600** | | | **1,63,600** |

**ઉદાહરણ 5 :** શિવ અને શંકર સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજના નીચે આપેલા કાચા સરવૈયા અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**શિવ અને શંકરની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાંનું નામ | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| **મૂડી અને ઉપાડ :** | | |
| શિવ | 10,000 | 1,00,000 |
| શંકર | 20,000 | 1,20,000 |
| શરૂઆતનો સ્ટૉક | 60,000 | |
| ખરીદી અને વેચાણ | 61,000 | 80,000 |
| આવકમાલ ગાડાભાડું | 20,000 | |
| તોલાઈ | 1000 | |
| પ્રોવિડન્ટ ફંડ અને પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 1000 | 4000 |
| ડેડ સ્ટૉક | 22,000 | |
| પગાર-મજૂરી | 12,000 | |
| શિવની લોન (તા. 1-7-2016થી) | | 20,000 |
| મહાજન લાગો | 2000 | |
| ફેક્ટરીનું મકાન | 1,00,000 | |
| ફેક્ટરીના મકાન પર ઘસારો | 10,000 | |
| વીમા-પ્રીમિયમ | 1200 | |
| અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ | 600 | |
| ડેમરેજ | 200 | |
| રોકડ અને બૅન્ક | 6000 | 18,000 |
| હૂંડીઓ | 30,000 | 14,000 |
| ગ્રાહકો અને વેપારીઓ | 20,000 | 16,000 |
| વ્યવસાયવેરો | 1000 | |
| ચૂકવવાનો બાકી પગાર | | 1400 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 1400 | 6000 |
| **કુલ સરવાળો** | **3,79,400** | **3,79,400** |

**હવાલાઓ :** (1) આખરસ્ટૉકની કિંમત ₹ 40,000 છે, પરંતુ તેની બજારકિંમત 20 % ઓછી છે. (2) ₹ 1000નો માલ મળ્યો હતો, પરંતુ ખરીદીનું ભરતિયું ખરીદનોંધમાં લખવાનું રહી ગયું છે. (3) ભાગીદારોને મૂડી પર 10 % અને ઉપાડ પર 5 % વ્યાજ વસૂલ કરવાનું છે. (4) ઘાલખાધ અનામત ₹ 3000ની જોગવાઈ કરો તથા દેવાદાર પર વટાવ અનામત 10 % લેખે રાખવાનું છે. (5) શિવે ₹ 1000નો માલ અને શંકરે ₹ 2000નો માલ અંગત વપરાશ માટે લીધો હતો, જેની નોંધ ચોપડે ઉધાર વેચાણ તરીકે વેચાણનોંધમાં થઈ છે. (6) ભાગીદારી કરારનામાની જોગવાઈ પ્રમાણે નુકસાન હોય તોપણ મૂડી પર વ્યાજ ચૂકવવાનું છે.

### શિવ અને શંકરની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 60,000 | વેચાણ | 80,000 | |
| ખરીદી | 61,000 | | – ભૂલથી નોંધેલ ઉપાડ માલ નોંધ | 3000 | 77,000 |
| + નહિ નોંધેલ | 1000 | | આખરસ્ટૉક | | 32,000 |
| | 62,000 | | કાચી ખોટ (ન.નુ. ખાતે લઈ ગયા) | | 43,200 |
| – ઉપાડથી ગયેલ માલ | 3000 | 59,000 | | | |
| (1000 + 2000) | | | | | |
| ફૅક્ટરીના મકાન પર ઘસારો | | 10,000 | | | |
| આવકમાલ ગાડાભાડું | | 20,000 | | | |
| તોલાઈ | | 1000 | | | |
| મહાજન લાગો | | 2000 | | | |
| ડેમરેજ | | 200 | | | |
| | | **1,52,200** | | | **1,52,200** |

### શિવ અને શંકરની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| કાચી ખોટ (વેપાર ખાતેથી લાવ્યા) | | 43,200 | ઘાલખાધ અનામત (સામેથી લાવ્યા) | 1600 |
| **વહીવટી ખર્ચા :** | | | ચોખ્ખી ખોટ (નફા-નુકસાન ફાળવણી | |
| પગાર-મજૂરી | | 12,000 | ખાતે લઈ ગયા) | 59,100 |
| વ્યવસાયવેરો | | 1000 | | |
| વીમા-પ્રીમિયમ | | 1200 | | |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | | 1000 | | |
| **વેચાણ-વિતરણ ખર્ચા :** | | | | |
| વટાવ અનામત | | 1400 | | |
| **નાણાંકીય ખર્ચા :** | | | | |
| શિવની લોન પર વ્યાજ | | 900 | | |
| (6 ટકા લેખે 9 માસનું) | | | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | |
| ઘાલખાધ (કા.સ.) | 1400 | | | |
| + ઘાલખાધ અના. (હવાલા) | 3000 | | | |
| | 4400 | | | |
| – ઘાલખાધ અના. (કા.સ.) | 6000 | | | |
| સામે લઈ ગયા | –1600 | | | |
| | | **60,700** | | **60,700** |

ઉધાર **શિવ અને શંકરની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતે (ચોખ્ખી ખોટ) | | 59,100 | ભાગીદારોનાં મૂડી ખાતે (ઉપાડ પર વ્યાજ) : | | |
| ભાગીદારોનાં મૂડી ખાતે (મૂડી પર વ્યાજ) : | | | શિવ | 500 | |
| શિવ | 10,000 | | શંકર | 1000 | 1500 |
| શંકર | 12,000 | 22,000 | મૂડી ખાતે લઈ ગયા (વહેંચણીપાત્ર ખોટ) : | | |
| | | | શિવ | 39,800 | |
| | | | શંકર | 39,800 | 79,600 |
| | | **81,100** | | | **81,100** |

**શિવ અને શંકરની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | | **બિનચાલુ મિલકતો :** | | |
| **શિવ** | | 1,00,000 | | **કાયમી મિલકતો :** | | |
| + મૂડી પર વ્યાજ | | 10,000 | | ફેક્ટરીનું મકાન | | 1,00,000 |
| | | 1,10,000 | | **ચાલુ મિલકતો :** | | |
| − ખોટ | | 39,800 | | ગ્રાહકો | 20,000 | |
| | | 70,200 | | − ભૂલથી નોંધેલ વેચાણ | 3000 | |
| − ઉપાડ | 10,000 | | | | 17,000 | |
| + માલ ઉપાડ | 1000 | | | − ઘાલખાધ અનામત (હવાલા) | 3000 | |
| + ઉપાડ પર વ્યાજ | 500 | 11,500 | 58,700 | | 14,000 | |
| **શંકર** | | 1,20,000 | | − દેવાદારો પર વટાવ | | |
| + મૂડી પર વ્યાજ | | 12,000 | | અનામત (હવાલા) | 1400 | 12,600 |
| | | 1,32,000 | | લેણીહૂંડી | | 30,000 |
| − ખોટ | | 39,800 | | રોકડ સિલક | | 6000 |
| | | 92,200 | | ડેડ સ્ટૉક | | 22,000 |
| − ઉપાડ | 20,000 | | | આખરસ્ટૉક | | 32,000 |
| + માલ ઉપાડ | 2000 | | | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ | | 600 |
| + ઉપાડ પર વ્યાજ | 1000 | 23,000 | 69,200 | | | |
| **બિનચાલુ દેવાં :** શિવની લોન | | | 20,000 | | | |
| **ચાલુ દેવાં :** | | | | | | |
| પ્રોવિડન્ટ ફંડ | | | 4000 | | | |
| ચૂકવવાનો બાકી પગાર | | | 1400 | | | |
| શિવની લોનનું બાકી વ્યાજ | | | 900 | | | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | | 18,000 | | | |
| વેપારીઓ | | 16,000 | | | | |
| + નહિ નોંધેલ ખરીદી | | 1000 | 17,000 | | | |
| દેવીહૂંડી | | | 14,000 | | | |
| | | | **2,03,200** | | | **2,03,200** |

**ઉદાહરણ 6 :** ગોવિંદ અને ગોપાલ તા. 1-4-2016ના રોજ ભાગીદારી પેઢી શરૂ કરે છે. ભાગીદારોને મૂડી પર 5 % વ્યાજ આપવાનું છે અને ગોપાલને કમિશન આપ્યા બાદ વધતા નફાના 10 % લેખે કમિશન આપવાનું છે. ભાગીદારો નફો-નુકસાન અનુક્રમે 3:2ના પ્રમાણમાં વહેંચે છે. બિનઅનુભવી હિસાબનીશે તૈયાર કરેલા નીચેના વેપાર અને નફા-નુકસાન ખાતાંમાં ઘણી ભૂલો છે. તમને આપેલા વેપાર ખાતું અને નફા-નુકસાન ખાતું, મિલકતો અને દેવાંની યાદી તથા અન્ય માહિતી પરથી સુધારેલા વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું અને નફા-નુકસાન ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| ખરીદી | 2,48,600 | | વેચાણ | 3,32,400 | |
| + માલપરત જમા | 2400 | | – માલ પરત ઉધાર | 600 | 3,31,800 |
| | 2,51,000 | | મળેલ વ્યાજ | 600 | |
| + આખરસ્ટૉક | 50,000 | 3,01,000 | + મળેલો વટાવ | 800 | 1400 |
| મજૂરી | | 11,200 | ચોખ્ખી ખોટ | | 27,200 |
| આવકમાલ ગાડાભાડું | 8000 | | | | |
| – જાવકમાલ ગાડાભાડું | 4000 | 4000 | | | |
| પગાર | | 18,000 | | | |
| ભાડું | | 12,000 | | | |
| ટપાલ ખર્ચ | | 600 | | | |
| પરચૂરણ ખર્ચ | | 1200 | | | |
| ટેલીફોન ખર્ચ | | 1600 | | | |
| ગોવિંદનો ઉપાડ | | 6000 | | | |
| ગોપાલનો ઉપાડ | | 4800 | | | |
| | | **3,60,400** | | | **3,60,400** |

તા. 31-3-2017ના રોજની મિલકતો અને દેવાંની સ્થિતિ નીચે મુજબ છે :

**મિલકતો :** સ્ટૉક ₹ 50,000, દેવાદારો ₹ 1,00,000, ફર્નિચર ₹ 20,000, મકાન ₹ 50,000, હાથ પર રોકડ ₹ 6000, બૅન્કસિલક ₹ 24,000

**દેવાં :** લેણદારો ₹ 40,000, દેવીહૂંડીઓ ₹ 14,000, ગોવિંદની મૂડી ₹ 1,00,000, ગોપાલની મૂડી ₹ 30,000

**હવાલા :** (1) ઘાલખાધ ₹ 2800 માંડી વાળો. (2) દેવાદારો પર 2 % લેખે વટાવ અનામતની જોગવાઈ કરો. (3) ₹ 7200 ઘાલખાધ અનામત રાખો. (4) ફર્નિચર અને મકાન પર 5 % લેખે ઘસારો ગણો.

**જવાબ :** **ગોવિંદ અને ગોપાલની પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું સુધારેલું વેપાર ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| ખરીદી | 2,48,600 | | વેચાણ | 3,32,400 | |
| – માલપરત | 600 | 2,48,000 | – માલપરત | 2400 | 3,30,000 |
| મજૂરી | | 11,200 | આખરનો સ્ટૉક | | 50,000 |
| આવકમાલ ગાડાભાડું | | 8000 | | | |
| નફા-નુકસાન ખાતે (કાચો નફો) | | 1,12,800 | | | |
| | | **3,80,000** | | | **3,80,000** |

ઉધાર **ગોવિંદ અને ગોપાલની પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | કાચો નફો (વેપાર ખાતેથી લાવ્યા) | 1,12,800 |
| પગાર | | 18,000 | મળેલ વ્યાજ | 600 |
| ભાડું | | 12,000 | મળેલ વટાવ | 800 |
| ટપાલ ખર્ચ | | 600 | | |
| પરચૂરણ ખર્ચ | | 1200 | | |
| ટેલીફોન ખર્ચ | | 1600 | | |
| **વેચાણ-વિતરણ ખર્ચા :** | | | | |
| જાવકમાલ ગાડાભાડું | | 4000 | | |
| દેવાદારો પર વટાવ અનામત | | 1800 | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | |
| ઘાલખાધ (હવાલા) | 2800 | | | |
| + ઘાલખાધ અના. (હવાલા) | 7200 | 10,000 | | |
| **ઘસારો :** | | | | |
| ફર્નિચર | 1000 | | | |
| + મકાન | 2500 | 3500 | | |
| નફા-નુકસાન ફાળવણી ખાતે (ચોખ્ખો નફો) | | 61,500 | | |
| | | **1,14,200** | | **1,14,200** |

**ગોવિંદ અને ગોપાલની પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ : | | | નફા-નુકસાન ખાતેથી લાવ્યા (ચોખ્ખો નફો) | 61,500 |
| ગોવિંદ | 5000 | | | |
| ગોપાલ | 1500 | 6500 | | |
| ગોપાલનું કમિશન 10 ટકા | | 5000 | | |
| મૂડી ખાતે (વહેંચણીપાત્ર નફો) | | | | |
| ગોવિંદ | 30,000 | | | |
| ગોપાલ | 20,000 | 50,000 | | |
| | | **61,500** | | **61,500** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| તારીખ | વિગત | ગોવિંદ (₹) | ગોપાલ (₹) | તારીખ | વિગત | ગોવિંદ (₹) | ગોપાલ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | ઉપાડ ખાતે | 6000 | 4800 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 1,00,000 | 30,000 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 1,29,000 | 51,700 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 5000 | 1500 |
| | | | | 31-3-17 | કમિશન ખાતે | – | 5000 |
| | | | | 31-3-17 | ન.નુ. ફાળવણી ખાતે | 30,000 | 20,000 |
| | | **1,35,000** | **56,500** | | | **1,35,000** | **56,500** |

**ગોવિંદ અને ગોપાલની પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| ગોવિંદ | 1,29,000 | | **કાયમી મિલકતો :** | | |
| ગોપાલ | 51,700 | 1,80,700 | ફર્નિચર | 20,000 | |
| **બિનચાલુ દેવાં :** | | – | – ઘસારો | 1000 | 19,000 |
| **ચાલુ દેવાં :** | | | મકાન | 50,000 | |
| લેણદારો | | 40,000 | – ઘસારો | 2500 | 47,500 |
| દેવીહૂંડીઓ | | 14,000 | **ચાલુ મિલકતો :** | | |
| | | | દેવાદારો | 1,00,000 | |
| | | | – ઘાલખાધ (હવાલા) | 2800 | |
| | | | | 97,200 | |
| | | | – ઘાલખાધ અના. (હવાલા) | 7200 | |
| | | | | 90,000 | |
| | | | – દેવાદારો પર વટાવ અના. | 1800 | 88,200 |
| | | | હાથ પર રોકડ | | 6000 |
| | | | બૅન્કસિલક | | 24,000 |
| | | | આખરસ્ટૉક | | 50,000 |
| | | **2,34,700** | | | **2,34,700** |

**ઉદાહરણ 7 :** પારેખ અને મહેતાની ભાગીદારી પેઢીના તા. 31-3-2017ના રોજના નીચે આપેલા કાચા સરવૈયા અને હવાલા પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**પારેખ અને મહેતાનીની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 30,000 | **મૂડી :** | |
| ખરીદી | 4,00,000 | પારેખ | 50,000 |
| દેવાદારો | 1,50,000 | મહેતા | 50,000 |
| રોકડ અને બૅન્ક | 12,000 | લેણદારો | 50,000 |
| ભાડું-કરવેરા | 3000 | વેચાણ | 6,00,000 |
| વીમા-પ્રીમિયમ | 9000 | | |
| પગાર | 42,000 | | |
| આવકમાલ ગાડાભાડું | 18,000 | | |
| જાવકમાલ ગાડાભાડું | 21,000 | | |
| વસૂલાતપાત્ર દાવા | 5000 | | |
| જાહેરાત ઉપલક ખાતે | 9000 | | |
| ફર્નિચર અને ફિટિંગ્સ (પ.કિં.₹ 30,000) | 23,000 | | |
| ઑફિસ-સાધનો (પ.કિં. ₹ 15,000) | 10,000 | | |
| ટેન્ડર ડિપોઝિટ (તા. 1-10-16થી) | 6000 | | |
| લેણીહૂંડીઓ | 6000 | | |
| ઘાલખાધ | 4000 | | |
| વીજળી ખર્ચ | 2000 | | |
| | **7,50,000** | | **7,50,000** |

**હવાલાઓ :** (1) આખરનો સ્ટૉક ₹ 1,05,000નો હતો. (2) ₹ 15,000ની ખરીદી અંગેનું બિલ લેણદારો પાસેથી મળ્યું હતું, જે લખવાનું રહી ગયું છે. (3) વસૂલાતને પાત્ર દાવા સંબંધી વીમા કંપની પાસે ₹ 2000માં પતાવટ થઈ છે. (4) જાહેરાત ઉપલકમાંથી ચાલુ વર્ષના જાહેરાત ખર્ચ પેટે 50 % રકમ માંડી વાળો. (5) ફર્નિચર અને ફિટિંગ્સ તથા ઑફિસ સાધનો પર 5 % લેખે સીધી લીટીની પદ્ધતિથી ઘસારો ગણો. (6) ₹ 1000 વીમા-પ્રીમિયમના અગાઉથી ભરેલા છે. (7) ટેન્ડર ડિપોઝિટ પર 12 %ના દરે વ્યાજ મળવાનું બાકી છે. (8) ગ્રાહક પાસેથી મળેલી ₹ 2000ની લેણીહૂંડી તા. 30-3-2017ના રોજ નકારાઈ, જે અગાઉ બૅન્કમાં વટાવવામાં આવી હતી. (9) દેવાદારો પર 2 % લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

જવાબ : **પારેખ અને મહેતાની પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 30,000 | વેચાણ | 6,00,000 |
| ખરીદી | 4,00,000 | | આખરસ્ટૉક | 1,05,000 |
| + નહિ નોંધેલ | 15,000 | 4,15,000 | | |
| આવકમાલ ગાડાભાડું | | 18,000 | | |
| નફા-નુકસાન ખાતે (કાચો નફો) | | 2,42,000 | | |
| | | **7,05,000** | | **7,05,000** |

ઉધાર **પારેખ અને મહેતાની પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | વેપાર ખાતે (કાચો નફો) | 2,42,000 |
| વીમા-પ્રીમિયમ | 9000 | | ટેન્ડર ડિપોઝિટનું વ્યાજ | 360 |
| − અગાઉથી ભરેલ | 1000 | 8000 | | |
| પગાર | | 42,000 | | |
| વીજળી ખર્ચ | | 2000 | | |
| ભાડું અને કરવેરા | | 3000 | | |
| **વેચાણ-વિતરણના ખર્ચા :** | | | | |
| જાવકમાલ ગાડાભાડું | | 21,000 | | |
| જાહેરાત ઉપલક ખર્ચના 50 % માંડી વાળ્યા | | 4500 | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | |
| વસૂલાતપાત્ર દાવાથી થયેલ નુકસાન | | 3000 | | |
| **ઘસારો :** | | | | |
| ફર્નિચર અને ફિટિંગ્સ | 1500 | | | |
| + ઑફિસ સાધનો | 750 | 2250 | | |
| ઘાલખાધ (કા.સ.) | 4000 | | | |
| + ઘાલખાધ અનામત (હવાલા) | 3040 | 7040 | | |
| મૂડી ખાતે : (વહેંચણીપાત્ર નફો) | | | | |
| પારેખ | 74,785 | | | |
| મહેતા | 74,785 | 1,49,570 | | |
| | | **2,42,360** | | **2,42,360** |

**નોંધ :** મૂડી પર વ્યાજ, ઉપાડ પર વ્યાજ અને ભાગીદારોના અન્ય વ્યક્તિગત (અંગત) વ્યવહારો આપેલા નથી તેથી નફા-નુકસાન ફાળવણી ખાતું તૈયાર કરેલ નથી.

**પારેખ અને મહેતાની પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **કાયમી મિલકતો :** | | |
| પારેખ | 50,000 | | ફર્નિચર અને ફિટિંગ્સ | 23,000 | |
| + વહેંચણીપાત્ર નફો | 74,785 | 1,24,785 | − ઘસારો | 1500 | 21,500 |
| મહેતા | 50,000 | | ઑફિસ સાધનો | 10,000 | |
| + વહેંચણીપાત્ર નફો | 74,785 | 1,24,785 | − ઘસારો | 750 | 9250 |
| **ચાલુ દેવાં :** | | | **ચાલુ મિલકતો :** | | |
| લેણદારો | 50,000 | | દેવાદારો | 1,50,000 | |
| + નહિ નોંધેલ ખરીદી | 15,000 | 65,000 | + નકારાયેલી હૂંડી | 2000 | |
| | | | | 1,52,000 | |
| | | | − ઘાલ.અના. 2 % | 3040 | 1,48,960 |
| | | | ટેન્ડર ડિપોઝિટ | | 6000 |
| | | | જાહેરાત ઉપલક ખાતે | 9000 | |
| | | | − 50 % માંડી વાળ્યા | 4500 | 4500 |
| | | | લેણીહૂંડીઓ | | 6000 |
| | | | આખરસ્ટૉક | | 1,05,000 |
| | | | રોકડ બૅન્ક | 12,000 | |
| | | | + વીમા કંપની પાસેથી મળેલ | 2000 | |
| | | | | 14,000 | |
| | | | − નકારાયેલી હૂંડી | 2000 | 12,000 |
| | | | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ | | 1000 |
| | | | ટેન્ડર ડિપોઝિટનું મળવાનું બાકી વ્યાજ | | 360 |
| | | **3,14,570** | | | **3,14,570** |

**નોંધ :** (1) ફર્નિચર અને ફિટિંગ્સ તથા ઑફિસ-સાધનોની પડતરકિંમત પર સીધી લીટીની પદ્ધતિ મુજબ ઘસારો ગણેલ છે. (2) ટેન્ડર ડિપોઝિટ પર 12 % લેખે 6 માસનું વ્યાજ ગણેલ છે.

**ઉદાહરણ 8 :** રાધા અને મીરા 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું આ પ્રમાણે છે :

### રાધા અને મીરાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું

| વિગત | ઉધાર બાકીઓ (₹) | જમા બાકીઓ (₹) |
|---|---|---|
| **મૂડી ખાતાં :** | | |
| રાધા | – | 20,000 |
| મીરા | – | 10,000 |
| **ચાલુ ખાતાં :** | | |
| રાધા | 5000 | – |
| મીરા | – | 1000 |
| ખરીદી અને વેચાણ | 15,000 | 32,000 |
| લેણું અને દેવું | 16,000 | 9800 |
| મોટરકાર | 12,000 | – |
| માલપરત | 1000 | 500 |
| પરચૂરણ ખર્ચ | 800 | – |
| પ્રોવિડન્ટ ફંડ અને ફંડમાં ફાળો | 200 | 4000 |
| બૅન્ક અને રોકડ | 2500 | 19,847 |
| શરૂઆતનો સ્ટૉક | 9000 | – |
| બૅન્ક વ્યાજ | 142 | – |
| મકાન | 12,950 | – |
| સ્ટેશનરીનો સ્ટૉક (1-4-16) | 200 | – |
| સ્ટેશનરીની ખરીદી | 1000 | – |
| ઘાલખાધ પરત | – | 700 |
| પસ્તીનું વેચાણ | – | 1000 |
| વ્યવસાયવેરો | 800 | – |
| પેટન્ટ | 4000 | – |
| ટ્રેડમાર્ક | 5000 | – |
| આવકમાલ ગાડાભાડું | 200 | – |
| વટાવ | 125 | 325 |
| યંત્રો (ઑફિસના) | 8325 | – |
| યંત્રો પર ઘસારો (ઑફિસના) | 675 | – |
| મોટરકાર પર ઘસારો | 2000 | – |
| નૂર | 350 | – |
| વટાવ અનામત | – | 250 |
| ઘાલખાધ અનામત | – | 1000 |
| પ્રોવિડન્ટ ફંડના રોકાણો | 4000 | – |
| પ્રોવિડન્ટ ફંડના રોકાણોનું વ્યાજ | – | 240 |
| કનૈયાની 9 %ની લોન (1-6-16) | – | 7000 |
| લોન પર વ્યાજ | 315 | – |
| વીમા-પ્રીમિયમ (જેમાંથી ₹ 400નું પ્રીમિયમ તા. 30-6-17ના રોજ પૂરા થતાં વર્ષનું છે.) | 600 | – |
| પગાર અને મજૂરી | 3730 | – |
| ફર્નિચર | 1500 | – |
| ડેડસ્ટૉક | 150 | – |
| ડેમરેજ | 100 | – |
| **કુલ સરવાળો** | **1,07,662** | **1,07,662** |

**હવાલા :** (1) આખરમાલના સ્ટૉકની કિંમત ₹ 15,000 છે. જેમાં 10 % માલની અને 15 % માલની બજારકિંમત, પડતરકિંમત કરતાં અનુક્રમે 12 % અને 20 % ઓછી છે. (2) તા. 31-3-17ના રોજ સ્ટેશનરીનો સ્ટૉક ₹ 500નો હતો. (3) તા. 1-10-2016ના રોજ ₹ 600ની કિંમતનું ફર્નિચર ₹ 400ની કિંમતે કિશનને ઉધાર વેચ્યું હતું. આની નોંધ માલના વેચાણ તરીકે વેચાણનોંધમાં થઈ છે. (4) યંત્રો પર ઘસારાનો દર વધારીને 10 % જેટલો કરો. (5) ફર્નિચર પર 5 % લેખે ઘસારાની જોગવાઈ કરો. (6) દેવાદારોમાંથી ₹ 600 ઘાલખાધ માંડી વાળો અને 5 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો. (7) દેવાદારો પર 2 % લેખે વટાવ અનામતની જોગવાઈ કરો. (8) તા. 1-1-17ના રોજ મીરાએ ₹ 3000નો માલ અંગત વપરાશ માટે લીધો હતો, જેની નોંધ ઉધાર વેચાણ તરીકે થઈ છે. (9) ભાગીદારોની મૂડી પર વાર્ષિક 10 % લેખે વ્યાજ ગણવાનું છે. (10) રાધાને ધંધામાં સક્રિય કામ કરવા બદલ વાર્ષિક ₹ 2000 પગાર આપવાનો છે. તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

જવાબ : **રાધા અને મીરાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 9000 | વેચાણ | 32,000 | |
| ખરીદી | 15,000 | | – વેચાણપરત | 1000 | |
| – ખરીદપરત | 500 | | | 31,000 | |
| | 14,500 | | – ફર્નિચર વેચાણ (કિશન) | 400 | |
| – ઉપાડથી ગયેલ માલ (મીરા) | 3000 | 11,500 | | 30,600 | |
| ડેમરેજ | | 100 | – ભૂલથી નોંધેલ ઉપાડ | 3000 | 27,600 |
| આવકમાલ ગાડાભાડું | | 200 | આખરસ્ટૉક | | 14,370 |
| નૂર | | 350 | | | |
| કાચો નફો (ન.નુ. ખાતે લઈ ગયા) | | 20,820 | | | |
| | | **41,970** | | | **41,970** |

**રાધા અને મીરાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | કાચો નફો (વેપાર ખાતેથી લાવ્યા) | 20,820 |
| વીમા-પ્રીમિયમ | 600 | | મળેલ વટાવ | 325 |
| – અગાઉથી ચૂકવેલ | 100 | 500 | ઘાલખાધ પરત | 700 |
| સ્ટેશનરી ખર્ચ : | | | પસ્તીનું વેચાણ | 1000 |
| શરૂઆતનો સ્ટૉક | 200 | | | |
| + ખરીદી | 1000 | | | |
| | 1200 | | | |
| – આખરસ્ટૉક | 500 | 700 | | |
| વ્યવસાયવેરો | | 800 | | |
| પગાર-મજૂરી | | 3730 | | |
| પરચૂરણ ખર્ચ | | 800 | | |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | | 200 | | |

| | | | | |
|---|---|---|---|---|
| **નાણાકીય ખર્ચા :** | | | | |
| **લોન પર વ્યાજ (કનૈયા) :** | | | | |
| ચૂકવેલ વ્યાજ | 315 | | | |
| + ચૂકવવાનું બાકી | 210 | 525 | | |
| બૅન્ક વ્યાજ | | 142 | | |
| **વેચાણ-વિતરણના ખર્ચા :** | | | | |
| વટાવ (કા.સ.) | 125 | | | |
| + વટાવ અનામત (હવાલા) | 228 | | | |
| | 353 | | | |
| – વટાવ અનામત (કા.સ.) | 250 | 103 | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | |
| **ઘસારો :** | | | | |
| મોટરકાર | 2000 | | | |
| + યંત્રો 675 | | | | |
| + વધારો 225 | 900 | 2900 | | |
| ફર્નિચર : | | | | |
| વેચેલ ફર્નિચર | 15 | | | |
| બાકી રકમ પર ફર્નિ.નો ઘસારો | 45 | 60 | | |
| ફર્નિચર વેચાણ ખોટ | | 185 | | |
| ઘાલખાધ (હવાલા) | 600 | | | |
| + ઘાલખાધ અનામત (હવાલા) | 600 | | | |
| | 1200 | | | |
| – ઘાલખાધ અનામત (કા.સ.) | 1000 | 200 | | |
| ન.નુ. ફાળવણી ખાતે (ચોખ્ખો નફો) | | 12,000 | | |
| | | **22,845** | | **22,845** |

**રાધા અને મીરાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી પર વ્યાજ ખાતે :** | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | 12,000 |
| રાધા | 2000 | | | |
| મીરા | 1000 | 3000 | | |
| રાધાનો પગાર | | 2000 | | |
| ભાગીદારોનાં ચાલુ ખાતે : | | | | |
| (વહેંચણીપાત્ર નફો) (3:2) : | | | | |
| રાધા | 4200 | | | |
| મીરા | 2800 | 7000 | | |
| | | **12,000** | | **12,000** |

ઉધાર **ભાગીદારોનાં ચાલુ ખાતાં** જમા

| તારીખ | વિગત | રાધા (₹) | મીરા (₹) | તારીખ | વિગત | રાધા (₹) | મીરા (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1-4-16 | બાકી આગળ લાવ્યા | 5000 | – | 1-4-16 | બાકી આગળ લાવ્યા | – | 1000 |
| 31-3-17 | ઉપાડ ખાતે (માલ) | – | 3000 | 31-3-17 | મૂડી પર વ્યાજ ખાતે | 2000 | 1000 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 3200 | 1800 | 31-3-17 | પગાર ખાતે | 2000 | – |
| | | | | 31-3-17 | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર નફો) | 4200 | 2800 |
| | | **8200** | **4800** | | | **8200** | **4800** |

**રાધા અને મીરાની પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| રાધા | 20,000 | | **કાયમી મિલકતો : દૃશ્ય મિલકતો :** | | |
| મીરા | 10,000 | 30,000 | ફર્નિચર | 1500 | |
| **ચાલુ ખાતાં :** | | | – વેચાણ | 600 | |
| રાધા | 3200 | | | 900 | |
| મીરા | 1800 | 5000 | – ઘસારો | 45 | 855 |
| **બિનચાલુ દેવાં :** | | | મોટરકાર | | 12,000 |
| કનૈયાની લોન | | 7000 | મકાન | | 12,950 |
| પ્રોવિડન્ટ ફંડ | 4000 | | યંત્રો | 8325 | |
| + વ્યાજ | 240 | 4240 | + ઘસારો (કાચા સરવૈયાનો) | 675 | |
| **ચાલુ દેવાં :** | | | | 9000 | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 19,847 | – ઘસારો 10 % (હવાલાનો) | 900 | 8100 |
| લેણદારો | | 9800 | **અદૃશ્ય મિલકતો :** | | |
| લોનનું વ્યાજ બાકી | | 210 | પેટન્ટ | | 4000 |
| | | | ટ્રેડમાર્ક | | 5000 |
| | | | **રોકાણો :** પ્રોવિડન્ટ ફંડના રોકાણો | | 4000 |
| | | | **ચાલુ મિલકતો :** | | |
| | | | ડેડસ્ટૉક | | 150 |
| | | | માલનો આખરસ્ટૉક | | 14,370 |
| | | | સ્ટેશનરી સ્ટૉક | | 500 |
| | | | દેવાદારો | 16,000 | |
| | | | – ફર્નિચર વેચાણ | 400 | |
| | | | | 15,600 | |
| | | | – મીરાનો ઉપાડ ભૂલથી નોંધેલ | 3000 | |
| | | | | 12,600 | |
| | | | – ઘાલખાધ (હવાલા) | 600 | |
| | | | | 12,000 | |
| | | | – ઘાલખાધ અના. (હવાલા) | 600 | |
| | | | | 11,400 | |
| | | | – વટાવ અનામત 2 % | 228 | 11,172 |
| | | | ફર્નિચર વેચાણના દેવાદારો (કિશન) | | 400 |
| | | | અગાઉથી ચૂકવેલ વીમો | | 100 |
| | | | રોકડ સિલક | | 2500 |
| | | **76,097** | | | **76,097** |

**હવાલાની સમજૂતી :**

**(1) આખર સ્ટૉક :**

**₹ 15,000**

| 10 % | | 15 % | | 75 % |
|---|---|---|---|---|
| | ₹ 1500 | | ₹ 2250 | ₹ 11,250 |
| − 12 % | 180 | − 20 % | 450 | − |
| | ₹ 1320 | | ₹ 1800 | ₹ 11,250 = ₹ 14,370 |

**(2) ફર્નિચર પર ઘસારો અને વેચાણ :**

| | |
|---|---|
| કાચા સરવૈયા મુજબ બાકી | ₹ 1500 |
| − ફર્નિચર વેચાણ | ₹ 600 |
| ફર્નિચરની બાકી | ₹ 900 |

**વેચેલ ફર્નિચર પર ઘસારો અને નુકસાન :**

| | |
|---|---|
| વેચેલ ફર્નિચરની શરૂઆતની બાકી | ₹ 600 |
| − ઘસારો : 6 માસનો 5 % લેખે | ₹ 15 |
| | ₹ 585 |
| − વેચાણકિંમત | ₹ 400 |
| ફર્નિચર વેચાણની ખોટ | ₹ 185 |

(આ રકમ નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુ દર્શાવાશે.)

ફર્નિચરની બાકી ₹ 900 × $\frac{5}{100}$ = ₹ 45 ઘસારો

\+ વેચેલ ફર્નિચર પર ઘસારો ₹ 15

ન.નુ. ખાતાંની ઉધાર બાજુ દર્શાવો ₹ 60

જ્યારે પાકા સરવૈયામાં ફર્નિચરની બાકી રકમમાંથી ₹ 45 બાદ કરો.

**(3) કનૈયાની લોન પર વ્યાજની ગણતરી :**

7000 × $\frac{9}{100}$ × $\frac{10}{12}$ = ₹ 525 કુલ વ્યાજ જેમાંથી

− ચૂકવેલ વ્યાજ ₹ 315

₹ 210 ચૂકવવાનું બાકી વ્યાજ

**(4) યંત્રો પર ઘસારો :**

| | |
|---|---|
| કાચા સરવૈયા મુજબની બાકી | ₹ 8325 |
| + ગણેલ ઘસારો | ₹ 675 |
| ઘસારો ગણ્યો પહેલાંની બાકી | ₹ 9000 |
| − 10 % લેખે ઘસારો | 900 |
| ઘસારા બાદની કિંમત | 8100 |

ઘસારાનો દર = $\frac{675}{9000}$ × 100 = 7.5 %

ઘસારાનો નવો દર = 10 % ∴ 9000નાં 10 %

| | | |
|---|---|---|
| નવો ઘસારો | = 900 | 10 % |
| − જૂનો ઘસારો | = 675 | 7.5 % |
| વસુલ કરવાનો બાકીનો ઘસારો | = 225 | |

| | |
|---|---|
| ગણેલ ઘસારો | ₹ 675 |
| ગણવાનો બાકી | ₹ 225 |
| કુલ ઘસારો | ₹ 900 |

આ રકમ ન.નુ. ખાતાંની ઉધાર બાજુ અને પાકા સરવૈયામાં દર્શાવેલ છે.

**(5)** પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ ફર્નિચર વેચાણના દેવાદાર (કિશન) તરીકે દર્શાવેલ છે.

**ઉદાહરણ 9 :** માહી અને રાહી 6:4ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજના નીચે આપેલા કાચા સરવૈયા અને હવાલા પરથી ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**માહી અને રાહીની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | | રકમ (₹) | જમા બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|---|
| **ઉપાડ :** | | | **મૂડી ખાતાં :** | |
| માહી | 3000 | | માહી | 20,000 |
| રાહી | 2000 | 5000 | રાહી | 12,500 |
| શરૂઆતનો સ્ટૉક | | 1750 | વેચાણ | 2,00,000 |
| ખરીદી | | 1,38,750 | ખરીદપરત | 1250 |
| મુસાફરી ખર્ચ : | | | વટાવ અને કસર | 1250 |
| રાહી | | 3000 | SBI શેરનું ડિવિડન્ડ | 50 |
| સેલ્સમેન | | 5250 | બૅન્ક ખાતે | 3000 |
| પગાર : હિસાબનીશ | | 2500 | લેણદારો | 1250 |
| ઉઘરાણી કારકુન | | 1250 | મિત્ર પાસેથી ઉછીની લીધેલ રકમ | 2500 |
| દુકાનભાડું | | 900 | | |
| દેવાદારો | | 5000 | | |
| લારીભાડું (માલ) | | 7500 | | |
| જાહેરાત ખર્ચ | | 10,000 | | |
| અગાઉથી ચૂકવેલ દુકાનભાડું (1-4-16) | | 75 | | |
| વટાવ અને કસર | | 4250 | | |
| ધર્માદા ખર્ચ | | 10,000 | | |
| આવકવેરો | | 12,500 | | |
| વ્યવસાય વેરો | | 125 | | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટનું વ્યાજ | | 6000 | | |
| બૅન્ક કમિશન | | 250 | | |
| SBIના શેર | | 500 | | |
| સ્થિર મિલકત | | 1250 | | |
| સ્થિર મિલકતનો નિભાવ ખર્ચ | | 500 | | |
| રોકડ સિલક | | 450 | | |
| પાઘડી | | 25,000 | | |
| | | **2,41,800** | | **2,41,800** |

**હવાલાઓ :** (1) ભાગીદારોની મૂડી પર 12 % અને ઉપાડ પર 5 % લેખે વ્યાજ ગણવાનું છે. (2) માહીને વેચાણ પર 3 % લેખે કમિશન આપવાનું છે. (3) રાહીને દર મહિને ₹ 300 ધંધાના હેતુસર મુસાફરી ખર્ચ પેટે આપવાના છે. (4) મિત્ર પાસેથી ઉછીની લીધેલી રકમ પર ₹ 50 વ્યાજ ચૂકવવાનું બાકી છે. (5) દુકાનભાડું તા. 30-4-2017 સુધીના 12 માસનું છે. (6) સ્થિર મિલકત પર 20 % લેખે ઘસારો ગણો. (7) ₹ 250 ઉઘરાણી વસૂલ થઈ શકે તેમ નથી તેવી શંકા છે. (8) આખરમાલનો સ્ટૉક ₹ 19,025 હતો.

**જવાબ : માહી અને રાહીની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | | 1750 | વેચાણ | 2,00,000 |
| ખરીદી | 1,38,750 | | આખરસ્ટૉક | 19,025 |
| − ખરીદપરત | 1250 | 1,37,500 | | |
| માલનું લારીભાડું | | 7500 | | |
| નફા-નુકસાન ખાતે (કાચો નફો) | | 72,275 | | |
| | | **2,19,025** | | **2,19,025** |

**માહી અને રાહીની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **વહીવટી ખર્ચા :** | | | વેપાર ખાતે (કાચો નફો) | 72,275 |
| હિસાબનીશનો પગાર | | 2500 | મળેલ વટાવ - કસર | 1250 |
| વ્યવસાય વેરો | | 125 | SBI શેરનું ડિવિડન્ડ | 50 |
| દુકાનભાડું | 900 | | | |
| + ગત વર્ષે અ.ચૂ.ભાડું (1-4-16) | 75 | | | |
| | 975 | | | |
| − ચાલુ વર્ષે અ.ચૂ.ભાડું (1-4-17) | 75 | 900 | | |
| **વેચાણ-વિતરણ ખર્ચા :** | | | | |
| ઉઘરાણી કારકુન પગાર | | 1250 | | |
| જાહેરાત ખર્ચ | | 10,000 | | |
| સેલ્સમેનનું મુસાફરી ખર્ચ | | 5250 | | |
| વટાવ-કસર | | 4250 | | |
| **અન્ય ખર્ચા-નુકસાન :** | | | | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટનું વ્યાજ | | 6000 | | |
| બૅન્ક કમિશન | | 250 | | |
| સ્થિર મિલકતનો નિભાવ ખર્ચ | | 500 | | |
| મિત્ર પાસેથી ઉછીની લીધેલી રકમ પર વ્યાજ | | 50 | | |
| ધર્માદા ખર્ચ | | 10,000 | | |
| સ્થિર મિલકત ઘસારો | | 250 | | |
| ઘાલખાધ અનામત | | 250 | | |
| આવકવેરો | | 12,500 | | |
| નફા-નુકસાન ફાળવણી ખાતે (ચોખ્ખો નફો) | | 19,500 | | |
| | | **73,575** | | **73,575** |

ઉધાર **માહી અને રાહીની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું નફા-નુકસાન ફાળવણી ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી પર વ્યાજ :** | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | | 19,500 |
| માહી | 2400 | | **ઉપાડ પર વ્યાજ :** | | |
| રાહી | 1500 | 3900 | માહી | 150 | |
| મુસાફરી ખર્ચ : | | | રાહી | 100 | 250 |
| રાહી | 3000 | | | | |
| + ચૂકવવાનું બાકી | 600 | 3600 | | | |
| કમિશન 3 % માહી | | 6000 | | | |
| ભાગીદારોનાં મૂડી ખાતે (વહેંચણીપાત્ર નફો) : | | | | | |
| માહી | 3750 | | | | |
| રાહી | 2500 | 6250 | | | |
| | | **19,750** | | | **19,750** |

ઉધાર **ભાગીદારોનાં મૂડી ખાતાં** જમા

| તારીખ | વિગત | માહી (₹) | રાહી (₹) | તારીખ | વિગત | માહી (₹) | રાહી (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | ઉપાડ ખાતે | 3000 | 2000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 20,000 | 12,500 |
| 31-3-17 | ઉપાડ પર વ્યાજ | 150 | 100 | 31-3-17 | મૂડી પર વ્યાજ | 2400 | 1500 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 29,000 | 15,000 | 31-3-17 | મુસાફરી ખર્ચ | – | 600 |
| | | | | 31-3-17 | કમિશન | 6000 | – |
| | | | | 31-3-17 | ન.નુ. ફાળવણી ખાતે વહેંચણીપાત્ર નફો | 3750 | 2500 |
| | | **32,150** | **17,100** | | | **32,150** | **17,100** |

**માહી અને રાહીની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| માહી | | 29,000 | **કાયમી મિલકતો :** | | |
| રાહી | | 15,000 | **દૃશ્ય મિલકતો :** | | |
| **બિનચાલુ દેવાં :** | | | સ્થિર મિલકત | 1250 | |
| મિત્ર પાસેથી ઉછીની લીધેલી રકમ | | 2500 | – ઘસારો | 250 | 1000 |
| **ચાલુ દેવાં :** | | | **અદૃશ્ય મિલકતો :** પાઘડી | | 25,000 |
| બૅન્ક ખાતે | | 3000 | **રોકાણો :** | | |
| લેણદારો | | 1250 | SBIના શેર | | 500 |
| મિત્ર પાસેથી ઉછીની લીધેલી રકમનું | | | **ચાલુ મિલકતો :** | | |
| બાકી વ્યાજ | | 50 | આખરસ્ટૉક | | 19,025 |
| | | | દેવાદારો | 5000 | |
| | | | – ઘાલખાધ અના. (હવાલા) | 250 | 4750 |
| | | | રોકડ સિલક | | 450 |
| | | | અગાઉથી ચૂકવેલ ભાડું | | 75 |
| | | **50,800** | | | **50,800** |

**નોંધ :** (1) કાચા સરવૈયા મુજબ દુકાન ભાડાની બાકી ₹ 900
+ ગત વર્ષે અગાઉથી ચૂકવેલ ભાડું (1-4-16) ₹ 75

₹ 975

– ચાલુ વર્ષે (30-4-17) અગાઉથી ચૂકવેલ ભાડું ₹ 75
[900 ÷ 12 = 75] ₹ 900

(2) પેઢીનો આવકવેરો ભાગીદારી પેઢીનો ખર્ચ છે, તેથી નફા-નુકસાન ખાતાંમાં ઉધાર બાજુ પર દર્શાવેલ છે.

**ઉદાહરણ 10 :** લાભ અને શુભની ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો નીચે પ્રમાણે છે :

**લાભ અને શુભની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું નફા-નુકસાન ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| વેચેલ માલની પડતર | | 1,16,000 | વેચાણ | 1,96,000 |
| ઑફિસ ખર્ચા | | 20,000 | પરચૂરણ આવક | 2000 |
| વેચાણ ખર્ચા | | 16,000 | | |
| નાણાકીય ખર્ચા | | 4000 | | |
| પરચૂરણ ખર્ચા | | 4000 | | |
| ભાગીદારોનાં મૂડી ખાતે (ચોખ્ખો નફો) | | | | |
| લાભ | 22,800 | | | |
| શુભ | 15,200 | 38,000 | | |
| | | **1,98,000** | | **1,98,000** |

**લાભ અને શુભની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | **બિનચાલુ મિલકતો :** | |
| લાભ | 40,000 | | **દૃશ્ય મિલકતો :** | |
| + ચોખ્ખો નફો | 22,800 | | સ્થિર મિલકતો | 60,000 |
| | 62,800 | | રોકાણો | 12,000 |
| – ઉપાડ | 12,000 | 50,800 | ચાલુ મિલકતો (દેવાદારો સહિત) | 28,000 |
| શુભ | 30,000 | | | |
| + ચોખ્ખો નફો | 15,200 | | | |
| | 45,200 | | | |
| – ઉપાડ | 6000 | 39,200 | | |
| દેવાં | | 8000 | | |
| ઉપલક ખાતું | | 2000 | | |
| | | **1,00,000** | | **1,00,000** |

વાર્ષિક હિસાબો તૈયાર કર્યા પછી માલૂમ પડ્યું કે, (1) મૂડી પર 5 % વ્યાજ ગણવાનું રહી ગયું છે. (2) સ્થિર-મિલકતો પર 10 % લેખે ઘસારો ગણવાનો છે. (3) ભાડું ₹ 200 અગાઉથી ચૂકવ્યું છે. (4) રોકાણો પર ₹ 400 વ્યાજ મળવાનું બાકી છે. (5) ઘાલખાધ અનામત ₹ 600 રાખવાનું છે. (6) વેચાણ ખાતાંનો સરવાળો ₹ 2000 ઓછો ગણ્યો છે. (7) ખરીદી ₹ 800 નોંધવાની બાકી છે. ઉપરની વિગતો પરથી હવાલાનોંધો લખો અને સુધારેલા વાર્ષિક હિસાબો તૈયાર કરો.

હવાલાનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | મૂડી પર વ્યાજ ખાતે...ઉ | | 3500 | |
| | તે લાભના મૂડી ખાતે | | | 2000 |
| | તે શુભના મૂડી ખાતે | | | 1500 |
| | (બા.જે. : ભાગીદારોની મૂડી પર 5 % લેખે વ્યાજ ગણ્યું તેના.) | | | |
| (2) | ઘસારા ખાતે...ઉ | | 6000 | |
| | તે સ્થિર મિલકતો ખાતે | | | 6000 |
| | (બા.જે. : સ્થિર મિલકતો પર 10 % લેખે ઘસારો ગણ્યો તેના.) | | | |
| (3) | અગાઉથી ચૂકવેલ ભાડા ખાતે...ઉ | | 200 | |
| | તે ભાડા ખાતે | | | 200 |
| | (બા.જે. : અગાઉથી ચૂકવેલ ભાડાનો હવાલો તેના.) | | | |
| (4) | રોકાણો પર બાકી વ્યાજ ખાતે...ઉ | | 400 | |
| | તે રોકાણો પર વ્યાજ ખાતે | | | 400 |
| | (બા.જે. : રોકાણો પર બાકી વ્યાજનો હવાલો તેના.) | | | |
| (5) | નફા-નુકસાન ખાતે...ઉ | | 600 | |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 600 |
| | (બા.જે. : ઘાલખાધ અનામતની જોગવાઈ કરી તેના.) | | | |
| (6) | ઉપલક ખાતે...ઉ | | 2000 | |
| | તે વેચાણ ખાતે | | | 2000 |
| | (બા.જે. : વેચાણ ખાતાંનો સરવાળો ઓછો ગણ્યો તેના.) | | | |
| (7) | ખરીદ ખાતે...ઉ | | 800 | |
| | તે લેણદાર ખાતે | | | 800 |
| | (બા.જે. : ખરીદી નોંધવાની બાકીનો હવાલો આપ્યો તેના.) | | | |
| | **કુલ સરવાળો** | | **13,500** | **13,500** |

**લાભ અને શુભની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| વેચેલ માલની પડતર | 1,16,000 | | વેચાણ | 1,96,000 | |
| + નહિ નોંધેલ ખરીદી | 800 | 1,16,800 | + ભૂલસુધારણા ઉપલક ખાતેથી | 2000 | 1,98,000 |
| નફા-નુકસાન ખાતે (કાચો નફો) | | 81,200 | | | |
| | | **1,98,000** | | | **1,98,000** |

### લાભ અને શુભની પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું સુધારેલું નફા-નુકસાન ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| ઑફિસ ખર્ચા | 20,000 | | વેપાર ખાતે (કાચો નફો) | 81,200 |
| – અગાઉથી ચૂકવેલ ભાડું | 200 | 19,800 | પરચૂરણ આવક | 2000 |
| વેચાણ ખર્ચા | | 16,000 | રોકાણોનું બાકી વ્યાજ | 400 |
| નાણાકીય ખર્ચા | | 4000 | | |
| પરચૂરણ ખર્ચા | | 4000 | | |
| સ્થિર મિલકત પર ઘસારો | | 6000 | | |
| ઘાલખાધ અનામત | | 600 | | |
| નફા-નુકસાન ફાળવણી ખાતે (ચોખ્ખો નફો) | | 33,200 | | |
| | | **83,600** | | **83,600** |

### લાભ અને શુભની પેઢીનું તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષનું સુધારેલું નફા-નુકસાન ફાળવણી ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| મૂડી પર વ્યાજ : | | | નફા-નુકસાન ખાતે (ચોખ્ખો નફો) | 33,200 |
| લાભ | 2000 | | | |
| શુભ | 1500 | 3500 | | |
| ભાગીદારોનાં મૂડી ખાતે (વહેંચણીપાત્ર નફો) : | | | | |
| લાભ | 17,820 | | | |
| શુભ | 11,880 | 29,700 | | |
| | | **33,200** | | **33,200** |

### ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| તારીખ | વિગત | લાભ (₹) | શુભ (₹) | તારીખ | વિગત | લાભ (₹) | શુભ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 31-3-17 | ઉપાડ ખાતે | 12,000 | 6000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 40,000 | 30,000 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 47,820 | 37,380 | 31-3-17 | મૂડી પર વ્યાજ | 2000 | 1500 |
| | | | | 31-3-17 | ન.નુ. ફાળવણી ખાતે (વહેંચણીપાત્ર નફો) | 17,820 | 11,880 |
| | | **59,820** | **43,380** | | | **59,820** | **43,380** |

**લાભ અને શુભની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | **બિનચાલુ મિલકતો : દૃશ્ય મિલકતો :** | | |
| લાભ | 47,820 | **સ્થિર મિલકતો :** | 60,000 | |
| શુભ | 37,380 | – ઘસારો 10 % | 6000 | 54,000 |
| | | રોકાણો | | 12,000 |
| દેવાં | 8000 | **ચાલુ મિલકતો :** | | |
| નહિ નોંધેલ ખરીદી | 800 | દેવાદારો | 28,000 | |
| | | – ઘાલખાધ અનામત | 600 | 27,400 |
| | | રોકાણોનું મળવાનું બાકી વ્યાજ | | 400 |
| | | અગાઉથી ચૂકવેલ ભાડું | | 200 |
| | **94,000** | | | **94,000** |

**નોંધ :** (1) વેચાણ ખાતાંનો સરવાળો ₹ 2000 ઓછો ગણ્યો છે, જેથી એક અસર વેચાણમાં ઉમેરો અને બીજી અસર ઉપલક ખાતે ઉધાર થવાથી પાકા સરવૈયામાં દર્શાવેલ ઉપલક ખાતાંની જમા ₹ 2000 સામે સરભર થશે. પરિણામે નવા પાકા સરવૈયામાં ઉપલક ખાતાંની બાકી દર્શાવાશે નહિ. (2) જૂના પાકા સરવૈયામાં ભાગીદારો વચ્ચે વહેંચાયેલો નફો અનુક્રમે ₹ 22,800 અને ₹ 15,200 છે તેથી કુલ નફો ₹ 38,000 થાય. જેના પરથી નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ નીચે મુજબ મળશે :

$\frac{22800}{38000} \times 100 = 60\ \%$

$\frac{15200}{38000} \times 100 = 40\ \%$

$\therefore$ 60:40

$\therefore$ 3:2 મળશે. આ પ્રમાણ મુજબ વહેંચણીપાત્ર નફાની ગણતરી કરેલ છે.

સુધારેલ વહેંચણીપાત્ર નફો ₹ 29,700

લાભનો હિસ્સો $= 29{,}700 \times \frac{3}{5}$

$= 17{,}820$

શુભનો હિસ્સો $= 29{,}700 \times \frac{2}{5}$

$= 11{,}880$ નફા-નુકસાન ફાળવણી ખાતાંમાં દર્શાવેલ છે.

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ભારતમાં ભાગીદારી કાયદો કયા વર્ષથી અમલમાં આવ્યો છે ?

(અ) 1923 (બ) 1932

(ક) 1947 (ડ) 1956

(2) ભાગીદારી કરારમાં જોગવાઈ ન હોય, તો ભાગીદારો વચ્ચે નફો કે નુકસાન કયા પ્રમાણમાં વહેંચાય છે ?

(અ) મૂડીના પ્રમાણમાં (બ) લાભના પ્રમાણમાં

(ક) ત્યાગના પ્રમાણમાં (ડ) સરખા પ્રમાણમાં

(3) વેપાર ખાતાંની જમા બાકી એટલે .......... .

(અ) કાચો નફો (બ) ચોખ્ખો નફો

(ક) કાચી ખોટ (ડ) ચોખ્ખી ખોટ

(4) માલપરત ઉધાર એટલે શું ?

(અ) ખરીદી (બ) ખરીદમાલ પરત

(ક) વેચાણ (ડ) વેચાણમાલ પરત

(5) માલપરત જમા એટલે શું ?

(અ) ખરીદપરત (બ) વેચાણપરત

(ક) ખરીદી (ડ) વેચાણ

(6) બૅન્ક ઓવરડ્રાફ્ટની કઈ બાકી હોય છે ?

(અ) ઉધાર બાકી (બ) જમા બાકી

(ક) ઉધાર અને જમા (ડ) એક પણ નહિ

(7) નફા-નુકસાન ખાતાંની જમા બાકી કાચા સરવૈયામાં આપેલ હોય તો ક્યાં દર્શાવાશે ?

(અ) વેપાર ખાતે (બ) નફા-નુકસાન ખાતે

(ક) નફા-નુકસાન ફાળવણી ખાતે (ડ) મૂડી/ચાલુ ખાતે

(8) નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુ કઈ વિગત દર્શાવાય છે ?

(અ) ઉપાડ પર વ્યાજ (બ) ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ

(ક) ચોખ્ખો નફો (ડ) સામાન્ય અનામત ખાતે લઈ જવાની રકમ

(9) સામાન્ય રીતે ચાલુ ખાતાંની કઈ બાકી હોય છે ?

(અ) ઉધાર (બ) જમા

(ક) ઉધાર કે જમા (ડ) આપેલ પૈકી એક પણ નહિ

(10) ધંધાની આર્થિક પરિસ્થિતિ ............. રજૂ કરે છે.

(અ) કાચું સરવૈયું (બ) વેપાર ખાતું

(ક) પાકું સરવૈયું (ડ) નફા-નુકસાન ખાતું

**2.** ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરવાના હેતુ કે ઉદ્દેશો જણાવો.

**3.** ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરવાની પદ્ધતિ ટૂંકમાં સમજાવો.

**4.** દૃશ્ય અને અદૃશ્ય મિલકતોની યાદી લખો.

**5.** ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરતી વખતે કાચા સરવૈયામાં આપેલી નીચેની બાકીઓ ક્યાં દર્શાવશો ? (1) ઘાલખાધ પરત (2) ફેક્ટરીના મકાન પર ઘસારો (3) મજૂરી અને પગાર (4) પ્રોવિડન્ડ ફંડના રોકાણો (5) દેવીહૂંડી (6) ઉપાડથી ગયેલ માલ (7) માલપરત જમા (8) માલપરત ઉધાર (9) ભાગીદારે પેઢીને આપેલી લોન (10) પ્રોવિડન્ડ ફંડના રોકાણનું વ્યાજ

**6.** ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરતી વખતે નીચેના હવાલાઓની અસરો ક્યાં દર્શાવશો ? (1) સ્ટેશનરીનો આખરસ્ટૉક (2) નહિ નોંધેલ ઉધાર વેચાણ (3) ભાગીદારને ચોખ્ખા નફા પર ચૂકવવાનું કમિશન (4) ભાગીદારે અંગત વપરાશ માટે લીધેલ માલ (5) ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ (6) ભાડાપટે રાખેલ મિલકતમાંથી અમુક રકમ માંડી વાળવામાં આવે (7) મળવાની બાકી આવક (8) અગાઉથી ચૂકવેલ ખર્ચા (9) દેવાદાર પર વટાવ અનામત

7. **નીચે આપેલા હવાલાઓની હવાલાનોંધ લખો :**

(1) આખરસ્ટૉકની કિંમત ₹ 40,000 છે, પરંતુ તેની બજારકિંમત 20 % ઓછી છે.

(2) ₹ 1000 પગારના ચૂકવવાના બાકી છે.

(3) મહેન્દ્રએ પેઢીને આપેલી ₹ 25,000ની લોન પર 10 % લેખે 6 માસનું વ્યાજ ચૂકવવાનું બાકી છે.

(4) ₹ 500નું વ્યાજ અગાઉથી મળેલ છે.

(5) ₹ 5,00,000ના મકાન પર 8 % લેખે 8 માસનો ઘસારો ગણો.

(6) હિસાબી વર્ષના અંતે ધંધામાં સ્ટેશનરીનો સ્ટૉક ₹ 250નો છે.

(7) હિસાબી વર્ષના અંતે ધંધામાં ₹ 50,000ના દેવાદારો છે, જેમાંથી ₹ 4500 ઘાલખાધના માંડી વાળો અને દેવાદારો પર 10 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(8) એક ભાગીદાર ₹ 5000નો માલ ધંધામાંથી અંગત વપરાશ માટે લઈ ગયા જેની નોંધ બાકી છે.

(9) ₹ 3000નો માલ આગથી બળી ગયો. વીમા કંપનીએ 80 % રકમનો દાવો મંજૂર કરેલ છે.

8. બ્રહ્મા અને વિષ્ણુ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું અને હવાલા પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**બ્રહ્મા અને વિષ્ણુની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| **ઉપાડ :** બ્રહ્મા | 5000 | **મૂડી ખાતાં :** બ્રહ્મા | 55,000 |
| વિષ્ણુ | 5000 | વિષ્ણુ | 45,000 |
| ભાડાપટ્ટાનું મકાન | | બ્રહ્માની લોન (તા. 1-7-2016થી) | 50,000 |
| (તા. 1-4-16થી 10 વર્ષ માટે) | 60,000 | મળેલ વટાવ | 400 |
| મશીનરી (ઑફિસ) | 50,000 | લેણદારો | 25,000 |
| આપેલ વટાવ | 350 | કમિશન | 2500 |
| દેવાદારો | 40,000 | દેવીહૂંડી | 5000 |
| જાવકમાલ ગાડાભાડું | 1200 | વેપાર ખાતે | 97,250 |
| ફર્નિચર-ફિક્ષ્ચર્સ | 5000 | | |
| પગાર | 7500 | | |
| ઘાલખાધ | 1200 | | |
| લેણીહૂંડી | 20,000 | | |
| વેપાર ખર્ચ | 5900 | | |
| રોકડ સિલક | 6000 | | |
| સ્ટૉક (તા. 31-3-17) | 73,000 | | |
| | **2,80,150** | | **2,80,150** |

**હવાલાઓ :** (1) મશીનરી પર 6 % અને ફર્નિચર-ફિક્ષ્ચર્સ પર 20 % લેખે ઘસારો ગણો. (2) દેવાદારોમાંથી ₹ 500 ઘાલખાધ માંડી વાળો. (3) બ્રહ્મા અને વિષ્ણુને અનુક્રમે ₹ 5000 અને ₹ 4000 વાર્ષિક પગાર આપવાનો છે. (4) ₹ 500 કમિશનના મળવાના બાકી છે. (5) પગારના ₹ 3000 ચૂકવવાના બાકી છે.

**9.** પાર્થિવ અને પ્રિયા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજના કાચા સરવૈયા અને હવાલાઓ પરથી ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**પાર્થિવ અને પ્રિયાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| **ઉપાડ :** પાર્થિવ | 4800 | **મૂડી ખાતાં :** પાર્થિવ | 24,000 |
| પ્રિયા | 3200 | પ્રિયા | 16,000 |
| *ખરીદીની ચોખ્ખી પડતર | 1,06,000 | વેચાણ | 2,00,000 |
| માલસ્ટૉક (તા. 31-3-17) | 28,000 | દેવું | 30,000 |
| લેણું | 48,000 | નમૂના તરીકે વહેંચેલ માલ | 2000 |
| મજૂરી-પગાર | 10,000 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | 14,000 |
| વેપાર ખર્ચ | 16,000 | | |
| મકાન | 50,000 | | |
| ફર્નિચર-ફિટિંગ્સ | 10,000 | | |
| ઑફિસ સાધનો | 4000 | | |
| પેકિંગ સામગ્રી સ્ટૉક | 4000 | | |
| રોકડ સિલક | 2000 | | |
| | **2,86,000** | | **2,86,000** |

***નોંધ :** ખરીદીની ચોખ્ખી પડતર એટલે વ્યવસ્થિત ખરીદી.

**હવાલા :**

(1) મૂડી પર 8 % લેખે અને ઉપાડ પર 12 % લેખે વ્યાજ ગણવાનું છે. પાર્થિવે દર માસના અંતે ₹ 400 અને પ્રિયાએ તા. 1-10-16ના રોજ ઉપાડ કર્યો છે.

(2) ₹ 10,000ના ઉધાર વેચાણની નોંધ કરવાની બાકી છે તથા માર્ચ 2017ની વેચાણનોંધનો સરવાળો ભૂલથી ₹ 2000 વધુ ગણ્યો છે.

(3) ₹ 2000ની વધારાની ઘાલખાધ માંડી વાળો અને 5 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(4) ₹ 4000નું ફિટિંગ્સ નકામું થઈ ગયું છે, જેની ચોપડે નોંધ કરવાની બાકી છે.

(5) એક ગ્રાહકને માલ પૂરો પાડવાનો કરાર પૂરો નહિ કરી શકવા બદલ કોર્ટે ₹ 4000 ચૂકવવાનો દાવો મંજૂર કર્યો છે.

(6) ચૂકવવાની બાકી મજૂરીના ₹ 2000 મજૂરી ખાતે નોંધ્યા છે, પરંતુ ચૂકવવાની બાકી મજૂરી ખાતું કાચા સરવૈયામાં નોંધવાનું રહી ગયું છે.

**10.** લવ અને કુશ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ 60 % નફો 3:2ના પ્રમાણમાં અને બાકીનો નફો 2:1ના પ્રમાણમાં વહેંચે છે. નીચે આપેલા પેઢીના તા. 31-3-17ના રોજના કાચા સરવૈયા અને હવાલા પરથી પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું, ભાગીદારોનાં ચાલુ ખાતાં તથા પાકું સરવૈયું તૈયાર કરો.

**લવ અને કુશની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું**

| વિગત | ઉધાર બાકીઓ (₹) | જમા બાકીઓ (₹) |
|---|---|---|
| લવની મૂડી - ઉપાડ | 40,000 | 1,20,000 |
| કુશની મૂડી - ઉપાડ | 12,000 | 80,000 |
| **ચાલુ ખાતાં :** લવ | – | 8000 |
| કુશ | 12,000 | – |
| નફા-નુકસાન ખાતું | – | 80,000 |
| સ્ટૉક (31-3-2017) | 72,000 | – |
| અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ | 3200 | – |
| મકાન | 1,60,000 | – |
| દેવાદારો અને લેણદારો | 80,000 | 28,000 |
| રોકડ અને બૅન્ક બાકી | 4800 | 20,000 |
| દેવીહૂંડીઓ | – | 14,000 |
| ગીરો લોન | – | 1,00,000 |
| પાઘડી | 40,000 | – |
| બાકી મજૂરી | – | 2800 |
| મળવાનું બાકી ભાડું | 1600 | – |
| અગાઉથી મળેલ કમિશન | – | 800 |
| ઘાલખાધ અનામત | – | 8000 |
| પેટન્ટ્સ | 12,000 | – |
| ફર્નિચર | 24,000 | – |
| | **4,61,600** | **4,61,600** |

**હવાલાઓ :** (1) મૂડી પર 6 % અને ઉપાડ પર 10 % વ્યાજ ગણવાનું છે. (2) ચાલુ ખાતાંની શરૂઆતની બાકી પર 10 % લેખે વ્યાજની જોગવાઈ કરો. (3) કુશને માસિક ₹ 1800 લેખે પગાર ચૂકવવાનો બાકી છે. (4) ઉપરના હવાલાઓ નાખ્યા પછી વધતા નફા પર કુશને 10 % લેખે કમિશન આપવાનું છે.

**11.** સલીમ અને શબાનાની ભાગીદારી પેઢીના કાચા સરવૈયા અને હવાલાઓ પરથી ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો :

**સલીમ અને શબાનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું**

| વિગત | ઉધાર બાકીઓ (₹) | જમા બાકીઓ (₹) |
|---|---|---|
| **મૂડી ખાતાં :** સલીમ | – | 1,60,000 |
| શબાના | – | 1,20,000 |
| **ચાલુ ખાતાં :** શબાના | 10,000 | – |
| સલીમ | – | 40,000 |
| માલનો સ્ટૉક (તા. 31-3-17) | 54,600 | – |
| રોકડ સિલક | 560 | – |
| બૅન્કમાં ચાલુ ખાતે | 14,000 | – |
| SBIની ફિક્સ ડિપોઝિટ | 80,000 | – |
| દેવાદારો-લેણદારો | 36,800 | 24,000 |
| પગાર | 37,000 | – |

| | | |
|---|---|---|
| જમીન-મકાન | 1,20,000 | – |
| યંત્રો (ઑફિસના) | 40,000 | – |
| ફર્નિચર | 10,000 | – |
| વીમા-પ્રીમિયમ | 2000 | – |
| ભાડાપટે લીધેલ મશીનરી (1-4-16થી 5 વર્ષ માટે) | 60,000 | – |
| સ્ટેશનરી-છપામણી | 1200 | – |
| ઘાલખાધ-ઘાલખાધ અનામત | 400 | 2000 |
| જાહેરાત ખર્ચ | 1200 | – |
| મુસાફરી ખર્ચ | 800 | – |
| વેપાર ખાતે | – | 61,800 |
| શબાનાની લોન (1-10-16થી) | – | 60,000 |
| વટાવ અનામત | – | 760 |
| | **4,68,560** | **4,68,560** |

**હવાલાઓ :**

(1) સલીમ ₹ 4000ની મૂળકિંમતનો માલ અંગત વપરાશ માટે લઈ ગયો, પરંતુ તેનું નામું ચોપડે લખાયું નથી.

(2) હિસાબી વર્ષના અંતે ₹ 8000ની કિંમતનો માલ ખરીદ્યો હતો, પરંતુ ચોપડે નોંધવાનો રહી ગયો છે.

(3) અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ₹ 400 છે.

(4) દેવાદારોમાંથી ₹ 800નું લેણું હવે વસૂલ થઈ શકે તેમ નથી. દેવાદારો પર 5 % ઘાલખાધ અનામત રાખો.

(5) દેવાદારો પર વટાવ અનામતની હવે જરૂર નથી.

(6) યંત્રો પર 20 % લેખે તથા ફર્નિચર પર 5 % લેખે ઘસારો ગણો.

**12.** ધારા અને મીરા 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમની ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો નીચે પ્રમાણે છે :

**ધારા અને મીરાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષનું વેપાર ખાતું અને નફા-નુકસાન ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| વેચેલ માલની પડતર | | 4,64,000 | વેચાણ | 7,84,000 |
| ઑફિસ ખર્ચા | | 80,000 | પરચૂરણ આવક | 7000 |
| શો-રૂમનું ભાડું | | 10,000 | ઘાલખાધ-પરત | 1000 |
| પૅકિંગ ખર્ચા | | 12,000 | | |
| ઘાલખાધ | | 8000 | | |
| જાહેરાત ખર્ચ | | 14,000 | | |
| વેચાણ-વિતરણ ખર્ચા | | 20,000 | | |
| નાણાંકીય ખર્ચા | | 6000 | | |
| પરચૂરણ ખર્ચા | | 16,000 | | |
| પગાર | | 8000 | | |
| કરવેરા-વીમો | | 2000 | | |
| ચોખ્ખો નફો : ધારા | 91,200 | | | |
| મીરા | 60,800 | 1,52,000 | | |
| | | **7,92,000** | | **7,92,000** |

**ધારા અને મીરાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **ધારા :** | | | **બિનચાલુ મિલકતો :** | |
| મૂડી | 1,60,000 | | **કાયમી મિલકતો :** | |
| + ચોખ્ખો નફો | 91,200 | | મકાન | 2,40,000 |
| | 2,51,200 | | યંત્રો | 20,000 |
| – ઉપાડ | 48,000 | 2,03,200 | ફર્નિચર | 20,000 |
| **મીરા :** | | | રોકાણો | 24,000 |
| મૂડી | 1,20,000 | | **ચાલુ મિલકતો :** | |
| + ચોખ્ખો નફો | 60,800 | | રોકડ સિલક | 10,000 |
| | 1,80,800 | | બૅન્કસિલક | 25,000 |
| – ઉપાડ | 24,000 | 1,56,800 | લેણીહૂંડી | 5000 |
| લેણદારો | | 32,000 | દેવાદારો | 56,000 |
| દેવીહૂંડી | | 8000 | | |
| | | **4,00,000** | | **4,00,000** |

વાર્ષિક હિસાબો તૈયાર કર્યા પછી માલૂમ પડ્યું કે,

(1) મૂડી પર 5 % વ્યાજ ગણવાનું બાકી રહી ગયું છે.
(2) મકાન પર 10 % લેખે ઘસારો ગણવાનો છે.
(3) પગારના ₹ 400 અગાઉથી ચૂકવ્યા છે.
(4) રોકાણો પર ₹ 800 વ્યાજ મળવાનું બાકી છે.
(5) ઘાલખાધ અનામત ₹ 1200 રાખવાનું છે.
(6) ઉધાર ખરીદી ₹ 1600 નોંધવાનું બાકી છે.

સુધારેલ વેપાર ખાતું, નફા-નુકસાન ખાતું, નફા-નુકસાન ફાળવણી ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરો.

**13.** હર્ષા અને છાયા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. નીચેની માહિતી પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**હર્ષા અને છાયાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રકમ (₹) | જમા બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| ઉપાડ : હર્ષા (1-10-16) | 5000 | મૂડી ખાતાં : હર્ષા | 20,000 |
| છાયા (1-1-17) | 10,000 | છાયા | 30,000 |
| ચાલુ ખાતું : હર્ષા | 6000 | ચાલુ ખાતું : છાયા | 4000 |
| મૂડી પર વ્યાજ : હર્ષા | 700 | ઉપાડ પર વ્યાજ : હર્ષા | 100 |
| છાયા | 1000 | છાયા | 50 |
| યંત્રો (ઑફિસના) | 40,000 | હર્ષાની લોન (1-10-2016થી) | 10,000 |
| લોન પર વ્યાજ | 200 | ભાડું | 12,000 |
| પગાર (માસિક ₹ 1000) | 13,000 | લેણદારો | 5000 |
| છાયાનો પગાર | 5500 | વેપાર ખાતું | 24,700 |
| દેવાદારો | 15,000 | બૅન્ક બાકી | 5450 |
| મળવાનું બાકી ભાડું | 2000 | ચાલુ ખાતાંનું વ્યાજ : હર્ષા | 100 |
| ઘાલખાધ | 1300 | ઉપલક ખાતું | 300 |
| માલસ્ટૉક (31-3-17) | 10,000 | | |
| વીમા-પ્રીમિયમ (જેમાં ₹ 1200 વીમા-પ્રીમિયમ તા. 30-6-17ના રોજ પૂરા થતાં વર્ષનું છે.) | 2000 | | |
| | **1,11,700** | | **1,11,700** |

**હવાલાઓ :**

(1) મૂડી પર 5 %, ઉપાડ પર 6 % અને ચાલુ ખાતાંની શરૂની બાકી પર 10 % વ્યાજ ગણો.

(2) યંત્રો પર 10 % ઘસારો ગણો.

(3) છાયાનો માસિક પગાર ₹ 500 છે.

(4) વેચાણનોંધનો સરવાળો ₹ 300 ઓછો ગણાયો છે.

(5) સામાન્ય અનામત ખાતે ₹ 1700 લઈ જવાના છે.

**14.** ધર્મ અને કર્મ મૂડીના પ્રમાણમાં એક ભાગીદારી પેઢીના નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. નીચેની માહિતી પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**ધર્મ અને કર્મની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકીઓ | રકમ (₹) | જમા બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| ઉપાડ : ધર્મ | 7500 | મૂડી ખાતાં : ધર્મ | 1,40,000 |
| કર્મ | 5000 | કર્મ | 1,20,000 |
| શરૂઆતનો સ્ટૉક | 15,000 | વેચાણ | 1,20,000 |
| ખરીદી | 80,000 | માલપરત ઉધાર | 2000 |
| માલપરત જમા | 3000 | દેવું | 79,000 |
| લેણું | 27,400 | મજૂરીનાં બાકી દેવાં | 700 |
| પગાર (તા. 28-2-17 સુધી) | 13,200 | ધર્મની લોન | 30,000 |
| યંત્રો (ઑફિસના) | 71,760 | મળેલ વટાવ | 6600 |
| યંત્રો પર ઘસારો | 6240 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | 2800 |
| મકાન | 80,000 | ચાલુ ખાતું : કર્મ | 14,000 |
| મજૂરી | 1600 | | |
| વીમા-પ્રીમિયમ | 1800 | | |
| આપેલ વટાવ | 3200 | | |
| લોન પર વ્યાજ | 1200 | | |
| ફર્નિચર | 87,000 | | |
| સ્ટેશનરી ખર્ચ | 7000 | | |
| જાહેરાત ખર્ચ | 36,000 | | |
| રોકડ સિલક | 51,200 | | |
| ચાલુ ખાતુ : ધર્મ | 17,000 | | |
| | **5,15,100** | | **5,15,100** |

**હવાલાઓ :**

(1) આખરસ્ટૉક ₹ 21,000 છે, જેમાં સ્ટેશનરી સ્ટૉક ₹ 2000 સમાયેલ છે.

(2) યંત્રો પર ઘસારાનો દર વધારીને 10 % કરવાનો છે.

(3) ₹ 1000નું ઉધાર વેચાણ ભૂલથી ખરીદપરત નોંધમાં નોંધાયું છે.

(4) જાહેરાત ખર્ચનો $\frac{1}{4}$ ભાગ આવતા વર્ષ ખાતે લઈ જવાનો છે.

**15.** હર્ષ અને યેશાના નીચે દર્શાવેલા કાચા સરવૈયા અને હવાલાઓને ધ્યાનમાં લઈ તેમની પેઢીના તા. 31-3-17ના રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**હર્ષ અને યેશાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાંનું નામ | ઉધાર બાકીઓ (₹) | જમા બાકીઓ (₹) |
|---|---|---|
| મૂડી અને ઉપાડ : | | |
| હર્ષ | 5000 | 35,000 |
| યેશા | 2500 | 15,000 |
| પાઘડી | 5000 | – |
| પેટન્ટ અને ટ્રેડમાર્ક | 2700 | – |
| લેણું અને દેવું | 31,000 | 25,000 |
| માલનાં ખાતાં | 40,000 | 89,250 |
| યંત્રો (ઑફિસના) | 15,000 | – |
| શરૂઆતનો સ્ટૉક | 6000 | – |
| ફર્નિચર | 3000 | – |
| માલપરત ખાતાં | 7500 | 5000 |
| મજૂરી | 4000 | – |
| ફર્નિચરનો ઘસારો | 300 | – |
| સ્ટેશનરી અને છપામણી | 1550 | – |
| મકાન | 46,000 | – |
| કાનૂની ખર્ચ | 6500 | – |
| રોકડ સિલક | 300 | – |
| રેલવેનૂર | 600 | – |
| વીમા-પ્રીમિયમ | 1150 | – |
| હૂંડીઓ | 4000 | 2500 |
| ટપાલ ખર્ચ | 2000 | – |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 1500 | 2000 |
| વટાવ | 750 | 1500 |
| હાથ પર સ્ટૅમ્પ અને ઘાલખાધ પરત | 150 | 1250 |
| HDFCની 12 %ની લોન (1-7-16) | – | 10,000 |
| | **1,86,500** | **1,86,500** |

**હવાલા :**

(1) આખરમાલના સ્ટૉકની મૂળકિંમત ₹ 10,000 છે, જે પૈકી 50 % સ્ટૉકની કિંમત ઉપજી શકે તેમ નથી.

(2) મકાન ખરીદીના કાનૂની ખર્ચા ₹ 4000 કાનૂની ખર્ચમાં સમાયેલ છે.

(3) દેવાદારો પર 5 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(4) ફર્નિચર પર 10 % અને મકાન પર 5 % ઘસારો ગણો.

(5) પેટન્ટ અને ટ્રેડમાર્કનો $\frac{1}{3}$ ભાગ માંડી વાળવાનો છે.

**16.** નીલા અને શીલા મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. નીચે દર્શાવેલા કાચા સરવૈયા અને હવાલાઓને ધ્યાનમાં લઈ પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**નીલા અને શીલાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાંનું નામ | ઉધાર બાકીઓ (₹) | જમા બાકીઓ (₹) |
|---|---|---|
| નીલાની મૂડી અને ઉપાડ | 20,000 | 1,00,000 |
| શીલાની મૂડી અને ઉપાડ | 14,000 | 50,000 |
| વેપારીઓ અને ગ્રાહકો | 90,000 | 60,000 |
| માલપરત | 2000 | 3000 |
| હૂંડીઓ | 15,000 | 20,800 |
| રોકડ અને બૅન્ક | 1000 | 14,000 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 400 | 1300 |
| ખરીદી અને વેચાણ | 1,40,000 | 2,60,500 |
| મજૂરી અને મજૂરીનાં બાકી દેવાં | 35,000 | 2000 |
| મશીનરી (ઑફિસ) | 36,500 | – |
| મશીનરીનો ઘસારો | 3500 | – |
| ફર્નિચર | 12,000 | – |
| શરૂઆતનો સ્ટૉક | 46,100 | – |
| અગાઉથી ચૂકવેલ વીમો | 200 | – |
| પગાર | 23,000 | – |
| વીમા-પ્રીમિયમ | 2000 | – |
| ભાડું અને કરવેરા | 12,000 | – |
| જાહેરાત ખર્ચા | 2900 | – |
| પાઘડી | 72,000 | – |
| ભાડાપટાનું મકાન (તા. 1-10-14થી પાંચ વર્ષ માટે) | 14,000 | – |
| લીલાની 8 %ની લોન (તા. 1-11-16) | – | 30,000 |
| **કુલ સરવાળો** | **5,41,600** | **5,41,600** |

**હવાલા :**

(1) આખરસ્ટૉક ₹ 1,10,000 છે, જેની બજારકિંમત 20 % વધુ છે.

(2) ભાગીદારોને મૂડી પર વાર્ષિક 6 % લેખે વ્યાજ ચૂકવવાનું છે.

(3) ભાગીદારો પાસેથી ઉપાડ પર વ્યાજ વસૂલ કરવાનું છે : નીલા ₹ 900, શીલા ₹ 600.

(4) દેવાદારો પર 5 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(5) હિસાબી વર્ષના અંતે ચૂકવવાના બાકી ખર્ચા આ મુજબ છે : ભાડું ₹ 300, પગાર ₹ 950.

(6) મશીનરી પર 10 % અને ફર્નિચર પર 5 % ઘસારો ગણો.

**17.** મન અને મોહન 1:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. નીચે દર્શાવેલા કાચું સરવૈયું અને હવાલાઓને ધ્યાનમાં લઈ તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**મન અને મોહનની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાંનું નામ | ઉધાર બાકી (₹) | જમા બાકી (₹) |
|---|---|---|
| મૂડી અને ઉપાડ : | | |
| મન | 3000 | 2,80,000 |
| મોહન | 4500 | 2,20,000 |
| ખરીદી-વેચાણ | 80,000 | 1,20,000 |
| જાહેરાત ખર્ચ | 7000 | – |
| જાવકમાલ ગાડાભાડું | 850 | – |
| યંત્રો (ઑફિસ) | 1,50,000 | – |
| ઑફિસનાં યંત્રોની ખરીદી (1-4-16) | 40,000 | – |
| મકાન | 2,50,000 | – |
| ઑફિસ પગાર | 15,000 | – |
| ગ્રાહકો-વેપારીઓ | 25,000 | 35,000 |
| માલ પરત | 16,000 | 14,000 |
| તોલાઈ | 450 | – |
| મનની લોન | – | 10,000 |
| આવકમાલ ગાડાભાડું | 1300 | – |
| માલસ્ટૉક (1-4-16) | 42,000 | – |
| વેપાર ખર્ચ | 1300 | – |
| ચૂકવવાની બાકી મજૂરી અને મજૂરી | 750 | 2600 |
| અગાઉથી ચૂકવેલ કમિશન | 350 | – |
| બૅન્ક ખાતું અને રોકડ ખાતું | 20,700 | 3000 |
| લોન પર વ્યાજ | 400 | – |
| 8 % સરકારી જામીનગીરીમાં રોકાણ | 30,000 | – |
| ચાલુ ખાતાં : | | |
| મન | 8000 | – |
| મોહન | – | 12,000 |
| **કુલ સરવાળો** | **6,96,600** | **6,96,600** |

**હવાલાઓ :**

(1) આખરમાલના સ્ટૉકની કિંમત ₹ 80,000 છે, જેની બજારકિંમત 10 % વધુ છે.

(2) યંત્રો અને મકાન પર 10 % લેખે ઘસારો ગણો.

(3) ₹ 10,000નો એક દેવાદાર નાદાર જાહેર થયો. તેના રિસીવર તરફથી સૂચના મળી કે, તેમની પાસેથી આખરી ડિવિડન્ડ પેટે 50 % રકમ મળશે. ઘાલખાધ અનામત 5 % રાખો.

(4) બૅન્ક ઓવરડ્રાફ્ટ પર 10 % લેખે વ્યાજ ચૂકવવાનું બાકી છે.

(5) ₹ 2000નો માલ, વેચાણમાલ પરત નોંધમાં નોંધવાનો રહી ગયો છે.

**18.** સંત અને મહંત 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજના કાચા સરવૈયા અને હવાલા પરથી ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**સંત અને મહંતની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| ઉપાડ : | | મૂડી ખાતાં : | |
| સંત | 7000 | સંત | 80,000 |
| મહંત | 3000 | મહંત | 40,000 |
| પ્લાન્ટ અને યંત્રો | 33,300 | લેણદારો | 48,000 |
| પ્લાન્ટ-યંત્રોમાં વધારો (તા. 1-7-2016થી) | 24,000 | પ્લાન્ટ-યંત્રોનું વેચાણ (તા. 1-4-16ના | |
| ફર્નિચર-ફિટિંગ્સ | 2560 | ₹ 6900ની ચોપડે કિંમતના) | 4800 |
| દેવાદારો | 64,940 | વેચાણ | 2,68,000 |
| જાહેરાત ખર્ચ | 13,248 | જ્ઞાની પાસેથી લીધેલ 5 %ની લોન | 10,000 |
| રોકડસિલક-બૅન્ક | 8496 | (તા. 1-10-16થી) | |
| ખરીદી | 1,81,168 | કમિશન | 800 |
| ઉત્પાદક મજૂરી | 45,272 | | |
| વીજળી ખર્ચ (કારખાનાં) | 4296 | | |
| ભાડું-કરવેરા (ઑફિસ) | 872 | | |
| ભાડું-કરવેરા (કારખાનાં) | 9384 | | |
| ટેક્નિકલ ખર્ચા | 400 | | |
| શરૂઆતનો સ્ટૉક | 33,696 | | |
| ફેક્ટરીના ખર્ચા | 1780 | | |
| ઑફિસ પગાર | 8780 | | |
| આપેલ વટાવ | 4800 | | |
| આવકમાલ ગાડાભાડું | 1700 | | |
| ઘાલખાધ | 836 | | |
| ઑફિસ ખર્ચા | 2072 | | |
| | **4,51,600** | | **4,51,600** |

**હવાલાઓ :**

(1) તા. 31-3-17ના રોજનો માલ સ્ટૉક ₹ 85,500 હતો.

(2) પ્લાન્ટ-યંત્રો પર 15 % અને ફર્નિચર-ફિટિંગ્સ પર 7.5 % લેખે ઘસારો ગણો.

(3) દેવાદારો પર ₹ 2000 ઘાલખાધ અનામત રાખો.

(4) ભાગીદારોને મૂડી પર 6 % વ્યાજ આપવાનું છે.

(5) ચૂકવવાના બાકી ખર્ચા : ઉત્પાદક મજૂરી ₹ 784, જાહેરાત ખર્ચ ₹ 312, ઑફિસ પગાર ₹ 400, ટેક્નિકલ ખર્ચા ₹ 320.

**19.** જય અને પ્રફુલ્લા સરખા પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તા. 31-3-17ના રોજના કાચા સરવૈયા અને વધારાની વિગતો પરથી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

**જય અને પ્રફુલ્લાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાંનું નામ | ઉધાર બાકી (₹) | જમા બાકી (₹) |
|---|---|---|
| **મૂડી અને ઉપાડ :** જય | 12,000 | 1,00,000 |
| પ્રફુલ્લા | 16,000 | 1,40,000 |
| **ચાલુ ખાતાં :** જય | 12,000 | – |
| પ્રફુલ્લા | – | 4000 |
| માલસ્ટૉક (તા. 1-4-16) | 60,000 | – |
| ખરીદી અને વેચાણ | 2,00,000 | 3,80,000 |
| માલ પરત | 7000 | 12,000 |
| રોકડ અને બૅન્ક | 3700 | 15,750 |
| હૂંડીઓ | 18,000 | 14,000 |
| ભાડું (ફેબ્રુઆરી 2017 સુધીનું) | 22,000 | – |
| મકાન | 1,20,000 | – |
| મકાન પર ચાલુ વર્ષનો ઘસારો | 12,000 | – |
| રેલવેનૂર | 5300 | – |
| ફર્નિચર | 84,600 | – |
| ફર્નિચરનું વેચાણ (1-4-16) | – | 14,600 |
| દેવાદારો અને લેણદારો | 48,000 | 16,800 |
| પગાર | 20,000 | – |
| વીમા-પ્રીમિયમ (તા. 30-6-17ના રોજ પૂરા થતાં વર્ષના ₹ 3600 સહિત) | 5700 | – |
| ઘાલખાધ અને ઘાલખાધ પરત | 1000 | 2000 |
| પ્રફુલ્લાની લોન (તા. 1-10-16થી) | – | 20,000 |
| વેતન (મજૂરી) | 11,000 | – |
| વટાવ | 650 | 850 |
| વેપાર ખર્ચા | 1050 | – |
| જાહેરાત ખર્ચ | 8000 | – |
| ઑફિસનાં યંત્રો (તા. 31-12-16ના રોજ વધારો ₹ 12,000) | 52,000 | – |
| | **7,20,000** | **7,20,000** |

**હવાલા :** (1) આખરસ્ટૉકની ચોપડે કિંમત ₹ 60,000 છે, જેના 10 % માલની બજારકિંમત 20 % ઓછી છે, 20 % માલની બજારકિંમત 10 % ઓછી છે, જ્યારે બાકીના ₹ 42,000ના માલની કિંમત 25 % ઓછી આંકવામાં આવી છે. (2) મૂડી પર 10 %, ચાલુ ખાતાંની બાકી પર 9 % અને ઉપાડ પર 12 % લેખે વ્યાજ ગણવાનું છે. (3) જયને માસિક પગાર ₹ 700 લેખે આપવાનો છે, જેમાં 4 માસનો પગાર તેમણે ઉપાડી લીધો છે, જેનો સમાવેશ પગારમાં થયો છે. (4) તા. 1-1-17ના રોજ પ્રફુલ્લા વધારાની મૂડી તરીકે ₹ 20,000 લાવ્યા છે. (5) જયે દર માસની આખર તારીખે ₹ 1000નો ઉપાડ કર્યો છે, જ્યારે પ્રફુલ્લાએ તા. 1-10-2016ના રોજ ઉપાડ કર્યો છે. (6) યંત્રો પર 9 % તથા ફર્નિચર પર 5 % લેખે ઘસારો ગણવાનો છે. (7) પ્રફુલ્લા તા. 1-12-2016ના રોજ અંગત વપરાશ માટે ₹ 2000નો માલ લઈ ગયેલ, જેની વેચાણનોંધમાં ₹ 2400થી નોંધ થઈ ગઈ છે. (8) ₹ 2400નો એક દેવાદાર નાદાર જાહેર થતાં તેમની પાસેથી રૂપિયા 40 પૈસા ડિવિડન્ડ મળી શકે તેમ છે.

●

# 3

# પાઘડીનું મૂલ્યાંકન
# (Valuation of Goodwill)

| | | | |
|---|---|---|---|
| 1. | પ્રસ્તાવના | 5. | પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિઓ |
| 2. | પાઘડીનો અર્થ | 6. | વિશિષ્ટ ઉદાહરણ |
| 3. | પાઘડીના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો | – | સ્વાધ્યાય |
| 4. | પાઘડીના મૂલ્યાંકનની જરૂરિયાત | | |

## 1. પ્રસ્તાવના (Introduction)

વ્યવહારમાં સંજોગો પ્રમાણે ભાગીદારીનું પુનર્ગઠન થાય છે. પુનર્ગઠન વખતે મિલકતો અને દેવાનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે. મિલકતો અને દેવાના પુનઃમૂલ્યાંકનની સાથે પાઘડીની કિંમત નક્કી કરવાનો પ્રશ્ન પણ ઉદ્ભવે છે. આ પ્રકરણમાં પાઘડી અને તેને લગતી વિવિધ બાબતોનો અભ્યાસ કરીશું.

પેઢી પાસે મુખ્યત્વે બે પ્રકારની મિલકતો હોય છે : (1) બિનચાલુ મિલકતો અને (2) ચાલુ મિલકતો.

બિનચાલુ મિલકતોમાં અદૃશ્ય મિલકતો, કાયમી મિલકતો અને લાંબા ગાળાનાં રોકાણોનો સમાવેશ થાય છે. અદૃશ્ય મિલકતોમાં પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક, કૉપીરાઇટ વગેરેનો સમાવેશ થાય છે. આવી મિલકતો જોઈ શકાતી નથી પરંતુ બજારમાં તેનું મૂલ્ય હોય છે. પાઘડી પણ એવી અદૃશ્ય મિલકત છે કે જે જોઈ શકાતી નથી પરંતુ તેનું મૂલ્ય હોય છે.

વર્ષો પહેલાં જે ધંધાની સ્થાપના કરી હોય તે ધંધામાં સમય જતાં બજારમાં તેના નામ, પ્રતિષ્ઠા અને સારા સંબંધો-જોડાણો, સંપર્કોનો લાભ તેના ધંધાને મળે છે. જેમાંથી પાઘડીનો ખ્યાલ ઉદ્ભવે છે.

## 2. પાઘડીનો અર્થ (Meaning of Goodwill)

સરળ શબ્દોમાં કહીએ તો, ''પાઘડી એ ધંધાની બજારમાં પ્રતિષ્ઠાનું મૂલ્ય દર્શાવતી અદૃશ્ય મિલકત છે.''

અપેક્ષિત નફા કરતાં વધુ નફો કમાવવાની ધંધાની પ્રતિષ્ઠાના મૂલ્યને પાઘડી તરીકે ઓળખવામાં આવે છે.

જે પેઢી પોતાની પ્રતિષ્ઠા, ખાસ પ્રકારના સ્થિર ગ્રાહક વર્ગ અને અન્ય કારણોસર સામાન્ય પેઢીઓ કરતાં વધુ નફો કમાવવાની ક્ષમતા ધરાવે છે, તે પેઢી પાઘડી ધરાવે છે તેમ કહી શકાય. પાઘડીના મૂલ્યનો આધાર પેઢીની નફો કમાવવાની ક્ષમતા પર રહેલો છે. ખોટ હોય તે ધંધામાં પાઘડી અસ્તિત્વમાં હોય નહિ. પાઘડી પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ બિનચાલુ મિલકતોના મથાળા હેઠળ અદૃશ્ય મિલકત તરીકે દર્શાવાય છે.

## 3. પાઘડીના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો (Factors Affecting Valuation of Goodwill)

પાઘડીના મૂલ્યનો આધાર પેઢીનો નફો કમાવવાની ક્ષમતા પર રહેલો છે. ધંધાના નફાને ધંધાનું સ્થળ, ધંધાની મુદત, ધંધાનો પ્રકાર, ધંધામાં હરીફાઈ વગેરે પરિબળો અસર કરે છે. આથી પાઘડીના મૂલ્યાંકનને પણ આવા જ જુદાં જુદાં પરિબળો અસર કરતાં હોય છે. પાઘડીના મૂલ્યાંકનને મુખ્યત્વે નીચેના પરિબળો અસર કરતાં હોય છે.

**(1) ધંધાનું સ્વરૂપ :** જે પેઢી દ્વારા અપેક્ષિત નફા કરતાં વધુ નફો કમાવવાની શક્તિ વધુ મૂલ્યવૃદ્ધિવાળી વસ્તુના ઉત્પાદનના કારણે હોય, સ્થિર વેચાણમાં વધુ નફાનો ગાળો ધરાવવાનાં કારણે હોય અથવા અન્ય કોઈ કારણોસર વધુ નફો હોય ત્યાં પાઘડી અસ્તિત્વ ધરાવે છે.

**(2) ધંધાનું સ્થળ :** ઘણીવાર ધંધો કયા સ્થળે આવેલો છે તેના પર નફો કમાવવાનો આધાર હોય છે. જો ધંધો મુખ્ય સ્થળે આવેલો હોય કે જ્યાં તે વસ્તુના ગ્રાહકો વધુમાં વધુ આવતા હોય તો તે ધંધામાં કમાણી વધુ થાય છે. આવા મોકાના સ્થળે આવેલ ધંધાની પાઘડી વધુ હોય છે. આમ ધંધાનું સ્થળ પણ પાઘડીના મૂલ્યને અસર કરે છે.

**(3) ધંધાનાં વર્ષો (મુદત) :** સામાન્ય રીતે ધંધો જેટલો જૂનો હોય તેટલી તેની બજારમાં પ્રતિષ્ઠા વધુ હોય છે. કારણ કે ઘણા ગ્રાહકો તેનાથી પરિચિત હોય છે અને પેઢી સાથેના તેમના સંબંધો ખૂબ જ જૂના તથા ગાઢ હોય છે. પરિણામે આવા ધંધાની પાઘડી વધુ હોય છે. આમ ધંધાનાં વર્ષો પણ પાઘડીના મૂલ્યને અસર કરે છે.

**(4) બજારની સ્થિતિ :** જે ધંધાની બજારમાં ઈજારાશાહી હોય અથવા મર્યાદિત હરીફાઈ હોય તેવા ધંધામાં નફો વધુ હોય છે. આથી આવા ધંધામાં પાઘડીનું મૂલ્ય વધુ હોય છે. આમ ધંધાની બજારમાં કેવી સ્થિતિ છે, તેના પર પણ પાઘડીના મૂલ્યનો આધાર રહેલો હોય છે.

**(5) સંચાલકોની કાર્યક્ષમતા :** કાર્યક્ષમ સંચાલનના કારણે પેઢીની ઉત્પાદકતામાં વધારો થાય છે અને પડતરમાં ઘટાડો થાય છે. જેના કારણે ધંધાનો નફો વધે છે. જે પાઘડીના મૂલ્યવધારાનું કારણ બને છે.

**(6) અન્ય ખાસ લાભ :** જ્યારે પેઢી પાસે કોઈ ખાસ પ્રકારનો લાભ હોય અને જેના કારણે તેનો નફો કમાવવાની ક્ષમતા વધારે હોય ત્યારે પણ પાઘડી અસ્તિત્વમાં છે એમ કહી શકાય. દા.ત. પેઢી પાસે કોઈ લાઈસન્સ, પેટન્ટ કે ટ્રેડમાર્ક હોય, જેના ઉપયોગને લીધે પેઢી વધુ નફો કમાઈ શકે તેમ હોય કે કમાતી હોય તો તે પેઢીની પાઘડીની કિંમત વધુ આંકી શકાય.

ઉપર દર્શાવેલ પરિબળો ઉપરાંત વેચાણ પછીની સેવાઓ, પેઢીની ભૂતકાળની સિદ્ધિઓ, સારા મજૂર સંબંધો જેવા પરિબળો નફા વધારાનું કારણ બને છે. જેના કારણે પાઘડીનું અસ્તિત્વ ઊભું થાય છે.

## 4. પાઘડીના મૂલ્યાંકનની જરૂરિયાત (Necessity for Goodwill Valuation)

સામાન્ય રીતે પાઘડીના મૂલ્યાંકનની જરૂરિયાત ધંધાના વેચાણ વખતે ઉદ્ભવે છે. કંપની સ્વરૂપમાં સંયોજન કે સમાવેશ થાય ત્યારે પાઘડીના મૂલ્યાંકનની જરૂરિયાત ઉદ્ભવે છે, જ્યારે ભાગીદારી પેઢીના કિસ્સામાં નીચેના સંજોગોમાં પાઘડીના મૂલ્યાંકનની જરૂરિયાત ઉદ્ભવે છે.

(1) વર્તમાન ભાગીદારોના નફા-નુકસાન ફાળવણી/વહેંચણીના પ્રમાણમાં ફેરફાર કરવામાં આવે ત્યારે

(2) નવા ભાગીદારનો પ્રવેશ થાય ત્યારે

(3) વર્તમાન ભાગીદારમાંથી કોઈ ભાગીદાર નિવૃત્ત થાય ત્યારે

(4) વર્તમાન ભાગીદારોમાંથી કોઈ ભાગીદારનું મૃત્યુ થાય ત્યારે

(5) ભાગીદારી પેઢીનું કંપનીમાં રૂપાંતર થાય ત્યારે

(6) ભાગીદારી પેઢીનું સંયોજન થાય

સંયોજન એટલે બે ભાગીદારી પેઢી ભેગી થઈને કોઈ નવી પેઢી શરૂ કરે ત્યારે

## 5. પાઘડીના મૂલ્યાંકનની પદ્ધતિઓ (Methods of Goodwill Valuation)

પાઘડી એ અદૃશ્ય મિલકત હોવાથી તેનું મૂલ્ય નક્કી કરવાની ખાસ પદ્ધતિઓ છે. પાઘડીના મૂલ્યાંકનનો આધાર પેઢી કે ધંધાની નફો કમાવવાની ક્ષમતા પર રહેલો છે. પેઢી કે ધંધાની ભવિષ્યમાં નફો કમાવવાની ક્ષમતા એટલે કે ભવિષ્યમાં કેટલો નફો જળવાઈ રહેશે તેના પર રહેલો છે. જોકે ભવિષ્યમાં જળવાઈ રહે તેવો નફો નક્કી કરતી વખતે આધાર તરીકે પાછલાં વર્ષોનો નફો લેવામાં આવે છે. પાઘડીનું મૂલ્ય નક્કી કરવા માટે જુદી જુદી પદ્ધતિઓ છે. સામાન્ય રીતે પાઘડીના મૂલ્યાંકન માટે નીચેની જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે :

(1) સરેરાશ નફાની પદ્ધતિ

(2) ભારિત સરેરાશ નફાની પદ્ધતિ

(3) અધિક નફાની પદ્ધતિ

(4) નફાના મૂડીકરણની પદ્ધતિ

**(1) સરેરાશ નફાની પદ્ધતિ (Average Profit Method) :** આ પદ્ધતિમાં પાછલાં અમુક વર્ષોના નફાની સરેરાશ ધ્યાનમાં લેવામાં આવે છે. આ સરેરાશને નક્કી થયેલાં વર્ષો સાથે ગુણાકાર કરીને પાઘડીની કિંમત (મૂલ્ય) નક્કી કરવામાં આવે

છે. અહીંયા એવી ધારણા કરવામાં આવે છે કે આટલો નફો કમાતા અમુક વર્ષ લાગશે. આથી ધંધો ખરીદનાર સરેરાશ નફાના અમુક વર્ષ જેટલી પાઘડીનું મૂલ્ય ચૂકવવા તૈયાર થાય છે. સામાન્ય રીતે સરેરાશ નફો કમાતા જેટલો સમય લાગતો હોય તેટલા સમયના વર્ષ અને સરેરાશ નફાના ગુણાકારને પાઘડી તરીકે ઓળખવામાં આવે છે. સરેરાશ નફા અને પાઘડીની ગણતરીનું સૂત્ર નીચે મુજબ છે :

(1) $\text{સરેરાશ નફો} = \frac{\text{આપેલ વર્ષોનો કુલ નફો}}{\text{વર્ષોની સંખ્યા}}$

(2) પાઘડી = સરેરાશ નફો × ખરીદીનાં વર્ષો (નક્કી કરેલાં વર્ષો)

દા.ત., છેલ્લાં 5 વર્ષનો સરેરાશ નફો ₹ 1,20,000 છે. નવો ધંધો શરૂ કરનારને વાર્ષિક ₹ 1,20,000 નફો કમાવવા માટે 3 વર્ષ લાગતા હોય તો આ પદ્ધતિમાં પાઘડી ₹ 1,20,000 × 3 = 3,60,000 કહેવાય. આમ નવો ધંધો ખરીદનારને જે નફો ત્રણ વર્ષ પછી મળવાનો હોય તે નફો આજથી મળવાનું શરૂ થઈ જાય છે.

**ઉદાહરણ 1 :** નીચેની માહિતી પરથી નિલેશ અને નિકુંજની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત પેઢીનાં છેલ્લાં 5 વર્ષના સરેરાશ નફાની 3 વર્ષની ખરીદીના આધારે ગણવાની છે. છેલ્લાં 5 વર્ષના નફાની માહિતી નીચે મુજબ છે :

| **વર્ષ** | **નફો (₹)** |
|---|---|
| 2011-12 | 2,00,000 |
| 2012-13 | 2,10,000 |
| 2013-14 | 1,90,000 |
| 2014-15 | 2,15,000 |
| 2015-16 | 2,20,000 |

**જવાબ :**

| **વર્ષ** | **નફો (₹)** |
|---|---|
| 2011-12 | 2,00,000 |
| 2012-13 | 2,10,000 |
| 2013-14 | 1,90,000 |
| 2014-15 | 2,15,000 |
| 2015-16 | 2,20,000 |
| **કુલ** | **10,35,000** |

$\text{સરેરાશ નફો} = \frac{\text{કુલ નફો}}{\text{વર્ષોની સંખ્યા}}$

$= \frac{10,35,000}{5}$

**સરેરાશ નફો = ₹ 2,07,000**

પાઘડી = સરેરાશ નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા

= ₹ 2,07,000 × 3

**પાઘડી = ₹ 6,21,000**

**ઉદાહરણ 2 :** હસુ અને વાસુ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તેને બદલીને 1:1 કરવા માંગે છે. તેથી પાઘડીનું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું છે. નીચેની માહિતી પરથી ભાગીદારી પેઢીની પાઘડીનું મૂલ્ય નક્કી કરો. ભાગીદારી કરાર મુજબ પાઘડીની રકમ છેલ્લાં 4 વર્ષના સરેરાશ નફાની 5 વર્ષની ખરીદીને આધારે નક્કી કરવાની છે.

| વર્ષ | નફો/ખોટ (₹ માં) |
|---|---|
| 2012-13 | 1,00,000 |
| 2013-14 | 1,20,000 |
| 2014-15 | (40,000) |
| 2015-16 | 60,000 |

**જવાબ :** અહીંયા 2014-15ના વર્ષમાં ખોટ થયેલ છે. સરેરાશ નફાની ગણતરી કરતી વખતે આ ખોટ પણ ધ્યાનમાં લેવી પડે છે.

**નોંધ :** (   )માં દર્શાવેલ રકમ '–' એટલે કે ખોટ દર્શાવે છે. હિસાબોમાં જ્યારે પણ (   )માં રકમ દર્શાવાય ત્યારે '–' કહેવાય.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 1,00,000 |
| 2013-14 | 1,20,000 |
| 2014-15 | (40,000) |
| 2015-16 | 60,000 |
| **કુલ** | **2,40,000** |

$$\text{સરેરાશ નફો} = \frac{\text{કુલ નફો}}{\text{વર્ષોની સંખ્યા}}$$

$$= \frac{2,40,000}{4}$$

**સરેરાશ નફો = ₹ 60,000**

પાઘડી = સરેરાશ નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા

= ₹ 60,000 × 5

**પાઘડી = ₹ 3,00,000**

સાદી સરેરાશ પદ્ધતિમાં પાઘડીની ગણતરીમાં એવી ધારણા કરવામાં આવે છે કે નજીકના ભવિષ્યમાં નફામાં સમગ્ર રીતે કોઈ ફેરફાર થશે નહિ. આ પદ્ધતિમાં નફાના વધતા કે ઘટતા વલણને ધ્યાનમાં લેવામાં આવતું નથી. આ ઉપરાંત ધંધામાં રોકાયેલી મૂડીને પણ ધ્યાનમાં લેવામાં આવતી નથી. આ ખામીઓ દૂર કરવા માટે જુદી જુદી અન્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

**(2) ભારિત સરેરાશ નફાની પદ્ધતિ (Weighted Average Profit Method) :** આપણે અગાઉ જોયું કે સાદી સરેરાશ પદ્ધતિમાં નફાના વલણને ધ્યાનમાં લેવામાં આવતું નથી. ઘણી વખત નફામાં સતત વધારાનું વલણ જોવા મળે છે. આવા સંજોગોમાં નજીકનાં વર્ષોના નફાને વધુ અને તે પહેલાના નફાને ઓછો ભાર. સામાન્ય રીતે 1, 2, 3, 4,... એમ જુદા જુદા વર્ષના નફાને ભાર આપવામાં આવે છે. જુદા જુદા વર્ષોના નફાને ભાર આપીને સરેરાશ કાઢવામાં આવતી હોવાથી ભારિત સરેરાશ નફા તરીકે ઓળખવામાં આવે છે. ભારિત સરેરાશ નફાને આધારે પાઘડીની ગણતરી ભારિત સરેરાશ પદ્ધતિ કહેવાય.

જો દાખલામાં સ્પષ્ટ સૂચના આપેલ હોય કે ભારિત સરેરાશ પદ્ધતિ મુજબ ગણતરી કરો ત્યારે અથવા દર વર્ષે નફો વધતો કે ઘટતો હોય તો ભારિત સરેરાશ પદ્ધતિ મુજબ પાઘડીની ગણતરી કરવી.

આ પદ્ધતિમાં પાઘડીની ગણતરી પાન નંબર 93 પર દર્શાવ્યા મુજબ કરવી :

**Step No. 1 :** કોષ્ટક બનાવવું.

**ભારિત સરેરાશ નફાની ગણતરી દર્શાવતું પત્રક**

| વર્ષ | નફો (₹) | ભાર | પેદાશ (ભારિત નફો) |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| 2012-13 | ✓ | 1 | ✓ |
| 2013-14 | ✓ | 2 | ✓ |
| 2014-15 | ✓ | 3 | ✓ |
| 2015-16 | ✓ | 4 | ✓ |
| | | **10** | ✓ |
| | | ↑<br>કુલ ભાર | ↑<br>કુલ ભારિત નફો (પેદાશ)/ભારિત નફો |

**Step No. 2 :** ભારિત સરેરાશ નફો $= \dfrac{\text{કુલ ભારિત નફો}}{\text{કુલ ભાર}}$

**Step No. 3 :** પાઘડી = ભારિત સરેરાશ નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા

**નોંધ :** પાઘડીની ગણતરી માટે સરેરાશ કે ભારિત સરેરાશ અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો.

**ઉદાહરણ 3 :** નીચેની માહિતી પરથી ભારિત સરેરાશ નફાની રકમ શોધો.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2013-14 | 40,000 |
| 2014-15 | 50,000 |
| 2015-16 | 60,000 |
| 2016-17 | 70,000 |

**જવાબ :** આ ઉદાહરણમાં દર વર્ષે નફો વધે છે એટલે કે નફામાં વધારાનું વલણ જોવા મળે છે. ભવિષ્યમાં પણ નફામાં વધારો થશે તેવું અનુમાન કરી શકાય. આવા સંજોગોમાં પાઘડીના મૂલ્યાંકન માટે ભારિત સરેરાશ પદ્ધતિનો ઉપયોગ વધુ યોગ્ય ગણાય. અહીંયા નજીકના વર્ષ(2016-17)ને સૌથી વધુ ભાર આપવામાં આવે છે અને આ વર્ષમાં જ સૌથી વધુ નફો છે. પાછલાં વર્ષોના નફાને ક્રમશઃ ઓછો ભાર આપવામાં આવે છે.

એટલે કે 2013-14ના વર્ષને 1 ભાર, 2014-15ના વર્ષને 2 ભાર, 2015-16ના વર્ષને 3 ભાર અને 2016-17ના વર્ષના 4 ભાર આપવામાં આવશે.

**Step No. 1 :** કોષ્ટક બનાવવું.

**ભારિત સરેરાશ નફાની ગણતરી દર્શાવતું પત્રક**

| વર્ષ | નફો (₹) | ભાર | પેદાશ (ભારિત નફો) |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| 2013-14 | 40,000 | 1 | 40,000 |
| 2014-15 | 50,000 | 2 | 1,00,000 |
| 2015-16 | 60,000 | 3 | 1,80,000 |
| 2016-17 | 70,000 | 4 | 2,80,000 |
| | **કુલ** | **10** | **6,00,000** |

**Step No. 2 :** ભારિત સરેરાશ નફો = $\frac{\text{કુલ ભારિત નફો}}{\text{કુલ ભાર}}$

$= \frac{6,00,000}{10}$

ભારિત સરેરાશ નફો = 60,000

**ઉદાહરણ 4 :** નીચેની માહિતી પરથી મીના અને ભદ્રેશની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લાં પાંચ વર્ષના ભારિત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે કરો.

| **વર્ષ** | **નફો (₹)** |
|---|---|
| 2012-13 | 80,000 |
| 2013-14 | 1,20,000 |
| 2014-15 | 1,40,000 |
| 2015-16 | 1,60,000 |
| 2016-17 | 1,70,000 |

**જવાબ :** અહીંયા છેલ્લાં 5 વર્ષ દરમિયાન નફો સતત વધી રહ્યો છે. આથી ભારિત સરેરાશ મુજબ પાઘડીની ગણતરી (મૂલ્યાંકન) કરવી હિતાવહ કહેવાય. જોકે દાખલામાં સ્પષ્ટ આપેલ જ છે કે ભારિત સરેરાશ પદ્ધતિ મુજબ પાઘડીનું મૂલ્યાંકન કરો.

**Step No. 1 :** કોષ્ટક બનાવવું.

**ભારિત સરેરાશ નફાની ગણતરી દર્શાવતું પત્રક**

| **વર્ષ** | **નફો (₹)** | **ભાર** | **પેદાશ (ભારિત નફો)** |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| 2012-13 | 80,000 | 1 | 80,000 |
| 2013-14 | 1,20,000 | 2 | 2,40,000 |
| 2014-15 | 1,40,000 | 3 | 4,20,000 |
| 2015-16 | 1,60,000 | 4 | 6,40,000 |
| 2016-17 | 1,70,000 | 5 | 8,50,000 |
| | **કુલ** | **15** | **22,30,000** |

**Step No. 2 :** ભારિત સરેરાશ નફો = $\frac{\text{કુલ ભારિત નફો}}{\text{કુલ ભાર}}$

$= \frac{22,30,000}{15}$

ભારિત સરેરાશ નફો = 1,48,666.67

= ₹ 1,48,667

**Step No. 3 :** પાઘડી = ભારિત સરેરાશ નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા

= 1,48,667 × 3

પાઘડી = ₹ 4,46,001

**(3) અધિક નફાની પદ્ધતિ (Super Profit Method) :** આ પદ્ધતિમાં ધંધા દ્વારા રોકાયેલ મૂડી, અપેક્ષિત વળતરનો દર, અપેક્ષિત નફો, સરેરાશ નફો જેવી બાબતોનો ઉપયોગ કરીને અધિક નફો શોધવામાં આવે છે. અધિક નફો એ ધંધાનો સરેરાશ નફાનો અપેક્ષિત નફા પરનો વધારો દર્શાવે છે. એટલે જ્યારે ધંધો અપેક્ષિત નફા કરતાં વધુ નફો કમાતો હોય તો

જેટલો નફો ધંધા દ્વારા વધુ કમાવવામાં આવતો હોય તેને અધિક નફો કહેવામાં આવે છે. આ અધિક નફાના આધારે પાઘડીનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

(1) રોકાયેલ મૂડી = કુલ મિલકતો ✓

− કુલ બાહ્ય દેવા ✓

→ ✓

(2) અપેક્ષિત વળતરનો દર (દાખલામાં આપેલ હોય છે.)

(3) અપેક્ષિત નફો $= \dfrac{\text{રોકાયેલી મૂડી} \times \text{અપેક્ષિત વળતરનો દર}}{100}$

(4) સરેરાશ નફો = (હવાલાઓ પછીનો)

(5) અધિક નફો = સરેરાશ નફો − અપેક્ષિત નફો

(6) પાઘડી = અધિક નફો × વર્ષોની સંખ્યા

**નોંધ :** રોકાયેલ મૂડીને ચોખ્ખી મિલકતો પણ કહેવામાં આવે છે.

**ઉદાહરણ 5 :** પ્રતિભા અને પુષ્પા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ પોતાના નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ જે 3:2 હતું તે બદલીને 1:1 કરવા માંગે છે. તેથી ભાગીદારી પેઢીની પાઘડીનું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું છે.

ભાગીદારી પેઢીના નફા અંગેની તથા અન્ય માહિતીના આધારે ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| | |
|---|---|
| મિલકતો | ₹ 12,00,000 |
| દેવા | ₹ 4,00,000 |
| અપેક્ષિત વળતરનો દર | 10 % |

ખરેખર નફો

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2014-15 | 1,30,000 |
| 2015-16 | 1,10,000 |
| 2016-17 | 1,20,000 |

**જવાબ :**

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી : | | |
| | કુલ મિલકતો = | 12,00,000 | |
| | − કુલ દેવાં | 4,00,000 | |
| | ચોખ્ખી મિલકતો/રોકાયેલી મૂડી | 8,00,000 → | 8,00,000 |
| (2) | અપેક્ષિત વળતરનો દર | | 10 % |
| (3) | અપેક્ષિત નફો = રોકાયેલી મૂડી × અપેક્ષિત વળતરનો દર | | 80,000 |
| | = 8,00,000 × 10 % | | |
| (4) | સરેરાશ નફો : | | 1,20,000 |
| | **વર્ષ** | **નફો (₹)** | |
| | 2014-15 | 1,30,000 | |
| | 2015-16 | 1,10,000 | |
| | 2016-17 | 1,20,000 | |
| | | **3,60,000** | |

| | | |
|---|---|---|
| | સરેરાશ નફો = $\frac{\text{કુલ નફો}}{\text{વર્ષની સંખ્યા}}$<br>= $\frac{3,60,000}{3}$<br>**સરેરાશ નફો = 1,20,000** | |
| (5) | અધિક નફો = સરેરાશ નફો − અપેક્ષિત નફો<br>= 1,20,000 − 80,000<br>= 40,000 | 40,000 |
| (6) | પાઘડી = અધિક નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા<br>= 40,000 × 3<br>પાઘડી = ₹ 1,20,000 | 1,20,000 |

**ઉદાહરણ 6 :** પૂજા અને પ્રાર્થનાની પેઢીની મૂડી ₹ 8,00,000 છે અને અપેક્ષિત વળતરનો દર 12 % છે. છેલ્લાં ત્રણ વર્ષનો નફો અનુક્રમે ₹ 1,00,000, ₹ 1,40,000 અને ₹ 90,000 છે. પાઘડીનું મૂલ્ય છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ અધિક નફાના 2 વર્ષની ખરીદીને આધારે નક્કી કરવાનું છે.

**જવાબ :**

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી : | 8,00,000 |
| (2) | અપેક્ષિત વળતરનો દર (બજારમાં વ્યાજનો દર) | 12 % |
| (3) | અપેક્ષિત નફો = રોકાયેલી મૂડી × અપેક્ષિત વળતરનો દર<br>= 8,00,000 × 12 % | 96,000 |
| (4) | સરેરાશ નફો :<br>**વર્ષ** — **નફો (₹)**<br>1 — 1,00,000<br>2 — 1,40,000<br>3 — 90,000<br>**3,30,000**<br>સરેરાશ નફો = $\frac{\text{કુલ નફો}}{\text{વર્ષની સંખ્યા}}$<br>= $\frac{3,30,000}{3}$<br>**સરેરાશ નફો = 1,10,000** | 1,10,000 |
| (5) | અધિક નફો = સરેરાશ નફો − અપેક્ષિત નફો<br>= 1,10,000 − 96,000<br>= ₹ 14,000 | 14,000 |
| (6) | પાઘડી = અધિક નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા<br>= 14,000 × 2<br>પાઘડી = ₹ 28,000 | 28,000 |

**(4) નફાના મૂડીકરણની પદ્ધતિ (Capitalization of Profit Method) :** આ પદ્ધતિમાં ધંધાનો સરેરાશ નફો શોધીને તેને ધંધાના સામાન્ય/અપેક્ષિત વળતરના દરના ધોરણે તેની મૂડીકૃત કિંમત નક્કી કરવામાં આવે છે. આ રીતે જે નફો મળે તેને મૂડીકૃત નફો કહેવામાં આવે છે. આમ, મૂડીકૃત નફો એટલે અપેક્ષિત વળતરના દરના આધારે સરેરાશ નફાની મૂડીકૃત કિંમત.

$$\text{મૂડીકૃત નફો} = \frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} \times 100 \quad \textbf{અથવા} = \frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર \%}}$$

દા.ત., ધંધાનો સરેરાશ નફો ₹ 90,000 છે અને અપેક્ષિત વળતરનો દર 10 % છે. મૂડીકૃત નફાની રકમ નીચે મુજબ શોધાશે.

$$\text{મૂડીકૃત નફો} = \frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} \times 100$$

$$= \frac{90{,}000}{10} \times 100$$

મૂડીકૃત નફો = 9,00,000

મૂડીકૃત નફાને ધંધામાં રોકાયેલી મૂડી સાથે સરખાવવામાં આવે છે. જો મૂડીકૃત નફાની રકમ, રોકાયેલી મૂડી કરતાં વધારે હોય તો તફાવતની રકમને 'પાઘડી' કહેવામાં આવે છે. જો મૂડીકૃત નફાની રકમ રોકાયેલી મૂડી જેટલી જ કે તેથી ઓછી હોય તો, ધંધાને પાઘડી નથી તેમ કહી શકાય.

પાઘડી = મૂડીકૃત નફો – રોકાયેલી મૂડી

દા.ત., રોકાયેલી મૂડી ₹ 7,00,000 છે અને મૂડીકૃત નફો ₹ 9,00,000 છે, તો પાઘડી ₹ 2,00,000 કહેવાય.

પાઘડી = મૂડીકૃત નફો – રોકાયેલી મૂડી

પાઘડી = 9,00,000 – 7,00,000

**પાઘડી = ₹ 2,00,000**

આ સમજૂતી પરીક્ષા માટે અપેક્ષિત નથી.

મૂડીકૃત નફો એટલે અપેક્ષિત વળતરનાં આધારે સરેરાશ નફો કમાવવા કેટલી ચોખ્ખી મિલકતો (રોકાયેલ મૂડીની) જરૂરી છે તે દર્શાવે છે. આ પ્રશ્નમાં 10 % અપેક્ષિત વળતરનો દર છે અને સરેરાશ નફો ₹ 90,000 છે. તેથી 10 % ના આધારે ₹ 90,000 કમાવવા હોય તો ઓછામાં ઓછી ચોખ્ખી મિલકતો (રોકાયેલ મૂડી) ₹ 9,00,000ની જોઈએ. પણ ₹ 7,00,000ની ચોખ્ખી મિલકતો (રોકાયેલ મૂડી) છે. તેથી ₹ 7,00,000નાં 10 % લેખે ₹ 70,000 નફો મળવો જોઈએ.

₹ 90,000 × $\frac{100}{10}$ = ₹ 9,00,000 મિલકતો હોવી જોઈએ.

– ₹ 70,000 × $\frac{100}{10}$ = ₹ 7,00,000ની મિલકતો છે.

₹ 20,000 × $\frac{100}{10}$ = ₹ 2,00,000 તફાવતની મિલકત પાઘડી છે.

(અ) જો રોકાયેલી મૂડી ₹ 9,00,000 હોય, તો

પાઘડી = મૂડીકૃત નફો – રોકાયેલી મૂડી

પાઘડી = 9,00,000 – 9,00,000

**પાઘડી = 0**

(બ) જો રોકાયેલી મૂડી ₹ 10,00,000 હોય, તો

પાઘડી = મૂડીકૃત નફો – રોકાયેલી મૂડી

પાઘડી = 9,00,000 – 10,00,000

**પાઘડી** = –1,00,000

ઉપરોક્ત (અ) અને (બ)માં પાઘડી નથી તેમ કહેવાય. બીજા કિસ્સામાં રોકાયેલી મૂડી અને મૂડીકૃત નફો બંને સરખા છે જ્યારે છેલ્લા કિસ્સામાં મૂડીકૃત નફા કરતાં રોકાયેલી મૂડી વધારે હોવાથી પાઘડી નથી.

ટૂંકમાં નફાના મૂડીકરણની પદ્ધતિ મુજબ પાઘડીનું મૂલ્ય નક્કી કરવા માટે નીચેના ક્રમમાં ગણતરી થશે.

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી :<br>કુલ મિલકતો = ✓<br>– કુલ દેવાં ✓<br>ચોખ્ખી મિલકતો/રોકાયેલી મૂડી ✓ | ✓ |
| (2) | અપેક્ષિત વળતરનો દર | ✓ |
| (3) | સરેરાશ નફો | ✓ |
| (4) | મૂડીકૃત નફો = $\frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} \times 100$ | ✓ |
| (5) | પાઘડી = મૂડીકૃત નફો – રોકાયેલી મૂડી | ✓ |

**નોંધ :** સ્ટેપ નં. 5માં પાઘડીનો જવાબ '0' (શૂન્ય) આવે કે ઋણમાં આવે તો તે ધંધામાં પાઘડી નથી તેમ કહેવાય.

**ઉદાહરણ 7 :** નીચેની માહિતી પરથી મનોજ અને હરીશની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત ભારિત સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 90,000 |
| 2013-14 | 1,00,000 |
| 2014-15 | 1,10,000 |
| 2015-16 | 1,30,000 |
| 2016-17 | 1,50,000 |

**વધારાની માહિતી :** (1) ધંધાની મિલકતો ₹ 13,40,000 (2) ધંધાના દેવા ₹ 3,40,000 (3) ધંધાનો સામાન્ય અપેક્ષિત વળતરનો દર 10 % છે.

**જવાબ :**

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી :<br>મિલકતો = 13,40,000<br>– દેવાં 3,40,000<br>ચોખ્ખી મિલકતો/રોકાયેલી મૂડી 10,00,000 | 10,00,000 |
| (2) | અપેક્ષિત વળતરનો દર | 10 % |
| (3) | ભારિત સરેરાશ નફો (નોંધ નં. 1 મુજબ) | 1,26,000 |
| (4) | મૂડીકૃત નફો = $\frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} \times 100$<br>$= \frac{1,26,000}{10} \times 100 =$ **12,60,000** | 12,60,000 |

| | | |
|---|---|---|
| (5) | પાઘડી = મૂડીકૃત નફો − રોકાયેલી મૂડી<br>= 12,60,000 − 10,00,000<br>**પાઘડી = ₹ 2,60,000** | 2,60,000 |

**નોંધ નં. 1 :** ભારિત સરેરાશ નફાની ગણતરી

આ દાખલામાં છેલ્લાં 5 વર્ષથી નફામાં સતત વધારો થઈ રહ્યો છે. આથી ભારિત સરેરાશ પદ્ધતિ મુજબ સરેરાશ નફાની ગણતરી થશે.

**ભારિત સરેરાશ નફાની ગણતરી દર્શાવતું પત્રક**

| વર્ષ | નફો (₹) | ભાર | ભારિત નફો (₹) |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) (2 × 3) |
| 2012-13 | 90,000 | 1 | 90,000 |
| 2013-14 | 1,00,000 | 2 | 2,00,000 |
| 2014-15 | 1,10,000 | 3 | 3,30,000 |
| 2015-16 | 1,30,000 | 4 | 5,20,000 |
| 2016-17 | 1,50,000 | 5 | 7,50,000 |
| | **કુલ** | **15** | **18,90,000** |

$$\text{ભારિત સરેરાશ નફો} = \frac{\text{કુલ ભારિત નફો}}{\text{કુલ ભાર}}$$

$$= \frac{18,90,000}{15}$$

ભારિત સરેરાશ નફો = ₹ 1,26,000

**અધિક નફાના મૂડીકરણની પદ્ધતિ :** અધિક નફાને સીધો જ મૂડીકૃત કરીને પાઘડીનું મૂલ્ય નક્કી કરી શકાય છે. આ પદ્ધતિમાં સરેરાશ નફાને મૂડીકૃત કરવાની જરૂર નથી. આ પદ્ધતિ મુજબ પાઘડીનું મૂલ્ય નક્કી કરવા માટે નીચે મુજબની ગણતરી કરવી પડે.

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી :<br>કુલ મિલકતો = ✓<br>− કુલ દેવાં ✓<br>રોકાયેલી મૂડી ✓ | ✓ |
| (2) | અપેક્ષિત વળતરનો દર | ✓ |
| (3) | અપેક્ષિત નફો = રોકાયેલી મૂડી × અપેક્ષિત વળતરનો દર | ✓ |
| (4) | સરેરાશ નફો | ✓ |
| (5) | અધિક નફો (સરેરાશ નફો − અપેક્ષિત નફો) | ✓ |
| (6) | $\text{પાઘડી} = \frac{\text{અધિક નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} \times 100$ | ✓ |

**નોંધ :** જો અધિક નફો 'શૂન્ય' હોય અથવા ઋણ (−)માં હોય તો ધંધાની પાઘડી નથી તેમ કહેવાય.

**ઉદાહરણ 8 :** વિરાટ અને અનુશ્કાની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો.

(1) રોકાયેલી મૂડી = 7,80,000

(2) અપેક્ષિત વળતરનો દર = 12 %

(3) છેલ્લાં 5 વર્ષનો નફો

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 2,00,000 |
| 2013-14 | 2,70,000 |
| 2014-15 | 2,40,000 |
| 2015-16 | 2,50,000 |
| 2016-17 | 2,30,000 |

**જવાબ :**

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી : | 7,80,000 |
| (2) | અપેક્ષિત વળતરનો દર | 12 % |
| (3) | અપેક્ષિત નફો = રોકાયેલી મૂડી × અપેક્ષિત વળતરનો દર<br>= 7,80,000 × 12 % = 93,600 | 93,600 |
| (4) | સરેરાશ નફો :<br>**વર્ષ** — **નફો (₹)**<br>2012-13 — 2,00,000<br>2013-14 — 2,70,000<br>2014-15 — 2,40,000<br>2015-16 — 2,50,000<br>2016-17 — 2,30,000<br>**11,90,000**<br>સરેરાશ નફો = $\frac{\text{કુલ નફો}}{\text{વર્ષની સંખ્યા}} = \frac{11,90,000}{5} = 2,38,000$ | 2,38,000 |
| (5) | અધિક નફો = સરેરાશ નફો − અપેક્ષિત નફો<br>= 2,38,000 − 93,600 = 1,44,400 | 1,44,400 |
| (6) | પાઘડી = $\frac{\text{અધિક નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} = \frac{1,44,400}{12\ \%} = 12,03,333.33$<br>પાઘડી = 12,03,333 | 12,03,333 |

**વિશિષ્ટ ઉદાહરણ :**

**ઉદાહરણ 9 :** હરપાલ, રાજેશ અને જયેશની પેઢીની માહિતી નીચે મુજબ છે :

(1) ધંધાની મિલકતો : ₹ 10,00,000

(2) ધંધાનાં દેવાં : ₹ 2,00,000

(3) અપેક્ષિત વળતરનો દર : 10 %

(4) પેઢીનો છેલ્લાં પાંચ વર્ષનો નફો નીચે મુજબ છે :

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 90,000 |
| 2013-14 | 1,10,000 |
| 2014-15 | 1,20,000 |
| 2015-16 | 1,30,000 |
| 2016-17 | 1,40,000 |

ઉપરોક્ત માહિતી પરથી નીચેની પદ્ધતિ અનુસાર પેઢીની પાઘડીનું મૂલ્ય નક્કી કરો.

(1) પેઢીની પાઘડી છેલ્લાં પાંચ વર્ષના સરેરાશ નફા જેટલી ગણવી

(2) સરેરાશ નફાના 3 વર્ષની ખરીદીને આધારે

(3) ભારિત સરેરાશ નફાની 2 વર્ષની ખરીદીને આધારે

(4) અધિક નફાની 4 વર્ષની ખરીદીને આધારે (ભારિત સરેરાશનાં આધારે)

(5) મૂડીકૃત નફાની પદ્ધતિ મુજબ

(6) અધિક નફાને મૂડીકરણની પદ્ધતિ મુજબ

**જવાબ :**

**(1) છેલ્લાં પાંચ વર્ષના સરેરાશ નફાની રીત મુજબ :**

**પાઘડી :**

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 90,000 |
| 2013-14 | 1,10,000 |
| 2014-15 | 1,20,000 |
| 2015-16 | 1,30,000 |
| 2016-17 | 1,40,000 |
| | **5,90,000** |

$$\text{સરેરાશ નફો} = \frac{\text{કુલ નફો}}{\text{વર્ષની સંખ્યા}}$$

$$= \frac{5,90,000}{5}$$

સરેરાશ નફો = 1,18,000

પાઘડી = સરેરાશ નફો

∴ **પાઘડી = 1,18,000**

**(2) સરેરાશ નફાના 3 વર્ષની ખરીદી જેટલી પાઘડી :**

સરેરાશ નફો = 1,18,000 [5,90,000 / 5]

(અગાઉની ગણતરી મુજબ)

પાઘડી = સરેરાશ નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા

= 1,18,000 × 3

**પાઘડી = 3,54,000**

**(3) ભારિત સરેરાશ નફાની પદ્ધતિ મુજબ પાઘડી :**

**ભારિત સરેરાશ નફાની ગણતરી દર્શાવતું પત્રક**

| વર્ષ | નફો (₹) | ભાર | ભારિત નફો (₹) |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) (2 × 3) |
| 2012-13 | 90,000 | 1 | 90,000 |
| 2013-14 | 1,10,000 | 2 | 2,20,000 |
| 2014-15 | 1,20,000 | 3 | 3,60,000 |
| 2015-16 | 1,30,000 | 4 | 5,20,000 |
| 2016-17 | 1,40,000 | 5 | 7,00,000 |
| | **કુલ** | **15** | **18,90,000** |

ભારિત સરેરાશ નફો $= \frac{\text{કુલ ભારિત નફો}}{\text{કુલ ભાર}}$

$= \frac{18,90,000}{15}$

ભારિત સરેરાશ નફો = ₹ 1,26,000

પાઘડી = ભારિત સરેરાશ નફો × ખરીદીનાં વર્ષોની સંખ્યા

= 1,26,000 × 2

**પાઘડી = 2,52,000**

**(4) અધિક નફાની 4 વર્ષની ખરીદીને આધારે :**

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી :<br>કુલ મિલકતો 10,00,000<br>– કુલ દેવાં 2,00,000<br>રોકાયેલી મૂડી 8,00,000 | 8,00,000 |
| (2) | અપેક્ષિત વળતરનો દર | 10 % |
| (3) | અપેક્ષિત નફો = રોકાયેલી મૂડી × અપેક્ષિત વળતરનો દર<br>= 8,00,000 × 10 % = 80,000 | 80,000 |
| (4) | સરેરાશ નફો : (ભારિત સરેરાશ નફો)<br>નોંધ : અગાઉની પદ્ધતિ મુજબ ભારિત સરેરાશ નફો ₹ 1,26,000 અહીંયા પણ ગણાશે. | 1,26,000 |
| (5) | અધિક નફો = સરેરાશ નફો – અપેક્ષિત નફો<br>= 1,26,000 – 80,000 = 46,000 | 46,000 |

| | | |
|---|---|---|
| (6) | પાઘડી = અધિક નફો × ખરીદીનાં વર્ષની સંખ્યા<br>= 46,000 × 4<br>પાઘડી = ₹ 1,84,000 | 1,84,000 |

**(5) મૂડીકૃત નફાની પદ્ધતિ :**

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી :<br>કુલ મિલકતો 10,00,000<br>− કુલ દેવાં 2,00,000<br>રોકાયેલી મૂડી 8,00,000 | 8,00,000 |
| (2) | અપેક્ષિત વળતરનો દર | 10 % |
| (3) | સરેરાશ નફો (ભારિત સરેરાશ) (અગાઉની પદ્ધતિ મુજબ) | 1,26,000 |
| (4) | મૂડીકૃત નફો $= \frac{\text{સરેરાશ નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} \times 100$<br>$= \frac{1,26,000}{10} \times 100 = \mathbf{12,60,000}$ | 12,60,000 |
| (5) | પાઘડી = મૂડીકૃત નફો − રોકાયેલી મૂડી<br>= 12,60,000 − 8,00,000<br>**પાઘડી = ₹ 4,60,000** | 4,60,000 |

**(6) અધિક નફાની મૂડીકરણની પદ્ધતિ :**

**પાઘડીની ગણતરી દર્શાવતું પત્રક**

| સ્ટેપ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| (1) | રોકાયેલી મૂડી :<br>કુલ મિલકતો 10,00,000<br>− કુલ દેવાં 2,00,000<br>રોકાયેલી મૂડી 8,00,000 | 8,00,000 |
| (2) | અપેક્ષિત વળતરનો દર | 10 % |
| (3) | અપેક્ષિત નફો = રોકાયેલી મૂડી × અપેક્ષિત વળતરનો દર<br>= 8,00,000 × 10 % = 80,000 | 80,000 |
| (4) | સરેરાશ નફો (ભારિત સરેરાશ) (અગાઉની પદ્ધતિ મુજબ) | 1,26,000 |
| (5) | અધિક નફો = સરેરાશ નફો − અપેક્ષિત નફો<br>= 1,26,000 − 80,000 = 46,000 | 46,000 |
| (6) | પાઘડી $= \frac{\text{અધિક નફો}}{\text{અપેક્ષિત વળતરનો દર}} \times 100 = \frac{46,000}{10} \times 100$<br>પાઘડી = ₹ 4,60,000 | 4,60,000 |

**નોંધ :** (1) જ્યાં અધિક નફો શૂન્ય હોય અથવા ઋણ(−)માં આવે તો પાઘડીનું મૂલ્ય શૂન્ય કહેવાય, એટલે કે પાઘડી અસ્તિત્વમાં નથી તેમ કહેવાય. (2) જે ધંધામાં ખોટ હોય ત્યાં પણ પાઘડી નથી તેમ કહેવાય.

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) પાઘડી એ કયા પ્રકારની મિલકત છે ?

(અ) દૃશ્ય મિલકત (બ) અદૃશ્ય મિલકત

(ક) ચાલુ મિલકત (ડ) અવાસ્તવિક મિલકત

(2) પાઘડીનો આધાર કોના પર રહેલો છે ?

(અ) ધંધાકીય એકમના કર્મચારીઓ પર (બ) ધંધાકીય એકમના સંચાલકો પર

(ક) ધંધાકીય એકમની મિલકતો પર (ડ) ધંધાકીય એકમના ભવિષ્યમાં જળવાઈ રહે તેવા નફા પર

(3) પાઘડી એ .......... નું નાણાકીય મૂલ્ય છે.

(અ) રોકાણો (બ) ધંધાકીય એકમની પ્રતિષ્ઠા

(ક) કાયમી મિલકતો (ડ) હરીફાઈ

(4) જ્યાં વ્યક્તિગત કૌશલ્ય મહત્ત્વનું હોય ત્યાં પાઘડી .......... હોય છે.

(અ) વધુ (બ) ઓછી

(ક) શૂન્ય (ડ) ઋણ

(5) જ્યારે પેઢીમાં દર વર્ષે નફો વધતો હોય ત્યારે કઈ પદ્ધતિ મુજબ પાઘડી માટે નફાની ગણતરી કરવી વધુ હિતાવહ છે ?

(અ) સાદી સરેરાશ (બ) ભારિત સરેરાશ

(ક) વાર્ષિક વૃદ્ધિ દર (ડ) ચક્રવૃદ્ધિ દર

(6) અપેક્ષિત નફો = ...........

(અ) રોકાયેલી મૂડી × અપેક્ષિત વળતરનો દર

(બ) સરેરાશ નફો × અપેક્ષિત વળતરનો દર

(ક) ભારિત સરેરાશ નફો × અપેક્ષિત વળતરનો દર

(ડ) મિલકતો × અપેક્ષિત વળતરનો દર

(7) અધિક નફો એટલે .......... .

(અ) રોકાયેલી મૂડી – અપેક્ષિત નફો (બ) અપેક્ષિત નફો – રોકાયેલી મૂડી

(ક) સરેરાશ નફો – અપેક્ષિત નફો (ડ) અપેક્ષિત નફો – સરેરાશ નફો

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) પાઘડી એટલે શું ?

(2) પાઘડીનું પુનઃમૂલ્યાંકન એટલે શું ?

(3) પાઘડી એ કેવા પ્રકારની મિલકત છે ?

(4) પાઘડી પાકા સરવૈયામાં કયા મથાળા હેઠળ દર્શાવવામાં આવે છે ?

(5) મૂડીકૃત નફો એટલે શું ?

(6) અધિક નફો એટલે શું ?

(7) સરેરાશ નફો એટલે શું ?

(8) ભારિત સરેરાશ નફો એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) પાઘડીનો અર્થ આપી તેના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો સમજાવો.

(2) પાઘડીનું સ્વરૂપ સમજાવો.

(3) પાઘડીના મૂલ્યાંકન માટેની સાદી સરેરાશ નફાની રીત સમજાવો.

(4) પાઘડીના મૂલ્યાંકન માટેની ભારિત સરેરાશ નફાની રીત સમજાવો.

(5) પાઘડીના મૂલ્યાંકન માટેની અધિક નફાની રીત સમજાવો.

(6) પાઘડીના મૂલ્યાંકન માટેની નફાને મૂડીકૃત કરવાની રીત સમજાવો.

**4.** નીચેની માહિતી પરથી ભાવેશ અને વિપુલની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લાં 5 વર્ષના સરેરાશ નફાની 4 વર્ષની ખરીદીના આધારે ગણવાની છે. છેલ્લાં 5 વર્ષના નફાની માહિતી નીચે મુજબ છે :

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2011-12 | 1,00,000 |
| 2012-13 | 1,10,000 |
| 2013-14 | 1,80,000 |
| 2014-15 | 2,00,000 |
| 2015-16 | 1,50,000 |

**5.** મહેન્દ્ર અને પ્રવીણ એક ભાગીદારી પેઢીના 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ નફો-નુકસાન વહેંચણીનું પ્રમાણ બદલીને 1:1 કરવા માંગે છે. તેથી પાઘડીનું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું. ભાગીદારી કરાર મુજબ પાઘડીની રકમ છેલ્લાં 4 વર્ષના સરેરાશ નફાની 5 વર્ષની ખરીદીને આધારે નક્કી કરવાની છે.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2013-14 | 60,000 |
| 2014-15 | 80,000 |
| 2015-16 | (20,000) |
| 2016-17 | 30,000 |

**6.** નીચેની માહિતી પરથી ભારિત સરેરાશ નફાની રકમ શોધો :

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2013-14 | 60,000 |
| 2014-15 | 70,000 |
| 2015-16 | 90,000 |
| 2016-17 | 1,10,000 |

**7.** નીચેની માહિતી પરથી બાબુલાલ અને કાંતિલાલની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત છેલ્લાં પાંચ વર્ષના ભારિત સરેરાશની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 40,000 |
| 2013-14 | 60,000 |
| 2014-15 | 75,000 |
| 2015-16 | 90,000 |
| 2016-17 | 1,20,000 |

**8.** પુષ્પા, પ્રતિભા અને ભાવના એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ પોતાનો નફો-નુકસાન 3:2:1ના પ્રમાણમાં વહેંચતા હતા, તે બદલીને 1:1:1 કરવાનું નક્કી કર્યું. તેથી પાઘડીનું મૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું. ભાગીદારી પેઢીના નફા અંગે તથા અન્ય માહિતીના ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

મિલકતો : ₹ 6,00,000; દેવાં : ₹ 2,50,000; અપેક્ષિત વળતરનો દર : 10 %

ખરેખર નફો :

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2014-15 | 80,000 |
| 2015-16 | 70,000 |
| 2016-17 | 90,000 |

**9.** મીના અને મંજુની પેઢીની મૂડી ₹ 4,00,000 છે અને અપેક્ષિત વળતરનો દર 10 % છે. છેલ્લાં ત્રણ વર્ષનો વાર્ષિક નફો અનુક્રમે ₹ 1,20,000, ₹ 1,10,000 અને ₹ 1,00,000 છે. ભારિત સરેરાશ પદ્ધતિના આધારે અધિક નફાની બે ગણી પાઘડી ગણો.

**10.** નીચેની માહિતી પરથી નેઋત્વ અને ઋત્વિકની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત ભારિત સરેરાશ નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો :

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 45,000 |
| 2013-14 | 50,000 |
| 2014-15 | 65,000 |
| 2015-16 | 75,000 |
| 2016-17 | 90,000 |

**વધારાની માહિતી :**

(1) ધંધાની મિલકતો : ₹ 6,00,000 (2) ધંધાનાં દેવાં : ₹ 1,70,000

(3) ધંધાનો સામાન્ય અપેક્ષિત વળતરનો દર 10 % છે.

**11.** પ્રભા અને પ્રભુની ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાને મૂડીકૃત કરવાની પદ્ધતિ અનુસાર નક્કી કરો.

(1) રોકાયેલી મૂડી : ₹ 9,00,000 (2) અપેક્ષિત વળતરનો દર : 12 %

(3) છેલ્લાં 5 વર્ષનો નફો :

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2012-13 | 1,00,000 |
| 2013-14 | 1,40,000 |
| 2014-15 | 1,30,000 |
| 2015-16 | 1,50,000 |
| 2016-17 | 1,80,000 |

**12.** રાજેશ અને હરીશ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓની ભાગીદારી પેઢીના નફા તથા અન્ય માહિતીના આધારે ભાગીદારી પેઢીની પાઘડીની કિંમત અધિક નફાની બે વર્ષની ખરીદીને આધારે નક્કી કરો.

(1) રોકાયેલી મૂડી : ₹ 8,00,000 (2) અપેક્ષિત વળતરનો દર : 12 %

(3) પાછલાં વર્ષોનો નફો :

| વર્ષ | નફો (₹) |
|---|---|
| 2014-15 | 1,20,000 |
| 2015-16 | 90,000 |
| 2016-17 | 1,50,000 |

●

# 4

# ભાગીદારીનું પુનર્ગઠન
# (Reconstruction of Partnership)


1. પ્રસ્તાવના
2. ચાલુ ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની ફાળવણી કે વહેંચણીના પ્રમાણમાં ફેરફાર
3. ભાગીદારી પેઢીની મિલકતો અને દેવાંનું (જવાબદારીનું) પુનઃમૂલ્યાંકન અને તેની હિસાબી અસરો
4. ભાગીદારો વચ્ચે અનામત અને એકત્રિત નફાની વહેંચણી
5. પાઘડી
– સ્વાધ્યાય


## 1. પ્રસ્તાવના (Introduction)

આપણે અગાઉના પ્રકરણમાં ભાગીદારી પેઢીનું સ્વરૂપ, તેના વાર્ષિક હિસાબો વગેરે બાબતોનો અભ્યાસ કર્યો. આ પ્રકરણમાં આપણે ભાગીદારી પેઢીનું પુનર્ગઠન એટલે કે જુદાં જુદાં કારણોસર ભાગીદારીમાં થતા ફેરફારોનો અભ્યાસ કરીશું.

**ભાગીદારીમાં થતાં ફેરફારોનાં કારણો :** ભાગીદારીમાં નીચેનાં ત્રણ કારણોસર ફેરફાર થતાં હોય છે :

**ભાગીદારીમાં ફેરફારનાં કારણો**

- ચાલુ ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની ફાળવણીના પ્રમાણમાં ફેરફાર
- ભાગીદારી પેઢીમાં નવા ભાગીદારનો પ્રવેશ
- ચાલુ ભાગીદારી પેઢીમાંથી ભાગીદારની નિવૃત્તિ કે ભાગીદારનું મૃત્યુ

આ પ્રકરણમાં આપણે ચાલુ (વર્તમાન) ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની ફાળવણી કે વહેંચણીના પ્રમાણમાં થતા ફેરફારોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીશું. નવા ભાગીદારના પ્રવેશની તથા ભાગીદારીની નિવૃત્તિ કે મૃત્યુની વિસ્તૃત ચર્ચા આ પછીના પ્રકરણોમાં કરવામાં આવી છે.

## 2. ચાલુ ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની ફાળવણી કે વહેંચણીના પ્રમાણમાં ફેરફાર (Changes in Profit and Loss Sharing or Distributing Ratio Between the Countinuing (Present) Partners)

સામાન્ય રીતે ભાગીદારી પેઢીમાં એક વખત પેઢીના ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ નક્કી થઈ ગયા બાદ તેમાં ફેરફાર કરવામાં આવતો નથી. દા.ત., 'અ' અને 'બ' વચ્ચે 3:2ના પ્રમાણમાં નફા-નુકસાનની ફાળવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રમાણમાં સામાન્ય રીતે કોઈ ફેરફાર કરવામાં આવતો નથી, પરંતુ જો જરૂર જણાય તો ચાલુ ભાગીદારો તેમાં પરસ્પર સંમતિથી ફેરફાર કરી શકે છે.

નફા-નુકસાનની ફાળવણીના પ્રમાણમાં નીચેનાં કારણોસર ફેરફાર થઈ શકે છે :

(1) જ્યારે કોઈ ભાગીદાર કે જે પેઢીનું સંચાલન કરતો હોય તે તેની નાદુરસ્તી કે અંગત કારણોસર ભવિષ્યમાં ધંધાનું સંચાલન કરી શકે તેમ ન હોય

(2) ધંધા માટે પૂરતો સમય ફાળવી શકે તેમ ન હોય ત્યારે, તેના બદલે અન્ય ભાગીદારને કાર્ય ઉપાડવું પડે

(3) જૂના ભાગીદારની નિવૃત્તિ અથવા મૃત્યુના કારણે

(4) નવા ભાગીદારના પ્રવેશના કારણે

**ઉદાહરણ દ્વારા સમજૂતી :** ઉપરોક્ત બાબતને ઉદાહરણ દ્વારા સમજીએ.

વિરાટ અને વામન 1:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. વામનની તબિયત સારી રહેતી ન હોવાને લીધે તે ધંધાને હવે પૂરતો સમય ફાળવી શકે તેમ નથી. તેથી તેઓએ તેમની વચ્ચે નફા-નુકસાનનું નવું પ્રમાણ 2:1 નક્કી કર્યું.

આ રીતે નફા-નુકસાનની ફાળવણીના પ્રમાણમાં ફેરફાર કરવાથી વિરાટને ધંધાનો $\frac{2}{3}$ ભાગ મળશે અને વામનને ધંધાનો $\frac{1}{3}$ ભાગ મળશે.

ઉપરોક્ત નફાની ફાળવણીના પ્રમાણમાં ફેરફાર કરતા પહેલાં બંને ભાગીદારોને ધંધાના નફા-નુકસાનનો $\frac{1}{2}$ ભાગ મળતો હતો. આ પરથી એમ કહી શકાય કે વિરાટને પહેલાં કરતાં નફામાં વધુ ભાગ મળશે અને વામનને નફામાં ઓછો ભાગ મળશે. આ અંગેની ગણતરી નીચે મુજબ દર્શાવી શકાય :

**ભાગમાં ફેરફાર = જૂનો ભાગ – નવો ભાગ**

ઉપરોક્ત સૂત્રમાં જવાબ '+' માં આવે તો નફાના પ્રમાણમાં ઘટાડો (ત્યાગ) થયો કહેવાય અને જો જવાબ '–' માં આવે તો નફાના પ્રમાણમાં વધારો (લાભ) થયો કહેવાય.

વિરાટને મળતા નફામાં ફેરફાર = જૂનો ભાગ – નવો ભાગ

$$= \frac{1}{2} - \frac{2}{3}$$

$$= \frac{3-4}{6}$$

$$= -\frac{1}{6}$$

વિરાટને મળતા નફાના પ્રમાણમાં થયેલ વધારો = $-\frac{1}{6}$ (લાભ – ઉપરની સમજૂતી મુજબ)

વામનને મળતા નફામાં ફેરફાર = જૂનો ભાગ – નવો ભાગ

$$= \frac{1}{2} - \frac{1}{3}$$

$$= \frac{3-2}{6}$$

$$= \frac{1}{6}$$

વામનને મળતા નફાના પ્રમાણમાં થયેલ ઘટાડો = $\frac{1}{6}$ (ત્યાગ – ઉપરની સમજૂતી મુજબ)

ઉપરોક્ત ગણતરી પરથી જોઈ શકાય છે કે વિરાટને મળતા નફાના પ્રમાણમાં $\frac{1}{6}$ ભાગનો વધારો થયો છે અને વામનને મળતા નફાના પ્રમાણમાં $\frac{1}{6}$ ભાગનો ઘટાડો થયો છે. એટલે કે વામને જે $\frac{1}{6}$ ભાગ ગુમાવ્યો છે, તે જ $\frac{1}{6}$ ભાગ વિરાટે મેળવ્યો છે. આ રીતે વિરાટના નફાના પ્રમાણમાં થયેલ વધારાને 'લાભ' અને વામનના નફાના પ્રમાણમાં થયેલ ઘટાડાને 'ત્યાગ' તરીકે ઓળખવામાં આવે છે. અહીં આ ઉદાહરણમાં વામનનો ત્યાગ વિરાટ માટે લાભ બને છે.

સામાન્ય રીતે જ્યારે પણ ચાલુ ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની ફાળવણી(વહેંચણી)ના પ્રમાણમાં ફેરફાર થાય ત્યારે અમુક ભાગીદારોએ તેમના નફાના ભાગ(પ્રમાણ)નો ત્યાગ કરવો પડે છે, જે અન્ય ભાગીદારો માટે લાભ બને છે. તેથી ભાગીદારીના પુનર્ગઠન સમયે આ સંદર્ભમાં બે અગત્યના મુદ્દા ઉદ્ભવે છે :

(1) ત્યાગનું પ્રમાણ (2) લાભનું પ્રમાણ

**(1) ત્યાગનું પ્રમાણ (Sacrifice Ratio) :**

જ્યારે ચાલુ ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની ફાળવણીના પ્રમાણમાં ફેરફાર થાય ત્યારે અમુક ભાગીદારોના નફાના પ્રમાણમાં ઘટાડો થાય છે. એટલે કે પહેલાં કરતાં નફામાં ઓછો ભાગ મળે છે. આવા ભાગીદારના નફાના પ્રમાણમાં જે ઘટાડો થાય છે તે પ્રમાણને 'ત્યાગ'નું પ્રમાણ કહેવામાં આવે છે.

ચાલુ ભાગીદારી પેઢીમાં નવા ભાગીદારના પ્રવેશ વખતે જૂના ભાગીદારોએ પોતાના નફાનો અમુક ભાગ નવા ભાગીદારને આપવો પડે છે. આ સમયે પણ જૂના ભાગીદારોએ કરેલ ત્યાગનું પ્રમાણ શોધવું જરૂરી બને છે. નવા ભાગીદારના પ્રવેશ અંગેની વિગતવાર ચર્ચા આ પછીના પ્રકરણ 5માં કરેલ છે.

ત્યાગનું પ્રમાણ ભાગીદારોને મળતા નફા-નુકસાનના પ્રમાણમાં થયેલા ફેરફાર પર આધાર રાખે છે. ચાલુ ભાગીદારી પેઢીના એક કે તેથી વધુ ભાગીદારોએ કરેલ ત્યાગ એ તેમને મળતા નફાના જૂના પ્રમાણ અને નફાના નવા પ્રમાણ વચ્ચેનો તફાવત છે. એટલે કે, ગાણિતિક રીતે,

**ભાગીદારે કરેલ ત્યાગ = જૂનો ભાગ – નવો ભાગ**

ઉપરના સૂત્ર પરથી કહી શકાય કે જ્યારે ભાગીદારને મળતું નફાનું જૂનું પ્રમાણ તેને મળતા નફાના નવા પ્રમાણ કરતાં વધારે હોય ત્યારે તે ભાગીદારે ત્યાગ કર્યો છે. ભાગીદારે કરેલ ત્યાગની ગણતરી એક ઉદાહરણ લઈને સમજીએ.

- **કોઈ એક ભાગીદારે ત્યાગ કરેલ હોય ત્યારે :**

**ઉદાહરણ 1 :** રામ, શ્યામ અને ઘનશ્યામ એક ભાગીદારી પેઢીમાં સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. બધા જ ભાગીદારોએ નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે અનુક્રમે 3:2:1 કરવાનું નક્કી કર્યું. આ સંજોગોમાં કયા ભાગીદારે કેટલો ત્યાગ કર્યો છે તે જણાવો.

**જવાબ :**

| | રામ | | શ્યામ | | ઘનશ્યામ | કુલ |
|---|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 1 | : | 1 | : | 1 | 3 |
| જૂનો ભાગ | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | |
| નવું પ્રમાણ | 3 | : | 2 | : | 1 | 6 |
| નવો ભાગ | $\frac{3}{6}$ | | $\frac{2}{6}$ | | $\frac{1}{6}$ | |

હવે, ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી કરીએ.

**ભાગીદારે કરેલ ત્યાગ = જૂનો ભાગ – નવો ભાગ**

(1) રામનો ત્યાગ $= \frac{1}{3} - \frac{3}{6}$

$= \frac{2-3}{6}$

રામનો ત્યાગ $= \frac{-1}{6}$ (લાભ)

અહીંયા ત્યાગના સૂત્રમાં $\frac{-1}{6}$ ભાગ આવે છે, તેનો અર્થ એ થાય કે રામને $\frac{1}{6}$ ભાગનો લાભ થયેલ છે.

(2) શ્યામનો ત્યાગ $= \frac{1}{3} - \frac{2}{6}$

$= \frac{2-2}{6}$

$= \frac{0}{6}$

શ્યામનો ત્યાગ = 0 (લાભ નહિ, ત્યાગ નહિ)

ઉપરોક્ત ગણતરી મુજબ શ્યામનું ત્યાગનું પ્રમાણ '0' છે. એટલે શ્યામે કોઈ ત્યાગ કર્યો નથી. કારણ કે શ્યામના નફાના પ્રમાણમાં કોઈ ફેરફાર થયેલો નથી.

જૂનું પ્રમાણ $= \frac{1}{3}$

નવું પ્રમાણ $= \frac{2}{6} = \frac{1}{3}$

(3) ઘનશ્યામનો ત્યાગ $= \frac{1}{3} - \frac{1}{6}$

$= \frac{2-1}{6}$

ઘનશ્યામનો ત્યાગ $= \frac{1}{6}$ (ત્યાગ)

ઉપરોક્ત ઉદાહરણ પરથી કહી શકાય કે રામને નફામાં $\frac{1}{6}$ ભાગનો જે લાભ મળેલ છે તે ઘનશ્યામે કરેલ $\frac{1}{6}$ ભાગના ત્યાગને કારણે છે.

ઉપરોક્ત ઉદાહરણ પરથી એમ કહી શકાય કે જો ત્યાગની ગણતરી કરતી વખતે જવાબ ઋણ (–) ચિહ્ન સાથે આવે તો તે ત્યાગ નહિ પરંતુ જે-તે ભાગીદારને મળતો લાભ છે. એટલે કે લાભનું પ્રમાણ = નફાનું નવું પ્રમાણ – નફાનું જૂનું પ્રમાણ.

| રામ | શ્યામ | ઘનશ્યામ | |
|---|---|---|---|
| $-\frac{1}{6}$ | 0 | $\frac{1}{6}$ | 0 |
| (લાભ) | | (ત્યાગ) | |

**નોંધ :** ત્યાગના ભાગ અને લાભના ભાગનો સરવાળો હમેશા સરખો હોય છે.

- **એક કરતા વધુ ભાગીદારોએ ત્યાગ કરેલ હોય ત્યારે :**

**ઉદાહરણ 2 :** ભાવેશ, વિપુલ અને હિરલ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ નફો કે નુકસાન 2:2:1ના પ્રમાણમાં વહેંચે છે. બધા ભાગીદારોએ ભવિષ્યમાં નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 3:2:1 કરવાનું નક્કી કર્યું છે. આ માહિતી પરથી ત્યાગનું પ્રમાણ શોધો.

**જવાબ :**

| | ભાવેશ | | વિપુલ | | હિરલ | કુલ |
|---|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 2 | : | 2 | : | 1 | 5 |
| જૂનો ભાગ | $\frac{2}{5}$ | | $\frac{2}{5}$ | | $\frac{1}{5}$ | |
| નવું પ્રમાણ | 3 | : | 2 | : | 1 | 6 |
| નવો ભાગ | $\frac{3}{6}$ | | $\frac{2}{6}$ | | $\frac{1}{6}$ | |

**ત્યાગનો ભાગ = જૂનો ભાગ – નવો ભાગ**

(1) ભાવેશનો ત્યાગ $= \frac{2}{5} - \frac{3}{6}$

$= \frac{12-15}{30}$

$= \frac{-3}{30}$

ભાવેશનો ત્યાગ $= \frac{-1}{10}$ (લાભ)

(2) વિપુલનો ત્યાગ $= \frac{2}{5} - \frac{2}{6}$

$= \frac{12-10}{30}$

વિપુલનો ત્યાગ $= \frac{2}{30}$ (ત્યાગ)

(3) હિરલનો ત્યાગ $= \frac{1}{5} - \frac{1}{6}$

$= \frac{6-5}{30}$

હિરલનો ત્યાગ $= \frac{1}{30}$ (ત્યાગ)

ઉપરોક્ત ગણતરી પરથી એમ કહી શકાય કે વિપુલ અને હિરલે જે ત્યાગ કર્યો છે તે લાભના સ્વરૂપમાં ભાવેશને મળ્યો છે. વિપુલે $\frac{2}{30}$ ભાગનો અને હિરલે $\frac{1}{30}$ ભાગનો ત્યાગ કર્યો છે. તેથી વિપુલ અને હિરલ વચ્ચે ત્યાગનું પ્રમાણ અનુક્રમે $\frac{2}{30} : \frac{1}{30}$ એટલે કે વિપુલ અને હિરલ વચ્ચે ત્યાગનું પ્રમાણ 2:1 છે એમ કહી શકાય.

અગાઉ કરેલ ચર્ચા મુજબ અમુક ભાગીદારોએ કરેલ ત્યાગ અન્ય ભાગીદાર કે ભાગીદારો માટે લાભ બને છે. આ ઉદાહરણમાં વિપુલ અને હિરલે કરેલ ત્યાગ ભાવેશ માટે લાભ બને છે, જેની ગણતરી નીચે પ્રમાણે દર્શાવી શકાય.

વિપુલે કરેલ ત્યાગ $= \frac{2}{30}$

હિરલે કરેલ ત્યાગ $= \frac{1}{30}$

$\therefore$ વિપુલ અને હિરલે કરેલ કુલ ત્યાગ $= \frac{2}{30} + \frac{1}{30}$

$= \frac{2+1}{30}$

$= \frac{3}{30}$

વિપુલ અને હિરલે કરેલ કુલ ત્યાગ $= \frac{1}{10}$

ભાવેશને મળેલ લાભ $= \frac{1}{10}$

આમ, ઉપર દર્શાવેલ ગણતરી પરથી એમ કહી શકાય કે ભાવેશે મળેવલે $\frac{1}{10}$ ભાગનો લાભ તેણે વિપુલ અને હિરલ પાસેથી 2:1ના પ્રમાણમાં મેળવેલ છે.

- **જ્યારે એક ભાગીદારે કરેલ ત્યાગનો લાભ એક કરતાં વધુ ભાગીદારોને મળતો હોય ત્યારે :**

**ઉદાહરણ 3 :** પૂનમ, ધવલ અને કોમલ એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 3:2:1નું છે. બધા જ ભાગીદારોએ નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 1:2:2 કરવાનું નક્કી કર્યું. ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી દર્શાવો.

**જવાબ :**

| | **પૂનમ** | | **ધવલ** | | **કોમલ** | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 3 | : | 2 | : | 1 | 6 |
| જૂનો ભાગ | $\frac{3}{6}$ | | $\frac{2}{6}$ | | $\frac{1}{6}$ | |
| નવું પ્રમાણ | 1 | : | 2 | : | 2 | 5 |
| નવો ભાગ | $\frac{1}{5}$ | | $\frac{2}{5}$ | | $\frac{2}{5}$ | |

**ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી :**

**ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ**

(1) પૂનમે કરેલ ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

$= \frac{3}{6} - \frac{1}{5}$

$= \frac{15-6}{30}$

પૂનમે કરેલ ત્યાગ $= \frac{9}{30}$

(2) ધવલે કરેલ ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

$= \frac{2}{6} - \frac{2}{5}$

$= \frac{10-12}{30}$

ધવલે કરેલ ત્યાગ $= \frac{-2}{30}$ (લાભ)

(3) કોમલે કરેલ ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

$= \frac{1}{6} - \frac{2}{5}$

$= \frac{5-12}{30}$

કોમલે કરેલ ત્યાગ $= \frac{-7}{30}$ (લાભ)

ઉપરોક્ત ગણતરીમાં ધવલ અને કોમલનો જવાબ ઋણ (−) ચિહ્ન સાથે આવે છે એટલે કે ધવલ અને કોમલે કોઈ ત્યાગ કર્યો નથી, પરંતુ તેમને અનુક્રમે $\frac{2}{30}$ અને $\frac{7}{30}$ નો લાભ મળેલ છે.

ધવલ અને કોમલને મળેલ લાભ એ પૂનમના ત્યાગના કારણે ઉદ્‌ભવેલ છે, જેની ગણતરી નીચે પ્રમાણે દર્શાવી શકાય :

પૂનમે કરેલ ત્યાગ $= \frac{9}{30}$

ધવલને મળેલ લાભ $= \frac{2}{30}$

કોમલને મળેલ લાભ $= \frac{7}{30}$

$\therefore$ ધવલ અને કોમલને મળેલ કુલ લાભ $= \frac{2}{30} + \frac{7}{30} = \frac{9}{30}$

અહીંયા પૂનમે કરેલ $\frac{9}{30}$ ભાગનો ત્યાગનો લાભ ધવલ અને કોમલને મળેલ કુલ લાભના બરાબર છે.

ધવલ અને કોમલને અનુક્રમે $\frac{2}{30}$ અને $\frac{7}{30}$ ભાગનો લાભ મળ્યો છે. એટલે કે લાભનું પ્રમાણ 2:7 છે. જે પૂનમ પાસેથી મેળવેલ છે.

હવે, આપણે લાભના પ્રમાણની ગણતરીની સમજણ મેળવીએ.

**(2) લાભનું પ્રમાણ (Gaining Ratio) :**

જે રીતે ચાલુ ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની વહેંચણીમાં ફેરફારના કારણે અમુક ભાગીદારોને મળતા નફાના પ્રમાણમાં વધારો પણ થાય છે. એટલે કે અમુક ભાગીદારોને નફામાં પહેલાં કરતાં વધારે ભાગ મળે છે, તે પ્રમાણને લાભનું પ્રમાણ કહેવામાં આવે છે.

ચાલુ ભાગીદારી પેઢીમાંથી જો કોઈ ભાગીદાર નિવૃત્ત થાય કે મૃત્યુ પામે તો તે સમયે નિવૃત્ત થયેલ કે કોઈ મૃત્યુ પામેલ ભાગીદારનો નફાનો ભાગ બાકીના ચાલુ રહેલ ભાગીદારોને મળે છે. આ સમયે પણ ભાગીદારોને મળેલ લાભનું પ્રમાણ શોધવામાં આવે છે. ચાલુ ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ અંગેની વિસ્તૃત ચર્ચા હવે પછીના પ્રકરણ 6માં કરેલ છે.

જૂના નફા-નુકસાનના પ્રમાણ કરતાં નવા નફા-નુકસાનનું પ્રમાણ વધારે હોય તો લાભ થયો કહેવાય. ભાગીદારને મળતા નવા નફા-નુકસાનના પ્રમાણ અને જૂના નફા-નુકસાનના પ્રમાણ વચ્ચેનો તફાવત એ લાભનું પ્રમાણ છે એટલે કે ગાણિતિક રીતે,

**લાભ = નવો ભાગ – જૂનો ભાગ**

ભાગીદારને મળેલ લાભની ગણતરી એક ઉદાહરણ દ્વારા સમજીએ.

- **જ્યારે કોઈ એક જ ભાગીદારને લાભ મળતો હોય :**

**ઉદાહરણ 4 :** ધ્રુવિલ, ગોપી અને મુકુંદ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 1:1:1 છે. બધા જ ભાગીદારોએ નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે અનુક્રમે 1:2:3 કરવાનું નક્કી કર્યું. લાભનું પ્રમાણ શોધો.

**જવાબ :**

| | ધ્રુવિલ | | ગોપી | | મુકુંદ | કુલ |
|---|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 1 | : | 1 | : | 1 | 3 |
| જૂનો ભાગ | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | |
| નવું પ્રમાણ | 1 | : | 2 | : | 3 | 6 |
| નવો ભાગ | $\frac{1}{6}$ | | $\frac{2}{6}$ | | $\frac{3}{6}$ | |

હવે દરેક ભાગીદારને મળેલ લાભની ગણતરી કરીએ.

**ભાગીદારને મળેલ લાભ = નવો ભાગ – જૂનો ભાગ**

(1) ધ્રુવિલને મળેલ લાભ $= \frac{1}{6} - \frac{1}{3}$

$= \frac{1-2}{6}$

ધ્રુવિલને મળેલ લાભ $= \frac{-1}{6}$ (ત્યાગ)

(2) ગોપીને મળેલ લાભ $= \frac{2}{6} - \frac{1}{3}$

$= \frac{2-2}{6}$

$= \frac{0}{6}$

ગોપીને મળેલ લાભ $= 0$ (શૂન્ય)

(3) મુકુંદને મળેલ લાભ $= \frac{3}{6} - \frac{1}{3}$

$= \frac{3-2}{6}$

મુકુંદને મળેલ લાભ $= \frac{1}{6}$

ઉપરોક્ત લાભની ગણતરીમાં ધ્રુવિલનો જવાબ ઋણ (–) ચિહ્ન સાથે આવે છે, જે દર્શાવે છે કે ધ્રુવિલને ખરેખર કોઈ લાભ મળ્યો નથી, પરંતુ તેને નફા-નુકસાનની ફાળવણીના પ્રમાણમાં ફેરફાર થવાથી નફાના પ્રમાણમાં ઘટાડો થયો છે. એટલે કે ત્યાગ કરવો પડ્યો છે. ગોપીને નફાના પ્રમાણમાં ફેરફાર થવાથી કોઈ લાભ થયેલ નથી કે કોઈ ત્યાગ કરવો પડ્યો નથી. કારણ કે તેના નફાના પ્રમાણમાં કોઈ ફેરફાર થયો નથી. તેનું નવું નફા-નુકસાનનું પ્રમાણ $\frac{2}{6} = \frac{1}{3}$ કહેવાય. તેનું જૂનું પ્રમાણ પણ $\frac{1}{3}$ જ હતું. મૂકુંદને મળેલ લાભ એ ખરેખર ધ્રુવિલે કરેલ ત્યાગને કારણે છે.

ઉપરના ઉદાહરણ પરથી એમ કહી શકાય કે જો લાભની ગણતરી કરતી વખતે જવાબ ઋણ (–) ચિહ્ન સાથે આવે તો તે લાભ નહિ પરંતુ જે-તે ભાગીદારે કરેલ ત્યાગ છે.

- **જ્યારે એક કરતાં વધારે ભાગીદારને લાભ મળતો હોય :**

**ઉદાહરણ 5 :** ધ્યેય, સિદ્ધિ અને પ્રાપ્તિ એક ભાગીદારી પેઢીના 1:1:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. બધા જ ભાગીદારોએ મળીને નફા-નુકસાનની વહેંચણીનું નવું પ્રમાણ 1:3:3નું નક્કી કર્યું છે. આ માહિતી પરથી લાભનું પ્રમાણ શોધો.

**જવાબ :**

| | **ધ્યેય** | | **સિદ્ધિ** | | **પ્રાપ્તિ** | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 1 | : | 1 | : | 1 | 3 |
| જૂનો ભાગ | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | |
| નવું પ્રમાણ | 1 | : | 3 | : | 3 | 7 |
| નવો ભાગ | $\frac{1}{7}$ | | $\frac{3}{7}$ | | $\frac{3}{7}$ | |

**લાભ = નવો ભાગ – જૂનો ભાગ**

(1) ધ્યેયને મળેલ લાભ $= \frac{1}{7} - \frac{1}{3}$

$= \frac{3-7}{21}$

ધ્યેયને મળેલ લાભ $= \frac{-4}{21}$ (ત્યાગ)

(2) સિદ્ધિને મળેલ લાભ $= \frac{3}{7} - \frac{1}{3}$

$= \frac{9-7}{21}$

સિદ્ધિને મળેલ લાભ $= \frac{2}{21}$

(3) પ્રાપ્તિને મળેલ લાભ = $\frac{3}{7} - \frac{1}{3}$

$= \frac{9-7}{21}$

પ્રાપ્તિને મળેલ લાભ = $\frac{2}{21}$

ઉપરોક્ત ગણતરીમાં ધ્યેયને મળેલ લાભના પ્રમાણની ગણતરી કરતી વખતે જવાબ ઋણ (−)માં આવે છે, તેથી ધ્યેયને કોઈ લાભ મળતો નથી, પરંતુ તેણે $\frac{4}{21}$ ભાગનો ત્યાગ કર્યો છે. ધ્યેયે કરેલ ત્યાગ સિદ્ધિ અને પ્રાપ્તિને અનુક્રમે $\frac{2}{21}$ અને $\frac{2}{21}$ ભાગ લાભ પેટે મળ્યો છે.

તેથી સિદ્ધિ અને પ્રાપ્તિ વચ્ચેનું લાભનું પ્રમાણ અનુક્રમે $\frac{2}{21} : \frac{2}{21}$ એટલે 1:1 (2:2)નું છે એમ કહેવાય.

- **જ્યારે એક કરતાં વધુ ભાગીદારો ત્યાગ કરતાં હોય અને કોઈ એક જ ભાગીદારને લાભ મળતો હોય :**

**ઉદાહરણ 6 :** સાગર, સરિતા અને પલક એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓનું નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 3:3:2નું છે. બધા જ ભાગીદારોએ તેમના નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 1:1:1 કરવાનું નક્કી કર્યું છે. ભાગીદારોને મળેલ લાભ અને તેમણે કરેલ ત્યાગની ગણતરી દર્શાવો.

**જવાબ :**

| | સાગર | | સરિતા | | પલક | કુલ |
|---|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 3 | : | 3 | : | 2 | 8 |
| જૂનો ભાગ | $\frac{3}{8}$ | | $\frac{3}{8}$ | | $\frac{2}{8}$ | |
| નવું પ્રમાણ | 1 | : | 1 | : | 1 | 3 |
| નવો ભાગ | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | | $\frac{1}{3}$ | |

**(1) લાભના સૂત્ર દ્વારા સમજૂતી :**

**લાભ = નવો ભાગ − જૂનો ભાગ**

(1) સાગરને મળેલ લાભ $= \frac{1}{3} - \frac{3}{8}$

$= \frac{8-9}{24}$

સાગરને મળેલ લાભ $= \frac{-1}{24}$ (ત્યાગ)

(2) સરિતાને મળેલ લાભ $= \frac{1}{3} - \frac{3}{8}$

$= \frac{8-9}{24}$

સરિતાને મળેલ લાભ $= \frac{-1}{24}$ (ત્યાગ)

(3) પલકને મળેલ લાભ $= \frac{1}{3} - \frac{2}{8}$

$= \frac{8-6}{24}$

પલકને મળેલ લાભ $= \frac{2}{24}$

ઉપરોક્ત ગણતરીમાં સાગર અને સરિતા અનુક્રમે $\frac{1}{24}$ અને $\frac{1}{24}$ ભાગ ગુમાવે છે અને તેનો લાભ પલકને $\frac{2}{24}$ મળેલ છે.

પલકને મળેલ લાભ = સાગરે ગુમાવેલ ભાગ + સરિતાએ ગુમાવેલ ભાગ
(સાગરે કરેલ ત્યાગ) (સરિતાએ કરેલ ત્યાગ)

$= \frac{1}{24} + \frac{1}{24}$

$= \frac{1+1}{24}$

પલકને મળેલ લાભ $= \frac{2}{24}$

**(2) ત્યાગના સૂત્ર દ્વારા સમજૂતી :**

**ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ**

(1) સાગરે કરેલ ત્યાગ $= \frac{3}{8} - \frac{1}{3}$

$= \frac{9-8}{24}$

સાગરે કરેલ ત્યાગ $= \frac{1}{24}$

(2) સરિતાએ કરેલ ત્યાગ $= \frac{3}{8} - \frac{1}{3}$

$= \frac{9-8}{24}$

સરિતાને મળેલ ત્યાગ $= \frac{1}{24}$

(3) પલકે કરેલ ત્યાગ $= \frac{2}{8} - \frac{1}{3}$

$= \frac{6-8}{24}$

પલકે કરેલ ત્યાગ $= \frac{-2}{24}$ (લાભ)

આમ, ઉપરોક્ત ગણતરી મુજબ સાગર અને સરિતાએ જે ત્યાગ કર્યો છે તેના લાભ પલકને મળેલ છે.

પલકને મળેલ લાભ = સાગરે કરેલ ત્યાગ + સરિતાએ કરેલ ત્યાગ

$= \frac{1}{24} + \frac{1}{24}$

$= \frac{1+1}{24}$

પલકને મળેલ લાભ $= \frac{2}{24}$

ઉપરોક્ત ગણતરી પરથી એમ કહી શકાય કે લાભના સૂત્ર દ્વારા અને ત્યાગના સૂત્ર દ્વારા એકસરખો જ જવાબ આવે છે. આથી ચાલુ ભાગીદારોના નફાના પ્રમાણમાં જ્યારે પણ ફેરફાર થાય ત્યારે ત્યાગ અથવા લાભના સૂત્ર દ્વારા ગણતરી કરી શકાય.

ટૂંકમાં લાભના સૂત્ર દ્વારા ગણતરી કરીએ અને જવાબ '+'(ધન)માં આવે તો લાભ ગણવો અને '−'(ઋણ)માં આવે તો ત્યાગ ગણવો.

ત્યાગના સૂત્ર દ્વારા ગણતરી કરીએ અને જવાબ '+'(ધન)માં આવે તો ત્યાગ ગણવો અને '−'(ઋણ)માં જવાબ આવે તો લાભ ગણવો.

**ત્યાગના પ્રમાણ અને લાભના પ્રમાણ વચ્ચેનો તફાવત :**

| ત્યાગનું પ્રમાણ | લાભનું પ્રમાણ |
|---|---|
| (1) **અર્થ :** નવા ભાગીદારની તરફેણમાં જૂના ભાગીદારોએ કરેલ તેમના નફાના ભાગનો ત્યાગ તેમજ ચાલુ ભાગીદારોમાં ફેરફાર થતા કોઈ ભાગીદારે અન્ય નફા-નુકસાન વહેંચણીના પ્રમાણમાં ભાગીદારની તરફેણમાં કરેલ તેમના નફાના ભાગનો ત્યાગ. | (1) નિવૃત્ત થતા ભાગીદારનો ભાગ બાકી ચાલુ ભાગીદારો જે પ્રમાણમાં મેળવે તેનું પ્રમાણ તેમજ ચાલુ ભાગીદારોમાં નફા-નુકસાન વહેંચણીના પ્રમાણમાં ફેરફાર થતાં કોઈ ભાગીદારે કરેલ ત્યાગ ચાલુ ભાગીદારો જે પ્રમાણમાં મેળવે તેનું પ્રમાણ. |
| (2) **કયા સમયે શોધવું :** નવા ભાગીદારના પ્રવેશ વખતે તેમજ ભાગીદારી પેઢીના પુનર્ગઠન સમયે જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ શોધવામાં આવે છે. | (2) ભાગીદારની નિવૃત્તિ વખતે અને પુનર્ગઠન વખતે ચાલુ ભાગીદારોને મળતા લાભનું પ્રમાણ શોધવામાં આવે છે. |
| (3) **સૂત્ર :** ત્યાગ = જૂનો ભાગ – નવો ભાગ | (3) **સૂત્ર :** લાભ = નવો ભાગ – જૂનો ભાગ |
| (4) **કેમ શોધવું :** નવા ભાગીદારે લાવેલ તેના ભાગની પાઘડી જૂના ભાગીદારો વચ્ચે વહેંચવા માટે ત્યાગનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે તેમજ ભાગીદારી પેઢીના પુનર્ગઠનને કારણે પાઘડીની હવાલાનોંધ આપવા માટે ત્યાગનું પ્રમાણ શોધવામાં આવે છે. | (4) નિવૃત્ત થતાં ભાગીદારને આપવાના ભાગની પાઘડી બાકીના ભાગીદારો તેમના લાભના પ્રમાણમાં આપે છે તે નક્કી કરવા માટે લાભનું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. તેમજ ભાગીદારી પેઢીના પુનર્ગઠનને કારણે પાઘડીની હવાલાનોંધ આપવા માટે લાભનું પ્રમાણ શોધવામાં આવે છે. |

હવે ભાગીદારીના પુનર્ગઠનને લગતી બીજી મહત્ત્વની બાબતોની ચર્ચા કરીએ.

### 3. ભાગીદારી પેઢીની મિલકતો અને દેવાંનું (જવાબદારીનું) પુનઃમૂલ્યાંકન અને તેની હિસાબી અસરો (Revaluation of Assets and Liabilities of a Partnership Firm and its Accounting Effects)

ચાલુ ભાગીદારી પેઢીના ચોપડે મિલકતો અને દેવાં જે કિંમતે નોંધાયેલા હોય તેને વર્તમાન કિંમતે લાવવા તેને પુનઃમૂલ્યાંકન કહેવાય. એટલે કે પેઢીના ચોપડામાં જે કિંમતે નોંધાયેલા હોય તેને નવી કિંમતે ચોપડામાં દર્શાવવા તેને મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કહેવાય. મિલકતો અને દેવાં જે કિંમતે નોંધાયેલા હોય તે તેમની ખરેખર કે વાસ્તવિક કે સાચી કિંમત કરતાં વધુ કે ઓછી હોઈ શકે છે. સમયની સાથે ધંધાની જમીન, મકાન વગેરે જેવી સ્થિર મિલકતોની કિંમતમાં વધારો થયો હોય તેવું બને છે. આ જ રીતે દેવાદારો કે લેણીહૂંડી પર અનામતની જોગવાઈ કરવામાં આવી ન હોય તેવું પણ બને. આ જ રીતે દેવાંની રકમમાં વધારો કે ઘટાડો થયો હોય અથવા દેવાંની નોંધ કરવાની બાકી હોઈ શકે.

આવાં જુદાં જુદાં કારણોસર ધંધાના ભાગીદારો એવું નક્કી કરે કે પેઢીની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવું જરૂરી છે ત્યારે તેની હિસાબી અસરો આપવામાં આવે છે.

મિલકતો અને દેવાંના પુનઃમૂલ્યાંકનની હિસાબી અસરો નોંધવા માટે પેઢીના ચોપડામાં એક ખાસ ખાતું ખોલવામાં આવે છે. આ ખાતાંને પુનઃમૂલ્યાંકન ખાતું (Revaluation Account) કહેવામાં આવે છે. સામાન્ય રીતે જ્યારે પણ ભાગીદારીનું પુનર્ગઠન (નફા-નુકસાન ફાળવણીના પ્રમાણમાં ફેરફાર) થાય ત્યારે ભાગીદારી પેઢીની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે. પરિણામે મિલકતો અને દેવાંની વાસ્તવિક કિંમતો પેઢીના ચોપડે નોંધી શકાય છે અને કોઈ ભાગીદારને પુનર્ગઠનના કારણે અન્યાય થવાનો સંભવ રહેતો નથી. નવા ભાગીદારનો ચાલુ પેઢીમાં પ્રવેશ થાય ત્યારે તથા ચાલુ પેઢીનો ભાગીદાર નિવૃત્ત થાય કે મૃત્યુ પામે ત્યારે પેઢીની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન આ જ કારણથી કરવામાં આવે છે.

પુનઃમૂલ્યાંકન અંગેની હિસાબી અસરો આપતી વખતે નીચેના નિયમો ધ્યાનમાં લેવા :

(1) મિલકત-લેણાંમાં વધારો થાય તો નફો કહેવાય.

(2) મિલકત-લેણાંમાં ઘટાડો થાય તો ખોટ કહેવાય.

(3) દેવાંમાં/જોગવાઈઓમાં વધારો થાય તો ખોટ/નુકસાન કહેવાય.

(4) દેવાંમાં/જોગવાઈઓમાં ઘટાડો થાય તો નફો કહેવાય.

(5) નહિ નોંધાયેલ મિલકતો ચોપડે લાવતાં નફો થાય.

(6) નહિ નોંધાયેલ દેવાં ચોપડે લાવતાં નુકસાન થાય.

ઉપરના કિસ્સાઓ જ્યારે નફો થાય ત્યારે જે-તે બાબત ખાતે ઉધારી પુનઃમૂલ્યાંકન ખાતે જમા થાય અને નુકસાન થાય ત્યારે પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારી જે-તે બાબત ખાતે જમા થાય.

મિલકતોની ઉધાર બાકી હોય છે. આથી જો મિલકતોની કિંમતમાં વધારો થાય તો મિલકત ખાતું ઉધાર થાય અને નફો થતો હોવાથી પુનઃમૂલ્યાંકન ખાતું જમા થાય. આથી વિરુદ્ધ મિલકતોની કિંમતમાં ઘટાડો થાય તો નુકસાન થતું હોવાથી પુનઃમૂલ્યાંકન ખાતું ઉધાર થાય અને મિલકત ખાતું જમા થશે.

દેવાંની જમા બાકી હોય છે. આથી જો દેવાંની કિંમતમાં વધારો થાય તો નુકસાન/ખોટ થતી હોવાથી પુનઃમૂલ્યાંકન ખાતું ઉધાર થાય અને દેવાંનું ખાતું જમા થશે. આથી વિરુદ્ધ દેવાંની કિંમતમાં ઘટાડો થાય તો નફો/ફાયદો થતો હોવાથી દેવાં ખાતે ઉધાર થાય અને પુનઃમૂલ્યાંકન ખાતે જમા થશે.

મિલકતો અને દેવાંની કિંમતમાં થતા ફેરફારોની અસરો (હવાલાઓની અસરો) પુનઃમૂલ્યાંકન ખાતાંમાં આપવામાં આવતી હોવાથી પુનઃમૂલ્યાંકન ખાતાંને નફા-નુકસાન હવાલા તરીકે પણ ઓળખવામાં આવે છે.

મિલકતો અને દેવાંના પુનઃમૂલ્યાંકનની હિસાબી અસરો આપવા માટે નીચે મુજબ આમનોંધ થાય :

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | જ્યારે મિલકતોની કિંમતમાં વધારો થાય ત્યારે :<br>જે-તે મિલકત ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન (નફા-નુકસાન હવાલા) ખાતે<br>[બા.જે. : મિલકતની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ વધારો નોંધ્યો તેના.] | | ✓ | ✓ |
| (2) | જ્યારે મિલકતોની કિંમતમાં ઘટાડો થાય ત્યારે :<br>પુનઃમૂલ્યાંકન (નફા-નુકસાન હવાલા) ખાતે ઉ<br>તે જે-તે મિલકત ખાતે<br>[બા.જે. : મિલકતની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ ઘટાડો નોંધ્યો તેના.] | | ✓ | ✓ |
| (3) | જ્યારે દેવાદાર પર ઘાલખાધ અનામત, વટાવ અનામત વગેરેની જોગવાઈ કરવામાં આવે ત્યારે :<br>પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>તે દેવાદાર પર વટાવ અનામત ખાતે<br>[બા.જે. : દેવાદાર પર ઘાલખાધ અનામત અને વટાવ અનામતની જોગવાઈ કરી તેના.] | | ✓ | ✓<br>✓ |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (4) | જ્યારે કોઈ મિલકત, મળવાની બાકી આવક કે અગાઉથી ચૂકવેલ ખર્ચ ચોપડે નોંધવાના બાકી હોય ત્યારે :<br>જે-તે મિલકત ખાતે ઉ<br>મળવાની બાકી આવક ખાતે ઉ<br>અગાઉથી ચૂકવેલ ખર્ચ ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન ખાતે<br>[બા.જે. : ચોપડે નહિ નોંધેલ મિલકત, મળવાની બાકી આવક અને અગાઉથી ચૂકવેલ ખર્ચ નોંધ્યો તેના.] | | ✓<br>✓<br>✓ | ✓ |
| (5) | જ્યારે કોઈ દેવાંની રકમમાં વધારો થાય ત્યારે :<br>પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે જે-તે દેવાં ખાતે<br>[બા.જે. : દેવાંની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે વધારો થયો તેના.] | | ✓ | ✓ |
| (6) | જ્યારે દેવાંની કિંમતમાં ઘટાડો થાય ત્યારે :<br>જે-તે દેવાં ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન ખાતે<br>[બા.જે. : દેવાંની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે ઘટાડો થયો તેના.] | | ✓ | ✓ |
| (7) | જ્યારે ચોપડે નહિ નોંધેલ દેવાંની નોંધ કરવામાં આવે ત્યારે :<br>પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે ચૂકવવાનાં બાકી દેવાં ખાતે<br>[બા.જે. : ચોપડે નહિ નોંધેલ દેવાંની નોંધ કરી તેના.] | | ✓ | ✓ |
| (8) | પુનઃમૂલ્યાંકન ખાતું બંધ કરવામાં આવે ત્યારે :<br>(A) પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો હોય તો :<br>પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે ભાગીદારોનાં મૂડી / ચાલુ ખાતે<br>[બા.જે. : પુનઃમૂલ્યાંકનને કારણે ઉદ્‌ભવેલ નફો ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યો તેના.]<br>(B) પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ હોય તો :<br>ભાગીદારોના મૂડી / ચાલુ ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન ખાતે<br>[બા.જે. : પુનઃમૂલ્યાંકનને કારણે ઉદ્‌ભવેલ ખોટ ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | ✓<br><br>✓ | ✓<br><br>✓ |

● **પુનઃમૂલ્યાંકન ખાતાંનો નમૂનો :**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| મિલકત ખાતે (2) | ✓ | મિલકત ખાતે (1) | ✓ |
| (મિલકતની કિંમતમાં ઘટાડો) | | (મિલકતની કિંમતમાં વધારો) | |
| ઘાલખાધ અનામત ખાતે (3) | ✓ | મિલકત ખાતે (4) | ✓ |
| દેવાદાર પર વટાવ અનામત ખાતે (3) | ✓ | (નોંધવાની બાકી મિલકત) | |
| દેવાં ખાતે (દેવાંમાં વધારો) (5) | ✓ | મળવાની બાકી આવક ખાતે (4) | ✓ |
| ચૂકવવાના બાકી દેવાં ખાતે (7) | ✓ | અગાઉથી ચૂકવેલ ખર્ચ ખાતે (4) | ✓ |
| ભાગીદારોનાં મૂડી ખાતે : નફો (8A) | ✓ | દેવાં ખાતે (રકમમાં ઘટાડો) (6) | ✓ |
| | | ભાગીદારોનાં મૂડી ખાતે : ખોટ (8B) | ✓ |
| | ✓ | | ✓ |

**નોંધ :** ઉપરોક્ત પૂનઃમૂલ્યાંકન ખાતાંમાં કૌંસમાં દર્શાવેલ અંક આગળ સમજાવેલ આમનોંધનો ક્રમ સૂચવે છે. એટલે કે પુનઃમૂલ્યાંકન ખાતું એ પુનઃમૂલ્યાંકન અંગેની આમનોંધની ખતવણી છે.

ઉપરોક્ત આમનોંધ ક્રમાંક નં. 8 એ પુનઃમૂલ્યાંકન ખાતું બનાવ્યા પછી થશે. જો પુનઃમૂલ્યાંકન ખાતાંની જમા બાકી આવે તો તેને નફો અને ઉધાર બાકી આવે તો તેને ખોટ કહેવાય. આ નફો કે ખોટ ચાલુ ભાગીદારોનાં મૂડી ખાતે તેમના જૂના નફા-નુકસાનની ફાળવણીના પ્રમાણમાં લઈ જવાશે, કારણ કે આ નફો કે ખોટ નફાના પ્રમાણમાં ફેરફાર થયા પહેલાનો છે.

**ઉદાહરણ 7 :** ભાવના, ભરત અને ભૂમેશ એક ભાગીદારી પેઢીના 2:1:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે.

તા. 31-3-2017ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

**તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન | 5,00,000 |
| ભાવના | 6,00,000 | | મકાન | 8,00,000 |
| ભરત | 6,00,000 | | યંત્રો | 4,00,000 |
| ભૂમેશ | 5,40,000 | 17,40,000 | ફર્નિચર | 50,000 |
| લેણદારો | | 2,00,000 | રોકાણો | 50,000 |
| દેવીહૂંડી | | 60,000 | દેવાદારો | 1,00,000 |
| | | | લેણીહૂંડી | 30,000 |
| | | | રોકડસિલક | 20,000 |
| | | | બૅન્કસિલક | 50,000 |
| | | **20,00,000** | | **20,00,000** |

ઉપરોક્ત પાકા સરવૈયાની તારીખે ભાગીદારોએ મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું. આ અંગેની માહિતી નીચે મુજબ છે :

(1) જમીનની કિંમત ₹ 7,00,000 ગણવી.

(2) મકાનની કિંમતમાં ₹ 1,00,000નો વધારો કરવો.

(3) યંત્રોની બજારકિંમત ₹ 2,50,000 છે, જે ચોપડે લાવવાનું નક્કી કરેલ છે.

(4) દેવાદારો પર 20 % લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(5) લેણદારોને ₹ 10,000 હવે ચૂકવવાના રહેતા નથી.

(6) મળવાની બાકી આવક ₹ 5000 અને ચૂકવવાના બાકી ખર્ચા ₹ 3000ની નોંધ કરવાની બાકી છે.

ઉપરની માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે પુનઃમૂલ્યાંકન અંગેની જરૂરી આમનોંધ નોંધી પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરો.

**જવાબ :** **ભાવના, ભરત અને ભૂમેશની ભાગીદારી પેઢીના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | જમીન ખાતે ઉ | | 2,00,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 2,00,000 |
| | [બા.જે. : જમીનની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ વધારો ₹ 2,00,000 નોંધ્યો તેના.] | | | |
| (2) | મકાન ખાતે ઉ | | 1,00,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 1,00,000 |
| | [બા.જે. : મકાનની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ વધારો ₹ 1,00,000 નોંધ્યો તેના.] | | | |
| (3) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 1,50,000 | |
| | તે યંત્રો ખાતે | | | 1,50,000 |
| | [બા.જે. : યંત્રોની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ ઘટાડો ₹ 1,50,000 નોંધ્યો તેના.] | | | |
| (4) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 20,000 | |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 20,000 |
| | [બા.જે. : ₹ 1,00,00ના દેવાદારો પર 20 % લેખે ₹ 20,000ની ઘાલખાધ અનામતની જોગવાઈ કરી તેના.] | | | |
| (5) | લેણદારો ખાતે ઉ | | 10,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 10,000 |
| | [બા.જે. : લેણદારોને ₹ 10,000 હવે ચૂકવવાના નથી તે નોંધ્યું તેના.] | | | |
| (6) | મળવાની બાકી આવક ખાતે ઉ | | 5000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 5000 |
| | [બા.જે. : ચોપડે નહિ નોંધેલ મળવાની બાકી આવકની નોંધ કરી તેના.] | | | |
| (7) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 3000 | |
| | તે ચૂકવવાના બાકી ખર્ચા ખાતે | | | 3000 |
| | [બા.જે. : ચોપડે નહિ નોંધાયેલ ચૂકવવાના બાકી ખર્ચાની નોંધ કરી તેના.] | | | |
| | સરવાળો આગળ લઈ ગયા | | 4,88,000 | 4,88,000 |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | સરવાળો આગળ લાવ્યા | | 4,88,000 | 4,88,000 |
| (8) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 1,42,000 | |
| | તે ભાવનાના મૂડી ખાતે | | | 71,000 |
| | તે ભરતના મૂડી ખાતે | | | 35,500 |
| | તે ભૂમેશના મૂડી ખાતે | | | 35,500 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ નફો ભાગીદારો વચ્ચે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યો તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **6,30,000** | **6,30,000** |

**તા. 31-3-2017ના રોજનું પુનઃમૂલ્યાંકનનું ખાતું (નફા-નુકસાન હવાલા ખાતું)**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 1,50,000 | જમીન ખાતે | 2,00,000 |
| ઘાલખાધ અનામત ખાતે | | 20,000 | મકાન ખાતે | 1,00,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા ખાતે | | 3000 | લેણદારો ખાતે | 10,000 |
| નફો : ભાગીદારોના મૂડી ખાતે (2:1:1) | | | મળવાની બાકી આવક ખાતે | 5000 |
| ભાવના | 71,000 | | | |
| ભરત | 35,500 | | | |
| ભૂમેશ | 35,500 | 1,42,000 | | |
| | | **3,15,000** | | **3,15,000** |

**સમજૂતી :**

| વિગત | જૂની કિંમત | નવી કિંમત | વધારો | ઘટાડો | નફો | નુકસાન | પુનઃમૂલ્યાંકન ખાતે |
|---|---|---|---|---|---|---|---|
| જમીન | 5,00,000 | 7,00,000 | 2,00,000 | – | 2,00,000 | – | જમા |
| મકાન | 8,00,000 | 9,00,000 | 1,00,000 | – | 1,00,000 | – | જમા |
| યંત્રો | 4,00,000 | 2,50,000 | – | 1,50,000 | – | 1,50,000 | ઉધાર |
| ઘાલ. અનામત | – | 20,000 | 20,000 | – | – | 20,000 | ઉધાર |
| લેણદારો | 2,00,000 | 1,90,000 | – | 10,000 | 10,000 | – | જમા |
| મ.બાકી આવક | – | 5000 | 5000 | – | 5000 | – | જમા |
| ચૂ.બાકી ખર્ચા | – | 3000 | 3000 | – | – | 3000 | ઉધાર |
| | | | | | **3,15,000** | **1,73,000** | |

**ઉદાહરણ 8 :** હરીશ, ધ્રુવિલ અને મનોજ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચેનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 3:2:1 છે. તા. 31-3-2017ના રોજનું પેઢીનું પાકું સરવૈયું પાના નંબર 123 પર દર્શાવેલ છે :

### હરીશ, ધ્રુવિલ અને મનોજની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન | 3,00,000 |
| હરીશ | 3,65,000 | | મકાન | 4,80,000 |
| ધ્રુવિલ | 3,00,000 | | યંત્રો | 2,00,000 |
| મનોજ | 1,00,000 | 7,65,000 | રોકાણો | 1,20,000 |
| બૅન્કલોન | | 4,50,000 | દેવાદારો | 80,000 |
| લેણદારો | | 1,00,000 | લેણીહૂંડી | 20,000 |
| દેવીહૂંડી | | 32,000 | બૅન્કસિલક | 1,00,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 18,000 | રોકડસિલક | 40,000 |
| | | | મળવાની બાકી આવક | 10,000 |
| | | | આખરસ્ટૉક | 15,000 |
| | | **13,65,000** | | **13,65,000** |

ઉપરોક્ત પાકા સરવૈયાની તારીખે ભાગીદારોએ નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને 1:3:2 નક્કી કર્યું તથા ધંધાની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું. જેની માહિતી નીચે મુજબ છે :

(1) જમીનની કિંમત ₹ 3,50,000 સુધી વધારવી અને મકાનની કિંમત ₹ 70,000થી વધારવી.

(2) યંત્રોની કિંમત ₹ 1,50,000 સુધી રાખવી.

(3) રોકાણોની કિંમતમાં 20 % ઘટાડો કરવો.

(4) દેવાદારો પર 10 % લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ અને 5 % લેખે વટાવ અનામતની જોગવાઈ કરવાની છે.

(5) 50 % સ્ટૉકની કિંમતમાં 10 % ઘટાડો કરવાનો છે.

(6) ચોપડે નહિ નોંધેલ ચૂકવવાના બાકી ખર્ચા ₹ 2000ના છે.

(7) અગાઉથી ચૂકવેલ ભાડું ₹ 3000 ચોપડે નોંધવાનું બાકી છે.

ઉપરની માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે આમનોંધ લખી પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરો.

**જવાબ :**

### હરીશ, ધ્રુવિલ અને મનોજની પેઢીના ચોપડામાં આમનોંધ

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| (1) | જમીન ખાતે | ઉ | | 50,000 | |
| | મકાન ખાતે | ઉ | | 70,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 1,20,000 |
| | [બા.જે. : જમીન અને મકાનની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ વધારો નોંધ્યો તેના.] | | | | |
| (2) | પુનઃમૂલ્યાંકન ખાતે | ઉ | | 50,000 | |
| | તે યંત્રો ખાતે | | | | 50,000 |
| | [બા.જે. : યંત્રોની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ ઘટાડો નોંધ્યો તેના.] | | | | |
| | સરવાળો આગળ લઈ ગયા | | | 1,70,000 | 1,70,000 |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | સરવાળો આગળ લાવ્યા | | 1,70,000 | 1,70,000 |
| (3) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 24,000 | |
| | તે રોકાણો ખાતે | | | 24,000 |
| | [બા.જે. : રોકાણોની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ ઘટાડો નોંધ્યો તેના.] | | | |
| (4) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 11,600 | |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 8000 |
| | તે દેવાદાર પર વટાવ અનામત ખાતે | | | 3600 |
| | [બા.જે. : ₹ 80,000ના દેવાદારો પર 10 % લેખે ₹ 8000ની ઘાલખાધ અનામત અને ₹ 72,000 (₹ 80,000 – ₹ 8000) પર 5 % લેખે ₹ 3600ની વટાવ અનામતની નોંધ કરી તેના.] | | | |
| (5) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 750 | |
| | તે સ્ટૉક ખાતે | | | 750 |
| | [બા.જે. : સ્ટૉકની કિંમતમાં પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ ઘટાડો નોંધ્યો તેના.] | | | |
| (6) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 2000 | |
| | તે ચૂકવવાના બાકી ખર્ચ ખાતે | | | 2000 |
| | [બા.જે. : ચોપડે નહિ નોંધેલ ચૂકવવાના બાકી ખર્ચની નોંધ કરી તેના.] | | | |
| (7) | અગાઉથી ચૂકવેલ ભાડા ખાતે ઉ | | 3000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 3000 |
| | [બા.જે. : ચોપડે નહિ નોંધેલ અગાઉથી ચૂકવેલ ભાડાની નોંધ કરી તેના.] | | | |
| (8) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 34,650 | |
| | તે હરીશના મૂડી ખાતે | | | 17,325 |
| | તે ધ્રુવિલના મૂડી ખાતે | | | 11,550 |
| | તે મનોજના મૂડી ખાતે | | | 5775 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે થયેલ નફાની વહેંચણી ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનની વહેંચણીના પ્રમાણમાં (3:2:1) કરી તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **2,46,000** | **2,46,000** |

**તા. 31-3-2017ના રોજનું પુનઃમૂલ્યાંકનનું ખાતું (નફા-નુકસાન હવાલા ખાતું)**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 50,000 | જમીન ખાતે | 50,000 |
| રોકાણો ખાતે | | 24,000 | મકાન ખાતે | 70,000 |
| ઘાલખાધ અનામત ખાતે | | 8000 | અગાઉથી ચૂકવેલ ભાડા ખાતે | 3000 |
| દેવાદાર પર વટાવ અનામત ખાતે | | 3600 | | |
| સ્ટૉક ખાતે | | 750 | | |
| ચૂકવવાના બાકી ખર્ચ ખાતે | | 2000 | | |
| નફો : ભાગીદારોનાં મૂડી ખાતે : | | | | |
| હરીશ | 17,325 | | | |
| ધ્રુવિલ | 11,550 | | | |
| મનોજ | 5775 | 34,650 | | |
| | | **1,23,000** | | **1,23,000** |

**નોંધ :** (1) જમીનની કિંમત ₹ 3,50,000 સુધી વધારવી એટલે કે પુનઃમૂલ્યાંકન કિંમત ₹ 3,50,000 કહેવાય. આથી પુનઃમૂલ્યાંકનને કારણે જમીનની કિંમતમાં ₹ 50,000નો વધારો કહેવાય. (3,50,000 − 3,00,000 = ₹ 50,000નો વધારો)

(2) યંત્રોની કિંમત ₹ 1,50,000 સુધી ઘટાડવી એટલે કે પુનઃમૂલ્યાંકન કિંમત ₹ 1,50,000 કહેવાય. આથી પુનઃમૂલ્યાંકનને કારણે યંત્રોની કિંમતમાં ₹ 50,000નો ઘટાડો કહેવાય. (2,00,000 − 1,50,000 = ₹ 50,000નો ઘટાડો)

**ઉદાહરણ 9 :** હાર્દિક અને અલ્પેશ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 5:3 છે. તેઓ તેમની વચ્ચેનું નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 3:2નું કરવા માંગે છે, તેથી તેઓએ તેમની પેઢીની મિલકતો અને દેવાનું પુનઃમૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું છે. નીચે આપેલ માહિતી પરથી પેઢીના ચોપડે પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરો અને પુનઃમૂલ્યાંકન બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**હાર્દિક અને અલ્પેશની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | | 2,00,000 |
| હાર્દિક | 1,10,000 | | યંત્રો | | 80,000 |
| અલ્પેશ | 90,000 | 2,00,000 | ફર્નિચર | | 40,000 |
| **ચાલુ ખાતાં :** | | | રોકાણો | | 60,000 |
| હાર્દિક | 1,55,000 | | આખરસ્ટૉક | | 45,000 |
| અલ્પેશ | 1,00,000 | 2,55,000 | દેવાદારો | 30,000 | |
| લેણદારો | | 35,000 | − ઘાલખાધ અનામત | 1500 | 28,500 |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 90,000 | લેણીહૂંડી | | 15,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 3500 | મળવાની બાકી આવક | | 5000 |
| | | | રોકડસિલક | | 1,10,000 |
| | | **5,83,500** | | | **5,83,500** |

**વધારાની માહિતી :**

(1) જમીન અને મકાનની કિંમતમાં 25 %નો વધારો કરવાનો છે.

(2) ફર્નિચરની કિંમત 90 % સુધી ઘટાડવી.

(3) યંત્રોની બજારકિંમત ₹ 72,000ની છે.

(4) આખરસ્ટૉકની ચોપડે કિંમત બજારકિંમત કરતાં ₹ 10,000 ઓછી છે.

(5) દેવાદારો પર ₹ 3600 કુલ ઘાલખાધ અનામતની જોગવાઈ રાખવાની છે.

(6) લેણદારોમાંથી ₹ 5000ના લેણદારને હવે નાણાં ચૂકવવાના નથી.

(7) બૅન્ક ઓવરડ્રાફ્ટ પરનું વ્યાજ ₹ 4500 ચોપડે નોંધવાનું બાકી છે.

**જવાબ :**

**તા. 31-3-2017ના રોજનું પુનઃમૂલ્યાંકનનું ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| ફર્નિચર ખાતે | | 4000 | જમીન-મકાન ખાતે | 50,000 |
| યંત્રો ખાતે | | 8000 | આખરસ્ટૉક ખાતે | 10,000 |
| ઘાલખાધ અનામત ખાતે | | 2100 | લેણદારો ખાતે | 5000 |
| ચૂકવવાના બાકી બૅન્ક ઓવરડ્રાફ્ટના વ્યાજ ખાતે | | 4500 | | |
| નફો : ભાગીદારોનાં ચાલુ ખાતે : (5:3) | | | | |
| હાર્દિક | 29,000 | | | |
| અલ્પેશ | 17,400 | 46,400 | | |
| | | **65,000** | | **65,000** |

**નોંધ :** (1) ફર્નિચરની કિંમત 90 % સુધી ઘટાડવી એનો અર્થ એ થાય કે 10 % ઘટાડો કરવો. (100 % − 90 %)

(2) આખરસ્ટૉકની ચોપડે કિંમત બજારકિંમત કરતાં ઓછી છે તેનો અર્થ એ થાય કે બજારમાં કિંમત ₹ 10,000 વધુ છે.

(3) ભાગીદારોનાં સ્થિર મૂડી ખાતાં અને ચાલુ ખાતાં પાકા સરવૈયામાં અલગથી આપેલાં છે. તેથી પુનઃમૂલ્યાંકનનો નફો ભાગીદારોના ચાલુ ખાતે લઈ જવામાં આવ્યો છે.

**હાર્દિક અને અલ્પેશની પેઢીનું પુનઃમૂલ્યાંકન બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | | જમીન-મકાન | 2,00,000 | |
| હાર્દિક | | 1,10,000 | | + 25 % વધારો | 50,000 | 2,50,000 |
| અલ્પેશ | | 90,000 | 2,00,000 | યંત્રો | 80,000 | |
| **ચાલુ ખાતાં :** | | | | − ઘટાડો | 8000 | 72,000 |
| હાર્દિક | 1,55,000 | | | ફર્નિચર | 40,000 | |
| + નફો | 29,000 | 1,84,000 | | − ઘટાડો 10 % | 4000 | 36,000 |
| અલ્પેશ | 1,00,000 | | | રોકાણો | | 60,000 |
| + નફો | 17,400 | 1,17,400 | 3,01,400 | આખરસ્ટૉક | 45,000 | |
| લેણદારો | | | 30,000 | + વધારો | 10,000 | 55,000 |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 90,000 | | દેવાદારો | 30,000 | |
| + બાકી વ્યાજ | | 4500 | 94,500 | − ઘાલખાધ અનામત | 3600 | 26,400 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | | 3500 | લેણીહૂંડી | | 15,000 |
| | | | | મળવાની બાકી આવક | | 5000 |
| | | | | રોકડસિલક | | 1,10,000 |
| | | | **6,29,400** | | | **6,29,400** |

**4. ભાગીદારો વચ્ચે અનામતો અને એકત્રિત નફાની વહેંચણી (Distribution of Reserves and Accumulated Profits Among the Partners)**

ભાગીદારી પેઢીના વહેંચણીપાત્ર નફામાંથી ઊભા કરવામાં આવેલાં ભંડોળો કે જેની સામે કોઈ જવાબદારી ન હોય અને એકત્રિત થયેલ નફાની બાકી હોય તો તેની માલિકી પેઢીના વર્તમાન ભાગીદારોની કહેવાય. સામાન્ય અનામત, કારીગર અકસ્માત વળતર ભંડોળ વગેરેને અનામત ભંડોળ અને નફા-નુકસાન ખાતાંની જમા બાકીને એકત્રિત નફો કહેવાય. ભાગીદારીના પુનર્ગઠન વખતે ભાગીદારી પેઢીના ચોપડે અનામત ભંડોળ કે એકત્રિત નફાની બાકી ચાલુ ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે.

જો નફા-નુકસાન ખાતાંની ઉધાર બાકી (એટલે ખોટ) હોય તો તેને પણ વર્તમાન ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનની ફાળવણીના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. આવી વહેંચણી પેઢીના નવા ભાગીદારના પ્રવેશ પહેલાં કરવામાં આવે છે. ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ સમયે પણ અનામત ભંડોળ અને નફા-નુકસાન ખાતાંની બાકીની વહેંચણી જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં કરવામાં આવે છે.

અનામત ભંડોળ અને એકત્રિત થયેલ નફાની રકમની વહેંચણી કરવા માટે નીચે મુજબની આમનોંધ પેઢીના ચોપડે કરવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | નફા-નુકસાન (નફો) ખાતે ઉ | | ✓ | |
| | સામાન્ય અનામત ખાતે ઉ | | ✓ | |
| | મૂડી અનામત ખાતે ઉ | | ✓ | |
| | અનામત ભંડોળ ખાતે ઉ | | ✓ | |
| | આકસ્મિક અનામત ખાતે ઉ | | ✓ | |
| | કારીગર અકસ્માત વળતર અનામત ખાતે ઉ | | ✓ | |
| | રોકાણ વધઘટ અનામત ખાતે ઉ | | ✓ | |
| | તે ભાગીદારોના મૂડી/ચાલુ ખાતે | | | ✓ |

**નોંધ :** જો પેઢીના ચોપડે નફા-નુકસાન ખાતાંની ઉધાર બાકી (ખોટ) અને અન્ય પ્રસારિત મહેસુલી ખર્ચા હોય તો નીચે મુજબની આમનોંધ પેઢીના ચોપડે નોંધવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ભાગીદારોના મૂડી/ચાલુ ખાતે ઉ | | ✓ | |
| | તે નફા-નુકસાન (ખોટ) ખાતે | | | ✓ |
| | તે જાહેરાત ઝૂંબેશ ખર્ચ ખાતે | | | ✓ |
| | તે સંશોધન-વિકાસ ખર્ચ ખાતે | | | ✓ |
| | તે નહિ માંડી વાળેલ અન્ય મહેસુલી ખર્ચ ખાતે | | | ✓ |

**નોંધ :** જો અસ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ હોય એટલે કે ચાલુ ખાતાં ન હોય તો અનામત ભંડોળ અને નફા-નુકસાન ખાતાંની બાકી મૂડી ખાતાંમાં લઈ જવાય અને સ્થિર મૂડી ખાતાંની પદ્ધતિ હોય તો ભાગીદારોનાં ચાલુ ખાતે લઈ જવાય.

**ઉદાહરણ 10 :** રામ અને રહીમ એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચેનું નફા-નુકસાનનું પ્રમાણ 4:3નું છે. તા. 31-3-2017ના રોજ પેઢીના ચોપડે નીચે પ્રમાણેની બાકીઓ છે.

| | |
|---|---|
| નફા-નુકસાનનું ખાતું (ઉધાર બાકી) | ₹ 14,000 |
| અનામત ભંડોળ | ₹ 42,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | ₹ 21,000 |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | ₹ 26,000 |

ઉપરોક્ત તારીખે રામ અને રહીમે તેમના વચ્ચે નફા-નુકસાનની ફાળવણીનું નવું પ્રમાણ 1:1નું નક્કી કર્યું છે. કારીગર અકસ્માત વળતર ભંડોળની સામે કારીગરને ₹ 5000નો દાવો ચૂકવવાનો બાકી છે. ભાગીદારી પેઢીના ચોપડે એકત્રિત થયેલ નફા કે ખોટની વહેંચણી દર્શાવતી આમનોંધો પસાર કરો.

**જવાબ :** અહીંયા ચાલુ ભાગીદારોએ તેમના નફા-નુકસાનના પ્રમાણમાં ફેરફાર કર્યો છે. આથી પેઢીના ચોપડે એકત્રિત થયેલ નફો કે ખોટ અને અનામતો તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચાશે.

નફા-નુકસાન ખાતાંની
ઉધાર બાકી
₹ 14,000
(4:3)
રામ 8000 — રહીમ 6000

અનામત ભંડોળ = 42,000
કારીગર અકસ્માત વળતર ભંડોળ = 21,000
(₹ 26,000 – ₹ 5000નો દાવો)
63,000
(4:3)
રામ 36,000 — રહીમ 27,000

**નોંધ :** (1) કારીગર નફા ભાગ ભંડોળ એ પેઢીનું દેવું હોવાથી તેની વહેંચણી થશે નહિ. (2) કુલ કારીગર અકસ્માત વળતર ભંડોળ ₹ 26,000નું છે. પરંતુ તેની સામે ₹ 5000નો દાવો ચૂકવવાનો બાકી હોવાથી ₹ 5000 કારીગર અકસ્માત વળતર ભંડોળ પાકા સરવૈયામાં દેવાં તરીકે ચાલુ રહેશે, જ્યારે બાકીના ₹ 21,000 જ ચાલુ ભાગીદારો વચ્ચે વહેંચાશે.

### રામ અને રહીમની પેઢીના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | રામના મૂડી ખાતે ઉ | | 8000 | |
| | રહીમના મૂડી ખાતે ઉ | | 6000 | |
| | તે નફા-નુકસાન ખાતે | | | 14,000 |
| | [બા.જે. : નફા-નુકસાન ખાતાંની ઉધાર બાકી ચાલુ ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |
| (2) | અનામત ભંડોળ ખાતે ઉ | | 42,000 | |
| | કારીગર અકસ્માત વળતર ભંડોળ ખાતે ઉ | | 21,000 | |
| | તે રામના મૂડી ખાતે | | | 36,000 |
| | તે રહીમના મૂડી ખાતે | | | 27,000 |
| | [બા.જે. : અનામત ભંડોળ અને કારીગર અકસ્માત વળતર ભંડોળની બાકી ચાલુ ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **77,000** | **77,000** |

**નોંધ :** ઉપરોક્ત આમનોંધ નં. 2 સંયુક્ત કરેલ છે. તેના બદલે અલગ અલગ આમનોંધ નીચે મુજબ કરી શકાય.

| | | | | |
|---|---|---|---|---|
| (1) | અનામત ભંડોળ ખાતે ઉ | | 42,000 | |
| | તે રામના મૂડી ખાતે $(42,000 \times \frac{4}{7})$ | | | 24,000 |
| | તે રહીમના મૂડી ખાતે $(42,000 \times \frac{3}{7})$ | | | 18,000 |
| | [બા.જે. : અનામત ભંડોળની બાકી ચાલુ ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |
| (2) | કારીગર અકસ્માત વળતર ભંડોળ ખાતે ઉ | | 21,000 | |
| | તે રામના મૂડી ખાતે $(21,000 \times \frac{4}{7})$ | | | 12,000 |
| | તે રહીમના મૂડી ખાતે $(21,000 \times \frac{3}{7})$ | | | 9,000 |
| | [બા.જે. : કારીગર અકસ્માત વળતર ભંડોળની બાકી ચાલુ ભાગીદારો વચ્ચે તેના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |

**નોંધ :** પ્રશ્નપત્રની રચના વખતે :

(1) પ્રશ્નમાં આમનોંધ અને પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરવાનું હોય તો વધુમાં વધુ 10 હવાલા પ્રશ્નમાં મૂકી શકાય.

(2) પ્રશ્નમાં આમનોંધ, જરૂરી ખાતા અને પાકું સરવૈયું તૈયાર કરવાના હોય તો વધુમાં વધુ 5 હવાલા પ્રશ્નમાં મૂકવા. આ બાબત ભાગીદારીનું પુનર્ગઠન, ભાગીદારનો પ્રવેશ અને ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુનાં પ્રકરણોમાં લાગુ પાડવી.

**ઉદાહરણ 11 :** નીચેની માહિતી પરથી રાજેશ અને જગદીશની ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો અને પુનઃમૂલ્યાંકન ખાતું અને પુનઃમૂલ્યાંકનની અસર આપ્યા બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

રાજેશ અને જગદીશ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મજુબ છે :

**રાજેશ અને જગદીશની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | | 1,00,000 |
| રાજેશ | 1,40,000 | | યંત્રો | | 80,000 |
| જગદીશ | 60,000 | 2,00,000 | ફર્નિચર | | 20,000 |
| સામાન્ય અનામત | | 10,000 | રોકાણો (બજારકિંમત ₹ 25,000) | | 30,000 |
| નફા-નુકસાન ખાતું | | 15,000 | દેવાદારો | 60,000 | |
| લેણદારો | | 95,000 | – ઘાલખાધ અનામત | 3000 | 57,000 |
| | | | સ્ટૉક | | 23,000 |
| | | | રોકડસિલક | | 10,000 |
| | | **3,20,000** | | | **3,20,000** |

ભાગીદારોએ પેઢીની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવાનું તથા ભવિષ્યમાં નફો 1:1ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું, જે અંગેની માહિતી નીચે પ્રમાણે છે :

(1) જમીન-મકાનની કિંમત 20 %થી વધારવી.

(2) યંત્રો અને ફર્નિચરની કિંમતમાં 20 % ઘટાડો કરવો.

(3) દેવાદારો પર હવે ઘાલખાધ અનામતની જરૂર નથી.

(4) સ્ટૉકમાં ₹ 3000ના મરામત ખર્ચની જરૂરિયાત છે.

(5) લેણદારોમાંથી ₹ 5000 હવે ચૂકવવા પડશે નહિ. જેની ચોપડે નોંધ કરવાની છે.

(6) ચૂકવવાનો બાકી ખર્ચ ₹ 6000 અને મળવાની બાકી આવક ₹ 8000 છે.

(7) રોકાણો તેની બજારકિંમતે દર્શાવવાના છે.

**જવાબ :**

**રાજેશ અને જગદીશની ભાગીદારી પેઢીના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | જમીન-મકાન ખાતે ઉ | | 20,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 20,000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે જમીન-મકાનની કિંમતમાં વધારો થયો તે નોંધ્યો તેના.] | | | |
| | સરવાળો આગળ લઈ ગયા | | 20,000 | 20,000 |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | સરવાળો આગળ લાવ્યા | | 20,000 | 20,000 |
| (2) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 20,000 | |
| | તે યંત્રો ખાતે | | | 16,000 |
| | તે ફર્નિચર ખાતે | | | 4000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે યંત્રો અને ફર્નિચરની કિંમતમાં ઘટાડો થયો તે નોંધ્યો તેના.] | | | |
| (3) | ઘાલખાધ અનામત ખાતે ઉ | | 3000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 3000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે હવે ઘાલખાધ અનામતની જરૂર નથી તેની નોંધ કરી તેના.] | | | |
| (4) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 3000 | |
| | તે સ્ટૉક ખાતે | | | 3000 |
| | [બા.જે. : આખરસ્ટૉકમાં જરૂરી મરામત ખર્ચની નોંધ કરી તેના.] | | | |
| (5) | લેણદારો ખાતે ઉ | | 5000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 5000 |
| | [બા.જે. : લેણદારોને ₹ 5000ની નહિ ચૂકવવાની રકમની નોંધ કરી તેના.] | | | |
| (6-A) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 6000 | |
| | તે ચૂકવવાના બાકી ખર્ચ ખાતે | | | 6000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે ચૂકવવાના બાકી ખર્ચની ચોપડે નોંધ કરી તેના.] | | | |
| (6-B) | મળવાની બાકી આવક ખાતે ઉ | | 8000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 8000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે મળવાની બાકી આવકની ચોપડે નોંધ કરી તેના.] | | | |
| (7) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 5000 | |
| | તે રોકાણો ખાતે | | | 5000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે રોકાણોની બજારકિંમતમાં થયેલો ઘટાડો નોંધ્યો તેના.] | | | |
| | સરવાળો આગળ લઈ ગયા | | 70,000 | 70,000 |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | સરવાળો આગળ લાવ્યા | | 70,000 | 70,000 |
| (8) | સામાન્ય અનામત ખાતે ઉ | | 10,000 | |
| | તે રાજેશના મૂડી ખાતે | | | 6000 |
| | તે જગદીશના મૂડી ખાતે | | | 4000 |
| | [બા.જે. : સામાન્ય અનામત ચાલુ ભાગીદારોને તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં (3:2) વહેંચી તેના.] | | | |
| (9) | નફા-નુકસાન ખાતે ઉ | | 15,000 | |
| | તે રાજેશના મૂડી ખાતે | | | 9000 |
| | તે જગદીશના મૂડી ખાતે | | | 6000 |
| | [બા.જે. : નફા-નુકસાન ખાતાંની જમા બાકી ચાલુ ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |
| (10) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 2000 | |
| | તે રાજેશના મૂડી ખાતે | | | 1200 |
| | તે જગદીશના મૂડી ખાતે | | | 800 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનનો નફો ચાલુ ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યા તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **97,000** | **97,000** |

**રાજેશ અને જગદીશની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું**
**પુનઃમૂલ્યાંકનનું ખાતું (નફા-નુકસાન હવાલા ખાતું)**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 16,000 | જમીન-મકાન ખાતે | 20,000 |
| ફર્નિચર ખાતે | | 4000 | ઘાલખાધ અનામત ખાતે | 3000 |
| સ્ટૉક ખાતે | | 3000 | લેણદારો ખાતે | 5000 |
| ચૂકવવાના બાકી ખર્ચ ખાતે | | 6000 | મળવાની બાકી આવક ખાતે | 8000 |
| રોકાણો ખાતે | | 5000 | | |
| ભાગીદારોના મૂડી ખાતે (નફો) : | | | | |
| રાજેશ | 1200 | | | |
| જગદીશ | 800 | 2000 | | |
| | | **36,000** | | **36,000** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર | જમા

| વિગત | રાજેશ (₹) | જગદીશ(₹) | વિગત | રાજેશ (₹) | જગદીશ(₹) |
|---|---|---|---|---|---|
| બાકી આગળ લઈ ગયા | 1,56,200 | 70,800 | બાકી આગળ લાવ્યા | 1,40,000 | 60,000 |
| | | | સામાન્ય અનામત | 6000 | 4000 |
| | | | નફા-નુકસાન ખાતું | 9000 | 6000 |
| | | | પુનઃમૂલ્યાંકન ખાતે | 1200 | 800 |
| | **1,56,200** | **70,800** | | **1,56,200** | **70,800** |

**રાજેશ અને જગદીશની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પુનઃમૂલ્યાંકન બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | 1,00,000 | |
| **રાજેશ :** | 1,40,000 | | + વધારો (20 %) | 20,000 | 1,20,000 |
| + સામાન્ય અનામત | 6000 | | યંત્રો | 80,000 | |
| + નફા-નુકસાન ખાતું | 9000 | | − ઘટાડો (20 %) | 16,000 | 64,000 |
| + પુનઃમૂલ્યાંકનનો નફો | 1200 | 1,56,200 | ફર્નિચર | 20,000 | |
| **જગદીશ :** | 60,000 | | − ઘટાડો (20 %) | 4000 | 16,000 |
| + સામાન્ય અનામત | 4000 | | રોકાણો (બજારકિંમતે) | | 25,000 |
| + નફા-નુકસાન ખાતું | 6000 | | દેવાદારો | | 60,000 |
| + પુનઃમૂલ્યાંકનનો નફો | 800 | 70,800 | સ્ટૉક | 23,000 | |
| લેણદારો | | 90,000 | − ઘટાડો | 3000 | 20,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 6000 | રોકડસિલક | | 10,000 |
| | | | મળવાની બાકી આવક | | 8000 |
| | | **3,23,000** | | | **3,23,000** |

**નોંધ :** ઉપરોક્ત પાકા સરવૈયામાં મૂડી ખાતાંની બાકીમાં સામાન્ય અનામત, નફા-નુકસાન ખાતાંની અને પુનઃમૂલ્યાંકન ખાતાંની અસર આપવામાં આવેલ છે. તેના બદલે ઉપર મુજબ ભાગીદારોનાં મૂડી ખાતાં બનાવીને મૂડી ખાતાંની જે બાકી આવે તે પાકા સરવૈયામાં દર્શાવી શકાય.

**ઉદાહરણ 12 :** પુષ્પા, પ્રતિભા અને ભાવના 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. આ પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે દર્શાવ્યા મુજબ છે :

**પુષ્પા, પ્રતિભા અને ભાવનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| પુષ્પા | 2,64,000 | | જમીન-મકાન | | 1,80,000 |
| પ્રતિભા | 1,20,000 | | યંત્રો | | 1,60,000 |
| ભાવના | 80,000 | 4,64,000 | ફર્નિચર | | 40,000 |
| સામાન્ય અનામત | | 18,000 | રોકાણો | | 30,000 |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | | 6000 | **ચાલુ મિલકતો :** | | |
| **બિનચાલુ દેવાં :** 12 %ની બૅન્ક લોન | | 1,00,000 | દેવાદારો | 1,60,000 | |
| **ચાલુ દેવાં :** | | | – ઘાલખાધ | 10,000 | |
| લેણદારો | | 56,000 | | 1,50,000 | |
| દેવીહૂંડી | | 6000 | – ઘાલખાધ અનામત | 7500 | 1,42,500 |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 15,000 | લેણીહૂંડી | | 7000 |
| | | | સ્ટૉક | | 30,500 |
| | | | રોકડસિલક | | 63,000 |
| | | | નફા-નુકસાન ખાતું | | 12,000 |
| | | **6,65,000** | | | **6,65,000** |

ઉપર આપેલ પાકા સરવૈયાની તારીખે ભાગીદારોએ નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને 1:1:1નું કર્યું તથા ધંધાની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું. ધંધાની મિલકતો અને દેવાંના પુનઃમૂલ્યાંકન અંગે નીચેનું પુનઃમૂલ્યાંકન ખાતું બનાવેલ છે.

**પુનઃમૂલ્યાંકન ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | 60,000 | જમીન-મકાન ખાતે | | 40,000 |
| ફર્નિચર ખાતે | 5000 | લેણદારો ખાતે | | 6000 |
| રોકાણો ખાતે | 3000 | મળવાની બાકી આવક ખાતે | | 4000 |
| ઘાલખાધ અનામત ખાતે | 7500 | ભાગીદારોના મૂડી ખાતે (ખોટ) : | | |
| સ્ટૉક ખાતે | 2500 | પુષ્પા | 18,000 | |
| ચૂકવવાના બાકી ખર્ચા ખાતે | 8000 | પ્રતિભા | 12,000 | |
| | | ભાવના | 6000 | 36,000 |
| | **86,000** | | | **86,000** |

ઉપરોક્ત માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી આમનોંધ લખી ભાગીદારોનાં મૂડી ખાતાં અને પુનઃમૂલ્યાંકન બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :** આ દાખલામાં પુનઃમૂલ્યાંકન ખાતું આપેલ છે. એટલે કે જે-જે દેવાં-મિલકતોનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવેલ છે તેના વ્યવહારોની ખતવણી આપેલ છે. આથી ખતવણી પરથી પુનઃમૂલ્યાંકનની આમનોંધ થશે.

સામાન્ય અનામત, કારીગર અકસ્માત વળતર ભંડોળ અને નફા-નુકસાન ખાતાંની (ઉધાર બાકી) અસર ભાગીદારોનાં મૂડી ખાતાંમાં આપવામાં આવે છે. આથી તે પુનઃમૂલ્યાંકન ખાતાંમાં નથી, પરંતુ તેની આમનોંધ થશે.

પુનઃમૂલ્યાંકન ખાતાં પરથી દરેક વ્યવહારની અલગ-અલગ આમનોંધ થઈ શકે પરંતુ અહીંયા પુનઃમૂલ્યાંકન ખાતું આપેલ હોવાથી ત્રણ આમનોંધ કરીને પુનઃમૂલ્યાંકન ખાતાંમાં દર્શાવેલ વિગતોની અસર દર્શાવી શકાય.

(1) મિલકતો-દેવાંમાં પુનઃમૂલ્યાંકનને કારણે નફો

(2) મિલકતો-દેવાંમાં પુનઃમૂલ્યાંકનને કારણે ખોટ

(3) પુનઃમૂલ્યાંકન ખાતાંના નફા-નુકસાનની ભાગીદારોમાં જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ફાળવણી

**પુષ્પા, પ્રતિભા અને ભાવનાની પેઢીના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 86,000 | |
| | તે યંત્રો ખાતે | | | 60,000 |
| | તે ફર્નિચર ખાતે | | | 5000 |
| | તે રોકાણો ખાતે | | | 3000 |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 7500 |
| | તે સ્ટૉક ખાતે | | | 2500 |
| | તે ચૂકવવાના બાકી ખર્ચ ખાતે | | | 8000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે મિલકતો-દેવાંની કિંમતમાં થયેલા ફેરફારો નોંધ્યા તેના.] | | | |
| (2) | જમીન-મકાન ખાતે ઉ | | 40,000 | |
| | લેણદારો ખાતે ઉ | | 6000 | |
| | મળવાની બાકી આવક ખાતે ઉ | | 4000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 50,000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનને લીધે મિલકતો-દેવાંની કિંમતમાં થયેલા ફેરફારો નોંધ્યા તેના.] | | | |
| (3) | પુષ્પાના મૂડી ખાતે ઉ | | 18,000 | |
| | પ્રતિભાના મૂડી ખાતે ઉ | | 12,000 | |
| | ભાવનાના મૂડી ખાતે ઉ | | 6000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 36,000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકનની ખોટ જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યો તેના.] | | | |
| (4) | સામાન્ય અનામત ખાતે ઉ | | 18,000 | |
| | તે પુષ્પાના મૂડી ખાતે | | | 9000 |
| | તે પ્રતિભાના મૂડી ખાતે | | | 6000 |
| | તે ભાવનાના મૂડી ખાતે | | | 3000 |
| | [બા.જે. : સામાન્ય અનામતની બાકી ચાલુ ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |
| (5) | કારીગર અકસ્માત વળતર ભંડોળ ખાતે ઉ | | 6000 | |
| | તે પુષ્પાના મૂડી ખાતે | | | 3000 |
| | તે પ્રતિભાના મૂડી ખાતે | | | 2000 |
| | તે ભાવનાના મૂડી ખાતે | | | 1000 |
| | [બા.જે. : કારીગર અકસ્માત વળતર ભંડોળની બાકી ચાલુ ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |
| | સરવાળો આગળ લઈ ગયા | | 1,96,000 | 1,96,000 |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| | સરવાળો આગળ લઈ ગયા | | | 1,96,000 | 1,96,000 |
| (6) | પુષ્પાના મૂડી ખાતે | ઉ | | 6000 | |
| | પ્રતિભાના મૂડી ખાતે | ઉ | | 4000 | |
| | ભાવનાના મૂડી ખાતે | ઉ | | 2000 | |
| | તે નફા-નુકસાન ખાતે | | | | 12,000 |
| | [બા.જે. : નફા-નુકસાન ખાતાંની ઉધાર બાકી ચાલુ ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **2,08,000** | **2,08,000** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | પુષ્પા (₹) | પ્રતિભા (₹) | ભાવના(₹) | વિગત | પુષ્પા (₹) | પ્રતિભા (₹) | ભાવના(₹) |
|---|---|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતે | 6000 | 4000 | 2000 | બાકી આગળ લાવ્યા | 2,64,000 | 1,20,000 | 80,000 |
| પુનઃમૂલ્યાંકન ખાતે | 18,000 | 12,000 | 6000 | સામાન્ય અનામત ખાતે | 9000 | 6000 | 3000 |
| બા. આ. લઈ ગયા | 2,52,000 | 1,12,000 | 76,000 | કારીગર અકસ્માત વળતર ભંડોળ ખાતે | 3000 | 2000 | 1000 |
| | **2,76,000** | **1,28,000** | **84,000** | | **2,76,000** | **1,28,000** | **84,000** |

**પુષ્પા, પ્રતિભા અને ભાવનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પુનઃમૂલ્યાંકન બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિનચાલુ મિલકતો :** | | |
| પુષ્પા | 2,52,000 | | જમીન-મકાન | 1,80,000 | |
| પ્રતિભા | 1,12,000 | | + વધારો | 40,000 | 2,20,000 |
| ભાવના | 76,000 | 4,40,000 | યંત્રો | 1,60,000 | |
| બિનચાલુ દેવાં : 12 %ની બૅન્ક લોન | | 1,00,000 | − ઘટાડો | 60,000 | 1,00,000 |
| **ચાલુ દેવાં :** | | | ફર્નિચર | 40,000 | |
| લેણદારો | 56,000 | | − ઘટાડો | 5000 | 35,000 |
| − ઘટાડો | 6000 | 50,000 | રોકાણો | 30,000 | |
| દેવીહૂંડી | | 6000 | − ઘટાડો | 3000 | 27,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 8000 | **ચાલુ મિલકતો :** | | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 15,000 | દેવાદારો | 1,50,000 | |
| | | | − ઘાલખાધ અનામત | 15,000 | 1,35,000 |
| | | | લેણીહૂંડી | | 7000 |
| | | | સ્ટૉક | 30,500 | |
| | | | − ઘટાડો | 2500 | 28,000 |
| | | | રોકડસિલક | | 63,000 |
| | | | મળવાની બાકી આવક | | 4000 |
| | | **6,19,000** | | | **6,19,000** |

## 5. પાઘડી (Goodwill)

ભાગીદારીના પુનર્ગઠન સમયે ભાગીદારી પેઢીની 'પાઘડી'ની કિંમત નક્કી કરવાનો પ્રશ્ન પણ ઊભો થાય છે. પાઘડીનો અર્થ, સ્વરૂપ, તેના મૂલ્યાંકનને અસર કરતાં પરિબળો અને પાઘડીના મૂલ્યાંકનને લગતી જુદી જુદી પદ્ધતિઓની ઊંડાણપૂર્વક ચર્ચા અગાઉના પ્રકરણમાં કરવામાં આવી છે.

---

### સ્વાધ્યાય

---

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ભાગીદારી પેઢીનું પુનર્ગઠન થાય ત્યારે .......... બનાવવામાં આવે છે.

(અ) વેપાર ખાતું (બ) પુનઃમૂલ્યાંકન ખાતું

(ક) માલમિલકત નિકાલ ખાતું (ડ) નફા-નુકસાન ફાળવણી ખાતું

(2) ભાગીદારી પેઢીનું પુનર્ગઠન થાય ત્યારે મિલકતોની કિંમતમાં વધારો થાય તો તેની અસર ક્યાં થાય ?

(અ) મિલકતોની કિંમતમાં ઉમેરાય અને પુનઃમૂલ્યાંકન ખાતે જમા

(બ) મિલકતોની કિંમતમાં ઉમેરાય અને પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર

(ક) મિલકતોની કિંમતમાંથી બાદ અને પુનઃમૂલ્યાંકન ખાતે જમા

(ડ) મિલકતોની કિંમતમાંથી બાદ અને પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર

(3) ભાગીદારી પેઢીનું પુનર્ગઠન થાય ત્યારે દેવાંની કિંમતમાં ઘટાડો થાય તો તેની અસર ક્યાં થાય ?

(અ) જે-તે દેવાંમાંથી બાદ અને પુનઃમૂલ્યાંકન ખાતે જમા

(બ) જે-તે દેવાંમાંથી બાદ અને પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર

(ક) જે-તે દેવાંમાં ઉમેરાય અને પુનઃમૂલ્યાંકન ખાતે જમા

(ડ) જે-તે દેવાંમાં ઉમેરાય અને પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર

(4) પુનઃમૂલ્યાંકન ખાતાંને ............. તરીકે પણ ઓળખવામાં આવે છે.

(અ) મૂડી અનામત ખાતાં (બ) નફા-નુકસાન ફાળવણી ખાતાં

(ક) નફા-નુકસાન હવાલા ખાતાં (ડ) નફા-નુકસાન ખાતાં

(5) પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો કે નુકસાન કયાં પ્રમાણમાં ભાગીદારો વચ્ચે વહેંચવામાં આવે છે ?

(અ) ત્યાગના પ્રમાણમાં (બ) લાભના પ્રમાણમાં

(ક) નવા નફા-નુકસાનના પ્રમાણમાં (ડ) જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

(6) ભાગીદારી પેઢીના પુનર્ગઠન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ એકત્રિત નફો ક્યાં દર્શાવવામાં આવે છે ?

(અ) પુનઃમૂલ્યાંકન ખાતાંમાં જમા બાજુ

(બ) નફા-નુકસાન ફાળવણી ખાતાંમાં જમા બાજુ

(ક) ભાગીદારોનાં મૂડી ખાતાંમાં જમા બાજુ

(ડ) ભાગીદારોનાં મૂડી ખાતાંમાં ઉધાર બાજુ

(7) ભાગીદારી પેઢીનાં પુનર્ગઠનમાં ત્યાગ = ............

(અ) નવો નફા-નુકસાનનો ભાગ × જૂનો નફા-નુકસાનનો ભાગ

(બ) નવો નફા-નુકસાનનો ભાગ – જૂનો નફા-નુકસાનનો ભાગ

(ક) જૂનો નફા-નુકસાનનો ભાગ – નવો નફા-નુકસાનનો ભાગ

(ડ) જૂનો મૂડીનો ભાગ – નવો મૂડીનો ભાગ

(8) ભાગીદારી પેઢીના પુનર્ગઠનમાં લાભનું પ્રમાણ = ...........

(અ) નવો નફા-નુકસાનનો ભાગ – જૂનો નફા-નુકસાનનો ભાગ

(બ) જૂનો નફા-નુકસાનનો ભાગ – નવો નફા-નુકસાનનો ભાગ

(ક) નવું મૂડીનું પ્રમાણ – જૂનું મૂડીનું પ્રમાણ

(ડ) જૂનું મૂડીનું પ્રમાણ – નવું મૂડીનું પ્રમાણ

(9) ભાગીદારી પેઢીના પુનર્ગઠન વખતે રોકાણો ............ કિંમતે પુનઃમૂલ્યાંકન બાદના પાકા સરવૈયામાં દર્શાવવામાં આવે છે.

(અ) ચોપડે કિંમતે - બજારકિંમતે (બ) પડતરકિંમતે

(ક) બજારકિંમતે (ડ) દાર્શનિક કિંમતે

(10) ભાગીદારી પેઢીના પુનર્ગઠન વખતે પાકા સરવૈયામાં દર્શાવેલ કારીગર નફા ભાગ ભંડોળ ક્યાં દર્શાવવામાં આવે છે ?

(અ) પુનઃમૂલ્યાંકન ખાતાંમાં જમા બાજુ

(બ) પુનઃમૂલ્યાંકન બાદના પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ

(ક) ભાગીદારોનાં મૂડી ખાતાંમાં જમા બાજુ

(ડ) ભાગીદારોનાં મૂડી ખાતાંમાં ઉધાર બાજુ

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ભાગીદારી પેઢીનું પુનર્ગઠન એટલે શું ?

(2) પુનઃમૂલ્યાંકન ખાતું એટલે શું ?

(3) ત્યાગનું પ્રમાણ એટલે શું ?

(4) લાભનું પ્રમાણ એટલે શું ?

(5) એકત્રિત નફાની વહેંચણી કઈ રીતે થાય ?

(6) પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો કે નુકસાન કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(7) પુનઃમૂલ્યાંકન બાદના પાકા સરવૈયામાં મિલકતો અને દેવાં કઈ કિંમતે દર્શાવવામાં આવે છે ?

(8) પુનઃમૂલ્યાંકન ખાતાંને બીજા કયા નામથી ઓળખવામાં આવે છે ?

**3. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) ભાગીદારીનું પુનર્ગઠનનો અર્થ સમજાવી પુનર્ગઠનના સંજોગો જણાવો.

(2) ત્યાગનું પ્રમાણ ઉદાહરણ સહિત સમજાવો.

(3) લાભનું પ્રમાણ ઉદાહરણ સહિત સમજાવો.

(4) મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન એટલે શું ? પુનઃમૂલ્યાંકન ખાતાંનો નમૂનો તૈયાર કરો.

(5) પુનઃમૂલ્યાંકન અંગે નીચેના સંજોગોમાં નમૂનાની આમનોંધ લખો :

(અ) મિલકતોની કિંમતમાં વધારો અને ઘટાડો થાય ત્યારે

(બ) દેવાંની કિંમતમાં વધારો અને ઘટાડો થાય ત્યારે

(6) ભાગીદારી પેઢીના અનામત ભંડોળ કે એકત્રિત નફાની રકમની વહેંચણી અંગેની નમૂનાની આમનોંધ લખો.

(7) નીચેની મિલકતો અને દેવાંના પુનઃમૂલ્યાંકન અંગેની આમનોંધ લખો :

| મિલકતો અને દેવાં | ચોપડે કિંમત | પુનઃમૂલ્યાંકન કિંમત |
|---|---|---|
| યંત્રો | 1,00,000 | 80,000 |
| જમીન | 3,00,000 | 5,00,000 |
| લેણદારો | 1,00,000 | 95,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | – | 3000 |
| મળવાની બાકી આવક | – | 2000 |

(8) ત્યાગના પ્રમાણ અને લાભના પ્રમાણ વચ્ચેનો તફાવત.

4. અમર અને અકબર એક ભાગીદારી પેઢીના સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. બધા જ ભાગીદારોએ નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને ભવિષ્ય માટે અનુક્રમે 3:2 કરવાનું નક્કી કર્યું. આ સંજોગોમાં કયા ભાગીદારે કેટલો ત્યાગ કર્યો છે તે જણાવો.

5. કોમલ, કૃપા અને કરિશ્મા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેઓ નફો-નુકસાન 3:2:1ના પ્રમાણમાં વહેંચે છે. બધા ભાગીદારોએ ભવિષ્યમાં નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 5:3:2 કરવાનું નક્કી કર્યું છે. આ માહિતી પરથી ત્યાગના પ્રમાણની ગણતરી કરો.

6. સચિન, રાહુલ અને રોહિત એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 1:2:2 છે. બધા જ ભાગીદારોએ નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 3:2:1 કરવાનું નક્કી કર્યું છે. ભાગીદારોએ કરેલ ત્યાગની ગણતરી કરો.

7. દીપક, નિલેષ અને પ્રતીક એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 1:2:3 છે, તે પ્રમાણ બદલીને ભવિષ્ય માટે અનુક્રમે 2:2:1 કરવાનું નક્કી કર્યું છે. આ સંજોગોમાં કયા ભાગીદારને કેટલો લાભ મળ્યો તેની ગણતરી કરો.

8. રાજુ, હસુ અને સંજુ એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફાની વહેંચણીનું પ્રમાણ 5:4:3નું છે. બધા જ ભાગીદારોએ મળીને નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને નવું પ્રમાણ 2:2:1નું નક્કી કર્યું છે. આ માહિતી પરથી લાભનું પ્રમાણ શોધો.

9. પ્રવીણ, મહેન્દ્ર અને અરવિંદ એક પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ 5:2:2 છે. બધા જ ભાગીદારોએ મળીને નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ બદલીને નવું પ્રમાણ $\frac{2}{9}$, $\frac{3}{9}$ અને $\frac{4}{9}$ નક્કી કર્યું છે. આ માહિતી પરથી કયા ભાગીદારે કેટલો ત્યાગ કર્યો છે તે ત્યાગના સૂત્રથી શોધો.
ઉપરોક્ત માહિતીનો ઉપયોગ કરીને લાભના સૂત્ર દ્વારા કયા ભાગીદારને કેટલો લાભ મળ્યો તે દર્શાવો.

10. રાજેશ, પુષ્પા અને પ્રતિભા 'શ્રીનાથજી ટ્રેડર્સ' નામની એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચે નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 2:3:1 છે. તારીખ 31-3-2017ના રોજનું તેમની પેઢીનું પાકું સરૈવયું નીચે મુજબ છે :

**શ્રીનાથજી ટ્રેડર્સનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** રાજેશ | 2,00,000 | | **બિન ચાલુ મિલકતો :** જમીન | 1,80,000 |
| પુષ્પા | 1,00,000 | | મકાન | 3,00,000 |
| પ્રતિભા | 2,00,000 | 5,00,000 | યંત્રો | 1,20,000 |
| **બિનચાલુ દેવાં :** 10 % બૅન્ક લોન | | 80,000 | રોકાણો | 40,000 |
| **ચાલુ દેવાં :** લેણદારો | | 1,70,000 | **ચાલુ મિલકતો :** દેવાદારો | 50,000 |
| દેવીહૂંડી | | 40,000 | લેણીહૂંડી | 10,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | | 29,000 | આખરસ્ટૉક | 35,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 10,000 | બૅન્કસિલક | 60,000 |
| | | | રોકડસિલક | 30,000 |
| | | | મળવાની બાકી આવક | 4000 |
| | | **8,29,000** | | **8,29,000** |

ઉપરોક્ત પાકા સરવૈયાની તારીખે ભાગીદારોએ નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલી 1:1:1 નક્કી કર્યું. આ તારીખે ધંધાની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું, જેની માહિતી નીચે પ્રમાણે છે :

(1) જમીનની કિંમત ₹ 2,50,000 સુધી વધારવી અને મકાનની કિંમત ₹ 50,000થી વધારવી.

(2) યંત્રોની કિંમત ₹ 80,000 સુધી ઘટાડવી.

(3) રોકાણોની કિંમતમાં 30 % ઘટાડો કરવો.

(4) દેવાદારો પર 20 % ઘાલખાધ અનામતની અને 5 % દેવાદાર પર વટાવ અનામતની જોગવાઈ કરવાની છે.

(5) ₹ 15,000ના સ્ટૉકની કિંમતમાં 20 % ઘટાડો કરવાનો છે.

(6) ₹ 20,000ના લેણદારને હવે રકમ ચૂકવવાની નથી.

(7) ₹ 3000ના ચૂકવવાના બાકી ખર્ચની અને ₹ 2000 મળવાની બાકી આવકની નોંધ કરવાની બાકી છે.

ઉપરની માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે આમનોંધ લખી પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરો.

**11.** મંજુ, પ્રભા અને મીના એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ 5:3:2 છે. તેઓ તેમની વચ્ચે નફા-નુકસાનની ફાળવણીનું પ્રમાણ બદલીને 3:2:1 કરવા માંગે છે, તેથી તેઓએ તેમની પેઢીની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવાનું નક્કી કર્યું છે. નીચે આપેલ માહિતી પરથી પેઢીના ચોપડે પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરો અને પુનઃમૂલ્યાંકન બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**મંજુ, પ્રભા અને મીનાની ભાગીદારી પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | **બિન ચાલુ મિલકતો :** | | |
| મંજુ | 1,50,000 | | જમીન-મકાન | | 1,00,000 |
| પ્રભા | 40,000 | | યંત્રો | | 50,000 |
| મીના | 30,000 | 2,20,000 | ફર્નિચર | | 30,000 |
| **ચાલુ ખાતાં :** | | | રોકાણો | | 50,000 |
| મંજુ | 10,000 | | **ચાલુ મિલકતો :** | | |
| પ્રભા | 20,000 | | આખરસ્ટૉક | | 40,000 |
| મીના | 9000 | 39,000 | દેવાદારો | 25,000 | |
| **બિનચાલુ દેવાં :** 12 % બૅન્ક લોન | | 30,000 | − ઘાલખાધ અનામત | 1000 | 24,000 |
| **ચાલુ દેવાં :** | | | લેણીહૂંડી | | 5000 |
| લેણદારો | | 40,000 | રોકડસિલક | | 40,000 |
| દેવીહૂંડી | | 10,000 | | | |
| | | **3,39,000** | | | **3,39,000** |

**વધારાની માહિતી :**

(1) જમીન-મકાનની કિંમતમાં 25 %નો વધારો કરવાનો છે.

(2) ફર્નિચરની કિંમત 10 %થી ઘટાડવાની છે.

(3) યંત્રોની કિંમત 80 % રાખવાની છે.

(4) આખરસ્ટૉકની ચોપડેકિંમત બજારકિંમત કરતાં ₹ 5000 વધુ છે.

(5) દેવાદારો પર કુલ ₹ 2500ની ઘાલખાધ અનામતની જોગવાઈ રાખવાની છે.

(6) લેણદારોમાંથી ₹ 3000ના લેણદારોને હવે નાણાં ચૂકવવાના નથી.

(7) બૅન્ક લોન પર છેલ્લા ત્રણ માસનું વ્યાજ ચૂકવવાનું બાકી છે.

**12.** અલય અને સંકેત એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેમની વચ્ચેનું નફા-નુકસાનનું પ્રમાણ 2:1 છે. તા. 31-3-2017ના રોજ પેઢીના ચોપડે નીચે પ્રમાણેની બાકીઓ છે.

| | |
|---|---|
| નફા-નુકસાન ખાતું (ઉધાર બાકી) | ₹ 18,000 |
| અનામત ભંડોળ | ₹ 27,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | ₹ 33,000 |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | ₹ 21,000 |

ઉપરોક્ત તારીખે અલય અને સંકેતે તેમના વચ્ચે નફા-નુકસાનની ફાળવણીનું નવું પ્રમાણ 1:1નું નક્કી કર્યું છે. કારીગર અકસ્માત વળતર ભંડોળની સામે કારીગરને ₹ 6000નો દાવો ચૂકવવાનો બાકી છે. પેઢીના ચોપડે એકત્રિત થયેલ નફા કે ખોટની વહેંચણી દર્શાવતી આમનોંધો પસાર કરો.

**13.** નીચેની માહિતી પરથી સાજન અને નિર્મીની ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો અને પુનઃમૂલ્યાંકન ખાતું અને પુનઃમૂલ્યાંકનની અસર આપ્યા બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

સાજન અને નિર્મી 5:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**સાજન અને નિર્મીની પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિન ચાલુ મિલકતો :** | | |
| સાજન | 80,000 | | જમીન-મકાન | | 1,40,000 |
| નિર્મી | 50,000 | 1,30,000 | યંત્રો | | 80,000 |
| સામાન્ય અનામત | | 80,000 | ફર્નિચર | | 30,000 |
| નફા-નુકસાન ખાતું | | 48,000 | રોકાણો (બજારકિંમત ₹ 18,000) | | 20,000 |
| **બિનચાલુ દેવાં :** 12 %ની બૅન્ક લોન | | 70,000 | **ચાલુ મિલકતો :** | | |
| **ચાલુ દેવાં :** | | | દેવાદારો | 40,000 | |
| લેણદારો | | 32,000 | – ઘાલખાધ અનામત | 1500 | 38,500 |
| દેવીહૂંડી | | 10,000 | સ્ટૉક | | 31,500 |
| | | | રોકડસિલક | | 30,000 |
| | | **3,70,000** | | | **3,70,000** |

ભાગીદારોએ પેઢીની મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવાનું તથા ભવિષ્યમાં 1:1ના પ્રમાણમાં નફો વહેંચવાનું નક્કી કર્યું, જે અંગેની માહિતી નીચે પ્રમાણે છે :

(1) જમીન-મકાનની કિંમત 10 % વધારવી.

(2) યંત્રો અને ફર્નિચરની કિંમતમાં 40 % ઘટાડો કરવો.

(3) દેવાદારો પર હવે ₹ 1000ની ઘાલખાધ અનામતની જરૂર નથી.

(4) સ્ટૉકમાં ₹ 1500ના મરામત ખર્ચની જરૂરિયાત છે.

(5) કુલ લેણદારોમાંથી હવે ₹ 1500 ચૂકવવા પડશે નહિ, જેની ચોપડે નોંધ કરવાની છે.

(6) ચૂકવવાનો બાકી ખર્ચ ₹ 10,000 અને મળવાની બાકી આવક ₹ 2000 છે.

(7) રોકાણો તેની બજારકિંમતે દર્શાવવાના છે.

**14.** દત્તુ, દયા અને તારક 4:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**દત્તુ, દયા અને તારકની પેઢીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | **બિન ચાલુ મિલકતો :** | | |
| દત્તુ | 1,00,000 | | જમીન-મકાન | | 90,000 |
| દયા | 50,000 | | યંત્રો | | 80,000 |
| તારક | 50,000 | 2,00,000 | ફર્નિચર | | 20,000 |
| **અનામતો :** | | | રોકાણો | | 15,000 |
| સામાન્ય અનામત | | 36,000 | **ચાલુ મિલકતો :** | | |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | | 23,000 | દેવાદારો | 80,000 | |
| **બિનચાલુ દેવાં :** 9 % બૅન્ક લોન | | 40,000 | – ઘાલખાધ | 4000 | |
| **ચાલુ દેવાં :** | | | | 76,000 | |
| લેણદારો | | 50,000 | – ઘાલખાધ અનામત | 6000 | 70,000 |
| દેવીહૂંડી | | 20,000 | લેણીહૂંડી | | 5000 |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 8000 | સ્ટૉક | | 15,000 |
| | | | રોકડસિલક | | 55,000 |
| | | | નફા-નુકસાન ખાતું | | 27,000 |
| | | **3,77,000** | | | **3,77,000** |

ઉપર આપેલા પાકા સરવૈયાની તારીખે ભાગીદારોએ નફા-નુકસાનની વહેંચણીનું પ્રમાણ બદલીને 1:1:1નું કર્યું તથા ધંધાની મિલકતો અને દેવાંના પુનઃમૂલ્યાંકન અંગે નીચેનું પુનઃમૂલ્યાંકન ખાતું બનાવેલ છે :

**પુનઃમૂલ્યાંકન ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | 35,000 | જમીન-મકાન ખાતે | | 10,000 |
| ફર્નિચર ખાતે | 5000 | લેણદારો ખાતે | | 6000 |
| રોકાણો ખાતે | 3000 | મળવાની બાકી આવક ખાતે | | 3000 |
| ઘાલખાધ અનામત ખાતે | 10,000 | **ખોટ :** | | |
| સ્ટૉક ખાતે | 3000 | દત્તુ | 18,000 | |
| ચૂકવવાના બાકી ખર્ચા ખાતે | 2000 | દયા | 13,500 | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટના વ્યાજ ખાતે | 1500 | તારક | 9000 | 40,500 |
| | **59,500** | | | **59,500** |

કારીગર અકસ્માત વળતર ભંડોળ સામેનો દાવો ₹ 5000 હતો.

ઉપરોક્ત માહિતી પરથી ભાગીદારી પેઢીના ચોપડે જરૂરી આમનોંધ લખી ભાગીદારોનાં મૂડી ખાતાં અને પુનઃમૂલ્યાંકન બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

●

# 5

# ભાગીદારનો પ્રવેશ
# (Admission of a Partner)


| | | | |
|---|---|---|---|
| 1. | પ્રસ્તાવના | 6. | અનામતો અને એકત્રિત નફા-નુકસાનની વહેંચણી (નોંધો) |
| 2. | નવા ભાગીદારના પ્રવેશની અસર | 7. | મૂડી ખાતામાં ફેરફાર અને નવા પાકા-સરવૈયાની રચના |
| 3. | નફા-નુકસાનની વહેંચણીના પ્રમાણમાં ફેરફાર | 8. | ઉદાહરણો |
| 4. | પાઘડીની હિસાબી અસરો - હિસાબી ધોરણ 26 પ્રમાણે | – | સ્વાધ્યાય |
| 5. | મિલકતોના પુનઃમૂલ્યાંકન અને દેવાંની પુનઃઆકારણીની હિસાબી અસરો | | |


## 1. પ્રસ્તાવના (Introduction)

ભાગીદારનો પ્રવેશ એ ભાગીદારીનું એક પ્રકારનું પુનર્ગઠન છે. ભાગીદારના પ્રવેશથી ચાલુ ભાગીદારો વચ્ચેની ભાગીદારીનું વિસર્જન થાય છે અને પ્રવેશ પામતા નવા ભાગીદાર સહિત બધા ભાગીદારો વચ્ચે નવી ભાગીદારી અસ્તિત્વમાં આવે છે અને નવું કરારનામું અમલમાં આવે છે. નવા ભાગીદારના પ્રવેશ વખતે નવા ભાગીદારે લાવવાની મૂડી, પાઘડી, તેનો નફામાં ભાગ વગેરે શરતો નક્કી કરવામાં આવે છે. નવો ભાગીદાર તેના પ્રવેશથી પેઢીની મિલકતો અને જવાબદારીમાં તેમજ નફામાં પણ તેનો હિસ્સો મેળવે છે.

1932ના ભારતીય ભાગીદારીના કાયદાની કલમ 31 મુજબ બધા જ ચાલુ ભાગીદારોની સંમતિ વગર નવો ભાગીદાર પેઢીમાં દાખલ થઈ શકે નહિ, સિવાય કે ભાગીદારી કરારનામામાં અન્ય કોઈ જોગવાઈ હોય.

નવા ભાગીદારને ચાલુ ભાગીદારી પેઢીમાં પ્રવેશ આપવાનાં વિવિધ કારણો નીચે પ્રમાણે હોઈ શકે :

(1) જ્યારે ચાલુ ભાગીદારી પેઢીમાં વધુ મૂડીની જરૂરિયાત હોય

(2) જ્યારે ચાલુ ભાગીદારી પેઢીમાં વધુ સંચાલકીયશક્તિની જરૂરિયાત હોય

(3) જ્યારે કોઈ ભાગીદાર નિવૃત્ત થાય કે મૃત્યુ પામે

(4) ભાગીદારી પેઢીનો કોઈ કુશળ અને કાર્યક્ષમ કર્મચારી પેઢીમાં જ ચાલુ રહે તે હેતુથી તેને ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવે

(5) ભાગીદારી પેઢીના ધંધાનાં જોખમોની વહેંચણી માટે

નવા ભાગીદારને પેઢીના ભવિષ્યના નફામાં કેટલોક ભાગ મળે છે. આ ભાગ જૂના ભાગીદારો તેમના નફાના ભાગમાંથી કેટલોક ભાગ ત્યાગ કરીને નવા ભાગીદારને આપે છે, જૂના ભાગીદારોએ નફામાં કરેલ ત્યાગના વળતરરૂપે નવો ભાગીદાર મૂડી ઉપરાંત વધારાની રકમ પેઢીમાં લાવે છે, તેને પાઘડીનું પ્રીમિયમ કહે છે. આમ, નવો ભાગીદાર પેઢીની મિલકતમાં મળતા ભાગના બદલે મૂડી લાવે છે જ્યારે તેને નફામાં મળતા ભાગના બદલે તે તેના ભાગની પાઘડીની રકમ પણ લાવે છે. મૂડીની રકમ પેઢીમાં જ રહે છે જ્યારે પાઘડીની રકમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચવામાં આવે છે.

## 2. નવા ભાગીદારના પ્રવેશની અસર (Effect of Admission of a New Partner)

નવા ભાગીદારના પ્રવેશથી ઉદ્ભવતી વિવિધ બાબતો નીચે મુજબ દર્શાવી શકાય :

(1) જૂની ભાગીદારીનો અંત આવે છે અને નવી ભાગીદારી અસ્તિત્વમાં આવે છે.

(2) નવા ભાગીદારને પેઢીના ભવિષ્યના નફામાં ભાગ મળે છે. પરિણામે જૂના ભાગીદારોના નફાના સંયુક્ત ભાગમાં ઘટાડો થાય છે.

(3) નવા ભાગીદારને પેઢીની મિલકતમાં મળતા ભાગના અવેજ બદલ નક્કી કરેલ રકમ રોકડ કે અન્ય સ્વરૂપે મૂડી તરીકે લાવે છે.

(4) પેઢીમાં એકઠી થયેલ નફો-નુકસાન, અનામતો અને અવાસ્તવિક મિલકતોની બાકીઓ પ્રવેશની તારીખે જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે.

(5) મિલકતોનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે અને જવાબદારીઓની પુનઃઆકારણી કરવામાં આવે છે અને તેમાં થતા ચોખ્ખા ફેરફારની અસર જૂના ભાગીદારોના મૂડી ખાતે આપવામાં આવે છે.

(6) પેઢીની પાઘડીનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે અને નવો ભાગીદાર તેના ભાગની પાઘડી રોકડ કે અન્ય સ્વરૂપે લાવે છે તેની હિસાબી અસર આપવામાં આવે છે.

(7) નવા ભાગીદારી કરારનામામાં નક્કી કરેલ હોય તો જૂના ભાગીદારોએ રાખવાની મૂડીમાં ફેરફારની હિસાબી અસર પણ આપવામાં આવે છે.

આમ, નવા ભાગીદારના પ્રવેશને કારણે નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે :

(1) નફા-નુકસાનનું નવું પ્રમાણ અને જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ

(2) પાઘડી અંગેની હિસાબી અસરો

(3) મિલકતો અને દેવાંનાં પુનઃમૂલ્યાંકનની હિસાબી અસરો

(4) અનામતો અને એકત્રિત નફા-નુકસાનની હિસાબી અસરો

(5) ભાગીદારોની મૂડીમાં ફેરફાર

હવે દરેક બાબતનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીએ.

## 3. નફા-નુકસાનની વહેંચણીના પ્રમાણમાં ફેરફાર (Change in Profit Sharing Ratio)

નવા ભાગીદારને પેઢીના ભવિષ્યના નફામાં કેટલોક ભાગ મળે છે, જે જૂના ભાગીદારો દ્વારા ત્યાગ કરવામાં આવે છે. પરિણામે નવા ભાગીદારના પ્રવેશ બાદ બધા ભાગીદારો વચ્ચે નફા-નુકસાનનું નવું પ્રમાણ અસ્તિત્વમાં આવે છે અને જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ પણ અસ્તિત્વમાં આવે છે. આમ, નવા ભાગીદારના પ્રવેશ વખતે નીચે મુજબના બે પ્રમાણની ગણતરી કરવી જરૂરી બને છે :

(A) નફા-નુકસાનના નવા પ્રમાણની ગણતરી

(B) ત્યાગના પ્રમાણની ગણતરી

હવે આપણે આ બંને પ્રમાણની ગણતરી અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરીએ.

**નફા-નુકસાનના નવા પ્રમાણ અને ત્યાગની ગણતરી :**

નફા-નુકસાનનું નવું પ્રમાણ એટલે નવા ભાગીદાર સહિત બધા જ ભાગીદારો પેઢીનો ભવિષ્યનો નફો કે નુકસાન જે પ્રમાણમાં વહેંચવાનું નક્કી કરે તે પ્રમાણ.

નફા-નુકસાનના નવા પ્રમાણની ગણતરી નીચે દર્શાવ્યા પ્રમાણેના સંજોગો અનુસાર કરી શકાય.

**(1) જ્યારે જૂના ભાગીદારોના ત્યાગનો ભાગ કે ત્યાગનું પ્રમાણ આપેલ ન હોય ત્યારે (એટલે કે જૂના ભાગીદારોનું જૂનું પ્રમાણ અને નવા ભાગીદારને આપવાનો નફાનો ભાગ આપેલ હોય ત્યારે) :**

જ્યારે જૂના ભાગીદારોનું નફા-નુકસાનનું જૂનું પ્રમાણ અને નવા ભાગીદારને આપવાના નફાનો ભાગ આપેલ હોય ત્યારે એવું ધારવામાં આવે છે કે નવા ભાગીદારને તેનો નફાનો ભાગ આપી દીધા બાદ વધતો નફો જૂના ભાગીદારો તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જ વહેંચી લેશે.

**ઉદાહરણ 1 :** A અને B એક પેઢીના 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. Cને નફામાં $\frac{1}{4}$ ભાગ આપવાની શરતે પ્રવેશ આપ્યો. નફા-નુકસાનના નવા પ્રમાણની ગણતરી કરો.

**જવાબ :** A અને Bનું જૂનું પ્રમાણ = 3:2

ધારો કે નફાનો કુલ ભાગ = 1

Cનો ભાગ = $\frac{1}{4}$, Cને $\frac{1}{4}$ ભાગ આપ્યા બાદ

A અને B માટે બાકી રહેતો ભાગ = કુલ નફો − નવા ભાગીદારનો ભાગ

$= 1 - \frac{1}{4}$

$= \frac{4-1}{4}$

$= \frac{3}{4}$

A અને B તેમના ભાગે બાકી રહેતો ભાગ $\frac{3}{4}$ તેમના જૂના પ્રમાણ 3:2માં મેળવશે.

જૂના ભાગીદારો માટે નવો ભાગ = નફાનો બાકી ભાગ × જૂના પ્રમાણમાં ભાગ

Aનો નવો ભાગ = $\frac{3}{4} \times \frac{3}{5} = \frac{9}{20}$

Bનો નવો ભાગ = $\frac{3}{4} \times \frac{2}{5} = \frac{6}{20}$

Cનો નવો ભાગ = $\frac{1}{4}$, છેદ સરખા કરતાં $\frac{1}{4} \times \frac{5}{5} = \frac{5}{20}$

∴ A, B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 9:6:5

**સમજૂતી :** અહીં એવું માનવામાં આવે છે કે જૂના ભાગીદારો તેમનું સંબંધિત જૂનું પ્રમાણ નવા ભાગીદારના પ્રવેશ બાદ પણ જાળવી રાખશે. આનો અર્થ એ થાય કે જૂના ભાગીદારો નવા ભાગીદારને આપવાનો ભાગ જૂના પ્રમાણમાં જ આપશે તેથી તેમનું સંબંધિત જૂનું પ્રમાણ = ત્યાગનું પ્રમાણ = નવું પ્રમાણ.

ઉદાહરણ 1માં ત્યાગના પ્રમાણની ગણતરી નીચે મુજબ કરી શકાય :

| | A | | B | | C |
|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 3 | : | 2 | : | – |
| જૂનો ભાગ | $\frac{3}{5}$ | : | $\frac{2}{5}$ | : | – |
| નવું પ્રમાણ | 9 | : | 6 | : | 5 |
| નવો ભાગ | $\frac{9}{20}$ | : | $\frac{6}{20}$ | : | $\frac{5}{20}$ |

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

$A = \frac{3}{5} - \frac{9}{20} = \frac{12-9}{20} = \frac{3}{20}$

$B = \frac{2}{5} - \frac{6}{20} = \frac{8-6}{20} = \frac{2}{20}$

તેથી A અને Bના ત્યાગનું પ્રમાણ 3:2

**નોંધ :** જ્યારે જૂના ભાગીદારોનું જૂનું પ્રમાણ અને નવા ભાગીદારને આપવાનો ભાગ આપેલ હોય અને ત્યાગ કે ત્યાગનું પ્રમાણ આપેલ ન હોય ત્યારે જૂના ભાગીદારોનું સંબંધિત જૂનું પ્રમાણ જ તેમનું ત્યાગનું પ્રમાણ રહે છે.

**(2) જ્યારે જૂના ભાગીદારોનું જૂનું પ્રમાણ, નવા ભાગીદારનો ભાગ અને જૂના ભાગીદારોનું નવું પ્રમાણ આપેલ હોય ત્યારે.**

**ઉદાહરણ 2 :** A અને B એક પેઢીના 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. Cને નફામાં $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો.

A અને Bએ ભવિષ્યમાં નફો-નુકસાન 2:3ના પ્રમાણમાં વહેચવું તેવું નક્કી કર્યું. નફા-નુકસાનનું નવું પ્રમાણ શોધો.

**જવાબ :** ધારો કે નફાનો કુલ ભાગ = 1

A અને B માટે બાકી રહેતો ભાગ = કુલ ભાગ – નવા ભાગીદારને આપવાનો ભાગ

$= 1 - \frac{1}{5}$

$= \frac{5-1}{5}$

$= \frac{4}{5}$

A અને B તેમના ભાગે બાકી રહતો $\frac{4}{5}$ ભાગ, જે હવે 2:3ના પ્રમાણમાં વહેંચશે.

જૂના ભાગીદારો માટે નવો ભાગ = નફાનો બાકી ભાગ × નવા પ્રમાણમાં ભાગ

Aનો નવો ભાગ = $\frac{4}{5} \times \frac{2}{5} = \frac{8}{25}$

Bનો નવો ભાગ = $\frac{4}{5} \times \frac{3}{5} = \frac{12}{25}$

Cનો નવો ભાગ = $\frac{1}{5}$, છેદ સરખો કરતાં $\frac{5}{25}$

∴ A, B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 8:12:5

### (3) નવો ભાગીદાર પોતાનો હિસ્સો જૂના ભાગીદારો પાસેથી અમુક ભાગમાં મેળવે ત્યારે :

જ્યારે જૂના ભાગીદારોએ કરેલ ત્યાગ આપેલ હોય ત્યારે જૂના ભાગમાંથી ત્યાગનો ભાગ બાદ કરતાં નફા-નુકસાનનું નવું પ્રમાણ મળે છે.

આમ, જૂના ભાગીદારોનો નવો ભાગ = જૂનો ભાગ – ત્યાગ

**ઉદાહરણ 3 :** A અને B 4:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. Cને $\frac{1}{7}$ ભાગે પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવે છે. C $\frac{2}{21}$ ભાગ A પાસેથી અને $\frac{1}{21}$ ભાગ B પાસેથી મેળવશે. નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** A અને Bનું જૂનું પ્રમાણ = 4:3 એટલે કે $\frac{4}{7} : \frac{3}{7}$

Cનો ભાગ = $\frac{1}{7}$

Cને તેના ભાગ પૈકી $\frac{2}{21}$ ભાગ A પાસેથી અને $\frac{1}{21}$ ભાગ B પાસેથી મળે છે.

∴ Aનો ત્યાગ = $\frac{2}{21}$ (પોતાના ભાગમાંથી)

Bનો ત્યાગ = $\frac{1}{21}$ (પોતાના ભાગમાંથી)

નવો ભાગ = જૂનો ભાગ – ત્યાગ

Aનો નવો ભાગ = $\frac{4}{7} - \frac{2}{21} = \frac{12-2}{21} = \frac{10}{21}$

Bનો નવો ભાગ = $\frac{3}{7} - \frac{1}{21} = \frac{9-1}{21} = \frac{8}{21}$

Cનો નવો ભાગ = $\frac{1}{7}$, છેદ સરખા કરતાં $\frac{3}{21}$

∴ A, B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 10:8:3

**સમજૂતી :** (1) Cનો $\frac{1}{7}$ ભાગ A અને Bના ત્યાગ બરાબર થવો જ જોઈએ. એટલે કે,

$$\text{Cનો ભાગ} = \text{Aનો ત્યાગ} + \text{Bનો ત્યાગ}$$

$$= \frac{2}{21} + \frac{1}{21}$$

$$= \frac{3}{21}$$

$$= \frac{1}{7}$$

(2) Aનો ત્યાગ $\frac{2}{21}$ અને Bનો ત્યાગ $\frac{1}{21}$ એ ત્યાગનો ભાગ છે. જો A અને Bનું ત્યાગનું પ્રમાણ શોધવું હોય, તો આ પ્રમાણ $\frac{2}{21} : \frac{1}{21}$ એટલે કે 2:1 મળે.

આમ, ત્યાગ અને ત્યાગનું પ્રમાણ બંને બાબતો જુદી છે. જો ઉપરના ઉદાહરણમાં A અને Bના ત્યાગના ભાગને બદલે ત્યાગનું પ્રમાણ આપેલ હોય એટલે કે Cનો $\frac{1}{7}$ ભાગ A અને B 2:1ના પ્રમાણમાં આપશે એવું જણાવેલ હોય તો સૌ પ્રથમ A અને Bનો ત્યાગનો ભાગ શોધવો જરૂરી બને છે.

ત્યાગ = નવા ભાગીદારને આપવાનો ભાગ × જૂના ભાગીદારનું ત્યાગનું પ્રમાણ

Aનો ત્યાગ = $\frac{1}{7} \times \frac{2}{3} = \frac{2}{21}$

Bનો ત્યાગ = $\frac{1}{7} \times \frac{1}{3} = \frac{1}{21}$ મળે.

ત્યાગનો ભાગ શોધ્યા બાદ જ નફા-નુકસાનનું નવું પ્રમાણ શોધી શકાય.

નવો ભાગ = જૂનો ભાગ − ત્યાગ

Aનો નવો ભાગ = $\frac{4}{7} - \frac{2}{21} = \frac{12-2}{21} = \frac{10}{21}$

Bનો નવો ભાગ = $\frac{3}{7} - \frac{1}{21} = \frac{9-1}{21} = \frac{8}{21}$

Cનો નવો ભાગ = $\frac{1}{7}$, છેદ સરખા કરતાં $\frac{3}{21}$

∴ A, B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 10:8:3

### (4) જ્યારે જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ આપેલ હોય ત્યારે :

જ્યારે જૂના ભાગીદારોએ નવા ભાગીદારની તરફેણમાં કરેલ ત્યાગનું પ્રમાણ આપેલ હોય ત્યારે સૌપ્રથમ જૂના ભાગીદારનો ત્યાગ નીચેના સૂત્રની મદદથી શોધવો.

જૂના ભાગીદારોનો ત્યાગ = નવા ભાગીદારનો ભાગ × જૂના ભાગીદારના ત્યાગનું પ્રમાણ

જૂના ભાગીદારોનો ત્યાગ શોધ્યા બાદ જ નફા-નુકસાનનું નવું પ્રમાણ નીચેના સૂત્રની મદદથી શોધવું :

નવો ભાગ = જૂનો ભાગ − ત્યાગ

**ઉદાહરણ 4 :** A અને B 5:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. Cને $\frac{1}{4}$ ભાગે નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરવામાં આવ્યો. C તેનો ભાગ A અને B પાસેથી 3:1ના પ્રમાણમાં મેળવશે. નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** A અને Bનું જૂનું પ્રમાણ = 5:3 એટલે કે $\frac{5}{8} : \frac{3}{8}$

Cનો ભાગ = $\frac{1}{4}$, C તેનો ભાગ A અને B પાસેથી 3:1ના પ્રમાણમાં મેળવે છે.

જૂના ભાગીદારોનો ત્યાગ = નવા ભાગીદારનો ભાગ × જૂના ભાગીદારના ત્યાગનું પ્રમાણ

$\therefore$ Aનો ત્યાગ $= \frac{1}{4} \times \frac{3}{4} = \frac{3}{16}$

Bનો ત્યાગ $= \frac{1}{4} \times \frac{1}{4} = \frac{1}{16}$

જુના ભાગીદારોનો નવો ભાગ = જૂનો ભાગ − ત્યાગ

$\therefore$ Aનો નવો ભાગ $= \frac{5}{8} - \frac{3}{16} = \frac{10-3}{16} = \frac{7}{16}$

Bનો નવો ભાગ $= \frac{3}{8} - \frac{1}{16} = \frac{6-1}{16} = \frac{5}{16}$ અને

Cનો નવો ભાગ $= \frac{1}{4}$, છેદ સરખો કરતાં $\frac{4}{16}$

$\therefore$ A, B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 7:5:4

**(5) જ્યારે જૂના ભાગીદારો તેમના પોતાના ભાગનો અમુક ભાગનો ત્યાગ કરે ત્યારે :**

**ઉદાહરણ 5 :** A અને B ભાગીદારો છે. Cને નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. A પોતાના ભાગનો $\frac{1}{5}$ ભાગ, જ્યારે B પોતાના ભાગનો $\frac{1}{4}$ ભાગ Cની તરફેણમાં ત્યાગ કરે છે. A, B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ અને ત્યાગનું પ્રમાણ શોધો.

**જવાબ :** A અને Bનું જૂનું પ્રમાણ = 1:1 એટલે કે $\frac{1}{2} : \frac{1}{2}$

A પોતાના $\frac{1}{5}$ ભાગનો ત્યાગ કરે છે.

$\therefore$ Aનો ત્યાગ = Aનો જૂનો ભાગ × પોતાના ભાગનો ત્યાગ

$\therefore$ Aનો ત્યાગ $= \frac{1}{2} \times \frac{1}{5} = \frac{1}{10}$

B પોતાના $\frac{1}{4}$ ભાગનો ત્યાગ કરે છે.

$\therefore$ Bનો ત્યાગ = Bનો જૂનો ભાગ × પોતાના ત્યાગનો ભાગ

$\therefore$ Bનો ત્યાગ $= \frac{1}{2} \times \frac{1}{4} = \frac{1}{8}$

નવો ભાગ = જૂનો ભાગ − ત્યાગ

$\therefore$ Aનો નવો ભાગ $= \frac{1}{2} - \frac{1}{10} = \frac{5-1}{10} = \frac{4}{10}$

Bનો નવો ભાગ $= \frac{1}{2} - \frac{1}{8} = \frac{4-1}{8} = \frac{3}{8}$

A અને B, Cને આપે છે. તેથી A અને Bનો હિસ્સો ઘટશે, જે Cને મળશે. તેથી A અને Bમાંથી બાદ થશે અને Cને A અને B એ આપેલ ત્યાગ મળશે.

Cનો નવો ભાગ $= \frac{1}{10} + \frac{1}{8} = \frac{4+5}{40} = \frac{9}{40}$

$\therefore$ A, B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ $= \frac{4}{10} : \frac{3}{8} : \frac{9}{40}$; છેદ સરખો કરતાં

$= \frac{16}{40} : \frac{15}{40} : \frac{9}{40} = 16 : 15 : 9$

હવે, A અને Bનું ત્યાગનું પ્રમાણ શોધીએ,

$\therefore$ Aનો ત્યાગ $= \frac{1}{10}$

Bનો ત્યાગ $= \frac{1}{8}$

$\therefore$ ત્યાગનું પ્રમાણ $= \frac{1}{10} : \frac{1}{8}$; છેદ સરખો કરતાં $= \frac{4}{40} : \frac{5}{40}$

$= 4 : 5$

**(6) જ્યારે જૂના ભાગીદારો પોતાના ભાગમાંથી અમુક ભાગ નવા ભાગીદારને આપે ત્યારે :**

**ઉદાહરણ 6 :** A અને B 2:1નાં પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2017ના રોજથી તેઓએ Cને પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો.

A તેના ભાગમાંથી $\frac{1}{12}$ ભાગ અને B તેના ભાગમાંથી $\frac{1}{6}$ ભાગ Cને આપશે.

ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ અને નવું નફા-નુકસાનનું પ્રમાણ નક્કી કરો.

**જવાબ : ત્યાગનું પ્રમાણ :**

A $\frac{1}{12}$ અને B $\frac{1}{6}$ છેદ સરખો કરતાં $\frac{1}{12}$ અને $\frac{2}{12}$. $\therefore$ ત્યાગનું પ્રમાણ 1:2

Cનો ભાગ (Aનો ત્યાગ + Bનો ત્યાગ)

$\therefore \quad \frac{1}{12} + \frac{1}{6} = \frac{1}{4}$

**નવું નફા-નુકસાનનું પ્રમાણ :**

Aનો જૂનો ભાગ $\frac{2}{3}$ − ત્યાગનો ભાગ $\frac{1}{12} = \frac{8-1}{12} = \frac{7}{12}$

Bનો જૂનો ભાગ $\frac{1}{3}$ − ત્યાગનો ભાગ $\frac{1}{6} = \frac{2-1}{6} = \frac{1}{6}$ છેદ સરખો કરતાં

Cનો ભાગ $= \frac{1}{4} = \frac{1}{4}$

A, B અને Cનું નવું પ્રમાણ = 7 : 2 : 3

**(7) જ્યારે જૂના ભાગીદારોમાંથી કોઈ એક ભાગીદાર તેનો જૂનો ભાગ નવા ભાગીદારના પ્રવેશ બાદ જાળવી રાખે :**

**ઉદાહરણ 7 :** A, B અને C એક પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ અનુક્રમે $\frac{1}{2}$, $\frac{3}{10}$ અને $\frac{1}{5}$ છે. તેઓ Dને નવા ભાગીદાર તરીકે $\frac{1}{6}$ ભાગે દાખલ કરે છે. C તેનો ભાગ Dના પ્રવેશ બાદ પણ જાળવી રાખશે. નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** A, B અને Cનું જૂનું પ્રમાણ $= \frac{1}{2} : \frac{3}{10} : \frac{1}{5}$

$= 5:3:2$ (છેદ સરખા કરતા Cનો ભાગ $\frac{2}{10}$ એટલે $\frac{1}{5}$)

નવા ભાગીદાર Dનો ભાગ $= \frac{1}{6}$

નવા ભાગીદારના પ્રવેશ બાદ C તેનો ભાગ $= \frac{1}{5}$ જાળવી રાખશે.

$\therefore$ A અને B માટે બાકી રહેતો ભાગ = કુલ ભાગ − Cનો ભાગ − Dનો ભાગ

$\therefore$ A અને B માટે બાકી રહેતો ભાગ $= 1 - \frac{1}{5} - \frac{1}{6}$ અથવા $1 - \left(\frac{1}{5}+\frac{1}{6}\right)$

$= \frac{30-6-5}{30} = \frac{19}{30}$ અથવા $\frac{30-(6+5)}{30} = \frac{19}{30}$

A અને B $\frac{19}{30}$ ભાગ તેમના સંબંધિત પ્રમાણ 5:3માં મેળવશે.

$\therefore$ Aનો નવો ભાગ $= \frac{19}{30} \times \frac{5}{8} = \frac{95}{240}$

Bનો નવો ભાગ $= \frac{19}{30} \times \frac{3}{8} = \frac{57}{240}$ (છેદ સરખાં કરતાં)

Cનો નવો ભાગ $= \frac{1}{5} = \frac{48}{240}$
(છેદ સરખાં કરતાં)
Dનો નવો ભાગ $= \frac{1}{6} = \frac{40}{240}$

∴ નફા-નુકસાનનું નવું પ્રમાણ $= 95 : 57 : 48 : 40$

**(8) જ્યારે જૂના ભાગીદારો પૈકી અમુક ભાગીદારોએ કરેલ ત્યાગ આપેલ હોય અને બાકીના જૂના ભાગીદારે કરેલ ત્યાગ આપેલ ન હોય :**

**ઉદાહરણ 8 :** અ અને બ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે નફામાં $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે કને ભાગીદારીમાં પ્રવેશ આપ્યો. ક તેના નફાના ભાગ પૈકી $\frac{1}{20}$ ભાગ અ પાસેથી અને બાકીનો ભાગ બ પાસેથી મેળવશે. નફા-નુકસાનની વહેંચણીનું નવું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** બ નો ત્યાગ = ક નો ભાગ − અ નો ત્યાગ

(ક નો ભાગ $\frac{1}{5}$ છે તે $\frac{1}{20}$ અ પાસેથી મેળવે છે, તેથી $\frac{1}{5}$નો બાકીનો તે બ પાસેથી મેળવશે.)

$= \frac{1}{5} - \frac{1}{20} = \frac{4-1}{20} = \frac{3}{20}$

નવો ભાગ = જૂનો ભાગ − ત્યાગ

∴ અનો નવો ભાગ $= \frac{3}{5} - \frac{1}{20} = \frac{12-1}{20} = \frac{11}{20}$

બનો નવો ભાગ $= \frac{2}{5} - \frac{3}{20} = \frac{8-3}{20} = \frac{5}{20}$

કનો નવો ભાગ $= \frac{1}{5} = \frac{4}{20}$

∴ નફા-નુકસાનનું નવું પ્રમાણ $= 11 : 5 : 4$

**ઉદાહરણ 9 :** અ અને બ 4:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. કને $\frac{1}{4}$ ભાગ આપવાની શરતે પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવે છે. અ તેના પોતાના ભાગનો $\frac{1}{4}$ ભાગ કને આપશે જ્યારે ક બાકીનો ભાગ બ પાસેથી મેળવશે. નવું નફા-નુકસાનનું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** અ અને બનું જૂનું પ્રમાણ = 4:1 અથવા $\frac{4}{5} : \frac{1}{5}$

નવા ભાગીદાર કનો ભાગ $= \frac{1}{4}$

અ તેના પોતાના ભાગનો $\frac{1}{4}$ ભાગ કને આપશે.

∴ અનો ત્યાગ $= \frac{4}{5} \times \frac{1}{4} = \frac{4}{20} = \frac{1}{5}$

(ક નો ભાગ $\frac{1}{4}$ છે, તે $\frac{1}{5}$ અ પાસેથી મેળવે છે, તેથી $\frac{1}{4}$ના બાકીના તે બ પાસેથી મેળવશે.)

∴ બનો ત્યાગ = કનો ભાગ − અનો ત્યાગ

$= \frac{1}{4} - \frac{1}{5} = \frac{5-4}{20} = \frac{1}{20}$

નવો ભાગ = જૂનો ભાગ − ત્યાગ

∴ અનો નવો ભાગ $= \frac{4}{5} - \frac{1}{5} = \frac{3}{5}$

બનો નવો ભાગ $= \frac{1}{5} - \frac{1}{20} = \frac{4-1}{20} = \frac{3}{20}$

કનો નવો ભાગ = $\frac{1}{4}$

∴ નવું નફા-નુકસાનનું પ્રમાણ $= \frac{3}{5} : \frac{3}{20} : \frac{1}{4}$

$= \frac{12}{20} : \frac{3}{20} : \frac{5}{20}$

$= 12 : 3 : 5$

## 4. પાઘડીની હિસાબી અસરો - હિસાબી ધોરણ 26 પ્રમાણે (Accounting Treatment of Goodwill as per Accounting Standard 26)

પાઘડી એ એક અદૃશ્ય મિલકત છે. પેઢી જ્યારે તેના હરીફો જે સામાન્ય નફો કમાય છે તેના કરતાં વધારે નફો કમાય છે ત્યારે પેઢીને અધિક નફો મળે છે, જેના કારણે પાઘડી ઉદ્ભવે છે. જૂના ભાગીદારોએ ભૂતકાળમાં કરેલ પ્રયત્નોને કારણે ધંધામાં પાઘડી ઉદ્ભવે છે. નવા ભાગીદારના પ્રવેશ વખતે જૂના ભાગીદારો તેમને મળતા નફાનો કેટલોક ભાગ નવા ભાગીદારની તરફેણમાં ત્યાગ કરે છે. જૂના ભાગીદારે કરેલ આ ત્યાગના બદલામાં નવા ભાગીદારે તેમને વળતર આપવું પડે છે. આ વળતર સ્વરૂપે નવા ભાગીદારે આપવાની રકમને પાઘડીનું પ્રીમિયમ કહે છે.

અમુક વખતે નવા ભાગીદારનાં પ્રવેશનાં સમયે

(i) કોઈ જૂના ભાગીદારનાં નફા-નુકસાનનાં પ્રમાણમાં ફેરફાર ન પણ થાય તો તેનો કોઈ ત્યાગ કરવાનો ન હોવાથી પાઘડીની રકમ તેને ન મળે.

(ii) કોઈ જૂના ભાગીદારનાં નફા-નુકસાનનાં પ્રમાણમાં વધારો થાય તો તેને લાભ થયો કહેવાય. પરિણામે અન્ય જૂના ભાગીદારને નુકસાન (ત્યાગ) થાય છે. તેથી જૂના ભાગીદારે પણ તેને થયેલ લાભના પ્રમાણમાં નવા ભાગીદારની પાઘડીનો આધાર લઈને પાઘડીની રકમ ગણવામાં આવે છે. અને જે ભાગીદારે ત્યાગ કરેલ હોય તેનાં ખાતે જમા કરવામાં આવે છે. જે જૂના ભાગીદારને લાભ થયેલ હોય તેનાં ખાતે ઉધારવામાં આવે છે.

હવે આપણે નવા ભાગીદારના પ્રવેશ વખતે પાઘડી અંગે જરૂરી હિસાબી અસરોનો અભ્યાસ કરીશું.

પાઘડી અંગેની હિસાબી અસરોનો અભ્યાસ કરતાં પહેલાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલ અદૃશ્ય મિલકતોના હિસાબોને લગતાં હિસાબી ધોરણ 26માં પાઘડી અંગેનો ઉલ્લેખ ખૂબ જ અગત્યનો છે.

હિસાબી ધોરણ 26ના પેરા 35 મુજબ, ''Internally generated goodwill should not be recognised as an asset.'' એટલે કે આંતરિક રીતે ઊભી કરેલ પાઘડીને મિલકત તરીકે ચોપડે દર્શાવવી જોઈએ નહિ.

આ જ હિસાબી ધોરણમાં પેરા 36 મુજબ, ''Internally generated goodwill is not recognised as an asset because it is not an identifiable resource.'' (i.e. It is not separable nor does it arise from contractual or other legal rights.) It is controlled by the entity that can be measured reliably at cost.)

સંદર્ભ : resource.cdn.icai.org/27292 abs-as-26 pdf.

આમ, હિસાબી ધોરણ 26માં જણાવ્યા પ્રમાણે આંતરિક રીતે ઉદ્ભવેલ પાઘડી કોઈ કરાર દ્વારા કે અન્ય કાયદાકીય હક્કોને કારણે ઉદ્ભવતી નથી કે જે પેઢી દ્વારા અંકુશિત હોય અને તેની પડતર ચોક્કસ રીતે નક્કી કરી શકાય. આમ હિસાબી ધોરણ 26 સ્પષ્ટ જણાવે છે કે જ્યારે પાઘડી સ્વરૂપે કોઈ અવેજ ચૂકવવામાં આવે ત્યારે જ પાઘડી મિલકત તરીકે ચોપડે દર્શાવવી જોઈએ. આંતરિક રીતે મૂલ્યાંકન કરેલ પાઘડી ચોપડે દર્શાવવી જોઈએ નહિ.

ભાગીદારના પ્રવેશ વખતે પાઘડીનું મૂલ્યાંકન પેઢીના આંતરિક સ્રોતો જેવા કે નફો, રોકાયેલી મૂડી, અપેક્ષિત નફાનો દર વગેરેને આધારે નક્કી કરવામાં આવે છે. તેથી પાઘડીને મિલકત તરીકે પેઢીના પાકા સરવૈયામાં દર્શાવી શકાય નહિ. તે જ રીતે જો પ્રવેશ પહેલાંના પાકા સરવૈયામાં મિલકત તરીકે પાઘડી દર્શાવેલ હોય તો તે પણ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળવી જોઈએ. કારણ કે જૂની ભાગીદારીનું વિસર્જન કરીને ભાગીદારીનું પુનર્ગઠન કરવામાં આવે છે.

હિસાબી અસર આપવાની દૃષ્ટિએ વિચારીએ તો પાઘડી એ જૂના ભાગીદારોએ નવા ભાગીદારની તરફેણમાં કરેલ નફાના ત્યાગનું વળતર છે. તેથી નવા ભાગીદારના ભાગની પાઘડી જૂના ભાગીદારોએ કરેલ ત્યાગના પ્રમાણમાં તેમને મળે છે અને ઉપર જણાવ્યા મુજબ જૂની પેઢીના પાકા સરવૈયામાં જો પાઘડી મિલકત તરીકે દર્શાવેલ હોય તો તે જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળવી જોઈએ.

પાઘડીની હિસાબી અસર અંગે નીચે મુજબની જુદી જુદી પરિસ્થિતિઓ ઉદ્ભવે છે :

(1) જ્યારે નવા ભાગીદાર દ્વારા ખાનગી રીતે પાઘડી આપવામાં આવે

(2) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં કે અન્ય સ્વરૂપે લાવે અને તે ધંધામાં રાખી મૂકવામાં આવે

(3) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડ સ્વરૂપે લાવે અને જૂના ભાગીદારો તેમને મળેલ પાઘડી રોકડમાં ઉપાડી જાય ત્યારે

(4) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં ન લાવે ત્યારે

(5) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ અંશતઃ રોકડમાં લાવે ત્યારે

(6) જ્યારે પાઘડીનું મૂલ્યાંકન ભાગીદારોની મૂડી પરથી કરવામાં આવે ત્યારે (ગુપ્ત પાઘડી)

હવે, આપણે આ દરેક પરિસ્થિતિમાં પાઘડીની હિસાબી અસરનો વિગતવાર અભ્યાસ કરીશું

**(1) જ્યારે નવા ભાગીદાર દ્વારા ખાનગી રીતે પાઘડી આપવામાં આવે :**

જ્યારે નવો ભાગીદાર જૂના ભાગીદારોને તેના ભાગની પાઘડી ધંધાની બહાર ખાનગી રીતે આપે ત્યારે પેઢીના ચોપડે પાઘડી અંગે કોઈ નોંધ થતી નથી.

**(2) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં કે અન્ય સ્વરૂપે લાવે અને તે ધંધામાં રાખી મૂકવામાં આવે :**

નવો ભાગીદાર તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં કે અન્ય સ્વરૂપમાં લાવે ત્યારે તે રકમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી દેવામાં આવે છે.

**હિસાબી નોંધો :**

(1) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડી રોકડમાં લાવે ત્યારે :

રોકડ/બૅન્ક ખાતે...ઉ

તે પાઘડીના પ્રીમિયમ ખાતે

(2) (i) **જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડી અન્ય સ્વરૂપે લાવે, દા.ત., નવો ભાગીદાર તેની અંગત જમીન અને મકાન તેમજ મોટરકાર પાઘડી તરીકે લાવે ત્યારે :**

જમીન અને મકાન ખાતે...ઉ

મોટરકાર ખાતે...ઉ

અન્ય મિલકત ખાતે...ઉ

તે પાઘડીના પ્રીમિયમ ખાતે

**નોંધ :** ઉપરની બે આમનોંધના બદલે એક સંયુક્ત આમનોંધ પણ નીચે મુજબ કરી શકાય :

રોકડ/બૅન્ક ખાતે...ઉ

જમીન-મકાન ખાતે...ઉ

મોટરકાર ખાતે...ઉ

અન્ય મિલકત ખાતે...ઉ

તે પાઘડીના પ્રીમિયમ ખાતે

(ii) **પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે :**

પાઘડીના પ્રીમિયમ ખાતે...ઉ

તે જૂના ભાગીદારોનાં મૂડી/ચાલુ ખાતે

**અથવા**

જો જૂના ભાગીદારો પૈકી કોઈ એક ભાગીદાર ત્યાગના બદલે નફા-નુકસાનના નવા પ્રમાણમાં લાભ મેળવે એટલે કે જો જૂના ભાગીદારનો ત્યાગ ઋણમાં આવે તો લાભ મેળવનાર જૂના ભાગીદારે પણ અન્ય ત્યાગ કરનાર જૂના ભાગીદારને તેના લાભ જેટલી પાઘડી આપવી પડે. આ સંજોગોમાં પાઘડીના પ્રીમિયમની વહેંચણીની નીચે મુજબ આમનોંધ કરવામાં આવશે.

પાઘડીના પ્રીમિયમ ખાતે...ઉ

જૂના ભાગીદાર(લાભ મેળવનાર)ના મૂડી/ચાલુ ખાતે...ઉ

તે જૂના ભાગીદાર(ત્યાગ કરનાર)ના મૂડી/ચાલુ ખાતે

**નોંધ : નવા ભાગીદારના પ્રવેશ વખતે જૂના ભાગીદારોના ચોપડે (પાકા સરવૈયામાં) પાઘડી આપેલ હોય તે પાઘડી જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળવામાં આવશે. જેની આમનોંધ નીચે મુજબ કરવામાં આવશે :**

જૂના ભાગીદારોના મૂડી/ચાલુ ખાતે...ઉ

તે પાઘડી ખાતે (જૂના પાકા સરવૈયામાં દર્શાવેલ)

**નોંધ :** (1) પાઘડીની હિસાબી અસર અંગે દરેક પરિસ્થિતિમાં જૂની પેઢીના ચોપડે આપેલ પાઘડી જૂના ભાગીદારોના મૂડી/ચાલુ ખાતે લઈ જઈ માંડી વાળવી (ઉપર દર્શાવેલ આમનોંધ મુજબ) કારણ કે જૂની ભાગીદારીનો અંત આવે છે અને નવી પાઘડીનું મૂલ્યાંકન કરી તેની અસર હિસાબી ધોરણ 26 મુજબ આપવામાં આવે છે.

(2) જો ભાગીદારોનાં મૂડી ખાતાં સ્થિર મૂડીની પદ્ધતિથી રાખવામાં આવે છે તેવો સ્પષ્ટ ઉલ્લેખ હોય ત્યારે જ પાઘડીની નોંધ ભાગીદારના ચાલુ ખાતે કરવી. કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન હોય ત્યારે ભાગીદારો મૂડી ખાતાં અસ્થિર મૂડીની પદ્ધતિથી જ રાખે છે તેવું માની પાઘડીની નોંધ ભાગીદારના મૂડી ખાતે કરવી.

**જ્યારે જૂના ભાગીદારના ત્યાગનો ભાગ કે ત્યાગનું પ્રમાણ આપેલ ન હોય (એટલે કે જૂના ભાગીદારોનું જૂનું પ્રમાણ અને નવા ભાગીદારને આપવાનો નફાનો ભાગ આપેલ હોય ત્યારે) :**

**ઉદાહરણ 10 :** આહના અને અમીના 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. અમનને $\frac{1}{4}$ ભાગે પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવે છે. અમનના પ્રવેશ વખતે પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,20,000 કરવામાં આવ્યું. અમન મૂડી તરીકે ₹ 50,000 અને તેના ભાગની પાઘડી રોકડમાં લાવે છે. પાઘડી અંગેની જરૂરી આમનોંધ લખો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | રોકડ ખાતે ઉ | | 80,000 | |
| | તે અમનના મૂડી ખાતે | | | 50,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | | 30,000 |
| | [બા.જે. : અમન મૂડી અને તેના ભાગની પાઘડી પેટે રકમ રોકડમાં લાવ્યો તેના.] | | | |
| (2) | પાઘડીના પ્રીમિયમ ખાતે ખાતે ઉ | | 30,000 | |
| | તે આહનાના મૂડી ખાતે | | | 18,000 |
| | તે અમીનાના મૂડી ખાતે | | | 12,000 |
| | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણ 3:2માં વહેંચ્યું તેના.] | | | |

**સમજૂતી (1) :** નફા-નુકસાનનું નવું પ્રમાણ :

ધારો કે નફાનો કુલ ભાગ = 1

અમનનો ભાગ = $\frac{1}{4}$

∴ આહના અને અમીના માટે બાકી રહેતો ભાગ = $1 - \frac{1}{4} = \frac{4-1}{4} = \frac{3}{4}$

આહના અને અમીના તેમના ભાગે બાકી રહેતો $\frac{3}{4}$ ભાગ 3:2ના પ્રમાણમાં વહેંચશે.

∴ આહનાનો નવો ભાગ = $\frac{3}{4} \times \frac{3}{5} = \frac{9}{20}$

અમીનાનો નવો ભાગ = $\frac{3}{4} \times \frac{2}{5} = \frac{6}{20}$

અમનનો નવો ભાગ = $\frac{1}{4} = \frac{5}{20}$

∴ નફા-નુકસાનનું નવું પ્રમાણ = 9:6:5

**(2) :** ત્યાગનું પ્રમાણ :

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

આહના = $\frac{3}{5} - \frac{9}{20} = \frac{12-9}{20} = \frac{3}{20}$

અમીના = $\frac{2}{5} - \frac{6}{20} = \frac{8-6}{20} = \frac{2}{20}$

∴ ત્યાગનું પ્રમાણ = 3:2

**નોંધ :** જ્યારે નવું પ્રમાણ કે ત્યાગનું પ્રમાણ આપેલ ન હોય ત્યારે ત્યાગનું પ્રમાણ = જૂનું પ્રમાણ જ થશે.

અમનના ભાગની પાઘડી = ₹ 1,20,000 × $\frac{1}{4}$

= ₹ 30,000

અમન મૂડી પેટે ₹ 50,000 અને પાઘડી પેટે ₹ 30,000 એમ કુલ ₹ 80,000 રોકડ લાવશે.

**(3) :** પાઘડીના પ્રીમિયમની ત્યાગના પ્રમાણમાં વહેંચણી

આહના : ₹ 30,000 × $\frac{3}{5}$ = ₹ 18,000

અમીના : ₹ 30,000 × $\frac{2}{5}$ = ₹ 12,000

**જ્યારે જૂના ભાગીદારોનું જૂનું પ્રમાણ, નવા ભાગીદારનો ભાગ અને જૂના ભાગીદારોનું નવા નફા-નુકસાનનું પ્રમાણ આપેલ હોય ત્યારે :**

**ઉદાહરણ 11 :** આયુષ અને આદિત્ય 5:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ પાર્થને $\frac{1}{4}$ ભાગે પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. પાર્થ તેના ભાગની મૂડી અને પાઘડી પેટે જમીન અને મકાન ₹ 1,00,000, મોટરકાર ₹ 50,000 અને રોકડ ₹ 30,000 લાવે છે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,60,000 કરવામાં આવ્યું. ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1:1 નક્કી કરવામાં આવ્યું. જરૂરી આમનોંધ લખો.

જવાબ :

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | જમીન અને મકાન ખાતે ઉ | | 1,00,000 | |
| | મોટરકાર ખાતે ઉ | | 50,000 | |
| | રોકડ ખાતે ઉ | | 30,000 | |
| | તે પાર્થના મૂડી ખાતે | | | 1,40,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | | 40,000 |
| | [બા.જે. : પાર્થ મૂડી અને તેના ભાગની પાઘડીની રકમ પેટે જમીન-મકાન, મોટરકાર અને રોકડ લાવ્યો તેના.] | | | |
| (2) | પાઘડીના પ્રીમિયમ ખાતે ઉ | | 40,000 | |
| | તે આયુષના મૂડી ખાતે | | | 20,000 |
| | તે આદિત્યના મૂડી ખાતે | | | 20,000 |
| | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણ 1:1માં વહેંચ્યું તેના.] | | | |

**સમજૂતી (1) :** ત્યાગનું પ્રમાણ :

આયુષ અને આદિત્યનું જૂનું પ્રમાણ = 5:3

આયુષ, આદિત્ય અને પાર્થનું નવું પ્રમાણ : 2:1:1

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

આયુષ $= \frac{5}{8} - \frac{2}{4} = \frac{5-4}{8} = \frac{1}{8}$

આદિત્ય $= \frac{3}{8} - \frac{1}{4} = \frac{3-2}{8} = \frac{1}{8}$

∴ ત્યાગનું પ્રમાણ = 1:1

**(2) :** પાર્થે લાવેલ પાઘડી

પાર્થના ભાગની પાઘડી = ₹ 1,60,000 $\times \frac{1}{4}$ = ₹ 40,000

**(3) :** પાર્થે લાવેલ મૂડી

| | | |
|---|---|---|
| પાર્થના ભાગની મૂડી = | જમીન અને મકાન | ₹ 1,00,000 |
| | મોટરકાર | ₹ 50,000 |
| | રોકડ | ₹ 30,000 |
| | કુલ | ₹ 1,80,000 |
| **બાદ :** પાર્થના ભાગની પાઘડીની રકમ | | ₹ 40,000 |
| ∴ પાર્થે લાવેલ મૂડી | | ₹ 1,40,000 |

**(4) :** પાઘડીના પ્રીમિયમની ત્યાગના પ્રમાણમાં વહેંચણી :

આયુષ : ₹ 40,000 $\times \frac{1}{2}$ = ₹ 20,000

આદિત્ય : ₹ 40,000 $\times \frac{1}{2}$ = ₹ 20,000

∴ ત્યાગનું પ્રમાણ = 1:1

- **જ્યારે જૂના ભાગીદારો પોતાના અમુક ભાગનો ત્યાગ કરે ત્યારે :**

**ઉદાહરણ 12 :** X અને Y એક પેઢીના ભાગીદારો છે. તેઓએ Zને નવા ભાગીદાર તરીકે તા. 1-4-2016થી દાખલ કર્યો. X તેના ભાગનો $\frac{1}{2}$ ભાગ અને Y તેના ભાગનો $\frac{3}{4}$ ભાગ Zને આપશે. X અને Y સ્થિર મૂડી ખાતાની પદ્ધતિથી મૂડી ખાતા રાખે છે. Z મૂડી પેટે ₹ 60,000 અને તેના ભાગની પાઘડી પેટે ₹ 20,000 રોકડમાં લાવે છે. તા. 31-3-2016ના રોજ X અને Yના ચોપડે પાઘડી ખાતું ₹ 30,000 બાકી દર્શાવતું હતું. Zના પ્રવેશ વખતે જરૂરી આમનોંધ લખો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | Xના ચાલુ ખાતે ઉ<br>Yના ચાલુ ખાતે ઉ<br>તે પાઘડી ખાતે<br>[બા.જે. : જૂની પાઘડી જૂના ભાગીદારો X અને Y વચ્ચે તેમના જૂના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | 15,000<br>15,000 | <br><br>30,000 |
| (2) | રોકડ ખાતે ઉ<br>તે Zના મૂડી ખાતે<br>તે પાઘડીના પ્રીમિયમ ખાતે<br>[બા.જે. : Z મૂડી અને પાઘડી પેટે રોકડ લાવ્યા તેના.] | | 80,000 | <br>60,000<br>20,000 |
| (3) | પાઘડીના પ્રીમિયમ ખાતે ઉ<br>તે Xના ચાલુ ખાતે<br>તે Yના ચાલુ ખાતે<br>[બા.જે. : પાઘડીનું પ્રીમિયમ X અને Yને તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | 20,000 | <br>8000<br>12,000 |

**સમજૂતી :** ત્યાગનું પ્રમાણ :

X અને Yનું જૂનું પ્રમાણ : 1:1 (X પોતાના ભાગનો $\frac{1}{2}$ અને Y પોતાના ભાગનો $\frac{3}{4}$ ભાગ આપે છે.)

Xનો ત્યાગ $= \frac{1}{2} \times \frac{1}{2} = \frac{1}{4} \times \frac{2}{2} = \frac{2}{8}$ (છેદ સરખા કરતાં)

Yનો ત્યાગ $= \frac{1}{2} \times \frac{3}{4} = \frac{3}{8}$

$\therefore$ X અને Yનું ત્યાગનું પ્રમાણ $= \frac{1}{4} : \frac{3}{8} = 2:3$ આ પ્રમાણમાં X અને Yને પાઘડી વહેંચાશે.

- **જ્યારે નવા ભાગીદારનાં પ્રવેશના કારણે કોઈ જૂના ભાગીદારને પણ લાભ થાય ત્યારે :**

**ઉદાહરણ 13 :** X અને Y 4:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ Zને નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. નવા ભાગીદારના પ્રવેશ વખતે Xનું મૂડી ખાતું ₹ 30,000 અને Yનું મૂડી ખાતું ₹ 40,000 બાકી દર્શાવતું હતું. નવા નફા-નુકસાનનું પ્રમાણ 2:4:1 નક્કી કર્યું. Z તેના ભાગની પાઘડી અને ₹ 50,000 મૂડી પેટે રોકડા લાવે છે. Zના પ્રવેશ વખતે પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 84,000 કરવામાં આવ્યું. X અને Yનું પાકું સરવૈયું ₹ 35,000 પાઘડી દર્શાવતું હતું.

જરૂરી આમનોંધ લખો તેમજ ત્રણેય ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

જવાબ :

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | Xના મૂડી ખાતે ઉ | | 20,000 | |
| | Yના મૂડી ખાતે ઉ | | 15,000 | |
| | તે પાઘડી ખાતે | | | 35,000 |
| | [બા.જે. : જૂની પાઘડી જૂના ભાગીદારો X અને Y વચ્ચે તેમના જૂના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | | |
| (2) | રોકડ/બૅન્ક ખાતે ઉ | | 62,000 | |
| | તે Zના મૂડી ખાતે | | | 50,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | | 12,000 |
| | [બા.જે. : નવા ભાગીદાર Z મૂડી અને પાઘડીનું પ્રીમિયમ રોકડમાં લાવ્યા તેના.] | | | |
| (3) | પાઘડીના પ્રીમિયમ ખાતે ઉ | | 12,000 | |
| | Yના મૂડી ખાતે ઉ | | 12,000 | |
| | તે Xના મૂડી ખાતે | | | 24,000 |
| | [બા.જે. : Z એ લાવેલ પાઘડીનું પ્રીમિયમ તેમજ Yના લાભ જેટલી પાઘડી તેના મૂડી ખાતે ઉધારી Xના મૂડી ખાતે જમા કરી તેના.] | | | |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| તારીખ | વિગત | X (₹) | Y (₹) | Z (₹) | તારીખ | વિગત | X (₹) | Y (₹) | Z (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1-4-16 | પાઘડી ખાતે | 20,000 | 15,000 | – | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 30,000 | 40,000 | – |
| 1-4-16 | Xના મૂડી ખાતે | – | 12,000 | – | 1-4-16 | રોકડ ખાતે | – | – | 50,000 |
| 1-4-16 | બા. આ. લઈ ગયા | 34,000 | 13,000 | 50,000 | 1-4-16 | પાઘડીના પ્રીમિ. ખાતે | 12,000 | – | – |
| | | | | | 1-4-16 | Yના મૂડી ખાતે | 12,000 | – | – |
| | | **54,000** | **40,000** | **50,000** | | | **54,000** | **40,000** | **50,000** |

જૂનું નફા-નુકસાનું પ્રમાણ અને નવું નફા-નુકસાનનું પ્રમાણ આપેલ છે. જૂના પ્રમાણમાંથી નવું પ્રમાણ બાદ કરીને ત્યાગનાં પ્રમાણમાં પાઘડીની વહેંચણી થાય.

Zના પ્રવેશના કારણે Xનો ત્યાગ $\frac{2}{7}$ છે જ્યારે Yને ત્યાગનાં સ્થાને લાભ થયેલ છે. તેથી Yનાં હિસ્સાની પાઘડીની અસર આપવી પડશે. Z રોકડમાં પાઘડી લાવશે, જ્યારે Yની પાઘડીની અસર તેના મૂડી ખાતે આપવામાં આવશે. આ બંને રકમો Xના મૂડી ખાતે જમા થશે.

**સમજૂતી (1) :** ત્યાગનું પ્રમાણ :

X અને Yનું જૂનું પ્રમાણ = 4:3

X, Y અને Zનું નવું પ્રમાણ = 2:4:1

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

Xનો ત્યાગ = $\frac{4}{7} - \frac{2}{7} = \frac{2}{7}$

Yનો ત્યાગ = $\frac{3}{7} - \frac{4}{7} = -\frac{1}{7}$ (લાભનું પ્રમાણ)

**(2) :** પાઘડીના પ્રીમિયમની વહેંચણી

Zના ભાગની પાઘડી = ₹ 84,000 × $\frac{1}{7}$ = ₹ 12,000

Yને નવા નફા-નુકસાનના પ્રમાણમાં લાભ થતો હોવાથી Y પણ Xને તેના લાભ જેટલી પાઘડી આપશે.

Y એ આપવાની પાઘડી = 84,000 × $\frac{1}{7}$ = ₹ 12,000

**(3) :** Xને મળવાપાત્ર પાઘડી

Xનો ત્યાગ = $\frac{2}{7}$

Xને મળવાપાત્ર પાઘડી = 84,000 × $\frac{2}{7}$ = ₹ 24,000

**(4) :** જૂની પાઘડીની જૂના ભાગીદારો વચ્ચે જૂના પ્રમાણમાં વહેંચણી

X : ₹ 35,000 × $\frac{4}{7}$ = ₹ 20,000

Y : ₹ 35,000 × $\frac{3}{7}$ = ₹ 15,000

**(3) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં લાવે અને જૂના ભાગીદારો તેમને મળેલ પાઘડી રોકડમાં ઉપાડી જાય ત્યારે :**

જ્યારે નવો ભીાગદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં લાવે અને જૂના ભાગીદારો તેમને મળેલ પાઘડી રોકડમાં ઉપાડી જાય ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબની આમનોંધ કરવામાં આવશે.

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | જ્યારે પેઢીના પાકા સરવૈયામાં જૂની પાઘડી દર્શાવેલ હોય ત્યારે તે જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળવામાં આવશે :<br>જૂના ભાગીદારોના મૂડી ખાતે ઉ<br>તે પાઘડી ખાતે<br>[બા.જે. : જૂની પાઘડી, જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | .......... | .......... |
| (2) | જ્યારે નવો ભાગીદાર તેના ભાગની મૂડી અને પાઘડી રોકડમાં લાવે ત્યારે :<br>રોકડ ખાતે ઉ<br>તે નવા ભાગીદારના મૂડી ખાતે<br>તે પાઘડીના પ્રીમિયમ ખાતે<br>[બા.જે. : નવો ભાગીદાર મૂડી અને તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં લાવ્યા તેના.] | | .......... | ..........<br>.......... |

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (3) | જ્યારે પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે : | | | |
| | પાઘડીના પ્રીમિયમ ખાતે ઉ | | .......... | |
| | તે જૂના ભાગીદારોના મૂડી ખાતે | | | .......... |
| | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | |
| (4) | જ્યારે જૂના ભાગીદારો તેમને મળેલ પાઘડીનું પ્રીમિયમ રોકડમાં પૂરેપૂરું કે અંશતઃ ઉપાડી જાય ત્યારે : | | | |
| | જૂના ભાગીદારોના મૂડી ખાતે ઉ | | .......... | |
| | તે રોકડ ખાતે | | | .......... |
| | [બા.જે. : જૂના ભાગીદારો પાઘડીનું પ્રીમિયમ રોકડમાં ઉપાડી ગયા તેના.] | | | |

**ઉદાહરણ 14 :** અ, બ અને ક 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ ડને નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. ડ મૂડી પેટે ₹ 80,000 અને પાઘડી પેટે ₹ 60,000 રોકડા લાવે છે. અ, બ, ક અને ડનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 4:3:2:3 નક્કી કરવામાં આવ્યું. જૂના ભાગીદારો તેમને મળેલ પાઘડી પૈકી 50 % પાઘડી રોકડમાં ઉપાડી જાય છે. જરૂરી આમનોંધ લખો. ભાગીદારો મૂડી ખાતાં સ્થિર મૂડીની પદ્ધતિથી રાખે છે.

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | રોકડ ખાતે ઉ | | 1,40,000 | |
| | તે ડના મૂડી ખાતે | | | 80,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | | 60,000 |
| | [બા.જે. : ડ મૂડી અને પાઘડીની રકમ રોકડમાં લાવ્યા તેના.] | | | |
| (2) | પાઘડીના પ્રીમિયમ ખાતે ઉ | | 60,000 | |
| | તે અના ચાલુ ખાતે | | | 40,000 |
| | તે બના ચાલુ ખાતે | | | 20,000 |
| | [બા.જે. : અ અને બ વચ્ચે પાઘડીનું પ્રીમિયમ ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | |
| (3) | અના ચાલુ ખાતે ઉ | | 20,000 | |
| | બના ચાલુ ખાતે ઉ | | 10,000 | |
| | તે રોકડ ખાતે | | | 30,000 |
| | [બા.જે. : અ અને બ પાઘડીની 50 % રકમ રોકડમાં ઉપાડી ગયા તેના.] | | | |

**સમજૂતી :**

જૂનું નફા-નુકસાનનું પ્રમાણ અને નવું નફા-નુકસાનનું પ્રમાણ આપેલ હોવાથી જૂના પ્રમાણમાંથી નવું પ્રમાણ બાદ કરીને પાઘડીની રકમ ભાગીદારોના ત્યાગના પ્રમાણમાં વહેંચી આપવામાં આવશે.

ત્યાગનું પ્રમાણ :

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

અ, બ અને કનું જૂનું પ્રમાણ = 3:2:1

અ, બ, ક અને ડનું નવું પ્રમાણ = 4:3:2:3

અ $= \frac{3}{6} - \frac{4}{12} = \frac{6-4}{12} = \frac{2}{12}$

બ $= \frac{2}{6} - \frac{3}{12} = \frac{4-3}{12} = \frac{1}{12}$

ક $= \frac{1}{6} - \frac{2}{12} = \frac{2-2}{12} = 0$

$\therefore$ અ અને બના ત્યાગનું પ્રમાણ = 2:1

**(4) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં ન લાવે ત્યારે :**

જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ રોકડમાં ન લાવી શકે ત્યારે તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ તેના મૂડી ખાતે ઉધારી જૂના ભાગીદારોના મૂડી ખાતે તેમના ત્યાગના પ્રમાણમાં જમા કરવામાં આવશે. આ સંજોગોમાં નીચે મુજબની આમનોંધ કરવામાં આવશે.

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | જ્યારે નવો ભાગીદાર તેના ભાગની મૂડી રોકડમાં લાવે ત્યારે :<br>રોકડ ખાતે ઉ<br>તે નવા ભાગીદારના મૂડી ખાતે<br>[બા.જે. : નવો ભાગીદાર મૂડી પેટે રોકડ લાવ્યો તેના.] | | .......... | .......... |
| (2) | જ્યારે નવા ભાગીદારના ભાગની પાઘડી જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે :<br>નવા ભાગીદારના મૂડી ખાતે ઉ<br>તે જૂના ભાગીદારોના મૂડી ખાતે<br>[બા.જે. : નવા ભાગીદારના ભાગની પાઘડી તેના મૂડી ખાતે ઉધારી જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.]<br>**નોંધ :** જૂની પાઘડી માંડી વાળવાની તેમજ પાઘડીની રકમ રોકડમાં ઉપાડી જવાની આમનોંધમાં કોઈ ફેરફાર થશે નહિ. | | .......... | .......... |

**ઉદાહરણ 15 :** અ અને બ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તેઓ કને પેઢીમાં $\frac{1}{6}$ ભાગે નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. ક મૂડી પેટે ₹ 1,00,000 રોકડમાં લાવે છે. પરંતુ પાઘડી પેટે કોઈ રકમ લાવતો નથી. તેના પ્રવેશ વખતે પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 3,00,000 કરવામાં આવ્યું. જરૂરી આમનોંધ લખો.

જવાબ :

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | રોકડ ખાતે ઉ<br>તે કના મૂડી ખાતે<br>[બા.જે. : મૂડી પેટે રોકડ લાવ્યો તેના.] | | 1,00,000 | <br>1,00,000 |
| (2) | કના મૂડી ખાતે ઉ<br>તે અના મૂડી ખાતે<br>તે બના મૂડી ખાતે<br>[બા.જે. : કના ભાગની પાઘડી અ અને બ વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | 50,000 | <br>30,000<br>20,000 |

**સમજૂતી (1) :** કના ભાગની પાઘડી $= \frac{1}{6} \times$ ₹ 3,00,000 = ₹ 50,000

**(2) :** અ અને બને તેમના ત્યાગના પ્રમાણમાં મળતી પાઘડી :

અ : $50{,}000 \times \frac{3}{5}$ = ₹ 30,000

બ : $50{,}000 \times \frac{2}{5}$ = ₹ 20,000

**નોંધ :** અહીં જૂનું પ્રમાણ = ત્યાગનું પ્રમાણ = 3:2

**(5) જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ અંશતઃ રોકડમાં લાવે ત્યારે :**

જ્યારે નવો ભાગીદાર તેના ભાગની પાઘડીનું પ્રીમિયમ અંશતઃ રોકડમાં લાવે ત્યારે પ્રથમ રોકડમાં લાવેલ રકમ પાઘડીના પ્રીમિયમ ખાતે જમા કરવામાં આવશે. ત્યાર બાદ રોકડમાં લાવેલ પાઘડી, પાઘડીના પ્રીમિયમ ખાતે અને રોકડમાં ન લાવેલ પાઘડી તેના મૂડી ખાતે ઉધારી જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં જમા કરવામાં આવશે. જૂની પાઘડી માંડી વાળવાની તેમજ જૂના ભાગીદારો દ્વારા પાઘડી ઉપાડી જવાની નોંધ તે જ રહેશે. એમાં કોઈ ફેરફાર થશે નહિ. આ સંજોગોમાં નવા ભાગીદારના ભાગની પાઘડી અંગે નીચે મુજબ આમનોંધ કરવામાં આવશે.

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | જ્યારે નવો ભાગીદાર મૂડી અને તેના ભાગની પાઘડી પેટે કેટલીક રકમ રોકડમાં લાવે ત્યારે :<br>રોકડ ખાતે ઉ<br>તે નવા ભાગીદારના મૂડી ખાતે<br>તે પાઘડીના પ્રીમિયમ ખાતે<br>(રોકડમાં લાવેલ પાઘડી)<br>[બા.જે. : નવો ભાગીદાર મૂડી અને પાઘડી પેટે રોકડ લાવ્યો તેના.] | | <br><br>.......... | <br><br><br>..........<br>.......... |

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (2) | પાઘડીના પ્રીમિયમ ખાતે (રોકડમાં લાવેલ પાઘડી) ઉ | | .......... | |
| | નવા ભાગીદારના મૂડી ખાતે ઉ | | .......... | |
| | (રોકડમાં ન લાવેલ પાઘડી) | | | |
| | તે જૂના ભાગીદારોના મૂડી ખાતે | | | .......... |
| | [બા.જે. : નવા ભાગીદારના ભાગની પાઘડી જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |
| | **નોંધ :** જૂની પેઢીના પાકા સરવૈયામાં દર્શાવેલ પાઘડી જૂના ભાગીદારો વચ્ચે જૂના પ્રમાણમાં વહેંચી માંડી વાળવાની નોંધમાં કોઈ ફેરફાર થશે નહિ. | | | |

**ઉદાહરણ 16 :** અ અને બ 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. કને નફામાં $\frac{1}{3}$ ભાગે નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવ્યો. ક મૂડી પેટે ₹ 70,000 અને પાઘડી પેટે ₹ 30,000 રોકડમાં લાવે છે. કના પ્રવેશ વખતે પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,20,000 કરવામાં આવ્યું. અ અને બની પેઢીનું પાકું સરવૈયું ₹ 60,000 પાઘડી દર્શાવતું હતું. ત્રણે ભાગીદારોનું નવા નફા-નુકસાનનું પ્રમાણ 1:1:1 નક્કી કરવામાં આવ્યું. જરૂરી આમનોંધ લખો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | અના મૂડી ખાતે ઉ | | 40,000 | |
| | બના મૂડી ખાતે ઉ | | 20,000 | |
| | તે પાઘડી ખાતે | | | 60,000 |
| | [બા.જે. : જૂની પાઘડી, જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | | |
| (2) | રોકડ ખાતે ઉ | | 1,00,000 | |
| | તે કના મૂડી ખાતે | | | 70,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | | 30,000 |
| | [બા.જે. : ક મૂડી અને પાઘડી પેટે રોકડ લાવ્યો તેના.] | | | |
| (3) | પાઘડીના પ્રીમિયમ ખાતે ઉ | | 30,000 | |
| | કના મૂડી ખાતે ઉ | | 10,000 | |
| | તે અના મૂડી ખાતે | | | 40,000 |
| | [બા.જે. : કના ભાગની પાઘડીનું પ્રીમિયમ 'અ'ને આપ્યું તેના.] | | | |

**સમજૂતી (1) :** કના ભાગની પાઘડી = ₹ 1,20,000 × $\frac{1}{3}$ = ₹ 40,000

કએ રોકડમાં ન લાવેલ પાઘડી

= ₹ 40,000 − ₹ 30,000 રોકડમાં લાવેલ

= ₹ 10,000

**(2) :** ત્યાગનું પ્રમાણ :

અ અને બનું જૂનું પ્રમાણ = 2:1

અ, બ અને કનું નવું પ્રમાણ = 1:1:1

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

અ : $\frac{2}{3} - \frac{1}{3} = \frac{1}{3}$

બ : $\frac{1}{3} - \frac{1}{3} = 0$

કના ભાગની પાઘડી ફક્ત 'અ'ને જ મળશે.

**(6) જ્યારે પાઘડીનું મૂલ્યાંકન ભાગીદારોની મૂડી પરથી કરવામાં આવે ત્યારે (ગુપ્ત પાઘડી)**

પ્રવેશ વખતે પેઢીની પાઘડીનું મૂલ્ય આપેલ ન હોય ત્યારે પેઢીનું ચોખ્ખું મૂલ્ય (Net worth) કે ભાગીદારોની મૂડી પરથી પેઢીની પાઘડીનું મૂલ્યાંકન કરવામાં આવે છે. દા.ત., અ અને બની મૂડી અનુક્રમે ₹ 50,000 અને ₹ 30,000 છે. નવો ભાગીદાર ક તેના $\frac{1}{5}$ ભાગે ₹ 40,000 મૂડી પેટે લાવે છે. અ અને બનું ત્યાગનું પ્રમાણ સરખે હિસ્સે છે.

આ સંજોગોમાં કની મૂડીને આધાર તરીકે લેતાં પેઢીની કુલ મૂડી ₹ 2,00,000 હોવી જોઈએ.

($\frac{1}{5}$ ભાગ = ₹ 40,000 મૂડી

1 ભાગ = ?

= ₹ 40,000 × 5 = ₹ 2,00,000)

ત્રણેય ભાગીદારોની ખરેખર મૂડી કે પાઘડી સિવાયનું પેઢીનું ચોખ્ખું મૂલ્ય ₹ 1,20,000 છે.

(₹ 50,000 + ₹ 30,000 + ₹ 40,000)

તેથી પેઢીની પાઘડી = કની મૂડીના આધારે પેઢીનું ચોખ્ખું મૂલ્ય − પાઘડી સિવાય નવી પેઢીનું ચોખ્ખું મૂલ્ય

= ₹ 2,00,000 − ₹ 1,20,000

= ₹ 80,000

કના ભાગની પાઘડી = ₹ 80,000 × $\frac{1}{5}$

= ₹ 16,000

કના ભાગની પાઘડી ₹ 16,000 અ અને બ વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં એટલે કે સરખે હિસ્સે વહેંચાશે.

**ઉદાહરણ 17 :** અ અને બ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની મૂડી અનુક્રમે ₹ 1,00,000 અને ₹ 1,50,000 છે. તે જ દિવસે તેમની પેઢીનું પાકું સરવૈયું સામાન્ય અનામત ₹ 30,000 દર્શાવે છે. તા. 1-4-2016થી કને $\frac{1}{4}$ ભાગે પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવે છે. ક તેના ભાગની મૂડી પેટે ₹ 1,20,000 લાવે છે. પાઘડી અંગે જરૂરી આમનોંધ લખો. જરૂરી ગણતરી દર્શાવો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (1) | રોકડ ખાતે ઉ<br>તે કના મૂડી ખાતે<br>[બા.જે. : ક મૂડી પેટે રોકડ લાવ્યો તેના.] | | 1,20,000 | <br>1,20,000 |

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (2) | કના મૂડી ખાતે ઉ<br>તે અના મૂડી ખાતે<br>તે બના મૂડી ખાતે<br>[બા.જે. : કના ભાગની પાઘડી જૂના ભાગીદારો અ અને બ વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | 20,000 | <br>12,000<br>8000 |

**સમજૂતી (1) :** પેઢીની પાઘડીની ગણતરી :

કની મૂડીના આધારે પેઢીનું ચોખ્ખું મૂલ્ય

$\frac{1}{4}$ = ₹ 1,20,000

1 = (?)

= ₹ 1,20,000 × 4 = ₹ 4,80,000

પાઘડી સિવાય નવી પેઢીનું ચોખ્ખું મૂલ્ય = જૂના ભાગીદારોની મૂડી + સામાન્ય અનામત + નવા ભાગીદારની મૂડી

= ₹ 1,00,000 + ₹ 1,50,000 + ₹ 30,000 + ₹ 1,20,000

= ₹ 4,00,000

પેઢીની પાઘડી = કની મૂડીના આધારે પેઢીનું ચોખ્ખું મૂલ્ય − પાઘડી સિવાય નવી પેઢીનું ચોખ્ખું મૂલ્ય

પેઢીની પાઘડી = ₹ 4,80,000 − ₹ 4,00,000

= ₹ 80,000

કના ભાગની પાઘડી = ₹ 80,000 × $\frac{1}{4}$

= ₹ 20,000

**(2) :** કની પાઘડીની વહેંચણી :

કના ભાગની પાઘડી જૂના ભાગીદારો અ અને બ વચ્ચે તેમના ત્યાગના પ્રમાણ 3:2 માં વહેંચાશે (જૂનું પ્રમાણ = ત્યાગનું પ્રમાણ = 3:2)

'અ'ને મળવાપાત્ર પાઘડી = ₹ 20,000 × $\frac{3}{5}$ = ₹ 12,000

'બ'ને મળવાપાત્ર પાઘડી = ₹ 20,000 × $\frac{2}{5}$ = ₹ 8000

## 5. મિલકતોનું પુનઃમૂલ્યાંકન અને દેવાંની પુનઃઆકારણીની હિસાબી અસરો (Revaluation of Assets and Reassessment of Liabilities and its Accounting Effects)

પેઢીના ચોપડે કાયમી મિલકતો તેની પડતર બાદ ઘસારા કિંમતે નોંધાય છે. નવા ભાગીદારના પ્રવેશ વખતે આ મિલકતોની ચોપડે કિંમત કરતાં બજારકિંમત વધારે કે ઓછી હોઈ શકે. તે જ રીતે કેટલીક મિલકતો ચોપડે દર્શાવેલ ન પણ હોય. જવાબદારીની બાબતમાં પણ એવું બની શકે છે. તેની ચોપડે દર્શાવેલ કિંમત કરતાં ખરેખર ચૂકવવાપાત્ર રકમ વધારે કે ઓછી હોઈ શકે. કેટલીક જવાબદારીઓ ચોપડે દર્શાવેલ ન પણ હોય. નવા ભાગીદારને તેના પ્રવેશની તારીખ સુધીમાં મિલકતો અને જવાબદારીની કિંમતમાં થતા ફેરફારને પરિણામે નફામાં ભાગ મળે નહિ કે તે આવું નુકસાન પણ ભોગવશે નહિ. તેથી નવા ભાગીદારના પ્રવેશ વખતે મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે. આ પ્રકારનાં પુનઃમૂલ્યાંકનની હિસાબી અસરો આપવા પુનઃમૂલ્યાંકન ખાતું ખોલવામાં આવે છે. જેને નફા-નુકસાન હવાલા ખાતું પણ કહેવામાં આવે છે. તેમાં ફેરફારને પરિણામે થતો ચોખ્ખો નફો કે ખોટ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવશે.

મિલકતો અને દેવાંના પુનઃમૂલ્યાંકનની નોંધ બે રીતે કરવામાં આવે છે :

(1) જ્યારે મિલકતો અને દેવાં તેના નવા મૂલ્યથી નવી પેઢીના ચોપડે દર્શાવવામાં આવે (પુનઃમૂલ્યાંકન ખાતું)

(2) જ્યારે મિલકતો અને દેવાં તેના જૂના મૂલ્યથી જ નવી પેઢીના ચોપડે દર્શાવવામાં આવે (કાચું પુનઃમૂલ્યાંકન ખાતું)

### (1) જ્યારે મિલકતો અને દેવાં તેના નવાં મૂલ્યથી નવી પેઢીના ચોપડે દર્શાવવામાં આવે :

આ રીતમાં મિલકતો અને દેવાંની કિંમતમાં થતો ફેરફાર પુનઃમૂલ્યાંકન ખાતે કે નફા-નુકસાન હવાલા ખાતે નોંધાય છે. આ પુનઃમૂલ્યાંકન કે નફા-નુકસાન હવાલા ખાતાનો નફો કે ખોટ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. પુનઃમૂલ્યાંકન ખાતું એ ઊપજ-ખર્ચ પ્રકારનું ખાતું છે. પુનઃમૂલ્યાંકન ખાતું મિલકતોમાં થતા ઘટાડાથી અને જવાબદારીમાં થતા વધારાથી ઉધારવામાં આવે છે અને મિલકતોમાં થતા વધારાથી તેમજ જવાબદારીમાં થતા ઘટાડાથી જમા કરવામાં આવે છે. પુનઃમૂલ્યાંકન ખાતું બંધ કરતાં તેનો તફાવત જમા બાકી હોય તો નફો અને તફાવત ઉધાર બાકી હોય તો ખોટ દર્શાવે છે. પુનઃમૂલ્યાંકન ખાતાનો નફો કે ખોટ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવશે અને નવી પેઢીના પાકા સરવૈયામાં મિલકતો અને દેવાં તેની નવી કિંમતથી દર્શાવાશે. મિલકતોના પુનઃમૂલ્યાંકન અને દેવાંની પુનઃઆકારણીને પરિણામે થતા ફેરફારની હિસાબી નોંધ નીચે મુજબ કરવામાં આવે છે. (આ અંગે પ્રકરણ 4માં પણ સમજૂતી આવેલ છે.)

**આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| (1) | જ્યારે મિલકતોની કિંમતમાં વધારો થાય ત્યારે : | | | | |
| | જે-તે મિલકત ખાતે | ઉ | | ✓ | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | ✓ |
| (2) | જ્યારે મિલકતોની કિંમતમાં ઘટાડો થાય ત્યારે : | | | | |
| | પુનઃમૂલ્યાંકન ખાતે | ઉ | | ✓ | |
| | તે જે-તે મિલકત ખાતે | | | | ✓ |
| (3) | જ્યારે દેવાદાર પર ઘાલખાધ અનામત, વટાવ અનામત વગેરેની જોગવાઈ કરવામાં આવે ત્યારે : | | | | |
| | પુનઃમૂલ્યાંકન ખાતે | ઉ | | ✓ | |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | | ✓ |
| | તે દેવાદારો પર વટાવ અનામત ખાતે | | | | ✓ |
| (4) | મળવાની બાકી આવક, અગાઉથી ચૂકવેલ ખર્ચ કે કોઈ નહિ નોંધેલ મિલકતની નોંધ કરવાની હોય ત્યારે : | | | | |
| | મળવાની બાકી આવક ખાતે | ઉ | | ✓ | |
| | અગાઉથી ચૂકવેલ ખર્ચ ખાતે | ઉ | | ✓ | |
| | જે-તે મિલકત ખાતે | ઉ | | ✓ | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | ✓ |
| (5) | જ્યારે દેવાંની રકમમાં વધારો થાય ત્યારે : | | | | |
| | પુનઃમૂલ્યાંકન ખાતે | ઉ | | ✓ | |
| | તે જે-તે દેવાં ખાતે | | | | ✓ |
| (6) | જ્યારે દેવાંની કિંમતમાં ઘટાડો થાય ત્યારે : | | | | |
| | જે-તે દેવાં ખાતે | ઉ | | ✓ | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | ✓ |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| (7) | જ્યારે ચોપડે નહિ નોંધેલ દેવાં કે ચૂકવવાનાં બાકી દેવાંની નોંધ કરવામાં આવે ત્યારે : | | | |
| | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | ✓ | |
| | તે જે-તે દેવાં ખાતે | | | ✓ |
| | તે ચૂકવવાનાં બાકી દેવાં ખાતે | | | ✓ |
| (8) | પુનઃમૂલ્યાંકન ખાતું બંધ કરવામાં આવે ત્યારે : | | | |
| | (A) પુનઃમૂલ્યાંકન ખાતાનો નફો હોય તો, જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે : | | | |
| | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | ✓ | |
| | તે જૂના ભાગીદારોનાં મૂડી ખાતે | | | ✓ |
| | (B) પુનઃમૂલ્યાંકન ખાતાની ખોટ હોય તો, જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે : | | | |
| | જૂના ભાગીદારોનાં મૂડી ખાતે ઉ | | ✓ | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | ✓ |

**ઉદાહરણ 18 :** પટેલ અને શાહ 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતાં એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | પેટન્ટ | | 10,000 |
| પટેલ | 1,20,000 | | જમીન-મકાન | | 1,40,000 |
| શાહ | 1,30,000 | 2,50,000 | યંત્રો | | 70,000 |
| લોન | | 1,00,000 | ફર્નિચર | | 80,000 |
| લેણદારો | | 80,000 | મોટરકાર | | 1,20,000 |
| દેવીહૂંડી | | 20,000 | સ્ટૉક | | 40,000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | | 30,000 | દેવાદારો | 21,000 | |
| | | | – ઘાલખાધ અનામત | 1000 | 20,000 |
| | | **4,80,000** | | | **4,80,000** |

તા. 1-4-2016ના રોજ તેઓએ રાવલને $\frac{1}{5}$ ભાગ આપી નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરવાનું નક્કી કર્યું. રાવલ મૂડી તરીકે ₹ 2,00,000 લાવે છે. ભાગીદારોએ મિલકત અને દેવાંનું પુનઃમૂલ્યાંકન નીચે મુજબ કર્યું :

(1) જમીન અને મકાનની કિંમતમાં 20 % વધારો કરવો.

(2) યંત્રોની કિંમતમાં 10 % ઘટાડો કરવો.

(3) ફર્નિચરની કિંમત ₹ 60,000 ગણવી.

(4) મોટરકાર પર 20 % ઘસારો ગણવો.

(5) દેવાદારો પર ₹ 5000 ઘાલખાધ અનામત રાખવી.

(6) પેટન્ટની કિંમત શૂન્ય ગણવી.

(7) લોન પર ₹ 6000 વ્યાજ ચૂકવવાનું બાકી છે.

(8) લેણદારો અને દેવીહૂંડીમાં 10 % ઓછા ચૂકવવા પડશે.

(9) ચોપડે નહિ નોંધેલ રોકાણોનું મૂલ્ય ₹ 20,000 નક્કી કરવામાં આવ્યું.

(10) નફા-નુકસાન ખાતે ઉધારેલ વીમા પ્રીમિયમ ₹ 30,000માંથી ₹ 10,000 આવતા વર્ષ માટેના છે.

જરૂરી આમનોંધ લખો અને પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોના મૂડી ખાતા અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1-4-2016 | જમીન-મકાન ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન ખાતે<br>[બા.જે. : જમીન-મકાનમાં વધારો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 28,000 | 28,000 |
| 1-4-2016 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે યંત્રો ખાતે<br>[બા.જે. : યંત્રોમાં ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 7000 | 7000 |
| 1-4-2016 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે ફર્નિચર ખાતે<br>[બા.જે. : ફર્નિચરમાં ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 20,000 | 20,000 |
| 1-4-2016 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે મોટરકાર ખાતે<br>[બા.જે. : મોટરકારમાં ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 24,000 | 24,000 |
| 1-4-2016 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>[બા.જે. : ઘાલખાધ અનામતમાં વધારો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 4000 | 4000 |
| 1-4-2016 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે પેટન્ટ ખાતે<br>[બા.જે. : પેટન્ટમાં ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 10,000 | 10,000 |
| 1-4-2016 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે લોન પર ચૂકવવાના વ્યાજ ખાતે<br>[બા.જે. : લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 6000 | 6000 |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1-4-2016 | લેણદારો ખાતે | ઉ | | 8000 | |
| | દેવીહૂંડી ખાતે | ઉ | | 2000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 10,000 |
| | [બા.જે. : લેણદારો અને દેવીહૂંડીમાં ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 1-4-2016 | રોકાણો ખાતે | ઉ | | 20,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 20,000 |
| | [બા.જે. : નહિ નોંધેલ રોકાણો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 1-4-2016 | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ખાતે | ઉ | | 10,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 10,000 |
| | [બા.જે. : અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 1-4-2016 | પટેલના મૂડી ખાતે | ઉ | | 1800 | |
| | શાહના મૂડી ખાતે | ઉ | | 1200 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 3000 |
| | [બા.જે. : પુનઃમૂલ્યાંકન ખાતાની ખોટ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | | |
| 1-4-2016 | રોકડ ખાતે | ઉ | | 2,00,000 | |
| | તે રાવલના મૂડી ખાતે | | | | 2,00,000 |
| | [બા.જે. : ₹ 2,00,000 નવો ભાગીદાર મૂડી પેટે રોકડમાં લાવ્યા તેના.] | | | | |
| | **કુલ સરવાળો** | | | **3,42,000** | **3,42,000** |

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | 7000 | જમીન-મકાન ખાતે | | 28,000 |
| ફર્નિચર ખાતે | 20,000 | લેણદારો ખાતે | | 8000 |
| મોટરકાર ખાતે | 24,000 | દેવીહૂંડી ખાતે | | 2000 |
| ઘાલખાધ અનામત ખાતે | 4000 | રોકાણો ખાતે | | 20,000 |
| (નવી ઘાલખાધ અનામત ₹ 5000 – જૂની ઘાલખાધ અનામત ₹ 1000) | | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ખાતે | | 10,000 |
| પેટન્ટ ખાતે | 10,000 | ખોટ - જૂના ભાગીદારોના મૂડી ખાતે લઈ ગયા | | |
| લોન પર ચૂકવવાના બાકી વ્યાજ ખાતે | 6000 | પટેલ | 1800 | |
| | | શાહ | 1200 | 3000 |
| | **71,000** | | | **71,000** |

### ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | પટેલ (₹) | શાહ (₹) | રાવલ (₹) | વિગત | પટેલ (₹) | શાહ (₹) | રાવલ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પુનઃમૂલ્યાંકન ખાતે | 1800 | 1200 | – | બાકી આગળ લાવ્યા | 1,20,000 | 1,30,000 | – |
| બા. આ. લઈ ગયા | 1,18,200 | 1,28,800 | 2,00,000 | રોકડ ખાતે | – | – | 2,00,000 |
| | **1,20,000** | **1,30,000** | **2,00,000** | | **1,20,000** | **1,30,000** | **2,00,000** |

### તા. 1-4-2016નાં રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | જમીન-મકાન | | 1,68,000 |
| પટેલ | 1,18,200 | | યંત્રો | | 63,000 |
| શાહ | 1,28,800 | | ફર્નિચર | | 60,000 |
| રાવલ | 2,00,000 | 4,47,000 | મોટરકાર | | 96,000 |
| લોન | | 1,00,000 | સ્ટૉક | | 40,000 |
| લેણદારો | | 72,000 | દેવાદારો | 21,000 | |
| દેવીહૂંડી | | 18,000 | – ઘાલખાધ અનામત | 5000 | 16,000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | | 30,000 | રોકાણો | | 20,000 |
| લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ | | 6000 | અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ | | 10,000 |
| | | | રોકડ | | 2,00,000 |
| | | **6,73,000** | | | **6,73,000** |

**સમજૂતી :** પ્રવેશ બાદના પાકા સરવૈયામાં મિલકતો અને દેવાં તેની નવી કિંમતોથી દર્શાવાશે.

**(2) કાચું પુનઃમૂલ્યાંકન ખાતું (Memorandum Revaluation Account) :**

ભાગીદારો દ્વારા એવું પણ નક્કી કરવામાં આવે કે મિલકતો અને દેવાંનાં પુનઃમૂલ્યાંકનને પરિણામે થતો ચોખ્ખો નફો કે ખોટને પરિણામે કોઈ ભાગીદારને ગેરવ્યાજબી લાભ કે નુકસાન ન થાય અને નવી પેઢીના ચોપડે મિલકતો અને દેવાં તેની જૂની કિંમતે જ દર્શાવવામાં આવે. આ સંજોગોમાં મિલકતો અને દેવાંની કિંમતમાં થતો ફેરફાર કાચા પુનઃમૂલ્યાંકન ખાતે લઈ જવામાં આવે છે. કાચું પુનઃમૂલ્યાંકન ખાતું બે ભાગમાં વહેંચવામાં આવે છે. પ્રથમ ભાગ એ પુનઃમૂલ્યાંકન ખાતાં જેવો જ છે. બીજા ભાગમાં પ્રથમ ભાગમાં કરેલી બધી જ નોંધો ઉલટાવી દેવામાં આવે છે અને વિરુદ્ધ બાજુ નોંધાય છે. પ્રથમ ભાગની બાકી (નફો કે ખોટ) જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. જ્યારે બીજા ભાગની બાકી (જો પ્રથમ ભાગમાં જમા બાકી કે નફો હોય તો ઉધાર બાકી કે ખોટમાં પરિણમે છે અને પ્રથમ ભાગમાં ઉધાર બાકી કે ખોટ હોય તો જમા બાકી કે નફામાં પરિણમે છે.) તે નવા ભાગીદાર સહિત બધા જ ભાગીદારો વચ્ચે નવા નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. કાચા પુનઃમૂલ્યાંકન ખાતામાં હિસાબી નોંધો નીચે મુજબ કરવામાં આવે છે.

**નોંધ : કાચું પુનઃમૂલ્યાંકન ખાતું વિદ્યાર્થીઓની જાણકારી માટે આપવામાં આવેલ છે. આ અંગેની સૈદ્ધાંતિક સમજૂતી અને વ્યવહારિક દાખલાઓ પરીક્ષામાં અપેક્ષિત નથી.**

| વ્યવહાર | આમનોંધ |
|---|---|
| (1) મિલકતોમાં વધારો કે દેવાંમાં ઘટાડો થાય ત્યારે : | મિલકતો ખાતે...ઉ<br>દેવાં ખાતે...ઉ<br>તે કાચા પુનઃમૂલ્યાંકન ખાતે |
| (2) મિલકતોમાં ઘટાડો કે દેવાંમાં વધારો થાય ત્યારે : | કાચા પુનઃમૂલ્યાંકન ખાતે...ઉ<br>તે મિલકતો ખાતે<br>તે દેવાં ખાતે |
| (3) કાચા પુનઃમૂલ્યાંકન ખાતાંનો પ્રથમ ભાગ બંધ કરી તેની બાકી દા.ત. જમા બાકી કે નફો જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે : | કાચા પુનઃમૂલ્યાંકન ખાતે...ઉ<br>તે જૂના ભાગીદારોનાં મૂડી ખાતે<br>(જૂના નફા-નુકસાનના પ્રમાણમાં)<br>**નોંધ :** ખોટની હિસાબી અસર હોય તો ભાગીદારોના મૂડી ખાતે ઉધારી કાચા પુનઃમૂલ્યાંકન ખાતે જમા કરવી. |
| (4) પ્રથમ આમનોંધની વિરુદ્ધ અસર આપવામાં આવે ત્યારે : | કાચા પુનઃમૂલ્યાંકન ખાતે...ઉ<br>તે મિલકતો ખાતે<br>તે દેવાં ખાતે |
| (5) બીજી આમનોંધની વિરુદ્ધ અસર આપવામાં આવે ત્યારે : | મિલકતો ખાતે...ઉ<br>દેવાં ખાતે...ઉ<br>તે કાચા પુનઃમૂલ્યાંકન ખાતે |
| (6) બીજા ભાગનો નફો કે નુકસાન બધા જ ભાગીદારો વચ્ચે નવા નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે ત્યારે આમનોંધ નં. 3માં આવેલ જમા બાકી કે નફાને બદલે ઉધાર બાકી કે ખોટ આવશે, તેની વિરુદ્ધ અસર નવા નફા-નુકસાનના પ્રમાણમાં આપવામાં આવશે. | બધા ભાગીદારોનાં મૂડી ખાતે...ઉ<br>(નવા નફા-નુકસાનના પ્રમાણમાં)<br>તે કાચા પુનઃમૂલ્યાંકન ખાતે |

**ઉદાહરણ 19 :** ઉદાહરણ 18ના પ્રશ્ન માટે જરૂરી આમનોંધ લખો અને કાચું પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતા અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ/ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1-4-2016 | કાચા પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 71,000 | |
| | તે યંત્રો ખાતે | | | 7000 |
| | તે ફર્નિચર ખાતે | | | 20,000 |
| | તે મોટરકાર ખાતે | | | 24,000 |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 4000 |
| | તે પેટન્ટ ખાતે | | | 10,000 |
| | તે લોન પર ચૂકવવાના બાકી વ્યાજ ખાતે | | | 6000 |
| | [બા.જે. : મિલકતોમાં ઘટાડો તેમજ દેવાં અને જોગવાઈમાં વધારો કાચા પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | | |

| તારીખ/ક્રમ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1-4-2016 | જમીન-મકાન ખાતે | ઉ | | 28,000 | |
| | લેણદારો ખાતે | ઉ | | 8000 | |
| | દેવીહૂંડી ખાતે | ઉ | | 2000 | |
| | રોકાણો ખાતે | ઉ | | 20,000 | |
| | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ખાતે | ઉ | | 10,000 | |
| | તે કાચા પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 68,000 |
| | [બા.જે. : મિલકતોમાં વધારો અને દેવાંમાં ઘટાડો કાચા પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 1-4-2016 | પટેલના મૂડી ખાતે | ઉ | | 1800 | |
| | શાહના મૂડી ખાતે | ઉ | | 1200 | |
| | તે કાચા પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 3000 |
| | [બા.જે. : કાચા પુનઃમૂલ્યાંકન ખાતાની ખોટ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | | |
| 1-4-2016 | યંત્રો ખાતે | ઉ | | 7000 | |
| | ફર્નિચર ખાતે | ઉ | | 20,000 | |
| | મોટરકાર ખાતે | ઉ | | 24,000 | |
| | ઘાલખાધ અનામત ખાતે | ઉ | | 4000 | |
| | પેટન્ટ ખાતે | ઉ | | 10,000 | |
| | લોન પર ચૂકવવાના બાકી વ્યાજ ખાતે | ઉ | | 6000 | |
| | તે કાચા પુનઃમૂલ્યાંકન ખાતે | | | | 71,000 |
| | [બા.જે. : મિલકતોમાં ઘટાડો તેમજ દેવાં અને જોગવાઈમાં વધારાની વિરુદ્ધ અસર આપવામાં આવી તેના.] | | | | |
| 1-4-2016 | કાચા પુનઃમૂલ્યાંકન ખાતે | ઉ | | 68,000 | |
| | તે જમીન-મકાન ખાતે | | | | 28,000 |
| | તે લેણદારો ખાતે | | | | 8000 |
| | તે દેવીહૂંડી ખાતે | | | | 2000 |
| | તે રોકાણો ખાતે | | | | 20,000 |
| | તે અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ખાતે | | | | 10,000 |
| | [બા.જે. : મિલકતોમાં વધારો અને દેવાંમાં ઘટાડાની વિરુદ્ધ અસર આપી તેના.] | | | | |
| 1-4-2016 | કાચા પુનઃમૂલ્યાંકન ખાતે | ઉ | | 3000 | |
| | તે પટેલના મૂડી ખાતે | | | | 1440 |
| | તે શાહના મૂડી ખાતે | | | | 960 |
| | તે રાવલના મૂડી ખાતે | | | | 600 |
| | [બા.જે. : કાચા પુનઃમૂલ્યાંકનના બીજા ભાગની બાકી - નફો બધા ભાગીદારો વચ્ચે નવા નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યો તેના.] | | | | |

| | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1-4-2016 | રોકડ ખાતે ઉ<br>તે રાવલના મૂડી ખાતે<br>[બા.જે. : ₹ 2,00,000 નવો ભાગીદાર મૂડી પેટે રોકડમાં લાવ્યા તેના.] | | 2,00,000 | <br>2,00,000 |
| | **કુલ સરવાળો** | | **4,84,000** | **4,84,000** |

## કાચું પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 7000 | જમીન-મકાન ખાતે | | 28,000 |
| ફર્નિચર ખાતે | | 20,000 | લેણદારો ખાતે | | 8000 |
| મોટરકાર ખાતે | | 24,000 | દેવીહૂંડી ખાતે | | 2000 |
| ઘાલખાધ અનામત ખાતે | | 4000 | રોકાણો ખાતે | | 20,000 |
| પેટન્ટ ખાતે | | 10,000 | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ખાતે | | 10,000 |
| લોન પર ચૂકવવાના બાકી વ્યાજ ખાતે | | 6000 | ખોટ : જૂના ભાગીદારોના મૂડી ખાતે લઈ | | |
| | | | ગયા (3:2) : પટેલ | 1800 | |
| | | | શાહ | 1200 | 3000 |
| | | **71,000** | | | **71,000** |
| જમીન-મકાન ખાતે | | 28,000 | યંત્રો ખાતે | | 7000 |
| લેણદારો ખાતે | | 8000 | ફર્નિચર ખાતે | | 20,000 |
| દેવીહૂંડી ખાતે | | 2000 | મોટરકાર ખાતે | | 24,000 |
| રોકાણો ખાતે | | 20,000 | ઘાલખાધ અનામત ખાતે | | 4000 |
| અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ખાતે | | 10,000 | પેટન્ટ ખાતે | | 10,000 |
| નફો : બધા ભાગીદારના મૂડી ખાતે લઈ | | | લોન પર ચૂકવવાના બાકી વ્યાજ ખાતે | | 6000 |
| ગયા (12:8:5) | | | | | |
| પટેલ | 1440 | | | | |
| શાહ | 960 | | | | |
| રાવલ | 600 | 3000 | | | |
| | | **71,000** | | | **71,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર | જમા

| વિગત | પટેલ (₹) | શાહ (₹) | રાવલ (₹) | વિગત | પટેલ (₹) | શાહ (₹) | રાવલ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| કાચા પુનઃમૂલ્યાંકન ખાતે | 1800 | 1200 | – | બાકી આગળ લાવ્યા | 1,20,000 | 1,30,000 | – |
| બા. આ. લઈ ગયા | 1,19,640 | 1,29,760 | 2,00,600 | કાચા પુનઃમૂલ્યાંકન ખાતે | 1440 | 960 | 600 |
| | | | | રોકડ ખાતે | – | – | 2,00,000 |
| | **1,21,440** | **1,30,960** | **2,00,600** | | **1,21,440** | **1,30,960** | **2,00,600** |

### તા. 1-4-2016ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | પેટન્ટ | | 10,000 |
| પટેલ | 1,19,640 | | જમીન-મકાન | | 1,40,000 |
| શાહ | 1,29,760 | | યંત્રો | | 70,000 |
| રાવલ | 2,00,600 | 4,50,000 | ફર્નિચર | | 80,000 |
| લોન | | 1,00,000 | મોટરકાર | | 1,20,000 |
| લેણદારો | | 80,000 | સ્ટૉક | | 40,000 |
| દેવીહૂંડી | | 20,000 | દેવાદારો | 21,000 | |
| ખર્ચા ચૂકવવાના બાકી | | 30,000 | – ઘાલખાધ અનામત | 1000 | 20,000 |
| | | | રોકડ | | 2,00,000 |
| | | **6,80,000** | | | **6,80,000** |

**નોંધ :** કાચું પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરેલ હોવાથી પ્રવેશ બાદના પાકા સરવૈયામાં મિલકતો અને દેવાં તેની જૂની કિંમતોથી જ દર્શાવાશે.

**સમજૂતી : નવું નફા-નુકસાનનું પ્રમાણ**

પટેલ અને શાહનું જૂનું પ્રમાણ 3:2

રાવલનો ભાગ = $\frac{1}{5}$

પટેલ અને શાહ માટે રહેતો બાકીનો ભાગ = $1 - \frac{1}{5} = \frac{4}{5}$

પટેલ અને શાહ $\frac{4}{5}$ ભાગ 3:2ના પ્રમાણમાં વહેંચશે.

પટેલનો નવો ભાગ = $\frac{4}{5} \times \frac{3}{5} = \frac{12}{25}$

શાહનો નવો ભાગ = $\frac{4}{5} \times \frac{2}{5} = \frac{8}{25}$

રાવલનો નવો ભાગ = $\frac{1}{5} = \frac{5}{25}$

$\therefore$ નવું પ્રમાણ = 12:8:5

કાચા પુનઃમૂલ્યાંકન ખાતા અંગે બે બાબતો અગત્યની છે :

(1) કાચા પુનઃમૂલ્યાંકન ખાતું જો પ્રથમ ભાગમાં ખોટ દર્શાવે તો બીજા ભાગમાં નફો દર્શાવશે અને જો પ્રથમ ભાગમાં નફો દર્શાવશે તો બીજા ભાગમાં ખોટ દર્શાવશે.

(2) કાચા પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરવામાં આવે ત્યારે નવી પેઢીના પાકા સરવૈયામાં રોકડ અને ભાગીદારોની મૂડી સિવાયની તમામ મિલકતો અને દેવાં તેની જૂની કિંમતે જ દર્શાવવામાં આવશે.

### 6. અનામતો અને એકત્રિત નફા-નુકસાનની વહેંચણી (નોંધો) (Distribution of Reserves and Accumulated Profit-Losses)

#### (A) હિસાબી અસરો (Accounting Treatments) :

નવા ભાગીદારના પ્રવેશ વખતે જૂની પેઢીના ચોપડે દર્શાવેલ અનામતો અને નફા કે ખોટ અને નહિ માંડી વાળેલ મહેસૂલી ખર્ચાઓની (અવાસ્તવિક મિલકતોની) બાકીઓ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી દેવામાં આવે છે. કારણ કે આ અનામત કે નફો કે ખોટ નવા ભાગીદારના પ્રવેશ પહેલાંના નફામાંથી ઊભી કરેલ અનામતો કે નહિ વહેંચેલ નફો કે ખોટની બાકી છે. જેની આમનોંધ નીચે મુજબ કરવામાં આવે છે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | નફા-નુકસાન (નફો) ખાતે ઉ<br>સામાન્ય અનામત ખાતે ઉ<br>મૂડી અનામત ખાતે ઉ<br>અનામત ભંડોળ ખાતે ઉ<br>આકસ્મિક અનામત ખાતે ઉ<br>કારીગર અકસ્માત વળતર અનામત ખાતે ઉ<br>રોકાણ વધઘટ અનામત ખાતે ઉ<br>તે જૂના ભાગીદારોના ચાલુ/મૂડી ખાતે<br>(બા.જે. : અનામતો અને નફાની બાકી જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.) | | | |
| | જૂના ભાગીદારોના ચાલુ/મૂડી ખાતે ઉ<br>તે નફા-નુકસાન (ખોટ) ખાતે<br>તે જાહેરાત ઝુંબેશ ખર્ચ ખાતે<br>તે સંશોધન અને વિકાસ ખર્ચ ખાતે<br>તે નહિ માંડી વાળેલ અન્ય મહેસૂલી ખર્ચ ખાતે<br>(બા.જે. : ખોટ અને નહિ માંડી વાળેલ અન્ય મહેસૂલી ખર્ચાની બાકી જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.) | | | |

કારીગર અકસ્માત વળતર અનામત એ ભવિષ્યમાં કર્મચારીને વળતર પેટે ચૂકવવાની કોઈ જવાબદારી ઊભી થાય તેની સામે નફામાંથી ઊભું કરેલ અનામત છે, તેથી તેની ચૂકવવાપાત્ર રકમ અનામતમાંથી બાદ કરી નવા પાકા સરવૈયામાં ચૂકવવાપાત્ર રકમ જવાબદારી તરીકે દર્શાવાશે અને બાકીનું અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચાશે. જો અનામત કરતાં સ્વીકારેલ વળતરની જવાબદારી વધારે હોય તો અનામત કરતાં સ્વીકારેલ જવાબદારીનો વધારો પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારવામાં આવશે અને તે જવાબદારી ખાતે જમા થશે. અહીં અનામતની રકમ ભાગીદારો વચ્ચે વહેંચવા માટે વધતી નથી.

રોકાણ વધઘટ અનામત એ રોકાણોની ચોપડે કિંમત અને બજારકિંમતના ફેરફારને પરિણામે થતી ખોટને સરભર કરવા નફામાંથી ઊભી કરેલ અનામત છે. તેથી રોકાણોની બજારકિંમતમાં થયેલ ઘટાડાની ખોટ અનામતમાંથી બાદ કરી બાકીનું અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. જો અનામત કરતાં રોકાણોમાં થયેલ ઘટાડાની ખોટ વધી જાય તો વધારાની ખોટ પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારવામાં આવે છે.

જૂની પેઢીનાં પાકા સરવૈયામાં દર્શાવેલ અનામતોની બાકીઓ અને નહિ માંડી વાળેલા મહેસૂલી ખર્ચાઓને બે રીતે નવા ભાગીદારનાં પ્રવેશ વખતે નોંધવામાં આવે છે. જો દાખલામાં સૂચના આપવામાં આવેલ ન હોય ત્યારે નીચે આપેલ સમજૂતી (1) પ્રમાણે હિસાબી અસરો આપવી.

**નોંધ : (1) જ્યારે ભાગીદારો અનામતો, એકત્રિત નફો/નુકસાનની વહેંચણી કરવાનું નક્કી કરે ત્યારે :** પ્રશ્નમાં અનામતો અને નફાની તેમજ ખોટ અને અવાસ્તવિક મિલકતની વહેંચણી અંગે કોઈ ઉલ્લેખ ન હોય તોપણ આ બાકીઓ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવી. પરિણામે નવી પેઢીના પાકા સરવૈયામાં આ બાકીઓ દર્શાવવામાં આવશે નહિ.

(2) **જ્યારે ભાગીદારો અનામતો, એકત્રિત નફો/નુકસાનની બાકીઓ કોઈ ફેરફાર વગર પાકા સરવૈયામાં દર્શાવવાનું નક્કી કરે ત્યારે :** જો ભાગીદારો એવું નક્કી કરે કે અનામતો અને એકત્ર થયેલ નફો તેમજ ખોટ અને અવાસ્તવિક મિલકતોની બાકીઓમાં કોઈ ફેરફાર કરવો નહિ અને નવા પાકા સરવૈયામાં આ બાકીઓ જૂની કિંમતથી જ દર્શાવવી, તો આ સંજોગોમાં જો ચોખ્ખી રકમની જમા બાકી હોય તો નવા ભાગીદાર સહિત લાભ મેળવનાર ભાગીદારના મૂડી ખાતે લાભના પ્રમાણ જેટલી રકમ ઉધારાશે અને ત્યાગ કરનાર ભાગીદારના મૂડી ખાતે ત્યાગના પ્રમાણ જેટલી રકમ જમા કરવામાં આવશે. જો આ બાકીઓની ચોખ્ખી રકમ ઉધાર બાકી હોય તો લાભ મેળવનાર ભાગીદારના મૂડી ખાતે તેના લાભના પ્રમાણ જેટલી રકમ જમા કરવામાં આવશે અને ત્યાગ કરનાર ભાગીદારના મૂડી ખાતે તેના ત્યાગના પ્રમાણ જેટલી રકમ ઉધારવામાં આવશે.

**ઉદાહરણ 20 :** P અને Q 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ તા. 1-4-2016થી Rને નવા ભાગીદાર તરીકે દાખલ કરવાનું નક્કી કર્યું. ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:1:2 નક્કી કરવામાં આવ્યું. તા. 31-3-2016ના રોજ P અને Qનું પાકું સરવૈયું નીચેની બાકીઓ દર્શાવતું હતું.

| | | |
|---|---|---|
| સામાન્ય અનામત | : ₹ | 10,000 |
| નફા-નુકસાન ખાતું | : ₹ | 11,000 |
| કામદાર અકસ્માત વળતર અનામત | : ₹ | 14,000 |
| જાહેરાત ઝુંબેશ ખર્ચ | : ₹ | 6000 |
| સંશોધન અને વિકાસ ખર્ચ | : ₹ | 3000 |
| રોકાણ વધઘટ અનામત | : ₹ | 10,000 |
| રોકાણો | : ₹ | 15,000 (બજારકિંમત ₹ 14,000) |

કામદાર વળતર પેટે પેઢીએ ₹ 5000નો દાવો સ્વીકારેલ છે.

નીચેના સંજોગોમાં આમનોંધ લખો :

(1) જ્યારે ભાગીદારો અનામતો, નફા, ખોટની બાકી અને નહિ માંડી વાળેલ મહેસૂલી ખર્ચાઓ વહેંચવાનું નક્કી કરે ત્યારે.

(2) જ્યારે ભાગીદારો અનામતો, નફા અને ખોટની બાકીઓ અને નહિ માંડી વાળેલ મહેસૂલી ખર્ચાઓ કોઈ ફેરફાર વગર નવા પાકા સરવૈયામાં દર્શાવવાનું નક્કી કરે ત્યારે.

**જવાબ : (1) જ્યારે ભાગીદારો અનામતો, નફા અને ખોટની બાકીઓ અને નહિ માંડી વાળેલ મહેસૂલી ખર્ચાઓ વહેંચવાનું નક્કી કરે ત્યારે :**

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1-4-2016 | સામાન્ય અનામત ખાતે ઉ | | 10,000 | |
| | નફા-નુકસાન ખાતે ઉ | | 11,000 | |
| | તે Pના મૂડી ખાતે | | | 14,000 |
| | તે Qના મૂડી ખાતે | | | 7000 |
| | [બા.જે. : સામાન્ય અનામત અને નફાની બાકીઓ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1-4-2016 | કામદાર અકસ્માત વળતર અનામત ખાતે | ઉ | | 14,000 | |
| | તે કામદાર વળતર દાવા ખાતે | | | | 5000 |
| | તે Pના મૂડી ખાતે | | | | 6000 |
| | તે Qના મૂડી ખાતે | | | | 3000 |
| | [બા.જે. : કામદાર વળતર અનામત પૈકી સ્વીકારેલ દાવાની જોગવાઈ કરી બાકીનું અનામત જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | | |
| 1-4-2016 | રોકાણ વધઘટ અનામત ખાતે | ઉ | | 10,000 | |
| | તે રોકાણો ખાતે | | | | 1000 |
| | તે Pના મૂડી ખાતે | | | | 6000 |
| | તે Qના મૂડી ખાતે | | | | 3000 |
| | [બા.જે. : રોકાણોમાં થયેલ ઘટાડો રોકાણ વધઘટ અનામત સામે માંડી વાળ્યો અને બાકીનું અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | | |
| 1-4-2016 | Pના મૂડી ખાતે | ઉ | | 6000 | |
| | Qના મૂડી ખાતે | ઉ | | 3000 | |
| | તે જાહેરાત ઝુંબેશ ખર્ચ ખાતે | | | | 6000 |
| | તે સંશોધન અને વિકાસ ખર્ચ ખાતે | | | | 3000 |
| | [બા.જે. : જાહેરાત ઝુંબેશ ખર્ચ અને સંશોધન અને વિકાસ ખર્ચ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળ્યું તેના.] | | | | |

**નોંધ :** (1) નવા પાકા સરવૈયામાં કામદાર વળતર દાવાની રકમ ₹ 5000 જવાબદારી બાજુ દર્શાવાશે. (2) નવા પાકા સરવૈયામાં રોકાણો ₹ 14,000થી મિલકત બાજુ દર્શાવાશે. (3) અનામતો અને નફાની બાકીઓ તેમજ જાહેરાત ઝુંબેશ ખર્ચ અને સંશોધન અને વિકાસ ખર્ચ નવા પાકા સરવૈયામાં દર્શાવાશે નહિ.

**(2) જ્યારે ભાગીદારો, અનામતો, નફા અને ખોટની બાકીઓ અને નહિ માંડી વાળેલ મહેસૂલી ખર્ચાઓમાં કોઈ ફેરફાર વગર નવા પાકા સરવૈયામાં દર્શાવવાનું નક્કી કરે ત્યારે :**

**આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1-4-2016 | Rના મૂડી ખાતે | ઉ | | 10,000 | |
| | તે Pના મૂડી ખાતે | | | | 5000 |
| | તે Qના મૂડી ખાતે | | | | 5000 |
| | [બા.જે. : અનામતો અને નફાની તેમજ ખોટની ચોખ્ખી બાકી લાભના પ્રમાણમાં R ખાતે ઉધારી P અને Q વચ્ચે ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | | | |

**સમજૂતી (1) : અનામતો, નફા અને ખોટની ચોખ્ખી બાકી :**

| | | | ₹ |
|---|---|---|---|
| સામાન્ય અનામત | | | 10,000 |
| નફા-નુકસાન ખાતું | | | 11,000 |
| કામદાર વળતર અનામત | | | 9000 |
| (₹ 14,000 – ₹ 5000 દાવો) | | | |
| રોકાણ વધઘટ અનામત | | | 9000 |
| (₹ 10,000 – ₹ 1000 રોકાણોની ખોટ) | | | |
| | | | **39,000** |
| **બાદ :** | જાહેરાત ઝુંબેશ ખર્ચ | 6000 | |
| | સંશોધન અને વિકાસ ખર્ચ | 3000 | 9000 |
| | **ચોખ્ખી રકમ (જમા બાકી)** | | **30,000** |

**(2) ત્યાગનું પ્રમાણ :**

P અને Qનું જૂનું પ્રમાણ = 2:1

P, Q અને Rનું નવું પ્રમાણ = 3:1:2

ત્યાગ = જૂનો ભાગ – નવો ભાગ

Pનો ત્યાગ $= \frac{2}{3} - \frac{3}{6} = \frac{1}{6}$

Qનો ત્યાગ $= \frac{1}{3} - \frac{1}{6} = \frac{1}{6}$

$\therefore$ ત્યાગનું પ્રમાણ = 1:1

અનામતો, નફા અને ખોટની ચોખ્ખી બાકી ₹ 30,000 × R નો $\frac{2}{6}$ લાભ = ₹ 10,000

R ખાતે ઉધારી P અને Q ખાતે ત્યાગના પ્રમાણમાં જમા કરવામાં આવશે.

**નોંધ :** નફા-નુકસાન ખાતાની જમા બાકી કે ઉધાર બાકી છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ ન હોય તો જમા બાકી છે તેવું ધારવામાં આવેલ છે.

**(B) જૂની ભાગીદારી પેઢીનાં ચોપડે દર્શાવેલ અનામતો અંગે પ્રવેશ વખતે ઉદ્ભવતા વિવિધ સંજોગો (Different circumstances arising for reserves disclosed in the books of old partnership firm) :**

ભાગીદારી પેઢી દ્વારા મિલકતો સામેનાં તેમજ અન્ય હેતુસર ભવિષ્યનાં સંભવિત નુકસાન અંગે અનામતો ઊભી કરવામાં આવેલ હોય છે. ભાગીદારનાં પ્રવેશ વખતે આ મિલકતોનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે. આ પુનઃમૂલ્યાંકન વખતે વિવિધ પ્રકારનાં સંજોગો ઊભા થાય છે. આવા સમયે તેમની હિસાબી અસરો અંગેની યોગ્ય જાણકારી હિસાબોની યોગ્યતામાં વધારો કરે છે. આ અનામતોમાં રોકાણ વધઘટ અનામત, ઘાલખાધ અનામત, કારીગર અકસ્માત વળતર અનામત વગેરેનો સમાવેશ થાય છે. આ અંગે નીચે પ્રમાણે સમજૂતી આપવામાં આવેલ છે.

**ઉદાહરણ 21 :** એશા અને ઋચા સરખે ભાગે નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીના ચોપડે નીચે મુજબની બાકીઓ હતી :

| બાકીઓ | | ₹ |
|---|---|---|
| રોકાણો | : ₹ | 50,000 |
| દેવાદારો | : ₹ | 40,000 |
| રોકાણ વધઘટ અનામત | : ₹ | 6000 |
| ઘાલખાધ અનામત | : ₹ | 3000 |
| કારીગર અકસ્માત વળતર અનામત | : ₹ | 10,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | : ₹ | 2000 |

તા. 1-4-2016ના રોજ તેમણે ઈવાને $\frac{1}{5}$ ભાગે પેઢીમાં દાખલ કરી. નીચેના સંજોગોમાં આમનોંધ લખો :

(1) જો રોકાણોનું મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવે :
- (i) ₹ 48,000 (ii) ₹ 40,000
- (iii) ₹ 60,000 (iv) ₹ 50,000

(2) જો કારીગર વળતર પેટે ચૂકવવાનો દાવો નીચે મુજબ મંજૂર કરવામાં આવે :
- (i) શૂન્ય (ii) ₹ 6000
- (iii) ₹ 12,000

(3) જો નીચે મુજબ ઘાલખાધ અનામતની જોગવાઈ કરવામાં આવે :
- (i) નવી જોગવાઈ કરવાની ન હોય.
- (ii) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવામાં આવે.
- (iii) દેવાદારો પર 5 % ઘાલખાધ અનામત રાખવામાં આવે.
- (iv) ₹ 5000 ઘાલખાધ માંડી વાળ્યા બાદ 10 % ઘાલખાધ અનામત રાખવામાં આવે.
- (v) જો બધા જ દેવાદારો સધ્ધર હોય.

**જવાબ :**

| | | | | |
|---|---|---|---|---|
| (1) | **(i) જો રોકાણોનું મૂલ્યાંકન ₹ 48,000 કરવામાં આવે :** | | | |
| | રોકાણ વધઘટ અનામત ખાતે ઉ | | 6000 | |
| | તે રોકાણો ખાતે | | | 2000 |
| | તે એશાના મૂડી ખાતે | | | 2000 |
| | તે ઋચાના મૂડી ખાતે | | | 2000 |
| | [બા.જે. : રોકાણોમાં ઘટાડો, રોકાણ વધઘટ અનામત ખાતે માંડી વાળ્યા બાદ બાકીનું અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | |
| | **(ii) જો રોકાણોનું મૂલ્યાંકન ₹ 40,000 કરવામાં આવે :** | | | |
| | રોકાણ વધઘટ અનામત ખાતે ઉ | | 6000 | |
| | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 4000 | |
| | તે રોકાણો ખાતે | | | 10,000 |
| | [બા.જે. : રોકાણોમાં ઘટાડો, રોકાણ વધઘટ અનામત સામે માંડી વાળ્યા બાદ બાકીનો ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર્યો તેના.] | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | **(iii) જો રોકાણોનું મૂલ્યાંકન ₹ 60,000 કરવામાં આવે :** | | | |
| | (અ) રોકાણો ખાતે ઉ | | 10,000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 10,000 |
| | [બા.જે. : રોકાણોમાં વધારો પુનઃમૂલ્યાંકન ખાતે જમા કર્યો તેના.] | | | |
| | (બ) રોકાણ વધઘટ અનામત ખાતે ઉ | | 6000 | |
| | તે એશાના મૂડી ખાતે | | | 3000 |
| | તે ઋચાના મૂડી ખાતે | | | 3000 |
| | [બા.જે. : રોકાણ વધઘટ અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના પ્રમાણમાં વહેંચ્યો તેના.] | | | |
| | **(iv) જો રોકાણોનું મૂલ્યાંકન ₹ 50,000 કરવામાં આવે :** | | | |
| | રોકાણ વધઘટ અનામત ખાતે ઉ | | 6000 | |
| | તે એશાના મૂડી ખાતે | | | 3000 |
| | તે ઋચાના મૂડી ખાતે | | | 3000 |
| | [બા.જે. : રોકાણોમાં વધઘટ અનામતની બાકી જૂના ભાગીદારો વચ્ચે જૂના પ્રમાણમાં વહેંચી તેના.] | | | |

**સમજૂતી :** રોકાણ વધઘટ અનામત અંગે સમજૂતી :

| વિગત / રોકાણો | (i) ₹ | (ii) ₹ | (iii) ₹ | (iv) ₹ |
|---|---|---|---|---|
| નવી કિંમત | 48,000 | 40,000 | 60,000 | 50,000 |
| – જૂની કિંમત | 50,000 | 50,000 | 50,000 | 50,000 |
| વધારો (ઘટાડો) | (2000) | (10,000) | 10,000 | – |

(1) રોકાણ વધઘટ અનામત ₹ 6000 છે. રોકાણોમાં ₹ 2000નો ઘટાડો થયો છે. તેથી ₹ 6000ના અનામતમાંથી ₹ 2000 બાદ કરીને બાકીના ભાગીદારોના મૂડી ખાતે તેમના નફા-નુકસાનના જૂના પ્રમાણમાં જમા થશે.

(2) રોકાણોમાં ₹ 10,000નો ઘટાડો થયો છે. તેથી ₹ 6000 પૂરેપૂરા વપરાશે અને બાકીની ખૂટતી રકમ ₹ 4000 (₹ 10,000 – ₹ 6000) પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર થશે.

(3) રોકાણોની કિંમત ₹ 10,000થી વધી છે. તેથી પૂરેપૂરી અનામત ભાગીદારોના મૂડી ખાતે તેમના નફા-નુકસાનનાં જૂના પ્રમાણમાં જમા થશે.

(4) રોકાણોની કિંમતમાં ફેરફાર થયેલ નથી. તેથી પૂરેપૂરી અનામત ભાગીદારોના મૂડી ખાતે તેમના નફા-નુકસાનનાં જૂના પ્રમાણમાં જમા થશે.

| | | | | |
|---|---|---|---|---|
| (2) | **(i) જો કારીગર વળતર પેટે શૂન્ય દાવો હોય :** | | | |
| | કારીગર વળતર અનામત ખાતે ઉ | | 10,000 | |
| | તે એશાના મૂડી ખાતે | | | 5000 |
| | તે ઋચાના મૂડી ખાતે | | | 5000 |
| | [બા.જે. : કારીગર વળતર અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | **(ii) જો કારીગર વળતર પેટે ₹ 6000નો દાવો મંજૂર કરવામાં આવે :**<br>કારીગર વળતર અનામત ખાતે ઉ<br>તે કારીગર વળતર દાવાની જોગવાઈ ખાતે<br>તે એશાના મૂડી ખાતે<br>તે ઋચાના મૂડી ખાતે<br>[બા.જે. : કારીગર વળતર પેટે ચૂકવવાના દાવાની જોગવાઈ કરી બાકીનું અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | 10,000 | <br>6000<br>2000<br>2000 |
| | **(iii) જો કારીગર વળતર પેટે ₹ 12,000નો દાવો મંજૂર કરવામાં આવે :**<br>કારીગર વળતર અનામત ખાતે ઉ<br>પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે કારીગર વળતર દાવાની જોગવાઈ ખાતે<br>[બા.જે. : કારીગર વળતર દાવાની જોગવાઈ કારીગર વળતર અનામતમાંથી અને વધારાના દાવાની જોગવાઈ પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારીને કરી તેના.] | | 10,000<br>2000 | <br><br>12,000 |

**સમજૂતી :** કારીગર અકસ્માત વળતર અનામત અંગે સમજૂતી :

| વિગત / રકમ | (i) ₹ | (ii) ₹ | (iii) ₹ |
|---|---|---|---|
| અકસ્માત વળતર અનામતની રકમ | 10,000 | 10,000 | 10,000 |
| – નક્કી થયેલ જવાબદારી | શૂન્ય | 6000 | 12,000 |
| વધારો (ઘટાડો) | 10,000 | 4000 | (2000) |

(1) વિકલ્પ (i) અને (ii)ની રકમ ₹ 10,000 અને ₹ 4000 ભાગીદારોના મૂડી ખાતે તેમના નફા-નુકસાનનાં જૂના પ્રમાણમાં જમા થશે.

(2) વિકલ્પ (iii) ₹ 12,000ની જવાબદારી નક્કી થઈ છે. તેથી ₹ 10,000 પૂરેપૂરા ઉપયોગમાં લેવાશે અને ₹ 2000ની ખૂટતી રકમ પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર થશે.

| | | | | |
|---|---|---|---|---|
| (3) | (i) જો ઘાલખાધ અનામતની નવી જોગવાઈ કરવાની ન હોય તો નવી પેઢીના પાકા સરવૈયામાં મિલકત બાજુ દેવાદારો ₹ 40,000 અને ઘાલખાધ અનામત ₹ 3000 દેવાદારોમાંથી બાદ કરીને દર્શાવાશે. એટલે કે અત્યારની બાકીઓમાં કોઈ ફેરફાર થશે નહિ અને ઘાલખાધ અનામત જૂના ભાગીદારો વચ્ચે વહેંચાશે નહિ, કારણ કે તે જોગવાઈ છે. | | | |
| | **(ii) જો દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવામાં આવે :**<br>પુનઃમૂલ્યાંકન ખાતે...ઉ<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>[બા.જે. : વધારાની ઘાલખાધ અનામત પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારી તેના.] | | 1000 | <br>1000 |
| | **નોંધ :** નવી પેઢીના પાકા સરવૈયામાં મિલકત બાજુ દેવાદારો ₹ 40,000માંથી નવી ઘાલખાધ અનામત 10 %, ₹ 4000 બાદ કરી ₹ 36,000થી દર્શાવાશે. | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | **(iii) જો દેવાદારો પર 5 % ઘાલખાધ અનામત રાખવામાં આવે :** | | | |
| | ઘાલખાધ અનામત ખાતે...ઉ | | 1000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 1000 |
| | [બા.જે. : ઘાલખાધ અનામતમાં ઘટાડો, પુનઃમૂલ્યાંકન ખાતે જમા કર્યો તેના.] | | | |
| | **નોંધ :** નવી પેઢીના પાકા સરવૈયામાં મિલકત બાજુ દેવાદારો ₹ 40,000માંથી નવી ઘાલખાધ અનામત 5 %, ₹ 2000 બાદ કરી ₹ 38,000થી દર્શાવાશે. | | | |
| | **(iv) ₹ 5000 ઘાલખાધ માંડી વાળ્યા બાદ 10 % ઘાલખાધ અનામત રાખવામાં આવે :** | | | |
| | (અ) ઘાલખાધ ખાતે...ઉ | | 5000 | |
| | તે દેવાદારો ખાતે | | | 5000 |
| | [બા.જે. : ઘાલખાધ માંડી વાળી તેના.] | | | |
| | (બ) પુનઃમૂલ્યાંકન ખાતે...ઉ | | 2000 | |
| | ઘાલખાધ અનામત ખાતે...ઉ | | 3000 | |
| | તે ઘાલખાધ ખાતે | | | 5000 |
| | [બા.જે. : માંડી વાળેલ ઘાલખાધ, ઘાલખાધ અનામત ખાતે લઈ ગયા અને વધારાની ઘાલખાધ પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારી તેના.] | | | |
| | (ક) પુનઃમૂલ્યાંકન ખાતે...ઉ | | 3500 | |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 3500 |
| | [બા.જે. : ઘાલખાધ માંડી વાળ્યા બાદના બાકીના દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત ઊભી કરી તેના.] | | | |
| | **નોંધ :** નવી પેઢીના પાકા સરવૈયામાં મિલકત બાજુ દેવાદારો ₹ 40,000માંથી ₹ 5000 ઘાલખાધ બાદ કર્યા પછી ₹ 35,000માંથી ઘાલખાધ અનામત ₹ 3500 બાદ કરી ₹ 31,500થી દેવાદારો દર્શાવાશે. | | | |
| | **(v) જો બધા જ દેવાદારો સધ્ધર હોય :** | | | |
| | ઘાલખાધ અનામત ખાતે...ઉ | | 3000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | | 3000 |
| | [બા.જે. : ઘાલખાધ અનામત જરૂરી ન હોઈ પુનઃમૂલ્યાંકન ખાતે જમા કરી તેના.] | | | |
| | **નોંધ :** દેવાદારો સધ્ધર હોવાથી હવે ઘાલખાધ અનામતની જરૂર નથી તેથી પુનઃમૂલ્યાંકન ખાતે જમા કરવામાં આવશે. નવી પેઢીના પાકા સરવૈયામાં દેવાદારો ₹ 40,000થી દર્શાવાશે. | | | |

| રકમ / વિગત | (i) ₹ | (ii) ₹ | (iii) ₹ | (iv) ₹ | (v) ₹ |
|---|---|---|---|---|---|
| ઘાલખાધ અનામત (જૂની) | 3000 | 3000 | 3000 | 3000 | 3000 |
| – નવી ઘાલખાધ | – | – | – | 5000 | – |
| જૂની વધેલ ઘાલખાધ અનામત | 3000 | 3000 | 3000 | (2000) | 3000 |
| – નવી ઘાલખાધ અનામત | પૂરતી છે. | 4000 | 2000 | 3500 | જરૂરી નથી. |
| | | (1000) | 1000 | (5500) | 3000 |
| | કોઈ હિસાબી અસર થશે નહિ. | પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર થશે. | પુનઃમૂલ્યાંકન ખાતે જમા થશે. | પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર થશે. | પુનઃમૂલ્યાંકન ખાતે જમા થશે. |

**નોંધ :** કારીગર નફા ભાગ ભંડોળ એ પેઢીનું દેવું છે, તેથી પુનર્ગઠન બાદ નવી પેઢીના પાકા સરવૈયામાં જવાબદારી બાજુ તે જ રકમથી દર્શાવાશે.

## 7. મૂડી ખાતામાં ફેરફાર અને નવા પાકા સરવૈયાની રચના (Change in Capital Accounts and Construction of New Balance Sheet)

**ઉદાહરણ 22 :** ભવ્ય અને શ્લોક 3:2ના પ્રમાણમાં નફા-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | | 1,00,000 |
| ભવ્ય | 4,00,000 | | જમીન-મકાન | | 3,50,000 |
| શ્લોક | 3,00,000 | 7,00,000 | યંત્રો | | 2,00,000 |
| સામાન્ય અનામત | | 90,000 | સ્ટૉક | | 1,80,000 |
| કારીગર વળતર અનામત | | 20,000 | દેવાદારો | 1,20,000 | |
| રોકાણ અનામત | | 10,000 | − ઘાલખાધ અનામત | 10,000 | 1,10,000 |
| લેણદારો | | 1,40,000 | રોકાણો | | 20,000 |
| દેવીહૂંડી | | 60,000 | રોકડ-બૅન્ક | | 50,000 |
| | | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 10,000 |
| | | **10,20,000** | | | **10,20,000** |

તેઓએ તા. 1-4-2017થી આયુષને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરવાનું નક્કી કર્યું.

(1) આયુષ ₹ 5,00,000 મૂડી તરીકે અને 1,00,000 પાઘડી પેટે રોકડા લાવશે.

(2) જમીન-મકાનની કિંમત ₹ 80,000થી વધારવી.

(3) યંત્રોની કિંમત ₹ 1,60,000 સુધી ઘટાડવી.

(4) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(5) નહિ ચૂકવેલ સમારકામ ખર્ચ માટે ₹ 8000ની જોગવાઈ કરવી.

(6) ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1:2 રાખવું.

ઉપરની વિગતો પરથી આમનોંધ લખી પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં, રોકડ-બૅન્ક ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**આમનોંધ**

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | સામાન્ય અનામત ખાતે ઉ | | 90,000 | |
| | તે ભવ્યના મૂડી ખાતે | | | 54,000 |
| | તે શ્લોકના મૂડી ખાતે | | | 36,000 |
| | [બા.જે. : સામાન્ય અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | |

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2 | કારીગર વળતર અનામત ખાતે ઉ<br>તે ભવ્યના મૂડી ખાતે<br>તે શ્લોકના મૂડી ખાતે<br>[બા.જે. : કારીગર વળતર અનામત જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | 20,000 | <br>12,000<br>8000 |
| 3 | રોકાણ વધઘટ અનામત ખાતે ઉ<br>તે ભવ્યના મૂડી ખાતે<br>તે શ્લોકના મૂડી ખાતે<br>[બા.જે. : રોકાણ અનામતની બાકી જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | 10,000 | <br>6000<br>4000 |
| 4 | ભવ્યના મૂડી ખાતે ઉ<br>શ્લોકના મૂડી ખાતે ઉ<br>તે પાઘડી ખાતે<br>[બા.જે. : જૂની પાઘડી જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | 60,000<br>40,000 | <br><br>1,00,000 |
| 5 | ભવ્યના મૂડી ખાતે ઉ<br>શ્લોકના મૂડી ખાતે ઉ<br>તે જાહેરાત ઝૂંબેશ ખર્ચ ખાતે<br>[બા.જે. : જાહેરાત ઝૂંબેશ ખર્ચ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળ્યો તેના.] | | 6000<br>4000 | <br><br>10,000 |
| 6 | રોકડ ખાતે ઉ<br>તે આયુષના મૂડી ખાતે<br>[બા.જે. : આયુષ મૂડી પેટે રોકડ લાવ્યો તેના.] | | 5,00,000 | <br>5,00,000 |
| 7 | રોકડ ખાતે ઉ<br>તે પાઘડીના પ્રીમિયમ ખાતે<br>[બા.જે. : આયુષ તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવ્યો તેના.] | | 1,00,000 | <br>1,00,000 |
| 8 | પાઘડીના પ્રીમિયમ ખાતે ઉ<br>તે ભવ્યના મૂડી ખાતે<br>તે શ્લોકના મૂડી ખાતે<br>[બા.જે. : પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | 1,00,000 | <br>50,000<br>50,000 |
| 9 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે યંત્રો ખાતે<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>તે ચૂકવવાના બાકી સમારકામ ખર્ચ ખાતે<br>[બા.જે. : યંત્રોમાં ઘટાડો, ઘાલખાધ અનામતમાં વધારો અને ચૂકવવાનો બાકી સમારકામ ખર્ચ પુનઃમૂલ્યાંકન ખાતે ઉધાર્યા તેના.] | | 50,000 | <br>40,000<br>2000<br>8000 |

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 10 | જમીન-મકાન ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન ખાતે<br>[બા.જે. : જમીન-મકાનમાં વધારો પુનઃમૂલ્યાંકન ખાતે જમા કર્યા તેના.] | | 80,000 | <br>80,000 |
| 11 | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે ભવ્યના મૂડી ખાતે<br>તે શ્લોકના મૂડી ખાતે<br>[બા.જે. : પુનઃમૂલ્યાંકન ખાતાનો નફો, જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | 30,000 | <br>18,000<br>12,000 |
| | **કુલ સરવાળો** | | **10,90,000** | **10,90,000** |

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 40,000 | જમીન-મકાન ખાતે | 80,000 |
| ઘાલખાધ અનામત ખાતે | | 2000 | | |
| (નવી ₹ 12,000 – જૂની ₹ 10,000) | | | | |
| બાકી સમારકામ ખર્ચ ખાતે | | 8000 | | |
| નફો : જૂના ભાગીદારોનાં મૂડી ખાતે | | | | |
| ભવ્ય | 18,000 | | | |
| શ્લોક | 12,000 | 30,000 | | |
| | | **80,000** | | **80,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | ભવ્ય (₹) | શ્લોક (₹) | આયુષ (₹) | વિગત | ભવ્ય (₹) | શ્લોક (₹) | આયુષ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| જાહેરાત ઝુંબેશ ખર્ચ | 6000 | 4000 | – | બાકી આગળ લાવ્યા | 4,00,000 | 3,00,000 | – |
| પાઘડી | 60,000 | 40,000 | – | સામાન્ય અનામત ખાતે | 54,000 | 36,000 | – |
| બા. આ. લઈ ગયા | 4,74,000 | 3,66,000 | 5,00,000 | કારીગર વળતર અનામત ખાતે | 12,000 | 8000 | – |
| | | | | રોકાણ વધઘટ અનામત ખાતે | 6000 | 4000 | – |
| | | | | રોકડ ખાતે | – | – | 5,00,000 |
| | | | | પાઘડીના પ્રીમિ.ખાતે | 50,000 | 50,000 | – |
| | | | | પુનઃમૂલ્યાંકન ખાતે | 18,000 | 12,000 | – |
| | **5,40,000** | **4,10,000** | **5,00,000** | | **5,40,000** | **4,10,000** | **5,00,000** |

**રોકડ-બૅન્ક ખાતું**

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 50,000 | બાકી આગળ લઈ ગયા | 6,50,000 |
| આયુષના મૂડી ખાતે | 5,00,000 | | |
| પાઘડીના પ્રીમિયમ ખાતે | 1,00,000 | | |
| | **6,50,000** | | **6,50,000** |

**તા. 1-4-2017ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | જમીન-મકાન | 3,50,000 | |
| ભવ્ય | 4,74,000 | | + વધારો | 80,000 | 4,30,000 |
| શ્લોક | 3,66,000 | | યંત્રો | 2,00,000 | |
| આયુષ | 5,00,000 | 13,40,000 | − ઘટાડો | 40,000 | 1,60,000 |
| લેણદારો | | 1,40,000 | દેવાદારો | 1,20,000 | |
| દેવીહૂંડી | | 60,000 | − ઘાલખાધ અનામત | 12,000 | 1,08,000 |
| બાકી સમારકામ ખર્ચ | | 8000 | સ્ટૉક | | 1,80,000 |
| | | | રોકાણો | | 20,000 |
| | | | રોકડ-બૅન્ક | | 6,50,000 |
| | | **15,48,000** | | | **15,48,000** |

**સમજૂતી (1) : ત્યાગનું પ્રમાણ અને પાઘડીની વહેંચણી :** ભવ્ય અને શ્લોકનું જૂનું પ્રમાણ = 3:2

ભવ્ય, શ્લોક અને આયુષનું નવું પ્રમાણ = 2:1:2

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

ભવ્ય = $\frac{3}{5} - \frac{2}{5} = \frac{1}{5}$, શ્લોક = $\frac{2}{5} - \frac{1}{5} = \frac{1}{5}$

∴ ત્યાગનું પ્રમાણ = 1:1

∴ બંને જૂના ભાગીદારોને સરખે હિસ્સે પાઘડી વહેંચાશે.

**ઉદાહરણ 23 :** તરાના અને જીનિષા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | 14,000 |
| તરાના | 1,90,000 | | જમીન-મકાન | 1,00,000 |
| જીનિષા | 1,21,000 | 3,11,000 | યંત્રો | 80,000 |
| કારીગર વળતર અનામત | | 12,000 | રોકાણો | 50,000 |
| રોકાણ વધઘટ ફંડ | | 4000 | દેવાદારો | 70,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 16,000 | સ્ટૉક | 36,000 |
| ઘાલખાધ અનામત | | 20,000 | રોકડ | 40,000 |
| લેણદારો | | 30,000 | સંશોધન અને વિકાસ ખર્ચ | 8000 |
| ખર્ચા ચૂકવવાના બાકી | | 15,000 | નફા-નુકસાન ખાતું | 10,000 |
| | | **4,08,000** | | **4,08,000** |

તા. 1-4-2017થી તેઓએ રિહાનને નવા ભાગીદાર તરીકે દાખલ કર્યા. પ્રવેશની શરતો નીચે મુજબ નક્કી કરવામાં આવી :

(1) રિહાન મૂડી તરીકે ₹ 2,00,000 અને તેના ભાગની પાઘડી પૈકી ₹ 18,000 રોકડા લાવશે. પાઘડીના તફાવતની રકમનો હવાલો જરૂર જણાય તો તેના મૂડી ખાતે નાખવો.

(2) નવું નફા-નુકસાનનું પ્રમાણ 4:3:3 રાખવામાં આવશે.

(3) પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,00,000 કરવામાં આવ્યું.

(4) કારીગર વળતર પેટે ₹ 8000નો દાવો મંજૂર કર્યો.

(5) રોકાણો ₹ 48,000માં જીનિષા લઈ જશે.

(6) મળવાનું બાકી વ્યાજ ₹ 6000 નોંધાયેલ નથી.

(7) લેણદારોએ લખેલી દેવીહૂંડી ₹ 10,000 સ્વીકારેલ જે ચોપડે નોંધવાની બાકી છે.

(8) જમીન-મકાનની ચોપડે કિંમત તેની બજારકિંમત કરતાં 20 % ઓછી છે.

(9) ચૂકવેલ વીમા-પ્રીમિયમમાંથી ₹ 12,000 આવતા વર્ષે આગળ લઈ જવાના છે.

પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં, રોકડ ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| જૂના ભાગીદારોનાં મૂડી ખાતે (નફો) | | | મળવાના બાકી વ્યાજ ખાતે | 6000 |
| તરાના | 21,500 | | જમીન-મકાન ખાતે | 25,000 |
| જીનિષા | 21,500 | 43,000 | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ ખાતે | 12,000 |
| | | **43,000** | | **43,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર | જમા

| વિગત | તરાના (₹) | જીનિષા (₹) | રિહાન(₹) | વિગત | તરાના (₹) | જીનિષા (₹) | રિહાન(₹) |
|---|---|---|---|---|---|---|---|
| રોકાણો ખાતે | – | 48,000 | – | બાકી આગળ લાવ્યા | 1,90,000 | 1,21,000 | – |
| પાઘડી ખાતે | 7000 | 7000 | – | કારીગર વળતર અનામત ખાતે | 2000 | 2000 | – |
| સંશોધન અને વિકાસ ખર્ચ ખાતે | 4000 | 4000 | – | રોકાણ વધઘટ-ફંડ ખાતે | 1000 | 1000 | – |
| નફા-નુકસાન ખાતે | 5000 | 5000 | – | રોકડ ખાતે | – | – | 2,00,000 |
| તરાનાના મૂડી ખાતે (પાઘડી) | – | – | 4000 | પાઘડીના પ્રીમિ. ખાતે | 6000 | 12,000 | – |
| જીનિષા મૂડી ખાતે (પાઘડી) | – | – | 8000 | રિહાનના મૂડી ખાતે (પાઘડી) | 4000 | 8000 | – |
| બા. આ. લઈ ગયા | 2,08,500 | 1,01,500 | 1,88,000 | પુનઃમૂલ્યાંકન ખાતે | 21,500 | 21,500 | – |
| | **2,24,500** | **1,65,500** | **2,00,000** | | **2,24,500** | **1,65,500** | **2,00,000** |

**રોકડ ખાતું**

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 40,000 | બાકી આગળ લઈ ગયા | 2,58,000 |
| રિહાનના મૂડી ખાતે | 2,00,000 | | |
| પાઘડીના પ્રીમિયમ ખાતે | 18,000 | | |
| | **2,58,000** | | **2,58,000** |

**તા. 1-4-2017ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | જમીન-મકાન | 1,25,000 |
| તરાના | 2,08,500 | | યંત્રો | 80,000 |
| જીનિષા | 1,01,500 | | દેવાદારો | 70,000 |
| રિહાન | 1,88,000 | 4,98,000 | સ્ટૉક | 36,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 16,000 | રોકડ | 2,58,000 |
| લેણદારો (30,000 – દેવીહૂંડી 10,000) | | 20,000 | મળવાનું બાકી વ્યાજ | 6000 |
| કારીગર વળતરના દાવાની જોગવાઈ | | 8000 | અગાઉથી ચૂકવેલ વીમા-પ્રીમિયમ | 12,000 |
| ઘાલખાધ અનામત | | 20,000 | | |
| ખર્ચા ચૂકવવાના બાકી | | 15,000 | | |
| દેવીહૂંડી | | 10,000 | | |
| | | **5,87,000** | | **5,87,000** |

**સમજૂતી (1) ત્યાગનું પ્રમાણ :**

તરાના અને જીનિષાનું જૂનું પ્રમાણ = 1:1

તરાના, જીનિષા અને રિહાનનું નવું પ્રમાણ = 4:3:3

ત્યાગ = જૂનો ભાગ – નવો ભાગ

તરાના = $\frac{1}{2} - \frac{4}{10} = \frac{1}{10}$; જીનિષા = $\frac{1}{2} - \frac{3}{10} = \frac{2}{10}$

∴ ત્યાગનું પ્રમાણ = 1:2

∴ બંને જૂના ભાગીદારોને પાઘડી 1:2નાં પ્રમાણમાં વહેંચાશે.

**(2) રિહાનના ભાગની પાઘડી :**

નવી પાઘડીમાં રિહાનનો ભાગ = 1,00,000 × $\frac{3}{10}$ = 30,000

₹ 30,000માં રિહાન ₹ 18,000 રોકડા લાવે છે એટલે કે ₹ 12,000 પાઘડીના રોકડા લાવતો નથી.

તેથી પાઘડીની આમનોંધ નીચે મુજબ થશે :

(1) રોકડ ખાતે...ઉ 18,000

તે પાઘડીના પ્રીમિયમ ખાતે 18,000

(2) પાઘડીના પ્રીમિયમ ખાતે...ઉ 18,000

તે તરાનાના મૂડી ખાતે 6000

તે જીનિષાના મૂડી ખાતે 12,000

(3) રિહાનના મૂડી ખાતે...ઉ 12,000

તે તરાનાના મૂડી ખાતે 4000

તે જીનિષાના મૂડી ખાતે 8000

**(3) : જમીન-મકાનની બજારકિંમત :**

જમીન-મકાનની ચોપડે કિંમત ₹ 1,00,000 તેની બજારકિંમત કરતાં 20 % ઓછી છે.

ધારો કે બજારકિંમત ₹ 100 છે.

− 20 % ₹ 20

ચોપડેકિંમત ₹ 80

| ચોપડે કિંમત | બજારકિંમત |
|---|---|
| ₹ 80 | ₹ 100 |
| ₹ 1,00,000 | (?) |

$$= 100 \times \frac{1,00,000}{80}$$

$$= 1,25,000$$

**ઉદાહરણ 24 :** કાન્હા અને કવિશા 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | મકાન | 1,10,000 |
| કાન્હા | 80,000 | | યંત્રો | 50,000 |
| કવિશા | 1,00,000 | 1,80,000 | સ્ટૉક | 30,000 |
| આકસ્મિક અનામત | | 15,000 | દેવાદારો | 66,000 |
| કામદાર વળતર ફંડ | | 40,000 | બૅન્ક / રોકડ | 14,000 |
| રોકાણ અનામત | | 12,000 | રોકાણો | 30,000 |
| લેણદારો | | 50,000 | | |
| ઘાલખાધ અનામત | | 3000 | | |
| | | **3,00,000** | | **3,00,000** |

તા. 1-4-2016ના રોજ તેઓએ પાલખીને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કરી :

(1) કાન્હા પોતાના ભાગનો $\frac{1}{2}$ ભાગ અને કવિશા પોતાના ભાગનો $\frac{1}{4}$ ભાગ પાલખીની તરફેણમાં ત્યાગ કરશે.

(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 80,000 કરવામાં આવ્યું.

(3) કાન્હા અને કવિશા તેમને મળેલ પાઘડી પૈકી 50 % પાઘડી ઉપાડી જશે.

(4) યંત્રો પર 10 % ઘસારો માંડી વાળવો.

(5) દેવાદારોમાંથી ₹ 6000 ઘાલખાધ તરીકે માંડી વાળવા અને 15 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(6) રોકાણોની બજારકિંમત ₹ 15,000 છે, જે ચોપડે લાવવી.

(7) કારીગર વળતર પેટે ₹ 50,000નો દાવો મંજૂર રાખવો.

(8) લેણદારોમાંથી 10 % લેણદારો ચૂકવવા પડશે નહિ.

(9) પાલખી મૂડી તરીકે ₹ 1,20,000 અને તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

જરૂરી ખાતાં તૈયાર કરો અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**પુનઃમૂલ્યાંકન ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| કામદાર વળતર દાવાની જોગવાઈ ખાતે | 10,000 | લેણદારો ખાતે | | 5000 |
| રોકાણો ખાતે | 3000 | જૂના ભાગીદારોનાં મૂડી ખાતે (ખોટ) | | |
| યંત્રો ખાતે | 5000 | કાન્હા | 10,000 | |
| ઘાલખાધ ખાતે | 3000 | કવિશા | 15,000 | 25,000 |
| ઘાલખાધ અનામત ખાતે | 9000 | | | |
| | **30,000** | | | **30,000** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | કાન્હા (₹) | કવિશા (₹) | પાલખી(₹) | વિગત | કાન્હા (₹) | કવિશા (₹) | પાલખી(₹) |
|---|---|---|---|---|---|---|---|
| બૅન્ક ખાતે (પાઘડી) | 8000 | 6000 | – | બાકી આગળ લાવ્યા | 80,000 | 1,00,000 | – |
| પુનઃમૂલ્યાંકન ખાતે | 10,000 | 15,000 | – | આક. અના. ખાતે | 6000 | 9000 | – |
| બા. આ. લઈ ગયા | 84,000 | 1,00,000 | 1,20,000 | બૅન્ક ખાતે | – | – | 1,20,000 |
| | | | | પાઘડીના પ્રીમિ.ખાતે | 16,000 | 12,000 | – |
| | **1,02,000** | **1,21,000** | **1,20,000** | | **1,02,000** | **1,21,000** | **1,20,000** |

**બૅન્ક / રોકડ ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 14,000 | કાન્હાના મૂડી ખાતે | 8000 |
| પાલખીની મૂડી ખાતે | 1,20,000 | કવિશાના મૂડી ખાતે | 6000 |
| પાઘડીના પ્રીમિયમ ખાતે | 28,000 | બાકી આગળ લઈ ગયા | 1,48,000 |
| | **1,62,000** | | **1,62,000** |

**તા. 1-4-2016ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | મકાન | | 1,10,000 |
| કાન્હા | 84,000 | | યંત્રો | | 45,000 |
| કવિશા | 1,00,000 | | સ્ટૉક | | 30,000 |
| પાલખી | 1,20,000 | 3,04,000 | દેવાદારો | 66,000 | |
| કામદાર વળતરના દાવાની જોગવાઈ | | 50,000 | – ઘાલખાધ | 6000 | |
| લેણદારો | | 45,000 | | 60,000 | |
| | | | – ઘાલખાધ અનામત (15 %) | 9000 | 51,000 |
| | | | રોકાણો | | 15,000 |
| | | | બૅન્ક | | 1,48,000 |
| | | **3,99,000** | | | **3,99,000** |

**સમજૂતી (1) ત્યાગનું પ્રમાણ :**

કાન્હા અને કવિશાનું જૂનું પ્રમાણ = 2:3

કાન્હા તેના ભાગનો $\frac{1}{2}$ ભાગ ત્યાગ કરે છે.

∴ કાન્હાનો ત્યાગ = $\frac{2}{5} \times \frac{1}{2} = \frac{2}{10}$

કવિશા તેના ભાગનો $\frac{1}{4}$ ભાગ ત્યાગ કરે છે.

∴ કવિશાનો ત્યાગ = $\frac{3}{5} \times \frac{1}{4} = \frac{3}{20}$

∴ કાન્હા અને કવિશાનું ત્યાગનું પ્રમાણ = $\frac{2}{10} : \frac{3}{20} = \frac{4}{20} : \frac{3}{20}$ = 4:3 (છેદ સરખા કરતાં)

∴ બંને જૂના ભાગીદારોને પાઘડી 4:3નાં પ્રમાણમાં વહેંચાશે.

**(2) પાલખીએ લાવવાની પાઘડી :**

પાલખીનો નવી પેઢીમાં ભાગ = કાન્હાનો ત્યાગ + કવિશાનો ત્યાગ

$= \frac{2}{10} + \frac{3}{20}$

$= \frac{4+3}{20} = \frac{7}{20}$

પાલખીએ લાવવાની પાઘડી = ₹ 80,000 × $\frac{7}{20}$ = ₹ 28,000

પાલખીએ લાવેલ પાઘડી કાન્હા અને કવિશા વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચાશે.

આમનોંધ :

| | | | |
|---|---|---|---|
| (1) | બૅન્ક ખાતે...ઉ | 28,000 | |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 28,000 |
| (2) | પાઘડીના પ્રીમિયમ ખાતે...ઉ | 28,000 | |
| | તે કાન્હાના મૂડી ખાતે | | 16,000 |
| | તે કવિશાના મૂડી ખાતે | | 12,000 |

**(3)** (1) કામદાર વળતર ફંડ ₹ 40,000ની સામે સ્વીકારેલ દાવો ₹ 50,000 હોવાથી વધારાની દાવાની રકમ ₹ 10,000 પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારેલ છે. (2) રોકાણોમાં ઘટાડો ₹ 15,000 જ્યારે રોકાણ અનામત ₹ 12,000. તેથી વધારાનું નુકસાન ₹ 3000 પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારેલ છે.

**ઉદાહરણ 25 :** ભવ્ય અને દીપ 5:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| પ્રોવિડન્ટ ફંડ | | 20,000 | બૅન્ક | 40,000 |
| લેણદારો | | 80,000 | દેવાદારો | 60,000 |
| કારીગર વળતર અનામત | | 40,000 | સ્ટૉક | 40,000 |
| **મૂડી ખાતાં :** ભવ્ય | 1,00,000 | | મકાન | 3,00,000 |
| દીપ | 1,30,000 | 2,30,000 | રોકાણો | 70,000 |
| **ચાલુ ખાતાં :** ભવ્ય | 80,000 | | | |
| દીપ | 60,000 | 1,40,000 | | |
| | | **5,10,000** | | **5,10,000** |

તા. 1-4-2017ના રોજથી વેદાંગને ભાગીદાર તરીકે દાખલ કર્યો. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) વેદાંગ ₹ 50,000નું તેનું અંગત ફર્નિચર પેઢીમાં લાવશે.

(2) લેણદારોમાં ₹ 40,000 વેદાંગને ચૂકવવાના છે જે તેના મૂડી ખાતે લઈ જવા.

(3) વેદાંગનો ભવિષ્યના નફામાં $\frac{1}{5}$ ભાગ રહેશે.

(4) વેદાંગ પાઘડી પેટે ₹ 30,000 રોકડમાં લાવશે.

(5) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 2,00,000 કરવામાં આવશે.

(6) ઉધાર ખરીદીના ₹ 10,000 લેણદારો ખાતે અને ખરીદ ખાતે નોંધવાના બાકી છે. આખરસ્ટૉકમાં આ માલનો સમાવેશ થયેલ છે.

(7) ₹ 30,000ના સ્ટૉકની બજારકિંમત ₹ 24,000 છે.

(8) કારીગર વળતર અનામત પેટે જવાબદારી ₹ 24,000 છે.

(9) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ ₹ 16,000 નોંધવાનું બાકી છે.

પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**તા. 1-4-2017ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | ફર્નિચર | 50,000 |
| ભવ્ય | 1,00,000 | | સ્ટૉક | 34,000 |
| દીપ | 1,30,000 | | દેવાદારો | 60,000 |
| વેદાંગ | 90,000 | 3,20,000 | મકાન | 3,00,000 |
| **ચાલુ ખાતાં :** | | | વેદાંગના ચાલુ ખાતે | 10,000 |
| ભવ્ય | 1,15,000 | | રોકાણો | 70,000 |
| દીપ | 81,000 | 1,96,000 | રોકાણો પર મળવાનું બાકી વ્યાજ | 16,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 20,000 | બૅન્ક (₹ 40,000 + ₹ 30,000) | 70,000 |
| કારીગર વળતર અનામત | | 24,000 | | |
| લેણદારો (₹ 80,000 − ₹ 40,000 વેદાંગના મૂડી ખાતે + 10,000 નહિ નોંધેલ) | | 50,000 | | |
| | | **6,10,000** | | **6,10,000** |

**સમજૂતી : (1)** **પુનઃમૂલ્યાંકનનું ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| સ્ટૉક ખાતે | 6000 | રોકાણો પર મળવાના બાકી વ્યાજ ખાતે | 16,000 |
| લેણદારો ખાતે | 10,000 | | |
| | **16,000** | | **16,000** |

(2) : **મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | ભવ્ય (₹) | દીપ (₹) | વેદાંગ(₹) | વિગત | ભવ્ય (₹) | દીપ (₹) | વેદાંગ(₹) |
|---|---|---|---|---|---|---|---|
| બા. આ. લઈ ગયા | 1,00,000 | 1,30,000 | 90,000 | બાકી આગળ લાવ્યા | 1,00,000 | 1,30,000 | – |
| | | | | ફર્નિચર ખાતે | – | – | 50,000 |
| | | | | લેણદારો ખાતે | – | – | 40,000 |
| | **1,00,000** | **1,30,000** | **90,000** | | **1,00,000** | **1,30,000** | **90,000** |

(3) : **ચાલુ ખાતાં**

ઉધાર જમા

| વિગત | ભવ્ય (₹) | દીપ (₹) | વેદાંગ(₹) | વિગત | ભવ્ય (₹) | દીપ (₹) | વેદાંગ(₹) |
|---|---|---|---|---|---|---|---|
| ભવ્યના ચાલુ ખાતે | | | | બાકી આગળ લાવ્યા | 80,000 | 60,000 | – |
| (પાઘડી) | – | – | 6250 | પાઘડીના પ્રીમિ. ખાતે | | | |
| દીપના ચાલુ ખાતે | | | | (પાઘડી) | 18,750 | 11,250 | – |
| (પાઘડી) | – | – | 3750 | વેદાંગના ચાલુ ખાતે | | | |
| બા. આ. લઈ ગયા | 1,15,000 | 81,000 | – | (પાઘડી) | 6250 | 3750 | – |
| | | | | કારીગર વળતર | | | |
| | | | | અનામત ખાતે | 10,000 | 6000 | – |
| | | | | બા.આ.લઈ ગયા | – | – | 10,000 |
| | **1,15,000** | **81,000** | **10,000** | | **1,15,000** | **81,000** | **10,000** |

**સમજૂતી :** ભવ્ય અને દીપનું જૂનું નફા-નુકસાનનું પ્રમાણ 5:3. વેદાંગને $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે દાખલ કરે છે. અન્ય વિગતો આપેલ ન હોવાથી ભવ્ય અને દીપનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 5:3 જ રહેશે અને તેમનું ત્યાગનું પ્રમાણ પણ 5:3 જ રહેશે. તેથી પાઘડી જૂના ભાગીદારો વચ્ચે 5:3નાં પ્રમાણમાં વહેંચાશે.

**ઉદાહરણ 26 :** શિયા અને જાનકી 1:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2017થી તેઓએ ચાંદનીને $\frac{1}{6}$ ભાગે નવા ભાગીદાર તરીકે દાખલ કરી. ચાંદની મૂડી તરીકે ₹ 25,000 રોકડમાં લાવશે. પુનઃમૂલ્યાંકન ખાતાની ખોટ, પાઘડી અને અનામતોના હવાલા બાદ શિયા અને જાનકીની મૂડી અનુક્રમે ₹ 60,000 અને ₹ 70,000 હતી. ભાગીદારોએ નક્કી કર્યું કે નવા ભાગીદારની મૂડીને પાયા તરીકે લઈને નવી પેઢીમાં શિયા અને જાનકીની મૂડી નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવી. આ માટે તફાવતની રકમ રોકડ ખાતે લઈ જવી. નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:2:1 નક્કી કરવામાં આવ્યું. ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

જવાબ : **ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | શિયા (₹) | જાનકી (₹) | ચાંદની(₹) | વિગત | શિયા (₹) | જાનકી (₹) | ચાંદની(₹) |
|---|---|---|---|---|---|---|---|
| રોકડ ખાતે (તફાવત) | – | 20,000 | – | બાકી આગળ લાવ્યા | 60,000 | 70,000 | – |
| બા. આ. લઈ ગયા | 75,000 | 50,000 | 25,000 | રોકડ ખાતે | – | – | 25,000 |
| | | | | રોકડ ખાતે (તફાવત) | 15,000 | – | – |
| | **75,000** | **70,000** | **25,000** | | **75,000** | **70,000** | **25,000** |

**સમજૂતી :** શિયા, જાનકી અને ચાંદનીનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:2:1

ચાંદનીની મૂડીને પાયા તરીકે લેતાં નવી પેઢીની કુલ મૂડી

$\frac{1}{6}$ : ₹ 25,000

1 : (?)

= ₹ 25,000 × 6

= ₹ 1,50,000

નવી પેઢીમાં રાખવાની શિયાની મૂડી = 1,50,000 × $\frac{3}{6}$ = ₹ 75,000

નવી પેઢીમાં રાખવાની જાનકીની મૂડી = 1,50,000 × $\frac{2}{6}$ = ₹ 50,000

**ઉદાહરણ 27 :** પંડિત અને પંડ્યા 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | 30,000 |
| પંડિત | 1,30,000 | | મકાન | 2,00,000 |
| પંડ્યા | 1,20,000 | 2,50,000 | ફર્નિચર | 40,000 |
| મૂડી અનામત | | 21,000 | સ્ટૉક | 26,000 |
| કારીગર બચત ખાતાં | | 10,000 | દેવાદારો | 24,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | | 12,000 | રોકડ | 80,000 |
| 10 %ની લોન | | 50,000 | | |
| લેણદારો | | 57,000 | | |
| | | **4,00,000** | | **4,00,000** |

તા. 1-4-2016ના રોજ તેઓએ પટેલને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કર્યો :

(1) નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:5:1 રાખવું.

(2) પટેલ મૂડી તરીકે ₹ 50,000 રોકડમાં લાવશે.

(3) લોન પર છેલ્લા વર્ષનું વ્યાજ ચૂકવવાનું બાકી છે.

(4) પંડ્યાના અંગત ખર્ચના ચૂકવેલ ₹ 8000, નફા-નુકસાન ખાતે ઉધારેલ છે.

(5) પુનર્ગઠનના ખર્ચા ₹ 12,000 પંડિતે ચૂકવેલ છે.

(6) પાઘડીનું મૂલ્યાંકન ₹ 2,70,000 આંકવામાં આવ્યું.

(7) પટેલની મૂડીને પાયા તરીકે રાખી પંડિત અને પંડ્યાની મૂડી નવી પેઢીમાં નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવી અને જરૂરી હવાલા ચાલુ ખાતામાં નાખવા.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

ઉધાર **પુનઃમૂલ્યાંકન ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| લોન પર ચૂકવવાના બાકી વ્યાજ ખાતે | | 5000 | પંડ્યાના મૂડી ખાતે | | 8000 |
| પંડિતના મૂડી ખાતે | | 12,000 | જૂના ભગીદારોના મૂડી ખાતે (ખોટ) | | |
| | | | પંડિત | 6000 | |
| | | | પંડ્યા | 3000 | 9000 |
| | | **17,000** | | | **17,000** |

ઉધાર **ભાગીદારોનાં મૂડી ખાતાં** જમા

| વિગત | પંડિત (₹) | પંડ્યા (₹) | પટેલ (₹) | વિગત | પંડિત (₹) | પંડ્યા (₹) | પટેલ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પાઘડી ખાતે | 20,000 | 10,000 | – | બાકી આગળ લાવ્યા | 1,30,000 | 1,20,000 | – |
| પુનઃમૂલ્યાંકન ખાતે | – | 8000 | – | મૂડી અનામત ખાતે | 14,000 | 7000 | – |
| પંડિતના મૂડી ખાતે | – | 60,000 | – | રોકડ ખાતે | – | – | 50,000 |
| પુનઃમૂલ્યાંકન ખાતે | 6000 | 3000 | – | પુનઃમૂલ્યાંકન ખાતે | 12,000 | – | – |
| પંડિતના ચાલુ ખાતે | 70,000 | – | – | પટેલના ચાલુ ખાતે | 30,000 | – | – |
| બાકી આગળ લઈ | | | | પંડ્યાના મૂડી ખાતે | 60,000 | – | – |
| ગયા | 1,50,000 | 2,50,000 | 50,000 | ચાલુ ખાતે | | 2,04,000 | |
| | **2,46,000** | **3,31,000** | **50,000** | | **2,46,000** | **3,31,000** | **50,000** |

ઉધાર **રોકડ ખાતું** જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 80,000 | બાકી આગળ લઈ ગયા | 1,30,000 |
| પટેલના મૂડી ખાતે | 50,000 | | |
| | **1,30,000** | | **1,30,000** |

### તા. 1-4-2016ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | મકાન | 2,00,000 |
| પંડિત | 1,50,000 | | ફર્નિચર | 40,000 |
| પંડ્યા | 2,50,000 | | સ્ટૉક | 26,000 |
| પટેલ | 50,000 | 4,50,000 | દેવાદારો | 24,000 |
| કારીગર બચત ખાતાં | | 10,000 | રોકડ | 1,30,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | | 12,000 | પંડ્યાનું ચાલુ ખાતું | 2,04,000 |
| 10 %ની લોન | | 50,000 | પટેલનું ચાલુ ખાતું | 30,000 |
| લેણદારો | | 57,000 | | |
| લોન પર ચૂકવવાનું બાકી વ્યાજ | | 5000 | | |
| પંડિતનું ચાલુ ખાતું | | 70,000 | | |
| | | **6,54,000** | | **6,54,000** |

**સમજૂતી (1) : ત્યાગનું પ્રમાણ :**

પંડિત અને પંડ્યાનું જૂનું પ્રમાણ 2:1

પંડિત, પંડ્યા અને પટેલનું નવું પ્રમાણ 3:5:1

ત્યાગ = જૂનો ભાગ − નવો ભાગ

પંડિતનો ત્યાગ = $\frac{2}{3} - \frac{3}{9} = \frac{6-3}{9} = \frac{3}{9}$

પંડ્યાનો ત્યાગ = $\frac{1}{3} - \frac{5}{9} = \frac{3-5}{9} = -\frac{2}{9}$ (લાભ)

**(2) : પાઘડીની નોંધ : પંડ્યાને લાભ થતો હોવાથી પંડ્યા પણ પંડિતને પાઘડી આપશે.**

પંડ્યાએ આપવાની પાઘડી = 2,70,000 × $\frac{2}{9}$ = ₹ 60,000

પટેલને આપવાની પાઘડી = 2,70,000 × $\frac{1}{9}$ = ₹ 30,000

પંડિતને મળવાપાત્ર પાઘડી = 2,70,000 × $\frac{3}{9}$ = ₹ 90,000

પટેલ રોકડમાં પાઘડી લાવતો નથી.

**આમનોંધ :**

| | | |
|---|---|---|
| પટેલના ચાલુ ખાતે...ઉ | 30,000 | |
| પંડ્યાના મૂડી ખાતે...ઉ | 60,000 | |
| તે પંડિતના મૂડી ખાતે | | 90,000 |

**નોંધ :** પટેલની મૂડી પાયા તરીકે રાખી, બધા ભાગીદારોની મૂડી નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવાની હોવાથી પટેલની પાઘડી તેના ચાલુ ખાતે ઉધારેલ છે.

**(3) : ભાગીદારોની મૂડી નફા-નુકસાનના પ્રમાણમાં**

પટેલની $\frac{1}{9}$ ભાગે મૂડી = 50,000

પેઢીની કુલ મૂડી 1 = (?)

= 50,000 × 9 = ₹ 4,50,000

પંડિતની નવી પેઢીમાં મૂડી = 4,50,000 × $\frac{3}{9}$ = ₹ 1,50,000

પંડ્યાની નવી પેઢીમાં મૂડી = 4,50,000 × $\frac{5}{9}$ = ₹ 2,50,000

**ઉદાહરણ 28 :** A અને B 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| મૂડી : | | | પ્લાન્ટ-યંત્રો | | 80,000 |
| A | 80,000 | | મકાન | | 50,000 |
| B | 40,000 | 1,20,000 | સ્ટૉક | | 17,000 |
| અનામત ભંડોળ | | 21,000 | દેવાદારો | 50,000 | |
| લેણદારો | | 75,000 | − ઘાલખાધ અનામત | 4000 | 46,000 |
| દેવીહૂંડી | | 10,000 | રોકડ-બૅન્ક | | 33,000 |
| | | **2,26,000** | | | **2,26,000** |

Cને તા. 1-4-2016થી નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવ્યો. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) A તેના ભાગમાંથી $\frac{1}{12}$ ભાગ અને B તેના ભાગમાંથી $\frac{1}{6}$ ભાગ Cને આપશે.

(2) C તેના ભાગે પ્રમાણસર મૂડી લાવશે.

(3) C તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,80,000 કરવામાં આવ્યું.

(4) કાયમી મિલકતો 10 % ઘસારાને પાત્ર છે.

(5) બધા જ દેવાદારો સધ્ધર છે.

(6) વીમા-પ્રીમિયમના ₹ 3000 આવતા વર્ષે આગળ લઈ જવાના છે.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**પુનઃમૂલ્યાંકન ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| પ્લાન્ટ-યંત્રો ખાતે | 8000 | ઘાલખાધ અનામત ખાતે | | 4000 |
| મકાન ખાતે | 5000 | અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ ખાતે | | 3000 |
| | | જૂના ભાગીદારોનાં મૂડી ખાતે (ખોટ) | | |
| | | A | 4000 | |
| | | B | 2000 | 6000 |
| | **13,000** | | | **13,000** |

**ભાગીદારો મૂડીનાં ખાતાં**

ઉધાર જમા

| વિગત | A (₹) | B (₹) | C (₹) | વિગત | A (₹) | B (₹) | C (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પુનઃમૂલ્યાંકન ખાતે | 4000 | 2000 | – | બાકી આગળ લાવ્યા | 80,000 | 40,000 | – |
| બા. આ. લઈ ગયા | 1,05,000 | 75,000 | 60,000 | અનામત ભંડોળ ખાતે | 14,000 | 7000 | – |
| | | | | પાઘડીના પ્રીમિ. ખાતે | 15,000 | 30,000 | – |
| | | | | રોકડ ખાતે | – | – | 60,000 |
| | **1,09,000** | **77,000** | **60,000** | | **1,09,000** | **77,000** | **60,000** |

**રોકડ ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 33,000 | બાકી આગળ લઈ ગયા | 1,38,000 |
| Cના મૂડી ખાતે | 60,000 | | |
| પાઘડીના પ્રીમિયમ ખાતે | 45,000 | | |
| | **1,38,000** | | **1,38,000** |

### તા. 1-4-2016ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પ્લાન્ટ | 72,000 |
| A | 1,05,000 | | મકાન | 45,000 |
| B | 75,000 | | સ્ટૉક | 17,000 |
| C | 60,000 | 2,40,000 | દેવાદારો | 50,000 |
| લેણદારો | | 75,000 | રોકડ | 1,38,000 |
| દેવીહૂંડી | | 10,000 | અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ ખર્ચ | 3000 |
| | | **3,25,000** | | **3,25,000** |

**સમજૂતી (1) : ત્યાગનું પ્રમાણ :**

A અને Bનું જૂનું પ્રમાણ 2:1

Aનો ત્યાગ $= \frac{1}{12}$

Bનો ત્યાગ $= \frac{1}{6} = \frac{2}{12}$

$\therefore$ ત્યાગનું પ્રમાણ = 1:2

**(2) : પાઘડી :**

Cનો ભાગ = Aનો ત્યાગ + Bનો ત્યાગ

$= \frac{1}{12} + \frac{2}{12} = \frac{3}{12} = \frac{1}{4}$

Cએ લાવેલ પાઘડી $= \frac{1}{4} \times 1,80,000$

= ₹ 45,000

Cએ લાવેલ પાઘડી ₹ 45,000, A અને B વચ્ચે તેમના ત્યાગના પ્રમાણ 1:2માં વહેંચાશે.

**(3) : Cની મૂડી**

| | |
|---|---|
| નવી પેઢીમાં Aની મૂડી | ₹ 1,05,000 |
| નવી પેઢીમાં Bની મૂડી | ₹ 75,000 |
| A અને Bની કુલ મૂડી | ₹ 1,80,000 |

Cનો નફામાં ભાગ $= \frac{1}{4}$

A અને Bનો સંયુક્ત ભાગ $= 1 - \frac{1}{4} = \frac{3}{4}$

A અને Bનો સંયુક્ત ભાગ $\frac{3}{4}$ = મૂડી ₹ 1,80,000

Cનો ભાગ $\frac{1}{4}$ = (?)

$= 1,80,000 \times \frac{1}{4} \times \frac{4}{3}$

= 60,000

**ઉદાહરણ 29 :** ચાંદની અને નિહાર 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તા. 31-3-2016ના રોજ તેમનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| લેણદારો | | 64,000 | બૅન્ક | | 56,000 |
| સામાન્ય અનામત | | 12,000 | દેવાદારો | 80,000 | |
| રોકાણ વધઘટ અનામત | | 6000 | – શકમંદ લેણાં જોગવાઈ | 4000 | 76,000 |
| કારીગર નફા ભાગ ભંડોળ | | 45,000 | રોકાણો | | 90,000 |
| **મૂડી ખાતાં :** ચાંદની | 1,00,000 | | મકાન | | 60,000 |
| નિહાર | 80,000 | 1,80,000 | યંત્રો | | 25,000 |
| | | **3,07,000** | | | **3,07,000** |

પાયલને તા. 1-4-2016થી નીચેની શરતોએ નવા ભાગીદાર તરીકે દાખલ કરી :

(1) પાયલ પાઘડીના ₹ 20,000 રોકડમાં લાવશે.

(2) શકમંદ લેણાં જોગવાઈ જરૂરી નથી.

(3) યંત્રોની કિંમતમાં 10 % ઘટાડો કરવો.

(4) મકાનની બજારકિંમત ₹ 1,00,000 છે.

(5) રોકાણોની બજારકિંમત ₹ 98,500 છે.

(6) પાયલ મૂડી તરીકે ચાંદની અને નિહારની નવી પેઢીમાં કુલ મૂડીના 20 % જેટલી મૂડી લાવશે.

(7) નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:2:1 રાખવું.

(8) ચાંદની અને નિહાર તેમની કુલ મૂડી તેમના સંબંધિત નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**પુનઃમૂલ્યાંકન ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 2500 | શકમંદ લેણાં જોગવાઈ ખાતે | 4000 |
| જૂના ભાગીદારોનાં મૂડી ખાતે (નફો) | | | મકાન ખાતે | 40,000 |
| ચાંદની | 30,000 | | રોકાણો ખાતે | 8500 |
| નિહાર | 20,000 | 50,000 | | |
| | | **52,500** | | **52,500** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | ચાંદની (₹) | નિહાર (₹) | પાયલ (₹) | વિગત | ચાંદની (₹) | નિહાર (₹) | પાયલ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| બૅન્ક ખાતે | 26,800 | – | – | બાકી આગળ લાવ્યા | 1,00,000 | 80,000 | – |
| બા. આ. લઈ ગયા | 1,34,000 | 1,34,000 | 53,600 | સામાન્ય અના. ખાતે | 7200 | 4800 | – |
| | | | | રોકાણ વધઘટ | | | |
| | | | | અનામત ખાતે | 3600 | 2400 | – |
| | | | | પાઘડીના પ્રીમિ.ખાતે | 20,000 | – | – |
| | | | | પુનઃમૂલ્યાંકન ખાતે | 30,000 | 20,000 | – |
| | | | | બૅન્ક ખાતે | – | 26,800 | 53,600 |
| | **1,60,800** | **1,34,000** | **53,600** | | **1,60,800** | **1,34,000** | **53,600** |

**રોકડ / બૅન્ક ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 56,000 | ચાંદનીના મૂડી ખાતે | 26,800 |
| પાઘડીના પ્રીમિયમ ખાતે | 20,000 | બાકી આગળ લઈ ગયા | 1,29,600 |
| પાયલના મૂડી ખાતે | 53,600 | | |
| નિહારના મૂડી ખાતે | 26,800 | | |
| | **1,56,400** | | **1,56,400** |

**તા. 1-4-2016ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | બૅન્ક | 1,29,600 |
| ચાંદની | 1,34,000 | | દેવાદારો | 80,000 |
| નિહાર | 1,34,000 | | રોકાણો | 98,500 |
| પાયલ | 53,600 | 3,21,600 | મકાન | 1,00,000 |
| લેણદારો | | 64,000 | યંત્રો | 22,500 |
| કારીગર નફા ભાગ ભંડોળ | | 45,000 | | |
| | | **4,30,600** | | **4,30,600** |

**સમજૂતી (1) : ત્યાગનું પ્રમાણ :**

ચાંદની અને નિહારનું જૂનું પ્રમાણ = 3:2

ચાંદની, નિહાર અને પાયલનું નવું પ્રમાણ = 2:2:1

ત્યાગ = જૂનો ભાગ – નવો ભાગ

ચાંદનીનો ત્યાગ = $\frac{3}{5} - \frac{2}{5} = \frac{1}{5}$; નિહારનો ત્યાગ = $\frac{2}{5} - \frac{2}{5} = 0$

**(2) : ચાંદની, નિહાર અને પાયલની મૂડી :**

| વિગત | ચાંદની | નિહાર |
|---|---|---|
| શરૂની બાકી | 1,00,000 | 80,000 |
| સામાન્ય અનામત | 7200 | 4800 |
| રોકાણ વધઘટ અનામત | 3600 | 2400 |
| પાઘડીનું પ્રીમિયમ | 20,000 | |
| પુનઃમૂલ્યાંકનનો નફો | 30,000 | 20,000 |
| | **1,60,800** | **1,07,200** |

પાયલ, ચાંદની અને નિહારની કુલ મૂડીના 20 % જેટલી મૂડી લાવે છે.

ચાંદનીની મૂડી = 1,60,800

નિહારની મૂડી = 1,07,200

ચાંદની અને નિહારની કુલ મૂડી = 2,68,000

$\therefore$ પાયલની મૂડી $= 2{,}68{,}000 \times \frac{20}{100} =$ ₹ 53,600

ચાંદની અને નિહાર તેમની કુલ મૂડી તેમના નવા સંબંધિત નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે.

ચાંદની અને નિહાર તેમની કુલ મૂડી ₹ 2,68,000 તેમના સંબંધિત નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે. જે 2:2 એટલે 1:1 છે.

$\therefore$ ચાંદનીની મૂડી $= 2{,}68{,}000 \times \frac{1}{2} =$ ₹ 1,34,000

નિહારની મૂડી $= 2{,}68{,}000 \times \frac{1}{2} =$ ₹ 1,34,000

**નોંધ :** પાઘડીનું પ્રીમિયમ ફક્ત ચાંદનીને મળશે.

**ઉદાહરણ 30 :** શિવાની અને નીરજ એક પેઢીના 1:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 27,000 |
| શિવાની | 1,00,000 | | જમીન-મકાન | 1,50,000 |
| નીરજ | 1,50,000 | 2,50,000 | યંત્રો | 50,000 |
| નફા-નુકસાન ખાતું | | 9000 | સ્ટૉક | 20,000 |
| સામાન્ય અનામત | | 15,000 | દેવાદારો | 30,000 |
| લેણદારો | | 25,000 | લેણીહૂંડી | 10,000 |
| ઘાલખાધ અનામત | | 8000 | રોકડ | 20,000 |
| | | **3,07,000** | | **3,07,000** |

ઉપરની તારીખે તેઓએ વિજયને નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. અન્ય બાબતો નીચે મુજબ નક્કી કરવામાં આવી :

(1) દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ 5000 રાખવી.

(2) પાઘડીનું મૂલ્યાંકન ₹ 36,000 કરવામાં આવ્યું.

(3) જમીન-મકાનની કિંમતમાં 10 % વધારો કરવો.

(4) યંત્રોની ચોપડે કિંમત તેની બજારકિંમત કરતાં 25 % વધુ છે.

(5) સ્ટૉકની કિંમત 10 % ઘટાડવી.

(6) વિજય નવી પેઢીની ચોખ્ખી મિલકતની 50 % રકમ મૂડી પેટે અને પોતાના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

(7) શિવાની તેના નફાના ભાગના $\frac{1}{3}$ ભાગ જ્યારે નીરજ તેના નફાના ભાગમાંથી $\frac{1}{3}$ ભાગ વિજયને આપશે.

જરૂરી ખાતાં તૈયાર કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 10,000 | ઘાલખાધ અનામત ખાતે | 3000 |
| સ્ટૉક ખાતે | | 2000 | જમીન-મકાન ખાતે | 15,000 |
| જૂના ભાગીદારોનાં મૂડી ખાતે (નફો) | | | | |
| શિવાની | 2000 | | | |
| નીરજ | 4000 | 6000 | | |
| | | **18,000** | | **18,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | શિવાની (₹) | નીરજ (₹) | વિજય (₹) | વિગત | શિવાની (₹) | નીરજ (₹) | વિજય (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પાઘડી ખાતે | 9000 | 18,000 | – | બાકી આગળ લાવ્યા | 1,00,000 | 1,50,000 | – |
| બા. આ. લઈ ગયા | 1,05,000 | 1,64,000 | 2,69,000 | નફા-નુકસાન ખાતે | 3000 | 6000 | – |
| | | | | સામાન્ય અના. ખાતે | 5000 | 10,000 | – |
| | | | | પાઘડીના પ્રીમિ.ખાતે | 4000 | 12,000 | – |
| | | | | પુનઃમૂલ્યાંકન ખાતે | 2000 | 4000 | – |
| | | | | રોકડ ખાતે | – | – | 2,69,000 |
| | **1,14,000** | **1,82,000** | **2,69,000** | | **1,14,000** | **1,82,000** | **2,69,000** |

## રોકડ ખાતું

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 20,000 | બાકી આગળ લઈ ગયા | 3,05,000 |
| પાઘડીના પ્રીમિયમ ખાતે | 16,000 | | |
| વિજયના મૂડી ખાતે | 2,69,000 | | |
| | **3,05,000** | | **3,05,000** |

**તા. 1-4-2016ના રોજનું પ્રવેશ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | 1,65,000 |
| શિવાની | 1,05,000 | | યંત્રો | 40,000 |
| નીરજ | 1,64,000 | | સ્ટૉક | 18,000 |
| વિજય | 2,69,000 | 5,38,000 | લેણીહૂંડી | 10,000 |
| લેણદારો | | 25,000 | દેવાદારો | 30,000 |
| ઘાલખાધ અનામત | | 5000 | રોકડ | 3,05,000 |
| | | **5,68,000** | | **5,68,000** |

**સમજૂતી (1) ત્યાગનું પ્રમાણ :**

શિવાની અને નીરજનું જૂનું પ્રમાણ = 1:2

શિવાની તેના નફાના ભાગનો $\frac{1}{3}$ ભાગ ત્યાગ કરે છે.

$\therefore$ શિવાનીનો ત્યાગ = $\frac{1}{3} \times \frac{1}{3} = \frac{1}{9}$

નીરજ તેના નફાના ભાગમાંથી $\frac{1}{3}$ ભાગ ત્યાગ કરે છે.

$\therefore$ નીરજનો ત્યાગ = $\frac{1}{3}$

$\therefore$ ત્યાગનું પ્રમાણ = $\frac{1}{9} : \frac{1}{3}$ = 1:3

**(2) પાઘડીની વહેંચણી :**

વિજયનો ભાગ = શિવાનીનો ત્યાગ + નીરજનો ત્યાગ

$= \frac{1}{9} + \frac{1}{3}$

$= \frac{1+3}{9}$

$= \frac{4}{9}$

વિજયના ભાગની પાઘડી = 36,000 × $\frac{4}{9}$ = 16,000

વિજયના ભાગની પાઘડી શિવાની અને નીરજ વચ્ચે તેમના ત્યાગના પ્રમાણ 1:3માં વહેંચાશે.

**(3)** યંત્રોની ચોપડે કિંમત ₹ 50,000 છે, જે તેની બજારકિંમત કરતાં 25 % વધુ છે, એટલે કે જો યંત્રની બજારકિંમત ₹ 100 હોય તો તેની ચોપડે કિંમત 125 હોય. યંત્રની બજારકિંમત નીચે મુજબ શોધાશે.

| ચોપડે કિંમત | બજારકિંમત |
|---|---|
| 125 | 100 |
| 50,000 | (?) |

$= 100 \times \frac{50,000}{125}$ = ₹ 40,000

**(4)** વિજયે લાવવાની મૂડી

વિજય નવી પેઢીની ચોખ્ખી મિલકતના 50 % રકમ મૂડી તરીકે લાવશે.

ચોખ્ખી મિલકત = કુલ મિલકતો − દેવાં

કુલ મિલકતો − દેવાંનો તફાવત કુલ મૂડી થાય.

∴ વિજય નવી પેઢીની કુલ મૂડીના 50 % રકમ મૂડી તરીકે લાવશે.

| | |
|---|---|
| નવી પેઢીમાં શિવાનીની મૂડી | ₹ 1,05,000 |
| નવી પેઢીમાં નીરજની મૂડી | ₹ 1,64,000 |
| નવી પેઢીમાં શિવાની અને નીરજની કુલ મૂડી = | ₹ 2,69,000 |

નવી પેઢીમાં વિજયની મૂડી 50 % છે.

∴ બાકીની 50 % મૂડી શિવાની અને નીરજની હોય.

∴ 50 % મૂડી = ₹ 2,69,000 શિવાની અને નીરજની મૂડી

તો વિજયની 50 % મૂડી = (?)

= ₹ 2,69,000

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ભાગીદારના પ્રવેશ વખતે સામાન્ય અનામત અને નફા-નુકસાન ખાતાની જમા બાકી .......... ખાતે લઈ જવામાં આવે છે.

(અ) પ્રવેશ પામનાર ભાગીદારના મૂડી ખાતે

(બ) નવા ભાગીદાર સહિત બધા જ ભાગીદારોનાં મૂડી ખાતે

(ક) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે

(ડ) પુનઃમૂલ્યાંકન ખાતે

(2) ભાગીદારના પ્રવેશ વખતે પેઢીના પાકા સરવૈયામાં દર્શાવેલ પાઘડીની નોંધ .......... થાય છે.

(અ) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધાર, પાઘડી ખાતે જમા

(બ) નવા ભાગીદાર સહિત બધા ભાગીદારોનાં મૂડી ખાતે નવા નફા-નુકસાનના પ્રમાણમાં જમા

(ક) પ્રવેશ પામનાર ભાગીદારના મૂડી ખાતે જમા, પાઘડી ખાતે ઉધાર

(ડ) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા, પાઘડી ખાતે ઉધાર

(3) નવા ભાગીદારે લાવેલ પાઘડીનું પ્રીમિયમ .......... બાજુ લઈ જવામાં આવે છે.

(અ) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધાર

(બ) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા

(ક) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે તેમના ત્યાગના પ્રમાણમાં ઉધાર

(ડ) જૂના ભાગીદારોનાં મૂડી ખાતે તેમના ત્યાગના પ્રમાણમાં જમા

(4) પુનઃમૂલ્યાંકન ખાતું .......... પ્રકારનું ખાતું છે.

(અ) વ્યક્તિ (બ) ઉપજ-ખર્ચ

(ક) માલ-મિલકત નિકાલ (ડ) કામચલાઉ

(5) નવો ભાગીદાર તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવે ત્યારે ........ ખાતું જમા કરવામાં આવે છે.

(અ) રોકડ (બ) પાઘડીના પ્રીમિયમ

(ક) પાઘડી (ડ) તેનું મૂડી ખાતું

(6) હિસાબી ધોરણ 26 મુજબ .......... પાઘડી ચોપડે દર્શાવી શકાય નહિ.

(અ) પાઘડી માટે ખરેખર અવેજ આપેલ હોય તેવી

(બ) સ્વ-મૂલ્યાંકન દ્વારા આંકવામાં આવેલ

(ક) (અ) અને (બ) બંને

(ડ) (અ) અને (બ) બેમાંથી એક પણ નહિ

(7) પુનઃમૂલ્યાંકન ખાતાને ........ ખાતું પણ કહે છે.

(અ) નફા-નુકસાન ખાતું (બ) નફા-નુકસાન હવાલા ખાતું

(ક) નફા-નુકસાન ફાળવણી ખાતું (ડ) નફા-નુકસાન ઉપલક ખાતું

(8) જ્યારે ફક્ત નફા-નુકસાનનું જૂનું પ્રમાણ જ આપેલ હોય ત્યારે જૂના ભાગીદારોનું ત્યાગનું પ્રમાણ = ........ .

(અ) સરખા હિસ્સે (બ) જૂનું પ્રમાણ

(ક) જૂનો ભાગ – નવો ભાગ (ડ) શોધી શકાય નહિ

(9) જૂના ભાગીદારે પણ તેના ભાગની પાઘડી .......... સંજોગોમાં અન્ય જૂના ભાગીદારને આપવી પડે છે.

(અ) તેની મૂડી ઓછી હોય ત્યારે

(બ) નવા નફા-નુકસાનના પ્રમાણમાં તેનો ભાગ, જૂના ભાગ કરતાં વધારે હોય ત્યારે

(ક) નવા નફા-નુકસાનના પ્રમાણમાં તેનો ભાગ, જૂના ભાગ કરતાં ઓછો હોય ત્યારે

(ડ) નવા નફા-નુકસાનના પ્રમાણમાં તેનો ભાગ નવા ભાગ જેટલો હોય ત્યારે

(10) પુનઃમૂલ્યાંકન ખાતાનો નફો કે ખોટ ........ ખાતે ......... પ્રમાણમાં લઈ જવામાં આવે છે.

(અ) જૂના ભાગીદારો, સરખા હિસ્સે (બ) બધા ભાગીદારો, નવા નફા-નુકસાનના પ્રમાણમાં

(ક) જૂના ભાગીદારો, ત્યાગના પ્રમાણમાં (ડ) જૂના ભાગીદારો, જૂના પ્રમાણમાં

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) નવા ભાગીદારને પેઢીમાં કેવી રીતે પ્રવેશ મળે છે ?

(2) નવા ભાગીદારને કયા હેતુસર પેઢીમાં દાખલ કરવામાં આવે છે ?

(3) નવા ભાગીદારના પ્રવેશ વખતે જરૂરી હિસાબી હવાલાઓ જણાવો.

(4) નવા ભાગીદારને મળતા હક્કો જણાવો.

(5) નવા ભાગીદારના પ્રવેશ વખતે મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન શા માટે કરવામાં આવે છે ?

(6) નવા ભાગીદારે શા માટે તેના ભાગની પાઘડી આપવી જરૂરી છે ?

(7) ત્યાગનું પ્રમાણ એટલે શું ? તે કેવી રીતે શોધવામાં આવે છે ?

(8) નવા ભાગીદારના પ્રવેશ વખતે પેઢીના ચોપડે દર્શાવેલ અનામતો અને એકઠા થયેલ નફા કે ખોટની બાકીની હિસાબી અસર કારણ સહિત સમજાવો.

(9) પુનઃમૂલ્યાંકન ખાતું ક્યારે ઉધાર અને ક્યારે જમા કરવામાં આવે છે ?

(10) પાઘડી અંગે હિસાબી ધોરણ 26માં આપેલ જોગવાઈ જણાવો.

**3.** નવા નફા-નુકસાનનું પ્રમાણ અને ત્યાગના પ્રમાણની ગણતરી કરો :

(1) A અને B 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ Cને નફામાં $\frac{1}{4}$ ભાગ આપવાની શરતે દાખલ કર્યો.

(2) A અને B એક પેઢીમાં $\frac{4}{5}$ અને $\frac{2}{10}$ ભાગે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે Cને નફામાં 20 % ભાગ આપવાની શરતે દાખલ કર્યો.

(3) A અને B એક પેઢીના ભાગીદારો છે. તેઓએ Cને $\frac{1}{6}$ ભાગ આપવાની શરતે પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. Cના પ્રવેશ બાદ A અને Bનું નફા-નુકસાનનું પ્રમાણ 2:3 રહેશે.

(4) A અને B 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તેઓએ Cને નફામાં $\frac{1}{5}$ ભાગથી નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. C તેના ભાગ પૈકી $\frac{1}{10}$ ભાગ A પાસેથી અને $\frac{1}{10}$ ભાગ B પાસેથી મેળવશે.

(5) A, B અને C 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. Dને નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કર્યો. A તેના ભાગમાંથી $\frac{1}{20}$ ભાગ અને B તેના ભાગમાંથી $\frac{3}{40}$ ભાગ Dની તરફેણમાં ત્યાગ કરશે.

(6) A અને B 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તેઓ Cને $\frac{1}{10}$ ભાગે નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. જે C A અને B પાસેથી સરખે હિસ્સે મેળવશે.

(7) A, B અને C 20 %, 40 % અને 40 % ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Dને નફામાં $\frac{1}{8}$ ભાગે નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. D તેનો ભાગ B અને C પાસેથી 3:2ના પ્રમાણમાં મેળવશે.

(8) A અને B એક પેઢીના ભાગીદારો છે. તેઓ Cને નફામાં $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. C તેના ભાગ પૈકી $\frac{1}{15}$ ભાગ A પાસેથી અને બાકીનો ભાગ B પાસેથી મેળવશે.

(9) A, B અને C 4:3:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ Dને $\frac{1}{20}$ ભાગે નફામાં ભાગ આપવાની શરતે દાખલ કરે છે. D તેના ભાગ પૈકી $\frac{1}{40}$ ભાગ A પાસેથી અને બાકીનો ભાગ B અને C પાસેથી સરખે હિસ્સે મેળવશે.

(10) A અને B 3:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Cને તેઓએ નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. A તેના ભાગનો $\frac{1}{3}$ ભાગ અને B તેના ભાગનો $\frac{1}{4}$ ભાગ Cની તરફેણમાં ત્યાગ કરશે.

(11) A અને B 5:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Cને તેઓ નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. A તેના ભાગના 30 % અને B તેના ભાગના 20 % Cની તરફેણમાં ત્યાગ કરશે.

(12) X અને Y 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તેઓ Zને નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરે છે. X તેના ભાગમાંથી $\frac{1}{15}$ ભાગ જ્યારે Y તેના ભાગનો $\frac{1}{5}$ ભાગ Zની તરફેણમાં ત્યાગ કરશે.

(13) X, Y અને Z 2:3:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ Wને $\frac{1}{6}$ ભાગે પેઢીમાં નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. Z તેનો ભાગ ભવિષ્યમાં પણ જાળવી રાખશે.

(14) X અને Y 5:4ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તેમણે Zને નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. ત્રણેય ભાગીદારો ભવિષ્યમાં નફો-નુકસાન સરખે હિસ્સે વહેંચશે. (ફક્ત ત્યાગનું પ્રમાણ શોધો.)

(15) X, Y અને Z 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તેઓ Wને નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરે છે. તેઓનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 4:3:2:3 રાખવાનું નક્કી કર્યું. (ફક્ત ત્યાગનું પ્રમાણ શોધો.)

**4.** નીચેના વ્યવહારો અંગે જરૂરી આમનોંધ લખો :

(1) A અને B 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Cને $\frac{1}{5}$ ભાગે નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. C મૂડી તરીકે ₹ 80,000 રોકડમાં લાવે છે. C તેના ભાગની પ્રમાણસર પાઘડી A અને Bને અંગત રીતે આપે છે. Cના પ્રવેશ પહેલાં A અને Bના ચોપડે પાઘડી ખાતું ₹ 25,000ની બાકી દર્શાવે છે.

(2) A અને B એક પેઢીના ભાગીદારો છે. Cને $\frac{1}{4}$ ભાગે પેઢીમાં દાખલ કર્યો. C મૂડી પેટે ₹ 80,000 અને તેના ભાગની પ્રમાણસર પાઘડી રોકડમાં લાવે છે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,00,000થી કરવામાં આવ્યું.

(3) A અને B 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ Cને નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. C તેના ભાગની પાઘડી અને મૂડી પેટે અનુક્રમે ₹ 40,000 અને ₹ 60,000 રોકડા લાવે છે. Cના પ્રવેશ વખતે A અને Bના પાકા સરવૈયામાં પાઘડી ₹ 30,000થી દર્શાવેલ છે. ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:5:2 નક્કી કરવામાં આવ્યું.

(4) P, Q અને R 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ મૂડી ખાતાં સ્થિર મૂડીની પદ્ધતિથી રાખે છે. તેઓ Sને નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરે છે. S મૂડી અને પાઘડી પેટે રોકડ ₹ 50,000, ફર્નિચર ₹ 40,000 અને મોટરકાર ₹ 60,000 પેઢીમાં લાવે છે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 2,40,000 કરવામાં આવ્યું. Sના પ્રવેશ વખતે જૂની પેઢીના ચોપડે પાઘડી ખાતું ₹ 90,000 બાકી દર્શાવતું હતું. બધા ભાગીદારો ભવિષ્યમાં 4:3:2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચશે. જૂના ભાગીદારો તેમને મળેલ પાઘડી પૈકી 50 % પાઘડી રોકડમાં ઉપાડી જશે.

(5) X અને Y 1:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Zને નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. Z મૂડી પેટે ₹ 65,000 અને પાઘડી તરીકે ₹ 36,000 રોકડ લાવે છે. Zના પ્રવેશ બાદ ત્રણેય ભાગીદારો સરખા હિસ્સે નફો-નુકસાન વહેંચશે.

(6) M, N અને O 4:3:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ Pને નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. P પાઘડી તરીકે ₹ 40,000 રોકડ લાવે છે. Pના પ્રવેશ બાદ નવું નફા-નુકસાનનું પ્રમાણ 1:1:2:1 નક્કી કરવામાં આવ્યું. જૂની પેઢીના ચોપડે પાઘડી ખાતાની બાકી ₹ 50,000 હતી.

(7) B અને C એક પેઢીના ભાગીદારો છે. Dને નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરે છે. D મૂડી પેટે ₹ 50,000 અને પાઘડી પેટે તેના ભાગ ₹ 20,000માંથી ₹ 14,000 રોકડમાં લાવે છે.

(8) A, B અને C 3:2:4ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ મૂડી ખાતાં સ્થિર મૂડીની પદ્ધતિથી રાખે છે. Dને નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરે છે. D મૂડી પેટે ₹ 70,000 અને પાઘડી પેટે ₹ 30,000 રોકડમાં લાવે છે. Dના પ્રવેશ વખતે પેઢીનું પાકું સરવૈયું પાઘડી ખાતું ₹ 45,000થી દર્શાવતું હતું. Dના પ્રવેશ વખતે પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,80,000 કરવામાં આવ્યું. A, B, C અને Dનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 1:1:1:1 નક્કી કરવામાં આવ્યું.

(9) A અને B 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Cને $\frac{1}{5}$ ભાગે પેઢીમાં નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરવામાં આવ્યો. C મૂડી પેટે ₹ 30,000 રોકડમાં લાવે છે, પરંતુ તેના ભાગની પાઘડીના ₹ 10,000 રોકડમાં લાવતો નથી.

(10) P અને Q સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ મૂડી ખાતાં સ્થિર મૂડીની પદ્ધતિથી રાખે છે. તેઓ Rને નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. Rના પ્રવેશ વખતે P અને Qનું પાકું સરવૈયું ₹ 70,000 પાઘડી દર્શાવતું હતું. R મૂડી તરીકે ₹ 40,000 રોકડમાં લાવે છે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,60,000 કરવામાં આવ્યું. નવું નફા-નુકસાનનું પ્રમાણ 5:2:1 નક્કી કરવામાં આવ્યું.

(11) G અને Eની મૂડી અનુક્રમે ₹ 80,000 અને ₹ 60,000 છે. તેઓ Bને $\frac{1}{4}$ ભાગે નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. B મૂડી તરીકે ₹ 50,000 લાવે છે. પાઘડીની ગણતરી કરી જરૂરી આમનોંધ લખો.

(12) R, C અને B 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓની મૂડી તા. 1-4-2016ના રોજ અનુક્રમે ₹ 1,00,000, ₹ 60,000 અને ₹ 50,000 છે. આ તારીખે પેઢીના ચોપડે સામાન્ય અનામતની બાકી ₹ 90,000 હતી. તેઓ Pને નવા ભાગીદાર તરીકે પેઢીમાં દાખલ કરે છે. P મૂડી પેટે ₹ 1,80,000 લાવે છે. બધા ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1:1:2 નક્કી કરવામાં આવ્યું. પાઘડીની ગણતરી કરી જરૂરી આમનોંધ લખો.

(13) X અને Y 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Zને $\frac{1}{5}$ ભાગે નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપે છે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 20,000 કરવામાં આવ્યું. X અને Yના પાકા સરવૈયામાં પાઘડીની બાકી ₹ 15,000થી દર્શાવેલ છે. Z મૂડી તરીકે ₹ 50,000 અને તેના ભાગની પાઘડીના 80 % રકમ રોકડમાં લાવે છે. જૂના ભાગીદારોના ખાતે જમા થયેલ પાઘડીની 40 % રકમ જૂના ભાગીદારો રોકડમાં ઉપાડી જાય છે. Zના પ્રવેશ બાદ નવી પેઢીનો પ્રથમ વર્ષનો નફો ₹ 60,000 હતો. જરૂરી આમનોંધ લખો.

**5.** R અને J 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓ $\frac{1}{6}$ ભાગે Bને નવા ભાગીદાર તરીકે દાખલ કરે છે. Bના પ્રવેશ વખતે R અને Jના ચોપડે નીચે મુજબની બાકીઓ હતી :

સામાન્ય અનામત ₹ 7000
આકસ્મિક અનામત ₹ 5100
કામદાર વળતર અનામત ₹ 6000
ઘાલખાધ અનામત ₹ 4200
રોકાણ વધઘટ અનામત ₹ 1900
જાહેરાત ઝુંબેશ ખર્ચ ₹ 3400
નફા-નુકસાન ખાતું (ઉધાર બાકી) ₹ 1600

જરૂરી આમનોંધ લખો.

**6.** K અને R 4:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ Pને $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. Pના પ્રવેશ વખતે K અને Rના ચોપડે નીચે મુજબની બાકીઓ હતી :

રોકાણ વધઘટ અનામત ₹ 2500
કામદાર વળતર અનામત ₹ 7000
ઘાલખાધ અનામત ₹ 3000
રોકાણો ₹ 20,000
દેવાદારો ₹ 70,000

નીચેના સંજોગોમાં જરૂરી આમનોંધ લખો :

(1) જો રોકાણોની બજારકિંમત નીચે મુજબ હોય,
(i) ₹ 19,500 (ii) ₹ 22,000

(2) જો કામદાર વળતરનો દાવો નીચે મુજબ સ્વીકારવામાં આવે,
(i) ₹ 6000 (ii) ₹ 8500

(3) જો દેવાદારો પર નીચે મુજબ ઘાલખાધ અનામત જરૂરી હોય,
(i) ₹ 4000 (ii) ₹ 2500
(iii) ₹ 2000 ઘાલખાધ માંડી વાળ્યા બાદ ઘાલખાધ અનામત 10 % જરૂરી હોય.

**7.** A અને B સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તેઓ Cને $\frac{1}{4}$ ભાગ આપવાની શરતે પેઢીમાં દાખલ કરે છે. Cના પ્રવેશ વખતે A અને Bના પાકા સરવૈયામાં નીચે મુજબની બાકીઓ હતી :

| | | | | | |
|---|---|---|---|---|---|
| પેટન્ટ | ₹ | 30,000 | પાઘડી | ₹ | 20,000 |
| જમીન-મકાન | ₹ | 1,80,000 | યંત્રો | ₹ | 60,000 |
| સ્ટૉક | ₹ | 35,000 | લેણદારો | ₹ | 40,000 |

Cના પ્રવેશ વખતે નક્કી કરવામાં આવ્યું કે,

(i) પેટન્ટ પૂરેપૂરા માંડી વાળવા.
(ii) જમીન-મકાનની કિંમતમાં 20 % વધારો કરવો.
(iii) યંત્રોની કિંમત 60 % સુધી ગણવી.
(iv) સ્ટૉકની કિંમત, પડતર કરતાં ₹ 4000 વધારે આંકવામાં આવેલ હતી.
(v) લેણદારોમાંથી ₹ 6000 ચૂકવવા પડશે નહિ.

જરૂરી આમનોંધ લખી પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરો.

8. આભા અને બીના 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | | 18,000 |
| આભા | 80,000 | | જમીન-મકાન | | 72,000 |
| બીના | 60,000 | 1,40,000 | યંત્રો | | 40,000 |
| સામાન્ય અનામત | | 18,000 | સ્ટૉક | | 36,000 |
| કારીગર વળતર અનામત | | 4500 | દેવાદારો | 24,000 | |
| રોકાણ અનામત | | 1500 | – ઘાલખાધ અનામત | 2000 | 22,000 |
| લેણદારો | | 28,000 | રોકાણો | | 8000 |
| દેવીહૂંડી | | 12,000 | રોકડ-બૅન્ક | | 2000 |
| | | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 6000 |
| | | **2,04,000** | | | **2,04,000** |

તેઓએ તા. 1-4-2017થી ઋષિલને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોએ દાખલ કર્યો :

(1) ઋષિલ ₹ 1,00,000 મૂડી તરીકે અને ₹ 24,000 પાઘડી પેટે રોકડા લાવશે.

(2) જમીન-મકાનની કિંમત ₹ 17,000થી વધારવી.

(3) યંત્રોની કિંમત ₹ 32,000 સુધી ઘટાડવી.

(4) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(5) નહિ ચૂકવેલ વીજળી બિલ માટે ₹ 1100ની જોગવાઈ કરવી.

(6) ત્રણેય ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1:2 રાખવું.

જરૂરી આમનોંધ લખી પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં, રોકડ-બૅન્ક ખાતું અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

9. આસ્થા અને આહના એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 8400 |
| આસ્થા | 76,000 | | જમીન-મકાન | 40,000 |
| આહના | 48,400 | 1,24,400 | યંત્રો | 32,000 |
| કામદાર વળતર ભંડોળ | | 4800 | રોકાણો | 20,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 1600 | દેવાદારો | 25,200 |
| પ્રોવિડન્ટ ફંડ | | 6400 | સ્ટૉક | 14,400 |
| ઘાલખાધ અનામત | | 8000 | રોકડ | 16,000 |
| લેણદારો | | 12,000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | 3200 |
| દેવીહૂંડી | | 6000 | નફા-નુકસાન ખાતું | 4000 |
| | | **1,63,200** | | **1,63,200** |

તા. 1-4-2017થી તેઓએ સોનુને નવા ભાગીદાર તરીકે દાખલ કરી. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) સોનુ મૂડી તરીકે ₹ 80,000 અને તેના ભાગની પાઘડી પૈકી ₹ 7200 રોકડા લાવશે.

(2) નવું નફા-નુકસાનનું પ્રમાણ 4:3:3 નક્કી કરવામાં આવ્યું.

(3) પાઘડીનું મૂલ્યાંકન ₹ 40,000 કરવામાં આવ્યું.

(4) કામદાર વળતરનો દાવો ₹ 3200 મંજૂર કર્યો.

(5) રોકાણો ₹ 19,200માં આહના લઈ જશે.

(6) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ ₹ 2400 નોંધેલ નથી.

(7) લેણદારોએ લખેલી દેવીહૂંડી ₹ 2000 સ્વીકારેલ જે ચોપડે નોંધેલ નથી.

(8) જમીન-મકાનની ચોપડે કિંમત તેની બજારકિંમત કરતાં 20 % ઓછી છે.

(9) ચૂકવેલ વીમા-પ્રીમિયમમાં ₹ 4800 આવતા વર્ષના છે.

જરૂરી ખાતાં અને પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**10.** વિદિત અને વિશાલ 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | મકાન | 66,000 |
| વિદિત | 48,000 | | યંત્રો | 30,000 |
| વિશાલ | 60,000 | 1,08,000 | સ્ટૉક | 18,000 |
| આકસ્મિક અનામત | | 9000 | દેવાદારો | 39,600 |
| કામદાર વળતર અનામત | | 24,000 | બૅન્ક | 8400 |
| રોકાણ અનામત | | 7200 | રોકાણો | 18,000 |
| લેણદારો | | 30,000 | | |
| ઘાલખાધ અનામત | | 1800 | | |
| | | **1,80,000** | | **1,80,000** |

તા. 1-4-2016ના રોજ તેઓએ બન્ટીને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોથી પ્રવેશ આપ્યો :

(1) વિદિત તેના ભાગમાંથી $\frac{1}{4}$ ભાગ અને વિશાલ તેના ભાગમાંથી $\frac{1}{8}$ ભાગ બન્ટીની તરફેણમાં ત્યાગ કરશે.

(2) બન્ટી મૂડી તરીકે ₹ 72,000 અને તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

(3) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 32,000 કરવામાં આવ્યું.

(4) વિદિત અને વિશાલ તેમને મળેલ પાઘડી પૈકી 50 % પાઘડી રોકડમાં ઉપાડી જશે.

(5) યંત્રો પર 10 % ઘસારો ગણવો.

(6) દેવાદારોમાંથી ₹ 3600 ઘાલખાધ તરીકે માંડી વાળવા અને 15 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(7) રોકાણોની બજારકિંમત ₹ 9000 છે, જે ચોપડે લાવવી.

(8) કારીગર વળતર પેટે ₹ 30,000નો દાવો સ્વીકારવો.

(9) લેણદારોની 10 % રકમ ચૂકવવી પડશે નહિ.

જરૂરી ખાતાં તૈયાર કરી નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**11.** પ્રેરણા અને પીયૂષ મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2016નું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | મકાન | 90,000 |
| પ્રેરણા | 50,000 | | ફર્નિચર | 17,500 |
| પીયૂષ | 1,50,000 | 2,00,000 | યંત્રો | 1,07,500 |
| અનામત ભંડોળ | | 30,000 | સ્ટૉક | 17,500 |
| લેણદારો | | 40,000 | દેવાદારો | 30,000 |
| ચૂકવવાના બાકી ખર્ચા | | 1500 | રોકડ-બૅન્ક | 8250 |
| | | | મળવાની બાકી આવક | 750 |
| | | **2,71,500** | | **2,71,500** |

તા. 31-3-2016ના રોજ પોયણીને નફામાં $\frac{1}{5}$ ભાગ આપવાની શરતે પ્રવેશ આપ્યો.

(1) પોયણી મૂડી પેટે ₹ 62,500 અને તેના ભાગની પાઘડી પેટે ₹ 24,000 રોકડા લાવ્યા. પાઘડીની રકમમાંથી 60 % રકમ જૂના ભાગીદારો તરત જ ઉપાડી જશે.

(2) સ્ટૉક અને યંત્રોની બજારકિંમત અનુક્રમે ₹ 20,000 અને ₹ 1,20,000 છે.

(3) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત અને 2 % વટાવ અનામતની જોગવાઈ કરવી.

(4) લેણદારોને ₹ 30,000 ચૂકવવા પડશે.

(5) મકાનની કિંમતમાં 15 % અને ફર્નિચરની કિંમતમાં 20 %નો વધારો કરવો.

(6) ₹ 460 મજૂરીના ચૂકવવાના બાકી છે, જે ચોપડે નોંધેલ નથી.

ઉપરોક્ત માહિતી પરથી જરૂરી ખાતાં તૈયાર કરી નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**12.** P અને Q 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | | 80,000 |
| P | 70,000 | | દેવાદારો | 22,000 | |
| Q | 50,000 | 1,20,000 | − ઘાલખાધ અનામત | 2000 | 20,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 18,000 | સ્ટૉક | | 36,000 |
| લેણદારો | | 22,000 | રોકડ | | 4000 |
| | | | પાઘડી | | 20,000 |
| | | **1,60,000** | | | **1,60,000** |

ઉપરની તારીખે તેઓએ Rને નીચેની શરતોએ નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો :

(1) R મૂડી પેટે ₹ 60,000 રોકડા લાવશે.

(2) પેઢીની પાઘડીની કિંમત ₹ 30,000 નક્કી થઈ.

(3) R તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવશે નહિ.

(4) જમીન-મકાનની કિંમત ₹ 90,000 ગણવી.

(5) દેવાદારો પર ઘાલખાધ અનામત 5 % રાખવી.

(6) સ્ટૉકની કિંમતમાં ₹ 400 ઘટાડો કરવો.

(7) લેણદારોને ₹ 500 ચૂકવવાના નથી.

(8) બધા જ ભાગીદારોનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 5:2:3 નક્કી કર્યું.

ઉપરની માહિતી પરથી પેઢીના ચોપડે જરૂરી ખાતાં નક્કી કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો અને પાઘડી અંગે જરૂરી આમનોંધ આપો.

**13.** A અને B એક ભાગીદારી પેઢીના 4:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | | 35,000 |
| A | 75,000 | | ફર્નિચર | | 30,000 |
| B | 25,000 | 1,00,000 | રોકાણો | | 25,000 |
| **ચાલુ ખાતાં :** | | | સ્ટૉક | | 15,000 |
| A | 8000 | | દેવાદારો | 5500 | |
| B | 2000 | 10,000 | – ઘાલખાધ અનામત | 500 | 5000 |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | | 5000 | લેણીહૂંડી | | 2000 |
| લેણદારો | | 4000 | રોકડ-બૅન્ક | | 3000 |
| દેવીહૂંડી | | 1000 | પાઘડી | | 5000 |
| | | **1,20,000** | | | **1,20,000** |

ઉપરની તારીખે Cને નવા ભાગીદાર તરીકે નીચેની શરતે પ્રવેશ આપ્યો. નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:1:1 રાખવાનું નક્કી કર્યું.

(1) C તેના નફાના $\frac{1}{5}$ ભાગ પેટે ₹ 20,000 રોકડા મૂડી તરીકે અને ₹ 5000 પાઘડી તરીકે લાવશે. પાઘડીની રકમમાંથી અડધી રકમ જૂના ભાગીદારો તરત જ ઉપાડી જશે.

(2) જમીન-મકાનની કિંમતમાં 10 % વધારો કરવો. જ્યારે ફર્નિચર અને સ્ટૉકની કિંમતમાં 5 % ઘટાડો કરવો.

(3) રોકાણોની બજારકિંમત ₹ 35,000 છે, જે ચોપડે લાવવી.

(4) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરવી.

(5) અકસ્માત વળતર અંગે ₹ 1000નો દાવો મંજૂર કરેલ છે.

(6) બૅન્ક ચાર્જિસના ₹ 450 ચૂકવેલ જેની નોંધ કરવાની બાકી છે.

જરૂરી ખાતાં તૈયાર કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**14.** ઋત્વી અને પ્રિન્સી 5:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજનું પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

### પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| કામદાર નફા-ભાગ ભંડોળ | | 30,000 | બૅન્ક | 60,000 |
| લેણદારો | | 1,20,000 | દેવાદારો | 90,000 |
| કામદાર વળતર અનામત | | 60,000 | સ્ટૉક | 60,000 |
| **ચાલુ ખાતાં :** | | | મકાન | 4,50,000 |
| ઋત્વી | 1,50,000 | | રોકાણો | 1,05,000 |
| પ્રિન્સી | 1,95,000 | 3,45,000 | | |
| **મૂડી ખાતાં :** | | | | |
| ઋત્વી | 1,20,000 | | | |
| પ્રિન્સી | 90,000 | 2,10,000 | | |
| | | **7,65,000** | | **7,65,000** |

તા. 1-4-2017ના રોજથી મનનને ભાગીદાર તરીકે દાખલ કર્યો. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) મનન તેનું અંગત ફર્નિચર ₹ 75,000નું મૂડી તરીકે પેઢીમાં લાવશે.

(2) લેણદારો પૈકી ₹ 60,000 મનનને ચૂકવવાના છે, જે તેના મૂડી ખાતે લઈ જવા.

(3) મનનનો ભવિષ્યના નફામાં $\frac{1}{5}$ ભાગ રહેશે.

(4) મનન પાઘડી તરીકે ₹ 45,000 રોકડમાં લાવશે.

(5) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 3,00,000 કરવામાં આવ્યું.

(6) ઉધાર ખરીદીના ₹ 15,000 લેણદારો ખાતે અને ખરીદ ખાતે નોંધવાના બાકી છે. આ માલનો સમાવેશ આખરસ્ટૉકમાં થયેલ છે.

(7) ₹ 45,000ના સ્ટૉકની બજારકિંમત ₹ 36,000 છે.

(8) કારીગર વળતર અનામત પેટે જવાબદારી ₹ 28,000 છે.

(9) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ ₹ 24,000 નોંધવાનું બાકી છે.

પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**15.** રિયા અને ગૌરી 1:2ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2017ના રોજ તેઓએ સંજુને $\frac{1}{5}$ ભાગે નવા ભાગીદાર તરીકે દાખલ કર્યો. સંજુ મૂડી તરીકે ₹ 90,000 રોકડા લાવે છે. અનામતો, પુનઃમૂલ્યાંકન ખાતાનો નફો અને પાઘડીના હવાલા નાખ્યા બાદ રિયા અને ગૌરીની મૂડી અનુક્રમે ₹ 1,50,000 અને ₹ 2,00,000 હતી. ભાગીદારોએ નક્કી કર્યું કે નવી પેઢીની કુલ મૂડી ₹ 4,50,000 નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવી. ભાગીદારો જરૂરી રોકડ લાવશે અથવા ઉપાડી જશે. ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**16.** પાર્શ્વી અને અનેરી 2:1ના પ્રમાણમાં નફા-નુકસાન વહેંચી લેતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

### પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | 21,000 |
| પાર્શ્વી | 91,000 | | મકાન | 1,40,000 |
| અનેરી | 84,000 | 1,75,000 | ફર્નિચર | 28,000 |
| મૂડી અનામત | | 14,700 | સ્ટૉક | 18,200 |
| કામદાર બચત ખાતાં | | 7000 | દેવાદારો | 16,800 |
| કારીગર નફા-ભાગ ભંડોળ | | 8400 | રોકડ | 56,000 |
| 10 %ની લોન | | 35,000 | | |
| લેણદારો | | 39,900 | | |
| | | **2,80,000** | | **2,80,000** |

તા. 1-4-2016ના રોજ તેઓએ હેન્સીને નવા ભાગીદાર તરીકે નીચેની શરતોથી દાખલ કરી :

(1) નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:4:2 રાખવું.

(2) હેન્સી મૂડી તરીકે ₹ 40,000 રોકડમાં લાવશે.

(3) લોન પર એક વર્ષનું વ્યાજ ચૂકવવાનું બાકી છે.

(4) પાર્શ્વીના અંગત ખર્ચના ચૂકવેલ ₹ 5600 નફા-નુકસાન ખાતે ઉધારેલ છે.

(5) પુનર્ગઠન ખર્ચના ₹ 8400 અનેરીએ ચૂકવ્યા.

(6) પાઘડીનું મૂલ્યાંકન ₹ 90,000 કરવામાં આવ્યું.

(7) હેન્સીની મૂડીને પાયા તરીકે રાખી પાર્શ્વી અને અનેરીની મૂડી નવી પેઢીમાં નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવી અને જરૂરી હવાલા ભાગીદારોનાં ચાલુ ખાતાંમાં નાખવા.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**17.** અંકિતા અને એશા 2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

### પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | યંત્રો | | 64,000 |
| અંકિતા | 64,000 | | ફર્નિચર | | 40,000 |
| એશા | 32,000 | 96,000 | સ્ટૉક | | 13,600 |
| અનામત ભંડોળ | | 16,800 | દેવાદારો | 40,000 | |
| લેણદારો | | 60,000 | – ઘાલખાધ અનામત | 3200 | 36,800 |
| દેવીહૂંડી | | 8000 | રોકડ-બૅન્ક | | 26,400 |
| | | **1,80,800** | | | **1,80,800** |

અર્પિતાને તા. 1-4-2016થી નવા ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવી. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) અંકિતા તેના ભાગમાંથી $\frac{1}{12}$ ભાગ અને એશા તેના ભાગમાંથી $\frac{1}{6}$ ભાગ અર્પિતાને આપશે.

(2) અર્પિતા તેના ભાગે પ્રમાણસર મૂડી લાવશે.

(3) અર્પિતા તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 90,000 કરવામાં આવ્યું.

(4) કાયમી મિલકતો 10 % ઘસારાને પાત્ર છે.

(5) બધા જ દેવાદારો સધ્ધર છે.

(6) વીમા-પ્રીમિયમના ચૂકવેલ ₹ 12,000 પૈકી ₹ 2400 આવતા વર્ષે આગળ લઈ જવાના છે.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**18.** જૈની અને આન્યા 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | મકાન | | 42,000 |
| જૈની | 70,000 | | યંત્રો | | 17,500 |
| આન્યા | 56,000 | 1,26,000 | રોકાણો | | 63,000 |
| સામાન્ય અનામત | | 8400 | દેવાદારો | 56,000 | |
| રોકાણ અનામત | | 4200 | – ઘાલખાધ અનામત | 2800 | 53,200 |
| કારીગર નફા-ભાગ ભંડોળ | | 31,500 | બૅન્ક | | 39,200 |
| લેણદારો | | 44,800 | | | |
| | | **2,14,900** | | | **2,14,900** |

તા. 1-4-2016ના રોજ તેમણે પ્રિયંકાને નીચેની શરતોથી નવા ભાગીદાર તરીકે દાખલ કરી.

(1) પ્રિયંકા પાઘડી પેટે ₹ 14,000 રોકડમાં લાવશે.

(2) જૈની અને આન્યાની નવી પેઢીમાં કુલ મૂડીના 20 % જેટલી મૂડી પ્રિયંકા લાવશે.

(3) નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:2:1 રાખવું.

(4) ઘાલખાધ અનામતની જોગવાઈ જરૂરી નથી.

(5) યંત્રોની કિંમતમાં 10 % ઘટાડો કરવો.

(6) મકાનની બજારકિંમત ₹ 70,000 છે.

(7) રોકાણોની બજારકિંમત ₹ 68,950 છે.

(8) જૈની અને આન્યા નવી પેઢીમાં તેમની બંનેની કુલ મૂડી તેમના સંબંધિત નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે. જરૂરી હવાલા બૅન્ક ખાતા દ્વારા કરવા.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**19.** ટપુ અને સોનુ 1:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 54,000 |
| ટપુ | 2,00,000 | | જમીન-મકાન | 3,00,000 |
| સોનુ | 3,00,000 | 5,00,000 | યંત્રો | 1,00,000 |
| નફા-નુકસાન ખાતું | | 48,000 | સ્ટૉક | 40,000 |
| લેણદારો | | 50,000 | દેવાદારો | 80,000 |
| ઘાલખાધ અનામત | | 16,000 | રોકડ | 40,000 |
| | | **6,14,000** | | **6,14,000** |

ઉપરની તારીખે તેઓએ ગોલીને નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) પાઘડીનું મૂલ્યાંકન ₹ 54,000 કરવામાં આવ્યું.

(2) દેવાદારો પર ઘાલખાધ અનામત ₹ 10,000 રાખવી.

(3) જમીન-મકાનની કિંમતમાં 10 % વધારો કરવો.

(4) યંત્રોની ચોપડે કિંમત તેની બજારકિંમત કરતાં 25 % વધુ છે.

(5) સ્ટૉકની કિંમત 10 % ઘટાડવી.

(6) ગોલી નવી પેઢીની ચોખ્ખી મિલકતની 50 % જેટલી રકમ મૂડી તરીકે લાવશે.

(7) ગોલી તેના ભાગની પાઘડીની રકમ રોકડમાં લાવશે.

(8) ટપુ તેના નફાનો $\frac{1}{3}$ ભાગ જ્યારે સોનુ તેના નફાના ભાગમાંથી $\frac{1}{6}$ ભાગ ગોલીને આપશે.

જરૂરી ખાતાં તૈયાર કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો. ત્રણેય ભાગીદારોનું નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરો.

**20.** મિત, જીત અને નીલ 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | મકાન | 1,00,000 |
| મિત | 1,00,000 | | યંત્રો | 80,000 |
| જીત | 75,000 | | રોકાણો | 60,000 |
| નીલ | 50,000 | 2,25,000 | દેવાદારો | 40,000 |
| સામાન્ય અનામત | | 12,000 | સ્ટૉક | 64,000 |
| રોકાણ અનામત | | 20,000 | રોકડ | 26,000 |
| કારીગર વળતર અનામત | | 15,000 | | |
| કારીગર નફા-ભાગ ભંડોળ | | 35,000 | | |
| કામદાર બચત ખાતાં | | 40,000 | | |
| લેણદારો | | 23,000 | | |
| | | **3,70,000** | | **3,70,000** |

ઉપરની તારીખે તેઓએ હીરને નવા ભાગીદાર તરીકે પ્રવેશ આપ્યો. પ્રવેશની શરતો નીચે મુજબ હતી :

(1) મિત તેના નફામાંથી $\frac{1}{8}$ ભાગ જ્યારે નીલ તેના નફામાંથી $\frac{1}{24}$ ભાગ હીરની તરફેણમાં ત્યાગ કરશે.

(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000 કરવામાં આવ્યું. હીર તેના ભાગની પાઘડી રોકડમાં લાવશે.

(3) રોકાણોની બજારકિંમત ₹ 52,000 છે, જે ચોપડે લાવવી.

(4) કારીગર વળતરનો ₹ 18,000નો દાવો મંજૂર રાખવો.

(5) યંત્રોની બજારકિંમત ₹ 60,000 છે, જ્યારે મકાનની બજારકિંમત ₹ 1,26,000 છે, જે ચોપડે લાવવી.

(6) હીર મૂડી તરીકે ₹ 50,000 રોકડમાં લાવશે.

(7) હીરની મૂડીને પાયા તરીકે રાખી અન્ય ભાગીદારોની મૂડી નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવી. જરૂરી અસર રોકડ ખાતે આપવી.

ઉપરની વિગતો પરથી જરૂરી ખાતાં તૈયાર કરી પ્રવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

●

# 6

# ભાગીદારની નિવૃત્તિ / મૃત્યુ
# (Retirement / Death of a Partner)


1. પ્રસ્તાવના
2. ભાગીદારની નિવૃત્તિના સંજોગો
3. મહત્ત્વની હિસાબી બાબતો અને હિસાબી અસરો
4. નફા-નુકસાનના નવા પ્રમાણની અને લાભના પ્રમાણની ગણતરી
5. પાઘડીની હિસાબી અસરો
6. મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન
7. અનામતો અને નહિ વહેંચાયેલ નફા-નુકસાનની વહેંચણી
8. નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ નક્કી કરવી
9. મૃત્યુ પામનાર ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ નક્કી કરવી અને તેના વહીવટકર્તાને ચૂકવણી કરવી

– સ્વાધ્યાય


## 1. પ્રસ્તાવના (Introduction)

ભાગીદારનું નિવૃત્ત થવું એટલે પેઢીના ભાગીદાર તરીકે છૂટા થવું. 1932ના ભારતીય ભાગીદારી ધારા અનુસાર પેઢીમાંથી કોઈ ભાગીદાર કોઈ પણ કારણસર પેઢીમાંથી છૂટો થાય કે મૃત્યુ પામે તો ભાગીદારીનો અંત આવે છે, પરંતુ પેઢીનું વિસર્જન થતું નથી. બાકીના ચાલુ રહેતા ભાગીદારો પેઢી અને તેનો ધંધો ચાલુ રાખી શકે છે. આ માટે પેઢીના ચોપડે ભાગીદારની નિવૃત્તિના હિસાબોની અસરો આપવી જરૂરી બને છે. આ પરિસ્થિતિમાં ભાગીદારીની પુનઃરચના થાય છે.

## 2. ભાગીદારની નિવૃત્તિના સંજોગો (Circumstances of Retirement of a Partner)

ભાગીદારની નિવૃત્તિના સંજોગોને નીચે પ્રમાણે બે ભાગમાં વહેંચી શકાય :

(A) ભારતીય ભાગીદારી ધારા અનુસાર

(B) ભાગીદારની અંગત કારણોસર સ્વૈચ્છિક નિવૃત્તિ

**(A) ભારતીય ભાગીદારી ધારા અનુસાર :** ભારતીય ભાગીદારી ધારા અનુસાર નીચેના સંજોગોને આધીન કોઈ પણ ભાગીદાર પેઢીમાંથી છૂટો થઈ શકે છે.

(1) **સર્વ-સંમતિથી :** કોઈ પણ ભાગીદાર બધા ભાગીદારોની સર્વસંમતિથી પેઢીમાંથી નિવૃત્ત થઈ શકે છે.

(2) **નોટિસ દ્વારા :** ભાગીદાર તેની પેઢીના અન્ય ભાગીદારોને નિવૃત્ત થવાના તેના ઇરાદાની લેખિત નોટિસ આપી પેઢીમાંથી છૂટા થવાનો અધિકાર ધરાવે છે.

(3) **કરાર દ્વારા :** ભાગીદારી કરારની શરતો અનુસાર પણ ભાગીદાર નિવૃત્ત થઈ શકે છે.

(4) **ભાગીદારની નાદારી :** કોઈ પણ ભાગીદાર નાદાર જાહેર થાય ત્યારે તેની નાદારીની તારીખથી તેની ભાગીદારીનો અંત આવે છે.

(5) **ભાગીદારનું મૃત્યુ થવાથી :** ભાગીદારના મૃત્યુને કારણે આપોઆપ તેની ભાગીદારીનો અંત આવે છે.

(6) **અન્ય ભાગીદારો દ્વારા છૂટો કરવામાં આવે :** ભાગીદારી કરારમાં જોગવાઈને આધીન કોઈ ચાલુ ભાગીદારને અન્ય ભાગીદારો કરારની જોગવાઈ અનુસાર છૂટો કરી શકે છે.

**(B) ભાગીદારના અંગત કારણોસર સ્વૈચ્છિક નિવૃત્તિ :** કોઈ ભાગીદાર પોતાના અંગત કારણોસર નિવૃત્ત થવાનો નિર્ણય કરી શકે છે. સક્રિય ભાગીદારે જાહેર નોટિસ દ્વારા તેની નિવૃત્તિ અંગેની જાહેરાત કરવી ફરજિયાત છે. નહિતર તેની નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ દ્વારા ઉપસ્થિત થતી ત્રાહિત પક્ષ પ્રત્યેની જવાબદારી માટે તે જવાબદાર બને છે.

## 3. મહત્ત્વની હિસાબી બાબતો અને હિસાબી અસરો (Important Accounting Aspects and Accounting Treatments)

જ્યારે પેઢીના ભાગીદારો પૈકી કોઈ ભાગીદાર નિવૃત્ત થાય કે મૃત્યુ પામે અને બાકીના ભાગીદારો પેઢીનો ધંધો ચાલુ રાખે તો નિવૃત્તિની તારીખે પેઢીના ચોપડે હિસાબોમાં નીચે મુજબની બાબતો ધ્યાનમાં લેવાની રહે છે.

(1) નફા-નુકસાનના નવા પ્રમાણની અને ચાલુ રહેતા ભાગીદારોને મળતા લાભના પ્રમાણની ગણતરી કરવી.

(2) પાઘડીની રકમ નક્કી કરવી અને તેની જરૂરી હિસાબી અસરો આપવી.

(3) મિલકતોનું પુનઃમૂલ્યાંકન અને જવાબદારીઓની પુનઃઆકારણી કરવી.

(4) એકત્રિત થયેલ અનામતો અને નહિ વહેંચાયેલ નફા-નુકસાનની બાકીની વહેંચણી કરવી.

(5) નિવૃત્ત થતા કે મૃત્યુ પામનાર ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ નક્કી કરવી.

(6) નિવૃત્ત થતા કે મૃત્યુ પામનાર ભાગીદારને તેની લેણી રકમની ચુકવણી કરવી.

## 4. નફા-નુકસાનના નવા પ્રમાણની અને લાભના પ્રમાણની ગણતરી (Calculation of New Profit Sharing Ratio and Gaining Ratio)

જ્યારે ભાગીદાર નિવૃત્ત થાય કે મૃત્યુ પામે અને બાકીના ભાગીદારો પેઢીનો ધંધો ચાલુ રાખે તો ચાલુ રહેતા ભાગીદારોનું નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરવામાં આવે છે. તે જ રીતે નિવૃત્ત થતા ભાગીદારનો નફામાં ભાગ ચાલુ રહેતા ભાગીદારો વચ્ચે વહેંચાય છે. તેથી તેમનું લાભનું પ્રમાણ અસ્તિત્વમાં આવે છે. હવે આપણે નફા-નુકસાનના નવા પ્રમાણ અને લાભના પ્રમાણની ગણતરી કેવી રીતે કરવામાં આવે છે તે સમજીએ.

**નફા-નુકસાનના નવા પ્રમાણની ગણતરી :** એક ભાગીદારના નિવૃત્ત થવાને કારણે તેના નફાનો ભાગ બાકીના ચાલુ રહેતા ભાગીદારો વચ્ચે વહેંચાય છે એટલે કે તેમને લાભ થાય છે. તેથી બાકીના ભાગીદારો વચ્ચે નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરવું જરૂરી બને છે. ચાલુ રહેતા ભાગીદારોના જૂના ભાગમાં તેમને મળતો લાભ ઉમેરતાં તેમનો નવો ભાગ મળે છે.

∴ નવો ભાગ = જૂનો ભાગ + લાભ અને

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

નફા-નુકસાનના નવા પ્રમાણની ગણતરી નીચે દર્શાવ્યા પ્રમાણેના સંજોગો અનુસાર કરી શકાય.

(1) જ્યારે લાભનું પ્રમાણ કે લાભનો ભાગ આપેલ ન હોય, એટલે કે જૂનું પ્રમાણ ચાલુ રાખવામાં આવે ત્યારે

(2) જ્યારે ચાલુ રહેતા ભાગીદારોને થતા લાભનો ભાગ આપેલ હોય ત્યારે

(3) જ્યારે ચાલુ રહેતા ભાગીદારોને થતા લાભનું પ્રમાણ આપેલ હોય ત્યારે

(4) જ્યારે નફા-નુકસાનનું જૂનું અને નવું પ્રમાણ આપવામાં આવેલ હોય ત્યારે

હવે આપણે નફા-નુકસાનના નવા પ્રમાણની વિગતવાર ચર્ચા કરીએ :

**(1) જૂનું પ્રમાણ નવા પ્રમાણ તરીકે ચાલુ રાખવામાં આવે ત્યારે :** જ્યારે નિવૃત્ત થતા ભાગીદારનો ભાગ બાકીના ભાગીદારો કયા પ્રમાણમાં વહેંચશે તે આપેલ ન હોય ત્યારે એવું માનવામાં આવે છે કે, કોઈ ભાગીદારની નિવૃત્તિ પછી ચાલુ રહેતા બાકીના ભાગીદારો ભવિષ્યમાં તેમના જૂના પ્રમાણમાં જ નફા-નુકસાનની વહેંચણી કરવાનું ચાલુ રાખે છે. અર્થાત્ તેમનું જૂનું પ્રમાણ જ નવું પ્રમાણ બને છે. આ સંજોગોમાં ભાગીદારની નિવૃત્તિ વખતે આપેલા જૂના પ્રમાણમાંથી નિવૃત્ત ભાગીદારનો ભાગ રદ કરતાં, ચાલુ ભાગીદારો વચ્ચે જે જૂનું પ્રમાણ હતું તે જ હવે નવું પ્રમાણ બને છે.

**ઉદાહરણ 1 :** M, N અને O એક પેઢીના ભાગીદારો છે. તેઓ નફો-નુકસાન 4:3:2ના પ્રમાણમાં વહેંચે છે. નીચે આપેલા સંજોગોમાં નફા-નુકસાનના નવા પ્રમાણની ગણતરી કરો :

જો (i) M નિવૃત્ત થાય

(ii) N નિવૃત્ત થાય

(iii) O નિવૃત્ત થાય

**જવાબ :** M, N અને Oનું જૂનું પ્રમાણ = 4:3:2

(i) જો M નિવૃત્ત થાય, તો N અને Oનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 3:2 થાય.

(ii) જો N નિવૃત્ત થાય, તો M અને Oનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 4:2 એટલે કે 2:1 થાય.

(iii) જો O નિવૃત્ત થાય, તો M અને Nનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 4:3 થાય.

અહીં લાભનું પ્રમાણ પણ ચાલુ રહેતા ભાગીદારોના જૂના પ્રમાણમાં જ રહેશે.

લાભ = નવો ભાગ – જૂનો ભાગ

જો M નિવૃત્ત થાય ત્યારે :

| | M | | N | | O |
|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ : | 4 | : | 3 | : | 2 |
| નવું પ્રમાણ : | નિવૃત્ત | : | 3 | : | 2 |

Nનો લાભ = $\frac{3}{5} - \frac{3}{9} = \frac{27-15}{45} = \frac{12}{45}$

Oનો લાભ = $\frac{2}{5} - \frac{2}{9} = \frac{18-10}{45} = \frac{8}{45}$

∴ N અને Oના લાભનું પ્રમાણ = 12:8 એટલે કે 3:2

આ જ પ્રમાણે જ્યારે N નિવૃત્ત થાય અને જ્યારે O નિવૃત્ત થાય ત્યારે લાભનું પ્રમાણ પણ અનુક્રમે 2:1 અને 4:3નાં પ્રમાણમાં જ રહેશે.

**ઉદાહરણ 2 :** M, N અને O $\frac{4}{9}$, $\frac{1}{3}$ અને $\frac{2}{9}$ ભાગે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. નીચેના સંજોગોમાં નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરો.

જો, (i) M નિવૃત્ત થાય.

(ii) N નિવૃત્ત થાય.

(iii) O નિવૃત્ત થાય.

**જવાબ :** M, N અને Oનું જૂનું પ્રમાણ = $\frac{4}{9} : \frac{1}{3} : \frac{2}{9}$ છે. છેદ સરખો કરતાં આ પ્રમાણ $\frac{4}{9} : \frac{3}{9} : \frac{2}{9}$ એટલે કે 4:3:2 થાય, તેથી આપેલ દરેક સંજોગમાં નફા-નુકસાનનું નવું પ્રમાણ નીચે મુજબ મળે. (ઉદાહરણ 1 મુજબ જ ગણતરી થાય.)

(i) જો M નિવૃત્ત થાય, તો N અને Oનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 3:2 થાય.

(ii) જો N નિવૃત્ત થાય, તો M અને Oનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 4:2 એટલે કે 2:1 થાય.

(iii) જો O નિવૃત્ત થાય, તો M અને Nનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 4:3 થાય.

**સમજૂતી :** જો આપણે ઉપરનાં ઉદાહરણોમાં ચાલુ રહેતા ભાગીદારોના લાભના પ્રમાણની ગણતરી કરીએ તો,

**લાભ = નવો ભાગ – જૂનો ભાગ**

સંજોગ (i)માં M નિવૃત્ત થાય ત્યારે

| | M | | N | | O |
|---|---|---|---|---|---|
| જૂનું પ્રમાણ | 4 | : | 3 | : | 2 |
| ∴ જૂનો ભાગ | $\frac{4}{9}$ | : | $\frac{3}{9}$ | : | $\frac{2}{9}$ |

M નિવૃત્ત થતાં, N અને Oનું નવું પ્રમાણ = 3:2

∴ N અને Oનો નવો ભાગ = $\frac{3}{5} : \frac{2}{5}$

∴ લાભ = નવો ભાગ − જૂનો ભાગ

Nનો લાભ = $\frac{3}{5} - \frac{3}{9} = \frac{27-15}{45} = \frac{12}{45}$ થાય.

Oનો લાભ = $\frac{2}{5} - \frac{2}{9} = \frac{18-10}{45} = \frac{8}{45}$ થાય.

∴ N અને Oનું લાભનું પ્રમાણ $\frac{12}{45} : \frac{8}{45}$ એટલે કે 12:8 અથવા 3:2 થાય.

આમ, N અને Oનું જૂનું પ્રમાણ જ તેમના લાભનું પ્રમાણ થાય છે. તેથી,

સંજોગ (ii)માં જો N નિવૃત્ત થાય, તો M અને Oનું જૂનું પ્રમાણ 4:2 એટલે કે 2:1 લાભનું પ્રમાણ થાય.

સંજોગ (iii)માં જો O નિવૃત્ત થાય, તો M અને Nનું જૂનું પ્રમાણ 4:3 લાભનું પ્રમાણ થાય.

**નોંધ :** આમ ઉપર જોતાં જણાય છે કે કોઈ ભાગીદારની નિવૃત્તિ બાદ ચાલુ રહેતા ભાગીદારો વચ્ચે નફા-નુકસાનની વહેંચણીનું તેમનું જૂનું પ્રમાણ ચાલુ રહેતું હોય ત્યારે તેમને મળતા લાભનું પ્રમાણ પણ આપોઆપ તેમની વચ્ચેના જૂના પ્રમાણ જેટલું જ રહે છે. (પ્રવેશ સમયે પણ આ જ પ્રકારની પરિસ્થિતિ સર્જાય છે. અહીં લાભનું પ્રમાણ મળે છે ત્યાં ત્યાગનું પ્રમાણ બને છે.)

**(2) જ્યારે ચાલુ રહેતા ભાગીદારોને થતા લાભનો ભાગ આપેલ હોય ત્યારે :** નિવૃત્ત થતા ભાગીદારના ભાગ પૈકી ચાલુ રહેતા ભાગીદારોને મળતા લાભનો ભાગ આપેલ હોય ત્યારે નીચેની સમજૂતી મુજબ સીધુ જ નફા-નુકસાનનું નવું પ્રમાણ શોધવામાં આવશે.

**નવો ભાગ = જૂનો ભાગ + લાભ**

**ઉદાહરણ 3 :** X, Y અને Z 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. Y ભાગીદાર તરીકે નિવૃત્ત થાય છે. Yના નફાના ભાગ પૈકી $\frac{1}{9}$ ભાગ Xને અને $\frac{2}{9}$ ભાગ Zને મળશે. X અને Zનું નફા-નુકસાનનું નવું પ્રમાણ શોધો.

**જવાબ :** X, Y અને Zનું જૂનું પ્રમાણ = 3:2:1

Yના $\frac{2}{6}$ ભાગ પૈકી $\frac{1}{9}$ ભાગ Xને અને $\frac{2}{9}$ ભાગ Zને મળે છે.

∴ Xનો લાભ = $\frac{1}{9}$ અને Zનો લાભ = $\frac{2}{9}$ છે. ∴ લાભનું પ્રમાણ 1:2 છે.

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

∴ Xનો નવો ભાગ = $\frac{3}{6} + \frac{1}{9} = \frac{9}{18} + \frac{2}{18} = \frac{11}{18}$

Zનો નવો ભાગ = $\frac{1}{6} + \frac{2}{9} = \frac{3}{18} + \frac{4}{18} = \frac{7}{18}$

∴ X અને Zનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 11:7

**(3) જ્યારે ચાલુ રહેતા ભાગીદારોને થતા લાભનું પ્રમાણ આપેલ હોય ત્યારે :** જ્યારે નિવૃત્ત થતા ભાગીદારના નફાના ભાગમાંથી ચાલુ રહેતા ભાગીદારોને મળતા લાભનું પ્રમાણ આપેલ હોય ત્યારે નફા-નુકસાનનું નવું પ્રમાણ નીચે મુજબ શોધી શકાય.

સૌપ્રથમ નિવૃત્ત થતા ભાગીદારના ભાગની વહેંચણી કરી ચાલુ રહેતા ભાગીદારોને મળતા લાભનો ભાગ શોધવો.

ચાલુ રહેતા ભાગીદારને મળતો લાભ = નિવૃત્ત ભાગીદારનો ભાગ × જે-તે ભાગીદારને આપેલ લાભના પ્રમાણનો ભાગ

દા.ત., અ, બ અને ક 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. અ નિવૃત્ત થાય છે અને તેનો ભાગ બ અને ક 1:4ના પ્રમાણમાં વહેંચતા હોય તો,

અનો ભાગ = $\frac{3}{6}$

અ નો $\frac{3}{6}$ ભાગ બ અને ક 1:4ના પ્રમાણમાં વહેંચશે, તેથી બનો લાભ = $\frac{3}{6} \times \frac{1}{5} = \frac{3}{30}$ થાય.

કનો લાભ = $\frac{3}{6} \times \frac{4}{5} = \frac{12}{30}$ થાય.

તેથી બ અને કનાં લાભનું પ્રમાણ 1:4

ત્યાર બાદ બ અને કનું નફા-નુકસાનનું નવું પ્રમાણ નીચે મુજબ મળશે.

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

∴ બ નો નવો ભાગ = $\frac{2}{6} + \frac{3}{30} = \frac{10}{30} + \frac{3}{30} = \frac{13}{30}$ થાય.

ક નો નવો ભાગ = $\frac{1}{6} + \frac{12}{30} = \frac{5}{30} + \frac{12}{30} = \frac{17}{30}$ થાય.

∴ બ અને ક નું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 13:17 થાય.

**ઉદાહરણ 4 :** O, B અને C 4:5:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. O ભાગીદાર તરીકે નિવૃત્ત થાય છે. Oનો ભાગ, B અને C 1:4ના પ્રમાણમાં મેળવશે. B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ શોધો.

**જવાબ :** O, B અને Cનું જૂનું પ્રમાણ = 4:5:1

Oનો ભાગ = $\frac{4}{10}$ જે B અને C 1:4ના પ્રમાણમાં મેળવશે.

લાભ = નિવૃત્ત થતા ભાગીદારનો ભાગ × લાભના પ્રમાણનો ભાગ

Bનો લાભ = $\frac{4}{10} \times \frac{1}{5} = \frac{4}{50}$

Cનો લાભ = $\frac{4}{10} \times \frac{4}{5} = \frac{16}{50}$ તેથી B અને Cનાં લાભનું પ્રમાણ 1:4

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

Bનો નવો ભાગ = $\frac{5}{10} + \frac{4}{50} = \frac{25}{50} + \frac{4}{50} = \frac{29}{50}$

Cનો નવો ભાગ = $\frac{1}{10} + \frac{16}{50} = \frac{5}{50} + \frac{16}{50} = \frac{21}{50}$

∴ B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 29:21

**સમજૂતી :** આ જ ઉદાહરણમાં જો લાભના પ્રમાણ 1:4ના બદલે Bને થતો લાભ $\frac{4}{50}$ અને Cને થતો લાભ $\frac{16}{50}$ આપી દેવામાં આવે એટલે કે ચાલુ રહેતા ભાગીદારોને મળતા લાભનો ભાગ જ આપી દેવામાં આવે તો ચાલુ રહેતા ભાગીદારનો લાભ શોધવાની જરૂર નથી અને તેથી સીધું જ નફા-નુકસાનનું નવું પ્રમાણ નીચે મુજબ શોધી શકાય.

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

∴ Bનો નવો ભાગ = $\frac{5}{10} + \frac{4}{50} = \frac{25}{50} + \frac{4}{50} = \frac{29}{50}$ થાય.

Cનો નવો ભાગ = $\frac{1}{10} + \frac{16}{50} = \frac{5}{50} + \frac{16}{50} = \frac{21}{50}$ થાય.

∴ B અને Cનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 29:21 થાય.

**નોંધ :** ઉપર જોતાં જણાય છે કે લાભનું પ્રમાણ અને લાભનો ભાગ બંને બાબતો જુદી છે. લાભનું પ્રમાણ આપેલ હોય ત્યારે પ્રથમ લાભના ભાગની ગણતરી કરવી જરૂરી બને છે ત્યાર બાદ જ નવા ભાગની ગણતરી કરી શકાય. જ્યારે લાભનો નિશ્ચિત ભાગ જ આપી દેવામાં આવે ત્યારે સીધું જ નફા-નુકસાનનું નવું પ્રમાણ શોધી શકાય.

**ઉદાહરણ 5 :** P, Q અને R $\frac{1}{4}$, $\frac{1}{3}$ અને $\frac{5}{12}$ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Q નિવૃત્ત થાય છે. Qનો ભાગ P અને R 2:1ના પ્રમાણમાં વહેંચી લેવાનું નક્કી કરે છે. P અને Rનું નફા-નુકસાનનું નવું પ્રમાણ શોધો.

**જવાબ :** P, Q અને Rનું જૂનું પ્રમાણ = $\frac{1}{4} : \frac{1}{3} : \frac{5}{12}$

છેદ સરખો કરતાં, $\frac{3}{12} : \frac{4}{12} : \frac{5}{12}$ થાય.

Q નિવૃત્ત થાય છે અને તેનો ભાગ $\frac{4}{12}$ P અને R 2:1ના પ્રમાણમાં મેળવે છે.

$\therefore$ Pનો લાભ = $\frac{4}{12} \times \frac{2}{3} = \frac{8}{36}$

$\therefore$ Rનો લાભ = $\frac{4}{12} \times \frac{1}{3} = \frac{4}{36}$

હવે, નવો ભાગ = જૂનો ભાગ + લાભ

$\therefore$ Pનો નવો ભાગ = $\frac{3}{12} + \frac{8}{36} = \frac{9}{36} + \frac{8}{36} = \frac{17}{36}$

Rનો નવો ભાગ = $\frac{5}{12} + \frac{4}{36} = \frac{15}{36} + \frac{4}{36} = \frac{19}{36}$

$\therefore$ P અને Rનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 17:19

**ઉદાહરણ 6 :** R, B અને I 5:4:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. B નિવૃત્ત થાય છે. Bનો $\frac{1}{4}$ ભાગ Rને અને બાકીનો ભાગ Iને મળશે. R અને Iનું નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** R, B અને Iનું જૂનું પ્રમાણ = $\frac{5}{12} : \frac{4}{12} : \frac{3}{12}$

B નિવૃત્ત થાય છે, તેના $\frac{4}{12}$ ભાગનો $\frac{1}{4}$ ભાગ Rને મળશે.

$\therefore$ Rનો લાભ = $\frac{4}{12} \times \frac{1}{4} = \frac{4}{48} = \frac{1}{12}$

Bનો $\frac{1}{4}$ ભાગ Rને મળે છે, તેથી બાકીનો $\frac{3}{4}$ $\left(1-\frac{1}{4}\right)$ ભાગ Iને મળશે.

$\therefore$ Iનો લાભ = $\frac{4}{12} \times \frac{3}{4} = \frac{12}{48} = \frac{3}{12}$

$\therefore$ R અને Iનો લાભ = $\frac{1}{12}$ અને $\frac{3}{12}$

$\therefore$ લાભનું પ્રમાણ 1:3 છે.

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

$\therefore$ Rનો નવો ભાગ = $\frac{5}{12} + \frac{1}{12} = \frac{6}{12}$

Iનો નવો ભાગ = $\frac{3}{12} + \frac{3}{12} = \frac{6}{12}$

$\therefore$ R અને Iનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = $\frac{6}{12} : \frac{6}{12}$ = 1:1

**ઉદાહરણ 7 :** M, N અને C $\frac{1}{3}$, $\frac{1}{2}$ અને $\frac{1}{6}$ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. C નિવૃત્ત થાય છે. Cનો ભાગ Mને મળશે. M અને Nનું નફા-નુકસાનનું નવું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** M, N અને Cનું જૂનું પ્રમાણ = $\frac{1}{3} : \frac{1}{2} : \frac{1}{6}$

= $\frac{2}{6} : \frac{3}{6} : \frac{1}{6}$

C નિવૃત્ત થાય છે અને તેનો $\frac{1}{6}$ ભાગ ફક્ત Mને જ મળશે.

$\therefore$ Mનો લાભ = $\frac{1}{6}$ અને Nનો લાભ = શૂન્ય

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

$\therefore$ Mનો નવો ભાગ $= \frac{2}{6} + \frac{1}{6} = \frac{3}{6}$

Nનો નવો ભાગ $= \frac{3}{6} + 0 = \frac{3}{6}$

$\therefore$ M અને Nનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 3:3 એટલે 1:1

**ઉદાહરણ 8 :** S, E, B અને I 4:3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. B અને I નિવૃત્ત થાય છે. Bનો નફાનો ભાગ Sને અને Iનો નફાનો ભાગ Eને મળશે. S અને Eના નફા-નુકસાનના નવા પ્રમાણની ગણતરી કરો.

**જવાબ :** S, E, B અને Iનું જૂનું પ્રમાણ $= \frac{4}{10} : \frac{3}{10} : \frac{2}{10} : \frac{1}{10}$

Bનો $\frac{2}{10}$ ભાગ Sને મળશે, તેથી Sનો લાભ $= \frac{2}{10}$

Iનો $\frac{1}{10}$ ભાગ Eને મળશે, તેથી Eનો લાભ $= \frac{1}{10}$ $\therefore$ લાભનું પ્રમાણ 2:1 છે.

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

$\therefore$ Sનો નવો ભાગ $= \frac{4}{10} + \frac{2}{10} = \frac{6}{10}$

Eનો નવો ભાગ $= \frac{3}{10} + \frac{1}{10} = \frac{4}{10}$

$\therefore$ S અને Eનું નફા-નુકસાનનું નવું પ્રમાણ $= \frac{6}{10} : \frac{4}{10}$

= 6:4 એટલે 3:2

**(4) જ્યારે નફા-નુકસાનનું જૂનું અને નવું પ્રમાણ આપેલ હોય ત્યારે :**

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

**ઉદાહરણ 9 :** U, P અને A 4:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. U નિવૃત્ત થાય છે. P અને A વચ્ચે નફા-નુકસાનનું નવું પ્રમાણ 2:1 નક્કી કરવામાં આવ્યું. P અને Aનું લાભનું પ્રમાણ નક્કી કરો.

**જવાબ :** U, P અને Aનું જૂનું પ્રમાણ = 4:3:2

U નિવૃત્ત થાય છે.

P અને Aનું નવું પ્રમાણ = 2:1

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

$\therefore$ Pનો નવો ભાગ $= \frac{2}{3} - \frac{3}{9} = \frac{6-3}{9} = \frac{3}{9}$

Aનો નવો ભાગ $= \frac{1}{3} - \frac{2}{9} = \frac{3-2}{9} = \frac{1}{9}$

$\therefore$ P અને Aનું લાભનું પ્રમાણ = 3:1

## 5. પાઘડીની હિસાબી અસર (Accounting Treatment of Goodwill)

ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ વખતે તેના નફાનો ભાગ બાકીના ભાગીદારોને મળે છે, જેના વળતર રૂપે નિવૃત્ત થતા કે મૃત્યુ પામતા ભાગીદારને તેના ભાગની પાઘડી બાકીના ભાગીદારો આપે છે. પેઢીની પાઘડીમાં નિવૃત્ત થનાર કે મૃત્યુ પામનાર ભાગીદાર એટલા માટે પણ હકદાર છે કે જ્યારે તે ભાગીદાર હતો ત્યારે પાઘડીની કમાણી પેઢીને થયેલ છે.

હિસાબી ધોરણ 26 મુજબ પાઘડી પેટે અવેજ આપેલ હોય તે જ પાઘડી ચોપડે નોંધી શકાય, સ્વમૂલ્યાંકન દ્વારા ઊભી કરવામાં આવેલ પાઘડી ચોપડે નોંધી શકાય નહિ. તેથી ભાગીદારની નિવૃત્તિ વખતે પણ પાઘડીનું મૂલ્યાંકન આંતરિક રીતે જ કરવામાં આવે છે, તેથી પાઘડી પાકા સરવૈયામાં મિલકત તરીકે દર્શાવી શકાય નહિ. તેથી નિવૃત્ત થનાર કે મૃત્યુ પામનાર ભાગીદારને તેના ભાગની પાઘડી બાકીના ભાગીદારો તેમને થતા લાભના પ્રમાણમાં આપશે જેની અસર પાઘડી ખાતું ઊભું કર્યા વગર ભાગીદારોનાં મૂડી ખાતાંમાં જ આપવામાં આવશે. તે જ રીતે ભાગીદારીનું વિસર્જન થતું હોવાથી જૂની પેઢીના ચોપડે દર્શાવેલ પાઘડી બધા ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળવી.

ઉપરના આધારે નિવૃત્તિ કે મૃત્યુ વખતે પાઘડી અંગે નીચે મુજબની હિસાબી અસર આપવામાં આવશે :

(1) જો જૂની પેઢીના ચોપડે પાઘડી દર્શાવેલ હોય તો તે નિવૃત્ત થતા ભાગીદાર સહિત બધા જ ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળવામાં આવશે. જેની આમનોંધ નીચે મુજબ થશે :

બધા ભાગીદારોનાં મૂડી કે ચાલુ ખાતે...ઉ

તે પાઘડી ખાતે

(બા.જે. : જૂની પાઘડી જૂના નફા-નુકસાનના પ્રમાણમાં બધા ભાગીદારો વચ્ચે માંડી વાળી તેના.)

(2) નિવૃત્ત થનાર કે મૃત્યુ પામનાર ભાગીદારને તેના ભાગની પાઘડી બાકીના ભાગીદારો તેના લાભના પ્રમાણમાં આપશે :

ચાલુ રહેતા ભાગીદારોના મૂડી કે ચાલુ ખાતે...ઉ

તે નિવૃત્ત થયેલ / મૃત્યુ પામેલ ભાગીદારના મૂડી ખાતે

(બા.જે. : નિવૃત્ત થયેલ / મૃત્યુ પામેલ ભાગીદારને તેના ભાગની પાઘડી બાકીના ભાગીદારોએ લાભના પ્રમાણમાં આપી તેના.)

**ઉદાહરણ 10 :** I, C, W અને A 4:3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2016થી I નિવૃત્ત થાય છે. Iની નિવૃત્તિ વખતે પેઢીનું પાકું સરવૈયું ₹ 20,000 પાઘડી દર્શાવતું હતું. C, W અને Aનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:2:1 નક્કી કરવામાં આવ્યું. Iની નિવૃત્તિ વખતે પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000થી કરવામાં આવ્યું. પાઘડી અંગે આમનોંધ લખો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1-4-2016 | Iના મૂડી ખાતે | ઉ | | 8000 | |
| | Cના મૂડી ખાતે | ઉ | | 6000 | |
| | Wના મૂડી ખાતે | ઉ | | 4000 | |
| | Aના મૂડી ખાતે | ઉ | | 2000 | |
| | તે પાઘડી ખાતે | | | | 20,000 |
| | [બા.જે. : જૂની પાઘડી જૂના ભાગીદારો વચ્ચે જૂના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | | | |
| 1-4-2016 | Cના મૂડી ખાતે | ઉ | | 6000 | |
| | Wના મૂડી ખાતે | ઉ | | 12,000 | |
| | Aના મૂડી ખાતે | ઉ | | 6000 | |
| | તે Iના મૂડી ખાતે | | | | 24,000 |
| | [બા.જે. : Iના ભાગની પાઘડી C, W અને Aએ તેના લાભના પ્રમાણમાં આપી તેના.] | | | | |

**સમજૂતી (1) : લાભનું પ્રમાણ :**

I, C, W અને Aનું જૂનું પ્રમાણ = 4:3:2:1

C, W અને Aનું નવું પ્રમાણ = 2:2:1

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

Cનો લાભ = $\frac{2}{5} - \frac{3}{10} = \frac{1}{10}$

Wનો લાભ = $\frac{2}{5} - \frac{2}{10} = \frac{2}{10}$

Aનો લાભ = $\frac{1}{5} - \frac{1}{10} = \frac{1}{10}$

∴ C, W અને Aનું લાભનું પ્રમાણ = 1:2:1

**(2) :** Iના ભાગની પાઘડી = 60,000 × $\frac{4}{10}$ = ₹ 24,000

Iને તેના ભાગની પાઘડી C, W અને A તેના લાભના પ્રમાણ 1:2:1માં આપશે.

Cએ આપવાની પાઘડી = ₹ 24,000 × $\frac{1}{4}$ = ₹ 6000

Wએ આપવાની પાઘડી = ₹ 24,000 × $\frac{2}{4}$ = ₹ 12,000

Aએ આપવાની પાઘડી = ₹ 24,000 × $\frac{1}{4}$ = ₹ 6000

**ઉદાહરણ 11 :** A, M, T અને S 5:4:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. M ભાગીદાર તરીકે નિવૃત્ત થાય છે. Mની નિવૃત્તિ વખતે પેઢીની પાઘડીમાં તેનો ભાગ ₹ 35,000 છે. Mની નિવૃત્તિ બાદ A, T અને S ભવિષ્યમાં 2:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચશે. પાઘડી અંગે આમનોંધ લખો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | Tના મૂડી ખાતે ઉ | | 26,250 | |
| | Sના મૂડી ખાતે ઉ | | 17,500 | |
| | તે Aના મૂડી ખાતે | | | 8750 |
| | તે Mના મૂડી ખાતે | | | 35,000 |
| | [બા.જે. : A અને Mને મળવાપાત્ર પાઘડી T અને Sએ તેમના લાભના પ્રમાણમાં આપી તેના.] | | | |

**ગણતરી 1 : લાભનું પ્રમાણ :**

A, M, T અને Sનું જૂનું પ્રમાણ = 5:4:3:2

A, T અને Sનું નવું પ્રમાણ = 2:3:2

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

Aનો લાભ = $\frac{2}{7} - \frac{5}{14} = -\frac{1}{14}$ (ત્યાગ)

Tનો લાભ = $\frac{3}{7} - \frac{3}{14} = \frac{6-3}{14} = \frac{3}{14}$

Sનો લાભ = $\frac{2}{7} - \frac{2}{14} = \frac{2}{14}$

નિવૃત્ત થતા ભાગીદાર Mને મળવાપાત્ર પાઘડી = ₹ 35,000

A તેનો ભાગ ત્યાગ કરતો હોવાથી Aને $\frac{1}{14}$ ભાગની પાઘડી મળશે.

Aને મળવાપાત્ર પાઘડી :

Mને $\frac{4}{14}$ ભાગે મળવાપાત્ર પાઘડી = ₹ 35,000

Aને $\frac{1}{14}$ ભાગે મળવાપાત્ર પાઘડી = (?)

₹ 35,000 × $\frac{1}{14}$ × $\frac{14}{4}$ = ₹ 8750

M અને Aને મળવાપાત્ર પાઘડી અનુક્રમે ₹ 35,000 અને ₹ 8750 = કુલ ₹ 43,750

T અને S તેમના લાભના પ્રમાણમાં આપશે.

Tનો લાભ = $\frac{3}{14}$

Sનો લાભ = $\frac{2}{14}$

∴ T અને Sનું લાભનું પ્રમાણ = 3:2

Tએ આપવાની પાઘડી = ₹ 43,750 × $\frac{3}{5}$ = ₹ 26,250

Sએ આપવાની પાઘડી = ₹ 43,750 × $\frac{2}{5}$ = ₹ 17,500

**ઉદાહરણ 12 :** B, R અને T 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. B નિવૃત્ત થાય છે. પુનઃમૂલ્યાંકનનો નફો, અનામતો અને નફા-ખોટની વહેંચણી બાદ Bની મૂડી ₹ 1,20,000 છે. R અને Tએ Bને પતાવટ પેટે પાઘડી સહિત કુલ 1,50,000 ચૂકવવાનું નક્કી કર્યું. R અને T ભવિષ્યમાં નફો-નુકસાન 3:2ના પ્રમાણમાં વહેંચી લેશે. પાઘડી અંગે જરૂરી આમનોંધ લખો.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| – | Rના મૂડી ખાતે | ઉ | | 16,000 | |
| | Tના મૂડી ખાતે | ઉ | | 14,000 | |
| | તે Bના મૂડી ખાતે | | | | 30,000 |
| | [બા.જે. : Bને તેના ભાગની પાઘડી R અને Tએ તેમના લાભના પ્રમાણમાં આપી તેના.] | | | | |

**સમજૂતી (1) :** Bને પાઘડી સહિત પતાવટ પેટે ચૂકવવાની કુલ રકમ = ₹ 1,50,000

**બાદ :** પાઘડી સિવાયના હવાલા બાદ Bની મૂડી = ₹ 1,20,000

Bને ચૂકવવાપાત્ર પાઘડી = ₹ 30,000

**(2) : લાભનું પ્રમાણ :**

B, R અને Tનું જૂનું પ્રમાણ = 3:2:1

R અને Tનું નવું પ્રમાણ = 3:2

લાભ = નવો ભાગ – જૂનો ભાગ

Rનો લાભ = $\frac{3}{5} - \frac{2}{6} = \frac{18-10}{30} = \frac{8}{30}$

Tનો લાભ = $\frac{2}{5} - \frac{1}{6} = \frac{12-5}{30} = \frac{7}{30}$

∴ R અને Tનું લાભનું પ્રમાણ = 8:7

## 6. મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન (Revaluation of Assets and Liabilities)

પેઢીના ચોપડે કાયમી મિલકતો તેની બજારકિંમતથી દર્શાવવામાં આવતી નથી. તેથી તેની ચોપડે કિંમત અને બજારકિંમતમાં તફાવત હોય છે. કેટલીક મિલકતો અને દેવાં કે જરૂરી જોગવાઈઓ ચોપડે દર્શાવેલ ન પણ હોય. ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુની તારીખ સુધી પેઢીના દરેક પ્રકારના નફા કે નુકસાન બધા જ ભાગીદારના જૂના પ્રમાણમાં વહેંચી દેવા જોઈએ, જેથી કોઈ ભાગીદારને ગેરવ્યાજબી લાભ કે નુકસાન ન થાય. તેથી ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ વખતે મિલકતો અને દેવાંનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવે છે અને તેમાં થતો ચોખ્ખો વધારો કે ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ જવામાં આવે છે. પુનઃમૂલ્યાંકન ખાતું બંધ કરી તેનો ચોખ્ખો નફો કે ખોટ નિવૃત્ત થનાર કે મૃત્યુ પામનાર ભાગીદાર સહિત બધા ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી દેવામાં આવે છે. અગાઉના પ્રકરણ નંબર 5 'ભાગીદારના પ્રવેશ'માં જે રીતે પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરેલ તે જ રીતે પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરવામાં આવે છે. જેમાં,

- મિલકતોમાં થતો વધારો કે દેવાં અને જોગવાઈમાં થતો ઘટાડો પુનઃમૂલ્યાંકન ખાતે જમા કરવામાં આવે છે.
- મિલકતોમાં થતો ઘટાડો કે દેવાં અને જોગવાઈમાં થતો વધારો પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારવામાં આવે છે.
- પુનઃમૂલ્યાંકન ખાતાંનો ચોખ્ખો નફો કે ખોટ બધા જ ભાગીદારના મૂડી ખાતે કે ચાલુ ખાતે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી દેવામાં આવે છે.
- મિલકતો અને દેવાંના પુનઃમૂલ્યાંકન બાદ નવી પેઢીના પાકા સરવૈયામાં મિલકતો અને દેવાં તેની નવી કિંમતે દર્શાવવામાં આવશે.

**કાચું પુનઃમૂલ્યાંકન ખાતું (Memorandum Revaluation Account) :** ભાગીદારો એવું પણ નક્કી કરે કે ભાગીદારની નિવૃત્તિ બાદ નવી પેઢીના પાકા સરવૈયામાં મિલકતો અને દેવાં તેની જૂની કિંમતે જ દર્શાવવા. આ સંજોગોમાં કાચું પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરવામાં આવે છે. કાચું પુનઃમૂલ્યાંકન ખાતું જે રીતે અગાઉના પ્રકરણ નં. 5 'ભાગીદારના પ્રવેશ'માં તૈયાર કરેલ તે જ રીતે તૈયાર કરવામાં આવે છે. જેમાં પ્રથમ ભાગમાં પુનઃમૂલ્યાંકન ખાતાંની જેમ જ મિલકતો અને દેવાંનો ચોખ્ખો વધારો કે ઘટાડો નોંધાય છે અને તેનો ચોખ્ખો નફો કે ખોટ નિવૃત્ત ભાગીદાર સહિત બધા જ ભાગીદારના મૂડી ખાતે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. પુનઃમૂલ્યાંકન ખાતાંના બીજા ભાગમાં પ્રથમ ભાગની બધી જ નોંધો ઉલટાવીને તેની વિરુદ્ધ અસર આપવામાં આવે છે. બીજા ભાગનો ચોખ્ખો નફો (જો પ્રથમ ભાગમાં ખોટ હોય તો) અથવા ખોટ (જો પ્રથમ ભાગમાં નફો હોય તો) નિવૃત્ત થતા ભાગીદાર સિવાય બાકીના ચાલુ રહેતા ભાગીદારો વચ્ચે તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવે છે. કાચું પુનઃમૂલ્યાંકન ખાતું તૈયાર કરવામાં આવે ત્યારે પેઢીના નવા પાકા સરવૈયામાં રોકડ સિવાયની તમામ મિલકતો અને મૂડી સિવાયનાં તમામ દેવાં તેની જૂની કિંમતે જ દર્શાવવામાં આવશે. **(પરીક્ષા માટે અપેક્ષિત નથી.)**

## 7. અનામતો અને નહિ વહેંચાયેલ નફા-નુકસાનની વહેંચણી (Distribution of Reserves and Accumulated Profit-Losses)

ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુની તારીખે પેઢીના ચોપડે દર્શાવેલ અનામતો, નહિ વહેંચાયેલ નફો કે નુકસાન તેમજ ચાલુ પ્રસારિત મહેસૂલી ખર્ચાઓની બાકીઓ નિવૃત્ત કે મૃત્યુ પામનાર ભાગીદાર સહિત બધા જ ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવશે. આ અંગે પણ અગાઉના પ્રકરણ નં. 5 'ભાગીદારના પ્રવેશ' વખતે કરેલ નોંધની જેમ જ આ બાકીઓની હિસાબી અસર આપવામાં આવશે.

## 8. નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ નક્કી કરવી (Determination of Amount Payable to Retiring Partner)

નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ તેનું મૂડી ખાતું તૈયાર કરી નક્કી કરવામાં આવે છે. જેમાં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.

(1) નીચે મુજબની બાકીઓ નિવૃત્ત થતા ભાગીદારના મૂડી ખાતે જમા કરવામાં આવશે :

(i) મૂડી ખાતાંની નિવૃત્ત થયા પછી શરૂની બાકી અને ચાલુ ખાતાંની શરૂની જમા બાકી

(ii) પુનઃમૂલ્યાંકન ખાતાંના નફામાં તેનો ભાગ

(iii) અનામતો અને નહિ વહેંચેલ નફાની બાકીમાં તેનો ભાગ

(iv) પેઢીની નવી પાઘડીમાં તેનો ભાગ

(v) છેલ્લું પાકું સરવૈયું તૈયાર કર્યા બાદ નિવૃત્તિની તારીખ સુધીના પેઢીના નફામાં તેનો ભાગ

(vi) નિવૃત્તિની તારીખ સુધી તેને મળવાપાત્ર પગાર, કમિશન, મૂડી પર વ્યાજ, પેઢીને આપેલ લોન પર વ્યાજ (જો નિવૃત્ત થતા ભાગીદારે આપેલ લોન પર વ્યાજનો દર આપેલ ન હોય તો 6 %ના વાર્ષિક દરે નિવૃત્તિ તારીખ સુધીનું વ્યાજ ગણવું.)

(2) નીચેની બાકીઓ તેની મૂડીમાં ઘટાડો કરે છે, તેથી તેના મૂડી ખાતે ઉધારવામાં આવશે :

(i) ચાલુ ખાતાંની ઉધાર બાકી

(ii) ઉપાડ

(iii) નિવૃત્તિની તારીખ સુધી ઉપાડ પર વ્યાજ

(iv) નહિ વહેંચેલ ખોટ અને ચાલુ પ્રસારિત મહેસૂલી ખર્ચા (અવાસ્તવિક મિલકતમાં) તેનો ભાગ

(v) પેઢીના ચોપડે દર્શાવેલ જૂની પાઘડીમાં તેનો ભાગ

(vi) પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટમાં તેનો ભાગ

(vii) પેઢીએ નિવૃત્ત ભાગીદારને આપેલ લોન

નિવૃત્ત થતા ભાગીદારનું મૂડી ખાતું બંધ કરતાં તેને ચૂકવવાપાત્ર રકમ મળે છે. જે રકમ પૂરેપૂરી અથવા અંશતઃ રોકડમાં ચૂકવવામાં આવે છે અને નહિ ચૂકવેલ રકમ તેની લોન ખાતે લઈ જવામાં આવે છે, જે અંગે નીચેની આમનોંધ કરવામાં આવે છે :

નિવૃત્ત ભાગીદારના મૂડી ખાતે...ઉ

તે રોકડ ખાતે

તે નિવૃત્ત ભાગીદારની લોન ખાતે

**નિવૃત્ત ભાગીદારની લોન પર ચૂકવવાપાત્ર વ્યાજ :** નિવૃત્ત ભાગીદારને નહિ ચૂકવેલ રકમ તેની લોન ખાતે લઈ જવામાં આવે છે. જો ભાગીદારી કરારમાં તેના પર આપવાના વ્યાજનો ઉલ્લેખ ન હોય તો લોનની ચૂકવણી કરવામાં ન આવે ત્યાં સુધી ભાગીદારીના કાયદા મુજબ વાર્ષિક 6 %ના દરે વ્યાજ આપવામાં આવશે.

**ઉદાહરણ 13 :** તા. 31-3-2016ના રોજ X, Y અને Zનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | | 40,000 |
| X | 2,00,000 | | જમીન-મકાન | | 1,99,000 |
| Y | 1,20,000 | | યંત્ર | | 1,80,000 |
| Z | 1,00,000 | 4,20,000 | સ્ટૉક | | 50,000 |
| સામાન્ય અનામત | | 40,000 | દેવાદારો | 70,000 | |
| ભાગીદારોની લોન : | | | – ઘાલખાધ અનામત | 5000 | 65,000 |
| Y | 20,000 | | બૅન્કસિલક | | 30,000 |
| Z | 30,000 | 50,000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 16,000 |
| લેણદારો | | 80,000 | નફા-નુકસાન ખાતું | | 20,000 |
| કામદાર વળતર અનામત | | 10,000 | | | |
| | | **6,00,000** | | | **6,00,000** |

X, Y અને Z 3:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો હતા. તા. 1-4-2016ના રોજ Y નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ હતી :

(1) જમીન અને મકાનની કિંમત ₹ 2,20,000 ગણવી.

(2) યંત્રની કિંમત ₹ 30,000થી ઘટાડવી.

(3) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(4) કામદાર વળતર પેટે ₹ 15,000નો દાવો મંજૂર રાખ્યો.

(5) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 1,60,000 ગણવું. Yના ભાગની પાઘડીનો હવાલો X અને Zના મૂડી ખાતે નાખવો.

(6) X અને Zનું નફા-નુકસાનનું નવું પ્રમાણ 1:1 રાખવું. ઉપરની માહિતી પરથી જરૂરી આમનોંધ લખીને પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**આમનોંધ**

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1. | સામાન્ય અનામત ખાતે ઉ | | 40,000 | |
| | તે Xના મૂડી ખાતે | | | 15,000 |
| | તે Yના મૂડી ખાતે | | | 15,000 |
| | તે Zના મૂડી ખાતે | | | 10,000 |
| | [બા.જે. : સામાન્ય અનામત જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | | |
| 2. | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ | | 5000 | |
| | કામદાર વળતર અનામત ખાતે ઉ | | 10,000 | |
| | તે કામદાર વળતરના દાવા ખાતે | | | 15,000 |
| | [બા.જે. : કામદાર વળતર અનામત અને કામદાર વળતરના દાવા ખાતે તેમજ દાવાનો વધારો પુનઃ મૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | | |
| 3. | Xના મૂડી ખાતે ઉ | | 15,000 | |
| | Yના મૂડી ખાતે ઉ | | 15,000 | |
| | Zના મૂડી ખાતે ઉ | | 10,000 | |
| | તે પાઘડી ખાતે | | | 40,000 |
| | [બા.જે. : જૂની પાઘડી, જૂના ભાગીદારોના મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | | |
| | સરવાળો આગળ લઈ ગયા | | 95,000 | 95,000 |

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | સરવાળો આગળ લાવ્યા | | 95,000 | 95,000 |
| 4. | Xના મૂડી ખાતે ઉ<br>Yના મૂડી ખાતે ઉ<br>Zના મૂડી ખાતે ઉ<br>તે જાહેરાત ઝુંબેશ ખર્ચ ખાતે<br>[બા.જે. : જાહેરાત ઝુંબેશ ખર્ચ, જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળ્યો તેના.] | | 6000<br>6000<br>4000 | <br><br><br>16,000 |
| 5. | Xના મૂડી ખાતે ઉ<br>Yના મૂડી ખાતે ઉ<br>Zના મૂડી ખાતે ઉ<br>તે નફા-નુકસાન ખાતે<br>[બા.જે. : ખોટની બાકી જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | 7500<br>7500<br>5000 | <br><br><br>20,000 |
| 6. | પુનઃમૂલ્યાંકન ખાતે ઉ<br>તે યંત્ર ખાતે<br>તે ઘાલખાધ અનામત ખાતે<br>[બા.જે. : યંત્રમાં ઘટાડો અને ઘાલખાધ અનામતમાં વધારો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 32,000 | <br>30,000<br>2000 |
| 7. | જમીન-મકાન ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન ખાતે<br>[બા.જે. : જમીન-મકાનમાં વધારો પુનઃમૂલ્યાંકન ખાતે લઈ ગયા તેના.] | | 21,000 | <br>21,000 |
| 8. | Xના મૂડી ખાતે ઉ<br>Yના મૂડી ખાતે ઉ<br>Zના મૂડી ખાતે ઉ<br>તે પુનઃમૂલ્યાંકન ખાતે<br>[બા.જે. : પુનઃમૂલ્યાંકન ખાતાની ખોટ જૂના ભાગીદારો વચ્ચે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધારી તેના.] | | 6000<br>6000<br>4000 | <br><br><br>16,000 |
| 9. | Xના મૂડી ખાતે ઉ<br>Zના મૂડી ખાતે ઉ<br>તે Yના મૂડી ખાતે<br>[બા.જે. : Yને તેના ભાગની પાઘડી X અને Z એ તેમના લાભના પ્રમાણમાં આપી તેના.] | | 20,000<br>40,000 | <br><br>60,000 |
| 10. | Yની લોન ખાતે ઉ<br>તે Yના મૂડી ખાતે<br>[બા.જે. : Yની લોન, તેના મૂડી ખાતે લઈ ગયા તેના.] | | 20,000 | <br>20,000 |
| | સરવાળો આગળ લઈ ગયા | | 2,80,000 | 2,80,000 |

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | સરવાળો આગળ લાવ્યા | | 2,80,000 | 2,80,000 |
| 11. | Yના મૂડી ખાતે ઉ | | 1,80,500 | |
| | તે Yની લોન ખાતે | | | 1,80,500 |
| | [બા.જે. : Yને ચૂકવવાપાત્ર રકમ તેની લોન ખાતે લઈ ગયા તેના.] | | | |
| | **કુલ સરવાળો** | | **4,60,500** | **4,60,500** |

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્ર ખાતે | 30,000 | જમીન-મકાન ખાતે | | 21,000 |
| ઘાલખાધ અનામત ખાતે | 2000 | ભાગીદારોનાં મૂડી ખાતે : ખોટ | | |
| (નવી ₹ 7000 – જૂની ₹ 5000) | | X | 6000 | |
| કામદાર વળતર દાવા ખાતે | 5000 | Y | 6000 | |
| | | Z | 4000 | 16,000 |
| | **37,000** | | | **37,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | X (₹) | Y (₹) | Z (₹) | વિગત | X (₹) | Y (₹) | Z (₹) |
|---|---|---|---|---|---|---|---|
| જાહેરાત ઝુંબેશ ખાતે | 6000 | 6000 | 4000 | બાકી આગળ લાવ્યા | 2,00,000 | 1,20,000 | 1,00,000 |
| નફા-નુકસાન ખાતે | 7500 | 7500 | 5000 | સામાન્ય અનામત ખાતે | 15,000 | 15,000 | 10,000 |
| પાઘડી ખાતે (જૂની) | 15,000 | 15,000 | 10,000 | Yની લોન ખાતે | – | 20,000 | – |
| Yના મૂડી ખાતે | | | | Xના મૂડી ખાતે | | | |
| (નવી પાઘડી) | 20,000 | – | 40,000 | (નવી પાઘડી) | – | 20,000 | – |
| પુનઃમૂલ્યાંકન ખાતે | 6000 | 6000 | 4000 | Zના મૂડી ખાતે | | | |
| Yની લોન ખાતે | – | 1,80,500 | – | (નવી પાઘડી) | – | 40,000 | – |
| બા. આ. લઈ ગયા | 1,60,500 | – | 47,000 | | | | |
| | **2,15,000** | **2,15,000** | **1,10,000** | | **2,15,000** | **2,15,000** | **1,10,000** |

### તા. 1-4-2016નાં રોજનું નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | | 2,20,000 |
| X | 1,60,500 | | યંત્ર | | 1,50,000 |
| Z | 47,000 | 2,07,500 | સ્ટૉક | | 50,000 |
| ભાગીદાર Zની લોન | | 30,000 | દેવાદારો | 70,000 | |
| ભાગીદાર Yની લોન | | 1,80,500 | – ઘાલખાધ અનામત | 7000 | 63,000 |
| કામદાર વળતર દાવા | | 15,000 | બૅન્કસિલક | | 30,000 |
| લેણદારો | | 80,000 | | | |
| | | **5,13,000** | | | **5,13,000** |

**સમજૂતી (1) : ચાલુ ભાગીદારોના લાભનું પ્રમાણ :**

X, Y અને Zનું જૂનું પ્રમાણ = 3:3:2

X અને Zનું નવું પ્રમાણ = 1:1

લાભ = નવો ભાગ – જૂનો ભાગ

Xનો લાભ $= \frac{1}{2} - \frac{3}{8} = \frac{4-3}{8} = \frac{1}{8}$

Zનો લાભ $= \frac{1}{2} - \frac{2}{8} = \frac{4-2}{8} = \frac{2}{8}$

$\therefore$ X અને Zનું લાભનું પ્રમાણ = 1:2

**(2) : X અને Z દ્વારા Yને ચૂકવવાપાત્ર નવી પાઘડીમાં તેનો ભાગ :**

Yને મળવાપાત્ર પાઘડી = ₹ 1,60,000 $\times \frac{3}{8}$ = ₹ 60,000

Yને પાઘડીના ₹ 60,000 X અને Z તેમના લાભના પ્રમાણ 1:2માં આપશે.

Xએ આપવાની પાઘડી = ₹ 60,000 $\times \frac{1}{3}$ = ₹ 20,000

Zએ આપવાની પાઘડી = ₹ 60,000 $\times \frac{2}{3}$ = ₹ 40,000

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| – | Xના મૂડી ખાતે ઉ | | 20,000 | |
| | Zના મૂડી ખાતે ઉ | | 40,000 | |
| | તે Yના મૂડી ખાતે | | | 60,000 |

**નોંધ :** (1) જૂની પાઘડી ₹ 40,000 X, Y અને Zના મૂડી ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધારી માંડી વાળેલ છે. (2) કામદાર વળતર અનામત ₹ 10,000 છે જ્યારે કામદાર વળતર પેટે દાવો ₹ 15,000 મંજૂર કરેલ છે. તેથી વધારાના દાવાના ₹ 5000 પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારેલ છે.

કામદાર વળતર અનામત ખાતે ઉ... 10,000
પુનઃમૂલ્યાંકન ખાતે ઉ... 5000
તે કામદાર વળતર દાવા ખાતે 15,000

(3) પ્રશ્નમાં Yને કોઈ રકમ ચૂકવવાનો ઉલ્લેખ કરેલ નથી તેથી Yને ચૂકવવાપાત્ર પૂરેપૂરી રકમ તેની લોન ખાતે લઈ ગયેલ છે.

**ઉદાહરણ 14 :** અજય, અલ્પા અને અમય એક પેઢીના ભાગીદારો છે. તેઓ નફો-નુકસાન અનુક્રમે 50 %, 30 % અને 20 %ના પ્રમાણમાં વહેંચે છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | | 50,000 |
| અજય | 60,000 | | અન્ય કાયમી મિલકતો | | 1,00,000 |
| અલ્પા | 50,000 | | રોકાણો | | 60,000 |
| અમય | 80,000 | 1,90,000 | દેવાદારો | 70,000 | |
| રોકાણ વધઘટ ભંડોળ | | 20,000 | – ઘાલખાધ અનામત | 6000 | 64,000 |
| કામદાર વળતર અનામત | | 30,000 | સ્ટૉક | | 20,000 |
| લેણદારો | | 40,000 | રોકડ | | 16,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 60,000 | નફા-નુકસાન ખાતું | | 30,000 |
| | | **3,40,000** | | | **3,40,000** |

તા. 1-4-2017થી અજય નીચેની શરતોથી નિવૃત્ત થાય છે :

(1) કામદાર વળતરનો દાવો ₹ 20,000 સ્વીકારવો.

(2) રોકાણોની બજારકિંમત ₹ 45,000 છે, જે ચોપડે લાવવી.

(3) દેવાદારો પર ₹ 2000 ઘાલખાધ માંડી વાળવી અને 5 % ઘાલખાધ અનામત રાખવી.

(4) અન્ય કાયમી મિલકતોની કિંમત 20 % વધારવી.

(5) ચોપડે દર્શાવેલ સ્ટૉકની કિંમત તેની પડતર કરતાં ₹ 600 વધારે આંકવામાં આવેલ છે. જે પડતર કિંમતે નોંધવી.

(6) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 1,00,000 ગણવું.

(7) અજયને ₹ 10,000 રોકડમાં ચૂકવવા.

(8) અલ્પા અને અમયનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 1:4 રાખવું.

પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**પુનઃમૂલ્યાંકન ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| સ્ટૉક ખાતે | | 600 | ઘાલખાધ અનામત ખાતે | |
| ભાગીદારોના મૂડી ખાતે (નફો) | | | (₹ 6000 – ઘાલખાધ ₹ 2000 – | |
| અજય | 10,000 | | નવી ઘાલખાધ અનામત ₹ 3400) | 600 |
| અલ્પા | 6000 | | કાયમી મિલકતો ખાતે | 20,000 |
| અમય | 4000 | 20,000 | | |
| | | **20,600** | | **20,600** |

### ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર | જમા

| વિગત | અજય (₹) | અલ્પા (₹) | અમય (₹) | વિગત | અજય (₹) | અલ્પા (₹) | અમય (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પાઘડી ખાતે | 25,000 | 15,000 | 10,000 | બાકી આગળ લાવ્યા | 60,000 | 50,000 | 80,000 |
| નફા-નુકસાન ખાતું | 15,000 | 9000 | 6000 | કામદાર અકસ્માત | | | |
| અજયના મૂડી ખાતે | | | | વળતર ખાતે | 5000 | 3000 | 2000 |
| (પાઘડી) | – | – | 50,000 | રોકાણ વધઘટ ભંડોળ | | | |
| અલ્પાના મૂડી ખાતે | | | | ખાતે | 2500 | 1500 | 1000 |
| (પાઘડી) | – | – | 10,000 | અમયના મૂડી ખાતે | | | |
| રોકડ ખાતે | 10,000 | – | – | (પાઘડી) | 50,000 | 10,000 | – |
| અજયની લોન ખાતે | 77,500 | – | – | પુનઃમૂલ્યાંકન ખાતે | 10,000 | 6000 | 4000 |
| બા. આ. લઈ ગયા | – | 46,500 | 11,000 | | | | |
| | **1,27,500** | **70,500** | **87,000** | | **1,27,500** | **70,500** | **87,000** |

### તા. 1-4-2017નાં રોજનું નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | કાયમી મિલકતો | | 1,20,000 |
| અલ્પા | 46,500 | | રોકાણો | | 45,000 |
| અમય | 11,000 | 57,500 | દેવાદારો | 70,000 | |
| અજયની લોન | | 77,500 | – ઘાલખાધ | 2000 | |
| કામદાર વળતરના દાવાની જોગવાઈ | | 20,000 | | 68,000 | |
| લેણદારો | | 40,000 | – ઘાલખાધ અનામત (5 %) | 3400 | 64,600 |
| પ્રોવિડન્ટ ફંડ | | 60,000 | સ્ટૉક | | 19,400 |
| | | | રોકડ (₹ 16,000 - ₹ 10,000) | | |
| | | | (અજયને ચૂકવ્યા) | | 6000 |
| | | **2,55,000** | | | **2,55,000** |

**સમજૂતી (1) : લાભનું પ્રમાણ :**

અજય, અલ્પા અને અમયનું જૂનું પ્રમાણ = 5:3:2

અલ્પા અને અમયનું નવું પ્રમાણ = 1:4

લાભ = નવો ભાગ – જૂનો ભાગ

અલ્પાનો લાભ = $\frac{1}{5} - \frac{3}{10} = \frac{2-3}{10} = -\frac{1}{10}$ (ત્યાગ)

અમયનો લાભ = $\frac{4}{5} - \frac{2}{10} = \frac{8-2}{10} = \frac{6}{10}$

**(2) : પાઘડીની ગણતરી :**

અજય નિવૃત્ત થાય છે તેથી તેને મળવાપાત્ર પાઘડી = $\frac{5}{10} \times 1,00,000$ = ₹ 50,000

અલ્પાનો ત્યાગ હોવાથી તેણીને મળવાપાત્ર પાઘડી = $\frac{1}{10} \times 1,00,000$ = ₹ 10,000

અમયને લાભ થતો હોવાથી તેણે ચૂકવવાપાત્ર પાઘડી = $\frac{6}{10} \times 1,00,000$ = ₹ 60,000

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| – | અમયના મૂડી ખાતે ઉ | | 60,000 | |
| | તે અજયના મૂડી ખાતે | | | 50,000 |
| | તે અલ્પાના મૂડી ખાતે | | | 10,000 |

**સમજૂતી :** નિવૃત્ત થતો ભાગીદાર અજય તેમજ ચાલુ રહેતા ભાગીદારોમાંથી અલ્પા પણ તેના નફાના ભાગનો ત્યાગ કરતા હોવાથી તેમને ત્યાગના પ્રમાણ જેટલી પાઘડી મળશે જ્યારે અમયને લાભ થતો હોવાથી તે લાભના પ્રમાણ જેટલી પાઘડી આપશે.

**નોંધ :** (1) રોકાણોની બજારકિંમતમાં ઘટાડો ₹ 15,000 છે, જ્યારે તેની સામે રોકાણ વધઘટ ભંડોળ ₹ 20,000 છે. તેથી રોકાણોનો ઘટાડો ₹ 15,000 રોકાણ વધઘટ ભંડોળ ₹ 20,000 સામે માંડી વાળ્યા બાદ ₹ 5000 ભંડોળ વધે છે, જે બધા જ ભાગીદારો ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| રોકાણ વધઘટ ભંડોળ ખાતે ઉ... | 20,000 | |
| તે રોકાણો ખાતે | | 15,000 |
| તે અજયના મૂડી ખાતે | | 2500 |
| તે અલ્પાના મૂડી ખાતે | | 1500 |
| તે અમયના મૂડી ખાતે | | 1000 |

(2) કામદાર વળતર અનામત ₹ 30,000ની સામે કામદાર વળતરનો દાવો ₹ 20,000 મંજૂર કરેલ હોવાથી બાકીનું અનામત ₹ 10,000 બધા જ ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| કામદાર વળતર અનામત ખાતે ઉ... | 30,000 | |
| તે કામદાર વળતર દાવા ખાતે | | 20,000 |
| તે અજયના મૂડી ખાતે | | 5000 |
| તે અલ્પાના મૂડી ખાતે | | 3000 |
| તે અમયના મૂડી ખાતે | | 2000 |

**ઉદાહરણ 15 :** ગોપી, ક્રિશ્ન અને રામ $\frac{1}{2}$, $\frac{1}{3}$ અને $\frac{1}{6}$ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે.

તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 1500 |
| ગોપી | 30,000 | | ટ્રેડમાર્ક | 18,000 |
| ક્રિશ્ન | 20,000 | | યંત્રો | 60,000 |
| રામ | 30,000 | 80,000 | રોકાણો (બજારકિંમત ₹ 15,000) | 40,000 |
| **ચાલુ ખાતાં :** | | | સ્ટૉક | 12,000 |
| ગોપી | 8,000 | | દેવાદારો | 26,000 |
| રામ | 10,000 | 18,000 | બૅન્કમાં રોકડ | 3000 |
| આકસ્મિક અનામત | | 12,000 | ક્રિશ્નનું ચાલુ ખાતું | 4500 |
| કામદાર વળતર અનામત | | 9000 | | |
| રોકાણ વધઘટ અનામત | | 15,000 | | |
| લેણદારો | | 23,000 | | |
| ઘાલખાધ અનામત | | 8000 | | |
| | | **1,65,000** | | **1,65,000** |

તા. 1-4-2017ના રોજ રામ નીચેની શરતોએ નિવૃત્ત થયા :

(1) યંત્રોની કિંમત 10 %થી વધારવી.

(2) ટ્રેડમાર્કની કિંમત 40 % સુધી ઘટાડવી.

(3) દેવાદારો પર ઘાલખાધ અનામત 15 % રાખવી.

(4) બૅન્કમાં વટાવેલ લેણીહૂંડી ₹ 1300 પાક્યા તારીખે તા. 31-3-2017ના રોજ નકારાઈ, દેવાદાર પાસેથી કોઈ રકમ વસૂલ થયેલ નથી.

(5) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000 કરવામાં આવ્યું.

(6) ગોપી અને ક્રિશ્નનું નવું પ્રમાણ 2:1 રાખવું.

ભાગીદારોનાં ચાલુ ખાતાં, મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

ઉધાર **પુનઃમૂલ્યાંકન ખાતું** જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| રોકાણો ખાતે | 10,000 | યંત્રો ખાતે | | 6000 |
| ટ્રેડમાર્ક | 10,800 | ઘાલખાધ અનામત ખાતે | | |
| બૅન્ક ખાતે (નકરાયેલ લેણીહૂંડી) | 1300 | (₹ 8000 – ₹ 3900) | | 4100 |
| | | ભાગીદારોના ચાલુ ખાતે (ખોટ) : | | |
| | | ગોપી | 6000 | |
| | | ક્રિશ્ન | 4000 | |
| | | રામ | 2000 | 12,000 |
| | **22,100** | | | **22,100** |

**ભાગીદારોનાં ચાલુ ખાતાં**

ઉધાર જમા

| વિગત | ગોપી (₹) | ક્રિશ્ન (₹) | રામ (₹) | વિગત | ગોપી (₹) | ક્રિશ્ન (₹) | રામ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | – | 4500 | – | બાકી આગળ લાવ્યા | 8000 | – | 10,000 |
| પાઘડી | 750 | 500 | 250 | આકસ્મિક અનામત | 6000 | 4000 | 2000 |
| રામ ખાતે (પાઘડી) | 10,000 | – | – | કામદાર વળતર | | | |
| પુનઃમૂલ્યાંકન ખાતે | 6000 | 4000 | 2000 | અનામત ખાતે | 4500 | 3000 | 1500 |
| રામના મૂડી ખાતે | – | – | 21,250 | ગોપી ખાતે (પાઘડી) | – | – | 10,000 |
| બા. આ. લઈ ગયા | 1750 | – | – | બા. આ. લઈ ગયા | – | 2000 | – |
| | **18,500** | **9000** | **23,500** | | **18,500** | **9000** | **23,500** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | ગોપી (₹) | ક્રિશ્ન (₹) | રામ (₹) | વિગત | ગોપી (₹) | ક્રિશ્ન (₹) | રામ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| રામની લોન ખાતે | – | – | 51,250 | બાકી આગળ લાવ્યા | 30,000 | 20,000 | 30,000 |
| બા. આ. લઈ ગયા | 30,000 | 20,000 | – | રામના ચાલુ ખાતે | – | – | 21,250 |
| | **30,000** | **20,000** | **51,250** | | **30,000** | **20,000** | **51,250** |

**તા. 1-4-2017નાં રોજનું નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | ટ્રેડમાર્ક (18,000 − 10,800) | | 7200 |
| ગોપી | 30,000 | | યંત્રો | | 66,000 |
| ક્રિશ્ન | 20,000 | 50,000 | દેવાદારો | 26,000 | |
| ગોપીનું ચાલુ ખાતું | | 1750 | − ઘાલખાધ અનામત | 3900 | 22,100 |
| રામનું લોન ખાતું | | 51,250 | રોકાણો (40,000 − (15,000 + 10,000)) | | 15,000 |
| લેણદારો | | 23,000 | સ્ટૉક | | 12,000 |
| | | | બૅન્કમાં રોકડ (₹ 3000 − ₹ 1300) | | 1700 |
| | | | ક્રિશ્નનું ચાલુ ખાતું | | 2000 |
| | | **1,26,000** | | | **1,26,000** |

**સમજૂતી (1) : લાભનું પ્રમાણ :**

ગોપી, ક્રિશ્ન, રામનું જૂનું પ્રમાણ = $\frac{1}{2} : \frac{1}{3} : \frac{1}{6} = \frac{3}{6} : \frac{2}{6} : \frac{1}{6}$ = 3:2:1

ગોપી ક્રિશ્નનું નવું પ્રમાણ = 2:1

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

ગોપીનો લાભ = $\frac{2}{3} - \frac{3}{6} = \frac{4-3}{6} = \frac{1}{6}$; ક્રિશ્નનો લાભ = $\frac{1}{3} - \frac{2}{6} = \frac{2-2}{6} = 0$

**(2) : પાઘડીની ગણતરી અને તેની અસર :**

રામને મળવાપાત્ર પાઘડી = 60,000 × $\frac{1}{6}$ = ₹ 10,000

રામને પાઘડી ગોપી જ આપશે કારણ કે ક્રિશ્નનો લાભ શૂન્ય છે.

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| − | ગોપીના ચાલુ ખાતે ઉ<br>તે રામના ચાલુ ખાતે | | 10,000 | <br>10,000 |

**નોંધ :** (1) રોકાણોમાં નુકસાન ₹ 25,000 છે. તેની સામે રોકાણ વધઘટ અનામત ₹ 15,000 છે, તેથી વધારાનું નુકસાન ₹ 10,000 પુનઃમૂલ્યાંકન ખાતે ઉધારેલ છે.

| | | |
|---|---|---|
| રોકાણ વધઘટ અનામત ખાતે ઉ... | 15,000 | |
| પુનઃમૂલ્યાંકન ખાતે ઉ... | 10,000 | |
| તે રોકાણો ખાતે | | 25,000 |

(2) નકરાયેલ લેણી હૂંડી :

| | | |
|---|---|---|
| (i) લેણીહૂંડી ખાતે ઉ... | 1300 | |
| તે બૅન્ક ખાતે | | 1300 |
| (ii) દેવાદાર ખાતે ઉ... | 1300 | |
| તે લેણીહૂંડી ખાતે | | 1300 |
| (iii) પુનઃમૂલ્યાંકન ખાતે ઉ... | 1300 | |
| તે દેવાદાર ખાતે | | 1300 |
| **અથવા** | | |
| પુનઃમૂલ્યાંકન ખાતે ઉ... | 1300 | |
| તે બૅન્ક ખાતે | | 1300 |

(3) ટ્રેડમાર્ક : 40 % સુધી ઘટાડવી એટલે, 100 % ·············· 40 % સુધી

પૂરેપૂરી રકમ એટલે, 60 % ઘટાડવી.

∴ 18,000ના 60 % = ₹ 10,800 ઘટાડો.

**ઉદાહરણ 16 :** A, B અને C સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. A તા. 1-4-2014ના રોજ નિવૃત્ત થાય છે. પાઘડી, પુનઃમૂલ્યાંકનનો નફો, અનામતો વગેરેના હવાલા નાખ્યા પછી Aની મૂડીની બાકી ₹ 90,000 છે. Aને ચૂકવવાપાત્ર રકમ ત્રણ સરખા વાર્ષિક હપ્તામાં 10 % વાર્ષિક વ્યાજ સહિત ચૂકવવાની છે. Aની લોનનું ખાતું પૂરેપૂરું ચૂકતે થાય ત્યાં સુધીનું તૈયાર કરો. હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે.

**જવાબ :**

**Aની લોનનું ખાતું**

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 31-3-15 | બૅન્ક ખાતે (30,000 + 9000) | 39,000 | 1-4-14 | Aના મૂડી ખાતે | 90,000 |
| ,, | બાકી આગળ લઈ ગયા | 60,000 | 31-3-15 | વ્યાજ ખાતે | 9000 |
| | | **99,000** | | | **99,000** |
| 31-3-16 | બૅન્ક ખાતે (30,000 + 6000) | 36,000 | 1-4-15 | બાકી આગળ લાવ્યા | 60,000 |
| ,, | બાકી આગળ લઈ ગયા | 30,000 | 31-3-16 | વ્યાજ ખાતે | 6000 |
| | | **66,000** | | | **66,000** |
| 31-3-17 | બૅન્ક ખાતે (30,000 + 3000) | 33,000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 30,000 |
| | | | 31-3-17 | વ્યાજ ખાતે | 3000 |
| | | **33,000** | | | **33,000** |

● **મૂડીના હવાલા : (i) નવી પેઢીની કુલ મૂડી આપેલ હોય ત્યારે :**

**ઉદાહરણ 17 :** P, V અને R, 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. R નિવૃત્ત થાય છે. પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો, અનામતો, પાઘડી વગેરે હવાલાઓ આપ્યા બાદ ત્રણેય ભાગીદારોની મૂડી અનુક્રમે ₹ 50,000, ₹ 70,000 અને ₹ 80,000 હતી. નવી પેઢીની કુલ મૂડી ₹ 1,40,000 રાખવાનું નક્કી કર્યું, જે મૂડી P અને V વચ્ચે તેમના નવા નુકસાનના પ્રમાણ 3:2માં રાખવાનું નક્કી કર્યું. આ હેતુસર જરૂરી મૂડી રોકડમાં લાવવાનું અને વધારાની મૂડી રોકડમાં ઉપાડી જવાનું નક્કી કર્યું. જરૂરી ગણતરી કરો અને આમનોંધ લખો અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**જવાબ : સમજૂતી (1) :** P અને Vની નવી મૂડી કુલ ₹ 1,40,000 3:2ના પ્રમાણમાં,

Pની નવી મૂડી = ₹ 1,40,000 × $\frac{3}{5}$

= ₹ 84,000

Vની નવી મૂડી = ₹ 1,40,000 × $\frac{2}{5}$

= ₹ 56,000

(2) ભાગીદારોએ લાવવાની કે ઉપાડી જવાની રોકડની ગણતરી :

| | P (₹) | V (₹) |
|---|---|---|
| નવી મૂડી | 84,000 | 56,000 |
| **બાદ :** હવાલા બાદની ખરેખર મૂડી | 50,000 | 70,000 |
| લાવવાની મૂડી (ઉપાડી જવાની મૂડી) | 34,000 | (14,000) |
| | મૂડી લાવશે. | મૂડી ઉપાડશે. |

P ₹ 34,000 જરૂરી મૂડી તરીકે રોકડમાં લાવશે. V ₹ 14,000 વધારાની મૂડી તરીકે રોકડમાં ઉપાડી જશે.

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| – | રોકડ ખાતે ઉ<br>તે Pના મૂડી ખાતે<br>[બા.જે. : જરૂરી મૂડી P લાવ્યા તેના.] | | 34,000 | <br>34,000 |
| – | Vના મૂડી ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : વધારાની મૂડી V ઉપાડી ગયા તેના.] | | 14,000 | <br>14,000 |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | P (₹) | V (₹) | R (₹) | વિગત | P (₹) | V (₹) | R (₹) |
|---|---|---|---|---|---|---|---|
| Rની લોન ખાતે | – | – | 80,000 | બાકી આગળ લાવ્યા | 50,000 | 70,000 | 80,000 |
| રોકડ ખાતે | – | 14,000 | – | રોકડ ખાતે | 34,000 | – | – |
| બા. આ. લઈ ગયા | 84,000 | 56,000 | – | | | | |
| | **84,000** | **70,000** | **80,000** | | **84,000** | **70,000** | **80,000** |

**(ii) નવી પેઢીની કુલ મૂડી આપેલ ન હોય અને નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાની મૂડી બાકીના ભાગીદારો લાવે :**

**ઉદાહરણ 18 :** A, B અને C 4:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તા. 1-4-2017થી A નિવૃત્ત થાય છે. પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો, અનામતો અને પાઘડીની અસર આપ્યા બાદ ત્રણેય ભાગીદારોની મૂડી અનુક્રમે ₹ 30,000, ₹ 80,000 અને ₹ 90,000 હતી. ભાગીદારોએ નક્કી કર્યું કે Aને તેની લેણી રકમ રોકડમાં ચૂકવવી અને તે રકમ B અને C એવી રીતે રોકડમાં લાવે કે જેથી B અને Cની મૂડી તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં રહે. આ માટે જરૂરી હવાલા રોકડમાં કરવા જરૂરી આમનોંધ લખો અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**જવાબ : સમજૂતી (1) : નવી પેઢીની મૂડી**

A, B અને Cનું જૂનું પ્રમાણ 4:3:2

Aની નિવૃત્તિ બાદ B અને Cનું નવું પ્રમાણ = 3:2

| | | |
|---|---|---|
| નવી પેઢીની કુલ મૂડી : | Bની મૂડી = | ₹ 80,000 |
| | Cની મૂડી = | ₹ 90,000 |
| | વધારાની મૂડી = (Aને ચૂકવવાની) | ₹ 30,000 |
| | નવી પેઢીની કુલ મૂડી | ₹ 2,00,000 |

Bની નવી પેઢીમાં મૂડી = 2,00,000 × $\frac{3}{5}$ = ₹ 1,20,000 (નવું પ્રમાણ)

Cની નવી પેઢીમાં મૂડી = ₹ 2,00,000 × $\frac{2}{5}$ = ₹ 80,000 (નવું પ્રમાણ)

**(2) :** ભાગીદારોએ લાવવાની કે ઉપાડી જવાની રોકડની ગણતરી :

| | B (₹) | C (₹) |
|---|---|---|
| હવાલા બાદની જરૂરી નવી મૂડી | 1,20,000 | 80,000 |
| **બાદ :** હવાલા બાદની ખરેખર મૂડી | 80,000 | 90,000 |
| લાવવાની મૂડી (ઉપાડી જવાની મૂડી) | 40,000 | (10,000) |
| | મૂડી લાવશે. | મૂડી ઉપાડશે. |

**આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| – | Aના મૂડી ખાતે ઉ | | 30,000 | |
| | તે રોકડ ખાતે | | | 30,000 |
| | [બા.જે. : Aને તેની લેણી રકમ ચૂકવી તેના.] | | | |
| – | રોકડ ખાતે ઉ | | 40,000 | |
| | તે Bના મૂડી ખાતે | | | 40,000 |
| | [બા.જે. : B વધારાની જરૂરી મૂડી લાવ્યા તેના.] | | | |
| – | Cના મૂડી ખાતે ઉ | | 10,000 | |
| | તે રોકડ ખાતે | | | 10,000 |
| | [બા.જે. : Cને વધારાની મૂડી ચૂકવી તેના.] | | | |

ઉધાર **ભાગીદારોનાં મૂડી ખાતાં** જમા

| વિગત | A (₹) | B (₹) | C (₹) | વિગત | A (₹) | B (₹) | C (₹) |
|---|---|---|---|---|---|---|---|
| રોકડ ખાતે | 30,000 | – | – | બાકી આગળ લાવ્યા | 30,000 | 80,000 | 90,000 |
| રોકડ ખાતે | – | – | 10,000 | રોકડ ખાતે | – | 40,000 | – |
| બા. આ. લઈ ગયા | – | 1,20,000 | 80,000 | | | | |
| | **30,000** | **1,20,000** | **90,000** | | **30,000** | **1,20,000** | **90,000** |

**(iii) જૂના ભાગીદારો નિવૃત્ત થતાં ભાગીદારને ચૂકવવાની રકમ રોકડમાં લાવે અને નિશ્ચિત રોકડ જાળવી રાખે :**

**ઉદાહરણ 19 :** A, B અને C 5:3:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2017ના રોજ A નિવૃત્ત થાય છે. પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ, અનામતો અને પાઘડી અંગે જરૂરી હવાલા નાખ્યા બાદ ત્રણેય ભાગીદારોની મૂડી અનુક્રમે ₹ 60,000, ₹ 50,000 અને ₹ 70,000 હતી. તે દિવસે રોકડની બાકી ₹ 30,000 હતી. ભાગીદારોએ નીચે મુજબ નક્કી કર્યું :

(અ) Aને તેની લેણી રકમ રોકડમાં ચૂકવવી.

(બ) Aને ચૂકવ્યા બાદ નવી પેઢીમાં રોકડસિલક ₹ 20,000 રહે તે રીતે B અને C જરૂરી રોકડ એવી રીતે લાવે કે ઉપાડી જાય કે જેથી B અને Cની મૂડી નવી પેઢીમાં નવા નફા-નુકસાનના પ્રમાણમાં રહે.

જરૂરી ગણતરી દર્શાવી આમનોંધ લખો અને ભાગીદારોનાં મૂડી ખાતાં અને રોકડ ખાતું તૈયાર કરો.

**જવાબ : સમજૂતી (1) :** B અને Cની નવી પેઢીમાં મૂડી

A, B અને Cનું જૂનું પ્રમાણ = 5:3:1

Aની નિવૃત્તિ બાદ B અને Cનું નવું પ્રમાણ = 3:1

**B અને Cએ લાવવાની વધારાની મૂડી :**

| | |
|---|---|
| Aને ચૂકવવાની રકમ = | ₹ 60,000 |
| **બાદ :** Aને ચૂકવવા ઉપલબ્ધ રોકડ = (₹ 30,000 – ₹ 20,000 જાળવી રાખવાની રોકડ) | ₹ 10,000 |
| B અને Cએ લાવવાની રોકડ | ₹ 50,000 |

**B અને Cની નવી પેઢીમાં કુલ મૂડી :**

| | |
|---|---|
| Bની મૂડી = | ₹ 50,000 |
| + Cની મૂડી = | ₹ 70,000 |
| + વધારાની મૂડી = | ₹ 50,000 (Aને ચૂકવવા અને લઘુત્તમ રોકડ સિલક રાખવા માટે જરૂરી રોકડ) |
| B અને Cની કુલ મૂડી = | ₹ 1,70,000 |

નવા નફા-નુકસાનના પ્રમાણમાં Bની મૂડી = ₹ 1,70,000 × $\frac{3}{4}$ = ₹ 1,27,500 (નવા ભાગ પ્રમાણે)

નવા નફા-નુકસાનના પ્રમાણમાં Cની મૂડી = ₹ 1,70,000 × $\frac{1}{4}$ = ₹ 42,500 (નવા ભાગ પ્રમાણે)

**(2) :** B અને Cએ લાવવાની કે ઉપાડી જવાની રોકડની ગણતરી :

| | **B (₹)** | **C (₹)** |
|---|---|---|
| નવી મૂડી | 1,27,500 | 42,500 |
| **બાદ :** હવાલા બાદની મૂડી | 50,000 | 70,000 |
| લાવવાની મૂડી (ઉપાડી જવાની મૂડી) | 77,500 | (27,500) |
| | મૂડી લાવશે. | મૂડી ઉપાડશે. |

**આમનોંધ**

| **તારીખ/ક્રમ** | **વિગત** | **ખા.પા.** | **ઉધાર (₹)** | **જમા (₹)** |
|---|---|---|---|---|
| 1 | Aના મૂડી ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : Aને લેણી રકમ ચૂકવી તેના.] | | 60,000 | 60,000 |
| 2 | રોકડ ખાતે ઉ<br>તે Bના મૂડી ખાતે<br>[બા.જે. : B જરૂરી રોકડ વધારાની મૂડી તરીકે લાવ્યા તેના.] | | 77,500 | 77,500 |
| 3 | Cના મૂડી ખાતે ઉ<br>તે રોકડ ખાતે<br>[બા.જે. : Cને વધારાની મૂડી પરત કરી તેના.] | | 27,500 | 27,500 |

### ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | A (₹) | B (₹) | C (₹) | વિગત | A (₹) | B (₹) | C (₹) |
|---|---|---|---|---|---|---|---|
| રોકડ ખાતે | 60,000 | – | – | બાકી આગળ લાવ્યા | 60,000 | 50,000 | 70,000 |
| રોકડ ખાતે | – | – | 27,500 | રોકડ ખાતે | – | 77,500 | – |
| બા. આ. લઈ ગયા | – | 1,27,500 | 42,500 | | | | |
| | **60,000** | **1,27,500** | **70,000** | | **60,000** | **1,27,500** | **70,000** |

### રોકડ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 1-4-17 | બાકી આગળ લાવ્યા | 30,000 | 1-4-17 | Aના મૂડી ખાતે | 60,000 |
| 1-4-17 | Bના મૂડી ખાતે | 77,500 | 1-4-17 | Cના મૂડી ખાતે | 27,500 |
| | | | 1-4-17 | બાકી આગળ લઈ ગયા | 20,000 |
| | | **1,07,500** | | | **1,07,500** |

**ઉદાહરણ 20 :** કરણ, ફેનિલ અને ફરશીદ તેમની મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

### પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| લેણદારો | | 16,000 | પાઘડી | | 40,000 |
| કારીગર વળતર અનામત | | 12,000 | જમીન-મકાન | | 2,00,000 |
| કામદાર નફા ભાગ ભંડોળ | | 30,000 | પેટન્ટ | | 60,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 45,000 | યંત્રો | | 80,000 |
| **મૂડી ખાતાં :** | | | દેવાદારો | 35,000 | |
| કરણ | 2,00,000 | | – ઘાલખાધ અનામત | 5000 | 30,000 |
| ફેનિલ | 1,20,000 | | સ્ટૉક | | 53,000 |
| ફરશીદ | 80,000 | 4,00,000 | બૅન્ક | | 40,000 |
| | | **5,03,000** | | | **5,03,000** |

ઉપરની તારીખે ફરશીદ નિવૃત્ત થાય છે. ભાગીદારોએ એવું નક્કી કર્યું કે,

(1) કરણ અને ફેનિલનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:3 રાખવું.

(2) પાઘડીનું મૂલ્યાંકન ₹ 80,000થી કરવું.

(3) પેટન્ટના ₹ 60,000 ચાલુ વર્ષે ચૂકવેલ છે, જે કુલ 4 વર્ષ માટેના છે.

(4) યંત્રો પર 10 % ઘસારો માંડી વાળવો.

(5) દેવાદારોમાંથી ₹ 3000 ઘાલખાધ માંડી વાળવી.

(6) ફરશીદને ₹ 20,000 ચૂકવી આપવા.

(7) સ્ટૉકની બજારકિંમત ₹ 54,000 છે.

(8) નવી પેઢીની કુલ મૂડી જૂની પેઢીની કુલ મૂડી જેટલી જ રાખવી. આ મૂડી કરણ અને ફેનિલ તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે. જરૂરી હવાલા બૅન્ક ખાતાં દ્વારા તૈયાર કરવા :

(i) પુનઃમૂલ્યાંકન ખાતું (ii) ભાગીદારોનાં મૂડી ખાતાં (iii) બૅન્ક ખાતું (iv) પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

## પુનઃમૂલ્યાંકનનું ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| પેટન્ટ ખાતે | 15,000 | ઘાલખાધ અનામત ખાતે | | 2000 |
| યંત્રો ખાતે | 8000 | (₹ 5000 – ₹ 3000 ઘાલખાધ) | | |
| | | સ્ટૉક ખાતે | | 1000 |
| | | ભાગીદારોનાં મૂડી ખાતે (ખોટ) : | | |
| | | કરણ | 10,000 | |
| | | ફેનીલ | 6000 | |
| | | ફરશીદ | 4000 | 20,000 |
| | **23,000** | | | **23,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર | જમા

| વિગત | કરણ (₹) | ફેનીલ (₹) | ફરશીદ (₹) | વિગત | કરણ (₹) | ફેનીલ (₹) | ફરશીદ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પાઘડી ખાતે | 20,000 | 12,000 | 8000 | બાકી આગળ લાવ્યા | 2,00,000 | 1,20,000 | 80,000 |
| કરણના મૂડી ખાતે | – | 8000 | – | કારીગર વળતર અના. | 6000 | 3600 | 2400 |
| ફરશીદના મૂડી ખાતે (પાઘડી) | – | 16,000 | – | ફેનીલના મૂડી ખાતે (પાઘડી) | 8000 | – | 16,000 |
| બૅન્ક ખાતે | – | – | 20,000 | | | | |
| પુનઃમૂલ્યાંકન ખાતે | 10,000 | 6000 | 4000 | | | | |
| ફરશીદની લોન ખાતે | – | – | 66,400 | | | | |
| બૅન્ક ખાતે | 24,000 | – | – | | | | |
| બા. આ. લઈ ગયા | 1,60,000 | 2,40,000 | – | બૅન્ક ખાતે | – | 1,58,400 | – |
| | **2,14,000** | **2,82,000** | **98,400** | | **2,14,000** | **2,82,000** | **98,400** |

## બૅન્ક ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 40,000 | ફરશીદ ખાતે | 20,000 |
| ફેનીલના મૂડી ખાતે | 1,58,400 | કરણ ખાતે | 24,000 |
| | | બાકી આગળ લઈ ગયા | 1,54,400 |
| | **1,98,400** | | **1,98,400** |

### તા. 1-4-2017નાં રોજનું નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| લેણદારો | | 16,000 | પેટન્ટ | 45,000 |
| કામદાર નફા ભાગ ભંડોળ | | 30,000 | યંત્રો | 72,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 45,000 | દેવાદારો | 32,000 |
| ફરશીદની લોન ખાતે | | 66,400 | સ્ટૉક | 54,000 |
| **મૂડી ખાતાં :** | | | બૅન્ક | 1,54,400 |
| કરણ | 1,60,000 | | જમીન-મકાન | 2,00,000 |
| ફેનીલ | 2,40,000 | 4,00,000 | | |
| | | **5,57,400** | | **5,57,400** |

**સમજૂતી (1) : પાઘડીની વહેંચણી :**

કરણ, ફેનીલ અને ફરશીદનું જૂનું પ્રમાણ = 5:3:2; કરણ અને ફેનીલનું નવું પ્રમાણ = 2:3

લાભ = નવો ભાગ – જૂનો ભાગ

કરણનો લાભ = $\frac{2}{5} - \frac{5}{10} = -\frac{1}{10}$ (ત્યાગ)

ફેનીલનો લાભ = $\frac{3}{5} - \frac{3}{10} = \frac{3}{10}$

∴ તેના દ્વારા ચૂકવવાપાત્ર પાઘડી = ₹ 80,000 × $\frac{3}{10}$ = ₹ 24,000

કરણ ત્યાગ કરતો હોવાથી તેને પણ પાઘડી મળશે જે ફેનીલ આપશે.

કરણને મળવાપાત્ર પાઘડી = 80,000 × $\frac{1}{10}$ = ₹ 8000

ફરશીદને મળવાપાત્ર પાઘડી = 80,000 × $\frac{2}{10}$ = ₹ 16,000

| | | | |
|---|---|---|---|
| **આમનોંધ :** | ફેનીલના મૂડી ખાતે...ઉ | 24,000 | |
| | તે કરણના મૂડી ખાતે | | 8000 |
| | તે ફરશીદના મૂડી ખાતે | | 16,000 |

**(2) : નવી પેઢીની મૂડીની વહેંચણી :**

નવી પેઢીની કુલ મૂડી જૂની પેઢીની કુલ મૂડી ₹ 4,00,000 જેટલી કરણ અને ફેનીલ વચ્ચે તેમના નવા નફા-નુકસાનના પ્રમાણ 2:3માં રાખવાની છે.

∴ કરણની નવી મૂડી = 4,00,000 × $\frac{2}{5}$ = 1,60,000; ફેનીલની નવી મૂડી = 4,00,000 × $\frac{3}{5}$ = 2,40,000

**ઉદાહરણ 21 :** L, M અને N એક પેઢીના ભાગીદારો છે. તેઓ નફા-નુકસાન અનુક્રમે 40 %, 30 % અને 30 %ના ભાગે વહેંચે છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

### પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| લેણદારો | | 60,000 | રોકડ | 13,000 |
| રોકાણ વધઘટ અનામત | | 15,000 | સ્ટૉક | 32,000 |
| ઘાલખાધ અનામત | | 10,000 | દેવાદારો | 80,000 |
| **મૂડી ખાતાં :** | | | રોકાણો | 60,000 |
| L | 1,80,000 | | મકાન | 2,20,000 |
| M | 1,00,000 | | ફર્નિચર | 30,000 |
| N | 90,000 | 3,70,000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | 20,000 |
| | | **4,55,000** | | **4,55,000** |

તા. 1-4-2016થી M નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ હતી :

(1) Mનો ભાગ L અને N 3:2ના પ્રમાણમાં વહેંચશે.

(2) દેવાદારોમાંથી ₹ 8000 ઘાલખાધ માંડી વાળવી અને 10 % શકમંદ લેણાં અનામત અને 5 % વટાવ અનામતની જોગવાઈ કરવી.

(3) રોકાણોની બજારકિંમત ₹ 50,000 છે.

(4) મકાનની બજારકિંમત ₹ 2,50,000 છે.

(5) ₹ 1560 ફર્નિચરમાંથી માંડી વાળવાના છે.

(6) L અને Nની મૂડી તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવી અને જરૂરી હવાલા તેમના ચાલુ ખાતે નાખવા.

(7) પાઘડીનું મૂલ્યાંકન ₹ 50,000થી કરવામાં આવ્યું.

(8) ₹ 5500ના લેણદારો Nએ ચૂકવવાનું કબૂલ્યું.

જરૂરી ખાતાં તૈયાર કરો અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું પણ તૈયાર કરો.

**જવાબ :**

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| ઘાલખાધ અનામત ખાતે (₹ 10,000 – ઘાલખાધ ₹ 8000 – નવી ઘાલખાધ અનામત ₹ 7200) | | 5200 | મકાન ખાતે | 30,000 |
| દેવાદારો પર વટાવ અનામત ખાતે | | 3240 | | |
| ફર્નિચર ખાતે | | 1560 | | |
| ભાગીદારોનાં મૂડી ખાતે (નફો) : | | | | |
| L | 8000 | | | |
| M | 6000 | | | |
| N | 6000 | 20,000 | | |
| | | **30,000** | | **30,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર | જમા

| વિગત | L (₹) | M (₹) | N (₹) | વિગત | L (₹) | M (₹) | N (₹) |
|---|---|---|---|---|---|---|---|
| જાહેરાત ઝુંબેશ ખર્ચ | 8000 | 6000 | 6000 | બાકી આગળ લાવ્યા | 1,80,000 | 1,00,000 | 90,000 |
| Mના મૂડી ખાતે (પાઘડી) | 9000 | – | 6000 | રોકાણ વળતર અનામત ખાતે | 2000 | 1500 | 1500 |
| Mની લોન ખાતે | – | 1,16,500 | – | પુનઃમૂલ્યાંકન ખાતે | 8000 | 6000 | 6000 |
| ચાલુ ખાતે | 19,880 | – | – | Lના મૂડી ખાતે (પાઘડી) | – | 9000 | – |
| બા. આ. લઈ ગયા | 1,53,120 | – | 1,10,880 | Nના મૂડી ખાતે (પાઘડી) | – | 6000 | – |
| | | | | લેણદારો ખાતે | – | – | 5500 |
| | | | | ચાલુ ખાતે | – | – | 19,880 |
| | **1,90,000** | **1,22,500** | **1,22,880** | | **1,90,000** | **1,22,500** | **1,22,880** |

## તા. 1-4-2016નાં રોજનું નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| Mની લોન | | 1,16,500 | Nનું ચાલુ ખાતું | | 19,880 |
| Lનું ચાલુ ખાતું | | 19,880 | દેવાદારો | 80,000 | |
| **મૂડી ખાતાં :** | | | − ઘાલખાધ | 8000 | |
| L | 1,53,120 | | | 72,000 | |
| N | 1,10,880 | 2,64,000 | − ઘાલખાધ અનામત | 7200 | |
| લેણદારો (₹ 60,000 − ₹ 5500) | | 54,500 | | 64,800 | |
| | | | − વટાવ અનામત | 3240 | 61,560 |
| | | | સ્ટૉક | | 32,000 |
| | | | રોકાણો | | 50,000 |
| | | | મકાન | | 2,50,000 |
| | | | ફર્નિચર | | 28,440 |
| | | | રોકડ | | 13,000 |
| | | **4,54,880** | | | **4,54,880** |

**સમજૂતી (1) : પાઘડીની વહેંચણી :**

L, M અને Nનું જૂનું પ્રમાણ = 4:3:3

Mનો ભાગ L અને Nને 3:2ના પ્રમાણમાં મળશે.

∴ L અને Nનું લાભનું પ્રમાણ = 3:2

Mના ભાગની પાઘડી = $50{,}000 \times \frac{3}{10}$ = ₹ 15,000

Mને ₹ 15,000 પાઘડી L અને N તેમના લાભના પ્રમાણ 3:2માં આપશે.

**આમનોંધ :**

| | | |
|---|---|---|
| Lના મૂડી ખાતે...ઉ | 9000 | |
| Nના મૂડી ખાતે...ઉ | 6000 | |
| તે Mના મૂડી ખાતે | | 15,000 |

**(2) :** L અને Nનું નવું નફા-નુકસાનનું પ્રમાણ

L, M અને Nનું જૂનું પ્રમાણ = 4:3:3

Mનો ભાગ $\frac{3}{10}$, L અને Nને 3:2ના પ્રમાણમાં મળે છે.

∴ Lનો લાભ = $\frac{3}{10} \times \frac{3}{5} = \frac{9}{50}$

Nનો લાભ = $\frac{3}{10} \times \frac{2}{5} = \frac{6}{50}$

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

∴ Lનો ભાગ = $\frac{4}{10} + \frac{9}{50} = \frac{20+9}{50} = \frac{29}{50}$

Nનો ભાગ = $\frac{3}{10} + \frac{6}{50} = \frac{15+6}{50} = \frac{21}{50}$

∴ નવું પ્રમાણ = 29:21

**(3) : નવી પેઢીની મૂડી L અને Nના નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખવાની ગણતરી :**

| | | |
|---|---|---|
| Lની મૂડી (₹ 1,90,000 − ₹ 17,000) | = ₹ | 1,73,000 |
| Nની મૂડી (₹ 1,03,000 − ₹ 12,000) | = ₹ | 91,000 |
| નવી પેઢીની કુલ મૂડી | = ₹ | 2,64,000 |

નવા નફા-નુકસાનના પ્રમાણ 29:21માં મૂડીની વહેંચણી :

$\therefore$ Lની નવી મૂડી $= 2{,}64{,}000 \times \frac{29}{50} =$ ₹ 1,53,120

Nની નવી મૂડી $= 2{,}64{,}000 \times \frac{21}{50} =$ ₹ 1,10,880

**ઉદાહરણ 22 :** P, Q અને R સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | ટ્રેડમાર્ક | | 5400 |
| P | 9000 | | જમીન-મકાન | | 10,000 |
| Q | 6000 | | X લિ.ના શેર | | 1500 |
| R | 6000 | 21,000 | સ્ટૉક | | 3000 |
| સામાન્ય અનામત | | 1200 | દેવાદારો | 3000 | |
| રોકાણ વધઘટ ભંડોળ | | 360 | − ઘાલખાધ અનામત | 240 | 2760 |
| લેણદારો | | 4600 | રોકડ-બૅન્ક | | 1500 |
| | | | નફા-નુકસાન ખાતું | | 3000 |
| | | **27,160** | | | **27,160** |

R તા. 31-3-2016ના રોજ નિવૃત્ત થાય છે. નિવૃત્તિ વખતે નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું.

(1) પેઢીની પાઘડી છેલ્લાં પાંચ વર્ષના સરેરાશ નફાથી ત્રણ ગણી ગણવી.

(2) જમીન-મકાનની કિંમત ₹ 15,000 ગણવી.

(3) X લિ.ના શેરની બજારકિંમત ₹ 1200 છે.

(4) બધા જ દેવાદારો સધ્ધર છે.

(5) ₹ 2000 ચૂકવવાના બાકી પગારની જોગવાઈ કરવી.

(6) પેઢીનો અગાઉના 4 વર્ષનો નફો નીચે મુજબ હતો :

| | |
|---|---|
| 2011-12 | ₹ 6000 |
| 2012-13 | ₹ 2000 |
| 2013-14 | ₹ 3000 |
| 2014-15 | ₹ 2000 |

(7) Rનો નફાનો ભાગ Pને મળશે.

(8) Rને તેની લેણી રકમ રોકડમાં ચૂકવી આપવી અને તે રકમ P અને Q એવી રીતે રોકડમાં લાવશે કે જેથી તેમની મૂડી નવી પેઢીમાં નવા નફા-નુકસાનના પ્રમાણમાં રહે.

જરૂરી ખાતાં અને નવું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ :

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| ચૂકવવાના બાકી પગાર ખાતે | | 2000 | ઘાલખાધ અનામત ખાતે | 240 |
| ભાગીદારોનાં મૂડી ખાતે (નફો) : | | | જમીન-મકાન ખાતે | 5000 |
| P | 1080 | | | |
| Q | 1080 | | | |
| R | 1080 | 3240 | | |
| | | **5240** | | **5240** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | P (₹) | Q (₹) | R (₹) | વિગત | P (₹) | Q (₹) | R (₹) |
|---|---|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતે | 1000 | 1000 | 1000 | બાકી આગળ લાવ્યા | 9000 | 6000 | 6000 |
| Rના મૂડી ખાતે | 2000 | – | – | સામાન્ય અના. ખાતે | 400 | 400 | 400 |
| રોકડ-બૅન્ક ખાતે | – | – | 8500 | રોકાણ વધઘટ ભંડોળ ખાતે | 20 | 20 | 20 |
| બા. આ. લઈ ગયા | 15,000 | 7500 | – | Pના મૂડી ખાતે (પાઘડી) | – | – | 2000 |
| | | | | પુનઃમૂલ્યાંકન ખાતે | 1080 | 1080 | 1080 |
| | | | | રોકડ-બૅન્ક ખાતે | 7500 | 1000 | – |
| | **18,000** | **8500** | **9500** | | **18,000** | **8500** | **9500** |

## રોકડ-બૅન્ક ખાતું

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1500 | Rના મૂડી ખાતે | 8500 |
| Pના મૂડી ખાતે | 7500 | બાકી આગળ લઈ ગયા | 1500 |
| Qના મૂડી ખાતે | 1000 | | |
| | **10,000** | | **10,000** |

## તા. 1-4-2016નાં રોજનું નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | 15,000 |
| P | 15,000 | | X લિ.ના શેર | 1200 |
| Q | 7500 | 22,500 | સ્ટૉક | 3000 |
| લેણદારો | | 4600 | દેવાદારો | 3000 |
| ચૂકવવાનો બાકી પગાર | | 2000 | રોકડ-બૅન્ક | 1500 |
| | | | ટ્રેડમાર્ક | 5400 |
| | | **29,100** | | **29,100** |

**સમજૂતી (1) : પાઘડીનું મૂલ્યાંકન અને વહેંચણી :**

સરેરાશ નફો = $\frac{6000 + 2000 + 3000 + 2000 - 3000}{5}$ = ₹ 2000

પાઘડી = ₹ 2000 × 3 = ₹ 6000

Rનો પાઘડીમાં ભાગ = 6000 × $\frac{1}{3}$ = ₹ 2000

∴ Rના નફાનો ભાગ Pને મળે છે.

∴ Rને પાઘડી P આપશે.

આમનોંધ :

| | | |
|---|---|---|
| Pના મૂડી ખાતે...ઉ | 2000 | |
| તે Rના મૂડી ખાતે | | 2000 |

**(2) : નવું નફા-નુકસાનનું પ્રમાણ :**

P, Q અને Rનું જૂનું પ્રમાણ = 1:1:1

R નિવૃત્ત થાય છે, તેનો ભાગ Pને મળશે.

નવો ભાગ = જૂનો ભાગ + લાભ

∴ Pનો ભાગ = $\frac{1}{3} + \frac{1}{3} = \frac{2}{3}$

Qનો ભાગ = $\frac{1}{3} + 0 = \frac{1}{3}$

∴ નવું નફા-નુકસાનનું પ્રમાણ = 2:1

**(3) : P અને Qની નવી મૂડી :**

| | | |
|---|---|---|
| | Pની મૂડી (₹ 10,500 − ₹ 3000) | = ₹ 7500 |
| + | Qની મૂડી (₹ 7500 − ₹ 1000) | = ₹ 6500 |
| + | Rને ચૂકવેલ રકમ (વધારાની મૂડી) | = ₹ 8500 |
| | નવી પેઢીની કુલ મૂડી | = ₹ 22,500 |

∴ Pની નવી મૂડી = 22,500 × $\frac{2}{3}$ = ₹ 15,000

Qની નવી મૂડી = 22,500 × $\frac{1}{3}$ = ₹ 7500

**ઉદાહરણ 23 :** E, F અને G 4:3:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા પેઢીના ભાગીદારો છે. E તા. 31-3-2015ના રોજ નિવૃત્ત થાય છે. તે દિવસનું તેમનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 1000 |
| E | 8000 | | જમીન-મકાન | 6000 |
| F | 5000 | | ફર્નિચર | 4000 |
| G | 2000 | 15,000 | સ્ટૉક | 6600 |
| સામાન્ય અનામત | | 2000 | દેવાદારો | 9000 |
| લેણદારો | | 8000 | રોકડ | 400 |
| દેવીહૂંડી | | 2000 | | |
| | | **27,000** | | **27,000** |

નિવૃત્તિની શરતો નીચે મુજબ નક્કી કરવામાં આવી :

(1) પાઘડીનું મૂલ્યાંકન ₹ 4000થી કરવામાં આવ્યું.

(2) કાયમી મિલકતોની કિંમતમાં 20 % વધારો કરવો.

(3) સ્ટૉક 10 % વધુ કિંમતે દર્શાવેલ છે.

(4) નવું નફા-નુકસાનનું પ્રમાણ F અને G વચ્ચે 4:1 નક્કી કરવામાં આવ્યું.

(5) Eને તેની લેણી રકમ ચૂકવી દેવી અને નવી પેઢીમાં રોકડ ₹ 1000 રહે તે રીતે F અને G જરૂરી રોકડ એવી રીતે લાવશે કે લઈ જશે કે જેથી નવી પેઢીમાં તેમની મૂડી નવા નફા-નુકસાનના પ્રમાણમાં રહે.

જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

## પુનઃમૂલ્યાંકન ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| સ્ટૉક ખાતે | | 600 | જમીન-મકાન ખાતે | 1200 |
| ભાગીદારોનાં મૂડી ખાતે (નફો) : | | | ફર્નિચર ખાતે | 800 |
| E | 560 | | | |
| F | 420 | | | |
| G | 420 | 1400 | | |
| | | **2000** | | **2000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર | જમા

| વિગત | E (₹) | F (₹) | G (₹) | વિગત | E (₹) | F (₹) | G (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પાઘડી ખાતે | 400 | 300 | 300 | બાકી આગળ લાવ્યા | 8000 | 5000 | 2000 |
| Eના મૂડી ખાતે | – | 1600 | – | સામાન્ય અના. ખાતે | 800 | 600 | 600 |
| Gના મૂડી ખાતે | – | 400 | – | Fના મૂડી ખાતે | 1600 | – | 400 |
| રોકડ ખાતે | 10,560 | – | – | પુનઃમૂલ્યાંકન ખાતે | 560 | 420 | 420 |
| બા. આ. લઈ ગયા | – | 14,400 | 3600 | રોકડ ખાતે | – | 10,680 | 480 |
| | **10,960** | **16,700** | **3900** | | **10,960** | **16,700** | **3900** |

## રોકડ ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 400 | Eના મૂડી ખાતે | 10,560 |
| Fના મૂડી ખાતે | 10,680 | બાકી આગળ લઈ ગયા | 1000 |
| Gના મૂડી ખાતે | 480 | | |
| | **11,560** | | **11,560** |

**તા. 1-4-2015નાં રોજનું નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| લેણદારો | | 8000 | જમીન-મકાન | 7200 |
| દેવીહૂંડી | | 2000 | ફર્નિચર | 4800 |
| **મૂડી ખાતાં :** | | | સ્ટૉક | 6000 |
| F | 14,400 | | દેવાદારો | 9000 |
| G | 3600 | 18,000 | રોકડ | 1000 |
| | | **28,000** | | **28,000** |

**સમજૂતી (1) : લાભનું પ્રમાણ :**

E, F અને Gનું જૂનું પ્રમાણ = 4:3:3

F અને Gનું નવું પ્રમાણ = 4:1

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

$F = \frac{4}{5} - \frac{3}{10} = \frac{5}{10}$

$G = \frac{1}{5} - \frac{3}{10} = -\frac{1}{10}$ (ત્યાગ)

**(2) : પાઘડીની વહેંચણી :**

G ત્યાગ કરતો હોવાથી Gને પાઘડી મળશે.

Eને મળવાપાત્ર પાઘડી = $4000 \times \frac{4}{10}$ = ₹ 1600

F દ્વારા ચૂકવવાપાત્ર પાઘડી = $4000 \times \frac{5}{10}$ = ₹ 2000

Gને મળવાપાત્ર પાઘડી = $4000 \times \frac{1}{10}$ = ₹ 400

આમનોંધ :

| | | |
|---|---|---|
| Fના મૂડી ખાતે...ઉ | 2000 | |
| તે Eના મૂડી ખાતે | | 1600 |
| તે Gના મૂડી ખાતે | | 400 |

**(3) : F અને Gની નવી મૂડી :**

| | |
|---|---|
| Fની મૂડી (₹ 6020 − ₹ 2300) | = ₹ 3720 |
| Gની મૂડી (₹ 3420 − ₹ 300) | = ₹ 3120 |
| જરૂરી વધારાની મૂડી (Eને ચૂકવ્યા ₹ 10,560 + જરૂરી આખરની રોકડ ₹ 1000 − શરૂની બાકી ₹ 400) | = ₹ 11,160 |
| F અને Gની કુલ મૂડી | = ₹ 18,000 |

∴ Fની નવી મૂડી = $18,000 \times \frac{4}{5}$ = ₹ 14,400

Gની નવી મૂડી = $18,000 \times \frac{1}{5}$ = ₹ 3600

## 9. મૃત્યુ પામનાર ભાગીદારને ચૂકવવાપાત્ર રકમ નક્કી કરવી અને તેના વહીવટકર્તાને ચૂકવણી કરવી (Determination of Amount Payable to the Deceased Partner and Payment to his Executor)

ભાગીદાર આયોજન મુજબ અગાઉથી નક્કી થયેલ તારીખે નિવૃત્ત થાય છે, પરંતુ ભાગીદારનું મૃત્યુ કોઈ પણ સમયે થઈ શકે છે. તેથી મૃત્યુ પામનાર ભાગીદારના વારસદારો મૃત્યુ થતા ભાગીદારને મળતી રકમ મેળવવા હકદાર બને છે. ઉપરાંત છેલ્લા પાકા સરવૈયાની તારીખથી મૃત્યુ સુધી પેઢીના નફામાં પણ ભાગ, મૂડી પર વ્યાજ, પગાર વગેરે મેળવવા હકદાર બને છે. મૃત્યુ પામનાર ભાગીદારોના વારસદારોને નીચે મુજબ રકમ મળવાપાત્ર છે.

(i) મૂડી ખાતાં અને ચાલુ ખાતાંમાં જમા રકમ

(ii) અનામતો અને એકઠા થયેલ નફામાં તેનો ભાગ

(iii) પુનઃમૂલ્યાંકન ખાતાંના નફામાં ભાગ

(iv) પેઢીની પાઘડીમાં તેનો ભાગ

(v) વર્ષની શરૂઆતથી મૃત્યુની તારીખ સુધીના પેઢીના નફામાં ભાગ

(vi) વર્ષની શરૂઆતથી મૃત્યુની તારીખ સુધી મૂડી પર વ્યાજ

(vii) વર્ષની શરૂઆતથી મૃત્યુની તારીખ સુધી પગાર કે કમિશન

(viii) પેઢીને આપેલ લોન અને તેના પર મૃત્યુની તારીખ સુધીનું વ્યાજ

નીચેની રકમો તેના ખાતે ઉધારવામાં આવે છે :

(i) ચાલુ ખાતાંની ઉધાર બાકી

(ii) પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટમાં તેનો ભાગ

(iii) એકઠા થયેલ નુકસાનમાં તેનો ભાગ

(iv) ચાલુ પ્રસારિત મહેસૂલી ખર્ચામાં તેનો ભાગ

(v) પેઢીના ચોપડે દર્શાવેલ પાઘડીમાં તેનો ભાગ

(vi) ઉપાડ

(vii) ઉપાડ પર વ્યાજ

(viii) વર્ષની શરૂઆતથી મૃત્યુની તારીખ સુધી પેઢીની ખોટમાં તેનો ભાગ

ઉપરના હવાલાઓની અસર મૃત્યુ પામનાર ભાગીદારના મૂડી ખાતાંમાં આપવામાં આવે છે અને તેનું મૂડી ખાતું બંધ કરી તેની બાકી વહીવટકર્તા ખાતે લઈ જવામાં આવે છે. આ માટે નીચે મુજબની આમનોંધ કરવામાં આવે છે.

મૃત્યુ પામેલ ભાગીદારના મૂડી ખાતે...ઉ

તે મૃત્યુ પામેલ ભાગીદારના વહીવટકર્તા ખાતે

- **મૃત્યુ પામેલ ભાગીદારને નફામાં ભાગ :**

વર્ષની શરૂઆતથી મૃત્યુની તારીખ સુધી પેઢીના નફામાં ભાગ મળવાપાત્ર છે. પેઢીનો નફો જે-તે હિસાબી વર્ષ પૂરું થાય ત્યારે શોધવામાં આવે છે. ભાગીદારનું મૃત્યુ હિસાબી વર્ષ પૂરું થયા પહેલાં એટલે કે વર્ષની વચ્ચે થાય તો તે વર્ષના નફાની ગણતરી કર્યા વગર તે વર્ષના નફામાં ભાગ આપવાનો પ્રશ્ન ઊભો થાય. તેથી મૃત્યુ થતા ભાગીદારને વર્ષની શરૂઆતથી મૃત્યુ થયા તારીખ સુધી નફામાં ભાગ ભૂતકાળના નફા કે વેચાણને આધારે નીચેની રીતે આપવામાં આવે છે :

(1) પાછલા વર્ષના નફાને આધારે

(2) ભૂતકાળનાં અમુક વર્ષોના સરેરાશ નફાને આધારે

(3) પાછલા વર્ષના વેચાણ અને નફાને આધારે

દા.ત., ભાગીદાર Aનું મૃત્યુ તા. 30-6-2016ના રોજ થાય છે. Aનો નફામાં ભાગ $\frac{1}{5}$ છે. હિસાબી વર્ષ 31મી માર્ચના રોજ પૂરું થાય છે. છેલ્લાં ત્રણ વર્ષનો નફો આ મુજબ છે :

વર્ષ 2013-14 ₹ 80,000

વર્ષ 2014-15 ₹ 60,000

વર્ષ 2015-16 ₹ 40,000

વર્ષ 2015-16નું વેચાણ ₹ 2,00,000 હતું. ચાલુ વર્ષનું પ્રથમ ત્રણ માસનું વેચાણ ₹ 60,000 હતું.

નીચેના સંજોગોમાં Aને ચૂકવવાપાત્ર નફાની ગણતરી કરો :

(1) પાછલા વર્ષના નફાને આધારે

(2) છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ નફાને આધારે

(3) પાછલા વર્ષના વેચાણ અને નફાને આધારે

**જવાબ : (1) પાછલા વર્ષના નફાને આધારે :**

Aને તા. 1-4-2016થી તા. 30-6-2016 સુધી 3 માસ માટે નફામાં ભાગ ચૂકવવાપાત્ર થાય છે. પાછલા વર્ષ 2015-16નો નફો ₹ 40,000 છે.

Aના ભાગનો નફો = ₹ 40,000 $\times \frac{1}{5} \times \frac{3}{12}$ = ₹ 2000

**(2) છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ નફાને આધારે :**

સરેરાશ નફો = $\frac{80,000 + 60,000 + 40,000}{3}$ = ₹ 60,000

Aના ભાગનો નફો = ₹ 60,000 $\times \frac{1}{5} \times \frac{3}{12}$ = ₹ 3000

**(3) પાછલા વર્ષના વેચાણ અને નફાને આધારે :**

2015-16નું વેચાણ ₹ 2,00,000 : નફા ₹ 40,000

2016-17નું ત્રણ માસનું વેચાણ ₹ 60,000 : (?)

$\frac{40,000 \times 60,000}{2,00,000}$ = ₹ 12,000 (પેઢીનો 3 માસનો નફો)

Bનો ભાગ = 12,000 $\times \frac{1}{5}$ = ₹ 2400

Bને નફો વર્ષ પૂરું થયા પહેલાં ચૂકવવામાં આવતો હોવાથી Bને ચૂકવવાપાત્ર નફા માટે નીચે મુજબની આમનોંધ પસાર કરવામાં આવશે.

નફા-નુકસાન ઉપલક ખાતે...ઉ

  તે Bના મૂડી ખાતે

નફાને અસર કરતી અન્ય ચૂકવણીઓ દા.ત., મૂડી પર વ્યાજ, લોન પર વ્યાજ, પગાર, કમિશન વગેરે પણ નફા-નુકસાન ઉપલક ખાતે લઈ જવામાં આવશે. જેની આમનોંધ નીચે મુજબ કરવામાં આવશે :

(i) મૂડી પર વ્યાજ ખાતે...ઉ

લોન પર વ્યાજ ખાતે...ઉ

પગાર ખાતે...ઉ

કમિશન ખાતે...ઉ

  તે મૃત્યુ પામનાર ભાગીદારના મૂડી ખાતે

(ii) નફા-નુકસાન ઉપલક ખાતે...ઉ

  તે મૂડી પર વ્યાજ ખાતે

  તે લોન પર વ્યાજ ખાતે

  તે પગાર ખાતે

  તે કમિશન ખાતે

## મૃત્યુ પામેલ ભાગીદારનું મૂડી ખાતું

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| ચાલુ ખાતે (ઉધાર બાકી) | ✓ | બાકી આગળ લાવ્યા | ✓ |
| પુનઃમૂલ્યાંકન ખાતે | | ચાલુ ખાતે (જમા બાકી) | ✓ |
| (પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટમાં ભાગ) | ✓ | અનામતો ખાતે (અનામતોમાં તેનો ભાગ) | ✓ |
| નફા-નુકસાન ખાતે | | નફા-નુકસાન ખાતે | |
| (એકઠી થયેલ ખોટમાં ભાગ) | ✓ | (નહિ વહેંચેલ નફામાં તેનો ભાગ) | ✓ |
| પાઘડી ખાતે - માંડી વાળેલ | | પુનઃમૂલ્યાંકન ખાતે (નફામાં તેનો ભાગ) | ✓ |
| (જૂની પાઘડીમાં ભાગ) | ✓ | અન્ય ભાગીદારના મૂડી ખાતે | |
| ઉપાડ ખાતે | ✓ | (નવી પાઘડીમાં ભાગ) | ✓ |
| ઉપાડના વ્યાજ ખાતે | ✓ | મૂડી પર વ્યાજ ખાતે | ✓ |
| જાહેરાત ઝુંબેશ ખર્ચ ખાતે (તેનો ભાગ) | ✓ | પગાર કે કમિશન ખાતે | ✓ |
| નફા-નુકસાન ઉપલક ખાતે | | લોન ખાતે (પેઢીને આપેલ લોન) | ✓ |
| (મૃત્યુ તારીખ સુધીની પેઢીની ખોટમાં ભાગ) | ✓ | લોનના વ્યાજ ખાતે | ✓ |
| | | નફા-નુકસાન ઉપલક ખાતે | |
| | | (મૃત્યુ તારીખ સુધીના પેઢીના નફામાં ભાગ) | ✓ |
| | ✓✓✓ | | ✓✓✓ |

- **મૃત્યુ પામેલ ભાગીદારને ચૂકવણી :**

મૃત્યુ પામેલ ભાગીદારના વહીવટકર્તાને ભાગીદારી કરારમાં નક્કી થયા મુજબ તેની લેણી રકમ બાકીના ભાગીદારો પેઢીમાંથી ચૂકવે છે.

મૃત્યુ પામેલ ભાગીદારને તેની લેણી રકમ નીચે મુજબ ચૂકવવામાં આવે છે :

(1) પૂરેપૂરી રકમ એકસામટી ચૂકવવામાં આવે.

(2) એક કરતાં વધારે હપ્તામાં વ્યાજ સહિત ચૂકવવામાં આવે.

આ બંને રીતે ચૂકવણી વખતે પેઢીના ચોપડે નીચે મુજબ આમનોંધ કરવામાં આવે છે :

(1) પૂરેપૂરી રકમ એકસામટી ચૂકવવામાં આવે, જ્યારે લેણી રકમ એકસામટી એક જ હપ્તામાં ચૂકવવામાં આવે ત્યારે,

મૃત્યુ પામેલ ભાગીદારના વહીવટકર્તા ખાતે...ઉ

તે બૅન્ક ખાતે

(2) એક કરતાં વધારે હપ્તામાં વ્યાજ સહિત ચૂકવવામાં આવે ત્યારે, જ્યારે મૃત્યુ પામનારના વહીવટકર્તાને લેણી રકમ હપ્તામાં વ્યાજ સહિત ચૂકવવામાં આવે ત્યારે ભાગીદારી કરારમાં જે વ્યાજ ચૂકવવાનો ઉલ્લેખ કરેલ હોય તે વ્યાજ બાકી રકમ પર ગણીને હપ્તામાં ચૂકવવામાં આવે છે. જો ભાગીદારી કરારમાં વ્યાજ અંગે ઉલ્લેખ ન હોય તો વાર્ષિક 6 %ના દરે વ્યાજ ચૂકવવાપાત્ર છે. ભાગીદારીના કાયદા 1932 હેઠળ મૃત્યુ પામેલ ભાગીદારનો વહીવટકર્તા વ્યાજના બદલે નફામાં ભાગ લેવા પણ હકદાર છે.

હપ્તામાં વ્યાજ સહિત રકમ ચૂકવવામાં આવે ત્યારે પેઢીના ચોપડે નીચે મુજબ આમનોંધ કરવામાં આવશે :

(i) જ્યારે વ્યાજ લેણું થાય ત્યારે,

વ્યાજ ખાતે ઉ...

તે મૃત્યુ પામેલ ભાગીદારના વહીવટકર્તા ખાતે

(ii) જ્યારે વ્યાજ સહિત હપ્તાની રકમ ચૂકવવામાં આવે ત્યારે,

મૃત્યુ પામેલ ભાગીદારના વહીવટકર્તા ખાતે...ઉ

તે બૅન્ક ખાતે

**ઉદાહરણ 24 :** X, Y અને Z અનુક્રમે 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | કાયમી મિલકતો | 80,000 |
| X | 50,000 | | દેવાદારો | 20,000 |
| Y | 80,000 | | સ્ટૉક | 80,000 |
| Z | 70,000 | 2,00,000 | રોકડ | 30,000 |
| સામાન્ય અનામત | | 20,000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | 40,000 |
| લેણદારો | | 30,000 | | |
| | | **2,50,000** | | **2,50,000** |

તા. 31-12-2016ના રોજ Zનું મૃત્યુ થયું. ભાગીદારોના કરાર મુજબ,

(1) નિવૃત્ત ભાગીદારને મૃત્યુની તારીખ સુધી નફામાં ભાગ પાછલા વર્ષના નફાના આધારે આપવો.

(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન છેલ્લાં ત્રણ વર્ષના નફાથી બમણું કરવું.

પેઢીનો છેલ્લાં ત્રણ વર્ષનો નફો નીચે મુજબ હતો :

2013-14 ₹ 80,000

2014-15 ₹ 70,000

2015-16 ₹ 60,000

Zના વહીવટકર્તાને ચૂકવવાપાત્ર રકમ તેનું મૂડી ખાતું તૈયાર કરીને નક્કી કરો.

**જવાબ :**

**Zનું મૂડી ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| જાહેરાત ઝુંબેશ ખર્ચ | 8000 | બાકી આગળ લાવ્યા | 70,000 |
| Zના વહીવટકર્તા ખાતે | 1,03,000 | સામાન્ય અનામત ખાતે | 4000 |
| | | નફા-નુકસાન ઉપલક ખાતે (નફામાં ભાગ) | 9000 |
| | | Xના મૂડી ખાતે (પાઘડી) | 17,500 |
| | | Yના મૂડી ખાતે (પાઘડી) | 10,500 |
| | **1,11,000** | | **1,11,000** |

**સમજૂતી (1) : Zને નફામાં ભાગ :**

Zને પાછલા વર્ષ 2015-16ના નફાના આધારે તા. 1-4-2016થી મૃત્યુ તારીખ તા. 31-12-2016 સુધી 9 માસનો નફો મળવાપાત્ર છે.

Zના ભાગનો નફો $= 60,000 \times \frac{2}{10} \times \frac{9}{12}$

$= ₹\ 9000$

**(2) : પાઘડીનું મૂલ્યાંકન અને Zને ચૂકવવાપાત્ર પાઘડી,**

સરેરાશ નફો $= \frac{80,000 + 70,000 + 60,000}{3}$

$= ₹\ 70,000$

પેઢીની પાઘડી $= ₹\ 70,000 \times 2$

$= ₹\ 1,40,000$

Zની પાઘડી $= 1,40,000 \times \frac{2}{10}$

$= ₹\ 28,000$

X અને Y, Zને તેના લાભના પ્રમાણમાં પાઘડી આપશે.

X, Y અને Zનું જૂનું પ્રમાણ = 5:3:2

X અને Yનું જૂનું પ્રમાણ = લાભનું પ્રમાણ = 5:3

Xએ આપવાની પાઘડી $= ₹\ 28,000 \times \frac{5}{8}$

$= ₹\ 17,500$

Yએ આપવાની પાઘડી $= ₹\ 28,000 \times \frac{3}{8}$

$= ₹\ 10,500$

**ઉદાહરણ 25 :** A, B અને C એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2015ના રોજ પેઢીના ચોપડે નીચે મુજબની બાકીઓ હતી.

**મૂડી :** A ₹ 90,000, B ₹ 50,000, C ₹ 60,000

આકસ્મિક અનામત ₹ 9000; રોકાણ વધઘટ અનામત ₹ 3000; પાઘડી ₹ 15,000

તા. 30-6-2015ના રોજ Bનું મૃત્યુ થયું.

ભાગીદારોએ સર્વસંમતિથી નક્કી કર્યું કે,

(1) Bને વાર્ષિક 12 % લેખે મૂડી પર વ્યાજ આપવું.

(2) Bનો ઉપાડ ₹ 6000 હતો, તેના પર ₹ 300 વ્યાજ વસૂલ કરવું.

(3) Bને છેલ્લાં ત્રણ વર્ષમાં તેના ખાતે જમા થયેલ નફા જેટલી રકમ પાઘડી તરીકે આપવી.

(4) Bને છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ નફાને આધારે નફામાં ભાગ આપવો. જે નફો ₹ 60,000, ₹ 70,000 અને ₹ 50,000 હતો.

(5) Bના વહીવટકર્તાને ₹ 9200 તાત્કાલિક ચૂકવી આપવા અને બાકીની રકમ વાર્ષિક 6 %ના વ્યાજ સહિત બે સરખા વાર્ષિક હપ્તામાં ચૂકવી આપવી.

(6) A અને Cનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1 રાખવું. Bના વહીવટકર્તાનું ખાતું અને વહીવટકર્તાનું લોન ખાતું છેલ્લી ચૂકવણી થાય ત્યાં સુધીનું તૈયાર કરો.

જવાબ :

### Bના વહીવટકર્તાનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 1-7-15 | પાઘડી ખાતે | 5000 | 1-7-15 | Bના મૂડી ખાતે | 50,000 |
| ” | ઉપાડ ખાતે | 6000 | ” | આકસ્મિક અનામત ખાતે | 3000 |
| ” | ઉપાડના વ્યાજ ખાતે | 300 | ” | રોકાણ વધઘટ અનામત ખાતે | 1000 |
| ” | બૅન્ક ખાતે | 9200 | ” | મૂડીના વ્યાજ ખાતે | 1500 |
| ” | Bના વહીવટકર્તાની લોન ખાતે | 1,00,000 | | Aના મૂડી ખાતે | 60,000 |
| | | | | નફા-નુકસાન ઉપલક ખાતે | 5000 |
| | | **1,20,500** | | | **1,20,500** |

### Bના વહીવટકર્તાની લોનનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 31-3-16 | બાકી આગળ લઈ ગયા | 1,04,500 | 1-7-15 | Bના વહીવટકર્તા ખાતે | 1,00,000 |
| | | | 31-3-16 | વ્યાજ ખાતે | 4500 |
| | | | | (₹ 1,00,000 × $\frac{6}{100}$ × $\frac{9}{12}$) | |
| | | **1,04,500** | | | **1,04,500** |
| 30-6-16 | બૅન્ક ખાતે | 56,000 | 1-4-16 | બાકી આગળ લાવ્યા | 1,04,500 |
| | (50,000 + 4500 + 1500) | | 30-6-16 | વ્યાજ ખાતે | 1500 |
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 52,250 | | (₹ 1,00,000 × $\frac{6}{100}$ × $\frac{3}{12}$) | |
| | | | 31-3-17 | વ્યાજ ખાતે | 2250 |
| | | | | (₹ 50,000 × $\frac{6}{100}$ × $\frac{9}{12}$) | |
| | | **1,08,250** | | | **1,08,250** |
| 30-6-17 | બૅન્ક ખાતે | 53,000 | 1-4-17 | બાકી આગળ લાવ્યા | 52,250 |
| | (₹ 50,000 + ₹ 2250 + ₹ 750) | | 30-6-17 | વ્યાજ ખાતે | 750 |
| | | | | (₹ 50,000 × $\frac{6}{100}$ × $\frac{3}{12}$) | |
| | | **53,000** | | | **53,000** |

**સમજૂતી (1) : મૂડી પર વ્યાજ :**

₹ 50,000 × $\frac{12}{100}$ × $\frac{3}{12}$ = ₹ 1500

**(2) : લાભનું પ્રમાણ :**

A, B અને Cનું જૂનું પ્રમાણ = 1:1:1

A અને Cનું નવું પ્રમાણ = 2:1

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

Aનો લાભ = $\frac{2}{3} - \frac{1}{3} = \frac{1}{3}$

Cનો લાભ = $\frac{1}{3} - \frac{1}{3} = 0$. Bનો ભાગ ફક્ત A મેળવે છે.

**(3) : Bને ચૂકવવાપાત્ર પાઘડીની રકમ :**

Bને છેલ્લાં ત્રણ વર્ષમાં તેના ખાતે જમા થયેલ નફા જેટલી રકમ પાઘડી તરીકે આપવાની છે.

છેલ્લાં ત્રણ વર્ષનો નફો = ₹ 60,000 + ₹ 70,000 + ₹ 50,000 = ₹ 1,80,000

Bને ચૂકવવાપાત્ર પાઘડી = ₹ 1,80,000 × $\frac{1}{3}$ = ₹ 60,000

Bને પાઘડી ફક્ત A આપશે.

**(4) : Bને નફામાં ભાગ :**

છેલ્લાં ત્રણ વર્ષનો સરેરાશ નફો = $\frac{60,000 + 70,000 + 50,000}{3}$ = ₹ 60,000

નફામાં ભાગ = ₹ 60,000 × $\frac{1}{3} \times \frac{3}{12}$ = ₹ 5000

**નોંધ :** 1932ના ભાગીદારી કાયદા મુજબ Bના વહીવટકર્તાની લોન પર વાર્ષિક 6 %ના દરે વ્યાજ ચૂકવાશે.

**ઉદાહરણ 26 :** M, N અને O, 2:1:2ના પ્રમાણમાં નફા-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | 1,00,000 |
| M | 1,00,000 | | યંત્રો | 60,000 |
| N | 60,000 | | સ્ટૉક | 36,000 |
| O | 80,000 | 2,40,000 | દેવાદારો | 40,000 |
| સામાન્ય અનામત | | 10,000 | રોકડ | 11,000 |
| કામદાર વળતર અનામત | | 18,000 | Oને લોન | 30,000 |
| લેણદારો | | 42,000 | Oનું ચાલુ ખાતું | 4000 |
| ઘાલખાધ અનામત | | 6000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | 5000 |
| **ચાલુ ખાતાં :** | | | નફા-નુકસાન ખાતું | 60,000 |
| M | 20,000 | | | |
| N | 10,000 | 30,000 | | |
| | | **3,46,000** | | **3,46,000** |

તા. 1-12-2016ના રોજ Oનું મૃત્યુ થયું. ભાગીદારી કરારમાં નીચે મુજબ જોગવાઈ હતી :

(1) જમીન-મકાનની કિંમત 10 % વધારવી. (2) યંત્રોની કિંમતમાં 5 % ઘટાડો કરવો.

(3) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(4) પાઘડીનું મૂલ્યાંકન છેલ્લાં 5 વર્ષના સરેરાશ નફાની ત્રણ વર્ષની ખરીદીને આધારે કરવું.

(5) અગાઉના 4 વર્ષનો નફો નીચે મુજબ હતો :

| | | | |
|---|---|---|---|
| 2011-12 | ₹ 80,000 | 2012-13 | ₹ 60,000 |
| 2013-14 | ₹ 70,000 | 2014-15 | ₹ 50,000 |

(6) Oને મૃત્યુ તારીખ સુધી નફા-નુકસાનમાં ભાગ છેલ્લા વર્ષના નફા-નુકસાનના આધારે આપવો.

(7) M અને Nનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:2 રાખવું.

(8) Oના વહીવટકર્તાને ₹ 6800 તાત્કાલિક ચૂકવવા અને બાકીની રકમ 4 સરખા અર્ધવાર્ષિક હપ્તાઓમાં વાર્ષિક 12 % વ્યાજ સહિત ચૂકવવી. Oનું મૂડી ખાતું અને છેલ્લી ચૂકવણી સુધી Oના વહીવટકર્તાનું ખાતું તૈયાર કરો.

**જવાબ :**

## Oનું મૂડી ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 1-12-16 | જાહેરાત ઝુંબેશ ખર્ચ ખાતે | 2000 | 1-12-16 | બાકી આગળ લાવ્યા | 80,000 |
| ” | નફા-નુકસાન ખાતે | 24,000 | ” | સામાન્ય અનામત ખાતે | 4000 |
| ” | Oને લોન ખાતે | 30,000 | ” | કામદાર વળતર અનામત ખાતે | 7200 |
| ” | Oના ચાલુ ખાતે | 4000 | ” | પુનઃમૂલ્યાંકન ખાતે | 3600 |
| ” | નફા-નુકસાન ઉપલક ખાતે (ખોટ) | 16,000 | ” | Mના મૂડી ખાતે (પાઘડી) | 24,000 |
| ” | બૅન્ક ખાતે | 6800 | ” | Nના મૂડી ખાતે (પાઘડી) | 24,000 |
| ” | Oના વહીવટકર્તા ખાતે | 60,000 | | | |
| | | **1,42,800** | | | **1,42,800** |

## Oના વહીવટકર્તાનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | રકમ (₹) | તારીખ | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 31-3-17 | બાકી આગળ લઈ ગયા | 62,400 | 1-12-16 | Oના મૂડી ખાતે | 60,000 |
| | | | 31-3-17 | વ્યાજ ખાતે | |
| | | | | (₹ 60,000 × $\frac{12}{100}$ × $\frac{4}{12}$) | 2400 |
| | | **62,400** | | | **62,400** |
| 31-5-17 | બૅન્ક ખાતે | | 1-4-17 | બાકી આગળ લાવ્યા | 62,400 |
| | (15,000 + 2400 + 1200) | 18,600 | 31-5-17 | વ્યાજ ખાતે | |
| 30-11-17 | બૅન્ક ખાતે | | | (₹ 60,000 × $\frac{12}{100}$ × $\frac{2}{12}$) | 1200 |
| | (15,000 + 2700) | 17,700 | 30-11-17 | વ્યાજ ખાતે | |
| 31-3-18 | બાકી આગળ લઈ ગયા | 31,200 | | (₹ 45,000 × $\frac{12}{100}$ × $\frac{6}{12}$) | 2700 |
| | | | 31-3-18 | વ્યાજ ખાતે | |
| | | | | (₹ 30,000 × $\frac{12}{100}$ × $\frac{4}{12}$) | 1200 |
| | | **67,500** | | | **67,500** |
| 31-5-18 | બૅન્ક ખાતે | | 1-4-18 | બાકી આગળ લાવ્યા | 31,200 |
| | (₹ 15,000 + ₹ 1200 + ₹ 600) | 16,800 | 31-5-18 | વ્યાજ ખાતે | |
| 30-11-18 | બૅન્ક ખાતે | | | (₹ 30,000 × $\frac{12}{100}$ × $\frac{2}{12}$) | 600 |
| | (₹ 15,000 + ₹ 900) | 15,900 | 30-11-18 | વ્યાજ ખાતે | |
| | | | | (₹ 15,000 × $\frac{12}{100}$ × $\frac{6}{12}$) | 900 |
| | | **32,700** | | | **32,700** |

**સમજૂતી (1) :** **પુનઃમૂલ્યાંકનનું ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| યંત્રો ખાતે | | 3000 | જમીન-મકાન ખાતે | 10,000 |
| નફો : ભાગીદારોનાં મૂડી ખાતે | | | ઘાલખાધ અનામત ખાતે | 2000 |
| M | 3600 | | | |
| N | 1800 | | | |
| O | 3600 | 9000 | | |
| | | **12,000** | | **12,000** |

**(2) : પાઘડીની ગણતરી :**

5 વર્ષનો સરેરાશ નફો $= \frac{80,000 + 60,000 + 70,000 + 50,000 - 60,000}{5}$

$= \frac{2,00,000}{5}$

= ₹ 40,000

પાઘડી = 40,000 × 3

= ₹ 1,20,000

**(3) : પાઘડીની વહેંચણી :**

Oનો પાઘડીમાં ભાગ $= 1,20,000 \times \frac{2}{5}$

= ₹ 48,000

M, Nનું લાભનું પ્રમાણ :

લાભ = નવો ભાગ − જૂનો ભાગ

$M = \frac{3}{5} - \frac{2}{5} = \frac{1}{5}$

$N = \frac{2}{5} - \frac{1}{5} = \frac{1}{5}$

∴ M અને Nનું લાભનું પ્રમાણ = 1:1

∴ M અને N સરખા હિસ્સે Oને પાઘડી આપશે.

આમનોંધ :

| | | |
|---|---|---|
| Mના મૂડી ખાતે...ઉ | 24,000 | |
| Nના મૂડી ખાતે...ઉ | 24,000 | |
| તે Oના મૂડી ખાતે | | 48,000 |

**(4) : Oને નફામાં ભાગ :**

Oનું મૃત્યુ 1-12-2016ના રોજ થયું હોવાથી તેને 1-4-2016થી 1-12-16 સુધી એટલે કે 8 માસના પેઢીના નફા-નુકસાનમાં ભાગ મળશે.

છેલ્લા વર્ષે 2015-16માં ₹ 60,000ની ખોટ હતી.

∴ Oનો ખોટમાં ભાગ $= 60,000 \times \frac{8}{12} \times \frac{2}{5}$

= ₹ 16,000

**ઉદાહરણ 27 :** A, B અને C, 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| લેણદારો | | 10,000 | પાઘડી | 30,000 |
| ભાગીદારોની લોન : | | | પેટન્ટ | 25,000 |
| A | 12,000 | | મકાન | 80,000 |
| B | 20,000 | 32,000 | ફર્નિચર | 60,000 |
| સામાન્ય અનામત | | 18,000 | સ્ટૉક | 50,000 |
| **મૂડી ખાતાં :** | | | દેવાદારો | 60,000 |
| A | 90,000 | | રોકડ | 15,000 |
| B | 90,000 | | | |
| C | 80,000 | 2,60,000 | | |
| | | **3,20,000** | | **3,20,000** |

તા. 30મી જૂન 2016ના રોજ Bનું મૃત્યુ થયું. ભાગીદારી કરાર મુજબ Bના વહીવટકર્તાને નીચે મુજબની રકમ ચૂકવવાપાત્ર છે :

(1) તેમની મૂડી પર વાર્ષિક 10 % લેખે વ્યાજ

(2) સામાન્ય અનામતમાં ભાગ

(3) તેની લોન અને તેના પર બાકી વ્યાજ

(4) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 30,000 નક્કી થયું.

(5) વર્ષની શરૂઆતથી મૃત્યુની તારીખ સુધી પેઢીના નફામાં ભાગ ગયા વર્ષના વેચાણ અને નફાના આધારે આપવો. 2015-16ના વર્ષનું વેચાણ ₹ 12,00,000 હતું. પ્રથમ ત્રણ માસનું ચાલુ વર્ષનું વેચાણ ₹ 4,50,000 છે. વર્ષ 2015-16નો ચોખ્ખો નફો ₹ 2,40,000 હતો.

(6) પેટન્ટ પૂરેપૂરા માંડી વાળવા. મકાનની કિંમતમાં 20 % વધારો કરવો.

Bના મૃત્યુ બાદ તા. 30 જૂન 2016ના રોજનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| લેણદારો | | 10,000 | મકાન | 96,000 |
| Aની લોન : | | 12,000 | ફર્નિચર | 60,000 |
| Bના વહીવટકર્તાનું ખાતું | | 1,45,550 | સ્ટૉક | 50,000 |
| **મૂડી ખાતાં :** | | | દેવાદારો | 60,000 |
| A | 72,000 | | રોકડ | 15,000 |
| C | 74,000 | 1,46,000 | નફા-નુકસાન ઉપલક ખાતું (30,000 નફો + 2250 મૂડીનું વ્યાજ + 300 લોનનું વ્યાજ) | 32,550 |
| | | **3,13,550** | | **3,13,550** |

**સમજૂતી (1) :** **પુનઃમૂલ્યાંકન ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| પેટન્ટ ખાતે | 25,000 | મકાન ખાતે | | 16,000 |
| | | ખોટ : ભાગીદારોનાં મૂડી ખાતે | | |
| | | A | 4500 | |
| | | B | 3000 | |
| | | C | 1500 | 9000 |
| | **25,000** | | | **25,000** |

**(2) :**

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | A (₹) | B (₹) | C (₹) | વિગત | A (₹) | B (₹) | C (₹) |
|---|---|---|---|---|---|---|---|
| પુનઃમૂલ્યાંકન ખાતે | 4500 | 3000 | 1500 | બાકી આગળ લાવ્યા | 90,000 | 90,000 | 80,000 |
| પાઘડી ખાતે | 15,000 | 10,000 | 5000 | સામાન્ય અના. ખાતે | 9000 | 6000 | 3000 |
| Bના મૂડી ખાતે | 7500 | – | 2500 | મૂડી પર વ્યાજ ખાતે | – | 2250 | – |
| Bના વહીવટકર્તા ખાતે | – | 1,45,550 | – | Bની લોન ખાતે | – | 20,000 | – |
| બા. આ. લઈ ગયા | 72,000 | – | 74,000 | Bની લોનના વ્યાજ ખાતે | – | 300 | – |
| | | | | Aના મૂડી ખાતે | – | 7500 | – |
| | | | | Cના મૂડી ખાતે | – | 2500 | – |
| | | | | ન. નુ. ઉપલક ખાતે | – | 30,000 | – |
| | **99,000** | **1,58,550** | **83,000** | | **99,000** | **1,58,550** | **83,000** |

**(3) Bની મૂડી પર વ્યાજ 1-4-2016થી 30-6-2016 સુધી 3 માસનું**

₹ 90,000 × $\frac{10}{100}$ × $\frac{3}{12}$ = ₹ 2250

**(4) Bની લોન પર બાકી વ્યાજ 3 માસનું 6 % લેખે (ભાગીદાર કરારમાં ઉલ્લેખ ન હોવાથી)**

₹ 20,000 × $\frac{6}{100}$ × $\frac{3}{12}$ = ₹ 300

**(5) પાઘડીમાં Bનો ભાગ અને તેની વહેંચણી :**

A, B અને Cનું જૂનું પ્રમાણ = 3:2:1

B નિવૃત્ત થવાથી A અને Cના લાભનું પ્રમાણ = 3:1

Bનો પાઘડીમાં ભાગ = 30,000 × $\frac{2}{6}$ = ₹ 10,000.

જે A અને C 3:1ના પ્રમાણમાં આપશે.

આમનોંધ :

| | | |
|---|---|---|
| Aના મૂડી ખાતે...ઉ | 7500 | |
| Cના મૂડી ખાતે...ઉ | 2500 | |
| તે Bના મૂડી ખાતે | | 10,000 |

**(6) : તા. 1-4-2016થી 30-6-2016 સુધી 3 માસના પેઢીના નફામાં Bનો ભાગ :**

2015-16નું વેચાણ ₹ 12,00,000 : ચોખ્ખો નફો ₹ 2,40,000

2016-17માં 3 માસનું વેચાણ ₹ 4,50,000 : (?)

$$\frac{2,40,000 \times 4,50,000}{12,00,000} = ₹\ 90,000$$ (ત્રણ માસનો નફો)

Bનો નફામાં ભાગ = $90,000 \times \frac{2}{6}$ = ₹ 30,000

**નોંધ :** Bને ચૂકવવાપાત્ર નફો, મૂડી પર વ્યાજ અને લોન પર વ્યાજ નફા-નુકસાન ઉપલક ખાતે લઈ જવામાં આવશે અને પાકા સરવૈયાની મિલકત બાજુ દર્શાવાશે.

| | | | |
|---|---|---|---|
| | મૂડી પર વ્યાજ | ₹ | 2250 |
| + | લોન પર વ્યાજ | ₹ | 300 |
| + | નફામાં ભાગ | ₹ | 30,000 |
| | | ₹ | 32,550 |

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ભાગીદારની નિવૃત્તિ વખતે પાકા-સરવૈયામાં દર્શાવેલ નફા-નુકસાન ખાતાંની ઉધાર બાકી .......... તરીકે નોંધાય છે.

(અ) નિવૃત્ત થતા ભાગીદાર સહિત બધા ભાગીદારોનાં મૂડી ખાતાંની ઉધાર બાજુ જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

(બ) નિવૃત્ત થતા ભાગીદાર સહિત બધા ભાગીદારોનાં મૂડી ખાતાંની જમા બાજુ જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

(ક) ફક્ત નિવૃત્ત થતા ભાગીદારના મૂડી ખાતાંની જમા બાજુ

(ડ) બાકીના ભાગીદારોનાં મૂડી ખાતાંની ઉધાર બાજુ તેમના લાભના પ્રમાણમાં

(2) ભાગીદારની નિવૃત્તિ વખતે પેઢીના પાકા સરવૈયામાં દર્શાવેલ પાઘડી .......... તરીકે નોંધાય છે.

(અ) નવા પાકા સરવૈયામાં દર્શાવવામાં આવે છે - જો ભાગીદારો નક્કી કરે તો

(બ) બધા જ ભાગીદારોનાં મૂડી ખાતાંની ઉધાર બાજુ જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

(ક) બધા જ ભાગીદારોનાં મૂડી ખાતાંની જમા બાજુ જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

(ડ) ફક્ત નિવૃત્ત થતા ભાગીદારના મૂડી ખાતાંની ઉધાર બાજુ

(3) નિવૃત્ત ભાગીદારને આપવાની પાઘડી .......... તરીકે નોંધાય છે.

(અ) બધા જ ભાગીદારોનાં મૂડી ખાતાંની જમા બાજુ, જૂના નફા-નુકસાનના પ્રમાણમાં

(બ) બધા જ ભાગીદારોનાં મૂડી ખાતાંની જમા બાજુ, તેમના લાભના પ્રમાણમાં

(ક) બાકીના ભાગીદારોનાં મૂડી ખાતાંની ઉધાર બાજુ, તેમના લાભના પ્રમાણમાં

(ડ) બાકીના ભાગીદારોનાં મૂડી ખાતાંની ઉધાર બાજુ, તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં

(4) જ્યારે ફક્ત નફા-નુકસાનનું જૂનું પ્રમાણ જ આપેલ હોય ત્યારે બાકીના ભાગીદારોનું લાભનું પ્રમાણ = ........ .

(અ) 1:1 (બ) જૂનું પ્રમાણ

(ક) મૂડીનું પ્રમાણ (ડ) શોધી શકાય નહિ

(5) નિવૃત્ત થતા ભાગીદાર સિવાયના ભાગીદારોમાંથી કોઈ એક ભાગીદારને પણ પાઘડી .......... ત્યારે મળે છે.

(અ) તેની મૂડી વધારે હોય

(બ) નવા નફા-નુકસાનના પ્રમાણમાં તેનો ભાગ, જૂના ભાગ કરતાં વધારે હોય

(ક) નવા નફા-નુકસાનના પ્રમાણમાં તેનો ભાગ, જૂના ભાગ કરતાં ઓછો હોય

(ડ) જૂનો ભાગ અને નવો ભાગ સરખો હોય

(6) ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ વખતે પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ .......... ખાતે .......... પ્રમાણમાં મૂડી ખાતાંની ............ બાજુ નોંધાય છે.

(અ) બાકીના ભાગીદારો, નવા નફા-નુકસાન, ઉધાર

(બ) બધા જ ભાગીદારો, જૂના નફા-નુકસાન, જમા

(ક) બધા જ ભાગીદારો, જૂના નફા-નુકસાન, ઉધાર

(ડ) બધા જ ભાગીદારો, સરખે હિસ્સે, ઉધાર

(7) નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાની બાકી રકમ પર ભાગીદારી કરારમાં કોઈ ઉલ્લેખ ન હોય તો .......... વ્યાજ ચૂકવવાપાત્ર છે.

(અ) 10 % વાર્ષિક (બ) 12 % વાર્ષિક

(ક) 6 % વાર્ષિક (ડ) શૂન્ય

(8) હિસાબી વર્ષ 31-3-2016ના રોજ પૂરું થાય છે. તા. 30-6-2016ના રોજ ભાગીદારનું મૃત્યુ થાય છે. તેનો નફામાં ભાગ $\frac{1}{3}$ છે. ગયા વર્ષના નફા ₹ 24,000ને આધારે નફામાં ભાગ મળવાપાત્ર હોય તો તેને મૃત્યુ વખતે .......... નફાના ભાગ તરીકે મળશે.

(અ) ₹ 8000 (બ) ₹ 24,000

(ક) ₹ 1333 (ડ) ₹ 2000

(9) શ્વેતા, ગીતા અને જ્યોતિ સરખા હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. ગીતા નિવૃત્ત થાય છે. ગીતાનો ભાગ શ્વેતા અને જ્યોતિને સરખે હિસ્સે મળે છે, તો શ્વેતા અને જ્યોતિનું નવું નફા-નુકસાનનું પ્રમાણ .......... થશે.

(અ) 3:1 (બ) 2:1

(ક) 1:2 (ડ) 1:1

(10) કામદાર નફા ભાગ ભંડોળ ભાગીદારની નિવૃત્તિ વખતે .......... તરીકે નોંધાય છે.

(અ) નવા પાકા સરવૈયામાં જવાબદારી તરીકે

(બ) બધા જ ભાગીદારો ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા

(ક) બધા જ ભાગીદારો ખાતે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધાર

(ડ) નિવૃત્ત થતા ભાગીદાર ખાતે જમા

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ભાગીદારની નિવૃત્તિના સંજોગો જણાવો.

(2) ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ સમયે પેઢીના ચોપડે કઈ મહત્ત્વની હિસાબી બાબતો ધ્યાનમાં લેવામાં આવે છે ?

(3) કઈ બાકીઓ બધા જ ભાગીદારોના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં જમા થાય છે ?

(4) કઈ બાકીઓ બધા જ ભાગીદારોના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં ઉધારાય છે ?

(5) ભાગીદારની નિવૃત્તિ વખતે પેઢીના ચોપડે દર્શાવેલ જૂની પાઘડીની હિસાબી અસર સમજાવો.

(6) ભાગીદારની નિવૃત્તિ કે મૃત્યુ સમયે પેઢીની નવી આંકવામાં આવેલ પાઘડીની હિસાબી અસર સમજાવો.

(7) નફા-નુકસાન હવાલા ખાતું ક્યારે અને શા માટે ખોલવામાં આવે છે ?

(8) નિવૃત્તિ કે મૃત્યુ વખતે તે ભાગીદારને તેના ભાગની પાઘડી કોના દ્વારા આપવામાં આવે છે ? શા માટે ?

**3.** નીચે આપેલ પ્રશ્નોમાં નવું નફા-નુકસાનનું પ્રમાણ અને લાભના પ્રમાણની ગણતરી કરો :

(1) X, Y અને Z 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Z નિવૃત્ત થાય છે.

(2) A, B અને C $\frac{1}{2}$, $\frac{1}{3}$ અને $\frac{1}{6}$ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. (અ) જો A નિવૃત્ત થાય તો (બ) જો B નિવૃત્ત થાય તો (ક) જો C નિવૃત્ત થાય તો.

(3) P, Q અને R, 40 %, 20 % અને 40 %ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Q નિવૃત્ત થાય છે. Qના નફામાંથી Pને $\frac{3}{20}$ ભાગ અને Rને $\frac{1}{20}$ ભાગ મળે છે.

(4) M, N અને O 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. M નિવૃત્ત થાય છે. Mના ભાગમાંથી $\frac{1}{10}$ ભાગ Nને મળે છે અને બાકીનો ભાગ Oને મળે છે.

(5) C, B અને D 4:5:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. D નિવૃત્ત થાય છે. Dના નફાનો ભાગ C અને B 2:1ના પ્રમાણમાં મેળવશે.

(6) A, M અને C 3:5:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. M નિવૃત્ત થાય છે. Mના નફાનો ભાગ Cને મળશે.

(7) P, Q, R અને S 4:3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Q નિવૃત્ત થાય છે. Qનો ભાગ R અને Sને સરખા હિસ્સે મળશે.

(8) M, N, O અને P 5:3:2:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. N અને P નિવૃત્ત થાય છે. Nનો ભાગ Oને અને Pનો નફાનો ભાગ Mને મળશે.

(9) A, B અને C $\frac{1}{2}$, 30 % અને $\frac{1}{5}$ ભાગે નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. B નિવૃત્ત થાય છે. Bનો નફાનો ભાગ A અને C 3:2ના પ્રમાણમાં મેળવશે.

(10) A, B અને C 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. Aની નિવૃત્તિ બાદ B અને C 40 % અને 60 %ના ભાગે નફો-નુકસાન વહેંચશે.

(11) A, B અને C 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. C નિવૃત્ત થાય છે. A અને Bનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 7:5 નક્કી કરવામાં આવ્યું.

(12) A, B અને C 4:5:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. Bની નિવૃત્તિ વખતે નીચે મુજબ પાઘડીની આમનોંધ કરવામાં આવી :

| | | |
|---|---|---|
| Aના મૂડી ખાતે...ઉ | 6000 | |
| Cના મૂડી ખાતે...ઉ | 4000 | |
| તે Bના મૂડી ખાતે | | 10,000 |

(13) A, B, C અને D 4:3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. C નિવૃત્ત થાય છે. Cની નિવૃત્તિ બાદ A તેનો જૂનો નફાનો ભાગ જાળવી રાખશે.

**4.** નીચેના અંગે પાઘડીની જરૂરી આમનોંધ લખો :

(1) આકૃતિ, પ્રકૃતિ અને સંસ્કૃતિ 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. સંસ્કૃતિ નિવૃત્ત થાય છે. તેણીની નિવૃત્તિ વખતે પેઢીની પાઘડી ₹ 30,000 નક્કી થઈ.

(2) X, Y અને Z સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમના પાકા સરવૈયામાં પાઘડી ₹ 42,000થી દર્શાવેલ છે. Xની નિવૃત્તિ વખતે પાઘડીની કિંમત ₹ 1,20,000 નક્કી થઈ.

(3) L, M, N અને O 5:4:3:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2017થી L નિવૃત્ત થાય છે. Lની નિવૃત્તિ વખતે જૂની પેઢીના ચોપડે પાઘડી ₹ 75,000થી દર્શાવેલ હતી. M, N અને Oનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 3:1:1 નક્કી કરવામાં આવ્યું. Lની નિવૃત્તિ વખતે પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 90,000થી કરવામાં આવ્યું.

(4) A, B અને C એક પેઢીના ભાગીદારો છે. B નિવૃત્ત થાય છે. પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000થી કરવામાં આવ્યું. Bની નિવૃત્તિ બાદ A અને Cનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 7:2 નક્કી કરવામાં આવ્યું.

(5) B, R, T અને S 4:3:1:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. B નિવૃત્ત થાય છે. Bની નિવૃત્તિ વખતે જૂની પેઢીના ચોપડે પાઘડીની બાકી ₹ 20,000 હતી. Bની નિવૃત્તિ વખતે પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000 કરવામાં આવ્યું. નવી પેઢીમાં R, T અને S 1:2:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચશે.

(6) A, M, U અને L 6:4:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. U નિવૃત્ત થાય છે. પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો અને અનામતોની વહેંચણી બાદ Uની મૂડી ₹ 80,000 છે. Uને નિવૃત્તિ પેટે કુલ રકમ ₹ 1,40,000 ચૂકવવામાં આવી. Uની નિવૃત્તિ બાદ, A, M અને L 6:5:4ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચશે.

**5.** ધવલ, કમલ અને નવલ 2:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. નવલ તા. 31-3-2016ના રોજ નિવૃત્ત થાય છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 10,000 |
| ધવલ | 30,000 | | યંત્રો | 20,000 |
| કમલ | 20,000 | | રોકાણો | 10,000 |
| નવલ | 10,000 | 60,000 | દેવાદારો | 30,000 |
| સામાન્ય અનામત | | 5000 | સ્ટૉક | 10,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 2500 | રોકડ-બૅન્ક | 5000 |
| ઘાલખાધ અનામત | | 2000 | | |
| લેણદારો | | 15,500 | | |
| | | **85,000** | | **85,000** |

નિવૃત્તિ વખતે નક્કી કરવામાં આવ્યું કે,

(1) યંત્રોની કિંમત ₹ 25,000 અને સ્ટૉકની કિંમત ₹ 5000 આંકવી.

(2) રોકાણોની કિંમત ₹ 8000 નક્કી થઈ, તે કિંમતે રોકાણો નવલ લઈ જાય છે.

(3) લેણદારો પૈકી ₹ 5000નું દેવું ચૂકવવું નહિ પડે.

(4) કામદાર વળતર પેટે ₹ 2000ના દાવાની જોગવાઈ કરવી.

(5) ઘાલખાધ અનામત દેવાદારો પર 10 % રાખવી.

(6) પાઘડીનું મૂલ્યાંકન ₹ 40,000 કરવામાં આવ્યું.

આમનોંધ લખી જરૂરી ખાતાં તૈયાર કરી નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

6. રોહિત, મોહિત અને વિરાટ 4:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | | 36,000 |
| રોહિત | 1,60,000 | | જમીન-મકાન | | 1,50,000 |
| મોહિત | 96,000 | | યંત્ર | | 90,000 |
| વિરાટ | 80,000 | 3,36,000 | સ્ટૉક | | 85,000 |
| અનામત ભંડોળ | | 45,000 | દેવાદારો | 60,000 | |
| કામદાર વળતર અનામત | | 13,500 | – ઘાલખાધ અનામત | 4000 | 56,000 |
| ભાગીદારોની લોન : | | | બૅન્ક | | 63,000 |
| રોહિત | 10,000 | | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 4500 |
| મોહિત | 16,000 | 26,000 | | | |
| લેણદારો | | 64,000 | | | |
| | | **4,84,500** | | | **4,84,500** |

તા. 1-4-2017ના રોજ રોહિત નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ છે :

(1) જમીન-મકાનની કિંમત ₹ 1,80,000 ગણવી.

(2) યંત્રની કિંમત ₹ 15,000થી ઘટાડવી.

(3) દેવાદારો પર 10 % ઘાલખાધ અનામત રાખવી.

(4) લેણદારો પૈકી ₹ 5000 ચૂકવવા પડશે નહિ.

(5) પેઢીની પાઘડીનું મૂલ્ય ₹ 1,80,000 આંકવું.

(6) મોહિત અને વિરાટનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:1 રાખવું.

(7) રોહિતને ₹ 20,000 તરત જ ચૂકવવા અને બાકીની રકમ લોન તરીકે રાખવી.

પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

7. વિજય, લક્ષ્મી અને સિદ્ધિ એક પેઢીના 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 1-4-2016ના રોજ સિદ્ધિ નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ હતી :

(1) વિજય અને લક્ષ્મીનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 2:3 રાખવું.

(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000 કરવું.

(3) રોકાણોની બજારકિંમત ₹ 40,000 છે, જે કિંમતથી રોકાણો સિદ્ધિ લઈ જશે.

(4) દેવાદારોમાંથી ₹ 3000 ઘાલખાધ માંડી વાળવી અને 5 % ઘાલખાધ અનામત રાખવી.

(5) ચોપડે દર્શાવેલ સ્ટૉકની કિંમત તેની પડતર કરતાં ₹ 1000થી વધારે આંકવામાં આવેલ છે.

(6) કામદાર વળતરનો ₹ 7000નો દાવો મંજૂર કર્યો.

(7) સિદ્ધિને ₹ 12,000 રોકડા ચૂકવવા.

તા. 31-3-2016ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | | 1,30,000 |
| વિજય | 85,000 | | યંત્રો | | 70,000 |
| લક્ષ્મી | 64,000 | | રોકાણો | | 60,000 |
| સિદ્ધિ | 71,000 | 2,20,000 | સ્ટૉક | | 35,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 15,000 | દેવાદારો | 23,000 | |
| કામદાર વળતર ભંડોળ | | 17,000 | – ઘાલખાધ અનામત | 4000 | 19,000 |
| લેણદારો | | 56,000 | રોકડ | | 36,000 |
| પ્રોવિડન્ડ ફંડ | | 42,000 | | | |
| | | **3,50,000** | | | **3,50,000** |

જરૂરી ખાતાં તૈયાર કરી નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**8.** જયા, મમતા અને સ્મૃતિ $\frac{2}{5}$, $\frac{5}{10}$ અને $\frac{1}{10}$ ભાગે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| લેણદારો | | 90,000 | પાઘડી | 30,000 |
| સામાન્ય અનામત | | 70,000 | મકાન | 2,82,000 |
| **મૂડી ખાતાં :** | | | યંત્રો | 1,45,000 |
| જયા | 2,00,000 | | રોકાણો | 33,000 |
| મમતા | 1,00,000 | | સ્ટૉક | 20,000 |
| સ્મૃતિ | 90,000 | 3,90,000 | દેવાદારો | 50,000 |
| **ચાલુ ખાતાં :** | | | સ્મૃતિને લોન | 30,000 |
| જયા | 26,000 | | ચાલુ ખાતું : સ્મૃતિ | 10,000 |
| મમતા | 14,000 | 40,000 | | |
| ઘાલખાધ અનામત | | 10,000 | | |
| | | **6,00,000** | | **6,00,000** |

તા. 1-4-2017થી સ્મૃતિ ભાગીદાર તરીકે નિવૃત્ત થઈ. નિવૃત્તિ વખતે ભાગીદારોએ નક્કી કર્યું કે,

(1) ભાડું ચૂકવવાનું બાકી ₹ 4000 છે.

(2) રોકાણો પર વ્યાજ ₹ 2500 મળવાનું બાકી છે.

(3) રોકાણો ₹ 35,000માં વેચી દેવા.

(4) પેઢીની પાઘડી ₹ 2,00,000 નક્કી કરવામાં આવી.

(5) ભવિષ્યમાં નફો-નુકસાન જયા અને મમતા 1:1ના પ્રમાણમાં વહેંચી લેશે.

જરૂરી ખાતાં તૈયાર કરી નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

9. માધવ, રાધા અને ગોપી $\frac{1}{2}$, $\frac{1}{3}$ અને $\frac{1}{6}$ ભાગે નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | રોકડ-બૅન્ક | | 12,000 |
| માધવ | 1,36,000 | | દેવાદારો | 80,000 | |
| રાધા | 50,000 | | – ઘાલખાધ અનામત | 5000 | 75,000 |
| ગોપી | 54,000 | 2,40,000 | સ્ટૉક | | 62,000 |
| લેણદારો | | 50,000 | રોકાણો (બજારકિંમત ₹ 64,000) | | 58,000 |
| કામદાર વળતર અનામત | | 24,000 | પેટન્ટ | | 35,000 |
| કર્મચારી પ્રોવિડન્ટ ફંડ | | 15,000 | મકાન | | 75,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 12,000 | જાહેરાત ઝુંબેશ ખર્ચ | | 24,000 |
| | | **3,41,000** | | | **3,41,000** |

રાધા 1-4-2016થી ભાગીદાર તરીકે નિવૃત્ત થઈ. ભાગીદારો વચ્ચે નક્કી કરવામાં આવ્યું કે,

(1) પેટન્ટની કિંમત 20 % ઘટાડવી, જ્યારે મકાનની કિંમત 90 % સુધી ઘટાડવી.

(2) કામદાર વળતર અનામતની જવાબદારી ₹ 30,000 નક્કી કરવામાં આવી.

(3) દેવાદારો પર ઘાલખાધ અનામત 5 %થી વધારવી.

(4) રાધાને પાઘડી પેટે ₹ 40,000 ચૂકવવા.

(5) અગાઉના વર્ષે માંડી વાળેલ ઘાલખાધના ₹ 3000માંથી ₹ 500 મળ્યા.

(6) રાધાને ₹ 5000 રોકડા ચૂકવવા અને બાકીની રકમ બે સરખા વાર્ષિક હપ્તામાં 10 % વ્યાજ સહિત ચૂકવવા.

પુનઃમૂલ્યાંકન ખાતું, ભાગીદારોનાં મૂડી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરો અને રાધાનું લોન ખાતું પણ છેલ્લી ચૂકવણી સુધીનું તૈયાર કરો.

10. દીપ, જ્યોતિ અને ગીતા તેમની મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | | 14,000 |
| દીપ | 1,00,000 | | જમીન-મકાન | | 2,90,000 |
| જ્યોતિ | 1,50,000 | | ટ્રેડમાર્ક | | 60,000 |
| ગીતા | 1,00,000 | 3,50,000 | સ્ટૉક | | 50,000 |
| સામાન્ય અનામત | | 28,000 | દેવાદારો | 40,000 | |
| લેણદારો | | 60,000 | – ઘાલખાધ અનામત | 6000 | 34,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 32,000 | બૅન્ક | | 22,000 |
| | | **4,70,000** | | | **4,70,000** |

ઉપરની તારીખે જ્યોતિ નિવૃત્ત થાય છે. ભાગીદારોએ એવું નક્કી કર્યું કે,

(1) દીપ અને ગીતાનું નવું નફા-નુકસાનનું પ્રમાણ 1:1 રાખવું. પાઘડીનું મૂલ્ય ₹ 70,000 આંકવામાં આવ્યું.

(2) દેવાદારો પર ઘાલખાધ અનામત 10 % સુધી ઘટાડવી.

(3) સ્ટૉક તેની પડતર કિંમત કરતાં 25 % વધારે કિંમતે દર્શાવેલ છે, જે પડતરકિંમતથી નોંધવો.

(4) ટ્રેડમાર્કના ₹ 60,000 ચાલુ વર્ષે ચૂકવેલ છે, જે કુલ 6 વર્ષ માટેના છે.

(5) પ્રોવિડન્ટ ફંડની જવાબદારી ₹ 35,000 નક્કી થઈ.

(6) નવી પેઢીની કુલ મૂડી જૂની પેઢીની કુલ મૂડી જેટલી જ રાખવી. આ મૂડી દીપ અને ગીતા તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે. આ માટે તફાવતની રકમ તેમના ચાલુ ખાતે લઈ જવી.

જરૂરી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**11.** મુન, સ્ટાર અને સન એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ સન નિવૃત્ત થાય છે. મુન અને સ્ટાર ભવિષ્યમાં નફો-નુકસાન 5:1ના પ્રમાણમાં વહેંચશે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | મકાન | 2,40,000 |
| મુન | 1,60,000 | | યંત્રો | 1,30,000 |
| સ્ટાર | 2,00,000 | | ફર્નિચર | 80,000 |
| સન | 1,80,000 | 5,40,000 | સ્ટૉક | 45,000 |
| સામાન્ય અનામત | | 90,000 | દેવાદારો | 30,000 |
| લેણદારો | | 60,000 | બૅન્ક | 1,75,000 |
| દેવીહૂંડી | | 10,000 | | |
| | | **7,00,000** | | **7,00,000** |

નિવૃત્તિની શરતો નીચે મુજબ હતી :

(1) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000 કરવું.

(2) લેણદારો એક માસ બાદ ચૂકવવાના છે, જેને તરત જ વાર્ષિક 12 % વટાવે ચૂકવી આપવા.

(3) ચોપડે માંડી વાળેલ કમ્પ્યૂટરની કિંમત ₹ 12,000 ગણવી અને આ કમ્પ્યૂટર મુન લઈ જશે.

(4) સનની નિવૃત્તિ બાદ મુન અને સ્ટાર તેમની મૂડી નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે, તફાવતની રકમ બૅન્ક ખાતે લઈ જવી.

જરૂરી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**12.** E, M અને I 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે દર્શાવ્યા મુજબ છે :

### પાકું સરવૈયું

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | મકાન | | 1,20,000 |
| E | 60,000 | | યંત્ર | | 80,000 |
| M | 30,000 | | સ્ટૉક | | 30,000 |
| I | 50,000 | 1,40,000 | દેવાદારો | 40,000 | |
| અનામત ભંડોળ | | 50,000 | – ઘાલખાધ અનામત | 2000 | 38,000 |
| કામદાર નફા ભાગ ભંડોળ | | 30,000 | રોકડ | | 22,000 |
| લેણદારો | | 70,000 | | | |
| | | **2,90,000** | | | **2,90,000** |

તા. 31-3-2017ના રોજ I નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ છે :

(1) Iના નફાનો ભાગ E અને M 2:3ના પ્રમાણમાં મેળવશે.

(2) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,00,000થી કરવામાં આવ્યું.

(3) દેવાદારો પર ઘાલખાધ અનામત 10 %થી વધારવી.

(4) મકાનની કિંમત 110 % ગણવી.

(5) યંત્રોની કિંમત 10 % ઘટાડવી.

(6) તા. 30-6-2017ના રોજ પૂરા થતા વર્ષ માટેનું વીમા-પ્રીમિયમ ₹ 24,000 ચૂકવેલ છે.

(7) Iની નિવૃત્તિ બાદ E અને M તેમની કુલ મૂડી ₹ 1,00,000 નવા નફા-નુકસાનના પ્રમાણમાં રાખશે.

જરૂરી ખાતાં અને નિવૃત્તિ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**13.** L, B અને W 2:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

### પાકું સરવૈયું

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | પાઘડી | 8000 |
| L | 20,000 | | મકાન | 37,000 |
| B | 12,500 | | દેવાદારો | 13,000 |
| W | 5000 | 37,500 | સ્ટૉક | 5500 |
| સામાન્ય અનામત | | 5000 | રોકડ | 2000 |
| લેણદારો | | 20,000 | | |
| ખર્ચા ચૂકવવાના બાકી | | 3000 | | |
| | | **65,500** | | **65,500** |

તા. 1-4-2016થી W નિવૃત્ત થાય છે. નિવૃત્તિની શરતો નીચે મુજબ નક્કી કરવામાં આવી :

(1) મકાનની બજારકિંમત ₹ 50,000 છે.

(2) સ્ટૉકની ચોપડે કિંમત તેની પડતરકિંમત કરતાં 10 % વધારે છે. સ્ટૉક તેની પડતર કિંમતથી નોંધવો.

(3) Wના અંગત ખર્ચના ચૂકવેલ ₹ 500 નફા-નુકસાન ખાતે ઉધારેલ હતા.

(4) પેઢીની પાઘડીનું મૂલ્યાંકન ₹ 80,000 કરવામાં આવ્યું.

(5) Wના નફાના ભાગ પૈકી $\frac{5}{40}$ ભાગ L અને $\frac{3}{40}$ ભાગ Bને મળશે.

(6) Wને ચૂકવવાપાત્ર રકમ રોકડમાં ચૂકવી દેવી જે રકમ L અને B એવી રીતે રોકડમાં લાવશે કે જેથી તેમની મૂડી નવા નફા-નુકસાનના પ્રમાણમાં રહે.

જરૂરી ખાતાં અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**14.** ચિરાગ, જિગર અને કેશવ 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-3-2016ના રોજનું પાકું સરવૈયું નીચે આપેલ છે :

**પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | જમીન-મકાન | | 50,000 |
| ચિરાગ | 30,000 | | યંત્રો | | 20,000 |
| જિગર | 20,000 | | રોકાણો | | 10,000 |
| કેશવ | 10,000 | 60,000 | સ્ટૉક | | 10,000 |
| સામાન્ય અનામત | | 6000 | દેવાદારો | 20,000 | |
| લેણદારો | | 44,000 | – ઘાલખાધ અનામત | 2000 | 18,000 |
| | | | રોકડ | | 2000 |
| | | **1,10,000** | | | **1,10,000** |

તા. 31-3-2016ના રોજ કેશવ નિવૃત્ત થાય છે. નિવૃત્તિ વખતે નક્કી થયેલી શરતો નીચે પ્રમાણે છે :

(1) જમીન-મકાનની કિંમત 20 %થી વધારવી.

(2) યંત્રોની કિંમત 90 % સુધી ગણવી.

(3) રોકાણોની બજારકિંમત ચોપડે કિંમતના 150 % છે.

(4) દેવાદારો પર ઘાલખાધ અનામત 5 %થી ઘટાડવાની છે.

(5) પેઢીની પાઘડી ₹ 36,000 નક્કી કરવામાં આવી.

(6) એક કર્મચારીને ₹ 2000 પગાર ચૂકવવાનો બાકી છે.

(7) ચિરાગ અને જિગર એટલી રોકડ પેઢીમાં લાવશે કે જેથી કેશવની લેણી રકમ ચૂકવાઈ જાય અને પેઢીમાં ₹ 14,000 કાર્યશીલ મૂડી માટે સિલક રહે અને નવી પેઢીમાં નવી મૂડી તેમના નફા-નુકસાનના પ્રમાણમાં થાય.

જરૂરી ખાતાં અને નવી પેઢીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**15.** E, F અને G 4:3:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. E તા. 31-3-2017ના રોજ નિવૃત્ત થાય છે. તે દિવસનું પાકું સરવૈયું નીચે દર્શાવ્યા પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | 1000 |
| E | 8000 | | જમીન-મકાન | 6000 |
| F | 5000 | | ફ્રી હોલ્ડ મિલકત | 3000 |
| G | 2000 | 15,000 | ફર્નિચર | 3000 |
| સામાન્ય અનામત | | 2000 | સ્ટૉક | 6600 |
| લેણદારો | | 8000 | દેવાદારો | 7000 |
| દેવીહૂંડી | | 2000 | રોકડ | 400 |
| | | **27,000** | | **27,000** |

ભાગીદારી કરારમાં થયેલ જોગવાઈ અને ભાગીદારોએ નક્કી કર્યા મુજબ, ભાગીદાર નિવૃત્ત થાય ત્યારે,

(1) પેઢીની પાઘડીની કિંમત ₹ 7000 નક્કી કરવી.

(2) જમીન-મકાનની ₹ 7000 અને ફર્નિચરની ₹ 2000 કિંમત નક્કી થઈ.

(3) સ્ટૉક 10 % વધુ કિંમતે બતાવેલ છે. Eને ₹ 5000 તરત જ ચૂકવી આપવા અને બાકીની રકમ લોન તરીકે રાખવી.

(4) F અને Gએ Eને ચૂકવવા માટે અને ₹ 2000 કાર્યશીલ મૂડી તરીકે (રોકડ) રાખવા માટે સરખે હિસ્સે જરૂરી રોકડ લાવવાની રહેશે.

નફા-નુકસાન હવાલા ખાતું, રોકડ ખાતું, મૂડી ખાતાં અને નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**16.** કમલ, બિમલ અને વિમલ 1:2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ તેમનું પાકું સરવૈયું નીચે મુજબની બાકીઓ દર્શાવતું હતું :

મૂડી : કમલ ₹ 10,000, બિમલ ₹ 20,000 અને વિમલ ₹ 30,000

સામાન્ય અનામત ₹ 24,000

વિમલની લોન ₹ 10,000

પાઘડી ₹ 12,000

તા. 31-5-2016ના રોજ વિમલનું મૃત્યુ થયું. ભાગીદારી કરાર મુજબ નીચેની શરતો હતી.

(1) પેઢીની પાઘડી છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ નફાની બે વર્ષની ખરીદી જેટલી ગણવાની છે. છેલ્લાં ત્રણ વર્ષનો નફો અનુક્રમે ₹ 25,000, ₹ 40,000 અને ₹ 25,000 હતો.

(2) છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ નફાને આધારે મૃત્યુની તારીખ સુધીનો નફો ગણવાનો છે.

(3) મૂડી પર વાર્ષિક 12 % વ્યાજ ગણવાનું છે.

વિમલનું મૂડી ખાતું તૈયાર કરો.

**17.** C, S અને T 2:1:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે દર્શાવ્યા મુજબ હતું :

### પાકું સરવૈયું

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | જમીન-મકાન | 1,40,000 |
| C | 80,000 | | રોકાણો | 70,000 |
| S | 70,000 | | સ્ટૉક | 50,000 |
| T | 1,00,000 | 2,50,000 | દેવાદારો | 25,000 |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ | | 10,000 | રોકડ | 20,000 |
| Tની લોન | | 25,000 | જાહેરાત ઉપલક ખાતું | 15,000 |
| લેણદારો | | 35,000 | | |
| | | **3,20,000** | | **3,20,000** |

Tનું તા. 30-6-2017ના રોજ મૃત્યુ થયું. ભાગીદારી કરારનામા મુજબ મૃત્યુ વખતે નીચે મુજબ હિસાબી અસરો આપવી જરૂરી છે :

(1) મૂડી પર વાર્ષિક 6 %ના દરે વ્યાજ આપવું.

(2) ઉપાડ પર વાર્ષિક 12 %ના દરે વ્યાજ વસૂલ કરવું. તા. 1-5-2017ના રોજ Tએ ₹ 20,000નો ઉપાડ કરેલ હતો.

(3) છેલ્લાં ત્રણ વર્ષના સરેરાશ નફાની બે ગણી પાઘડી ગણવી. છેલ્લાં ત્રણ વર્ષનો નફો નીચે મુજબ હતો : 2014-15 ₹ 80,000, 2015-16 ₹ 75,000 અને 2016-17 ₹ 85,000

(4) છેલ્લા વર્ષના નફાના આધારે નફામાં ભાગ આપવો.

Tના વહીવટકર્તાનું ખાતું તૈયાર કરો.

**18.** E, V અને M 3:2:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા એક પેઢીના ભાગીદારો હતા. તા. 31-3-2016ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

### પાકું સરવૈયું

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | 24,000 |
| E | 1,00,000 | | જમીન-મકાન | 2,00,000 |
| V | 1,20,000 | | યંત્રો | 60,000 |
| M | 90,000 | 3,10,000 | દેવાદારો | 80,000 |
| રોકાણ અનામત | | 10,000 | રોકાણો (બજારકિંમત ₹ 26,000) | 30,000 |
| ઘાલખાધ અનામત | | 6000 | રોકડ | 40,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 70,000 | નફા-નુકસાન ખાતું | 42,000 |
| કામદાર નફા-ભાગ ભંડોળ | | 30,000 | | |
| લેણદારો | | 50,000 | | |
| | | **4,76,000** | | **4,76,000** |

તા. 1-10-2016ના રોજ Vનું મૃત્યુ થયું. ભાગીદારી કરારનામા અને ભાગીદારોએ નક્કી કર્યા મુજબ,

(1) પાઘડીનું મૂલ્યાંકન ₹ 1,20,000 કરવું.

(2) E અને Mનું નફા-નુકસાનનું નવું પ્રમાણ 2:1 રાખવું.

(3) Vને મૃત્યુની તારીખ સુધીના નફા-નુકસાનમાં ભાગ ગયા વર્ષના નફા કે નુકસાનને આધારે આપવો.

(4) દેવાદારોના 10 % ઘાલખાધ અનામત રાખવી.

(5) જમીન-મકાનની કિંમત 10 % વધારે ગણવી.

(6) Vને ₹ 1000 માસિક પગાર ચૂકવવાપાત્ર છે.

(7) Vના વહીવટકર્તાને તાત્કાલિક ₹ 45,000 ચૂકવી આપવા અને બાકીની રકમ બે સરખા વાર્ષિક હપ્તામાં વાર્ષિક 10 % વ્યાજ સહિત ચૂકવવી.

Vનું મૂડી ખાતું તેમજ તેમના વહીવટકર્તાનું છેલ્લી ચૂકવણી સુધીનું ખાતું તૈયાર કરો.

**19.** A, T અને M 4:1:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2017ના રોજ પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**પાકું સરવૈયું**

| જવાબદારી | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | જમીન-મકાન | 12,000 |
| A | 15,000 | | ફર્નિચર | 6000 |
| T | 12,000 | | મોટરકાર | 8000 |
| M | 9000 | 36,000 | દેવાદારો | 15,000 |
| સામાન્ય અનામત | | 3000 | સ્ટૉક | 6000 |
| લેણદારો | | 17,000 | Mને લોન | 9000 |
| દેવીહૂંડી | | 1000 | રોકડ | 1000 |
| | | **57,000** | | **57,000** |

1-7-2017ના રોજ Mનું મૃત્યુ થયું. ભાગીદારી કરારનામા અને ભાગીદારોએ નક્કી કર્યા મુજબ,

(1) જમીન-મકાન અને ફર્નિચરની કિંમત 10 %થી વધારવી.

(2) સ્ટૉકની પડતરકિંમત ₹ 5500 છે, જે ચોપડે લાવવી.

(3) દેવાદારો પૈકી ₹ 400 ઘાલખાધના માંડી વાળવા.

(4) પાઘડીની કિંમત ₹ 7200 નક્કી થઈ.

(5) Mને મૃત્યુ તારીખ સુધીના નફામાં ભાગ વેચાણ અને નફાના આધારે આપવો. ગયા વર્ષનું વેચાણ ₹ 8,00,000 હતું. ચાલુ વર્ષ દરમિયાન પ્રથમ 3 માસનું વેચાણ ₹ 4,00,000 હતું. ગયા વર્ષનો નફો ₹ 2,40,000 હતો.

(6) Mના વહીવટકર્તાને ₹ 1850 રોકડા ચૂકવવા અને બાકી રકમ બે સરખા વાર્ષિક હપ્તામાં વાર્ષિક 12 % વ્યાજ સહિત ચૂકવવી.

Mના વહીવટકર્તાનું ખાતું તેમજ છેલ્લી ચૂકવણી સુધી તેના વહીવટકર્તાની લોનનું ખાતું તૈયાર કરો.

●

# 7

# ભાગીદારી પેઢીનું વિસર્જન
# (Dissolution of Partnership Firm)



| | | | |
|---|---|---|---|
| 1. | પ્રસ્તાવના | 4. | ભાગીદારી પેઢીનું વિસર્જન |
| 2. | વિસર્જનનો અર્થ | 5. | વિસર્જનની હિસાબી અસર |
| 3. | 'પેઢી' અને 'ભાગીદારી'નું વિસર્જન | – | સ્વાધ્યાય |



## 1. પ્રસ્તાવના (Introduction)

અત્યાર સુધી આપણે ભાગીદારનો પ્રવેશ, નિવૃત્તિ કે મૃત્યુને કારણે ભાગીદારીમાં ફેરફાર થાય, પરંતુ ધંધો ચાલુ રહે તેવા વ્યવહારોનો અભ્યાસ કર્યો. એટલે કે ભાગીદારીનો અંત આવે છે, છતાં ભાગીદારી પેઢીનું વિસર્જન થતું નથી.

પરંતુ જ્યારે ચાલુ પેઢી અને તેનો ધંધો બંધ થાય, બધા જ ભાગીદારો છૂટા થાય ત્યારે ભાગીદારી પેઢીનો અને ભાગીદારીનો આપોઆપ અંત આવે છે. વિસર્જનને લગતા વ્યવહારોનો આપણે આ પ્રકરણમાં અભ્યાસ કરીશું.

## 2. વિસર્જનનો અર્થ (Meaning of Dissolution)

વિસર્જન એટલે જે-તે બાબતનાં અસ્તિત્વનો અંત. અહીં ભાગીદારી અને ભાગીદારી પેઢીના વિસર્જનનાં સંદર્ભમાં અભ્યાસ કરવાનો હોવાથી બે બાબતોનું વિસર્જન ધ્યાનમાં લેવામાં આવે છે :

(i) ભાગીદારી પેઢીનું વિસર્જન

(ii) ભાગીદારીનું વિસર્જન

જ્યારે ભાગીદારી પેઢી તેનું ધંધાકીય કામકાજ (ધંધો) કાયમ માટે બંધ કરે એટલે કે કાયદાકીય દૃષ્ટિએ પેઢીનું અસ્તિત્વ કાયમ માટે મટી જાય ત્યારે ભાગીદારી પેઢીનું વિસર્જન થયું કહેવાય. ટૂંકમાં, જ્યારે ચાલુ પેઢી બંધ થાય અને તેનો ધંધો બંધ કરવામાં આવે ત્યારે તેને પેઢીનું વિસર્જન કહેવામાં આવે છે.

એક સિવાયના બાકીના બધા ભાગીદારો પેઢીમાંથી છૂટા થાય ત્યારે પણ ભાગીદારીનો અંત આવે છે અને ચાલુ રહેતો તે એક ભાગીદાર હવે પેઢીનો વૈયક્તિક માલિક બને છે. આ રીતે પણ પેઢીનું વિસર્જન થાય છે. કેટલીકવાર પેઢીનો ચાલુ ધંધો કોઈ જોઈન્ટ સ્ટૉક કંપનીને વેચી દેવામાં આવે છે ત્યારે પણ ભાગીદારી પેઢીનું વિસર્જન થયું કહેવાય.

## 3. 'પેઢી' અને 'ભાગીદારી'નું વિસર્જન (Dissolution of Firm and Partnership)

'પેઢીનું વિસર્જન' અને 'ભાગીદારીનું વિસર્જન' બંનેનો અર્થ સ્પષ્ટ કરી લઈએ.

**(A) પેઢીનું વિસર્જન (Dissolution of Firm) :** ભારતીય ભાગીદારી ધારાની કલમ 39 અનુસાર પેઢીનું વિસર્જન કરી બધા ભાગીદારો છૂટા થાય ત્યારે તેમની વચ્ચે ભાગીદારીનો અંત આવે છે તેને પેઢીનું વિસર્જન (Dissolution of Firm) થયું કહેવાય. આ પ્રકારે ભાગીદારીનું વિસર્જન કરી પેઢી બંધ કરવામાં આવે ત્યારે પેઢીનું વિસર્જન થયું કહેવાય. આવા સંજોગોમાં પેઢીનો ધંધો બંધ થાય, પરિણામે તેની મિલકતો વેચી દઈ તેની ઊપજમાંથી પેઢીના દેવાં ચૂકવાય છે, અને વધતી રકમમાંથી ભાગીદારોની મૂડી તેમના કરાર પ્રમાણે પરત કરવામાં આવે છે.

જ્યારે પેઢીનો સમગ્ર ધંધો વેચી દેવામાં આવે તે પણ ભાગીદારી પેઢીનું વિસર્જન કહેવાય.

**(B) ભાગીદારીનું વિસર્જન (Dissolution of Partnership) :** જ્યારે કોઈ એક ભાગીદારની નિવૃત્તિ, મૃત્યુ, નાદારી કે અન્ય કારણોસર ધંધો બંધ ન કરવામાં આવે, બાકીના ભાગીદારો ધંધો ચાલુ રાખે ત્યારે જૂની 'ભાગીદારીનું વિસર્જન' (Dissolution of Partnership) કહેવાય. ધંધામાંથી જતાં ભાગીદાર સિવાય બાકીનાં ભાગીદારો ધંધો ચાલુ રાખે છે. તેને

પરિણામે નવી ભાગીદારીની રચના થાય છે. સામાન્ય સંજોગોમાં ચાલુ રહેતાં ભાગીદારો વચ્ચે ભાગીદારીનું પ્રમાણ બદલાય છે. આ સંજોગોમાં પેઢીનું વિસર્જન થતું નથી. પરંતુ ભાગીદારીની પુનઃરચનાથી (પુનર્ગઠન) નવી રચાયેલી પેઢી અસ્તિત્વમાં આવે છે.

'ભાગીદારી' (Partnership) એ ભાગીદારો વચ્ચેનો સંબંધ છે. જ્યારે પેઢી (Firm) એ બધા જ ભાગીદારોનું સામૂહિક નામ છે.

**(C) ભાગીદારી અને ભાગીદારી પેઢીના વિસર્જન વચ્ચેનો તફાવત :**

| આધાર | ભાગીદારીનું વિસર્જન | ભાગીદારી પેઢીનું વિસર્જન |
|---|---|---|
| **અર્થ** | ભાગીદારીનું પુનર્ગઠન એટલે ભાગીદારીનું વિસર્જન. | ભાગીદારી પેઢીનો કાયમી અંત એટલે ભાગીદારી પેઢીનું વિસર્જન. |
| **પેઢીનું અસ્તિત્વ** | પેઢીનું અસ્તિત્વ ચાલુ રહે છે. | પેઢીના અસ્તિત્વનો અંત આવે છે. |
| **હિસાબી ચોપડાઓ** | હિસાબી ચોપડાઓ ચાલુ રહે છે. | હિસાબી ચોપડાઓ બંધ કરવામાં આવે છે. |
| **હિસાબોની પતાવટ** | હિસાબોની પતાવટ થતી નથી. પરંતુ પુનઃ મૂલ્યાંકન ખાતામાંથી ઉદ્ભવતો નફો કે નુકસાન અનુક્રમે ભાગીદારોનાં મૂડી ખાતે જમા કે ઉધાર કરવામાં આવે છે. સામાન્ય રીતે પેઢીમાંથી જતાં ભાગીદારનો હિસાબ કરવામાં આવે છે. | હિસાબોની પતાવટ થાય છે. માલ-મિલકત નિકાલ ખાતા દ્વારા મિલકતોનો નિકાલ કરીને જવાબદારી ચૂકવવામાં આવે છે. વધેલ રકમ ભાગીદારો વચ્ચે હિસાબની પતાવટ પેટે ચૂકવવામાં આવે છે. |
| **અદાલતનો હસ્તક્ષેપ** | ભાગીદારીનું વિસર્જન સ્વૈચ્છિક હોવાથી અદાલતના હસ્તક્ષેપની જરૂરિયાત હોતી નથી. | જ્યારે જરૂરી હોય ત્યારે અદાલત દ્વારા હસ્તક્ષેપ કરવામાં આવે છે. |
| **અસર** | ભાગીદારીનું વિસર્જન થાય તો ભાગીદારી પેઢીનું વિસર્જન ન પણ થાય. | ભાગીદારી પેઢીનું વિસર્જન થાય તો આપોઆપ ભાગીદારીનું વિસર્જન થાય છે. |

## 4. ભાગીદારી પેઢીનું વિસર્જન (Dissolution of Partnership Firm)

આપણે આ પ્રકરણમાં ભાગીદારી પેઢીના વિસર્જનને લગતી મહત્ત્વની બાબતોનો ખ્યાલ મેળવીશું. ત્યાર બાદ પેઢીના વિસર્જનની હિસાબી અસરોનો વિગતે અભ્યાસ કરીશું.

(A) પેઢીના વિસર્જનની રીતો કે પદ્ધતિઓ

(B) વિસર્જનના હિસાબોની પતાવટ અંગે કાનૂની અને અન્ય જોગવાઈઓ

(C) વિસર્જનની સામાન્ય વિધિ કે પ્રક્રિયા

**(A) પેઢીના વિસર્જનની રીતો કે પદ્ધતિઓ :**

ભારતીય ભાગીદારી ધારા 1932 મુજબ ભાગીદારી પેઢીનું વિસર્જન નીચે પ્રમાણેની બે રીતો કે પદ્ધતિઓથી થાય છે :

(1) સામાન્ય વિસર્જન કે અદાલતના હસ્તક્ષેપ સિવાય વિસર્જન

(2) અદાલત દ્વારા વિસર્જન

**(1) સામાન્ય વિસર્જન કે અદાલતના હસ્તક્ષેપ સિવાય વિસર્જન :** અદાલતના હસ્તક્ષેપ સિવાય નીચેની કોઈ પણ રીતે ભાગીદારી પેઢીનું વિસર્જન થઈ શકે છે :

**(i) સર્વસંમતિથી :** જ્યારે બધા જ ભાગીદારો પેઢીનું વિસર્જન કરવા સંમત થાય ત્યારે ભાગીદારી પેઢીનું વિસર્જન ગમે તે સમયે થઈ શકે છે. જેને મરજિયાત વિસર્જન કહે છે.

**(ii) કરાર દ્વારા :** ભાગીદારો વચ્ચે અગાઉથી નક્કી થયેલ કરારની શરતોને આધીન ભાગીદારી પેઢીનું વિસર્જન થઈ શકે છે.

**(iii) કાયદા દ્વારા વિસર્જન :** નીચેના સંજોગોમાં પેઢીનું કાયદા દ્વારા ફરજિયાત વિસર્જન થાય છે.

(a) પેઢીના બધા ભાગીદારો અથવા એક સિવાયના બધા ભાગીદારો નાદાર જાહેર થાય.

(b) પેઢીનો ધંધો ચલાવવો ગેરકાયદેસર બને ત્યારે પેઢીનું વિસર્જન થાય છે.

**(iv) ચોક્કસ ઘટનાને કારણે :**

(a) જો ભાગીદારી પેઢી અમુક ચોક્કસ મુદત માટેની હોય તો તે મુદત પૂરી થતાં વિસર્જન થાય છે.

(b) કોઈ ચોક્કસ હેતુ માટે સ્થપાય હોય અને તે હેતુ પૂર્ણ થવાથી પેઢીનું આપોઆપ વિસર્જન થાય છે.

**(v) નોટિસ દ્વારા :** સ્વૈચ્છિક ભાગીદારીના સંજોગોમાં કોઈ પણ ભાગીદાર, ભાગીદારી પેઢીનું વિસર્જન કરવાનો પોતાનો ઈરાદો જણાવતી લેખિત નોટિસ અન્ય ભાગીદારોને આપે છે. આ નોટિસમાં જણાવેલ તારીખથી અથવા નોટિસ મળે ત્યારથી તેમની વચ્ચેની ભાગીદારીનો અંત આવે છે. આ રીતે પેઢીનું વિસર્જન થાય છે.

**(2) અદાલત દ્વારા વિસર્જન :** કોઈ પણ ભાગીદાર અદાલતને અરજી કરે, તો નીચેના સંજોગોમાં અદાલત પેઢીનું વિસર્જન કરવા હુકમ કરી શકે.

(i) કોઈ ભાગીદાર અસ્થિર મગજનો થાય.

(ii) કોઈ ભાગીદાર પેઢીમાં પોતાની ફરજો બજાવવા માટે અશક્તિમાન બને.

(iii) કોઈ ભાગીદાર પેઢી કે પેઢીના ધંધાના હિત વિરુદ્ધ વર્તન કરે.

(iv) કોઈ ભાગીદાર ધંધાની શરતોનો ઈરાદાપૂર્વક વારંવાર ભંગ કરે.

(v) કોઈ ભાગીદાર પેઢીમાંનો પોતાનો સંપૂર્ણ હિસ્સો અન્ય ભાગીદારોની સંમતિ વગર ત્રાહિત પક્ષને વેચી દે.

(vi) પેઢી સતત ખોટ કરતી હોય અને ખોટ સિવાય પેઢીનો ધંધો ચાલે તેમ ન હોય ત્યારે.

(vii) અદાલત, વ્યાજબી લાગે તેવા અન્ય કોઈ પણ સંજોગોમાં પેઢીનું વિસર્જન કરવાનો હુકમ કરી શકે છે.

**(B) વિસર્જનના હિસાબોની પતાવટ અંગે કાનૂની અને અન્ય જોગવાઈઓ :**

**(1) પેઢીની ખોટ અંગે :** ભારતીય ભાગીદારી ધારા અનુસાર વિસર્જન વખતે થતું નુકસાન (મૂડીખાધ સહિત) નીચે પ્રમાણે અમલમાં મૂકાય છે.

(a) પ્રથમ પેઢીના નફામાંથી માંડી વળાય છે, અને

(b) જો નફો પૂરતો ન હોય, તો ભાગીદારોની મૂડીમાંથી ભરપાઈ થાય અને

(c) જો મૂડી પૂરતી ન હોય, તો આવું નુકસાન ભાગીદારો તેમના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી લે છે અને તે માટે જરૂર અનુસાર પોતાની અંગત મિલકતમાંથી તે ભરપાઈ કરે છે.

**(2) પેઢીનાં દેવાં અને ભાગીદારોનાં અંગત દેવાં :** ભાગીદારોની જવાબદારી અમર્યાદિત છે. તેથી પેઢીના ત્રાહિત પક્ષ પરત્વેનાં દેવાં માટે દરેક ભાગીદાર વ્યક્તિગત રીતે તેમજ સામૂહિક રીતે જવાબદાર છે. પેઢીની મિલકતો પેઢીનાં દેવાં માટે અને ભાગીદારોની અંગત મિલકતો અંગત દેવાં માટે કાયદેસર રીતે ઉપયોગમાં લેવાય.

પરંતુ ભાગીદારોની અમર્યાદિત જવાબદારી હોવાને પરિણામે તેમની અંગત મિલકતોનો ઉપયોગ અંગત દેવાં ચૂકવ્યાં બાદ વધેલ રકમમાંથી પેઢીનાં દેવાં ચૂકવવા માટે થઈ શકે છે.

**(3) ભાગીદારોની પેઢીને લોન :** ભાગીદારી પેઢીના વિસર્જનમાં પેઢીની મિલકતો વેચી, તેની ઊપજમાંથી સૌપ્રથમ વિસર્જન ખર્ચ અને ત્યાર બાદ પેઢીનાં દેવાં ચૂકવવામાં આવે છે. ત્યાર બાદ વધતી રકમમાંથી ભાગીદારોએ પેઢીને આપેલી લોનની રકમ ચૂકવવાની હોય છે. પેઢીનાં દેવાં ચૂકવ્યા બાદ વધતી રકમ એક કરતાં વધુ ભાગીદારોએ આપેલી લોન પરત કરવા માટે અપૂરતી હોય અને ભાગીદારો પાસેથી અંગત કંઈ વસૂલ થઈ શકે તેમ ન હોય તો તેવા ભાગીદારોની લોન, લોનનાં પ્રમાણમાં ચૂકવાય છે.

**(4) ભાગીદારની પત્નીની લોન :** ભાગીદારની પત્નીએ પોતાના સ્ત્રીધનમાંથી પેઢીને લોન આપેલ હોય, તો તેવી લોનની રકમ પેઢીનાં સામાન્ય દેવાંની જેમ જ ત્રાહિત પક્ષ પરત્વેનાં દેવાં તરીકે ચૂકવવામાં આવે છે.

પરંતુ જો તેના પતિનાં નાણાંમાંથી તેણે પેઢીને લોન આપી હોય, તો તે ભાગીદારની લોન જ ગણાય.

**(5) ભાગીદારોની જવાબદારી :** ભાગીદારોની જવાબદારી અમર્યાદિત છે. જો કોઈ ભાગીદાર કે ભાગીદારો નાદાર થાય ત્યારે સધ્ધર ભાગીદારે પેઢીનાં દેવાં પોતાની અંગત મિલકતમાંથી પણ ચૂકવવાં પડે છે.

**(6) પેઢીની મિલકતોની ઊપજની વહેંચણી :** પેઢીની મિલકતોની ઊપજમાંથી ચૂકવણી નીચેના ક્રમમાં કરવામાં આવે છે :

(a) સૌપ્રથમ પેઢીનો વિસર્જન-ખર્ચ ચૂકવાય.

(b) ત્યારબાદ ત્રાહિત પક્ષ (વ્યક્તિઓ) પરત્વેનાં દેવાં ચૂકવાય.

(c) ત્યારબાદ ભાગીદારોની લોન ચૂકવાય.

(d) છેલ્લે ભાગીદારોની મૂડી અને ચાલુ ખાતાંની રકમો પરત ચૂકવવામાં આવે છે.

(e) તેમ છતાં રકમ વધે એટલે કે નફો હોય તો તે બધા ભાગીદારો વચ્ચે તેમના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી આપવામાં આવે છે.

**(C) વિસર્જનની સામાન્ય વિધિ કે પ્રક્રિયા :**

ભાગીદારી પેઢીનું વિસર્જન થતાં તેની મિલકતો વેચીને મળેલ આવકમાંથી અગાઉ જણાવ્યા પ્રમાણે ક્રમાનુસાર ચૂકવણી કરવામાં આવે છે, વિસર્જનની હિસાબી અસરોને પરિણામે પેઢીના હિસાબી ચોપડા બંધ થાય છે.

## 5. વિસર્જનની હિસાબી અસર (Accounting Treatment of Dissolution)

ભાગીદારી પેઢીનું વિસર્જન થતાં તેની મિલકતો વેચીને મળેલ આવકમાંથી દેવાં ચૂકવાય છે. રકમ વધે તો મૂડી પરત થાય છે. હિસાબી ચોપડા બંધ કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યવાહીના અમલ માટે નીચે પ્રમાણેની હિસાબી અસરો આપવામાં આવે છે :

**(A) જરૂરી ખાતાં ખોલવાં :** વિસર્જનની હિસાબી વિધિને અનુસરવા અને હિસાબી અસરો આપવા માટે નીચે મુજબનાં ખાતાં તૈયાર કરવામાં આવે છે :

(1) માલ-મિલકત નિકાલ ખાતું

(2) ભાગીદારોનાં લોન ખાતાં (જો હોય તો)

(3) ભાગીદારોનાં મૂડી ખાતાં / ચાલુ ખાતાં

(4) રોકડ / બૅન્ક ખાતું

**(1) માલ-મિલકત નિકાલ ખાતું (Realisation Account) :** ''પેઢીના વિસર્જન સમયે, પેઢીની મિલકતો અને દેવાંના નિકાલની હિસાબી અસરો આપવા માટે તૈયાર કરવામાં આવતું ખાતું એટલે માલ-મિલકત નિકાલ ખાતું.'' માલ-મિલકત નિકાલ ખાતાને 'સંપાદન ખાતાં' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ભાગીદારી પેઢીના વિસર્જન સમયે ચોપડા બંધ કરવા માટે રોકડ / બૅન્ક ખાતા સિવાયની મિલકતો અને દેવાંનાં ખાતાં બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે તેની ચોપડે કિંમતે લઈ જવામાં આવે છે.

ત્યાર બાદ મિલકતોની ઊપજની રકમ રોકડ ખાતે ઉધારી માલ-મિલકત નિકાલ ખાતે જમા કરવામાં આવે છે. દેવાંની ચૂકવણીની રકમ માલ-મિલકત નિકાલ ખાતે ઉધારી, રોકડ ખાતે જમા કરવામાં આવે છે.

માલ-મિલકત નિકાલ ખાતામાં આવતો તફાવત માલ-મિલકત નિકાલ ખાતાનો નફો કે નુકસાન હશે. આ તફાવત ભાગીદારો વચ્ચે તેમના નફા-નુકસાનની વહેંચણીના પ્રમાણમાં ફાળવી આપવામાં આવે છે. નફો તેમના મૂડી ખાતે જમા થાય છે. નુકસાન તેમના મૂડી ખાતે ઉધાર થાય છે.

ઉપર મુજબની વિસર્જનની હિસાબી અસરો આપવા માટે માલ-મિલકત નિકાલ ખાતું તૈયાર થાય છે. માલ મિલકત નિકાલ ખાતાનાં નફા કે નુકસાનની વહેંચણી ભાગીદારો વચ્ચે થાય છે તેથી તે ઊપજ ખર્ચ ખાતાનો એક પ્રકાર ગણાય છે.
(માલ-મિલકત નિકાલ ખાતાનો નમૂનો હવે પછી આપવામાં આવેલ છે.)

**(2) ભાગીદારોનાં લોન ખાતાં (Partners' Loan Account) :** ઘણી વખત ધંધાને નાણાકીય મદદનાં હેતુસર ભાગીદારો દ્વારા પેઢીને લોન આપવામાં આવે છે. ભાગીદારી પેઢીનાં વિસર્જન સમયે ભાગીદારોની મૂડી પરત કરતાં પહેલાં ભાગીદારોની લોન પરત કરવામાં આવે છે. તેથી વિસર્જન વખતે ભાગીદારોનાં લોન ખાતા પણ તૈયાર કરવામાં આવે છે. (ભાગીદારોએ પેઢીને લોન આપેલ હોય ત્યારે)

**(3) ભાગીદારોનાં મૂડી ખાતાં / ચાલુ ખાતાં (Partners' Capital Accounts / Current Accounts) :** ભાગીદારોના મૂડી ખાતા અને ચાલુ ખાતા અંગે આ અગાઉ વિગતે અભ્યાસ કરવામાં આવેલ છે. પેઢીના વિસર્જન વખતે તમામ પ્રકારનાં દેવાઓ ચૂકવ્યા બાદ ભાગીદારોની મૂડી પરત કરવામાં આવે છે.

**(4) રોકડ/બૅન્ક ખાતું (Cash / Bank Account) :** પેઢીનું વિસર્જન થતું હોવાથી તમામ વ્યવહારો રોકડમાં અથવા બૅન્ક દ્વારા કરવામાં આવતા હોય છે. રોકડ ખાતું માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવતું નથી. તમામ રોકડ આવકો અને જાવકો આ ખાતામાં દર્શાવવામાં આવે છે. છેલ્લે વધેલ રકમ ભાગીદારોને ચૂકવવામાં આવે છે.

વિસર્જનનાં હિસાબો તૈયાર કરવા અંગેની આમનોંધો :

(A) આમનોંધો પસાર કરતાં પહેલાં ઉપર દર્શાવ્યા પ્રમાણે જરૂરી ખાતાઓ ખોલો.

(B) ભાગીદારોના મૂડી ખાતાની અને રોકડ/બૅન્ક ખાતાની બાકીઓ દર્શાવો.

(C) ભાગીદારોના લોન ખાતા હોય તો લોન ખાતાની બાકીઓ દર્શાવો.

**(1) અનામતો અને નહિ વહેંચેલ નફા-નુકસાનની બાકી :**

સૌપ્રથમ પેઢીના પાકા સરવૈયામાં દર્શાવેલ એકત્રિત અનામતો જેવી કે સામાન્ય અનામત, કારીગર અકસ્માત વળતર ભંડોળ, નફા-નુકસાન ખાતાની જમા બાકી (નફો), ઉધાર બાકી (ખોટ) વગેરે રકમો માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવતા નથી. આ રકમો ભાગીદારોના નફા-નુકસાનના પ્રમાણમાં તેમના મૂડી ખાતે લઈ જવામાં આવે છે. આ ખાતાંઓ મિલકતો કે દેવાં નથી પણ મૂડીનો ભાગ હોવાથી મૂડી ખાતે લઈ જવામાં આવે છે. જેની આમનોંધ નીચે પ્રમાણે થાય :

**(i) અનામતો અને નફા-નુકસાન ખાતાની જમા બાકી (નફો) :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | અનામતો ખાતે ઉ | | ✓ | |
| | રોકાણ વધઘટ ભંડોળ ખાતે ઉ | | ✓ | |
| | કારીગર અકસ્માત વળતર ભંડોળ ખાતે ઉ | | ✓ | |
| | નફા-નુકસાન ખાતે (નફો) ઉ | | ✓ | |
| | તે ભાગીદારોનાં મૂડી ખાતે | | | ✓ |
| | [બા.જે. : અનામતો અને નહિ વહેંચેલ નફો ભાગીદારોના નફા-નુકસાનના પ્રમાણમાં તેમના મૂડી ખાતે જમા કર્યા તેના.] | | | |

**(ii) નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી (ખોટ) :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ભાગીદારોનાં મૂડી ખાતે ઉ | | ✓ | |
| | તે નફા-નુકસાન ખાતે (ખોટ) | | | ✓ |
| | [બા.જે. : નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી ભાગીદારોના નફા-નુકસાનના પ્રમાણમાં તેમના મૂડી ખાતે ઉધાર કરી તેના.] | | | |

**(2) મિલકતોનાં ખાતાં બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવે ત્યારે :**

મિલકતોની હંમેશાં ઉધાર બાકી હોય છે. પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ રોકડ/બૅન્ક ખાતાં સિવાયની તમામ મિલકતોનાં ખાતાં બંધ કરી ચોપડે કિંમતે માલ-મિલકત નિકાલ ખાતાની ઉધાર બાજુ લઈ જવામાં આવે છે. મિલકતોનાં ખાતાં બંધ કરવા માટે તેમના ખાતે જમા કરવામાં આવે છે. દા.ત., જમીન-મકાન, પ્લાન્ટ-યંત્રો, ફર્નિચર, રોકાણો, દેવાદારો, પાઘડી, પેટન્ટ્સ, ટ્રેડમાર્ક, કૉપીરાઇટ, લેણીહૂંડી વગેરે. તેની આમનોંધ નીચે પ્રમાણે થાય :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ | | ✓ | |
| | તે જમીન-મકાન ખાતે | | | ✓ |
| | તે પ્લાન્ટ-યંત્રો ખાતે | | | ✓ |
| | તે ફર્નિચર ખાતે | | | ✓ |
| | તે રોકાણો ખાતે | | | ✓ |
| | તે દેવાદારો ખાતે | | | ✓ |
| | તે લેણીહૂંડી ખાતે | | | ✓ |
| | તે અન્ય મિલકતો ખાતે | | | ✓ |
| | [બા.જે. : મિલકતોનાં ખાતાં બંધ કરી ચોપડે કિંમતે માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | | |

**નોંધ :** વિસર્જનની તારીખે પાકા સરવૈયામાં દર્શાવેલ રોકડ ખાતાની કે બૅન્ક ખાતાની (બૅન્કસિલક) માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવતી નથી. તેનું અલગ ખાતું ખોલી તે બાકી તેમાં દર્શાવવામાં આવે છે. કારણ કે રોકડ ખાતામાં તમામ મિલકતોના વેચાણની નોંધ અને જવાબદારીઓની ચૂકવણી દર્શાવવામાં આવે છે. છેલ્લે વધેલી રકમ ભાગીદારોનાં મૂડી ખાતે તબદીલ કરવામાં આવે છે.

**(3A) જોગવાઈઓનાં ખાતાં બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવે ત્યારે :**

જોગવાઈઓની બાકી જમા બાકી હોય છે. પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ મિલકતો સામેની જોગવાઈઓનાં ખાતાં બંધ કરી ચોપડે કિંમતે માલ-મિલકત નિકાલ ખાતાની જમા બાજુ લઈ જવામાં આવે છે. જોગવાઈઓનાં ખાતાં બંધ કરવા માટે તેમના ખાતે ઉધાર કરવામાં આવે છે. દા.ત., ઘાલખાધ અનામત, ઘસારા ફંડ, દેવાદાર કે લેણીહૂંડી પરના વટાવ અનામત વગેરે. તેની આમનોંધ નીચે પ્રમાણે છે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ઘાલખાધ અનામત ખાતે ઉ | | ✓ | |
| | ઘસારા ફંડ ખાતે ઉ | | ✓ | |
| | દેવાદાર કે લેણીહૂંડી પરના વટાવ અનામત ખાતે ઉ | | ✓ | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | ✓ |
| | [બા.જે. : જોગવાઈઓનાં ખાતાં બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | | |

**(3B) દેવાંનાં ખાતાં બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવે ત્યારે :**

દેવાંઓની બાકી, જમા બાકી હોય છે. પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ જવાબદારીઓનાં (દેવાં) ખાતાં બંધ કરી, ચોપડે કિંમતે માલ-મિલકત નિકાલ ખાતાની જમા બાજુ લઈ જવામાં આવે છે. દેવાનાં ખાતાં બંધ કરવા માટે તેમના

ખાતે ઉધાર કરવામાં આવે છે. દા.ત., લેણદારો, દેવીહૂંડી, બૅન્ક ઓવરડ્રાફ્ટ, પ્રોવિડન્ટ ફંડ, કારીગર નફા-ભાગ ભંડોળ, ચૂકવવાના બાકી ખર્ચા વગેરે. આમનોંધ નીચે પ્રમાણે છે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | લેણદારો ખાતે ઉ | | ✓ | |
| | દેવીહૂંડી ખાતે ઉ | | ✓ | |
| | બૅન્ક ઓવરડ્રાફ્ટ ખાતે ઉ | | ✓ | |
| | કારીગર નફા ભાગ ભંડોળ ખાતે ઉ | | ✓ | |
| | ચૂકવવાના બાકી ખર્ચા ખાતે ઉ | | ✓ | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | ✓ |
| | [બા.જે. : તમામ જવાબદારીઓનાં ખાતાં બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | | |

**નોંધ :** હિસાબોની પતાવટ કરવાની હોવાથી ભાગીદારોનાં મૂડી ખાતાં, ચાલુ ખાતાં, ભાગીદારોની લોનનાં ખાતાં, માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવતાં નથી. તેનાં અલગ ખાતાં ખોલી તે બાકીઓ તેમાં દર્શાવાય છે. વિસર્જનમાં છેલ્લે આ ખાતા બંધ કરવામાં આવે છે.

**(4) મિલકતોનું વેચાણ કરવામાં આવે ત્યારે :**

**(A) મિલકતોનું વેચાણ :** આ કિસ્સામાં મિલકતનું ખુલ્લા બજારમાં વેચાણ કરવામાં આવે છે. મિલકતના વેચાણની ઊપજ રોકડ/બૅન્ક ખાતે ઉધારી પેઢીનાં માલ-મિલકત નિકાલ ખાતે જમા થાય છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | રોકડ/બૅન્ક ખાતે ઉ | | ✓ | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | ✓ |
| | [બા.જે. : મિલકતોનું વેચાણ માલ-મિલકત નિકાલ ખાતે જમા કર્યું તેના.] | | | |

**(B) જ્યારે ભાગીદાર મિલકત લઈ જાય :** ભાગીદાર મિલકત લઈ જાય ત્યારે ભાગીદારના મૂડી ખાતે ઉધારી, માલ-મિલકત નિકાલ ખાતે જમા થાય.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | જે-તે ભાગીદારના મૂડી ખાતે ઉ | | ✓ | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | ✓ |
| | [બા.જે. : ભાગીદારે લીધેલ મિલકતે તેના ખાતે ઉધારી માલ-મિલકત નિકાલ ખાતે જમા કરી તેના.] | | | |

**નોંધ :** (1) પેઢીના વિસર્જન સમયે દરેક દૃશ્ય અને અદૃશ્ય મિલકતોની ઊપજવા ધારેલ કિંમત અવશ્ય આપવી. દૃશ્ય કે અદૃશ્ય મિલકતની કોઈ પણ કિંમત ઊપજવાપાત્ર ન હોય તો તે અંગે દાખલામાં ખાસ ઉલ્લેખ કરવો.

(2) કોઈ ચોપડે નોંધાયેલ લેણદારને તેની લેણી રકમ સામે કોઈ ચોપડે નોંધાયેલ મિલકત આપવામાં આવે ત્યારે : આવી મિલકત અને આવા લેણદારો માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવેલ હોવાથી જે-તે મિલકતની ગણેલી ઊપજ અને જે-તે લેણદારની ચૂકવણી અંગે કોઈ નોંધ કરવાની રહેતી નથી.

**(C) ચોપડે નહિ નોંધાયેલ મિલકતની ઊપજ મળે ત્યારે :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | રોકડ ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : ચોપડે નહિ નોંધાયેલ મિલકતના ₹ ...... ઊપજ્યા તેના.] | | ✓ | ✓ |

**(5) દેવાં ચૂકવવામાં આવે ત્યારે :**

**(A) રોકડેથી ચૂકવવામાં આવે :** પેઢીનાં દેવાં રોકડેથી ચૂકવવામાં આવે ત્યારે ચૂકવેલ રકમથી માલ-મિલકત નિકાલ ખાતું ઉધાર કરવામાં આવે છે અને રોકડ/બૅન્ક ખાતું જમા કરવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે રોકડ / બૅન્ક ખાતે<br>[બા.જે. : દેવાંની ચૂકવણી કરી તેના.] | | ✓ | ✓ |

**(B) કોઈ ભાગીદાર જવાબદારી ચૂકવવાનું સ્વીકારે :** કોઈ ભાગીદાર દેવું ચૂકવે કે ચૂકવવાની જવાબદારી સ્વીકારે ત્યારે માલ-મિલકત નિકાલ ખાતે ઉધારી જે-તે ભાગીદારના મૂડી ખાતે જમા કરવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે જે-તે ભાગીદારના મૂડી ખાતે<br>[બા.જે. : ભાગીદારે દેવાંની ચૂકવણી કરી / કરવાનું સ્વીકાર્યું તેના.] | | ✓ | ✓ |

**નોંધ :** (1) ચોપડે દર્શાવેલ કોઈ દેવાંની ચૂકવણી અંગે કોઈ સૂચના ન હોય તોપણ પેઢીના વિસર્જન સમયે દેવાં ચોપડે કિંમતે ચૂકવેલ છે તેમ સમજી આમનોંધ કરવામાં આવે છે.

**(C) ચોપડે નહિ નોંધાયેલ દેવું ચૂકવવામાં આવે ત્યારે :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે રોકડ / બૅન્ક ખાતે<br>[બા.જે. : નહિ નોંધાયેલ જવાબદારીના ચૂકવ્યા.] | | ✓ | ✓ |

**(6) ભાગીદારી પેઢીનો વિસર્જન-ખર્ચ ચૂકવવામાં આવે :**

ભાગીદારી પેઢીનો વિસર્જન-ખર્ચ સામાન્ય રીતે પેઢીએ ભોગવવાનો હોય છે. પેઢીના વિસર્જન-ખર્ચની હિસાબી અસર નીચેના વિવિધ સંજોગો પ્રમાણે આપી શકાય :

**(A) વિસર્જન-ખર્ચ પેઢી ચૂકવે અને પેઢીએ ભોગવવાનો હોય ત્યારે :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે રોકડ / બૅન્ક ખાતે<br>[બા.જે. : વિસર્જન-ખર્ચ ચૂકવ્યો તેના.] | | ✓ | <br>✓ |

**(B) કોઈ ભાગીદાર જવાબદારી સ્વીકારે ત્યારે :**

**(i)** જો વિસર્જન-ખર્ચ કોઈ ભાગીદારે ભોગવવાનો હોય અને તે વિસર્જન-ખર્ચની ચૂકવણી કરે ત્યારે પેઢીના ચોપડે તે અંગે કોઈ નોંધ કરવાની રહેતી નથી.

પરંતુ આવી વિસર્જનની કાર્યવાહીની જવાબદારી સ્વીકારવા અંગે પેઢીએ જે-તે ભાગીદારને તેના મહેનતાણાંની રકમ ચૂકવવાની હોય ત્યારે આમનોંધ નીચે પ્રમાણે થાય :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે જે-તે ભાગીદારના મૂડી ખાતે<br>[બા.જે. : ભાગીદારને વિસર્જન કાર્યવાહી કરવા માટે મહેનતાણાંની રકમ ચૂકવવાની થઈ તેના.] | | ✓ | <br>✓ |

**(ii)** જે ભાગીદારની જવાબદારી હોય, તે ભાગીદારે કરેલ વિસર્જન-ખર્ચની ચૂકવણી પેઢીએ કરેલ હોય, તો તેની આમનોંધ આ પ્રમાણે થાય :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | જે-તે ભાગીદારના મૂડી ખાતે ઉ<br>તે રોકડ / બૅન્ક ખાતે<br>[બા.જે. : પેઢીએ વિસર્જન-ખર્ચની ચૂકવણી ભાગીદાર વતી કરી તેના.] | | ✓ | <br>✓ |

**(7) ભાગીદારની લોન ચૂકવાય ત્યારે :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ભાગીદારની લોન ખાતે ઉ<br>તે બૅન્ક / રોકડ ખાતે<br>[બા.જે. : ભાગીદારની લોન ચૂકવી તેના.] | | ✓ | <br>✓ |

**(8) માલ-મિલકત નિકાલ ખાતાની બાકીની વહેંચણી :**

માલ-મિલકત નિકાલ ખાતાની બાકી નફાનાં કે નુકસાનનાં સ્વરૂપે હોય છે. આ નફો કે નુકસાન ભાગીદારના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેમના ચાલુ ખાતે અથવા મૂડી ખાતે લઈ જવામાં આવે છે.

(A) નફો હોય ત્યારે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે ભાગીદારોના ચાલુ / મૂડી ખાતે<br>[બા.જે. : માલ-મિલકત નિકાલ ખાતાના નફાની વહેંચણી ભાગીદારોનાં ચાલુ/મૂડી ખાતે કરી તેના.] | | ✓ | ✓ |

(B) નુકસાન હોય ત્યારે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ભાગીદારના ચાલુ / મૂડી ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : માલ-મિલકત નિકાલ ખાતાની ખોટની વહેંચણી ભાગીદારોના ચાલુ/મૂડી ખાતે કરી તેના.] | | ✓ | ✓ |

(9) ભાગીદારોનાં ચાલુ ખાતાં બંધ કરવામાં આવે ત્યારે :

વિસર્જન સમયે ભાગીદારોનાં ચાલુ ખાતાં બંધ કરી મૂડી ખાતે લઈ જવામાં આવે છે :

(i) ચાલુ ખાતાની જમા બાકી હોય ત્યારે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ભાગીદારના ચાલુ ખાતે ઉ<br>તે ભાગીદારોનાં મૂડી ખાતે<br>[બા.જે. : ભાગીદારોના ચાલુ ખાતાની બાકી મૂડી ખાતે લઈ ગયા તેના.] | | ✓ | ✓ |

(ii) ચાલુ ખાતાની ઉધાર બાકી હોય ત્યારે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ભાગીદારોનાં મૂડી ખાતે ઉ<br>તે ભાગીદારોનાં ચાલુ ખાતે<br>[બા.જે. : ભાગીદારોના ચાલુ ખાતાની બાકી મૂડી ખાતે લઈ ગયા તેના.] | | ✓ | ✓ |

(10) ભાગીદારોનાં મૂડી ખાતાં બંધ કરવામાં આવે ત્યારે :

(i) કોઈ ભાગીદારની આખરની ઉધાર બાકી હોય અને તે પેટે જરૂરી રકમ લાવે ત્યારે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | બૅન્ક/રોકડ ખાતે ઉ<br>તે ભાગીદારના મૂડી ખાતે<br>[બા.જે. : ભાગીદાર તેના મૂડી ખાતે ઉધાર બાકીની રકમ રોકડમાં લાવ્યા તેના.] | | ✓ | ✓ |

**(ii) ભાગીદારના મૂડી ખાતાની આખરની જમા બાકી હોય અને તે રકમ તેને ચૂકવવામાં આવે ત્યારે :**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | ભાગીદારના મૂડી ખાતે ઉ<br>તે બૅન્ક/રોકડ ખાતે<br>[બા.જે. : ભાગીદારોને મૂડીની જમા બાકીની રકમ ચૂકવી તેના.] | | ✓ | <br>✓ |

**નોંધ :** ભાગીદારી પેઢીના વિસર્જનની ઉપર પ્રમાણેની હિસાબી અસરો આપ્યા પછી બધાં જ ખાતાં બંધ થશે.

**(11) કેટલાક વિશિષ્ટ વ્યવહારોની હિસાબી અસર :**

**(i) ચોપડે નહિ નોંધાયેલ મિલકત કોઈ ચોપડે નોંધાયેલ લેણદારને તેનાં લેણાં પેટે આપવામાં આવે :**

આવા સંજોગોમાં લેણદારોની કુલ રકમમાંથી તેવી મિલકતની ગણેલ કિંમત બાદ કરતાં લેણદારોની બાકીની રકમ જ ચૂકવવાની થાય. દા.ત., કુલ લેણદારો ₹ 90,000ના છે. ચોપડે નહિ નોંધાયેલ મિલકત એક ચોપડે નોંધાયેલ લેણદારને ₹ 50,000ની કિંમતે તેનાં લેણાં પેટે આપવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કુલ લેણદારો | ₹ | 90,000 |
| **બાદ :** લેણદારને ચોપડે નહિ નોંધાયેલ મિલકતની ગણેલ કિંમત | ₹ | 50,000 |
| બાકીના લેણદારોને ચૂકવાશે. | ₹ | 40,000 |

જે અંગેની આમનોંધ આ પ્રમાણે થાય :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે બૅન્ક/રોકડ ખાતે<br>[બા.જે. : લેણદારને ચૂકવ્યા તેના.] | | 40,000 | <br>40,000 |

**(ii) ચોપડે નહિ નોંધાયેલ દેવાં સામે આંશિક ચૂકવણી પેટે ચોપડે નહિ નોંધાયેલ મિલકત આપવામાં આવે ત્યારે :**

દા.ત., અમૂલને ચૂકવવાના ₹ 40,000 ચોપડે નોંધાયેલ નથી. તેને ₹ 20,000ની ચોપડે નહિ નોંધાયેલ મિલકત આપવામાં આવી અને બાકીની રકમ ચેકથી ચૂકવી.

| | | |
|---|---|---|
| | ₹ 40,000 | ચોપડે નહિ નોંધાયેલ ચૂકવવાપાત્ર છે. |
| – | ₹ 20,000 | ચોપડે નહિ નોંધાયેલ મિલકત આપવામાં આવે છે. |
| | ₹ 20,000 | ચૂકવવાપાત્ર રકમ |

આ સંજોગોમાં ફક્ત ચૂકવેલ રકમની નોંધ આ પ્રમાણે થાય :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે બૅન્ક ખાતે<br>[બા.જે. : ચોપડે નહિ નોંધાયેલ લેણદારને ચૂકવ્યા તેના.] | | 20,000 | <br>20,000 |

## માલ-મિલકત નિકાલ ખાતાનો નમૂનો

## માલ-મિલકત નિકાલ ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **પરચૂરણ મિલકતો ખાતે :** | | **આમનોંધ નં.** | **જોગવાઈઓ ખાતે :** | | **આમનોંધ નં.** |
| જમીન-મકાન | ✓ | | ઘાલખાધ અનામત | ✓ | |
| પ્લાન્ટ-યંત્રો | ✓ | | ઘસારા ફંડ | ✓ | 3(A) |
| ફર્નિચર | ✓ | (2) | દેવાદાર-લેણીહૂંડી વટાવ અનામત | ✓ | ✓ |
| રોકાણો | ✓ | | **પરચૂરણ દેવાં ખાતે :** | | |
| દેવાદારો | ✓ | | લેણદારો | ✓ | |
| લેણીહૂંડી | ✓ | | દેવીહૂંડી | ✓ | |
| અન્ય મિલકતો | ✓ | ✓ | બૅન્ક ઓવરડ્રાફ્ટ | ✓ | 3(B) |
| રોકડ/બૅન્ક ખાતે | | | કારીગર નફા-ભાગ ભંડોળ | ✓ | |
| (દેવાની ચૂકવણી) | | 5(A) | ચૂકવવાના બાકી ખર્ચા | ✓ | ✓ |
| ભાગીદારના મૂડી ખાતે | | | રોકડ/બૅન્ક ખાતે | | |
| (ભાગીદારે સ્વીકારેલ દેવા) | | 5(B) | (મિલકતોનું વેચાણ) | | 4(A) |
| રોકડ/બૅન્ક ખાતે | | | ભાગીદારના મૂડી ખાતે | | |
| (નહિ નોંધાયેલ જવાબદારીની ચૂકવણી) | | 5(C) | (ભાગીદારે લીધેલ મિલકત) | | 4(B) |
| રોકડ/બૅન્ક ખાતે | | | રોકડ/બૅન્ક ખાતે | | |
| (વિસર્જન ખર્ચની ચૂકવણી) | | 6(A) | (નહિ નોંધાયેલ મિલકતનું વેચાણ) | | 4(C) |
| ભાગીદારના મૂડી ખાતે | | | ભાગીદારોનાં ચાલુ/મૂડી ખાતે | | |
| (ભાગીદારનું મહેનતાણું) | | 6(B)(ii) | (માલ-મિલકત નિકાલ ખાતાની ખોટની વહેંચણી) | | 8(B) |
| ભાગીદારોનાં ચાલુ/મૂડી ખાતે | | | | | |
| (માલ-મિલકત નિકાલ ખાતાનાં નફાની વહેંચણી) | | 8(A) | | | |
| | | ....... | | | ....... |

**ઉદાહરણ 1 :** નીચેના વ્યવહારોની આમનોંધ લખો :

(1) વિસર્જન વખતે પાકા સરવૈયામાં જમીન-મકાનનાં ₹ 1,00,000 અને રોકાણો ₹ 50,000 બતાવેલ છે, તેના અનુક્રમે ₹ 80,000 અને ₹ 60,000 ઊપજ્યા.

**જવાબ :** **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ | | 1,50,000 | |
| | તે જમીન-મકાન ખાતે | | | 1,00,000 |
| | તે રોકાણો ખાતે | | | 50,000 |
| | [બા.જે. : વિસર્જન વખતે જમીન-મકાન અને રોકાણોનું ખાતું બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 2 | રોકડ/બૅન્ક ખાતે | ઉ | | 1,40,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | | 1,40,000 |
| | [બા.જે. : વિસર્જન વખતે જમીન-મકાન અને રોકાણો વેચાણના ઊપજ્યા તેના.] | | | | |

(2) વિસર્જન વખતે પેઢીની કુલ મિલકતો ₹ 4,00,000 છે. જે પૈકી ચાલુ મિલકતો 40 % છે. જેમાં રોકડનો ₹ 20,000નો સમાવેશ થાય છે. સ્થિર મિલકતોના 120 % રકમ ઊપજી, જ્યારે ચાલુ મિલકતોની 80 % રકમ ઊપજી.

**જવાબ : સમજૂતી :**

**મિલકતો ₹ 4,00,000**

ચાલુ મિલકતો 40 %
₹ 1,60,000

રોકડ ₹ 20,000

અન્ય ચાલુ મિલકતો (?)
₹ 1,40,000
× 80 %
₹ 1,12,000 ઉપજ્યા

સ્થિર મિલકતો (?) 60 %
₹ 2,40,000
× 120 %
₹ 2,88,000 ઉપજ્યા

**આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે | ઉ | | 3,80,000 | |
| | તે સ્થિર મિલકતો ખાતે | | | | 2,40,000 |
| | તે ચાલુ મિલકતો ખાતે | | | | 1,40,000 |
| | [બા.જે. : મિલકતોનાં ખાતાં બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા.] | | | | |
| 2 | રોકડ/બૅન્ક ખાતે | ઉ | | 4,00,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | | 4,00,000 |
| | [બા.જે. : સ્થિર મિલકતોના ₹ 2,88,000 અને ચાલુ મિલકતોના ₹ 1,12,000 ઊપજ્યા તેના.] | | | | |

(3) પેઢીના વિસર્જન સમયે યંત્રોની ચોપડે કિંમત ₹ 70,000 છે. એક ભાગીદાર તે ₹ 78,000માં લઈ જાય છે.

**જવાબ :**

**આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે | ઉ | | 70,000 | |
| | તે યંત્રો ખાતે | | | | 70,000 |
| | [બા.જે. : વિસર્જન સમયે યંત્રનું ખાતું બંધ કરી માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | | | |

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 2 | ભાગીદારના મૂડી ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : વિસર્જન સમયે ₹ 78,000 ભાગીદાર યંત્ર લઈ ગયા તેના.] | | 78,000 | 78,000 |

(4) પેઢીનો વિસર્જન-ખર્ચ ₹ 20,000 થયો.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે રોકડ/બૅન્ક ખાતે<br>[બા.જે. : વિસર્જન-ખર્ચના ચૂકવ્યા તેના.] | | 20,000 | 20,000 |

(5) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે ચોપડે નીચેની મિલકતો છે :

| | | | |
|---|---|---|---|
| મકાન | ₹ 2,00,000 | ફર્નિચર | ₹ 40,000 |
| પાઘડી | ₹ 20,000 | યંત્રો | ₹ 30,000 |

મકાનના ₹ 2,20,000; ફર્નિચરના ₹ 50,000 અને યંત્રોની ચોપડે કિંમત ઊપજે છે. પાઘડીની કોઈ કિંમત ઊપજતી નથી. આમનોંધ લખો.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે મકાન ખાતે<br>તે ફર્નિચર ખાતે<br>તે પાઘડી ખાતે<br>તે યંત્રો ખાતે<br>[બા.જે. : પેઢીનું વિસર્જન થતાં મિલકતો માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | 2,90,000 | 2,00,000<br>40,000<br>20,000<br>30,000 |
| 2 | રોકડ/બૅન્ક ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : મકાનના ₹ 2,20,000; ફર્નિચરના ₹ 50,000 અને યંત્રોના ₹ 30,000 ઊપજ્યા તેના.] | | 3,00,000 | 3,00,000 |

(6) ભૂતકાળમાં માંડી વાળેલ ઘાલખાધ ₹ 12,000 પૈકી ₹ 10,000 પરત મળ્યાં :

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | રોકડ/બૅન્ક ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : ઘાલખાધના પરત મળ્યા તેના.] | | 10,000 | 10,000 |

(7) એક પેઢીના ચોપડે પાઘડી દર્શાવેલ નથી, પરંતુ વિસર્જન સમયે તેના વેચાણના ₹ 35,000 ઊપજ્યા.

**જવાબ :** **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | રોકડ/બૅન્ક ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : પાઘડી વેચાણના ઊપજ્યા તેના.] | | 35,000 | 35,000 |

(8) એક ભાગીદાર નરેશ ₹ 30,000 દેવીહૂંડી ચૂકવવાનું સ્વીકારે છે.

**જવાબ :** **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | દેવીહૂંડી ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : દેવીહૂંડી ખાતું બંધ કર્યું તેના.] | | 30,000 | 30,000 |
| 2 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે નરેશના મૂડી ખાતે<br>[બા.જે. : ભાગીદાર નરેશે દેવીહૂંડી ચૂકવવાનું સ્વીકાર્યું તેના.] | | 30,000 | 30,000 |

(9) પેઢીના વિસર્જન સમયે દેવાદારે ₹ 80,000 અને લેણદારો ₹ 40,000 છે. ભાગીદાર પ્રતીક 20 % ઓછી કિંમતે દેવાદારો લઈ લેણદારોને ચૂકવે છે.

**જવાબ :** **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે દેવાદારો ખાતે<br>[બા.જે. : દેવાદારોના ખાતા માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | 80,000 | 80,000 |
| 2 | લેણદારો ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : લેણદારોનાં ખાતાં માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | 40,000 | 40,000 |
| 3 | પ્રતીકના ચાલુ/મૂડી ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : પ્રતીક ભાગીદાર 20 % ઓછી કિંમતે દેવાદાર લઈ ગયા તેના.] | | 64,000 | 64,000 |
| 4 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે પ્રતીકના ચાલુ/મૂડી ખાતે<br>[બા.જે. : પ્રતીક લેણદારોને રકમ ચૂકવે છે તેના.] | | 40,000 | 40,000 |

(10) ભાગીદાર વિજય પેઢીના વિસર્જનની કાર્યવાહી કરવાની જવાબદારી સ્વીકારે છે. તેના બદલામાં તેને મહેનતાણાં તરીકે પેઢીએ ₹ 12,000 ચૂકવવાનું નક્કી કર્યું છે. પેઢીએ તેને ખર્ચ પેટે ₹ 6000 ચૂકવ્યા.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે વિજયના મૂડી ખાતે<br>[બા.જે. : વિસર્જન-ખર્ચના ભાગીદાર વિજયને ચૂકવવાના થયા તેના.] | | 12,000 | 12,000 |
| 2 | વિજયના મૂડી ખાતે ઉ<br>તે રોકડ/બૅન્ક ખાતે<br>[બા.જે. : વિજયને વિસર્જન ખર્ચની જવાબદારી પેટે ચૂકવ્યા તેના.] | | 6000 | 6000 |

(11) ભાગીદારી પેઢીના આવકવેરાની જવાબદારી ₹ 35,000 ચૂકવવાની થઈ, જે ચોપડે નોંધેલ નથી.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ<br>તે રોકડ/બૅન્ક ખાતે<br>[બા.જે. : આવકવેરાના નહિ નોંધાયેલ ચૂકવી આપ્યા તેના.] | | 35,000 | 35,000 |

(12) વિસર્જન વખતે પેઢીનાં તમામ દેવાં, ભાગીદારની લોન ચૂકવ્યા પછી મિલકતોનો વધારો ₹ 60,000 છે. S, B અને I ભાગીદારોનું નફા-નુકસાન વહેંચણીનું પ્રમાણ 4:3:3 છે.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ | | 60,000 | |
| | તે Sના ચાલુ / મૂડી ખાતે | | | 24,000 |
| | તે Bના ચાલુ / મૂડી ખાતે | | | 18,000 |
| | તે Iના ચાલુ / મૂડી ખાતે | | | 18,000 |
| | [બા.જે. : મિલકતોનો વધારો ભાગીદારોનાં ચાલુ / મૂડી ખાતે 4:3:3ના પ્રમાણમાં વહેંચી આપ્યો તેના.] | | | |

(13) વિસર્જન સમયે નહિ નોંધાયેલ યંત્રના ₹ 25,000 ઊપજ્યા.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | રોકડ ખાતે ઉ<br>તે માલ-મિલકત નિકાલ ખાતે<br>[બા.જે. : નહિ નોંધાયેલ યંત્ર વેચતાં નાણાં મળ્યાં તેના.] | | 25,000 | 25,000 |

(14) ચોપડે નહિ નોંધાયેલ ફર્નિચર ₹ 20,000 મહેશ લેણદારને ₹ 35,000 પૈકી આપ્યું. બાકીનાં નાણાં રોકડ ચૂકવ્યાં.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ | | 15,000 | |
| | તે રોકડ / બૅન્ક ખાતે | | | 15,000 |
| | [બા.જે. : મહેશ લેણદારને ₹ 35,000નાં દેવાં પેટે નહિ નોંધાયેલ ₹ 20,000 ફર્નિચર આપ્યું. બાકીના ₹ 15,000 રોકડ ચૂકવ્યા તેના.] | | | |

(15) એક ભાગીદાર તેના શ્રીમતીજીની પેઢીને આપેલ લોન ₹ 40,000 ચૂકવવાનું સ્વીકારે છે.

જવાબ : **આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| 1 | શ્રીમતીજીની લોન ખાતે ઉ | | 40,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | 40,000 |
| | [બા.જે. : શ્રીમતીજીની લોન ખાતું બંધ કર્યું તેના.] | | | |
| 2 | માલ-મિલકત નિકાલ ખાતે ઉ | | 40,000 | |
| | તે જે-તે ભાગીદારના મૂડી ખાતે | | | 40,000 |
| | [બા.જે. : ભાગીદારે શ્રીમતીજીની લોન ચૂકવવાનું સ્વીકાર્યું.] | | | |

**નોંધ :** પ્રશ્નપત્રની રચના વખતે : (1) પ્રશ્નપત્રમાં આમનોંધ અને માલમિલકત નિકાલ ખાતું તૈયાર કરવાનું હોય તો વધુમાં વધુ 10 હવાલા મૂકી શકાય. (2) પ્રશ્નપત્રમાં આમનોંધ, જરૂરી ખાતાં અને પાકું સરવૈયું તૈયાર કરવાનાં હોય તો વધુમાં વધુ 5 હવાલા પ્રશ્નમાં મૂકવા.

**ઉદાહરણ 2 :** તુષાર અને દીપક 4:2ના પ્રમાણથી નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે, તેમની પેઢીનું તા. 31-3-2016ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે આપેલ છે :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી ખાતાં :** | | | જમીન-મકાન | | 67,000 |
| તુષાર | 68,000 | | યંત્રો | | 70,000 |
| દીપક | 49,000 | 1,17,000 | સ્ટૉક | | 22,000 |
| સામાન્ય અનામત | | 6000 | દેવાદારો | 16,000 | |
| લેણદારો | | 80,000 | − ઘાલખાધ અનામત | 1000 | 15,000 |
| તુષારની લોન | | 42,000 | રોકડ સિલક | | 71,000 |
| | | **2,45,000** | | | **2,45,000** |

તા. 31-3-2016ના રોજ પેઢીનું વિસર્જન થયું. તમને નીચેની માહિતી આપવામાં આવે છે :

(1) જમીન-મકાનનાં ₹ 93,000 ઊપજ્યાં.

(2) તુષારે યંત્રો ₹ 76,000માં લીધાં.

(3) સ્ટૉકના ₹ 12,000 ઊપજ્યાં.

(4) દેવાદારો પાસેથી ₹ 15,000 વસૂલ થયાં.

(5) વિસર્જન-ખર્ચ ₹ 10,000 થયો.

પેઢીના ચોપડે જરૂરી આમનોંધ લખી, જરૂરી ખાતાં તૈયાર કરો.

જવાબ :

**આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 1 | માલ-મિલકત નિકાલ ખાતે | ઉ | | 1,75,000 | |
| | તે જમીન-મકાન ખાતે | | | | 67,000 |
| | તે યંત્રો ખાતે | | | | 70,000 |
| | તે સ્ટૉક ખાતે | | | | 22,000 |
| | તે દેવાદારો ખાતે | | | | 16,000 |
| | [બા.જે. : જે-તે મિલકતો ચોપડે કિંમતે માલ-મિલકત નિકાલ ખાતે લઈ જઈ મિલકતોનાં ખાતાં બંધ કર્યાં તેના.] | | | | |
| 2 | લેણદારો ખાતે | ઉ | | 80,000 | |
| | ઘાલખાધ અનામત ખાતે | ઉ | | 1000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | | 81,000 |
| | [બા.જે. : વિસર્જન થતાં દેવાં અને જોગવાઈઓનાં ખાતાં માલ-મિલકત નિકાલ ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 3 | સામાન્ય અનામત ખાતે | ઉ | | 6000 | |
| | તે તુષારના મૂડી ખાતે | | | | 4000 |
| | તે દીપકના મૂડી ખાતે | | | | 2000 |
| | [બા.જે. : સામાન્ય અનામતની રકમ નફા-નુકસાનની વહેંચણીના પ્રમાણમાં ભાગીદારોનાં મૂડી ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 4 | રોકડ/બૅન્ક ખાતે | ઉ | | 1,20,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | | 1,20,000 |
| | [બા.જે. : જે-તે મિલકતોની ઊપજેલી રકમની અસર આપી તેના. (જમીન-મકાન 93,000 + સ્ટૉક 12,000 + દેવાદારો 15,000)] | | | | |
| 5 | તુષારના મૂડી ખાતે | ઉ | | 76,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | | 76,000 |
| | [બા.જે. : તુષારે લીધેલાં યંત્રો તેના મૂડી ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 6 | માલ-મિલકત નિકાલ ખાતે | ઉ | | 80,000 | |
| | તે બૅન્ક/રોકડ ખાતે | | | | 80,000 |
| | [બા.જે. : લેણદારોને ₹ 80,000 ચૂકવ્યા તેના.] | | | | |

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|---|
| 7 | માલ-મિલકત નિકાલ ખાતે | ઉ | | 10,000 | |
| | તે રોકડ/બૅન્ક ખાતે | | | | 10,000 |
| | [બા.જે. : વિસર્જન-ખર્ચના ચૂકવ્યા તેના.] | | | | |
| 8 | તુષારની લોન ખાતે | ઉ | | 42,000 | |
| | તે રોકડ/બૅન્ક ખાતે | | | | 42,000 |
| | [બા.જે. : તુષારની લોન ચૂકવી તેનાં.] | | | | |
| 9 | માલ-મિલકત નિકાલ ખાતે | ઉ | | 12,000 | |
| | તે તુષારના મૂડી ખાતે | | | | 8000 |
| | તે દીપકના મૂડી ખાતે | | | | 4000 |
| | [બા.જે. : માલ-મિલકત નિકાલ ખાતાનો નફો નફા-નુકસાનના વહેંચણીના પ્રમાણમાં ભાગીદારોનાં મૂડી ખાતે લઈ ગયા તેના.] | | | | |
| 10 | તુષારના મૂડી ખાતે | ઉ | | 4000 | |
| | દીપકના મૂડી ખાતે | ઉ | | 55,000 | |
| | તે રોકડ/બૅન્ક ખાતે | | | | 59,000 |
| | [બા.જે. : મૂડી ખાતાની છેવટની બાકી ચૂકવી તેના.] | | | | |

**માલ-મિલકત નિકાલ ખાતું**

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **પરચૂરણ મિલકતો ખાતે :** | | | **પરચૂરણ દેવાં ખાતે :** | | |
| જમીન-મકાન | 67,000 | | લેણદારો | 80,000 | |
| યંત્રો | 70,000 | | ઘાલખાધ અનામત | 1000 | 81,000 |
| સ્ટૉક | 22,000 | | **રોકડ ખાતે :** | | |
| દેવાદારો | 16,000 | 1,75,000 | જમીન-મકાન | 93,000 | |
| **રોકડ ખાતે :** | | | સ્ટૉક | 12,000 | |
| લેણદારો | | 80,000 | દેવાદારો | 15,000 | 1,20,000 |
| વિસર્જન ખર્ચ | | 10,000 | તુષારના મૂડી ખાતે (યંત્રો) | | 76,000 |
| **મૂડી ખાતે (નફો) :** | | | | | |
| તુષાર | 8000 | | | | |
| દીપક | 4000 | 12,000 | | | |
| | | **2,77,000** | | | **2,77,000** |

## તુષારની લોનનું ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| રોકડ ખાતે | 42,000 | બાકી આગળ લાવ્યા | 42,000 |
| | **42,000** | | **42,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | તુષાર (₹) | દીપક (₹) | વિગત | તુષાર (₹) | દીપક (₹) |
|---|---|---|---|---|---|
| માલ-મિલકત નિકાલ ખાતે (યંત્રો) | 76,000 | – | બાકી આગળ લાવ્યા | 68,000 | 49,000 |
| રોકડ/બૅન્ક ખાતે | 4000 | 55,000 | સામાન્ય અનામત | 4000 | 2000 |
| | | | માલ-મિલકત નિકાલ ખાતે (નફો) | 8000 | 4000 |
| | **80,000** | **55,000** | | **80,000** | **55,000** |

## રોકડ / બૅન્ક ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | | 71,000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| **માલ-મિલકત નિકાલ ખાતે :** | | | લેણદારો | 80,000 | |
| જમીન-મકાન | 93,000 | | વિસર્જન ખર્ચ | 10,000 | 90,000 |
| દેવાદારો | 15,000 | | તુષારની લોન | | 42,000 |
| સ્ટૉક | 12,000 | 1,20,000 | **મૂડી ખાતે :** | | |
| | | | તુષાર | 4000 | |
| | | | દીપક | 55,000 | 59,000 |
| | | **1,91,000** | | | **1,91,000** |

**માલ-મિલકત નિકાલ ખાતું તૈયાર કરવાની બીજી પદ્ધતિ :**

ભાગીદારી પેઢીનું વિસર્જન થયા પછી મિલકતોનો નિકાલ કરતાં અને જવાબદારીઓ (દેવાં) ચૂકવતાં ઘણો સમય નીકળી જાય છે. આ પદ્ધતિમાં મિલકતો અને જવાબદારીઓ માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવામાં આવતાં નથી પણ મિલકતો અને દેવાંનાં ખાતાં ચાલુ રાખવામાં આવે છે. જે-તે મિલકત અને જે-તે જવાબદારીનાં ખાતા ખોલવામાં આવે છે.

પરિણામે, (i) મિલકતની ઊપજતી રકમ જે-તે મિલકત ખાતે જમા કરી મિલકત ખાતાની બાકી (નફો કે ખોટ); (ii) તેમજ જવાબદારીઓ(દેવાં)ની ચૂકવણી વખતે ચૂકવાતી રકમ તે દેવાં ખાતે ઉધારી તે ખાતાની છેવટની બાકી (નફો કે ખોટ) 'માલ-મિલકત નિકાલ ખાતે' લઈ જવામાં આવે છે.

વિસર્જન-ખર્ચ માલ-મિલકત નિકાલ ખાતે ઉધારાય છે. અંતે માલ-મિલકત નિકાલ ખાતું ઉપર પ્રમાણેની અસરો આપીને, ખાતાની બાકી (નફો કે ખોટ) ભાગીદારોના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેમના મૂડી કે ચાલુ ખાતે લઈ જવામાં આવે છે.

**ઉદાહરણ 3 :** જાહ્નવી, યેશા અને જ્વલિત 5:3:2ના પ્રમાણથી નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-3-2016ના રોજ પેઢીનું વિસર્જન થયું. તે દિવસે તેમના ધંધાની સ્થિતિ નીચે પ્રમાણે હતી :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પરચૂરણ મિલકતો | 1,48,000 |
| જાહ્નવી | 50,000 | | રોકડ સિલક | 2000 |
| યેશા | 30,000 | | | |
| જ્વલિત | 20,000 | 1,00,000 | | |
| પરચૂરણ દેવાં | | 50,000 | | |
| | | **1,50,000** | | **1,50,000** |

(1) પરચૂરણ મિલકતોના ₹ 1,58,000 ઊપજ્યા. (2) દેવું 10 % વટાવે ચૂકવ્યું. (3) પેઢીનાં છેલ્લાં બે વર્ષના સરકારી કરવેરા ₹ 3000 ચૂકવ્યાં. જે ચોપડે નોંધાયેલ નથી. (4) વિસર્જન-ખર્ચ ₹ 2000 થયો.

માલ-મિલકત નિકાલ ખાતું બીજી પદ્ધતિએ તૈયાર કરો.

**નોંધ :** માલ-મિલકત નિકાલ ખાતાની બીજી રીત સૈદ્ધાંતિક તેમજ વ્યવહારિક રીતે પરીક્ષામાં અપેક્ષિત નથી. આ રીત જાણકારી માટે આપેલ છે.

**જવાબ :**

**માલ-મિલકત નિકાલ ખાતું**

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **રોકડ ખાતે :** | | | પરચૂરણ મિલકતો ખાતે | 10,000 |
| સરકારી-કરવેરા | | 3000 | પરચૂરણ લેણદારો ખાતે | 5000 |
| વિસર્જન-ખર્ચ | | 2000 | | |
| **મૂડી ખાતે :** | | | | |
| જાહ્નવી | 5000 | | | |
| યેશા | 3000 | | | |
| જ્વલિત | 2000 | 10,000 | | |
| | | **15,000** | | **15,000** |

**પરચૂરણ મિલકત ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1,48,000 | રોકડ ખાતે | 1,58,000 |
| માલ-મિલકત નિકાલ ખાતે (નફો) | 10,000 | | |
| | **1,58,000** | | **1,58,000** |

**પરચૂરણ દેવાંનું ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| રોકડ ખાતે | 45,000 | બાકી આગળ લાવ્યા | 50,000 |
| માલ-મિલકત નિકાલ ખાતે | 5000 | | |
| | **50,000** | | **50,000** |

### રોકડ ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 2000 | પરચૂરણ દેવાં ખાતે | | 45,000 |
| પરચૂરણ મિલકતો ખાતે | 1,58,000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| | | સરકારી-કરવેરા | 3000 | |
| | | વિસર્જન-ખર્ચ | 2000 | 5000 |
| | | મૂડી ખાતે : | | |
| | | જાહ્નવી | 55,000 | |
| | | યેશા | 33,000 | |
| | | જ્વલિત | 22,000 | 1,10,000 |
| | **1,60,000** | | | **1,60,000** |

### ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | જાહ્નવી(₹) | યેશા (₹) | જ્વલિત(₹) | વિગત | જાહ્નવી(₹) | યેશા (₹) | જ્વલિત(₹) |
|---|---|---|---|---|---|---|---|
| રોકડ ખાતે | 55,000 | 33,000 | 22,000 | બાકી આગળ લાવ્યા | 50,000 | 30,000 | 20,000 |
| | | | | મા.મિ.નિકાલ ખાતે | 5000 | 3000 | 2000 |
| | **55,000** | **33,000** | **22,000** | | **55,000** | **33,000** | **22,000** |

**સમજૂતી :**

(1) પરચૂરણ મિલકતોનું ખાતું અને પરચૂરણ લેણદારોનું ખાતું માલ-મિલકત નિકાલ ખાતે ન લઈ જતાં, ચાલુ રાખી તેની બાકીઓ તે ખાતે લખવામાં આવેલ છે.

(2) પરચૂરણ મિલકતોની ઊપજ ₹ 1,58,000 રોકડ ખાતે ઉધારી પરચૂરણ મિલકતો ખાતે જમા કરવામાં આવેલ છે; અને તે ખાતાની છેવટની બાકી (નફો) ₹ 10,000 માલ-મિલકત નિકાલ ખાતે જમા કરી, પરચૂરણ મિલકતો ખાતે ઉધારી ખાતું બંધ કરવામાં આવેલ છે.

(3) પરચૂરણ દેવાંને ₹ 45,000 ચૂકવ્યાં, તે રકમ પરચૂરણ દેવાં ખાતે ઉધારી રોકડ ખાતે જમા કરવામાં આવેલ છે અને તે ખાતાંની આખરની બાકી (નફો) ₹ 5000 પરચૂરણ દેવાં ખાતે ઉધારી માલ-મિલકત નિકાલ ખાતે જમા કરવામાં આવેલ છે, તેથી પરચૂરણ દેવાનું ખાતું બંધ થાય છે.

(4) સરકારી કરવેરા અને વિસર્જન-ખર્ચ ચોપડે નોંધાયેલ ન હોવાથી તેનાં ખાતાં ખોલ્યા સિવાય માલ-મિલકત નિકાલ ખાતે ઉધારી રોકડ ખાતે જમા કરેલ છે.

(5) માલ-મિલકત નિકાલ ખાતાની છેવટની બાકી (નફો) ₹ 10,000 ભાગીદારોના 5:3:2ના પ્રમાણથી વહેંચી માલ-મિલકત નિકાલ ખાતે ઉધારી મૂડી ખાતે જમા કરતાં ખાતું બંધ કર્યું.

(6) ભાગીદારોની છેવટની બાકી અનુક્રમે ₹ 55,000; ₹ 33,000 અને ₹ 22,000 તેમના મૂડી ખાતે ઉધારી રોકડ ખાતે જમા કરી ચૂકવી આપતાં બધાં જ ખાતાં બંધ થયાં.

**ઉદાહરણ 4 :** વૃષિતા, ધ્યાના અને સપના સરખે હિસ્સે નફો-નુકસાન વહેંચી લેતાં ભાગીદારો છે. ભાગીદારોએ તા. 31-3-2017ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું. તે તારીખનું પેઢીનું પાકું સરવૈયું આપવામાં આવેલ છે.

## તા. 31-3-2017નાં રોજનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પાઘડી | 4000 |
| વૃષિતા | 56,000 | | મકાન | 60,000 |
| ધ્યાના | 40,000 | | ફર્નિચર | 20,000 |
| સપના | 20,000 | 1,16,000 | દેવાદારો | 40,000 |
| ધ્યાનાની લોન | | 8000 | સ્ટૉક | 6000 |
| લેણદારો | | 20,000 | રોકડ સિલક | 6000 |
| દેવીહૂંડી | | 16,000 | નફા-નુકસાન ખાતું (ઉધાર બાકી) | 24,000 |
| | | **1,60,000** | | **1,60,000** |

મિલકતો અને જવાબદારીઓનો નિકાલ નીચે પ્રમાણે કરેલ છે :

(1) વૃષિતા મકાન ₹ 52,000માં લઈ લે છે તેમજ દેવીહૂંડીની રકમ ચૂકવવાનું સ્વીકારે છે.

(2) સપના સ્ટૉક ₹ 8000માં લઈ જાય છે.

(3) ફર્નિચરના ₹ 16,000 ઊપજ્યા.

(4) દેવાદારો પાસેથી ₹ 36,000ની વસૂલાત થઈ.

(5) વિસર્જન-ખર્ચ ₹ 6000 થયો.

(6) ચોપડે નહિ નોંધાયેલ સ્ટેશનરીનું બિલ ₹ 2000 ચૂકવવું પડ્યું.

(7) ભૂતકાળમાં માંડી વાળેલ ₹ 4000 ઘાલખાધ પૈકી ₹ 2000 વસૂલ મળેલ છે.

(8) પાઘડીની કોઈ કિંમત ઊપજતી નથી.

ભાગીદારી કરાર મુજબ કોઈ ભાગીદારના મૂડી ખાતામાં ઘટ આવે (ઋણ બાકી) તો રોકડમાં તરત જ ભરપાઈ કરવાની છે. વિસર્જનના હિસાબો માટે જરૂરી ખાતાં બનાવો.

**જવાબ :**

ઉધાર **માલ-મિલકત નિકાલ ખાતું** જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **પરચૂરણ મિલકતો ખાતે :** | | | **પરચૂરણ દેવાં ખાતે :** | | |
| પાઘડી | 4000 | | લેણદારો | 20,000 | |
| મકાન | 60,000 | | દેવીહૂંડી | 16,000 | 36,000 |
| ફર્નિચર | 20,000 | | વૃષિતાના મૂડી ખાતે (મકાન) | | 52,000 |
| દેવાદારો | 40,000 | | સપનાના મૂડી ખાતે (સ્ટૉક) | | 8000 |
| સ્ટૉક | 6000 | 1,30,000 | **રોકડ ખાતે :** | | |
| **રોકડ ખાતે :** | | | ફર્નિચર | 16,000 | |
| સ્ટેશનરી બિલ | 2000 | | દેવાદારો | 36,000 | |
| વિસર્જન-ખર્ચ | 6000 | | ઘાલખાધ પરત | 2000 | 54,000 |
| લેણદારો | 20,000 | 28,000 | ભાગીદારોનાં મૂડી ખાતે (ખોટ) | | |
| વૃષિતાના મૂડી ખાતે (દેવીહૂંડી) | | 16,000 | વૃષિતા | 8000 | |
| | | | ધ્યાના | 8000 | |
| | | | સપના | 8000 | 24,000 |
| | | **1,74,000** | | | **1,74,000** |

ઉધાર **ધ્યાનાનું લોન ખાતું** જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| રોકડ ખાતે | 8000 | બાકી આગળ લાવ્યા | 8000 |
| | **8000** | | **8000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | વૃષિતા (₹) | ધ્યાના (₹) | સપના (₹) | વિગત | વૃષિતા (₹) | ધ્યાના (₹) | સપના (₹) |
|---|---|---|---|---|---|---|---|
| નફા-નુક. ખાતે (ખોટ) | 8000 | 8000 | 8000 | બાકી આગળ લાવ્યા | 56,000 | 40,000 | 20,000 |
| મા.મિ.નિ.ખાતે (મકાન) | 52,000 | – | – | મા.મિ.નિ. ખાતે | 16,000 | – | – |
| મા.મિ.નિ.ખાતે (સ્ટૉક) | – | – | 8000 | (દેવીહૂંડી) | | | |
| મા.મિ.નિ. ખાતે (ખોટ) | 8000 | 8000 | 8000 | રોકડ ખાતે | – | – | 4000 |
| રોકડ ખાતે | 4000 | 24,000 | – | (ખૂટતી રકમ લાવ્યા) | | | |
| | **72,000** | **40,000** | **24,000** | | **72,000** | **40,000** | **24,000** |

## રોકડ ખાતું

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 6000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| **માલ-મિલકત નિકાલ ખાતે :** | | સ્ટેશનરી બિલ | 2000 | |
| ફર્નિચર ખાતે | 16,000 | વિસર્જન-ખર્ચ | 6000 | 8000 |
| દેવાદારો ખાતે | 36,000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| માલ-મિલકત નિકાલ ખાતે (ઘાલખાધ પરત) | 2000 | લેણદારો ખાતે | | 20,000 |
| સપનાના મૂડી ખાતે | 4000 | ધ્યાનાની લોન | | 8000 |
| | | વૃષિતાના મૂડી ખાતે | | 4000 |
| | | ધ્યાનાના મૂડી ખાતે | | 24,000 |
| | **64,000** | | | **64,000** |

**ઉદાહરણ 5 :** કૌશલ, ક્રિના અને કૃપાંશ 5:3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 30-9-2016ના રોજનું તેમની પેઢીનું પાકું સરવૈયું આ પ્રમાણે છે :

## પાકું સરવૈયું

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | રોકડ | | 20,000 |
| કૌશલ | 50,000 | | કૃપાંશનું ચાલુ ખાતું | | 20,000 |
| ક્રિના | 30,000 | | યંત્રો | | 30,000 |
| કૃપાંશ | 20,000 | 1,00,000 | રોકાણો | | 50,000 |
| **ચાલુ ખાતાં :** | | | પાઘડી | | 20,000 |
| કૌશલ | 20,000 | | સ્ટૉક | | 10,000 |
| ક્રિના | 10,000 | 30,000 | દેવાદારો | 1,20,000 | |
| નફા-નુકસાન ખાતું | | 1,00,000 | – ઘાલખાધ અનામત | 20,000 | 1,00,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 10,000 | જમીન-મકાન | 2,20,000 | |
| કૌશલની લોન | | 50,000 | – ઘસારા ભંડોળ | 20,000 | 2,00,000 |
| લેણદારો | | 2,00,000 | મોટરકાર | 1,30,000 | |
| દેવીહૂંડી | | 60,000 | – ઘસારા ભંડોળ | 30,000 | 1,00,000 |
| | | **5,50,000** | | | **5,50,000** |

ભાગીદારોએ ઉપરની પાકા સરવૈયાની તારીખે પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું :

(1) વિસર્જન-ખર્ચ ₹ 20,000 થયો.

(2) લેણદારોને 10 % વટાવે રકમ ચૂકવી.

(3) આકસ્મિક ખર્ચ ₹ 10,000 ચૂકવવો પડ્યો.

(4) બે વર્ષ પહેલાં માંડી વાળેલ ઘાલખાધ પૈકી ₹ 20,000 રોકડા મળ્યાં.

(5) કૌશલ ₹ 60,000ની કિંમતે રોકાણો લઈ જાય છે.

(6) મિલકતોના નીચે પ્રમાણે ઊપજ્યા : જમીન-મકાન ₹ 2,20,000

મોટરકાર ₹ 80,000

(7) સ્ટૉકની ચોપડે કિંમત ઊપજે છે, પાઘડીની કોઈ રકમ ઊપજતી નથી.

(8) દેવાદારોની અને યંત્રોની પૂરેપૂરી રકમ મળી.

જરૂરી ખાતાં તૈયાર કરો.

**જવાબ :**

**માલ-મિલકત નિકાલ ખાતું**

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **પરચૂરણ મિલકતો ખાતે :** | | | **પરચૂરણ દેવાં ખાતે :** | | |
| પાઘડી | 20,000 | | લેણદારો | 2,00,000 | |
| જમીન-મકાન | 2,20,000 | | દેવીહૂંડી | 60,000 | 2,60,000 |
| મોટરકાર | 1,30,000 | | **અનામતો અને જોગવાઈઓ :** | | |
| યંત્રો | 30,000 | | ઘાલખાધ અનામત | 20,000 | |
| રોકાણો | 50,000 | | જમીન-મકાન | 20,000 | |
| દેવાદારો | 1,20,000 | | મોટરકાર | 30,000 | 70,000 |
| સ્ટૉક | 10,000 | 5,80,000 | **રોકડ ખાતે :** | | |
| **રોકડ ખાતે :** | | | જમીન-મકાન | 2,20,000 | |
| લેણદારો | 1,80,000 | | મોટરકાર | 80,000 | |
| દેવીહૂંડી | 60,000 | | યંત્રો | 30,000 | |
| આકસ્મિક ખર્ચ | 10,000 | | દેવાદારો | 1,20,000 | |
| વિસર્જન-ખર્ચ | 20,000 | 2,70,000 | સ્ટૉક | 10,000 | 4,60,000 |
| **ભાગીદારોનાં ચાલુ ખાતે (નફો)** | | | **રોકડ ખાતે :** | | |
| કૌશલ | 10,000 | | ઘાલખાધ પરત | | 20,000 |
| ક્રિના | 6000 | | કૌશલના ચાલુ ખાતે (રોકાણો) | | 60,000 |
| કૃપાંશ | 4000 | 20,000 | | | |
| | | **8,70,000** | | | **8,70,000** |

**કૌશલનું લોન ખાતું**

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| રોકડા ખાતે | 50,000 | બાકી આગળ લાવ્યા | 50,000 |
| | **50,000** | | **50,000** |

## ભાગીદારોનાં ચાલુ ખાતાં

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | કૌશલ (₹) | ક્રિના (₹) | કૃપાંશ (₹) | વિગત | કૌશલ (₹) | ક્રિના (₹) | કૃપાંશ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | – | – | 20,000 | બાકી આગળ લાવ્યા | 20,000 | 10,000 | – |
| મા.મિ.નિ. ખાતે | | | | નફા-નુકસાન ખાતે | 50,000 | 30,000 | 20,000 |
| (રોકાણો) | 60,000 | – | – | રોકાણ વધઘટ ભંડોળ | 5000 | 3000 | 2000 |
| ભાગીદારોનાં મૂડી | | | | માલ-મિલકત નિકાલ | | | |
| ખાતે | 25,000 | 49,000 | 6000 | ખાતે | 10,000 | 6000 | 4000 |
| | **85,000** | **49,000** | **26,000** | | **85,000** | **49,000** | **26,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | કૌશલ (₹) | ક્રિના (₹) | કૃપાંશ (₹) | વિગત | કૌશલ (₹) | ક્રિના (₹) | કૃપાંશ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| રોકડ ખાતે | 75,000 | 79,000 | 26,000 | બાકી આગળ લાવ્યા | 50,000 | 30,000 | 20,000 |
| | | | | ભાગીદારોનાં ચાલુ | | | |
| | | | | ખાતે | 25,000 | 49,000 | 6000 |
| | **75,000** | **79,000** | **26,000** | | **75,000** | **79,000** | **26,000** |

## રોકડ ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 20,000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| **માલ-મિલકત નિકાલ ખાતે :** | | લેણદારો | | 1,80,000 |
| જમીન-મકાન | 2,20,000 | દેવીહૂંડી | | 60,000 |
| મોટરકાર | 80,000 | આકસ્મિક ખર્ચા | | 10,000 |
| યંત્રો | 30,000 | વિસર્જન-ખર્ચ | | 20,000 |
| દેવાદારો | 1,20,000 | કૌશલની લોન ખાતે | | 50,000 |
| સ્ટૉક | 10,000 | **ભાગીદારોના મૂડી ખાતે :** | | |
| ઘાલખાધ પરત | 20,000 | કૌશલ | 75,000 | |
| | | ક્રિના | 79,000 | |
| | | કૃપાંશ | 26,000 | 1,80,000 |
| | **5,00,000** | | | **5,00,000** |

**સમજૂતી :**

(1) ચોપડે મિલકતો સામેની જોગવાઈઓ (જેવી કે ઘસારા ભંડોળ; ઘાલખાધ અનામત) માલ-મિલકત નિકાલ ખાતે જમા કરી ખાતાં બંધ કર્યાં, તેની અન્ય કોઈ નોંધ કરવાની હોતી નથી.

(2) રોકાણો ₹ 60,000ની કિંમતે કૌશલ લઈ જાય છે, તેથી તેને કૌશલના ચાલુ ખાતે ઉધારી માલ-મિલકત નિકાલ ખાતે જમા દર્શાવેલ છે.

(3) આકસ્મિક ખર્ચ, વિસર્જન-ખર્ચ ધંધાના ખર્ચ ગણાય છે. તેથી માલ-મિલકત નિકાલ ખાતે ઉધારીને રોકડ ખાતે જમા કરવામાં આવેલ છે.

(4) ઘાલખાધ પરત, ચોપડેથી માંડી વાળેલ ઘાલખાધની વસૂલાત હોવાથી, નફો ગણી માલ-મિલકત નિકાલ ખાતે જમા બાજુ નોંધ કરી છે.

**ઉદાહરણ 6 :** અભિષેક, અનિલ અને રાજેશ 2:3:1ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 30-6-2016ના રોજ તેઓએ પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું, તે દિવસની તેમની પેઢીની પરિસ્થિતિ દર્શાવતું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | મશીનરી | | 2,00,000 |
| અભિષેક | 2,00,000 | | પેટન્ટ (અદૃશ્ય મિલકત) | | 2,00,000 |
| અનિલ | 3,00,000 | | પટાની મિલકત | | 1,50,000 |
| રાજેશ | 1,00,000 | 6,00,000 | સ્ટૉક | | 1,90,000 |
| સામાન્ય અનામત | | 60,000 | રોકાણો | | 2,00,000 |
| શ્રીમતી અનિલની લોન | | 1,00,000 | દેવાદારો | 1,60,000 | |
| પ્રાઈમ બૅન્કની લોન | | 2,00,000 | – ઘાલખાધ અનામત | 10,000 | 1,50,000 |
| પટે મિલકતની પરતનિધિ | | 60,000 | રોકડસિલક | | 1,50,000 |
| રોકાણ વધઘટ ભંડોળ | | 30,000 | નફા-નુકસાન ખાતું (ખોટ) | | 60,000 |
| લેણદારો | | 2,50,000 | | | |
| | | **13,00,000** | | | **13,00,000** |

વિસર્જન સમયે મિલકતો અને દેવાંનો નિકાલ નીચે મુજબ કર્યો :

(1) અભિષેક ₹ 1,80,000માં રોકાણો લઈ જાય છે.

(2) અનિલે તેની પત્નીને લોન ચૂકવવાનું સ્વીકાર્યું.

(3) દેવાદારો પાસેથી ₹ 1,50,000 વસૂલ થયાં.

(4) અગાઉ માંડી વાળેલ ઘાલખાધ પૈકી મનહર ₹ 10,000 ચૂકવી ગયો.

(5) બાકીની મિલકતો ₹ 10,80,000માં રોકડેથી વેચી.

(6) રાજેશે ₹ 1,00,000ના લેણદારો ₹ 80,000માં લીધાં અને બાકીના લેણદારોને ₹ 1,00,000 ચૂકવ્યાં. હિસાબ ચૂકતે કર્યો.

(7) ચોપડે નહિ નોંધાયેલ એક મિલકતના યંત્રના ₹ 20,000 ઊપજ્યા.

(8) ચોપડે નહિ નોંધાયેલ એક દેવું ₹ 30,000 ચૂકવી આપ્યું.

(9) વિસર્જન-ખર્ચ ₹ 60,000 થયો. પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતાં તૈયાર કરો.

જવાબ :

## માલ-મિલકત નિકાલ ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **પરચૂરણ મિલકતો ખાતે :** | | | **પરચૂરણ દેવાં ખાતે :** | | |
| મશીનરી | 2,00,000 | | શ્રીમતી અનિલની લોન | 1,00,000 | |
| પેટન્ટ | 2,00,000 | | પ્રાઈમ બૅન્કની લોન | 2,00,000 | |
| પટાની મિલકત | 1,50,000 | | લેણદારો | 2,50,000 | 5,50,000 |
| સ્ટૉક | 1,90,000 | | **અનામતો અને જોગવાઈઓ ખાતે :** | | |
| રોકાણો | 2,00,000 | | પટે મિલકતની પરતનિધિ | 60,000 | |
| દેવાદારો | 1,60,000 | 11,00,000 | ઘાલખાધ અનામત | 10,000 | 70,000 |
| અનિલના મૂડી ખાતે (શ્રીમતી અનિલની લોન) | | 1,00,000 | અભિષેકના મૂડી ખાતે (રોકાણો) | | 1,80,000 |
| રાજેશના મૂડી ખાતે (લેણદારો) | | 80,000 | **રોકડ ખાતે :** | | |
| **રોકડ ખાતે :** | | | દેવાદારો | 1,50,000 | |
| વિસર્જન-ખર્ચ | 60,000 | | પરચૂરણ મિલકતો | 10,80,000 | |
| લેણદારો | 1,00,000 | | નહિ નોંધાયેલ મિલકતની ઊપજ | 20,000 | |
| પ્રાઈમ બૅન્ક લોન | 2,00,000 | | ઘાલખાધ પરત | 10,000 | 12,60,000 |
| નહિ નોંધાયેલું દેવું | 30,000 | 3,90,000 | | | |
| **ભાગીદારોના મૂડી ખાતે : (નફો)** | | | | | |
| અભિષેક | 1,30,000 | | | | |
| અનિલ | 1,95,000 | | | | |
| રાજેશ | 65,000 | 3,90,000 | | | |
| | | **20,60,000** | | | **20,60,000** |

## રોકડ ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | | 1,50,000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| **માલ-મિલકત નિકાલ ખાતે :** | | | વિસર્જન-ખર્ચ | 60,000 | |
| દેવાદારો | 1,50,000 | | લેણદારો | 1,00,000 | |
| ઘાલખાધ પરત | 10,000 | | નહિ નોંધાયેલ દેવું | 30,000 | |
| મિલકતો | 10,80,000 | | પ્રાઈમ બૅન્ક લોન | 2,00,000 | 3,90,000 |
| નહિ નોંધાયેલ મિલકતો | 20,000 | 12,60,000 | **ભાગીદારોના મૂડી ખાતે :** | | |
| | | | અભિષેક | 1,60,000 | |
| | | | અનિલ | 6,10,000 | |
| | | | રાજેશ | 2,50,000 | 10,20,000 |
| | | **14,10,000** | | | **14,10,000** |

### ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | અભિષેક(₹) | અનિલ(₹) | રાજેશ(₹) | વિગત | અભિષેક(₹) | અનિલ(₹) | રાજેશ(₹) |
|---|---|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતું (2:3:1) | 20,000 | 30,000 | 10,000 | બાકી આગળ લાવ્યા | 2,00,000 | 3,00,000 | 1,00,000 |
| માલ-મિલકત નિકાલ ખાતે (રોકાણો) | 1,80,000 | – | – | સામાન્ય અનામત | 20,000 | 30,000 | 10,000 |
| રોકડ ખાતે (પરત) | 1,60,000 | 6,10,000 | 2,50,000 | રોકાણ વધઘટ ભંડોળ | 10,000 | 15,000 | 5000 |
| | | | | મા.મિલ.નિકાલ ખાતે (શ્રીમતી અનિલની લોન) | – | 1,00,000 | – |
| | | | | મા.મિલ.નિકાલ ખાતે (લેણદારો) | – | – | 80,000 |
| | | | | મા.મિલ.નિકાલ ખાતે નફો (2:3:1) | 1,30,000 | 1,95,000 | 65,000 |
| | **3,60,000** | **6,40,000** | **2,60,000** | | **3,60,000** | **6,40,000** | **2,60,000** |

● **ખૂટતી વિગતો શોધવાનાં ઉદાહરણો :**

**શરૂઆતનું પાકું સરવૈયું ન આપેલ હોય ત્યારે :** ભાગીદારી પેઢીનું વિસર્જન થાય છે ત્યારે કેટલીકવાર તે તારીખનું પાકું સરવૈયું દાખલામાં આપવામાં આવેલ હોતું નથી. આવા સમયે કોઈક ખૂટતી વિગત/માહિતી શોધવાની હોય છે. તેથી આપેલ માહિતી પરથી પાકું સરવૈયું તૈયાર કરીને ખૂટતી (તફાવતની રકમ) વિગત શોધવામાં આવશે.

એટલે કે, ભાગીદારી પેઢીના વિસર્જનની તારીખે પાકું સરવૈયું આપેલ ન હોય, ત્યારે પાકું સરવૈયું બનાવ્યા પછી જ દાખલો ગણવો.

**ઉદાહરણ 7 :** દીપક, પરાગ અને પ્રણય $\frac{1}{2} : \frac{1}{3} : \frac{1}{6}$ના પ્રમાણથી નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 31-5-2016ના રોજ તેમની પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું તે દિવસે પાકું સરવૈયું તૈયાર કર્યું નથી, પરંતુ કેટલીક વિગતો તેઓએ નીચે પ્રમાણે આપેલ છે :

(1) પેઢીની કુલ મિલકતો ₹ 20,00,000 છે. જે પૈકી 40 % મિલકતો ચાલુ મિલકતો છે. જેમાં ₹ 1,00,000 રોકડસિલકનો સમાવેશ થાય છે.

(2) કુલ ચાલુ મિલકતોના $\frac{3}{4}$ ભાગ જેટલી જવાબદારીઓ છે, જેમાં કર્મચારી પ્રોવિડન્ટ ફંડ ₹ 2,00,000નો સમાવેશ થતો નથી. વિસર્જન સમયે મિલકતો અને દેવાંનો નિકાલ નીચે પ્રમાણે કરવામાં આવ્યો :

(i) સ્થિર મિલકતોના 120 % રકમ ઊપજી; જ્યારે ચાલુ મિલકતોની 80 % રકમ ઊપજી.

(ii) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ 100 % ચૂકવી આપવામાં આવ્યું.

(iii) અન્ય જવાબદારીઓ 10 % વટાવે ચૂકવી દીધી.

(iv) વિસર્જન-ખર્ચ ₹ 1,00,000 થયો.

ભાગીદારી પેઢીની કુલ મૂડી ભાગીદારોના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચાયેલી છે. જરૂરી ખાતાં તૈયાર કરો.

**જવાબ :** અહીં દાખલામાં વિગતો આપેલ છે. તેના પરથી સૌપ્રથમ પાકું સરવૈયું તૈયાર કરવું પડશે. નફા-નુકસાનનું પ્રમાણ દીપક, પરાગ અને પ્રણય અનુક્રમે $\frac{1}{2} : \frac{1}{3} : \frac{1}{6}$ આપેલ છે. સામાન્ય લઘુત્તમ અવયવ મુજબ નફા-નુકસાન પ્રમાણ 3:2:1 આવશે.

### પેઢીનાં વિસર્જન પહેલાંનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | ચાલુ મિલકતો | 7,00,000 |
| દીપક | 6,00,000 | | રોકડસિલક | 1,00,000 |
| પરાગ | 4,00,000 | | સ્થિર મિલકતો | 12,00,000 |
| પ્રણય | 2,00,000 | 12,00,000 | | |
| કર્મચારી પ્રોવિડન્ટ ફંડ | | 2,00,000 | | |
| જવાબદારીઓ | | 6,00,000 | | |
| | | **20,00,000** | | **20,00,000** |

**સમજૂતી :**

**(1)** **કુલ મિલકતો ₹ 20,00,000**

↓

ચાલુ મિલકતોના 40 % ₹ 8,00,000 | સ્થિર મિલકતો (?) 60 % ₹ 12,00,000

ચાલુ મિલકતો ₹ 8,00,000 ↓

રોકડસિલક ₹ 1,00,000 | અન્ય ચાલુ મિલકતો (?) ₹ 7,00,000

**(2)** જવાબદારીઓ = ચાલુ મિલકતોનાં $\frac{3}{4}$

∴ ₹ 8,00,000નાં $\frac{3}{4}$ = 6,00,000

**(3)** **નફા-નુકસાનનું પ્રમાણ :**

| | **દિપક** | | **પરાગ** | | **પ્રણય** |
|---|---|---|---|---|---|
| | $\frac{1}{2}$ | | $\frac{1}{3}$ | | $\frac{1}{6}$ |
| ∴ | $\frac{3}{6}$ | | $\frac{2}{6}$ | | $\frac{1}{6}$ |
| ∴ | 3 | : | 2 | : | 1 |

**(4)**

| | | |
|---|---|---|
| | કુલ મિલકતો | ₹ 20,00,000 |
| – | કુલ જવાબદારીઓ | ₹ 8,00,000 |
| | કુલ મૂડી | ₹ 12,00,000 |

**કુલ મૂડી ₹ 12,00,000**

↓

| દિપક | પરાગ | પ્રણય |
|---|---|---|
| 3 | 2 | 1 |
| ₹ 6,00,000 | ₹ 4,00,000 | ₹ 2,00,000 |

### માલ-મિલકત નિકાલ ખાતું

ઉધાર જમા

| વિગત | | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|---|
| **પરચૂરણ મિલકતો :** | | | **પરચૂરણ દેવાં :** | |
| સ્થિર મિલકતો | | 12,00,000 | કર્મચારી પ્રોવિડન્ટ ફંડ | 2,00,000 |
| ચાલુ મિલકતો | | 7,00,000 | પરચૂરણ જવાબદારીઓ | 6,00,000 |
| **રોકડ ખાતે :** | | | **રોકડ ખાતે :** | |
| પ્રોવિડન્ટ ફંડ | | 2,00,000 | સ્થિર મિલકતો | 14,40,000 |
| પરચૂરણ જવાબદારી | | 5,40,000 | ચાલુ મિલકતો | 5,60,000 |
| વિસર્જન-ખર્ચ | | 1,00,000 | | |
| **ભાગીદારોના મૂડી ખાતે : (નફો)** | | | | |
| દીપક | 30,000 | | | |
| પરાગ | 20,000 | | | |
| પ્રણય | 10,000 | 60,000 | | |
| | | **28,00,000** | | **28,00,000** |

### રોકડ ખાતું

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 1,00,000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| **માલ-મિલકત નિકાલ ખાતે :** | | પ્રોવિડન્ટ ફંડ | 2,00,000 | |
| સ્થિર મિલકતો | 14,40,000 | પરચૂરણ જવાબદારી | 5,40,000 | 7,40,000 |
| ચાલુ મિલકતો | 5,60,000 | **માલ-મિલકત નિકાલ ખાતે :** | | |
| | | વિસર્જન-ખર્ચ | | 1,00,000 |
| | | ભાગીદારોનાં મૂડી ખાતે : | | |
| | | દીપક | 6,30,000 | |
| | | પરાગ | 4,20,000 | |
| | | પ્રણય | 2,10,000 | 12,60,000 |
| | **21,00,000** | | | **21,00,000** |

## ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર જમા

| વિગત | દીપક(₹) | પરાગ(₹) | પ્રણય(₹) | વિગત | દીપક(₹) | પરાગ(₹) | પ્રણય(₹) |
|---|---|---|---|---|---|---|---|
| રોકડ ખાતે | 6,30,000 | 4,20,000 | 2,10,000 | બાકી આગળ લાવ્યા | 6,00,000 | 4,00,000 | 2,00,000 |
| | | | | માલ-મિલકત નિકાલ ખાતે (નફો) | 30,000 | 20,000 | 10,000 |
| | **6,30,000** | **4,20,000** | **2,10,000** | | **6,30,000** | **4,20,000** | **2,10,000** |

**ઉદાહરણ 8 :** અર્જુન, વૈશાલી અને જલ્પા 4:3:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેતા ભાગીદારો છે. તેમની પેઢીનું વિસર્જન 31-3-2016ના રોજ કરવાનું નક્કી કર્યું છે. તે દિવસે તેમની માહિતી આ પ્રમાણે છે. પેઢી ખોટ કરતી હોવાથી વિસર્જન કર્યું.

(1) અર્જુન, વૈશાલી અને જલ્પાની મૂડી અનુક્રમે ₹ 3,00,000, ₹ 2,00,000 અને ₹ 1,00,000 હતી.

(2) યંત્રો ₹ 10,000; દેવાદારો ₹ 2,80,000; લેણીહૂંડી ₹ 50,000; સ્ટૉક ₹ 4,50,000; પરચૂરણ લેણદારો ₹ 3,00,000 અને દેવીહૂંડી ₹ 40,000 છે.

વિસર્જન સમયે :

(i) વૈશાલીએ ઉઘરાણી 20 % વટાવે લેવાનું નક્કી કર્યું અને લેણદારોને ચૂકવી દેવાનું કબૂલ્યું.

(ii) અર્જુને 10 % વટાવે સ્ટૉક લઈને દેવીહૂંડીઓ ચૂકવવાનું કબૂલ્યું.

(iii) જલ્પાએ લેણીહૂંડીઓ ₹ 35,000 અને યંત્રો 10 % ઓછી કિંમતે લઈ લીધાં.

જરૂરી ખાતાં તૈયાર કરો.

જવાબ :

## પેઢીનાં વિસર્જન પહેલાંનું પાકું સરવૈયું

| જવાબદારીઓ | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|
| **મૂડી :** | | યંત્રો | 10,000 |
| અર્જુન | 3,00,000 | દેવાદારો | 2,80,000 |
| વૈશાલી | 2,00,000 | લેણીહૂંડી | 50,000 |
| જલ્પા | 1,00,000 | સ્ટૉક | 4,50,000 |
| પરચૂરણ લેણદારો | 3,00,000 | નફા-નુકસાન ખાતું (?) | 1,50,000 |
| દેવીહૂંડી | 40,000 | | |
| | **9,40,000** | | **9,40,000** |

**નોંધ :** જવાબદારી બાજુનો સરવાળો ₹ 9,40,000 થાય છે. જે મિલકતો બાજુ મૂકતાં ખૂટતી રકમ એ નફા-નુકસાન ઉધાર ખાતાની બાકી મળશે. પ્રશ્નમાં મિલકત બાજુ તફાવત રહે તો તે નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી ગણીને દાખલો ગણવો.

### માલ-મિલકત નિકાલ ખાતું

ઉધાર | જમા

| વિગત | | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **પરચૂરણ મિલકતો ખાતે :** | | | **પરચૂરણ દેવાં :** | | |
| યંત્રો | 10,000 | | લેણદારો | 3,00,000 | |
| દેવાદારો | 2,80,000 | | દેવીહૂંડી | 40,000 | 3,40,000 |
| લેણીહૂંડી | 50,000 | | **વૈશાલીના મૂડી ખાતે :** | | |
| સ્ટૉક | 4,50,000 | 7,90,000 | દેવાદારો | | 2,24,000 |
| **વૈશાલીના મૂડી ખાતે :** | | | **અર્જુનના મૂડી ખાતે :** | | |
| લેણદારો | | 3,00,000 | સ્ટૉક | | 4,05,000 |
| અર્જુનના મૂડી ખાતે : દેવીહૂંડી | | 40,000 | **જલ્પાના મૂડી ખાતે :** | | |
| | | | લેણીહૂંડી | 35,000 | |
| | | | યંત્રો | 9000 | 44,000 |
| | | | **ભાગીદારોના મૂડી ખાતે (ખોટ) :** | | |
| | | | અર્જુન | 46,800 | |
| | | | વૈશાલી | 35,100 | |
| | | | જલ્પા | 35,100 | 1,17,000 |
| | | **11,30,000** | | | **11,30,000** |

### ભાગીદારોનાં મૂડી ખાતાં

ઉધાર | જમા

| વિગત | અર્જુન(₹) | વૈશાલી(₹) | જલ્પા(₹) | વિગત | અર્જુન(₹) | વૈશાલી(₹) | જલ્પા(₹) |
|---|---|---|---|---|---|---|---|
| નફા-નુકસાન ખાતે | 60,000 | 45,000 | 45,000 | બાકી આગળ લાવ્યા | 3,00,000 | 2,00,000 | 1,00,000 |
| મા.મિ.નિકાલ ખાતે | 4,05,000 | 2,24,000 | 44,000 | મા.મિ.નિકાલ ખાતે | 40,000 | 3,00,000 | – |
| મા.મિ.નિકાલ ખાતે (ખોટ) | 46,800 | 35,100 | 35,100 | રોકડ ખાતે (તૂટ) રોકડનાં લાવ્યા | 1,71,800 | – | 24,100 |
| રોકડ ખાતે (ચૂકવણી) | – | 1,95,900 | – | | | | |
| | **5,11,800** | **5,00,000** | **1,24,100** | | **5,11,800** | **5,00,000** | **1,24,100** |

### રોકડ ખાતું

ઉધાર | જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| અર્જુનના મૂડી ખાતે | 1,71,800 | વૈશાલીના મૂડી ખાતે | 1,95,900 |
| જલ્પાના મૂડી ખાતે | 24,100 | | |
| | **1,95,900** | | **1,95,900** |

**ઉદાહરણ 9 :** અમર અને અકબરની પેઢીની કુલ મિલકતો ₹ 6,00,000 છે. તેમાં રોકડ ₹ 40,000 સમાયેલી છે. પેઢીની ચોખ્ખી મિલકતો ₹ 4,00,000 છે. મૂડી અને સામાન્ય અનામતનું પ્રમાણ 4:1 છે. અકબરની મૂડી કરતાં અમરની મૂડી ₹ 80,000 વધારે છે. માલ-મિલકત નિકાલ ખાતાની ખોટ ₹ 80,000 થયેલ છે. પેઢીનું વિસર્જન કર્યું. પેઢીના વિસર્જનના હિસાબો તૈયાર કરો.

જવાબ :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | રોકડ | 40,000 |
| અમર | 2,00,000 | | અન્ય મિલકતો | 5,60,000 |
| અકબર | 1,20,000 | 3,20,000 | | |
| સામાન્ય અનામત | | 80,000 | | |
| જવાબદારીઓ | | 2,00,000 | | |
| | | **6,00,000** | | **6,00,000** |

જવાબ :

ચોખ્ખી મિલકતો એટલે કુલ મિલકતોમાંથી કુલ જવાબદારી (દેવા) બાદ કર્યા પછી વધેલ રકમ

∴ ચોખ્ખી મિલકતો = કુલ મિલકતો − કુલ જવાબદારીઓ

જવાબદારી = કુલ મિલકતો − ચોખ્ખી મિલકતો

= 6,00,000 − 4,00,000

= ₹ 2,00,000

મિલકત-લેણાં બાજુ = મૂડી દેવાં બાજુ (પાકા સરવૈયાનાં બંને બાજુનાં સરવાળા સરખા હોય છે.)

6,00,000 = મૂડી + અનામત + દેવાં (2,00,000)

6,00,000 − 2,00,000 = મૂડી + અનામત

મૂડી + અનામત = 4,00,000

અહીં મૂડી અને અનામતનું પ્રમાણ 4:1 છે.

તેથી અનામત = $4,00,000 \times \frac{1}{5}$

= ₹ 80,000

મૂડી = $4,00,000 \times \frac{4}{5}$

= ₹ 3,20,000 કુલ મૂડી મળશે.

ધારો કે, અકબરની મૂડી = X છે.

તો અમરની મૂડી = X + 80,000 થાય.

કુલ મૂડી = અમરની મૂડી + અકબરની મૂડી (X + X + 80,000)

3,20,000 = 2X + 80,000

∴ 3,20,000 − 80,000 = 2X

= 2,40,000 = 2X

∴ X = 1,20,000

અકબરની મૂડી = ₹ 1,20,000

અમરની મૂડી = 1,20,000 + 80,000

= ₹ 2,00,000

**માલ-મિલકત નિકાલ ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | | રકમ (₹) |
|---|---|---|---|---|
| પરચૂરણ મિલકતો | 5,60,000 | જવાબદારીઓ | | 2,00,000 |
| રોકડ ખાતે (જવાબદારી) | 2,00,000 | રોકડ ખાતે (મિલકતોની ઊપજ) | | 4,80,000 |
| | | ખોટ : | | |
| | | અમર | 40,000 | |
| | | અકબર | 40,000 | 80,000 |
| | **7,60,000** | | | **7,60,000** |

**ભાગીદારોનાં મૂડી ખાતાં**

ઉધાર જમા

| વિગત | અમર (₹) | અકબર (₹) | વિગત | અમર (₹) | અકબર (₹) |
|---|---|---|---|---|---|
| માલ-મિલકત નિકાલ ખાતે (ખોટ) | 40,000 | 40,000 | બાકી આગળ લાવ્યા | 2,00,000 | 1,20,000 |
| રોકડ ખાતે | 2,00,000 | 1,20,000 | સામાન્ય અનામત | 40,000 | 40,000 |
| | **2,40,000** | **1,60,000** | | **2,40,000** | **1,60,000** |

**રોકડ ખાતું**

ઉધાર જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| બાકી આગળ લાવ્યા | 40,000 | માલ-મિલકત નિકાલ ખાતે | 2,00,000 |
| માલ-મિલકત નિકાલ ખાતે | 4,80,000 | અમરના મૂડી ખાતે | 2,00,000 |
| | | અકબરના મૂડી ખાતે | 1,20,000 |
| | **5,20,000** | | **5,20,000** |

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) ભાગીદારી પેઢીનું વિસર્જન કેટલી રીતે થઈ શકે ?

(અ) એક (બ) ત્રણ

(ક) બે (ડ) ચાર

(2) વિસર્જન સમયે ભાગીદારી પેઢીની મિલકતો અને જવાબદારીઓની હિસાબી અસર આપવા માટે તૈયાર કરવામાં આવતું ખાતું – ........ .

(અ) નફા-નુકસાન ખાતું (બ) નફા-નુકસાન ફાળવણી ખાતું

(ક) પુનઃમૂલ્યાંકન ખાતું (ડ) સંપાદન ખાતું

(3) સંપાદન ખાતું કયા પ્રકારનું ખાતું છે ?

(અ) પાકા-સરવૈયા (બ) વ્યક્તિ

(ક) માલ-મિલકત (ડ) ઊપજ-ખર્ચ

(4) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે મિલકતોની ઊપજમાંથી સૌપ્રથમ કઈ ચૂકવણી કરવામાં આવે છે ?
(અ) વિસર્જન-ખર્ચ (બ) ભાગીદારની પત્નીની લોન
(ક) ત્રાહિત પક્ષનાં દેવાં (ડ) ભાગીદારની લોન

(5) પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દેવાદારો ₹ 24,500 અને ઘાલખાધ અનામત ₹ 2500 હોય, તો માલ-મિલકત નિકાલ ખાતે જમા બાજુએ કઈ રકમ લખશો ?
(અ) ₹ 24,500 (બ) ₹ 2500
(ક) ₹ 22,000 (ડ) ₹ 27,000

(6) પેઢીના વિસર્જન સમયે સામાન્ય અનામત, કારીગર અકસ્માત વળતર ભંડોળ, નફા-નુકસાન ખાતાની જમા બાકી કયા ખાતે લઈ જવામાં આવે છે ?
(અ) માલ-મિલકત નિકાલ ખાતે (બ) રોકડ ખાતે
(ક) નફા-નુકસાન ખાતે (ડ) ભાગીદારોનાં મૂડી ખાતે

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) ભાગીદારીનું વિસર્જન - અર્થ સમજાવો.
(2) ભાગીદારી પેઢીનું વિસર્જન એટલે શું ?
(3) મરજિયાત વિસર્જન એટલે શું ?
(4) પેઢીના વિસર્જન સમયે વિસર્જન-ખર્ચ કોણે ભોગવવાનો હોય છે ?
(5) પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ પ્રોવિડન્ટ ફંડની બાકીનો નિકાલ કેવી રીતે કરશો ?
(6) પેઢીના વિસર્જન સમયે અગાઉ માંડી વાળેલ ઘાલખાધ પરત મળે, ત્યારે તેની નોંધ ક્યાં થાય છે ?
(7) માલ-મિલકત નિકાલ ખાતાનો અર્થ સમજાવો.
(8) ભાગીદારી પેઢીના વિસર્જનની રીતો જણાવો.
(9) માલ-મિલકત નિકાલ ખાતાની બીજી રીતમાં દેવીહૂંડીની ચૂકવણીની રકમ કયા ખાતે નોંધાય છે ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે ચોપડા બંધ કરવા કયાં ખાતાં તૈયાર કરવામાં આવે છે તે જણાવો.
(2) ભાગીદારી પેઢીનું વિસર્જન કરવા અદાલત કેવા સંજોગોમાં હુકમ કરી શકે છે ? સમજાવો.
(3) ટૂંકનોંધ લખો : માલ-મિલકત નિકાલ ખાતું.
(4) ભાગીદારી પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ નીચેની બાકીઓનો નિકાલ કેવી રીતે કરશો ? – સમજાવો.
(i) સામાન્ય અનામત (ii) રોકાણ વધઘટ ભંડોળ
(iii) કારીગર અકસ્માત વળતર ભંડોળ (iv) પ્રોવિડન્ટ ફંડ
(v) નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી (vi) ઘસારા ફંડ
(5) ભાગીદારી પેઢીના વિસર્જનને લગતી ખોટ/નુકસાન અંગેની કાનૂની જોગવાઈઓ જણાવો.
(6) ભાગીદારી પેઢીના વિસર્જનની સામાન્ય વિધિ/પ્રક્રિયા સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો :**

(1) પેઢીના વિસર્જન સમયે પાકા સરવૈયામાં ચોપડે નહિ નોંધાયેલ મિલકતની ઊપજ મળે, અને નહિ નોંધાયેલ દેવાંની ચૂકવણી કરવી પડે, તો તેનો હિસાબી નિકાલ કઈ રીતે કરશો ? સમજાવો.
(2) વિસર્જનના સંજોગોમાં પાઘડીની વિવિધ સંજોગોમાં આપવામાં આવતી હિસાબી અસર આપો.
(3) ભાગીદારી પેઢીના વિસર્જનના હિસાબી પતાવટ અંગેની કાનૂની જોગવાઈઓ ટૂંકમાં સમજાવો.
(4) અદાલતના હસ્તક્ષેપ સિવાય (સામાન્ય વિસર્જન) વિસર્જનની પદ્ધતિઓ સમજાવો.

(5) A અને Bની પેઢીની કુલ મિલકતો ₹ 1,50,000ની છે. તેમાં રોકડ ₹ 10,000 સમાયેલી છે. પેઢીની ચોખ્ખી મિલકતો ₹ 1,00,000ની છે. મૂડી અને અનામતનું પ્રમાણ 4:1 છે. Bની મૂડી કરતાં Aની મૂડી ₹ 20,000 વધુ છે. માલ-મિલકત નિકાલ ખાતાની ખોટ ₹ 20,000 થયેલ છે. પેઢીનું વિસર્જન કર્યું. શરૂનું પાકું સરવૈયું બનાવીને A અને Bની શરૂઆતની મૂડી શોધો.

(6) પ્રશ્ન 5 ની રકમ અને શરૂઆતના પાકા સરવૈયા પરથી માલ-મિલકત નિકાલ ખાતું તૈયાર કરો.

(7) વિસર્જન વખતે પેઢીની કુલ મિલકતો ₹ 2,00,000 છે, જે પૈકી ચાલુ મિલકતો 40 % છે. (₹ 10,000 રોકડ સહિત)

સ્થિર મિલકતના 120 % રકમ ઊપજી, જ્યારે ચાલુ મિલકતના 80 % રકમ ઊપજી. જરૂરી આમનોંધ લખો.

**5. નીચેના વ્યવહારની પેઢીના વિસર્જનના સંજોગોમાં થતી આમનોંધ લખો :**

(1) પેઢીના વિસર્જન સમયે પાઘડીની ચોપડે કિંમત ₹ 56,000 છે. તેની કોઈ રકમ ઊપજતી નથી.

(2) વિસર્જન સમયે પાકા સરવૈયામાં જમીન-મકાન ₹ 8,00,000 અને રોકાણો ₹ 2,00,000 દર્શાવેલ છે. તેના અનુક્રમે ₹ 9,00,000 અને ₹ 1,50,000 ઊપજ્યા.

(3) પેઢીની કુલ મિલકતો ₹ 2,00,000 છે, જે પૈકી ચાલુ મિલકતો 40 % છે (રોકડ ₹ 10,000 સહિત). ચોપડે મૂલ્યની ઊપજ થઈ.

(4) ચોપડે પાઘડી દર્શાવેલ નથી, છતાં વિસર્જન સમયે તેના વેચાણના ₹ 50,000 ઊપજ્યા.

(5) લેપટોપની કિંમત ₹ 35,000 છે. એક ભાગીદાર તેને ₹ 25,000માં લઈ જાય છે.

(6) એક ભાગીદાર તેના શ્રીમતીજીની પેઢીને આપેલ લોન ₹ 40,000 ચૂકવવાનું સ્વીકારે છે.

(7) આવકવેરાની જવાબદારી ₹ 30,000 ચૂકવવાની થઈ. જે ચોપડે નોંધેલ નથી. જે ચૂકવી આપી.

(8) વિસર્જન સમયે પેઢીનાં તમામ દેવાં, ભાગીદારની લોન ચૂકવ્યા પછી મિલકતોનો વધારો ₹ 1,20,000 રહ્યો છે. ભાગીદારો A, B અને Cનું નફા-નુકસાન પ્રમાણ 5:3:2 છે. તેના નિકાલની નોંધ લખો.

(9) પેઢીના વિસર્જન સમયે ચોપડે યંત્રો ₹ 2,00,000 બતાવેલ છે, ચોપડે કિંમત ઊપજે છે.

(10) કોઈ એક ભાગીદાર પેઢીના વિસર્જનની કાર્યવાહી કરવાની જવાબદારી સ્વીકારે છે. તેના બદલામાં તેને મહેનતાણાં તરીકે ₹ 20,000 ચૂકવવાનું નક્કી કર્યું છે. પેઢીએ તેને ખર્ચ પેટે ₹ 12,000 ચૂકવ્યા.

(11) પેઢીના વિસર્જન સમયે દેવાદારો ₹ 1,20,000 અને લેણદારો ₹ 60,000 છે. એક ભાગીદાર 20 % ઓછી કિંમતે દેવાદારો લઈ લેણદારને ચૂકવે છે.

(12) R, B અને I ભાગીદારો વચ્ચે નફા-નુકસાન વહેંચણી 3:2:1ના પ્રમાણમાં થાય છે. નીચેની બાકીઓનો નિકાલ કરો : (1) સામાન્ય અનામત ₹ 18,000 (2) નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી ₹ 12,000 (3) ₹ 18,000 કારીગર અકસ્માત વળતર ભંડોળ.

**6. માલ-મિલકત નિકાલ ખાતું તૈયાર કરવાનું હોય, ત્યારે નીચેના સંજોગોમાં આમનોંધ લખો :**

(1) યંત્રોની ચોપડે કિંમત ₹ 50,000 છે, જે ભાગીદાર દર્શન ₹ 55,000માં લઈ જાય છે.

(2) દેવીહૂંડી ₹ 15,000 ભાગીદાર બિમલ ચૂકવવાનું સ્વીકારે છે.

(3) ભૂતકાળમાં માંડી વાળેલી ઘાલખાધ ₹ 11,000 પૈકી ₹ 6000 વસૂલ મળી.

(4) પરચૂરણ મિલકતોની ચોપડે કિંમત ₹ 2,70,000; ઊપજ્યા ₹ 2,27,000.

(5) પરચૂરણ લેણદારો ₹ 60,000; દેવું 25 % વટાવે ચૂકવ્યું.

(6) ચોપડે નહિ નોંધાયેલ કરવેરાનાં ₹ 5000 ચૂકવ્યા.

(7) વિસર્જન-ખર્ચ ₹ 5000 ચૂકવ્યો.

(8) ચોપડે પાઘડી બતાવેલ નથી, પરંતુ વિસર્જન વખતે તેના વેચાણના ₹ 20,000 ઊપજ્યા.

**7.** નરેશ અને શૈવિલ 2:3ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 30-9-2016ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું. તે તારીખે તેમની મૂડી અનુક્રમે ₹ 6,00,000 અને ₹ 4,00,000 હતી. પેઢીનાં કુલ દેવાં ₹ 6,00,000 છે. પેઢીના ચોપડે એકત્રિત થયેલ જે નહિ વહેંચાયેલી નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી ₹ 1,00,000 અને રોકડ સિલક ₹ 1,00,000 હતી. પેઢીની મિલકતોના 50 % ઊપજ્યા. વિસર્જન-ખર્ચ ₹ 1,00,000 થયો.

પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતાં તૈયાર કરો.

**8.** તારકભાઈ, જેઠાલાલ અને પોપટલાલે તા. 1-1-2015ના રોજ 5:3:2ના પ્રમાણથી નફો-નુકસાન વહેંચવાની શરતે ધંધો શરૂ કરવા ભાગીદારી પેઢી સ્થાપી. તે તારીખે તેમની મૂડી અનુક્રમે ₹ 5,00,000; ₹ 3,00,000 અને ₹ 2,00,000 હતી. તેણે તા. 31-12-2016ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું નક્કી કર્યું. તે સમયે પેઢીની સ્થિતિ આ પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| મકાન | ₹ 5,00,000 | યંત્રો | ₹ 3,00,000 |
| દેવાદારો | ₹ 4,00,000 | લેણીહૂંડી | ₹ 1,00,000 |
| સ્ટૉક | ₹ 2,00,000 | લેણદારો | ₹ 6,00,000 |
| દેવીહૂંડી | ₹ 1,00,000 | રોકડસિલક | ₹ 1,00,000 |

નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી ₹ 1,00,000

પેઢી ખોટ કરતી હોવાથી પેઢીનું વિસર્જન કરતાં મિલકતો અને દેવાંનો નિકાલ આ પ્રમાણે કર્યો :

(1) તારકભાઈ મકાન 20 % વધુ કિંમતે લઈ જાય છે. તેની સામે લેણદારોને ચૂકવવાનું સ્વીકાર્યું.

(2) જેઠાલાલ 10 % ઓછી કિંમતે યંત્રો અને 10 % વધુ કિંમતે સ્ટૉક લઈ જાય છે, તેણે દેવીહૂંડી ચૂકવવાનું સ્વીકાર્યું.

(3) પોપટલાલે 20 % ઓછી કિંમતે દેવાદારો લેવાનું કબૂલ્યું.

**નોંધ :** (1) લેણીહૂંડી કિંમત વગરની બની, કાંઈ જ મળે તેમ નથી.

(2) સરકારી કરવેરા ભરવાના બાકી ₹ 80,000 ભર્યા.

(3) પેઢીનો વિસર્જન-ખર્ચ ₹ 30,000 થયો.

તમારે માલ-મિલકત નિકાલ ખાતું; ભાગીદારોનાં મૂડી ખાતાં અને રોકડ ખાતું તૈયાર કરવાનાં છે.

**9.** બિનલ, ધર્મિષ્ઠા અને મહેશ 4:3:2ના પ્રમાણથી નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તા. 30-9-2016ના રોજ પેઢીનું વિસર્જન કર્યું. તે દિવસે તેમના ધંધાની સ્થિતિ નીચે પ્રમાણે હતી :

**પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | | રકમ (₹) | મિલકત-લેણાં | રકમ (₹) |
|---|---|---|---|---|
| **મૂડી :** | | | પરચૂરણ મિલકતો | 14,80,000 |
| બિનલ | 4,80,000 | | રોકડસિલક | 20,000 |
| ધર્મિષ્ઠા | 3,60,000 | | | |
| મહેશ | 2,40,000 | 10,80,000 | | |
| લેણદારો | | 4,20,000 | | |
| | | **15,00,000** | | **15,00,000** |

(1) પરચૂરણ મિલકતોના ₹ 13,90,000 ઊપજ્યાં.

(2) લેણદારોને ₹ 3,70,000 ચૂકતે હિસાબે ચૂકવ્યા.

(3) વિસર્જન-ખર્ચ ₹ 20,000 ચૂકવ્યો.

(4) નહિ નોંધાયેલ કરવેરાના ₹ 30,000 ચૂકવ્યા.

જરૂરી ખાતાં તૈયાર કરો.

**10.** સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ $\frac{1}{2} : \frac{1}{3} : \frac{1}{6}$ના પ્રમાણથી નફો-નુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમની પેઢીનું તા. 31-12-2016ના રોજનું પાકું સરવૈયું આ પ્રમાણે છે :

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | | રકમ (₹) | મિલકતો | | રકમ (₹) |
|---|---|---|---|---|---|
| **મૂડી :** | | | જમીન-મકાન | | 2,50,000 |
| સત્યમ્ | 50,000 | | મશીનરી | | 1,50,000 |
| શિવમ્ | 50,000 | | રોકાણો | | 1,00,000 |
| સુંદરમ્ | 50,000 | 1,50,000 | પેટન્ટ | | 5000 |
| સામાન્ય અનામત | | 60,000 | પાઘડી | | 25,000 |
| રોકાણ વધ-ઘટ ભંડોળ | | 50,000 | દેવાદારો | 30,000 | |
| પ્રોવિડન્ટ ફંડ | | 1,00,000 | – ઘાલખાધ અનામત | 5000 | 25,000 |
| લેણદારો | | 2,00,000 | સ્ટૉક | | 15,000 |
| **ચાલુ ખાતાં :** | | | રોકડ | | 5000 |
| સત્યમ્ | 5000 | | | | |
| શિવમ્ | 10,000 | 15,000 | | | |
| | | **5,75,000** | | | **5,75,000** |

1 જાન્યુઆરી, 2017ના દિવસે પેઢીનું વિસર્જન કર્યું. મિલકત અને દેવાંનો નિકાલ નીચે પ્રમાણે કરવામાં આવ્યો :

(1) જમીન-મકાન ₹ 4,00,000; મશીનરી ₹ 1,00,000; રોકાણો ₹ 50,000 અને સ્ટૉક ₹ 5000માં વેચ્યો.

(2) દેવાદારો પૈકી ₹ 15,000ના દેવાદારો પાસેથી નાણાં મળ્યાં. બાકીના માંડી વાળો.

(3) લેણદારો પૈકી 10 ટકા લેણદારોને ચોપડે નહિ નોંધાયેલ રોકાણો ₹ 10,000નાં આપ્યાં અને બાકીની રોકડ ચૂકવી. બાકીના લેણદારોને 10 ટકા વટાવે રકમ ચૂકવી.

(4) ચોપડે નહિ નોંધાયેલ અરિહંત સ્ટેશનરી માર્ટને ₹ 6000 સ્ટેશનરીના ચૂકવવા પડ્યા. પાઘડી અને પેટન્ટની કોઈ રકમ ઊપજતી નથી.

(5) શિવમ્‌ને વિસર્જનની કામગીરી બદલ ₹ 15,000 મહેનતાણું આપવાનું નક્કી કર્યું. ખરેખર વિસર્જન-ખર્ચ ₹ 6000 શિવમે ચૂકવ્યો.

પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતાં તૈયાર કરો.

●

# જવાબો
# (Answers)

**સ્વાધ્યાય 1**

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ક) (2) (અ) (3) (બ) (4) (બ) (5) (ક) (6) (અ) (7) (ડ)
(8) (ડ) (9) (અ) (10) (બ)

**3.** (1) ઉપાડ પર વ્યાજ ₹ 660

(2) અમૃતાનું કમિશન ₹ 7176, વહેંચણીપાત્ર નફો ₹ 44,850, મળતી કુલ રકમ ₹ 52,026
(₹ 7176 કમિશન + વહેંચણીપાત્ર નફો ₹ 44,850)

(3) પેઢીનો કુલ વહેંચણીપાત્ર નફો ₹ 1,35,000 (45,000 + 30,000 + 60,000), મૅનેજરનું કમિશન ₹ 13,500

(4) નફા-નુકસાન વહેંચણીનું નવું પ્રમાણ 15:10:9, વહેંચણીપાત્ર નફો : રાજકુમાર ₹ 30,000, કૌશિક ₹ 20,000 અને શર્મા ₹ 18,000

(5) નફા-નુકસાન વહેંચણીનું નવું પ્રમાણ 4:1:2
વહેંચણીપાત્ર નફો - મહેતા ₹ 50,000; પંડ્યા ₹ 12,500 અને બાજપાઈ ₹ 25,000

(6) ભૂલસુધારણા નોંધ :

| | | |
|---|---|---|
| સંકેતના મૂડી/ચાલુ ખાતે...ઉ | 16,875 | |
| તે શીલાના મૂડી/ચાલુ ખાતે | | 5625 |
| તે સુરભિના મૂડી/ચાલુ ખાતે | | 11,250 |

(7) ભૂલસુધારણા નોંધ :

| | | |
|---|---|---|
| રહીમના મૂડી/ચાલુ ખાતે...ઉ | 600 | |
| તે રામના મૂડી/ચાલુ ખાતે | | 600 |

(8) ભૂલસુધારણા નોંધ :

| | | |
|---|---|---|
| લતાના મૂડી/ચાલુ ખાતે...ઉ | 900 | |
| તે ગીતાના મૂડી/ચાલુ ખાતે | | 600 |
| તે પ્રવીણાના મૂડી/ચાલુ ખાતે | | 300 |

(9) નફાની વહેંચણી : મુકેશ ₹ 35,000, ધવલ ₹ 27,500 અને વિનોદ ₹ 27,500

(10) શરૂઆતની મૂડી ₹ 74,700, મૂડી પર વ્યાજ ₹ 4482

(11) મળવાપાત્ર રકમ : 'A' ₹ 66,750 (₹ 60,000 નફો + ₹ 6750 મૂડી પર વ્યાજ),
'B' ₹ 80,250 (₹ 60,000 નફો + ₹ 20,250 મૂડી પર વ્યાજ)

**8.** ચિરાગને કમિશન ₹ 2500, વહેંચણીપાત્ર નફો ₹ 47,500, હરપાલ અને ચિરાગ દરેકને મળતો નફામાં ભાગ ₹ 23,750, મૂડી ખાતાંની આખરની બાકી : હરપાલ ₹ 86,600, ચિરાગ ₹ 1,17,800

**9.** હિરલને કમિશન ₹ 30,000, વહેંચણીપાત્ર નફો ₹ 3,00,000
વહેંચણીપાત્ર નફામાં ભાગ : ભદ્રેશ ₹ 1,80,000, હિરલ ₹ 1,20,000
મૂડી ખાતાંની આખરની બાકી : ભદ્રેશ ₹ 2,40,000, હિરલ ₹ 1,80,000
ચાલુ ખાતાંની આખરની બાકી : ભદ્રેશ, 2,39,040 (જમા), હિરલ ₹ 95,760 (જમા)

**10.** સામાન્ય અનામત ખાતે ₹ 18,000, વહેંચણીપાત્ર નફો ₹ 48,000

વહેંચણીપાત્ર નફામાં ભાગ : શારદા ₹ 20,000, જમના ₹ 16,000, ગણેશ ₹ 12,000

મૂડી ખાતાંની આખરની બાકી : શારદા ₹ 1,04,000, જમના ₹ 66,400, ગણેશ ₹ 31,080

**11.** વહેંચણીપાત્ર નફો ₹ 4500, વહેંચણીપાત્ર નફામાં ભાગ : ઈશા ₹ 1800, સરસ્વતી ₹ 1800, લક્ષ્મી ₹ 900

મૂડી ખાતાંની આખરની બાકી : ઈશા ₹ 40,000, સરસ્વતી ₹ 40,000, લક્ષ્મી ₹ 32,000

ચાલુ ખાતાંની આખરની બાકી : ઈશા ₹ 6400 (જમા), સરસ્વતી ₹ 5620 (જમા), લક્ષ્મી ₹ 8640 (ઉધાર)

**12.** પ્રેરણાનું કમિશન ₹ 9000, વહેંચણીપાત્ર નફો ₹ 90,000

વહેંચણીપાત્ર નફામાં ભાગ : પ્રેરણા ₹ 40,500 (₹ 22,500 + ₹ 18,000)

પારસ ₹ 31,500 (₹ 13,500 + ₹ 18,000)

જયશ્રી ₹ 18,000 (₹ 9000 + ₹ 9000)

ભાગીદારોનાં મૂડી ખાતાંની આખરની બાકી : પ્રેરણા ₹ 1,20,000, પારસ ₹ 1,20,000, જયશ્રી ₹ 60,000

પ્રેરણા ₹ 70,650 અને જયશ્રી ₹ 21,000 રોકડા પેઢીમાંથી વધારાની મૂડી તરીકે લઈ જશે. જ્યારે પારસ ₹ 1200 રોકડા પેઢીમાં ખૂટતી મૂડી તરીકે લાવશે.

## સ્વાધ્યાય 2

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (બ) (2) (ડ) (3) (અ) (4) (બ) (5) (બ) (6) (બ) (7) (ક)

(8) (ડ) (9) (ક) (10) (ક)

**5.**

| | |
|---|---|
| ઘાલખાધ પરત | – નફા-નુકસાન ખાતાંની જમા બાજુ |
| ફેક્ટરીના મકાન પર ઘસારો | – વેપાર ખાતાંની ઉધાર બાજુ |
| મજૂરી અને પગાર | – વેપાર ખાતાંની ઉધાર બાજુ |
| પ્રોવિડન્ટ ફંડના રોકાણો | – પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ |
| દેવીહૂંડી | – પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ |
| ઉપાડથી ગયેલ માલ | – વેપાર ખાતાંમાં ખરીદીમાંથી બાદ કરો |
| માલ-પરત જમા | – વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાંથી બાદ થશે |
| માલ-પરત ઉધાર | – વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ થશે |
| ભાગીદારે પેઢીને આપેલી લોન | – પાકા સરવૈયામાં મૂડી-દેવાં બાજુ |
| પ્રોવિડન્ટ ફંડના રોકાણોનું વ્યાજ | – પાકા સરવૈયાની મૂડી-દેવાં બાજુ પ્રોવિડન્ટ ફંડમાં ઉમેરો |

**6. (1) સ્ટેશનરીનો આખરસ્ટૉક :**

અસર : (1) નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુ સ્ટેશનરી ખર્ચમાંથી બાદ કરો.

(2) પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ સ્ટેશનરી આખરસ્ટૉક દર્શાવો.

**(2) નોંધવાનું બાકી ઉધાર વેચાણ :**

અસર : (1) વેપાર ખાતાંની જમા બાજુ વેચાણમાં ઉમેરો.

(2) પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાં ઉમેરો.

**(3) ભાગીદારને ચોખ્ખા નફા પર કમિશન :**

અસર : (1) નફા-નુકસાન ફાળવણી ખાતાંની ઉધાર બાજુ

(2) ભાગીદારના મૂડી/ચાલુ ખાતાંની જમા બાજુ

**(4) ભાગીદારે અંગત વપરાશ માટે લીધેલ માલ :**

અસર : (1) વેપાર ખાતાંની ઉધાર બાજુ ખરીદીમાંથી બાદ

(2) ભાગીદારના મૂડી/ચાલુ ખાતાંની ઉધાર બાજુ

**(5) ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકીનું વ્યાજ :**

અસર : (1) ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાજુ

(2) નફા-નુકસાન ફાળવણી ખાતાંની જમા બાજુ

**(6) ભાડાપટાથી રાખેલ મિલકતમાંથી અમુક રકમ માંડી વાળવામાં આવે :**

અસર : (1) નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુ માંડી વાળેલ ભાડાપટે મિલકત

(2) પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ ભાડાપટે મિલકતમાંથી બાદ કરો.

**(7) મળવાની બાકી આવક :**

અસર : (1) નફા-નુકસાન ખાતાંની જમા બાજુ જે-તે આવકમાં ઉમેરો

(2) પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ

**(8) અગાઉથી ચૂકવેલ ખર્ચા :**

અસર : (1) વેપાર/નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુ ખર્ચમાંથી બાદ કરો

(2) પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ

**(9) દેવાદારો પર વટાવ અનામતની જોગવાઈ :**

અસર : (1) નફા-નુકસાન ખાતાંની ઉધાર બાજુ

(2) પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ દેવાદારોમાંથી બાદ કરો

**7. હવાલાનોંધ**

| | | | |
|---|---|---|---|
| (1) | આખરમાલના સ્ટૉક ખાતે...ઉ | 32,000 | |
| | તે વેપાર ખાતે | | 32,000 |
| | [બા.જે. : વર્ષના અંતે આખરમાલ સ્ટૉક અંગે હવાલાનોંધ કરી તેના.] | | |
| (2) | પગાર ખાતે...ઉ | 1000 | |
| | તે ચૂકવવાના બાકી પગાર ખાતે | | 1000 |
| | [બા.જે. : ચૂકવવાના બાકી પગારની હવાલાનોંધ કરી તેના.] | | |
| (3) | વ્યાજ ખાતે...ઉ | 1250 | |
| | તે મહેન્દ્રની લોન ખાતે | | 1250 |
| | [બા.જે. : પેઢીએ લીધેલી લોનના વ્યાજનાં દેવાં થયા તેની હવાલાનોંધ કરી તેના.] | | |
| (4) | વ્યાજ ખાતે...ઉ | 500 | |
| | તે અગાઉથી મળેલ વ્યાજ ખાતે | | 500 |
| | [બા.જે. : અગાઉથી મળેલ વ્યાજની હવાલાનોંધ કરી તેના.] | | |
| (5) | ઘસારા ખાતે...ઉ | 26,667 | |
| | તે મકાન ખાતે | | 26,667 |
| | [બા.જે. : મકાન પર ઘસારાની જોગવાઈ કરી તેના.] | | |

| | | |
|---|---|---|
| (6) સ્ટેશનરી સ્ટૉક ખાતે...ઉ | 250 | |
| તે સ્ટેશનરી ખર્ચ ખાતે | | 250 |
| [બા.જે. : વર્ષના અંતે સ્ટેશનરી સ્ટૉકની હવાલાનોંધ કરી તેના.] | | |
| (7) (i) ઘાલખાધ ખાતે...ઉ | 4500 | |
| તે દેવાદારો ખાતે | | 4500 |
| [બા.જે. : ઘાલખાધનાં માંડી વાળ્યા તેના.] | | |
| (ii) નફા-નુકસાન ખાતે...ઉ | 4550 | |
| તે ઘાલખાધ અનામત ખાતે | | 4550 |
| [બા.જે. : ઘાલખાધ અનામતની જોગવાઈ કરી તેના.] | | |
| (8) ઉપાડ ખાતે...ઉ | 5000 | |
| તે ખરીદ ખાતે | | 5000 |
| [બા.જે. : ભાગીદાર અંગત વપરાશ માટે માલ લઈ ગયા તેની નોંધ.] | | |
| (9) વીમા કંપની ખાતે...ઉ | 2400 | |
| આગથી થયેલ નુકસાન ખાતે...ઉ | 600 | |
| તે ખરીદ ખાતે | | 3000 |
| [બા.જે. : આગથી બળી ગયેલ માલના 80 ટકા વીમા કંપની અને તફાવતની રકમ નુકસાનની હવાલાનોંધ કરી તેના.] | | |

**8.** ચોખ્ખો નફો નફા-નુકસાન ફાળવણી ખાતે લઈ ગયા ₹ 68,750
વહેંચણીપાત્ર નફો : બ્રહ્મા ₹ 35,850, વિષ્ણુ ₹ 23,900
ભાગીદારોનાં મૂડી ખાતાની બાકી : બ્રહ્મા ₹ 90,850, વિષ્ણુ ₹ 67,900
પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,44,000

**9.** કાચો નફો ₹ 94,000, ચોખ્ખો નફો ₹ 65,200
વહેંચણીપાત્ર નફો : પાર્થિવ ₹ 31,228, પ્રિયા ₹ 31,228
ભાગીદારોના મૂડી ખાતાની બાકી : પાર્થિવ ₹ 52,084, પ્રિયા ₹ 45,116
પાકા સરવૈયાનો સરવાળો ₹ 1,47,200

**10.** વહેંચણીપાત્ર નફો : લવ ₹ 29,328, કુશ ₹ 17,472
ભાગીદારોનાં ચાલુ ખાતાંની બાકી : લવ ₹ 1328, કુશ ₹ 22,672
પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,89,600 અથવા ₹ 3,97,600 (ઘાલખાધ અનામતની વૈકલ્પિક અસર)

**11.** સુધારેલ કાચો નફો ₹ 57,800, ચોખ્ખી ખોટ ₹ 6540
વહેંચણીપાત્ર ખોટ : સલીમ ₹ 3270, શબાના ₹ 3270
ભાગીદારોનાં ચાલુ ખાતાંની બાકી : સલીમ ₹ 32,730 (જમા), શબાના ₹ 13,270 (ઉધાર)
પાકા સરવૈયાનો સરવાળો ₹ 4,06,530

**12.** કાચો નફો ₹ 3,18,400, ચોખ્ખો નફો ₹ 1,26,400
વહેંચણીપાત્ર નફો : ધારા ₹ 67,440, મીરા ₹ 44,960
ભાગીદારોનાં મૂડી ખાતાંની બાકી : ધારા ₹ 1,87,440 અને મીરા ₹ 1,46,960
પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,76,000

13. સુધારેલ કાચો નફો ₹ 25,000, ચોખ્ખો નફો ₹ 17,700
વહેંચણીપાત્ર નફો : હર્ષા ₹ 4000, છાયા ₹ 4000
ભાગીદારોનાં ચાલુ ખાતાંની બાકી : હર્ષા ₹ 7250(ઉધાર), છાયા ₹ 700(ઉધાર), પાકા સરવૈયાનો સરવાળો ₹ 72,250

14. કાચો નફો ₹ 41,400, ચોખ્ખી ખોટ અને વહેંચણી પાત્ર ખોટ ₹ 13,000
ભાગીદારોનાં ચાલુ ખાતાંની બાકી : ધર્મ ₹ 31,500 (ઉધાર), કર્મ ₹ 3000 (જમા)
પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,78,300

15. કાચો નફો ₹ 41,150, ચોખ્ખો નફો ₹ 30,270
વહેંચણીપાત્ર નફો : હર્ષા ₹ 15,135, યેશા ₹ 15,135
ભાગીદારોનાં મૂડી ખાતાંની બાકી : હર્ષા ₹ 45,135, યેશા ₹ 27,635
પાકા સરવૈયાનો સરવાળો ₹ 1,11,170

16. કાચો નફો ₹ 1,50,400, ચોખ્ખો નફો ₹ 96,050
વહેંચણીપાત્ર નફો ₹ 88,550 : શીલા ₹ 29,517, નીલા ₹ 59,033
ભાગીદારોનાં મૂડી ખાતાંની બાકી : નીલા ₹ 1,44,133, શીલા ₹ 67,917
પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,41,100

17. કાચો નફો ₹ 71,500, ચોખ્ખી ખોટ ₹ 800
વહેંચણીપાત્ર ખોટ : મન ₹ 400, મોહન ₹ 400
ભાગીદારોનાં ચાલુ ખાતાંની બાકી : મન ₹ 11,400 (ઉધાર), મોહન ₹ 7100 (જમા)
પાકા સરવૈયાનો સરવાળો ₹ 5,58,200

18. કાચો નફો ₹ 68,040, ચોખ્ખો નફો ₹ 32,978
ભાગીદારોના મૂડી ખાતાંની બાકી : સંત ₹ 93,267, મહંત ₹ 49,711
વહેંચણીપાત્ર નફો : સંત ₹ 15,467, મહંત ₹ 10,311
પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,03,044

19. કાચો નફો ₹ 1,55,400, ચોખ્ખો નફો ₹ 80,140
વહેંચણીપાત્ર નફો 51,660: જય ₹ 25,830, પ્રફુલ્લા ₹ 25,830
ભાગીદારોનાં ચાલુ ખાતાંની બાકી : જય ₹ 15,690, પ્રફુલ્લા ₹ 23,650, પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,48,490

## સ્વાધ્યાય 3

1. **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**
(1) (બ) (2) (ડ) (3) (બ) (4) (બ) (5) (બ) (6) (અ) (7) (ક)

4. સરેરાશ નફો ₹ 1,48,000; પાઘડી ₹ 5,92,000

5. સરેરાશ નફો ₹ 37,500; પાઘડી ₹ 1,87,500

6. ભારિત સરેરાશ નફો ₹ 91,000

7. ભારિત સરેરાશ નફો ₹ 89,666.67 અથવા 89,667; પાઘડી ₹ 2,69,000

8. રોકાયેલી મૂડી ₹ 3,50,000; અપેક્ષિત નફો ₹ 35,000
સરેરાશ નફો ₹ 80,000; અધિક નફો ₹ 45,000; પાઘડી ₹ 1,35,000

9. અપેક્ષિત નફો ₹ 40,000; ભારિત સરેરાશ નફો ₹ 1,06,667; અધિક નફો ₹ 66,667, પાઘડી ₹ 1,33,333

**10.** રોકાયેલી મૂડી ₹ 4,30,000; ભારિત સરેરાશ નફો ₹ 72,667

મૂડીકૃત નફો ₹ 7,26,670; પાઘડી ₹ 2,96,670

**11.** સરેરાશ નફો ₹ 1,40,000; અધિક નફો ₹ 32,000; પાઘડી ₹ 2,66,667

**12.** સરેરાશ નફો ₹ 1,20,000; અધિક નફો ₹ 24,000; પાઘડી ₹ 48,000

## સ્વાધ્યાય 4

**1.** **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (બ) (2) (અ) (3) (અ) (4) (ક) (5) (ડ) (6) (ક) (7) (ક)

(8) (અ) (9) (ક) (10) (બ)

**4.** અકબરનો ત્યાગ $\frac{1}{10}$, અમરનો લાભ $\frac{1}{10}$

**5.** કૃપાનો ત્યાગ $\frac{1}{30}$, કરિશ્માનો લાભ $\frac{1}{30}$

**6.** રાહુલનો ત્યાગ $\frac{2}{30}$, સચીનને લાભ $\frac{9}{30}$, રોહિતનો ત્યાગ $\frac{7}{30}$

**7.** દીપકનો લાભ $\frac{7}{30}$, પ્રતીકનો ત્યાગ $\frac{9}{30}$, નિલેષનો લાભ $\frac{2}{30}$

**8.** હસુનો લાભ $\frac{4}{60}$, રાજુનો ત્યાગ $\frac{1}{60}$, સંજુનો ત્યાગ $\frac{3}{60}$

**9.** ત્યાગના સૂત્રથી : પ્રવિણનો ત્યાગ $\frac{3}{9}$, મહેન્દ્રનો લાભ $\frac{1}{9}$, અરવિંદનો લાભ $\frac{2}{9}$

લાભનાં સૂત્રથી : પ્રવિણનો $-\frac{3}{9}$, મહેન્દ્ર $\frac{1}{9}$, અરવિંદ $\frac{2}{9}$

**10.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો સરવાળો ₹ 1,42,000; પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 72,000

(રાજેશ ₹ 24,000, પુષ્પા ₹ 36,000, પ્રતિભા ₹ 12,000)

**11.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો સરવાળો ₹ 28,000; પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 7600

(મંજૂ ₹ 3800, પ્રભા ₹ 2280, મીના ₹ 1520)

(મંજૂ ₹ 13,800, પ્રભા ₹ 22,280, મીના ₹ 10,520 ચાલુ ખાતાની જમા બાકીઓ)

પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,44,500

**12.**

| | | |
|---|---|---|
| (i) અલયના મૂડી ખાતે ...ઉ | 12,000 | |
| સંકેતના મૂડી ખાતે ...ઉ | 6000 | |
| તે નફા-નુકસાન ખાતે | | 18,000 |
| (ii) અનામત ભંડોળ ખાતે ...ઉ | 27,000 | |
| કારીગર અકસ્માત વળતર ભંડોળ ખાતે ...ઉ | 15,000 | |
| (₹ 21,000 − ₹ 6000) | | |
| તે અલયના મૂડી ખાતે | | 28,000 |
| તે સંકેતના મૂડી ખાતે | | 14,000 |

**13.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો સરવાળો ₹ 57,500; પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 39,000

(સાજન ₹ 24,375, નિર્મી ₹ 14,625)

પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,39,500

**14.** મૂડી ખાતાંની આખર બાકી : દત્તુ ₹ 94,000; દયા ₹ 45,500; તારક ₹ 47,000

પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,07,000

## સ્વાધ્યાય 5

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ક) (2) (અ) (3) (ડ) (4) (બ) (5) (બ) (6) (બ) (7) (બ)

(8) (બ) (9) (બ) (10) (ડ)

**3.**

| | નફા-નુકસાનનું નવું પ્રમાણ | ત્યાગનું પ્રમાણ |
|---|---|---|
| (1) | 9 : 6 : 5 | 3 : 2 |
| (2) | 16 : 4 : 5 | 4 : 1 |
| (3) | 2 : 3 : 1 | ફક્ત Aનો ત્યાગ = $\frac{1}{6}$ |
| (4) | 17 : 7 : 6 | 1 : 1 |
| (5) | 18 : 9 : 8 : 5 | A અને B, 2 : 3 |
| (6) | 11 : 7 : 2 | 1 : 1 |
| (7) | 8 : 13 : 14 : 5 | B અને C, 3 : 2 |
| (8) | 13 : 11 : 6 | 1 : 2 |
| (9) | 30 : 23 : 23 : 4 | 2 : 1 : 1 |
| (10) | 8 : 3 : 5 | 4 : 1 |
| (11) | 35 : 24 : 21 | 5 : 2 |
| (12) | 9 : 4 : 2 | 1 : 1 |
| (13) | 8 : 12 : 5 : 5 | X અને Y, 2 : 3 |
| (14) | – | 2 : 1 |
| (15) | – | 2 : 1 |

**4.** **(1)** (i)

| | | |
|---|---|---|
| Aના મૂડી ખાતે ...ઉ | 15,000 | |
| Bના મૂડી ખાતે ...ઉ | 10,000 | |
| તે પાઘડી ખાતે | | 25,000 |
| [બા.જે. : જૂની પાઘડી જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડીવાળી તેના.] | | |

(ii) C તેના ભાગની પાઘડી અંગત રીતે A અને Bને આપે છે, તેથી પેઢીના ચોપડે તેની કોઈ નોંધ થશે નહિ.

**(2)** (i)

| | | |
|---|---|---|
| રોકડ ખાતે ...ઉ | 1,05,000 | |
| તે Cના મૂડી ખાતે | | 80,000 |
| તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 25,000 |
| [બા.જે. : C તેના ભાગની મૂડી અને પાઘડીની રકમ રોકડમાં લાવ્યો તેના.] | | |

| | | | | |
|---|---|---|---|---|
| | (ii) | પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 25,000 | |
| | | તે Aના મૂડી ખાતે | | 12,500 |
| | | તે Bના મૂડી ખાતે | | 12,500 |
| | | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો A અને B વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | |
| **(3)** | (i) | Aના મૂડી ખાતે ...ઉ | 12,000 | |
| | | Bના મૂડી ખાતે ...ઉ | 18,000 | |
| | | તે પાઘડી ખાતે | | 30,000 |
| | | [બા.જે. : જૂની પાઘડી જૂના ભાગીદારો A અને B વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | |
| | (ii) | રોકડ ખાતે ...ઉ | 1,00,000 | |
| | | તે Cના મૂડી ખાતે | | 60,000 |
| | | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 40,000 |
| | | [બા.જે. : C તેની મૂડી અને પાઘડીનું પ્રીમિયમ રોકડમાં લાવ્યો તેના.] | | |
| | (iii) | પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 40,000 | |
| | | તે Aના મૂડી ખાતે | | 20,000 |
| | | તે Bના મૂડી ખાતે | | 20,000 |
| | | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો A અને B વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | |
| **(4)** | (i) | Pના ચાલુ ખાતે ...ઉ | 45,000 | |
| | | Qના ચાલુ ખાતે ...ઉ | 30,000 | |
| | | Rના ચાલુ ખાતે ...ઉ | 15,000 | |
| | | તે પાઘડી ખાતે | | 90,000 |
| | | [બા.જે. : જૂની પાઘડી, જૂના ભાગીદારોના ચાલુ ખાતે તેમના જૂના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | |
| | (ii) | રોકડ ખાતે ...ઉ | 50,000 | |
| | | ફર્નિચર ખાતે ...ઉ | 40,000 | |
| | | મોટરકાર ખાતે ...ઉ | 60,000 | |
| | | તે Sના મૂડી ખાતે | | 90,000 |
| | | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 60,000 |
| | | [બા.જે. : S મૂડી અને તેના ભાગની પાઘડી પેટે રોકડ, ફર્નિચર અને મોટરકાર લાવ્યો તેના.] | | |
| | (iii) | પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 60,000 | |
| | | તે Pના ચાલુ ખાતે | | 40,000 |
| | | તે Qના ચાલુ ખાતે | | 20,000 |
| | | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ જૂના ભાગીદારો P અને Q વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | |

| | | | |
|---|---|---|---|
| (iv) | Pના ચાલુ ખાતે ...ઉ | 20,000 | |
| | Qના ચાલુ ખાતે ...ઉ | 10,000 | |
| | તે રોકડ ખાતે | | 30,000 |
| | [બા.જે. : P અને Q તેમને મળેલ પાઘડી પૈકી 50 % રકમ રોકડમાં ઉપાડી ગયા તેના.] | | |
| **(5)** (i) | રોકડ ખાતે ...ઉ | 1,01,000 | |
| | તે Zના મૂડી ખાતે | | 65,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 36,000 |
| | [બા.જે. : Z તેના ભાગની પાઘડી અને મૂડી રોકડમાં લાવ્યો તેના.] | | |
| (ii) | પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 36,000 | |
| | Xના મૂડી ખાતે ...ઉ | 9000 | |
| | તે Yના મૂડી ખાતે | | 45,000 |
| | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ તેમજ Xના લાભના ભાગની પાઘડી Yને વહેંચી તેના.] | | |
| **(6)** (i) | Mના મૂડી ખાતે ...ઉ | 20,000 | |
| | Nના મૂડી ખાતે ...ઉ | 15,000 | |
| | Oના મૂડી ખાતે ...ઉ | 15,000 | |
| | તે પાઘડી ખાતે | | 50,000 |
| | [બા.જે. : જૂની પાઘડી, જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | |
| (ii) | રોકડ ખાતે ...ઉ | 40,000 | |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 40,000 |
| | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ P રોકડમાં લાવ્યો તેના.] | | |
| (iii) | પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 40,000 | |
| | Oના મૂડી ખાતે ...ઉ | 20,000 | |
| | તે Mના મૂડી ખાતે | | 40,000 |
| | તે Nના મૂડી ખાતે | | 20,000 |
| | [બા.જે. : પાઘડીનું પ્રીમિયમ તેમજ Oના લાભના ભાગની પાઘડી M અને N વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | |
| **(7)** (i) | રોકડ ખાતે ...ઉ | 64,000 | |
| | તે Dના મૂડી ખાતે | | 50,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 14,000 |
| | [બા.જે. : D મૂડી અને પાઘડીના પ્રીમિયમ પેટે ₹ 14,000 રોકડમાં લાવ્યો તેના.] | | |

| | | | |
|---|---|---|---|
| (ii) | પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 14,000 | |
| | Dના મૂડી ખાતે ...ઉ | 6000 | |
| | તે Bના મૂડી ખાતે | | 10,000 |
| | તે Cના મૂડી ખાતે | | 10,000 |
| | [બા.જે. : D એ રોકડમાં લાવેલ પાઘડીનું પ્રીમિયમ અને રોકડમાં નહિ લાવેલ પાઘડીનું પ્રીમિયમ B અને C વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચ્યું તેના.] | | |
| **(8)** (i) | Aના ચાલુ ખાતે ...ઉ | 15,000 | |
| | Bના ચાલુ ખાતે ...ઉ | 10,000 | |
| | Cના ચાલુ ખાતે ...ઉ | 20,000 | |
| | તે પાઘડી ખાતે | | 45,000 |
| | [બા.જે. : જૂની પાઘડી, જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | |
| (ii) | રોકડ ખાતે ...ઉ | 1,00,000 | |
| | તે Dના મૂડી ખાતે | | 70,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 30,000 |
| | [બા.જે. : D મૂડી અને તેના ભાગની પાઘડી પેટે ₹ 30,000 રોકડમાં લાવ્યો તેના.] | | |
| (iii) | પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 30,000 | |
| | Dના ચાલુ ખાતે ...ઉ | 15,000 | |
| | Bના ચાલુ ખાતે ...ઉ | 5000 | |
| | તે Aના ચાલુ ખાતે | | 15,000 |
| | તે Cના ચાલુ ખાતે | | 35,000 |
| | [બા.જે. : D એ રોકડમાં લાવેલ પાઘડી અને Bના લાભના ભાગની પાઘડી A અને C વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | |
| **(9)** (i) | રોકડ ખાતે ...ઉ | 30,000 | |
| | તે Cના મૂડી ખાતે | | 30,000 |
| | [બા.જે. : D મૂડી રોકડમાં લાવ્યો તેના.] | | |
| (ii) | Cના મૂડી ખાતે ...ઉ | 10,000 | |
| | તે Aના મૂડી ખાતે | | 6000 |
| | તે Bના મૂડી ખાતે | | 4000 |
| | [બા.જે. : Cના ભાગની પાઘડી તેના મૂડી ખાતે ઉધારી A અને B વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | |
| **(10)** (i) | Pના ચાલુ ખાતે ...ઉ | 35,000 | |
| | Qના ચાલુ ખાતે ...ઉ | 35,000 | |
| | તે પાઘડી ખાતે | | 70,000 |
| | [બા.જે. : જૂની પાઘડી, જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | |

| | | | |
|---|---|---|---|
| (ii) | રોકડ ખાતે ...ઉ | 40,000 | |
| | તે Rના મૂડી ખાતે | | 40,000 |
| | [બા.જે. : R તેમની મૂડી રોકડમાં લાવ્યો તેના.] | | |
| (iii) | Rના ચાલુ ખાતે ...ઉ | 20,000 | |
| | Pના ચાલુ ખાતે ...ઉ | 20,000 | |
| | તે Qના ચાલુ ખાતે | | 40,000 |
| | [બા.જે. : Rના ભાગની પાઘડી અને Pના લાભના ભાગની પાઘડી તેમના ચાલુ ખાતે ઉધારી Qના ચાલુ ખાતે જમા કરી તેના.] | | |

**(11)** પાઘડીનું મૂલ્યાંકન ₹ 10,000, Bના ભાગની પાઘડી ₹ 2500

| | | | |
|---|---|---|---|
| (i) | Bના મૂડી ખાતે ...ઉ | 2500 | |
| | તે Gના મૂડી ખાતે | | 1250 |
| | તે Eના મૂડી ખાતે | | 1250 |
| | [બા.જે. : Bના ભાગની પાઘડી તેના મૂડી ખાતે ઉધારી G અને Eના મૂડી ખાતે તેમના ત્યાગના પ્રમાણમાં જમા કરી તેના.] | | |
| (ii) | રોકડ ખાતે ...ઉ | 50,000 | |
| | તે Bના મૂડી ખાતે | | 50,000 |
| | [બા.જે. : B તેમની મૂડી રોકડમાં લાવ્યો તેના.] | | |

**(12)** પાઘડીનું મૂલ્યાંકન ₹ 60,000, R અને Cનું ત્યાગનું પ્રમાણ 1:1

| | | | |
|---|---|---|---|
| (i) | સામાન્ય અનામત ખાતે ...ઉ | 90,000 | |
| | તે Rના મૂડી ખાતે | | 45,000 |
| | તે Cના મૂડી ખાતે | | 30,000 |
| | તે Bના મૂડી ખાતે | | 15,000 |
| | [બા.જે. : સામાન્ય અનામતની બાકી જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | |
| (ii) | રોકડ ખાતે ...ઉ | 1,80,000 | |
| | તે Pના મૂડી ખાતે | | 1,80,000 |
| | [બા.જે. : P તેમની મૂડી રોકડમાં લાવ્યો તેના.] | | |
| (iii) | Pના મૂડી ખાતે ...ઉ | 20,000 | |
| | તે Rના મૂડી ખાતે | | 10,000 |
| | તે Cના મૂડી ખાતે | | 10,000 |
| | [બા.જે. : Pના ભાગની પાઘડી R અને C વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | |

**(13)** X, Y અને Zનું નફા-નુકસાનનું નવું પ્રમાણ 8 : 12 : 5

| | | | |
|---|---|---|---|
| (i) | Xના મૂડી ખાતે ...ઉ | 6000 | |
| | Yના મૂડી ખાતે ...ઉ | 9000 | |
| | તે પાઘડી ખાતે | | 15,000 |
| | [બા.જે. : જૂના પાઘડી, જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | |

| | | | |
|---|---|---|---|
| | (ii) રોકડ ખાતે ...ઉ | 53,200 | |
| | તે Zના મૂડી ખાતે | | 50,000 |
| | તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 3200 |
| | [બા.જે. : Z તેની મૂડી પાઘડી પેટે ₹ 3200 રોકડમાં લાવ્યો તેના.] | | |
| | (iii) પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 3200 | |
| | Zના મૂડી ખાતે ...ઉ | 800 | |
| | તે Xના મૂડી ખાતે | | 1600 |
| | તે Yના મૂડી ખાતે | | 2400 |
| | [બા.જે. : Z એ રોકડમાં લાવેલ અને રોકડમાં ન લાવેલ પાઘડી X અને Y વચ્ચે તેમના ત્યાગના પ્રમાણમાં વહેંચી તેના.] | | |
| | (iv) Xના મૂડી ખાતે ...ઉ | 640 | |
| | Yના મૂડી ખાતે ...ઉ | 960 | |
| | તે રોકડ ખાતે | | 1600 |
| | [બા.જે. : જૂનાં ભાગીદારો તેમને મળેલ પાઘડીની રકમમાંથી 40% રકમ ઉપાડી ગયા તેના.] | | |
| | (v) નફા-નુકસાન ખાતે ...ઉ | 60,000 | |
| | તે Xના મૂડી ખાતે | | 19,200 |
| | તે Yના મૂડી ખાતે | | 28,800 |
| | તે Zના મૂડી ખાતે | | 12,000 |
| | [બા.જે. : Zના પ્રવેશ બાદનો નફો ત્રણેય ભાગીદારો વચ્ચે તેમના નવા નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચ્યો તેના.] | | |
| **5.** | (i) સામાન્ય અનામત ...ઉ | 7000 | |
| | કામદાર વળતર અનામત ખાતે ...ઉ | 6000 | |
| | રોકાણ વધઘટ અનામત ખાતે ...ઉ | 1900 | |
| | આકસ્મિક અનામત ખાતે ...ઉ | 5100 | |
| | તે Rના મૂડી ખાતે | | 8000 |
| | તે Jના મૂડી ખાતે | | 12,000 |
| | [બા.જે. : અનામતોની બાકીઓ જૂના ભાગીદારો વચ્ચે જૂના નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી તેના.] | | |
| | (ii) Rના મૂડી ખાતે ...ઉ | 2000 | |
| | Jના મૂડી ખાતે ...ઉ | 3000 | |
| | તે નફા-નુકસાન ખાતે | | 1600 |
| | તે જાહેરાત ઝુંબેશ ખર્ચ ખાતે | | 3400 |
| | [બા.જે. : ખોટ અને અવાસ્તવિક મિલકતની બાકી જૂના ભાગીદારો વચ્ચે તેમના જૂના નફા-નુકસાનના પ્રમાણમાં માંડી વાળી તેના.] | | |
| **6.** | (1) (i) જો રોકાણોની બજારકિંમત ₹ 19,500 હોય તો, | | |
| | રોકાણ વધઘટ અનામત ખાતે ...ઉ | 2500 | |
| | તે રોકાણો ખાતે | | 500 |
| | તે Kના મૂડી ખાતે | | 1600 |
| | તે Rના મૂડી ખાતે | | 400 |
| | (ii) જો રોકાણોની બજારકિંમત ₹ 22,000 હોય તો, | | |
| | (અ) રોકાણો ખાતે ...ઉ | 2000 | |
| | તે પુનઃમૂલ્યાંકન ખાતે | | 2000 |

| | | |
|---|---|---|
| (બ) રોકાણ વધઘટ અનામત ખાતે ...ઉ | 2500 | |
| તે Kના મૂડી ખાતે | | 2000 |
| તે Rના મૂડી ખાતે | | 500 |
| **(2)** (i) જો કામદાર વળતરનો દાવો ₹ 6000 સ્વીકારવામાં આવે, | | |
| કામદાર વળતર અનામત ખાતે ...ઉ | 7000 | |
| તે કામદાર વળતર જોગવાઈ ખાતે | | 6000 |
| તે Kના મૂડી ખાતે | | 800 |
| તે Rના મૂડી ખાતે | | 200 |
| (ii) જો કામદાર વળતરનો દાવો ₹ 8500 સ્વીકારવામાં આવે, | | |
| કામદાર વળતર અનામત ખાતે ...ઉ | 7000 | |
| પુનઃમૂલ્યાંકન ખાતે ...ઉ | 1500 | |
| તે કામદાર વળતર જોગવાઈ ખાતે | | 8500 |
| **(3)** (i) જો દેવાદારો પર ₹ 4000 ઘાલખાધ અનામત જરૂરી હોય, | | |
| પુનઃમૂલ્યાંકન ખાતે ...ઉ | 1000 | |
| તે ઘાલખાધ અનામત ખાતે | | 1000 |
| (ii) જો દેવાદારો પર ₹ 2500 ઘાલખાધ અનામત જરૂરી હોય, | | |
| ઘાલખાધ અનામત ખાતે ...ઉ | 500 | |
| તે પુનઃમૂલ્યાંકન ખાતે | | 500 |
| (iii) ₹ 2000 ઘાલખાધ માંડી વાળ્યા બાદ ઘાલખાધ અનામત 10 % જરૂરી હોય, | | |
| (અ) ઘાલખાધ ખાતે ...ઉ | 2000 | |
| તે દેવાદારો ખાતે | | 2000 |
| (બ) ઘાલખાધ અનામત ખાતે ...ઉ | 2000 | |
| તે ઘાલખાધ ખાતે | | 2000 |
| (ક) પુનઃમૂલ્યાંકન ખાતે ...ઉ | 5800 | |
| તે ઘાલખાધ અનામત ખાતે | | 5800 |
| **7.** (i) પુનઃમૂલ્યાંકન ખાતે ...ઉ | 58,000 | |
| તે પેટન્ટ ખાતે | | 30,000 |
| તે યંત્રો ખાતે | | 24,000 |
| તે સ્ટૉક ખાતે | | 4000 |
| (ii) જમીન-મકાન ખાતે ...ઉ | 36,000 | |
| લેણદારો ખાતે ...ઉ | 6000 | |
| તે પુનઃમૂલ્યાંકન ખાતે | | 42,000 |
| (iii) Aના મૂડી ખાતે ...ઉ | 8000 | |
| Bના મૂડી ખાતે ...ઉ | 8000 | |
| તે પુનઃમૂલ્યાંકન ખાતે | | 16,000 |

પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 16,000.

**8.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 7500; આભા અને બીનાના ત્યાગનું પ્રમાણ 2 : 1.

આખરની મૂડી : આભા ₹ 1,01,000; બીના ₹ 70,500; રૂષિલ ₹ 1,00,000

રોકડની આખર બાકી ₹ 1,26,000; પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,12,600

**9.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 17,200

આસ્થા અને આહનાનું ત્યાગનું પ્રમાણ 1 : 2

પાઘડીની આમનોંધ :

| | | |
|---|---|---|
| (i) રોકડ ખાતે ...ઉ | 7200 | |
| તે પાઘડીના પ્રીમિયમ ખાતે | | 7200 |
| (ii) પાઘડીના પ્રીમિયમ ખાતે ...ઉ | 7200 | |
| તે આસ્થાના મૂડી ખાતે | | 2400 |
| તે આહનાના મૂડી ખાતે | | 4800 |
| (iii) સોનુ મૂડી ખાતે ...ઉ | 4800 | |
| તે આસ્થાના મૂડી ખાતે | | 1600 |
| તે આહનાના મૂડી ખાતે | | 3200 |

આખરની મૂડી : આસ્થા ₹ 82,000; આહના ₹ 39,200; સોનુ ₹ 75,200

રોકડની આખર બાકી ₹ 1,03,200; પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,32,000 અથવા₹ 2,24,000 (ઘાલખાધ અનામતની વૈકલ્પિક અસર)

**10.** પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 15,000; વિદિત અને વિશાલના ત્યાગનું પ્રમાણ = 2 : 1

બન્ટીના ભાગની પાઘડી = ₹ 12,000

આખરની મૂડી : વિદિત ₹ 49,600; વિશાલ ₹ 58,400; બન્ટી ₹ 72,000

બૅન્કની આખર બાકી ₹ 86,400; પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,37,000

**11.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 38,000

આખરની મૂડી : પ્રેરણા ₹ 69,400; પિયુષ ₹ 2,08,200; પોયણી ₹ 62,500

રોકડ-બૅન્કની આખર બાકી ₹ 80,350; પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,72,060

**12.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 11,000; P અને Qનું ત્યાગનું પ્રમાણ 1 : 2

પાઘડીની આમનોંધ :

| | | |
|---|---|---|
| (i) Rના મૂડી ખાતે ...ઉ | 9000 | |
| તે Pના મૂડી ખાતે | | 3000 |
| તે Qના મૂડી ખાતે | | 6000 |

મૂડી ખાતાંની આખર બાકી : P : ₹ 67,600; Q : ₹ 52,400; R : ₹ 51,000

રોકડની આખર બાકી ₹ 64,000; પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,10,500

**13.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 10,750

મૂડી ખાતાંની બાકી : A : ₹ 75,000; B : ₹ 25,000; C : ₹ 20,000

ચાલુ ખાતાંની જમા બાકી : A : ₹ 18,300; B : ₹ 3950

રોકડ-બૅન્કની આખર બાકી ₹ 25,050; પાકા સરવૈયાનો સરવાળો ₹ 1,48,250

**14.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો કે ખોટ : શૂન્ય
મૂડી ખાતાંની બાકી : ઋત્વી : ₹ 1,20,000; પ્રિન્સી : ₹ 90,000; મનન : ₹ 1,35,000
ચાલુ ખાતાંની બાકી : ઋત્વી : ₹ 2,07,500(જમા); પ્રિન્સી : ₹ 2,29,500(જમા); મનન : ₹ 15,000 (ઉધાર)
આખરની બૅન્ક સિલક : ₹ 1,05,000; પાકા સરવૈયાનો સરવાળો ₹ 9,15,000

**15.** આખરની મૂડી : રીયા : ₹ 1,20,000; ગૌરી : ₹ 2,40,000; સંજુ : ₹ 90,000
નફા-નુકસાનનું નવું પ્રમાણ = 4 : 8 : 3
રીયા વધારાની મૂડી ₹ 30,000 ઉપાડી જશે. ગૌરી જરૂરી મૂડી ₹ 40,000 લાવશે.

**16.** પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ : ₹ 6300
ભાગીદારોની મૂડી : પાર્શ્વી : ₹ 60,000; અનેરી : ₹ 80,000; હેન્સી : ₹ 40,000
પાર્શ્વીનો ત્યાગ = $\frac{9}{27}$, અનેરીનો લાભ = $\frac{3}{27}$
હેન્સી રોકડમાં પાઘડી લાવતી નથી. પાઘડીની આમનોંધ :

| | | |
|---|---|---|
| અનેરીના મૂડી ખાતે ...ઉ | 10,000 | |
| હેન્સીના ચાલુ ખાતે ...ઉ | 20,000 | |
| તે પાર્શ્વીના મૂડી ખાતે | | 30,000 |

જૂની પાઘડી, જૂના નફા-નુકસાનના પ્રમાણમાં પાર્શ્વી અને અનેરીના મૂડી ખાતે ઉધારાશે.
પાર્શ્વીના ચાલુ ખાતાંની બાકી ₹ 47,000 (જમા); અનેરીના ચાલુ ખાતાંની બાકી ₹ 1800 (ઉધાર)
હેન્સીના ચાલુ ખાતાંની બાકી ₹ 20,000 (ઉધાર)
ચાલુ ખાતાંની ઉધાર બાકી પાકા સરવૈયામાં મિલકત બાજુ
હેન્સી તેના ભાગની પાઘડી રોકડમાં લાવતી ન હોવાથી તેના ચાલુ ખાતે ઉધારાશે જેથી તેની મૂડીમાં ઘટાડો થશે નહિ અને તેની મૂડી ₹ 40,000ના આધારે નવા નફા-નુકસાનના પ્રમાણમાં પાર્શ્વી અને અનેરીની મૂડી નક્કી કરવામાં આવશે. પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,20,800

**17.** પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 4800
મૂડી ખાતાંની બાકી : એશા : ₹ 51,000; અંકિતા : ₹ 79,500; અર્પીતા : ₹ 43,500
અંકિતા અને એશાના ત્યાગનું પ્રમાણ = 1 : 2
રોકડ-બૅન્કની આખર બાકી ₹ 92,400; પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,42,000

**18.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 35,000
આખરની મૂડી : જૈની : ₹ 93,800; આન્યા : ₹ 93,800; પ્રિયંકા : ₹ 37,520
પાઘડીનું પ્રીમિયમ ફક્ત જૈનીના મૂડી ખાતે જમા થશે. જૈની ₹ 18,760 ઉપાડી જશે, જ્યારે આન્યા ₹ 18,760 લાવશે.
પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,01,420

**19.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 12,000; ટપુ અને સોનુનું ત્યાગનું પ્રમાણ = 2:3;
આખરની મૂડી : ટપુ : ₹ 2,08,000; સોનુ : ₹ 3,13,000; ગોલી ₹ 5,21,000; રોકડની આખર બાકી : ₹ 5,76,000
પાકા સરવૈયાનો સરવાળો ₹ 10,92,000; નફા-નુકસાનનું નવું પ્રમાણ = 4 : 9 : 5

**20.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 3000; મિત અને નીલના ત્યાગનું પ્રમાણ = 3:1
મૂડી ખાતાંની આખર બાકી : મિત : ₹ 1,12,500; જીત : ₹ 1,00,000; નીલ : ₹ 37,500; હીર : ₹ 50,000
મિત ₹ 8500 અને નીલ ₹ 19,500 ઉપાડી જશે. જીત ₹ 16,000 લાવશે.
રોકડની આખર બાકી ₹ 74,000; પાકા સરવૈયાનો સરવાળો ₹ 4,16,000

## સ્વાધ્યાય 6

**1.** **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (અ) (2) (બ) (3) (ક) (4) (બ) (5) (ક) (6) (ક) (7) (ક)
(8) (ડ) (9) (ડ) (10) (અ)

**3.**

| | નફા-નુકસાનનું નવું પ્રમાણ | લાભનું પ્રમાણ |
|---|---|---|
| (1) | 5 : 3 | 5 : 3 |
| (2) (અ) | 2 : 1 | 2 : 1 |
| (બ) | 3 : 1 | 3 : 1 |
| (ક) | 3 : 2 | 3 : 2 |
| (3) | 11 : 9 | 3 : 1 |
| (4) | 13 : 17 | 1 : 4 |
| (5) | 1 : 1 | 2 : 1 |
| (6) | 3 : 7 | Cનો લાભ $\frac{5}{10}$ |
| (7) | 8 : 7 : 5 | R અને S, 1 : 1 |
| (8) | M અને O, 7 : 5 | M અને O, 2 : 3 |
| (9) | 17 : 8 | A અને C, 3 : 2 |
| (10) | B અને C, 2 : 3 | 1 : 4 |
| (11) | 7 : 5 | 1 : 1 |
| (12) | 7 : 3 | 3 : 2 |
| (13) | A, B અને D, 8 : 9 : 3 | B અને D, 3 : 1 |

**4.**

| | | | |
|---|---|---|---|
| **(1)** | આકૃતિની મૂડી ખાતે ...ઉ | 3750 | |
| | પ્રકૃતિની મૂડી ખાતે ...ઉ | 2250 | |
| | તે સંસ્કૃતિની મૂડી ખાતે | | 6000 |
| **(2)** (i) | Xના મૂડી ખાતે ...ઉ | 14,000 | |
| | Yના મૂડી ખાતે ...ઉ | 14,000 | |
| | Zના મૂડી ખાતે ...ઉ | 14,000 | |
| | તે પાઘડી ખાતે | | 42,000 |
| (ii) | Yના મૂડી ખાતે ...ઉ | 20,000 | |
| | Zના મૂડી ખાતે ...ઉ | 20,000 | |
| | તે Xના મૂડી ખાતે | | 40,000 |
| **(3)** (i) | Lના મૂડી ખાતે ...ઉ | 25,000 | |
| | Mના મૂડી ખાતે ...ઉ | 20,000 | |
| | Nના મૂડી ખાતે ...ઉ | 15,000 | |
| | Oના મૂડી ખાતે ...ઉ | 15,000 | |
| | તે પાઘડી ખાતે | | 75,000 |

| | | | |
|---|---|---|---|
| (ii) | Mના મૂડી ખાતે ...ઉ | 30,000 | |
| | તે Lના મૂડી ખાતે | | 30,000 |
| **(4)** | Aના મૂડી ખાતે ...ઉ | 26,667 | |
| | તે Bના મૂડી ખાતે | | 20,000 |
| | તે Cના મૂડી ખાતે | | 6667 |
| **(5)** (i) | Bના મૂડી ખાતે ...ઉ | 8000 | |
| | Rના મૂડી ખાતે ...ઉ | 6000 | |
| | Tના મૂડી ખાતે ...ઉ | 2000 | |
| | Sના મૂડી ખાતે ...ઉ | 4000 | |
| | તે પાઘડી ખાતે | | 20,000 |
| (ii) | Tના મૂડી ખાતે ...ઉ | 18,000 | |
| | Sના મૂડી ખાતે ...ઉ | 12,000 | |
| | તે Bના મૂડી ખાતે | | 24,000 |
| | તે Rના મૂડી ખાતે | | 6000 |
| **(6)** | Mના મૂડી ખાતે ...ઉ | 20,000 | |
| | Lના મૂડી ખાતે ...ઉ | 40,000 | |
| | તે Uના મૂડી ખાતે | | 60,000 |

**5.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 2000; નવલની લોન ₹ 9500
મૂડી ખાતાંની આખર બાકી : ધવલ : ₹ 25,000; કમલ : ₹ 15,000
પાકા સરવૈયાનો સરવાળો ₹ 62,000

**6.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 18,000; રોહિત લોન ₹ 2,46,000
મૂડી ખાતાંની બાકી : મોહિત : ₹ 48,000; વિરાટ : ₹ 68,000
બૅન્ક સિલક : ₹ 43,000; પાકા સરવૈયાનો સરવાળો ₹ 4,37,000

**7.** પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 6000; સિદ્ધિ લોન ₹ 31,800
મૂડી ખાતાંની બાકી : વિજય : ₹ 93,000; લક્ષ્મી : ₹ 47,200
રોકડની બાકી : ₹ 24,000; પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,77,000
પાઘડીની આમનોંધ :

| | | |
|---|---|---|
| લક્ષ્મીના મૂડી ખાતે ...ઉ | 18,000 | |
| તે વિજયના મૂડી ખાતે | | 6000 |
| તે સિદ્ધિના મૂડી ખાતે | | 12,000 |

**8.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 500

સ્થિર મૂડી ખાતાંની બાકી : જયા ₹ 2,00,000; મમતા : ₹ 1,00,000
ચાલુ ખાતાંની બાકી : જયા : ₹ 22,200; મમતા : ₹ 34,250
સ્મૃતિની લોન : ₹ 74,050; પાકા સરવૈયાનો સરવાળો ₹ 5,34,500

પાઘડીની આમનોંધ :

| | | |
|---|---|---|
| (i) જયાના ચાલુ ખાતે ...ઉ | 12,000 | |
| મમતાના ચાલુ ખાતે ...ઉ | 15,000 | |
| સ્મૃતિના ચાલુ ખાતે ...ઉ | 3000 | |
| તે પાઘડી ખાતે | | 30,000 |
| (ii) જયાના ચાલુ ખાતે ...ઉ | 20,000 | |
| તે સ્મૃતિના ચાલુ ખાતે | | 20,000 |

**9.** પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 18,000; રાધાની લોન : ₹ 75,000
મૂડી ખાતાંની બાકી : માધવ ₹ 91,000; ગોપી : ₹ 39,000
પાકા સરવૈયાનો સરવાળો ₹ 3,00,000
રાધાની લોન પર પ્રથમ હપતો ₹ 45,000 (₹ 37,500 લોન + ₹ 7500 વ્યાજ)
રાધાની લોન પર બીજો હપતો ₹ 41,250 (₹ 37,500 લોન + ₹ 3750 વ્યાજ)

**10.** પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 21,000; જ્યોતિની લોન : ₹ 1,77,000
મૂડી ખાતાંની બાકી : દીપ ₹ 1,75,000; ગીતા : ₹ 1,75,000
દીપના ચાલુ ખાતાંની બાકી = ₹ 92,000 (ઉધાર)
ગીતાના ચાલુ ખાતાંની બાકી = ₹ 92,000 (ઉધાર)
દીપ અને ગીતાના લાભનું પ્રમાણ = 1 : 1; પાકા સરવૈયાનો સરવાળો ₹ 6,22,000

**11.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 12,600; સનની લોન : ₹ 2,34,200
મૂડી ખાતાંની બાકી : મુન ₹ 3,30,333; સ્ટાર : ₹ 66,067
મુન ₹ 1,78,133 લાવશે. સ્ટાર ₹ 1,78,133 ઉપાડી જશે.
બૅંકની આખરસિલક = ₹ 1,15,600
પાઘડીની આમનોંધ :

| | | |
|---|---|---|
| મુનના મૂડી ખાતે ...ઉ | 30,000 | |
| તે સ્ટારના મૂડી ખાતે | | 10,000 |
| તે સનના મૂડી ખાતે | | 20,000 |

પાકા સરવૈયાનો સરવાળો ₹ 6,40,600

**12.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 6000; I ની લોન : ₹ 81,200
મૂડી ખાતાંની બાકી : E : ₹ 58,000; M : ₹ 42,000
E ₹ 22,000 ઉપાડી જશે. M ₹ 7200 લાવશે.
રોકડસિલક = ₹ 7200; પાકા સરવૈયાનો સરવાળો ₹ 2,81,200
E અને Mનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 29 : 21

**13.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 13,000
L અને Bનું નફા-નુકસાનનું નવું પ્રમાણ = 21 : 19
આખરની મૂડી : L : ₹ 24,675; B : ₹ 22,325
Wને રોકડા ચૂકવ્યા ₹ 22,500; L રોકડ લાવશે ₹ 10,675; B રોકડ લાવશે ₹ 11,825
પાકા સરવૈયાનો સરવાળો ₹ 70,000

**14.** પુનઃમૂલ્યાંકન ખાતાંનો નફો ₹ 12,000; કેશવને ચૂકવ્યા : ₹ 19,000
આખરની મૂડી : ચિરાગ : ₹ 54,000; જિગર : ₹ 36,000
રોકડ લાવશે : ચિરાગ ₹ 18,600; જિગર ₹ 12,400
પાકા સરવૈયાનો સરવાળો ₹ 1,36,000

**15.** પુનઃમૂલ્યાંકન ખાતાંની ખોટ ₹ 600; Eની લોન ₹ 5960
F અને G દરેક ₹ 3300 લાવશે.
મૂડીની આખર બાકી : F : ₹ 7020; G : ₹ 4020
પાકા સરવૈયાનો સરવાળો ₹ 27,000

**16.** વિમલની લોન ખાતે ₹ 79,200

**17.** Tના વહીવટકર્તાની લોન ખાતે ₹ 1,76,975

**18.** પુનઃમૂલ્યાંકન ખાતાનો નફો ₹ 18,000; Vના વહીવટકર્તાની બાકી ₹ 1,45,000; Vના વહીવટકર્તાની બાકી ₹ 1,00,000
પ્રથમ હપતો ₹ 60,000 (₹ 50,000 + ₹ 10,000 વ્યાજ)
બીજો હપતો ₹ 55,000 (₹ 50,000 + ₹ 5000 વ્યાજ)

**19.** Mના વહીવટકર્તાના ખાતાંની બાકી ₹ 21,850
પ્રથમ હપતો ₹ 12,400 (₹ 10,000 + ₹ 1800 વ્યાજ + ₹ 600)
બીજો હપતો ₹ 11,200 (₹ 10,000 + ₹ 900 વ્યાજ + ₹ 300)

## સ્વાધ્યાય 7

**1.** **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**
(1) (ક) (2) (ડ) (3) (ડ) (4) (અ) (5) (બ) (6) (ડ)

**4.** (6) Aની મૂડી ₹ 50,000; Bની મૂડી ₹ 30,000

**7.** રોકડસિલક સિવાયની મિલકતો ₹ 14,00,000; માલ-મિલકત નિકાલ ખાતાંની ખોટ ₹ 8,00,000
(નરેશના ફાળે ₹ 3,20,000, શૈવિલને ફાળે ₹ 4,80,000)
શરૂઆતના પાકા સરવૈયાનો સરવાળો ₹ 16,00,000

**8.** શરૂઆતના પાકા સરવૈયાનો સરવાળો ₹ 17,00,000; હવાલા સહિતની નફા-નુકસાન ખાતાંની ખોટ ₹ 1,00,000;
માલ-મિલકત નિકાલ ખાતાંની ખોટ ₹ 2,00,000

**9.** માલ-મિલકત નિકાલ ખાતાંનો સરવાળો ₹ 19,00,000; માલ-મિલકત નિકાલ ખાતાંની ખોટ ₹ 90,000;
બિનલ ખાતે ₹ 40,000; ધર્મિષ્ઠા ખાતે ₹ 30,000 અને મહેશ ખાતે ₹ 20,000

**10.** માલ-મિલકત નિકાલ ખાતાંનો સરવાળો ₹ 8,75,000 અને નફો ₹ 7,000,
ભાગીદારોનાં ચાલુ ખાતેથી મૂડી ખાતે ફેરબદલ : સત્યમ્ ₹ 63,500; શિવમ્ ₹ 64,000; સુંદરમ્ ₹ 19,500
ભાગીદારોને ચૂકવણી : સત્યમ્ ₹ 1,13,500; શિવમ્ ₹ 1,14,000 અને સુંદરમ્ ₹ 69,500,
રોકડ ખાતાંનો સરવાળો ₹ 5,75,000

● ● ●